ૐ

વ્યવહાર દર્પણ

અથવા

લખાણ મદદનીશ.

રચનાર,

શુકલ હરિલાલ જાદવજી વકીલ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શુકલ હરિલાલ જાદવજી વકીલ.

વ્યવસ્થાપક શ્રી લોહેશ્વર માહાદેવ

રહેવાસી મુળ મુંજપુર હાલ રાધનપુર.

(શ્રી લોહેશ્વર માહાત્મ્યના કર્તા.)

આવૃત્તી ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

શ્રી "સત્યવિજય" પ્રીન્ટીંગ પ્રેસમાં શા સાકળચંદ

હરીલાલે છાપ્યું. નવાદરવાજા

અમદાવાદ.

કીંમત. રૂ. ૧-૧૪-૦ (કાચું પુંઠું)

રૂ. ૨—૦-૦ (પાકું પુંઠું)



ધર્મવીર દાનવંત શેઠ મોતીલાલ મુળજીભાઈ ઇન્ડીઆ નવમી
જૈન કોન્ફરન્સના પ્રમુખ.

અર્પણ પત્રીકા દોહરો.

શેહેર રાધનપુરમાં, મુખ્ય શેઠ ગુણવાન;
ઠરે હૃદય મુખ જોઇને, લક્ષ્મી થકી ધનવાન.
મોહમાયા તજી અતી, જીવદયા નિતી જ્ઞાન;
તીવ્ર બુદ્ધિ વ્યવહારમાં, ભાગ્યશાળી બુદ્ધિવાન.
લાવણ્ય હિન્દુસ્થાનમા, હૈછે સજ્જન આજ કાલ;
લક્ષ્મી દયાનિતી રહો, શ્રી સત્ય વદે હરીલાલ.

અર્પણ પત્રીકા.

દાનવીર. જૈન ધર્મ પરિપાલક શેઠ મોતીલાલ મુલજીભાઇ.

આપે ન્યાત જાતના તફાવત વગર ખરા અંતઃકરણથી અને દીલોજાનથી દરેકનું ભલુ કરવાને આતુરતા રાખી છે અને રાખો છો તેમજ દરેકની ઉન્નતી થવા માટે આકાંક્ષા રાખી પ્રયત્ન કર્યા કરો છો—દયા નીતી અને સત્ય એ આપનું આભુષણ છે વિદયા હુનર. તેમજ બીજા તેવાં અનેક કાર્યો વધારવાને આપે ગાઢ પરિશ્રમ લીધો છે તેમજ દરેકને મદદ કરવામાં આપે અતીશય આતુરતા રાખી છે આવા અનેક મહાન સદ્દગુણો સાથે.

આપની મીલનસાર—શાન્ત પ્રકૃતી, સરલ સ્વભાવ સ્વતંત્ર વિચાર નીસ્પ્રેહીપણુ, દયા નિતિ અને રીતી, પરોપકાર ઉત્સાહ, નિર્મળ હૃદય, માયાળુ સ્વભાવ, શીક્ષણ લેવા લાયક સહેવાસ, આદી અતી ઉત્તમ સદ્દગુણોનો ભડાર અને.

અનીવાર્ય. સ્નેહ. ઉચ્ચ સ્થીતી છતાં નીરાભિમાનપણુ, આપની ઉદારવૃતી વીગેરે અમુલ્ય ગુણોથી લોભાઇ આ પુસ્તક આપનેજ અર્પણ કરી આનંદ માનું છું.

શેવક.

મુકલ હરીલાલ જાદવજી વકીલ કર્તા.

રાધનપુરના પ્રખ્યાત દાનવીર શેઠ મોતીલાલભાઇ મુલજીભાઇનું સં૦ ક્ષિપ્ત જીવન ચરિત્ર.

ગુજરાત અને ધર્મારણ્ય અદર આવેલા રાધનપુર (રા એટલે રાજ્ય અને ધનપુર અને ધનના ભડારરૂપ એટલે " રાજ્ય ધનપુર " જે હાલમાં રાધનપુર) શેહેરમાં વીક્રમ સં. ૧૯૧૬ ની સાલમાં શેઠ મોતીલાલ મુલ-

જીભાઇનો જન્મ થયો હતો રાધનપુર ગુજરાતના અગ્રગણ્ય અને આબાદ શેહેરમાનું પ્રખ્યાત ગણાતુ હતુ પરંતુ વખતના વહેવા સાથ ધંધોરોજગાર પડી ભાગવાથી શેઠ મોતીલાલને નાની ઉમરમા પોતાનું પ્રારબ્ધ ખીલવવા બહાર નીકળવાની ફરજ પડી તેઓના પીતશ્રી તેમને ફક્ત પંદર વરસના મુકી ગુજરી ગયા હતા અને નાનપણમા સાધારણ કેળવણી મેળવી તેઓને સંતોષ માનવો પડયો હતો શેઠ મોતીલાલ સાધારણ સ્થીતીમાં ઉછર્યા હતા અને તેઓનાં પતની બે પુત્રોને પાછળ મુકીને સ. ૧૯૪૯ મા સ્વર્ગવાસ પામ્યા જે વખતે તેમની વય માત્ર તેત્રીશ, વર્ષની હોવા છતા બીજી સ્ત્રી કરવાના વીચારને ત્યાગ કરી બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. કેટલાક વર્ષો ચડતી પડતીના પસાર કર્યા બાદ તેઓને નશીબે યારી આપી અને તેઓ પોતાના ધંધામા ઉતરોતર ફતેહ મેળવતા આવ્યા. સ. ૧૯૬૨ ની સાલમાં લગભગ. રૂ ૨૫૦૦) નો ખરચ કરી રાધનપુર શેહેરમા તેઓએ ઉજમણુ કર્યું હતુ અને તેમા રાધનપુરની આજુબાજુના ગામોમાંથી સંખ્યાબંધ લોકોએ ભાગ લીધો હતો. સ. ૧૯૬૪ માં રાધનપુર શેહેરની બહાર એક વીશાળ જમીનનો ટુકડો ખરીદી તેઓએ ત્યા આગળ રૂ. ૧૨૦૦૦) ના ખરચે એક સારવજનીક બાગ અને બંગલો બાંધ્યો જ્યાં દરેક કાર્તીક શુદ ૧૫ ઉપર પવીત્ર તીર્થ સીધગીરીનો પટ બાંધવામાં આવે છે તથા દર વરસે ત્યા મેળો ભરાય છે.

સ. ૧૯૬૫ માં શ્રી સીધગીરીનો સંઘ કાઢવામા આવ્યો હતો જેમાં આચાર્ય મહારાજ શ્રી વીજયાનંદ સુરીશ્વરજીના શીષ્ય શ્રી વલ્લભ વીજયજી પોતાના શીષ્ય પરીવાર સાથે સામેલ હતા. સદરહુ મુનીરાજ કેળવણી પ્રત્યે અવારનવાર વીહાર દરમ્યાન બોધ આપતા હતા. સંઘની અંદર રાધનપુરના જૈનોની સારી સંખ્યા હતી અને શેઠ મોતીલાલને સ્થળે સ્થળ મોટા શેહેરોમા ભારે આવકાર આપવામા આવ્યો હતો તેમા કેટલેક ઠેકાણે માન પત્રો પણ આપવામા આવ્યા હતાં આ સંઘ પાછળ લગભગ રૂ. ૨૫૦૦૦) નો ખરચ થયો હતો ત્યારબાદ તેઓએ સીદ્ધગીરીમા નવાણુ યાત્રા તથા ચાતુર્માસ કરીને લગભગ રૂ. ૧૨૦૦૦) ની નાદર રકમનો સદવ્યય કર્યો હતો.

પરલોકના શ્રેય માટે ઉપરનાં કાર્યો કરવા આવશ્યક છે હાલના સંયોગોને અનુસરતા બીજા કાર્યો કરવા તરફ તેઓનુ મન ફેરવાયુ. શ્રી શત્રુંજયનો સંઘ કાઢયો તે પ્રસંગે મુનીમાહારાજ શ્રી વલ્લભ વીજયજીના ઉપદેશથી તથા મુંબાઇ શેહેરના બીજા કાર્યો જોઇને તેઓનુ લક્ષ કેળવણી

તરફ પ્રેરાયું તેઓને મીત્રો તરફથી સુચના થવાની સાથે રૂ. ૨૦૦૦૦) મેટ્રીક પ્રસાર કર્યાબાદ ઉચી કેલવણી લેનાર વીદયાર્થીઓ માટે સ્કોલર શીપના કાઢી આપ્યા અને રાધપુરના નમદાર નવાબ સાહેબ બહાદુરના લગનની ખુશાલીમાં એક જાહેર મેલાવડો મેળવી સદરહુ રકમ પાંચ ટ્રસ્ટીઓના હાથમાં સોપી દીધી જે ફંડમાથી મદદ મેળવીને એક વીદયાર્થી. બી. એ. ની પરીક્ષા પસાર કરવા ભાગ્યશાળી નીવડેલ છે અને હજી પણ તેનો અભ્યાસ ચાલુ છે.

રાધનપુરના જઇન મંડળના તેઓ પ્રમુખ છે અને મંડળના એક મેળાવડા વખતે ત્રણ વીદયાર્થીઓને ત્રણ વરસ માટે વડોદરા કળાભુવનમા હુન્નર ઉદયોગ શીખવા માટે તેઓએ મોકલી આપવા રૂ. ૧૦૮૫) ની રકમ આપી જેમાંથી ત્રણ વિદયાર્થીઓ હાલ કળાભુવનમાં અભ્યાસ કરે છે. રાધનપુરમા ધાર્મીક શીક્ષણ માટે તેઓના તરફથી એક પાઠશાળા છોકરીઓ તથા છોકરાઓને માટે ચલાવવામાં આવેછે જેનો લાભ લેનાર વીદયાર્થીઓની સખ્યા લગભગ દોઢસોની છે.

કેલવણીના કાર્યો ઉપરાત ગરીબ બધુઓને માટે પણ તેઓ છુટા હાથે ખાનગી સખાવત કરે છે એટલુજ નહીં પરંતુ ન્યાતજાતના તફાવત વગર રાધનપુર શેહેરમાં એક સાર્વજનીક મુફત દવાખાનુ ખોલવામા આવેલ છે જેના માટે રૂ. ૩૩૦૦૦) અલગ કાઢવામા આવેલ છે અને હજુ તે રકમ વધારવા તેઓ વીચાર ધરાવે છે.

શેઠ મોતીલાલ સામાન્ય સ્થીતીમાં ઉછરેલા હોવાથી અને દુનીઆની લીલી સુકીનો પુરતો અનુભવ મેળવેલો હોવાથી તેઓના વીચારો એવા ઘડાયા છે કે પ્રસગોપાત જે જે ચીજના માટે તેઓને જરૂરીયત લાગે અને તેઓનુ ધ્યાન ખેંચવામાં આવે તે તરફ પોતાનો ઉદાર હાથ લબાવ્યા વીના રહેતા નથી.

તેઓ વેપારમા સારી કુનેહ ધરાવનારા અને રાજ્યદરબારમાં પણ સારો લાગવગ ધરાવે છે. રાધનપુરના હાલના નામદાર નવાબ સાહેબ સાથે તેઓને બહુજ ગાઢો સબધ છે ઞ.ને જૈનના પવીત્ર તીર્થ શ્રીશંખેશ્વરમાં એક વીશાળ ધર્મશાળાની જરૂર હોવાથી તેઓએ નામદાર નવાબ સાહેબ પાસેથી જમીનનો એક મોટો ભાગ મફત મેળવ્યો છે અને તે શ્રી શંઘને અર્પણ કરેલ છે તે જમીન ઉપર ધર્મશાળા બાંધવા માટે પોતે રૂ ૫૦૦૦) આપેલા છે અને તેની અદર મુબાઇ તથા અમદાવાદના બીજા શેઠીઆઓએ સારી રકમની મદદ કરેલી છે સદરહુ ધર્મશાળા માટે જમીન મફત મેળવવા ઉપરાંત ધર્મશાળા બાંધવા માટે જે સામાન બહારથી

આવે તેના ઉપર નામદાર નવાબ સાહેબ બહાદુરે શેઠ મોતીલાલ પ્રત્યેની લાગણીના અંગે રાજ્યનો જકાત લેવામાં આવે તે પણ બંધ કરેલ છે.

શેઠ મોતીલાલ નાનપણથી પવીત્ર જીંદગી ગુજારનાર ચોત્રીશ વરસની જુવાન વયથી બ્રહ્મચર્ય વ્રત પાળવા ઉપરાંત બીજાં વ્રતો પાળવાનાં પણ એકકા છે. તેઓએ અઠાઇદશ તથા પાલીતાણામાં ચાતુર્માસ રહેલ તે વખતે પર્યુષણના પ્રસંગે સોળ ઉપવાસ કર્યા હતા તેમજ મોટી તીથીઓએ ઉપવાસ કરવાનો તેઓનો પોતાનો નીયમ છે. મન ઉપર બહુજ કાબુ ધરાવવનારા છે અને એક કાર્ય કરવાનો વીચાર કરે તો તે પાર પડયા પછી જ તેઓને આનંદ થાય તેવા તથા તેઓની જીંદગી તદન સાદાઇ ભરેલી અને સ્વભાવે નમ્ર તથા મળતાવડા છે.

હિંદુસ્તાનમાં આવેલા શ્રી સુજાનગઢ શેહેરમા હોલ ઇંડીઆ શ્રી જૈન શ્વેતામ્બર પરીષદ્ કોન્ફરન્સ તારીખ ૨૭–૨૮–૨૯ માહે જાનેવારી સને ૧૯૧૫ ના રોજ ભરવામાં આવેલ તે વખતે શેઠ મોતીલાલ મુલજી નવમી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના સભાપતી (પ્રમુખ) નીમાયા હતા અને તે પ્રસગે રૂ ૨૫૦૦) ની સખાવત કરી હતી જે મહાન માન મેળવવા ઉપરથી. રાધનપુર શહેરની સમસ્ત પ્રજાએ તેઓશ્રીને માનપત્ર આપેલ છે જેની નકલ આ સાથે જાણવા સારૂ રાખવામા આવી છે

આ ચરીત્ર ઉપર સાધારણ વર્ગને ઘણો બોધ લેવા જેવુ છે અને તેઓનુ જીવન એક આદર્શ રૂપ છે છતાં નીયમીત પોતાનાં કાર્યો બજાવવા ઉપરાંત સત સમાગમ શોધતા રહે છે અને વીદવાન મુનીરાજો સાથે વારે ઘડીએ પ્રસગ મેળવીને ધાર્મીક કાર્યો કરતા રહે છે. દુષ્કાલ અને તેવા પ્રસગે તેઓએ છુટે હાથે મદદ કરેલી છે અને તેઓની ખાનગી સખાવતનો આંકડો કોઇ નીશ્ચય કરી શકે તેમ નથી તેટલો બધો વધી ગએલ છે કે જે તેઓના સીવાય બીજા કોઇને ભાગ્યેજ માલુમ હશે.

શેઠ મોતીલાલ મુલજીભાઇ આજકાલ દરેક પ્રસગે આગળ પડવામાં અને છુટા હાથે, સખાવત કરવામા જે ઉદારતા વાપરે છે તે વીશે વીગતથી લખવા બેસીએ તો, એક મોટી બુક લખ્યા છતાં પણ પુરૂ લખાઇ શકાય તેમ નથી તેઓની શાન્ત પ્રકૃતી, વીનયતા, ઉદારતા, અને ધાર્મીક શેવા તરફ નજર કરીશું તો દરેક ગુણ એક એકથી ચડીઆતા અને તે વીશે વીવેચન કરવા જતાં પુરૂ વીવેચન થઇ શકે નહી તેવા છે.

નીમ્ર શેવક

હરીલાલ જાદવજી વકીલ.

રાધનપુર.

માનપત્ર.

અનેક ગુણાલંકૃત પરોપકાર પરાયણ
શેઠ મોતીલાલ મુલજીભાઈ, રાધનપુર,

શ્રીયુત શેઠજી

ગયા માઘ માસમાં મારવાડ દેશના સુજાનગઢ શહેરમાં ભરાએલ નવમી શ્વેતામ્બર જૈન કૉનફરન્સ જેવી હિન્દુસ્તાનની કોમની મહા સભાના સભા પતીનુ જે અપૂર્વ માન મેળવવા તથા સભાકાર્ય ઉત્તમ રીતે પાર ઉતારવા આપ ભાગ્યશાલી નીવડેલા તેથી અમો રાધનપુરની સમગ્ર પ્રજા. આપને અર્પણ કરતાં ઘણું જ આનંદ હાંમીલ કરીએ છીએ.

આપે આપની હાલ સુધીની કારકીર્દીમાં ધર્મની કોમની અને દેશની સેવા બજાવનારા ઘણા સખાવતી કાર્યો કીધાં છે જેમાં મુખ્યત્વે સ ૧૯૬૨ ની સાલમા અપના ધર્મની ઉન્નતી અર્થે ગજાવર રકમના ખરચે ઉદ્યાપન (ઉજમણું) પધરાવેલુ હતું ત્યાર બાદ સ ૧૯૬૬ ની સાલમાં આપણા પવીત્ર તીર્થશ્રી સીદ્ધાચલજીનો સઘ કાઢી તે પાછળ પણ રૂ ૨૫૦૦૦) જેવી નાદર રકમનો શુભ વ્યય કીધો હતો

તે શીવાય કેળવણી કે જેને માટે આ શહેર ઘણુજ પછાત છે અને જેની પાછળ આપણા ખુદાવોદ નામદાર ન્યાયવતા માલીક સાહેબે અથાગ કાળજી દર્શાવી વાર્ષીક હજારો રૂપીઆના ખરચે હાઇસ્કુલ જેવી સસ્થા ઉઘાડી છુટા હાથે સ્કોલરશીપો બક્ષી આ રાજમા ફ્રી એજ્યુકેશન કરી આપણને અને આપણી ભાવિ પ્રજાને ઉપકારના ઉડા બોજા તળે મુંક્યા છે અને અન્ય રાજ્ય વશીઓને અનુકરણ કરવા યોગ્ય જે ઉત્તમ દાખલો બેસાડયો છે તેને પુષ્ટી કરવારૂપ કેળવણીના ઉત્તેજન અર્થે આપે પણ રૂ. ૨૦,૦૦૦) જેવી સામટી રકમથી સખાવત કરી મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કર્યા પછી આગળ અભ્યાસ કરવા ઇચ્છા ધરાવનાર માટે રસ્તો ખુલ્લો કરી આપ્યો છે જેને પરીણામે હાલ એક ગ્રેજ્યુએટ ધરાવતુ પણ થયુ આ શીવાય વડોદરા કલાભવનમા તાલીમ લેનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૦૦૦) આસપાસની રકમ આપે અર્પણ કરી છે.

વળી આ શહેરના મધ્યમાં આપે એક ફ્રીડીસ્પેન્સરી ખોલી તેના જથુના નીભાવ અર્થે રૂ ૩૩૦૦૦) જેવી નાદર રકમની સખાવત કીધી છે જે હમેશને માટે આ શહેરને આશીર્વાદરૂપ હોવા સાથે વ્યાધિગ્રસ્થ લોકો

માટે એક સગવડ ભર્યું સાધન થયુ છે.

વળી મુબાઇમા સ્થાપીત થયેલ શ્રી રાધનપુર જૈન મંડલના આપ પ્રમુખ હોઇ તે દરજ્જે પણ કેટલાંક પરમાર્થીક કાર્યો બજાવવામાં સામીલગીરી ધરાવો છો.

આ શીવાય પણ આપની બીજી નાની અને છુપી સખાવતો ઘણી છે જેવી કે જૈન ધર્મના શીક્ષણ માટે ચાલતી પાઠશાળાઓમાં દીલસોજી ભર્યો ફાળો આપવો નિરાધાર વિધ્યાર્થીઓને પુસ્તકો વીગેરેની મદદ આપવી વીગેરે.

હાલમા વળી આપના પ્રાચીન અને પવીત્ર તીર્થશ્રી સખેશ્વરજીમા યાત્રીઓની સગવડ માટે એક ધર્મશાળા બાંધવા આપણા માયાળુ અને ઉદ્ધાર વૃતીના નામદાર નવાબ સાહેબે જે જમીન આપી છે તે ઉપર મોહોટા ખરચે એક ધર્મશાળા બાંધવાનુ કામ આપે આપના પદરની યોગ્ય રકમનો ફાળો આપવા ઉપરાંત વખત તેમજ શરીરના ભોગે માથે લીધું છે.

આ શીવાય મનોબળનો ઉત્યમ અને અનુમોદનીય ગુણ આપ ધરાવો છો તે એકી અવાજે પ્રસશનીય છે આપે ભર યુવા વસ્થામાં સર્વ ધર્મ માન્ય બ્રહ્મચર્ય વ્રત ધરણ કીધું છે અને આપની હાલસુધીની ઝળકતી કાર કીર્દી અને વૈભવ તેને જ આભારી છે એમ કહેવામા કઇ અતીશયોક્તી નહી ગણાય

આ પ્રમાણેની આપનો ઉદ્ધાર સખાવતો અને નીર્મલ આચરણોથી આપે આપનું જીવન ધાર્મીક વ્યયહારીક તેમજ નૈતીક દ્રષ્ટીએ ઘણુ ઉમદા બનાવ્યું છે.

છેવટ ઉદારતા. દ્રઢતા, પરમાર્થ બુદ્ધી, મલતાવડા પણુ. અને સાદાઇ વીગેરે જે ગુણો આપનામા વાસ કરી રહ્યા છે તેને માટે વારવાર અમો અનુમોદન કરીએ છીએ અને હાલ સુધીમાં આપે. જે સ્વ તેમજ પરના કલ્યાર્થે કાર્યો કીધા છે તેને માટે ધન્યવાદ ચાહી તેવા ઉમદા કૃત્યો આપણા પ્રતાપી ન્યાયી અને ઉદ્ધાર વૃતીના નામદાર માલીક સાહેબ જલાલુ દીનખાનજી સાહેબ બહાદુરના સદા શીતલ અમલતળે કરવા આપ દીર્ઘાયુષ્ય ભોગવો એવી અમારી જીગરની ઇચ્છા છે તથાસ્તુ, તથાસ્તુ, તથાસ્તુ૦

રાધનપુર.
મીતી ફાલગુણ વદી ૧ સ. ૧૯૭૧
વાર ભોમ તા, ૨—૩—૧૯૧૫

લી૦ અમો છીએ.
રાધનપુરના સમગ્ર પ્રજા તરફથી

૧ ભીખાલાલ બાદરચંદ
૧ કોઠારી ભુદરચદ છગનચદ
૧ શેઠ મણીલાલ ઓકોરદાસ
૧ શા. પ્રેમચદ જેઠાભાઇ
૧ જડીઆ દામોદર નારાયણ
૧ શા. વાડીલાલ પુનમચદ
૧ નેમચદ ખેગારસી
૧ વોરા ભીખાલાલ વલમજી
૧ શા, નરોતમ ખેતસી
૧ વોરા કકલ ભાણજી
૧ શેઠ મણીલાલ દલપત
૧ રામી વીઠલ લલુ
૧ ગાધી મોહનલાલ ઉજમચદ
૧ લક્ષ્મી પ્રસાદ પ્રભુલાલ
૧ ડાકતર મંછારામ આશારામ
૧ ડોસી મનસુખ ભાયચદ
૧ બાબીશેરમીયા
૧ સેખ અલારખા અમદુભાઈ
૧ જમાદાર સૈયદ સાલમ
૧ તૈયબ અલી મહમદ અલી
૧ હસનજી ડોસનજી
૧ વૈદ્ય ઉત્યમચદ રાયચદ
૧ કુભાર છગન રઘુ
૧ નગરશેઠ પનાલાલ અરીમર્દન
૧ હરગોવીદ હરીનારાયણ
૧ ચદુલાલ હરીભાઇ ઠાકોર
૧ શીવલાલ ખુશાલભાઈ
૧ જેસગ મોહનલાલ
૧ કમળસી ગુલાબચદ
૧ વોરા દલસુખ સરૂપચદ
૧ શા. જાદવજીભાઇ પાનાચંદ
૧ ભણસાલી ડાહ્યાભાઈ ઉત્યમચદ
૧ માસ્તર કેશવલાલ હરજીવન
Chunilal Hakumatrai
Harilal Vadilal.
L N Phansalker.
Vishnuprasad Narsiprasad.
૧ ભુદરદાસ વછરાજ

પ્રસ્તાવના.

વર્તમાન કાળમાં ચારે બાજુ મનુષ્યોના પરાક્રમમા તેમજ આચરણ રહેણી—કહેણી. બુદ્ધી અને કામ કરવાની શકત્તીમાં જાણવા જોગ અને યાદગીરી લાયક ઘણોજ ફેરફાર થયો છે જયાં જોઇએ છીએ ત્યાંહાં દેશો જતીના સુધારા. રાજય વહીવટ. બ્યાપાર કુશળતા વીગેરે અનેક હુન્નરોવાળી ઘણીજ બારીક હરીફાઇ સ્પર્ધા ચાલી રહી છે રાજ્ય વહીવટના જુના રીવાજો પોતાની મેળે ધીમે ધીમે બધ પડતા ગયા છે જુના જમાનાના રાજા સાહેબોની કારકીર્દી પણ તેજ રીતે. બધ પડતી ગઇ છે અને ઘણા

જ ઉંચા દરજ્જાની ફરજ અદા કરવા દરેક બાબતની કુશળતા. વીનયતા. કેળવણી અને બુદ્ધીએ રાજા સાહેબોના અતઃકરણમા નિવાસ કર્યોછે વર્તમાન સમયના. અર્વાચીન વીચારોની સાથે અનુકુળ પડતા. પ્રોસીઝર (રીત રીવાજી) બધ બેસતા કરવાની સાથે કાયદા તથા કામ ચલાવવાની કાનુનોમા ઘણાજ ઉંડા. ઉતરી સુધારા વધારા કરવામાં આવ્યા છે અને સુધરેલા જમાના પ્રમાણે સુધરેલી ઢબની યોજના તથા. પદ્ધતી અને કારકીર્દી જયાં ત્યાં દ્રષ્ટીગોચર થાય છે આ પ્રમાણે હોઈ કાયદાના મુળપાયાથી, દરેક મનુષ્યે માહેતગાર અને પ્રવીણ રહેવુજ જોઇએ જે માહેતગારી મેળવવાને યોગ્યતાવાળા સાધનની ખામી હતી તે દુર થવા આ વ્યવહાર દર્પણ અથવા લખાણ મદદનીશ. બહાર પાડવાની જરૂરીઆત જણાઇ.

કાયદા કાનુન જાણી વકીલ તરીકે પ્રેકટીશ કરવાનો સુપ્રસીદ્ધ. ધધો ઘણોજ અગત્યનો અને નાજુક છે એટલુજ નહી પરંતુ ન્યાય અપાવવાને અને ન્યાયના કામમા મદદ કરવાને તેમજ વ્યવહારથી સાવચેત રખાવવા માટે ઘણોજ કીમતી. વ્યવહારો ઉપયોગી છે પ્રોફેસર કીજરે વકીલતના ધંધા સબધે કેટલાક રીમાર્કો કરેલા છે તે કહે છે કે કાયદો એ ઉમદામા ઉમદા ધધાઓમાનો એક અથવા. હલકામા હલકા. વેપારમાનો એક છે વ્યાધિમાથી મુક્ત થવા માટે જેમ વૈદ આવકાર દાયક છે તેમ ન્યાય અપાવવાને વકીલ આવકાર દાયક છે કાયદાના ધધામા ફતેહમદ થવાનો આધાર જેટલો આત્મબળ તથા આત્મ શક્તી ઉપર રહેલો છે તેટલો બીજા કોઇ ધંધામા તે ઉપર રહેલો નથી એ નિસદેહ છે.

કાયદાની સીદ્ધી લાઇનથી માહેતગાર કરનાર ઉત્યમમાં ઉત્યમ આ બુક તૈઆર કરવામા આવી છે ઘણાજ જુના વખત ઉપર કે જયારે આપણા ધર્મશાસ્ત્રોનુ બધારણ બીજા નીજા થવા માંડયુ અને એક બીજાના ધર્મના અગ્રેસરો જુદા જુદા થઇ નવીન પથો ચલાવવા લાગ્યા ત્યારે તેવા અગ્રસરોએ એવીતો ભાષા. પોતાના ધર્મ માટે તૈઆર કરી છે કે જે બીજાના સમજવામા અને જાણવામા આવે નહી આ પ્રમાણે કરવાનો મુળ ઉદ્દેશ પોતે તેમા પ્રવીણ રહે અને કદાચ ખામી હોય તો તે બીજાની નજરે આવી શકે નહી એવો વીચાર હોવો જોઇએ એમ અનુમાન કરવાને કારણ જણાય છે.

આવી મહત્વની અને લોકોપયોગી બુક તૈઆર થતી હોવાનું કેટલાક ઇર્ષાખોર કાયદાના ધધો કરનાર ઇશમોના જાણવામા આવતાં દસ્તાવેજો લખવામા દાવા અરજીઓ લખાવવા વીગેરે કામમા પોતાનો જરૂર હવે ઓછી

પડશે એવા વીચારો ઉત્પન્ન કરી પોતાની બુદ્ધી અનુસાર ઇર્ષ્યાખોર શબ્દોનો ઉચ્ચાર કરી, પોતાની હલકાઇ જાહેર કરવા લાગ્યા. કર્તાએ તે તરફ લક્ષ ખેચ્યુ હતતો અણધારી વીપત્તીઓ આવી પડવા સંભવ હતો પણ કર્તાની પ્રજા શેવા બજાવવા દ્રઢ જીજ્ઞાસાએ તે તરફ કાંઈ પણ ધ્યાન નહીં આપતાં પોતાનુ કાર્ય ચાલુ રાખ્યુ.

સઘળી જાતની દીવાની દાવા અરજીઓ, દાવા અરજીઓના જવાબો, દીવાનો દરખાસ્તો, સ્થાવર મીલકતના દસ્તાવેજો, જંગમ મીલકતના લેખો, રાજ્ય પ્રકરણી લેખો, નોનકોગ્નીઝેબલ નમુના, કોગ્નીઝેબલ નમુના, પગાર તથા વ્યાજ અને ઇનકમ ટેક્ષ ગણવાની જંત્રીઓ, પરચુરણ અરજીઓ, વકીલાતનામા તથા મુખ્તીઆર પત્રો કે જેના નમુના કોઇપણ ઠેકાણે મલી શકે નહી તેમજ મહત્વના પ્રસંગે તેવા લખાણોની જરૂર પડે ત્યારે હદ ઉપરાંતનો પ્રયાસ કરવા છતા પણ શંકા વગરનો સંતોષકારક ખુલાશો મલી શકે નહી જે ઉપાધી દુર થવા તમામ જાતના લખાણો તૈયાર કરી આ બુક અંદર સંયુક્ત કર્યા છે કે જેથી દરેક પ્રસંગે જે લખાણની જરૂર પડે તે સરળતાથી તુરત મલી આવે તેમ કરવાનો આ પ્રયતનો ઉદેશ છે સગવડતાની ખાતર તેમજ દરેક વિષય તુરત મલી શકે એવા ઉદેશથી દરેકના જુદા જુદા પ્રકરણો તૈયાર કરવામા આવ્યા છે.

કેટલેક પ્રસંગે વિદ્વાન વકીલો ઓફીસમા પોતે બીજા કામોમા રોકાએલા હોય છે તેવા પ્રસંગે અથવા જ્યારે બીજા વીચારોમા અને કામોમા હોય છે ત્યારે દાવા અરજી અગર બીજા કોઇ લખાણના સંબંધમા કોઇ ઇસમ સલાહ લેવા અગર પુછવા કે લખાવવા આવે છે ત્યારે એવો જવાબ આપે છે કે અત્યારે બની શકશે નહી તેના માટે તો અમુક વખત વીચાર કરવો પડશે. નમુનો ઘડવો જોઇશે અને જ્યારે તેજ કામમા રોકાઇશ ત્યારે તૈયાર કરી આપીશ વીગેરે પ્રત્યુત્તર વકીલ આપે છે તેવા પ્રસંગે એવા વિદ્વાન વકીલોને પણ આ બુક ઘણીજ મદદ કર્તા અને ઉપયોગી છે.

વર્તમાન જમાનાની પદ્ધતિ પ્રમાણે દસ્તાવેજનુ અથવા કોર્ટને બારણે જવાનુ કામ દરેક ઇસમને પડયા કરે છે અને તેમા અજ્ઞાનતા એટલી તેને હરકતરૂપ થઇ પડે છે કે મહત્વની બાબતનો દસ્તાવેજ કરાવવો હોય ત્યારે અથવા કોર્ટને બારણે જવુ હોય તેવા પ્રસંગે આઠ દીવસ અગાઉથી ચેન પડતુ નથી અને વખતો વખત તેનાજ વીચારો થયા કરે છે તેમજ તેના માટે કાયદાના હીમાઇતીઓને ત્યાં પગરખા ફાડવા પડે છે

એ કાંઇ ઓછુ દુ:ખ કહેવાય નહી જેના માટે આ બુક પોતાના વાહાલા માં વહાલા સગાથી પણ વધારે સુખરૂપ થઈ પડશે.

એટલુજ નહી પણ ચાલુ કેળવણીને લઇને દરેક ઇશમને આ બુક એક ઉમદા સાધનરૂપ થઇ પડવા સારૂ દરેક વીષયો દરેક સમજુત સાથે વીવેચનથી લખવામા આવ્યા છે કોર્ટને બારણે જેઓ ગયા હશે તેઓના જાણુવામા હશે કે દસ્તાવેજોમા કેટલી કેવા પ્રકારની ખામીઓ નીકલે છે. દાવા અરજીઓ વીગેરે લખાણો માટે કેવી વીચીત્ર ટીકા થાય છે. આ બધી બાબતોથી સાવચેત રહેવાની જરૂર હોય એ સ્વભાવીકજ છે.

ઇગ્લાડમા પ્રખ્યાત ફ્રેંચ એડવોકેટ મી. બેરીયરને માન આપવાને અંગ્રેજ એડવોકેટો ત્થા જડજો મીડલ ટેપમ્લમા એકઠા થએલા હતા. તે વખતે ઘણીજ અસરકારક રીતે ચર્ચા થએલ હતી. જે પ્રસંગે લોર્ડ બરધામે કેટલીક હકીકત જણાવ્યા બાદ છેવટ જણાવ્યુ હતુ કે વકીલો વીલા અને કરામતરૂપી જે શસ્ત્રો ધરાવે છે તે તેમણે ખરા લડવાયા તરીકે વાપરવા જોઇએ પરતુ ખુની તરીકે વાપરવા જોઇએ નહી તેમણે તેમના અસીલનું હીત પ્રમાણીકપણે જાળવવુ જોઇએ. પરતુ કપટ બુદ્ધીથી નહી હિતને સત્ય તથા ન્યાય સાથે કેવી રીતે મળતા રાખવા એ તેણે જાણવુ જોઇએ. આથી જણાશે કે કપટ બુદ્ધિ કરવા પ્રસગ ન આવે તેવી રીતે પ્રથમથીજ સાવચેત રહેવુ અને તેથી આ બુકની મદદ લઈ દરેક કાર્યો કરવામા આવે તો ઘણીજ સરલતાથી ન્યાય મેળવવા ફતેહમદ થઇ શકાય.

અજ્ઞાન વકીલો અસીલને રાજી રાખવા અને કેસ લેવા અસીલોના ઘરે ફેરા ખાતા હોય છે અથવા મને કેશ આપો. તમે મને કેસ આપતા નથી બીજાને કેસ કેમ આપોછો અમે તો તમારા સબધ કર્તા છીએ વીગેરે બોલી કેશ માટે યાચના કરતા ફરે છે આ બધુ કરવાનુ કારણુ પોતાના ધધાની ઘણીજ ખામી હોવા શીવાય બીજુ કાઇ જણાતુ નથી માટે દરેક ધધાદારીએ પોતપોતાના ધધામા પુરેપુરા વાકેફ રહેવુ જોઇએ કે જેથી પોતાના ધધામા જોઈએ તેવી ગરાગી મળી શકે.

કર્તાએ રાધનપુર રાજ્યમાં લીધેલ કેલવણીના પ્રતાપવડે આ બુક તૈયાર કરી શકેલ છે જેથી નેક નામદાર રાધનપુર નવાબ સાહેબ બહાદુરનો હમેશના માટે ઉપકાર માને છે

આ ગ્રંથ અર્પણુ પત્રીકા વીગેરે મુંકવા શેઠ મોતીલાલ મુલજીભાઇની પરવાનગી માગતા તેઓશ્રીએ તે બાબતનો સ્વીકાર કરી કર્તાને ઘણીજ મદદ કરી છે તેથી કર્તા હમેશના માટે તેમનો આભારી છે.

આ ગ્રંથ તૈયાર થતાં પ્રથમ માનવંતા રાજા સાહેબો ત્થા સદ્‌ગૃહસ્થો-એ બુકો ખરીદ કરવા વીગેરેમાં મદદ કરી છે તેમનો કર્તાને ઉપકાર ભુલી જવા જેવો નથી અને તેથી કર્તા ઉપકાર માને છે.

આ બુક કર્તાના એકલાજ હાથથી લખાએલ છે અને તે ટુંકા વખતમાં બ્હાર પાડી છે તેથી ગ્રંથ રચવામાં અવશ્ય ભુલચુક ખામી ત્થા ઉપેક્ષા દોષ રહેજ એ સંભવીત છે જેના માટે કર્તા આબુક વાપરનારની માનપૂર્વક મેહેરબાની ભરેલી ક્ષમા ચાહે છે અને આશા રાખે છે કે કોઇપણ ઇશમ-ની મદદ વગર એકલાજ હાથે જ્યારે તમામ ભાગો તૈયાર થયા છે તે વાત વાપરનાર સદ્‌ગૃહસ્થો ન્યાયદ્રષ્ટીથી લક્ષમા લેશે તો નીવેદન થશે કે જેટલે દરજે આ ઉપયોગી અને મોટું પુસ્તક ખરૂ હોય તેટલે દરજે તેની ખોટ ખાંપણનો બદલો તેના ઉપયોગીપણાથી વળી જશે અને તેથી તે માટે દર ગુજર કરશે.

આ બુક અંદર મુંકેલાં ગામોનાં નામ ત્થા માણસોના નામ ઠામ ક-લ્પીત મુકવામાં આવેલા છે એથી જણાશે કે બુક અંદરનાં નામ ઠામ ખરાં નથી બુકમાં કલ્પીત નામ ઠામ મુકવાથી વાપરનારને નામ ઠામ કેવી રીતે લખી શકાય એ સમજવાને સારૂ કલ્પીત જે નામો યાદ આવ્યાં તે મુકવામા અને લખવામા આવ્યાં છે જેથી તેના માટે કોઇ જવાબદાર નથી.

લી. કર્તા

અનુક્રમણિકા.

પ્રકરણ પહેલુ પૃષ્ટ ૧ થી પૃષ્ટ ૧૨૯

પ્રકરણ બીજું પૃષ્ટ ૧૩૦ થી ૧૭૪.

દાવાઓના જવાબ.

પ્રકરણ ત્રીજું પૃષ્ટ. ૧૭૪ થી ૧૮૭

દીવાની દરખાસ્તો.

પ્રકરણ ૪ પૃષ્ટ ૧૮૮ થી ૨૦૯

સ્થાવર મીલકતના દસ્તાવેજ.

પ્રકરણ ૫ પૃષ્ટ ૨૧૦ થી ૨૪૦

જંગમ મીલકતના દસ્તાવેજો.

પ્રકરણ ૬ પત્ર વ્યવહાર.

પૃષ્ટ ૨૪૧ થી પૃષ્ટ ૨૫૮

પ્રકરણ ૭ વ્યાપારી લાઇનનાં લખાણો

પૃષ્ટ ૨૫૯ થી ૨૬૮

પ્રકરણ ૮ સગાં સબંધી લેખો પૃષ્ટ ૨૬૮ થી ૨૯૦

પ્રકરણ ૯ રાજ્યપ્રકરણ લેખો પૃષ્ટ ૨૯૧ થી ૩૦૮.

પ્રકરણ ૧૦ નોનકોગ્નીઝેબલ નમુના પૃષ્ટ ૩૦૮ થી ૩૩૯

પ્રકરણ ૧૧ પૃષ્ટ ૩૩૯ થી ૩૫૪.

પ્રકરણ ૧૨ જંત્રીઓ પૃષ્ટ ૩૫૫ થી.

પ્રકરણુ ૧૩ વકીલાત તથા મુખ્તઆર પત્રો ૩૯૭ થી ૪૦૨

પ્રકરણુ ૧૪ પરચુરણુ અરજીઓ પૃષ્ટ ૪૦૩ થી ૪૧૬

પ્રકરણ ૧.

કોર્ટનાં નામનાં મથાળાં.

દીવાની કેશોમાં ફરીઆદનાં મથાળાં કરવાની રીત નીચે પ્રમાણે છે.

૧. આજમ મેહેરબાન વારાહી થાણુદાર સાહેબની દીવાની કોર્ટમાં.
૨ આજમ મેહેરબાન રાધનપુર મુનસફ સાહેબ.
૩. આજમ મેરબાન ધ્રાગધ્રા ન્યાયાધીસ સાહેબ
૪. આજમ મેહેરબાન જનાબ રાધનપુર સર ન્યાયાધીસ સાહેબ.
૫. આજમ મેહેરબાન વીરમગામ મામલતદાર સાહેબની કોર્ટમાં.
૬. નામદાર સ્વસ્થાનની હજુર કોર્ટમાં.
૭. નામદાર એજન્સીના પોલીટીકાલ એજંટ સાહેબ બહાદુરની હજુરમાં.
૮. આજમ મેહેરબાન જનાબ એજન્સીના ડીસ્ટીક ડેપ્યુટી આસીસ્ટટ પોલીટીકાલ એજંટ સાહેબની કોર્ટમાં.
૯. આજમ મેહેરબાન જનાબ એજન્સીના આસીસ્ટંટ પોલીટીકાલ એજટ સાહેબની કોર્ટમાં.
૧૦. આજમ મેહેરબાન સ્વસ્થાનના દીવાની જજ સાહેબની હજુર.
૧૧. આજમ મેહેરબાન ડીસા માહાલના તેહેસીલદાર સાહેબની કોર્ટમા.
૧૨ આજમ મેહેરબાન જનાબ અમદાવાદ જીલ્લાના કલેકટર સાહેબની હજુર.
૧૩. આજમ મેહેરબાન જનાબ અમદાવાદ જીલ્લાના ડેપ્યુટી કલેકટર સાહેબની હજુર.

દીવાની ફરીઆદનાં મથાળાં વાદી વીગેરે પક્ષકારોનાં નામ.

વાદી.

રાધનપુરના શેઠ દલીચદ કસતુર

૧ **પ્રતીવાદી.**

રાધનપુરના કણબી જેઠાલાલ નથુરામ

વાદી.

	નામ.	ગામ.	જાત.	ઉમર.	રહેવાનું ઠેકાણું
૨	શેઠ દલીચંદ કસ્તુર	રાધનપુર	વીશા શ્રીમાળી વાણીઆ	૩૫	પાંજરા પોળમાં

પ્રતીવાદી.

નામ.	ગામ.	જાત.	ઉમર	રહેવાનું ઠેકાણું.
જેઠાલાલ નથુરામ	રાધનપુર.	કર્ઈડવા કણબી	૪૦	પરામાં

વાદી.

૧ વારાહીના શેઠ પીતામ્બર ન્યાલચંદ ગુજરેલના વારસ પુત્ર શેઠ. મોહનલાલ પીતામ્બર.

પ્રતીવાદી.

રામપુરા તાબે વારાહીના કુંભાર પુરસોતમ ત્રીકમ ગુજરેલના વારસ પુત્ર મનજી પુરશોતમ.

વાદી.

૪ વઢવાણના શેઠ ચતુરલાલ રતીલાલની પેઢીના માલીક અને વહીવટ કરનાર શેઠ દોલચદ ચતુરલાલ.

પ્રતીવાદી.

રામપુરા તાબે વઢવાણના લેવા કણબી ત્રીકમ કહાનજી ગુજરેલના વારસપુત્ર વાડીલાલ ત્રીકમ.

વાદી.

૫ ધ્રાંગધ્રા જીનીંગ ફેકટરીના વહીવટ કરનાર શેઠ ન્યાલચદ મોતીચદ.

પ્રતીવાદી.

ધ્રાંગધ્રા ઠકર નાગજી પુરૂસોતનની પેઢીના માલીક અને વહીવટ કરનાર ઠકર મણીલાલ નાગજી.

વાદી.

૬ રાધનપુર સ્ટેટ તરફથી મસાલી તેહેસીલના તેહેસીલદાર મનસુખ પ્રતાપસી.

પ્રતીવાદી.

મસાલી તાબે રાધનપુરના કણબી મીઠા નારણ.

વાદી.

૭ દીયોદરના રજપુત નથુજી મેધજી મરનારના વારસ તેના ભત્રીજા કલ્યાણસંગ ખુશાલ.

પ્રતીવાદી.

કોટડા તાબે દીયોદરના કુંભાર માલા પેથા.

વાદી.

૮ સીતાપુર તાબે ધ્રાંગધ્રાના ઠકર માધવજી રતનજી સગીરના વાલી મનસુખ દયાલ રહેવાસી ધ્રાંગધ્રા.

પ્રતીવાદી.

સીતાપુર તાબે ધ્રાંગધ્રાના કણબી જેઠા પરમાના વારસ પુત્ર માધા સગીરની વાલી તેની મા રતન પ્રેમજી.

વાદી.

૯. વીરમગામના ઠકર લવજી કાલીદાસની પેઢીના માલીક ઠકર ત્રીકમલાલ લવજી સગીરની મા કનકતારા રામપ્રસાદના કુલ મુખ્તઆર શેઠ વાડીલાલ હરીવલ્લભદાસ.

પ્રતીવાદી.

વીરમગામના દરજી ગોરધન અમુલખ ગુજરેલના વારસપુત્ર હરી ગોરધન સગીર તેથી તેની વાલી તેની મા હરીગંગા નથુરામ.

વાદી.

૧૦ એન એચ. કુંપનીના સેક્રેટરી રમણીકલાલ સુંદરલાલ.

પ્રતીવાદી.

ડી. જે. અધ્યારૂની પેઢીના માલીક અને વહીવટ કરનાર મણીલાલ વૃજલાલ અંધ્યારૂ.

વાદી.

૧૧ વઢવાણના શેઠ હરગોવીંદ હરનારાયણ ગુજરેલના ટ્રસ્ટી શેઠ મન-

સુખલાલ બ્રીજમોહન તથા રણુછોડલાલ ભોગીલાલ તથા સુંદરલાલ મહીપતરામ.

પ્રતીવાદી.

વઢવાણના પંડયા સદ્ગુણલાલ ગજાનંદ ગુજરેલના વારસ તેના ભાણેજ નીત્યપ્રસાદ આણંદલાલ.

વાદી.

૧૨ એન એલ. કો. ના એજંટ સત્યપ્રસાદ રાધાગોવીંદ. રહેવાસી મેહેસાણા.

પ્રતીવાદી.

મહેસાણાના શેઠ નગીનદાસ વૃજલાલ મરણ પામેલના પ્રોબેટ ધારણ કરનાર શેઠ અમૃતલાલ અમુલખદાસ.

વાદી.

	નામ.	જાત.	ધર્મ	ધંધો	ઉમર	રહેવાસી ઠેકાણું
૧૩	હરીનથુ.	બારોટ.	હીન્દુ	વેપાર.	૩૨	દીયોદર દેરાસેરી

પ્રતીવાદી.

નામ.	જાત.	ધર્મ	ધંધો	ઉમર	રહેવાસી ઠેકાણું.
કરસન લલુ	કણબી	હીન્દુ	ખેતી	૪૨	વીરમગામ સુથારફળી.

વાદી

૧૪ પાટડીના પાટીદાર રમણીકલાલ હરગોવીંદના કુલ મુખતીઆર શેઠ વૃજલાલ મણીલાલ.

પ્રતીવાદી.

ખોજા જાફરભાઈ મહમદભાઇની કુંપનીના નોકર ઠકર જેઠાલાલ વૃજલાલ.

૧૫ થસદના શેઠ મણીલાલ વૃજવલ્લભદાસ ગુજરેલના વારસપુત્ર શેઠ રતનલાલ મણીલાલના કોર્ટથી નીમાએલ વાલી શેઠ હરગોવીંદ વાડીલાલ

પ્રતીવાદી.

થરાદના કણબી હરી એહેચર ગુજરેલના વારસ પુત્ર નથુ હરી સગીર જેથી તેની વાલી મા કેસર દયારામ.

દાવા અરજી નમુના. નંબર ૧ આ

પૈસા ધીરેલા હોય તે લેવાની ફરીઆદ કરવાની દાવા અરજી

આજમ મેહેરબાન દીયોદર થાણુદાર સાહેબની દીવાની કોર્ટમાં

દીયોદરના ઠકર માધવજી પ્રાગજી	વાદી
વીરૂધ	
દીયોદરના શેઠ વાડીલાલ ધારસી	પ્રતીવાદી.

દાવો રૂ. ૫૨-૮-૦ મળવાનો.

દાવનું કારણુ સંવત ૧૯૭૦ ના અસાડ સુદી ૨ તારીખ ૨૫--૬-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયુ છે.	કમીશન રૂ ૪-૨-૦ પ્રોસેસ રૂ ૦-૨-૦ ૪-૧૦-૦	સ્ટેપથી રજુ છે.

હું વાદી અરજ કરૂ છુ કે પ્રતીવાદીને સવત ૧૯૭૦ ના ચૈત્ર સુદી ૨ તારીખ ૨૮-૩-૧૪ ના રોજ રૂ ૫૦-૦-૦ આપ્યા હતા જે લેવાની શરત સવત ૧૯૭૦ ના અસાડ સુદી ૨ ની હતી તે દીવસે સદરહુ રૂપીઆ પચાશ પ્રતીવાદીએ નહી આપવાથી મુડીના રૂ ૫૦-૦-૦ અને અસાડ સુદી ૨ ના રોજથી આજ દીવસ સુધીના વ્યાજના રૂ ૨-૮-૦ મળી રૂ ૫૨-૮-૦ મલવા દાવો લાવવા ફરજ પડી છે ખતની નકલ આ સાથે સામીલ રાખી છે.

પ્રતીવાદી કહેતા કહેવરાવતા સદરહુ રૂપીઆ આપતો નથી તેમ તેનો કોઇ પણુ રીતે નીકાલ પણુ કરતો નથી સબબ દાવો કરવો પડયો છે.

જેથી દાદ માગવાની કે દાવાવાળા રૂપીઆનુ કોર્ટ ખરચ સહીત ચડતા વ્યાજે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે કાયદેસર દાદ મલી શકે તે અપાવશો તા. ૨૧-૧૨-૧૯૧૪.

૧ વાદી માધવજી પ્રાગજી સહી દા. પોતાના.

હું વાદી ઇકરાર કરૂછુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૧-૧૨-૧૯૧૪.

૧ વાદી માધવજી પ્રાગજી સહી દા. પોતાના.

લખનાર. **નાગજી પુરસોતમ.**

દાવા અરજી નમુના. નંબર ૧ ખ

ધીરેલા પૈસા બાબત બીજો નમુનો.

આજમ મેહેરબાન રાંધનપુર મુનસફ સાહેબની કોર્ટમાં.

રાધનપુરના શેઠ દોલતચંદ મોહનલાલ	વાદી
વીરૂદ્ધ.	
રાધનપુરના શા. મનસુખ પુરસોતમ	પ્રતીવાદી.
દાવો રૂ ૪૯૪-૦-૦	

૫૫૦-૦-૦ ખાતા ખતના આધારે મુડીના
૩૪-૦-૦ વ્યાજના.

૫૮૪—૦—૦

૯૦—૦—૯ જમાં આવેલ તે જતાં.

૪૯૪—૦—૦ લેણા રહ્યા તે.

હું વાદી અરજ કરૂં છું કે દાવા વાળા રૂ. ૪૯૪-૦-૦ પ્રતીવાદી પાસે માગતા તે આપતો નથી તેમ તેનો કોઈ પણ રીતે ખુલાસો કરતો નથી જેથી દાવો કરવા ફરજ પડી છે.

દાવાનુ કારણ સંવત ૧૯૬૯ ના અસાડ સુદી ૨ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે

કમીશનના રૂ ૩૭-૨-૦ પ્રોસેસના રૂ ૧-૦-૦ તથા સ્ટાંપના

ટીપ.

૧ વાદી પ્રતીવાદી લખવાની જગ્યાએ "ફરીઆદના મથાળાં" એ પ્રકરણમા જોઈ જેમ હોય તેમ લખવુ.

૧ તમામ ઠેકાણે દીવાની કામોમા કમીશન અને પ્રોસેસ લેવામાં આવે છે કમીશન છે. તેજ સ્ટામ્પ છે પરતુ રાધનપુર સ્ટેટમાં કમીશન શીવાય જુદો સ્ટાંપનો દાવા દીઠ રૂ ૦-૮-૦ રૂપીઓ અર્ધો વધારે ભરવો પડે છે માટે રાધનપુરની કોર્ટમા દાવો કરવા જરૂર પડે ત્યારે સ્ટાંપના રૂ ૦-૮-૦ વધારવા.

૧ ઘણે ઠેકાણે સ્ટેમ્પથી પૈસા ભરાય છે પરંતુ જ્યાં પૈસા નગદ અપાતા હોય ત્યા નગદનાણા રજુ કરવા-રાધનપુરમાં સ્ટેમ્પ નથી એથી રોકડા આપવા પડે છે.

રૂ. ૦—૮—૦ મળી રૂ ૩૮—૧૦—૦ આ સાથે રજુ છે જેથી દાદ માગુ છું કે દાવા વાળા રૂપીઆ કોર્ટ ખરચ સુધાંત આઠ આનાના ચડતા વ્યાજે એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી અપાવવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવવા તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો તા. ૨૧—૧૨—૧૯૧૪

૧ વાદી દોલતચંદ મોહનલાલ સહી દા. પોતાના.

હું વાદી ઇકરાર કરૂ છું કે સદરહુ અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૧—૧૨—૧૯૧૪

૧ વાદી દોલતચંદ મોહનલાલ સહી દા. પોતાના.

લખનાર પીતામ્બર જેશકર વકીલ.

દાવા અરજી નમુના. નંબર ૨

સ્માલકૉઝ કોર્ટમાં આપવાની દાવા અરજી.

આજમ મેહેરબાન જનાબ સ્માલકોઝ કોર્ટના જજ સાહેબની હજુર મુ.

માંડલ તાબે વીરમગામના શા. જેઠાભાઇ ચતુરદાસ નામની પેઢીના માલીક અને વહીવટ કરનાર મોહનલાલ જેઠાભાઇ } વાદી.

ટીપ.

૧ કમીશન એજ દાવાનો સ્ટાપ હોવાથી ઘણે ઠેકાણે જુદો સ્ટાંપ લેવામાં આવતો નથી પણ રાધનપુર રાજ્યમાં કમીશન શીવાય દરેક દાવે સ્ટાપના રૂ ૦—૮—૦ લેવાતા હોવાથી આ દવામા સ્ટાપના રૂ. ૦—૮—૦ લખવામાં આવ્યા છે.

૧ પ્રોસેસ માટે દરેક ઠેકાણે જુદા જુદા રીવાજ છે કેટલેક ઠેકાણે દાવાના આંક ઉપર હોય છે અને કેટલેક ઠેકાણે ગમે તેટલી રકમનો દાવો હોવા છતા સાક્ષી માટે મુકરર પ્રોસેસ કરેલી હોય છે માટે જ્યાંની દાવા અરજી હોય ત્યાં પ્રોસેસ બાબત તપાસ કરી પ્રોસેસ લખવી જોઇએ.

૧ મથાળાં લખવા માટે પ્રકરણ ૨ ઉપર ધ્યાન ખેચી જેમ હોય તેમ લખવુ.

૧ દાવાનું કારણ ઉત્પન્ન થવા સબંધમાં ઘણાં કારણો છે પરતુ ખત કે ખાતામાં કાંઈ બીજી શરત ન હોય તો તે ખત અગર ખાતાની તારીખે દાવાનું કારણ ઉત્પન્ન થયુ કહેવાય માટે દાવાના કારણમાં તે તારીખ નાંખવી.

વીરૂદ્ધ

માંડલના શેઠ મયાચંદ તુલસી	}	પ્રતીવાદી.

દાવો રૂ ૮૫–૦–૦

દાવાનું કારણ સવંત ૧૯૭૦ ના ચૈત્ર સુદી ૨ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુછે.	કમીશન		સ્ટેમ્પથી
	પ્રોસીસ		રજુ છે.

હું વાદી અરજ કરૂછુ કે દાવાવાળા રૂપીઆ પ્રતીવાદીને કહેતાં કહેવરાવતા તે આપતો નથી તેમ કોઈ પણ રીતે તેનો ખુલાશો કરતો નથી જેથી દાવો કરવા ફરજ પડી છે.

આ દાવો સાબીત કરવાને નીચે પ્રમાણે સાક્ષી છે તે તપાસવા મેહેરબાની કરશો.

૧ માંડલના શા. દલસુખ અમથાલાલ ઠે.–સરાફીબજાર.

૨ માડલના ભાવસાર જોઇતા નથુ ઠે–ભાવસાર શેરી.

૩ માંડલના શા. દલીચંદ કસતુર ઠે–વાણીઆના દેરાસર પાસે.

૪ માંડલના પાટીદાર કરસન નાગજી ઠે–કદોઇશેરીમાં.

ઉપરના ચાર સાહેદો પૈકી ન–૧–૨ ના ને કોર્ટ મારફતે બોલાવ-

ટીપ.

૧ સ્માલકોઝ દાવામાં પુરાવો પણ સાથેજ આપવો પડે છે અને તેથી પહેલીજ મુદતે તમામ કેશનો નીકાલ થાય છે. બીજા રેગ્યુલર દાવામા તેમ થતુ નથી પણ દાવો દાખલ કરવા બાદ "મુદ્દા" નીકળવાની તારીખ પડે છે તે દીવસે પ્રતીવાદી પોતાનો જવાબ આપી શકે છે અને તે રજુ થવા બાદ મુદ્દા નીકળે છે અને તે મુદ્દા ઉપરથી જે મુદ્દો જે પક્ષકાર ઉપર સાબીત કરવા જેવો હોય તેને લગતો પુરાવો આપવો પડે છે અને તે પ્રમાણે પુરાવા દરખાશ રજુ થવા બાદ છેવટ નીકાલના ફરી સમન્સ નીકલી કેશનો ગુણ દોશ ઉપર પુરાવો લેવા એ નીકાલ થાય છે.

૧ કેટલેક ઠેકાણે ઉતરતા દરજાની કોર્ટમા સ્માલકોઝ પાવર નથી હોતો અને કેટલેક ઠેકાણે હોય છે વલી જ્યા પાવર હોય છે ત્યાં પણ અમુક રકમના દાવા સ્માલકોઝમાં ચાને તેમ મુકરર થએલ હોય છે માટે તે પ્રમાણે તપાસ કરવો.

૧ કેટલેક ઠેકાણે સ્માલકોઝ કોર્ટજ જુદી હોય છે.

વાના હોવાથી તેની પ્રોસેસ રજુ કરી છે અને નં-૩-૪ ના સાહેદોને જાતે રજુ કરીશું.

હું વાદી દાદ માગું છું કે દાવાવાળા રૂપીઆ કોર્ટ ખરચ સહીત આઠ આનાના ચડતા વ્યાજે એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનું હુકમનામું કરી આપવા તેમજ બીજી જે જે કાયદેસર દાદો અપાવી શકાય તે અપાવવા મેહેરબાની કરશો.

તા. ૨૧-૧૨-૧૪.

૧ **મોહનલાલ જેઠાભાઈ સહી.** દા. ખુદ

હું વાદી ઇકરાર કરૂંછુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૧-૧૨-૧૪.

૧ **વાદી મોહનલાલ જેઠાભાઈ સહી.** દા. ખુદ.

લી. જેઠાલાલ મનસુખ.

અરજી લખનાર.

દાવા અરજી નમુના નંબર. ૩.

ચુકથી વધારે પૈસા અપાએલ હોય તે પાછા મેળવવા કરવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. વીરમગામ મામલતદાર સાહેબની કોર્ટમાં

વીરમગામના શેઠ વાડીલાલ પુરસોતમદાસ
ઠેકાણું પાંજરાપોળમા ઘર નબર. ૧૮૫ } વાદી.

વીરૂદ્ધ.

વીરમગામના સોની. નાગજી પુરસોતમ
ઠે. પારેખપોળના નાકે ઘર નબર ૨૦૫ } પ્રતીવાદી.

દાવો રૂ ૧૩૨-૦-૦ નો

હુ વાદી, વાડીલાલ પુરૂસોતમ અરજ કરૂં છુ કે.

પ્રતીવાદી પાસેથી સોનાની બે કઠીઓ મેં લીધી છે તે બન્નેમા સો ટચનું સોનુ છે એમ પ્રતીવાદીએ કહ્યુ હતુ અને તેથી બે કઠીઓ કે જે ગદીઆણા ૪૪ ચુમાલીશ થઇ હતી તેની કીંમતના રૂપીઆ ગદીઆણા એકે બાર રૂપીઆ પ્રમાણે રૂ ૫૨૮-૦-૦ મે પ્રતીવાદીને ગણીઆપ્યા છે.

પ્રતીવાદીને સદરહુ રૂપીઆ આપ્યા બાદ કઠીઓ બીજા માણસને બતાવતાં કઠીઓનું સોનુ બારવલું હોવાનુ સાબીત થાય છે અને તેથી ગદીઆણા એકે રૂ. ૩-૦-૦ માહારા વધારે પ્રતીવાદી પાસે જવાથી ચુમાલીશ

ગદીઆણાના રૂ ૧૩૨—૦—૦ પ્રતીવાદીએ મહારી પાસેથી વધારે લીધા છે.

સદરહુ બારવલા સોનાની ખબર પડતા સદરહુ રૂ. ૧૩૨ માટે પ્રતીવાદીને પુગ્તી હકીકત સમ્જાવી તે રૂપીઆ એકસો બત્રીસ પ છા આપવા કહેવામાં આવ્યુ પરતુ પ્રતીવાદી તે પ્રમાણે રૂપીઆ આપતો નથી તેમ બીજી કોઇપણ રીતે તેનો નીકાલ કરતો નથી જેથી આ દાવો લાવવા ફરજ પડી છે.

મેં જ્યારે પ્રતીવાદીને નાણા આપ્યા ત્યારે બન્ને કઠીઓમા સોટચનુ ચોખું સોનુ છે એમ સમજીને નાણા આપ્યા છે બારવલુ સોનુ હું સમજ્યો હોતતો પ્રતીવાદીને ગદીઆણાના રૂ ૧૨) પ્રમાણે હુ રૂપીઆ આપોત નહી, પણ બારવલાના ગદીઆણે રૂપીઆ નવ થાય તે ભાવથી આપોત.

આ પ્રમાણે હોવાથી પ્રતીવાદી પાસે માહારા રૂ ૧૩૨—૦—૦ વધારે ગયા છે કે જે પ્રતીવાદીએ તુરત મને પાછા આપી દેવા જોઈએ તે પ્રતીવાદી આપતો નથી તેમ બીજી રીતે નીકાલ કરવા પણ કહેતો નથી.

કઠીઓમા બારવલુ સોનુ છે તેની ખબર મને સવત ૧૯૭૧ ના માગશીર સુદી પ ના રોજ પડી છે ત્યારથી દાવાનુ કારણ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે

કમીશનના રૂ. ત્થા પ્રોસેસના રૂ.
મલી. કુલ રૂ. આ સાથે રજુ છે

હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ દાવાવાલા રૂપીઆ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખર્ચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી અપાવવાનુ હુકમ નામુ કરી આપવા મેહેરબાની કરશો. તેમજ બીજી જે જે કાયદેસર દાદ અપાવી શકાય તે તે અપાવશો

તા. ૨૧—૧૨—૧૯૧૪.

૧ **વાદી વાડીલાલ પુરસોતમ સહી.** દા. ખુદ.

હુ વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરોબર છે તા. ૨૧—૧૨—૧૪

૧ **વાદી વાડીલાલ પુરસોતમ સહી.** દા ખુદ

લી. **નાગજી ઘેલા** અરજી લખનાર

દાવા અરજી નમુના નંબર ૪ अ.

સ્ત્રી કબજે લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સોહોરી થાણદાર સાહેબની દીવાની કોર્ટમા.

ઉંબરી તાબે સીહોરીના શેઠ ન્યાલચદ ચતુરલાલ. } વાદી.

વીરૂદ્ધ

લુણુપુર તાબે સીહોરીના શેઠ દોલચંદ પીતામ્બરની દીકરી ચંદ્રમણી. } પ્રતીવાદી.

દાવો આ કબજે લેવાનો રૂ. ૫—૦—૦ ઉધડ કમીશન ઉપર.

હું વાદી અરજ કરૂ છુ કે.

પ્રતીવાદણ ચંદ્રમણી સાથે મહારૂ કાયદેસર અને અમારા ધર્મ અને નાતના રીવાજ મુજબ ધાર્મીક તમામ ક્રીયાઓ સાથે સંવત. ૧ ૬૩ ની સાલમાં લુણુપુર ગામે લગ્ન થયુ છે

ત્યાર બાદ. પ્રતીવાદણ સં ૧૯૬૫-૬૬-૬૭ અને સં. ૧૯૬૮ એમ ચાર સાલો અંદર ૭૭ મહીના, માહારે ત્યા માહરી ઓરત તરીકે રહી છે અને સંવત ૧૯૬૯ ની સાલમા તેડવા જતાં તે આવી નથી.

સંવત ૧૯૬૯ ની સાલથી આજસુધી પ્રતીવાદણને કહેતાં કહેવરાવતાં તે માહારે ઘરે આવતી નથી જેથી દાવો કરવા ફરજ પડી છે.

સંવત ૧૯૬૯ ના ચૈત્ર સુદી ૨ ના રોજ પ્રથમ તેડવા જતાં તે આવી નહી અને ત્યારથી તેણે આવવા ના કહી તેથી સંવત ૧૯૬૯ ના ચૈત્ર સુદી ૨ ના રોજ દાવાનુ કારણ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

કમીશનના રૂ. પ્રોસેસના રૂ.

મલી કુલ રૂ આ સાથે રજુ છે.

હું વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદણ માહારા ઘેર આવે અને માહારા કબજે રહી માહારી ઓરત તરીકે લગ્નના દરેક હક પુરા કરી આપે તેવી રીતે હુકમ ફરમાવવા તેમજ કોર્ટ ખરચ અને બીજુ જે જે ખરચ થાય તે પ્રતીવાદણ પાસેથી અપાવવા અને ઓરતનો કબજો મલે તેવુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવવી યોગ્ય લાગે તે અપાવશો તા ૨૧—૧૨—૧૯૧૪

૧ **વાદી ન્યાલચંદ ચતુરલાલ સહી.** દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છું કે સદરહુ દાવાઅરજીમાં લખેલ મજકુર માહારા જાણુવા અને માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૧—૧૨—૧૯૧૪

૧ **વાદી ન્યાલચંદ ચતુરલાલ સહી.** દા. ખુદ.

લી. **અમથાલાલ ગણુપત** મુખ્તીઆર,

ટીપ.

આ કબજે લેવાના દાવામાં કમીશનની રકમ ઉધડ હોય છે માટે જ્યાં જેટલી રકમ ઉધડ હોય ત્યાં તે રકમ લખવી.

દાવા અરજી નમુના નંબર ૪. બ.

ઓી કબજે લેવાની દાવા અરજનો બીજો નમુનો.

આજમ મેહેરબાન વીરમગામ. મામલતદાર સાહેબની દીવાની કોર્ટમાં.

વીરમગામના સોની અમરતલાલ વાડીલાલ.	વાદી.
વીરૂદ્ધ.	
વીરમગામની સોનારણુ જ્યાલક્ષ્મી ગણુપત ત્યા સોની ગણુપત અમથાલાલ ત્યા સોની રતીલાલ ગણુપત.	પ્રતીવાદી.

દાવો ઓી કબજે લેવાનો રૂ. ૫—૦—૦ ના કમીશન ઉપર

હુ વાદી અરજ કરૂ છુ કે.

પ્રતીવાદણુ જ્યાલક્ષ્મી મહારી પરણેત કાયદેસર ઓરત છે અને નં. ૨ નો પ્રતીવાદી માહારો સસરો છે અને ન. ૩ નો પ્રતીવાદી મહારો સાળો છે

પ્રતીવાદણુ જ્યાલક્ષ્મી સાથે અમારા નાતના રીવાજ પ્રમાણે તમામ ધાર્મીક ક્રીયાઓ સાથે માહારા કાયદેસર લગ્ન સવત ૧૯૬૧ ના માગસર માશમાં વીરમગામ ગામે થયા છે અને પ્રતીવાદણુ ત્યાર બાદ મહારે ઘરે માહારી ઓરત દર જે હમેશાં આવતી જતી હતી છેવટ તે પ્રમાણે પ્રતી-વાદણુ સવત ૧૯૬૯ ના પોષ માસ સુધી માહારે ત્યાં બૈરી તરીકે આવી છે અને રહી છે.

પરતુ ન. ૨—૩ ના પ્રતીવાદીઓની ઉશ્કેરણીથી પ્રતીવાદણુ નં. ૧ ની માહારે ત્યા આવતી નથી.

સ. ૧૯૭૦ ના ચૈત્ર સુદી ૨ ના રોજ પ્રતીવાદણુને હુ તેડવા ગયો અને ઘણીજ સમજુત સાથે માહારે ત્યાં આવવા કહેવામાં આવ્યું પણ પ્રતીવાદણુ આવી નહીં અને ન. ૨—૩ ના પ્રતીવાદીઓએ મોકલી નહીં પરતુ માહારી સાથે તકરાર કરવા તૈયાર થઇ મને ત્યાથી કાઢી મુંકયો અને ન. ૧ ની પ્રતીવાદણુને અમો મોકલી શુ નહીં એ પ્રમાણે ના મત-લબના ઘણુા જવાબો આપ્યા જેથી આ દાવો લાવવા ફરજ પડી છે.

સ. ૧૯૭૦ ના ચૈત્ર સુદી ૨ ના રોજ નં. ૧ ની પ્રતીવાદણે આવ-વા ના પાડી અને નં. ૨—૩ ના પ્રતીવાદીએ મોકલવા ના પાડી ત્યારથી એટલે સં, ૧૯૭૦ ના ચૈત્ર સુદી ૨ ના રોજ દાવાનુ કારણુ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયું છે

કમીશનના રૂ. ત્યા પ્રોસેસના રૂ.

મળી કુલ રૂ. આ સાથે રજુ છે.

હું વાદી દાદ માગું છું કે કોર્ટ ખરચ તેમજ બીજું જે જે ખરચ થાય તે પ્રતીવાદીઓ પાસેથી અપાવવા અને પ્રતીવાદણ નં. ૧ નો કબજો સોપાવવા તેમજ નં. ૨-૩ ના પ્રતીવાદીઓ હરકત કરે નહીં અને નં. ૧ની પ્રતીવાદણ માહારે કબજે રહી લગ્નના હક પુરા કરી આપે તેવુ હુકમ નામું કરી આપવા મહેરબાની કરશો તેમજ બીજી જે જે કાયદેસર દાદ અપાવી શકાય તે અપાવવા મે કરશો તા. ૨૧-૧૨-૧૯૧૪.

૧ વાદી અમૃતલાલ વાડીલાલ સહી. દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૧-૧૨-૧૪.

૧ વાદી અમરતલાલ વાડીલાલ સહી. દા. ખુદ.

લી. નથુ મનછા વકીલ.

દાવા અરજી નમુના નંબર ૪ ક.

ઓી કબજે લેવાની દાવા અરજીનો ત્રીજો નમુનો.

આજમ મેહેરબાન રાધપુર મુનસીફ સાહેબની કોર્ટમાં.

રાધનપુના પઠાણ નસીબખાન જહાંગીરખાન વીરૂધ.	વાદી
રાધપુરની સીપાયણ અક્કલબી નુર ૧ ત્થા રાધનપુરના સેખ નુર ૨ સેબાજ ત્થા સેખ અબદલા નુર ૩.	પ્રતીવાદી

દાવો ઓરત કબજે લેવાનો રૂ. ૫-૦-૦ કમીશન ઉપર.

હુ વાદી અરજ કરૂ છુ કે નં. ૧ ની પ્રતીવાદણ માહારી સાદી કરેલ ઓરત છે અને ન. ૨ નો પ્રતીવાદી માહારો સસરો છે અને નં. ૩ નો પ્રતીવાદી માહારો સાળો થાય છે.

ન. ૧ ની પ્રતીવાદણ અક્કલબી સાથે માહારી સાદી મુસલમાની સરેહ મુજબ તેમજ અમારી નાતના રીવાજ મુજબ સં. ૧૯૬૭ ની સાલમાં રાધનપુર ગામે થઇ છે અને ત્યારથીજ અક્કલબી માહારી સાથે ઓરત તરીકે સં. ૧૯૭૦ ના વૈસાક સુદી ૨ સુધી રહી છે.

સં. ૧૯૭૦ ના વૈસાક સુદી ૨ ના રોજ નં. ૨-૩ નાપ્રતીવાદીઓ નં. ૧ ની પ્રતીવાદણને મારે ત્યાંથી લઇ ગયા અને સ. ૧૯૭૦ ના અસાડ સુદ ૨ ના રોજ ન. ૧ ની પ્રતીવાદીણને બોલાવવા જતાં તેણે માહારે ત્યાં આવવાને ના કહી તેમજ નં. ૨-૩ ના પ્રતીવાદીઓએ મોકલી નહી. અને મોકલીશુ નહી. એમ ના કહી જેથી દાવો કરવા ફરજ પડી છે.

પ્રતીવાદી નં. ૨-૩ નો ઇરાદો માહારે ત્યાં મોકલવાનો નથી અને તેથી નં. ૧ ની પ્રતીવાદણુ કે જે માહારી કાયદેસર ઓરત છે તેને ખોટી રીતે ઉશ્કેરી માહારૂં ઘર ભંગાવવાનો છે.

પ્રતીવાદી નં. ૨-૩ નાને કહેતા કહેવરાવતાં કોઇપણુ રીતે માહારી ઓરતને મોકલતા નથી તેમ પ્રતીવાદણુ નં. ૧ નીને કહેતાં કહેવરાવતાં તે માહરે ત્યાં આવતી નથી.

સ. ૧૯૭૦ ના અસાડ સુદી ૨ ના રોજ પ્રતીવાદણે આવવાની ના કહી અને ન. ૨-૩ ના પ્રતીવાદીએ મોકલી નહી જેથી સં. ૧૯૭૦ ના અસાડ સુદી ૨ ના રોજ દાવાનુ કારણુ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયું છે.

કમીશનના રૂ. ત્થા પ્રોસેસના રૂ.
મળી કુલ રૂ. આ સાથે રજુ છે.

હુ વાદી દાદ માગુ છું કે કોર્ટ ખરચ તેમજ બીજું જે ખરચ થાય તે તે પ્રતીવાદીઓ પાસેથી અપાવવા અને પ્રતીવાદણુ ન. ૧ નો કબજો સોંપાવવા તેમજ નં. ૨-૩ ના પ્રતીવાદીઓ હરકત કરે નહીં અને નં. ૧ ની પ્રતીવાદણુને કબજે સોપે અને નં. ૧ ની પ્રતીવાદણુ માહારે કબજે રહી સાદીંના હક પુરા કરી આપે તેવુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે તમામ અપાવશો તા. ૨૧-૧૨-૧૯૧૪.

૧ વાદી પઠાણુ નશીબખાન જહાંગીરખાન સહી. દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂં છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૨૧-૧૨-૧૯૧૪.

૧ વાદી પઠાણુ નસીબખાન જહાંગીરખાન સહી. દા. ખુદ.

લી. **અમૃતલાલ વાડીલાલ.** અરજી લખનાર.

દાવા અરજી નમુના નંબર. ૫.

સ્થાવર મીલકત ગીરો છોડાવવાની દાવા અરજી,

આજમ મેહેરબાન રાધનપુર મુનસીફ સાહેબની કોર્ટમાં.

રાધનપુરના લુવાર પાનાચદ જેઠા. } વાદી.
વીરૂધ.

રાધનપુરના શેઠ મોહનલાલ રતીલાલ. } પ્રતીવાદી.

દાવો ગીરો મુકેલઘરનો કબજો છોડાવી તેનો કબજો લેવા બાબત રૂ. ૨૫૦-૦-૦ ના કમીશન ઉપર.

હું વાદી અરજ કરૂં છુ કે હું ગીરો આપનાર છું અને પ્રતીવાદી તે ઘર ગીરો તરીકે રાખનાર છે.

દાવાવાળા ઘરની ચતુ઼ સીમા નીચે મુજબ છે.

૧ પૂર્વ તરફ બારણું છે જે સરીઆમ રસ્તામાં ધાન બજારમાં પડે છે.

૨ દક્ષીણ તરફ રાધનપુરના શેઠ દલસુખ પાનાચંદના ઘરના કરા સાથે દાવાવાળા ઘરનો કરો સીહારો છે.

૩ પશ્ચીમ તરફની પછીત શેઠ પીતામ્બર ન્યાલચંદના ઘરની પછીત પછવાડે વાડામા પડે છે.

૪ ઉત્તર તરફનો કરો દાવાવાળા ઘરનો સ્વાંગ છે અને તે ખંભાર નથુ અમીચંદના ઘર સાથે જોડાએલ છે.

૫ દાવાવાળુ મકાન ધાન બજારમાં આવેલ છે અને તેમાં હાલ પ્રતીવાદી તરફથી ધાંચી રતના લલુ ભાડે રહે છે

ગીરોની વીગત નીચે પ્રમાણે છે.

अ. સંવત ૧૯૬૨ ની સાલમા પાંચ વરસની બંધીથી દાવાવાળું મકાન ગીરો કબજા સાથે આપેલ છે.

ब ગીરો આપનાર લુવાર પાનાચંદ જેઠા અને ગીરો રાખનાર શેઠ મોહન રતીલાલનાં નામો દસ્તાવેજમાં છે.

क. ગીરો રૂ. ૨૫૦—૦-૦ માં છે

ड. ગીરોવાલી રકમ ઉપર આઠ આના વ્યાજ ચડે છે અને ગીરોવાળા મકાનનુ દર વરસે પંદર રૂપીઆ ભાડું ઠરાવ્યુ છે એવા કરારથી દાવાવાળું મકાન ગીરોના હકથી પ્રતીવાદીના કબજામાં છે.

ई. ઉપર બતાવેલ ચતુ. સીમાવાળું મકાન ગીરો આપેલ છે.

પ્રતીવાદીને ગીરોમાં બતાવેલી રકમ તેમજ ભાડું કાપતાં બાકી જે રકમ માહારી પાસે લેહેણી નીકલે તે તમામ રકમ લઇ પ્રતીવાદી પાસે જઇ ગીરોવાળા દાવાવાળા મકાનનો કબજો સોપવા અને પ્રતીવાદીનું જે લેહેણું નીકલે તે લેવા કહેતાં કહેવરાવતાં પ્રતીવાદી તે પ્રમાણે કરતો નથી તેમ પોતાની જે લેહેણી રકમ નીકલે તે લેતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

સંવત ૧૯૭૦ ના અસાડ સુદી ૨ ના રોજ પ્રતીવાદીની લહેણી નીકળતી રકમ આપવા અને ઘરનો કબજો લેવા ગએલ પણ પ્રતીવાદીએ પોતાની લેહેણી રકમ લીધી નહીં અને ઘરનો કબજો સોંપ્યો નહીં ત્યારથી

એટલે સં. ૧૯૭૦ ના અસાડ સુદી ૨ ના રોજથી દાવાનું કારણ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

કમીશનના રૂ. ત્થા સ્ટાંપના રૂ.
ત્થા પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

પ્રતીવાદી પોતાનો હીસાબ રજુ કરેથી અને કોર્ટમાં રજુવાતે માહરા પાસે પ્રતીવાદીની જે રકમ લેહેણી નીકળશે તે કોર્ટ ફરમાવશે તે વખતે રજુ કરવા તૈયાર છુ.

જેથી હું વાદી દાદ માગું છુ કે પ્રતીવાદી પોતાની લેહેણી રકમ નકી થાય તે લઈ દાવામાં બતાવેલ મકાનનો કબજો પ્રતીવાદી મને સોંપે તેમજ કોર્ટ ખરચ વીગેરે જે જે ખરચ થાય તે તમામ પ્રતીવાદી પાસેથી પ્રતીવાદીની જાત અને હરેક મીલકતથી લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ અપાવી શકાય તે તમામ દાદ કાયદા પ્રમાણે મલવા જેવી હોય તે અપાવશો તારીખ ૨૨–૧૨–૧૯૧૪.

૧ **લુવાર પાનાચંદ જેઠા સહી.** દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવાઅરજીમાં લખેલ મજકુર મહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૨૨–૧૨–૧૯૧૪.

૧ **લુવાર પાનાચંદ જેઠા સહી.** દા ખુદ.

લી. **રતીલાલ ધર્મચંદ** વકીલ

ટીપ.

મથાળા પ્રકરણુ ૨ ઉપર ધ્યાન ખેચી જે પ્રમાણે હકીકત હોય તે પ્રમાણે વાદી પ્રતીવાદીનાં નામો લખવા.

પ્રકરણુ ૧ પ્રમાણે જે કોર્ટમાં દાવો આપવાનો હોય તે પ્રમાણે કોર્ટનું હેડીંગ લખવુ.

દાવા અરજી નમુના નંબર ૭.

સ્થાવર ગીરો છોડાવવાનો હક બંધ કરાવવાની અગર વેચાવવા સબંધીની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

કટોસણુના શેઠ કસ્તુર અમથાલાલ ગુજરેલના વારસ પુત્ર મોહનલાલ કસ્તુર } વાદી.

વીરૂધ.

કટોશણના પાટીદાર પાનાચંદ માણેકલાલ ગુજરેલના વારસ પુત્ર જેઠા પાનાચંદ. } પ્રતીવાદી.

દાવો ગીરો છોડાવવાનો હક બંધ કરાવવા અગર ગીરો મીલકત વેચાવી નાણું અપાવા રૂ. ૪૫૦-૦-૦ ના કમીશન ઉપર

હું વાદી અરજ કરૂં છું કે

પ્રતીવાદી પાસેનું ખેતર કટોશણની સીમનું વીઘા ૧૨ નું કુવાવાળા નામથી ઓળખાતું મેં ગીરો રાખેલ છે અને પ્રતીવાદીએ તે પ્રમાણેનું સદરહુ ખેતર મને કબજાગીરો આપેલ છે.

ખેતરની ચતુઃ સીમા નીચે પ્રમાણે છે.

પૂર્વ તરફ કટોશણના બ્રાહ્મણ નથુરામ ગગારામનું ખેતર છે.

દક્ષીણ તરફ કટોશણના માળી રામા બેચરનું ખેતર છે,

પશ્ચીમ તરફ પડતળ જમીન છે અને જે ગોચર નામથી ઓળખાય છે.

ઉત્તર તરફ કટોશણના પાટીદાર મેઘરાજ રામજીનું ખેતર છે.

ગીરોની હકીકત નીચે પ્રમાણે છે.

अ. સંવત ૧૯૫૬ ના વૈસાક સુદી ૭ ના રોજ કબજા ગીરો અપાએલ છે અને તે તારીખે દસ્તાવેજ રજીષ્ટર થએલ છે.

ब. કબજાગીરો મુકનાર પ્રતીવાદીના બાપ પાનાચંદ માણેકલાલ છે અને ગીરો રાખનાર વાદીના બાપ કસતુર અમથાલાલ છે.

क. રૂ. ૪૫૦-૦-૦ માં ગીરો છે

ड. રૂપીઆનું વ્યાજ નથી અને રૂપીઆ પ્રતીવાદી આપે નહી. ત્યાં સુધી ખેતર વવરાવી મોલખાવાનો હક વ્યાજના બદલામાં વાદીને આપેલ છે.

इ. ગીરોની મીલકત ઉપર બતાવેલ ચતુઃસીમાવાળું ખેતર છે.

फ. વ્યાજ નહી હોવાથી તેમ બીજું ખરચ ખેતર પાછળ નવું નહીં થવાથી હાલ લેહેણી રકમ રૂ. ૪૫૦-૦-૦ છે.

ग. ખેતર કે જેના માટે દાવો કરવામાં આવેલ છે તે માહરા બાપે રાખેલ છે માહારા બાપ સં. ૧૯૬૬ ના જેઠ સુદી ૪ ના રોજ મરણ પામ્યા છે અને તેમની તમામ મીલકતનો વારસ હું એકજ છું કારણ કે માહારે બીજો ભાઇ નથી જેથી હું એકલો આ દાવો લાવ્યો છું.

ब. ખેતર દાવાવાળું હાલમાં માહારી પાસે કબજા ગીરો છે.

જ્યારથી દાવાવાળું ખેતર કબજાગીરે રાખવામાં આવ્યું છે ત્યારથી એટલે સં ૧૯૫૬ના વૈશાક સુદી ૭ થી આજ દીવસ સુધીનો પ્રતીવાદી જે જે હીસાબ માગે તે હીસાબ આપવાને તૈઆર છું.

પાંચ વરસની બધીથી દાવાવાળું ખેતર કબજાગીરે આપેલ છે અને તેથી સં. ૧૯૬૧ ના વૈસાક સુદી ૭ ના રોજ વાદીના રૂપીઆ આપી ખેતર છોડાવી લેવુ જોઇતુ હતુ પરતુ તે પ્રમાણે નહીં છોડાવનાથી આ દાવો કરવા ફરજ પડી છે.

સવત ૧૯૬૭ ના અસાડ સુદી ૫ ના રોજ પ્રતીવાદી પાસે કબજાગીરો ઉપરના લેહેણા રૂપીઆ માગ્યા અને ગીરો મીલકત પ્રતીવાદીને સોંપવા કહેવામાં આવ્યુ પરતુ તે પ્રમાણે પ્રતીવાદીએ નાણાં આપ્યાં નહી. તેમ બીજી રીતે કાંઇ પણ ખુલાશો કર્યો નહીં કે ખુલાશો કરવા કહ્યું નહીં જેથી પ્રતીવાદી સામે દાવો લાવવામાં આવ્યો છે.

દાવાનું કારણ સં. ૧૯૬૧ ના વૈસાક સુદી ૭ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

કમીશના રૂ ત્થા પ્રોસેસના રૂા.

મળી કુલ રૂા. આ સાથે રજુ છે.

હું વાદી દાદ માગુ છુ કે માહારા લેહેણા પૈસા અપાવો તેમ ન થાય તો ગીરો મીલકત વેચાવીને નાણા અપાવો અથવા પ્રતીવાદીનો ગીરો છોડાવવાનો હક બધ કરો.

વેચાણની રકમ વાદીની લેહીણી રકમ પુરતી ભરપાઇ થવા જેટલી નથી એમ માલુમ પડે ટો વાદીને બાકીની રકમનુ હુકમનાસુ કરી આપવા મેહેરબાની કરશો. અગર બાકી રહેતી રકમ માટે દાવો લાવવાની પરવાનગી આપશો.

સીવીલ પ્રોસીઝર, ઓર્ડર. ૩૪ ની કાનુન ૬ પ્રમાણે જે જે દાદ મળી શક્તી હોય તે તેમજ કાયદા પ્રમાણે જે જે દાદો મલી શકે તે તમામ અપાવવાની સાથે કોર્ટ ખરચ અને બીજુ પ્રતીવાદીથી કસુરને લઇ ને જે જે નુકશાન થયુ હોય એમ જણાય તેનુ હુકમનામુ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ કરી આપવા મેહેરબાની ફરમાવશો

તારીખ ૨૪–૧૨–૧૯૧૪

૧ વાદી શેઠ મોહનલાલ કસતુર સહી. દા. ખુદ.

હું વાદી ઈકરાર કરૂ છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે.

તારીખ ૨૩–૧૨–૧૯૧૪

૧ વાદી શેઠ મોહનલાલ કસ્તુર સહી. દા, ખુદ.

લી. **રતીલાલ પ્રાણવલભ** વકીલ.

દાવા અરજી નમુના નંબર. ૬ ૩.

સ્થાવર મીલકત સાનગીરો હોય તે કબજે લેવાની અગર વેચાવી નાણું લેવાની દાવા અરજી

આજમ. મેહેરબાન. સાહેબની કોર્ટમાં

વીરમગામના શા. માણેકલાલ મોતીલાલ. } વાદી

વીરૂધ.

વીરમગામના. પાટીદાર દયાળજી પુરશોતમ. } પ્રતીવાદી.

દાવો સાનગીરો મીલકત કબજે લેવા. અથવા તે વેચાવી નાણું લેવાં.

રૂા. ૪૩૨—૦—૦ ના કમીશન ઉપર

હું વાદી અરજ કરૂ છું કે

પ્રતીવાદીનુ ઘર એક જડતળ વગરનુ સુથાર ફળીઆમા આવેલ છે તે હુ સાનગીરો રાખનાર છુ અને પ્રતીવાદી તે પ્રમાણેનું ઘર સાનગીરો આપનાર છે.

ઘરની ચતુ: સીમા નીચે પ્રમાણે છે.

દાવાવાળું ઘર સુથાર ફળીઆમાં માહાદેવના દેરા પાસે આવેલ છે.

ઘરનુ પૂર્વ તરફ બારણુ છે અને સામે વીરમગામના ઐાદીચ્ય બ્રાહ્મણ જોષી આત્મારામ રેવાશંકરનું ઘર છે.

દક્ષીણુ તરફનો ઘરનો કરો વીરમગામના મોઢ બ્રાહ્મણ વ્રજલાલ ઉમીઆશંકરના કરા સાથે સીહારો છે.

પશ્ચીમ તરફ પછીત વીરમગામના પાટીદાર નથુરામ જેશંકરના ચોકમાં પડે છે.

ઉત્તર તરફનો કરો વીરમગામના શેઠ અમુલખ ન્યાલચંદના ઘરના કરા સાથે સીહારો છે.

આ ઘરને ખંડ બે છે અને બહાર ઓટલો છે અને તે જડતળ વગરનું છે.

ગીરોની હકીકત નીંચે પ્રમાણે છે.

અ સંવત ૧૯૬૨ ના પોષ સુદી ૭ ના રોજ સાન ગીરોનો દસ્તાવેજ રજીષ્ટર્ડ થયો છે અને ત્યારથી દાવાવાળું મકાન સાનગીરો અપાએલ છે.

घ સાનગીરો આપનાર ખુદ પ્રતીવાદી છે અને સાનગીરો રાખનાર હું વાદી છું

क સાનગીરો ઉપર રૂ ૩૩૨—૦—૦ આપેલા છે.

ट ગીરોવાળી રકમ ઉપર દરમાશે દર સેંકડે આઠ આનાનું વ્યાજ લેવાની શરત છે તે પ્રમાણે વ્યાજ પ્રતીવાદી ઉપર ચડે છે.

ई ગીરો મીલકત. ઉપર જે ચતુઃ સીમા બતાવેલ છે તે મકાન (ઘર) છે.

फ હાલ લેહેણી રકમ. રૂ ૪૩૨—૦—૦ પ્રતીવાદી પાસે નીકળે છે.

ग હાલ સદરહુ મકાન પ્રતીવાદી એ એક કુભાર જેનું નામ પરસોતમ જેઠા છે તેને ભાડે આપેલ છે. ભાડવાત તરીકે કબજો તેથી પુરસોતમનો છે બાકી કબજો પ્રતીવાદીનો છે.

સંવત—૧૯૬૨ ના પોષ સુદી ૭ થી આજ દીવસ સુધીનો પ્રતીવાદી જે જે હીસાબ માગશે, તે તે તમામ આપવા તૈયાર છું

સદરહુ ગીરો ઉપર આપેલ રૂપીઆ વ્યાજ સાથે પાંચ વરસ પુરાં થએ એટલે સ. ૧૯૬૭ ના પોષ સુદી ૭ ના રોજ આપવાની શરત હતી છતાં તે મુદતે પ્રતીવાદીએ લેહેણી રકમ તેમજ કાંઇપણ રકમ આપી નથી તેમ કહેતાં કહેવરાવતાં લેહેણી રકમ આપતો નથી તેમ તેનો કાંઇપિણ ખુલાશો પણ કરતો નથી જેથી દાવો લાવવા ફરજ પડી છે.

દાવાનું કારણ સં. ૧૯૬૭ ના પોષ સુદી ૭ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

કમીશનના રૂ, ત્યા પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ. આ સાથે છે.

હું વાદી દાદ માગું છુ કે માહારી લેહેણી રકમ જે સાબીત થાય તેમને પ્રતીવાદી પાસેથી અપાવો તેમ ન થાય તો ગીરો મીલકત વેચાવીને માહારૂ પુરતું લેહેણું અપાવો અથવા સાનગીરો વાળુ મકાન (ઘર) પ્રતીવાદી પાસેથી ખાલી કરાવી તેનો કબજો મને સોંપાવો અને કબજા ગીરોના હકથી માહારા કબજામાં રહેવાનુ અને તેનો ઉપભોગ કરવાનું તેમજ ભાડું વીગેરે ઉત્પન લેવાનું હુકમનામું મને કરી આપો.

આન ગીરોવાળું મકાન વેચાણ કરવામાં આવે અને માહારી લેહેણી રકમ જેટલી રકમ વેચાણની ઉપજે નહીં તો વેચાણની રકમ મને અપાવી બાકી રહેલી રકમનું કોર્ટ ખરચ સહીત આઠ આનાના ચડતા વ્યાજે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમ નામું કરી આપવા મેહેરબાની ફરમાવશો અગર ખુટતી રકમ માટે દાવો લાવવા પરવાનગી આપશો.

સી. પ્રો. ઓ. ૩૪ ની કાનુ નં. ૬ પ્રમાણે જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે તે તમામ દાદો અપાવવા મેહેરબાની કરશો તા.

૧ **વાદી શા. માણેકલાલ મોતીલાલ સહી.** દા. ખુદ.

હું વાદી ખકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે.

૧ **વાદી શા. માણેકલાલ મોતીલાલ સહી.** દા. ખુદ.

લી. રતીલાલ પ્રાણલાલજી વકીલ.

દાવા અરજી નમુના નંબર ૭.

નકી કીમત કરીને માલ વેચેલ હોય તેનાં નાણાં લેવાની દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં,

વાદી.

વીરમગામના ઠકર જમનાલાલ બેચર મરણ પામેલ તેના મૃત્યુ પત્ર ચલાવનાર મરનારના ભાઈ લક્ષ્મીચંદ. બેચર.

પ્રતીવાદી.

વીરમગામના પાટીદાર માણેકલાલ રતનલાલ.

દાવો વેચેલ માલના રૂ.૧૨૫—૦—૦ લેવા બાબત.

હું વાદી અરજ કરૂ છું કે.

૧ સંવત. ૧૯૭૧ ના કારતક સુદી ૧૧ ગુરૂવાર તા—૨૯—૧૦—૧૪ ના રોજ ઠકર જમનાલાલ બેચરે પ્રતીવાદીને ચાલીશમણ ગોળ વેચીને સ્વાધીન કરેલ છે,

૨ સદરહુ ગોળ વેચીને સ્વાધીન કરવામાં આવે એટલેતા. ૭—૧૧—૧૪ ના રોજ નાણાં આપવાનું પ્રતીવાદીએ વચન આપ્યું છે.

૩ ગોળ મણ એક ઉપર રૂ. ૩—૨—૦ ના ભાવથી ચાલીશ મણ ગોળની કીમત. રૂ. ૧૨૫—૦—૦ પ્રતીવાદીએ આપવા નકી ઠરાવેલા છે,

૪ પ્રતીવાદીએ સદરહુ લેહેણી રકમ આપી નથી તેમ તે બાબત કાંઇ ખુલાશો પણ કરતો નથી જેથી દાવો લાવવા ફરજ પડી છે.

૫ તા. ૨-૧૨-૧૯૧૪ ના રોજ જમનાલાલ બેચર મરણ પામેલ છે અને તેણે પોતાના છેવટના મૃત્યુ પત્ર ઉપરથી પોતાના ભાઇને એટલે મને મૃત્યુ પત્ર ચલાવનાર નીમ્યો છે.

૬ પ્રતીવાદીને વેચેલ ગોળ મણ ચાલીશનાં નાણાં પ્રતીવાદી આપતો નથી તેમજ તે બાબત કાંઇ ખુલાશો પણ કરતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે.

૭ દાવાનુ કારણ તા. ૭-૧૧-૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

કમીશનના રૂ. | પ્રોસેસના રૂ
મળી કુલ રૂા. | આ સાથે છે.

૮ મરનાર ઠકર જમનાલાલ બેચરનો મૃત્યુ પત્ર ચલાવનાર તરીકે હું વાદી દાદ માગુ છું કે—સદરહુ લેહેણા રૂપીઆ કોર્ટ ખરચ સહીત ચડતા વ્યાજે એકી વખતે પ્રતીવાદી પાસેથી તેની જાત અને હરેક મીલકતથી લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો.

તારીખ. ૨૪-૧૨-૧૯૧૪

૧ વાદી લક્ષ્મીચંદ ઈશ્વર સહી. દા. ખુદ.

હુ વાદી ઈકરાર કરૂ છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે,

તારીખ ૨૪-૧૨-૧૯૧૪

૧ વાદી લક્ષ્મીચંદ બેચર સહી દા. ખુદ.

લી. **રતીલાલ પ્રાણવલ્લભ વકીલ.**

ટીપ.

ઘણો માલ વેચવામા આવ્યો હોય તો દાવા અરજીમાં તમામ માલ નહીં લખતાં દાવા અરજી સાથે માલ અને તેની કીમત સાથે લી ્દાવા અરજી સાથે રાખવુ.

દાવા અરજી નમુના નંબર. ૮.

કીમત નકી કર્યા વગર માલ વેચીને સ્વાધીન કર્યો હોય ત્યારે તેનાં નાણાં લેવાની દાવા અરજી

આજમ મેહેરબાન | સાહેબની કોર્ટમાં

પાલણપુરના મેહેતા. વાડીલાલ મોહનલાલ } વાદી

વીરૂધ.

ણપુરના ઠક્કર જેઠાલાલ પીતામ્બર } પ્રતીવાદી

દાવો વેચેલ માલનાં નાણાં રૂ ૨૮૫—૦—૦ લેવા બાબત

વાદી અરજ કરૂં છું કે

તા. ૧૨—૧૦—૧૯૧૪ ના રોજ આ સાથે રાખેલ લીષ્ટમાં બતાવેલ વીગતનો અને કીમત વાળો માલ વેચીને પ્રતીવાદીને સ્વાધીન કરેલ છે પરતુ કીમત બાબત કાંઇ વાતચીત થઇ નથી તેથી કીમત માટે સ્પષ્ટ કરાર કાંઇ થયો નથી.

લીષ્ટમાં લખેલ વીગત પ્રમાણે વ્યાજબી અને બજાર ભાવે નકી કીમત રૂ ૨૮૫—૦—૦ થાય છે.

તેની કીમત. પ્રતીવાદીએ આપી નથી તેમ તે પૈકી કાંઇપણ પ્રતીવાદીએ રકમ ભરી નથી તેમ તે બાબતનો ખુલાશો પણ પ્રતીવાદી કરતો નથી જેથી દાવો લાવવા ફરજ પડી છે

આંહીના સાહુકારી રીવાજ પ્રમાણે માલ પ્રતીવાદીને સ્વાધીન થયા પછી અઠવાડીએ નાણાં આપવાં જોઇએ તે પ્રમાણે તા. ૨૦—૧૦—૧૯૧૪ ના રોજ નાણાં પ્રતીવાદીએ આપવાં જોઇતા હતા પણ આપ્યાં નથી.

દાવાનું કારણ તા ૧૨—૧૦—૧૯૧૪ ના રોજ ઉત્પન આ કોર્ટની હકુમતમાં થયુ છે.

કમીશનના રૂ. પ્રોસેસના રૂ.

મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

હું વાદી દાદ માગું છું કે સદરહુ દાવાવાલી લેહેણી રકમના રૂપીઆ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદી પાસેથી તેની જાત અને દરેક મીલકતથી દેવાનું હુકમનામું કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદો કાયદા પ્રમાણે મલી શકતી હોય તે તમામ અપાવશો. તા.૨૪-૧૨-૧૯૧૪

વાદી મેહેતા. વાડીલાલ મોહનલાલ સહી. દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૨૪—૧૨—૧૯૧૪.

વાદી મેહેતા વાડીલાલ મોહનલાલ સહી. દા ખુદ.

લખનાર **મણીલાલ અમૃતલાલ** અરજી લખ ાર.

નંબર ૮ ની દાવા અરજી સાથે રાખવાનુ લીષ્ટ.

વાદી.

પાલણપુરના મેહેતા વાડીલાલ મોહનલાલ.

પ્રતીવાદી.

પાલણપુરના ઠક્કર જેઠાલાલ પીતામ્બર

દાવો રૂ. ૨૮૫–૦–૦ મલવાનો.

હું વાદી અરજ કરૂ છું કે પ્રતીવાદીને સ્વાધીન કરેલ માલનું લીષ્ટ નીચે પ્રમાણે છે.

૭૦–૦–૦ ગોળ મણ ૨૦) મણ એકના રૂ. ૩–૮–૦ પ્રમાણે.
૪૦–૦–૦ ચોખા મણ ૧૦) જુની વાસીના મણ એકના રૂ ૪)
૮૪–૦–૦ સુરતી તુવરની દાળ મણ ૨૮ મણ એકના રૂ ૩) પ્રમાણે.
૧૦–૦–૦ પીપરામુલ મણ ૦ાા મણ એકના રૂ ૨૦) ના ભાવથી.
૨૪–૦–૦ સુંઠ મણ ૧ાા મણ એકના રૂ ૧૬ ભાવથી.
૫૭–૦–૦ તીખાંમણ ૨ અને શેર ૩૪ મણ એકના રૂ ૨૦)

કુલ રૂ. ૨૮૫

તા. ૨૪–૧૨–૧૯૧૪.

રજુ કરનાર વાદી.

૧ મેહેતા વાડીલાલ મોહન સહી દા. ખુદ.

દાવા અરજી નમુના નંબર. ૯.

જળપેલ માલ મુદતે નહીં મલવાથી તેની કીંમતનાં નાણાં લેવાની દાવા અરજી

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

મેહેસાણાના શેઠ અમૃતલાલ પોપટલાલ } વાદી.

વીરૂદ્ધ.

માંડલના શા. મનસુખ મગનલાલ
દાવો રૂ ૫૪૦–૦–૦ મલવા બાબત. } પ્રતીવાદી

હું વાદી અરજ કરૂં છું કે.

૧ સંવત. ૧૯૭૦ ના પોષ સુદી ૨ ના રોજ પ્રતીવાદીએ સકાલી આંમણ ૨૧૬) બસોહો સોળ. મણ એકના રૂપીઆ બેના ભાવથી સંવત ૧૯૭૦ ના જેઠ સુદી ૨ ના રોજ મને સ્વાધીન કરવાનો કરાર

કરેલ કરાર કરેલ તે બાબતના દસ્તાવેજની નકલ આ સાથે છે જે સામીલ રાખી છે.

૨ સદરહુ સકાલીઆના પ્રતીવાદીના કરાર પ્રમાણે રૂપીઆ ચારસો બત્રીશ સંવત ૧૯૭૦ ના પોષ સુદી ૨ ના રોજ પ્રતીવાદીને પુરેપુરા મેં આપેલા છે.

૩ સંવત ૧૯૭૦ ના જેઠ સુદી ૨ ના રોજ સકાલીઆં મણ બસો સોળ આપે અને તે પ્રમાણે તોલી આપવામાં કસુર કરે તો સં ૧૯૭૦ના જેઠ સુદી ૨ ના રોજ સકાલીઆનો જે ભાવ હોય તે ભાવનાં નાણું પ્રતીવાદી તેજ દીલસે આપે એવો અમારા બંન્ને વચે કરાર થઇ દસ્તાવેજ થયો છે. અને તે પ્રમાણે આપવાનું પ્રતીવાદીએ કબુલ કરી વચન આપ્યું છે.

૪ પ્રતીવાદીએ વચન આપવા પ્રમાણે સવત. ૧૯૭૦ ના જેઠ સુદી ૨ ના રોજ સકાલીઆં કાંઇ પણ આપ્યાં નથી તેમ તેની કીમતનાં નાણું પણ આપ્યાં નથી.

૫ સંવત ૧૯૭૦ ના જેઠ સુદી ૨ ના રોજ સકાલીઆંની બજાર ભાવ કીમત મણ એકના રૂ. ૨–૮–૦ હતી જેથી બશોસોળ મણ સકાલીઆના માહારા રૂપીઆ ૫૪૦) પ્રતીવાદી પાસે લેહેણા થયા છે.

૬ પ્રતીવાદી સદરહુ લેહેણી રકમ આપતો નથી તેમ તેનો કોઇ પણ પ્રકારે ખુલાશો પણ કરતો નથી પ્રતીવાદીને એકથી વધારે વખત કહ્યું કહેવરાવ્યું પણ પ્રતીવાદીએ નાણું આપ્યાં નહીં તેમ કોઇ પણ પ્રકારે ખુલાશો પણ કર્યો નહી જેથી દાવો લાવવા ફરજ પડી છે.

૭ દાવાનું કારણ સ ૧૯૭૦ ના જેઠ સુદી ૨ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયું છે.

૮ કમીશનના રૂ. પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ. આ સાથે રજુ છે

૯ હું વાદી દાદ માગુ છું કે પ્રતીવાદી પાસેથી સદરહુ રૂપીઆ આઠ આનાના ચહતા વ્યાજે કોર્ટ ખરચસહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ કાયદા પ્રમાણે જે જે દાદ અમને અપાવી શકાય તે અપાવશો તા. ૨૪–૧૨–૧૯૧૪.

૧ વાદી અમૃતલાલ પોપટલાલ સહી. દા. ખુદ.

હું વાદી ખકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલુ મજકુર

માહારા જાણવા માનવા મુજબ બરાબર છે. તા. ૧૪–૧૨–૧૯૧૪.

૧ **વાદી અમૃતલાલ પોપટલાલ સહી.** દા. ખુદ.

લી. જેઠાલાલ રતીલાલ બક્ષી અરજી લખનાર.

દાવા અરજી નમુના નંબર ૧૦.

તૈઆર કરેલ સામનના નાણાં લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

હળવદના સોની અમૃતલાલ કાલીદાસ. } વાદી.
વીરૂધ

ધ્રાંગધ્રાના શેઠ મોતીલાલ અમથાલાલ. } પ્રતીવાદી.

દાવો રૂ. ૪૩૭–૦–૦ મલવા બાબત.

૧ હુ વાદી અમૃતલાલ કાલીદાસ અરજ કરૂ છું કે તારીખ ૮–૧૧–૧૯૧૪ ના રોજ પ્રતીવાદી મોતીલાલ અમથાલાલે માહારી સાથે કરાર કર્યો કે મારે તેને સારૂ એક સોનાની હીરા કંઠી સોળ તોલા લગભગની બનાવવી અને તે સ્વાધીન કરૂ એટલે તેની કીમતના રૂપીઆ જેટલા થાય તેટલા સદરહુ પ્રતીવાદી મોતીલાલે આપવા

૨ સદરહુ હીરાકંઠી પ્રતીવાદીના કહેવા પ્રમાણે તોલા ૧૬ અને વાલ ૧૫ ની બનાવી છે તોલા એકના રૂ ૨૫) ના ભાવથી સોનું લીધુ છે જેથી તેની કીમતના રૂ ૪૧૨) થાય તથા મજુરીના ૨૫) મલી રૂ ૪૩૭ થાય તે હીરાકંઠી તા. ૨૮–૧૧–૧૯૧૪ ના રોજ તૈયાર કરી છે તેજ તારીખે એટલે તા. ૨૮–૧૧–૧૯૧૪ ના રોજ પ્રતીવાદી મોતીલાલને કહ્યું કે તું સ્વાધીન લે અને ત્યારથી તે સામન સ્વાધીન કરવાને હુ તૈઆર છું.

૩ પ્રતીવાદીએ સદરહુ હીરાકંઠી લીધી નહી. તેનાં નાણાં આપ્યાં નથી તેમજ કહેતાં કહેવરાવતા તે બાબતમાં તે કાંઇ પણ ખુલાશો કરતો નથી જેથી તેના ઉપર આ દાવો લાવવા ફરજ પડી છે.

૪ દાવાનુ કારણ તા ૨૮–૧૧–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયું છે.

૫ કમીશનના રૂ તથા પ્રોસેસના
મળી કુલ રૂ. રજુ છે.

૬ હું વાદી દાદ માગું છું કે પ્રતીવાદીના કરાર પ્રમાણે મેં સોનાની હીરાકંઠી તૈઆર કરી છે તે પ્રતીવાદીને સ્વાધીન કરાવો અને પ્રતી-

વાદી પાસેથી દાવાવાળા રૂપીઆ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે અપાવો. અગર હીરાકંઠી વેચાવી નં-ખાવી તેમાંથી માહારાં નાણાં અપાવો અને જેટલાં નાણાં ખુટે તેટલાં નાણાનું હુકમનામુ પ્રતીવાદી ઉપર તેની જાત અને હરેક મીલકતથી લેવાનું કરી આપો અને બીજી જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો. તા. ૨૪–૧૨–૧૯૧૪.

૧ વાદી અમૃતલાલ કાળીદાસ સહી. દા ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહરા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તારીખ ૨૪–૧૨–૧૯૧૪.

૧ વાદી અમૃતલાલ કાળીદાસ સહી. દા. ખુદ.

લી. મનસુખ મગનચંદ અરજી લખનાર.

દાવા અરજી નમુના નંબર ૧૧.

હરાજીમાં ખરીદ કરનારે તે માલ નહીં લેવાથી થએલ નુકશાન લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

વઢવાણુ કેમ્પના શા. કસતુર અમરચંદ. } વાદી.

વીરૂધ.

વઢવાણુ શહેરના શેઠ વાડીલાલ અમૃતલાલ. } પ્રતીવાદી.

દાવો રૂ. ૧૨–૦–૦ મલવા બાબત.

૧ હું વાદી કસતુર અમરચંદ અરજ કરૂ છું કે તા. ૫–૧૦–૧૯૧૪ ના રોજ વઢવાણુ કેમ્પમાં કેટલાક પરચુરણુ સામનનું મેં લીલામ કર્યું એવી શરતથી કે જે જે માલ લીલામમાંથી ખરીદવામાં આવે તેનો ખરીદદાર વેચાણુ પછી દીવસ સાતમાં તેની કીમત આપીને ખરીદેલ માલ લઇ જાય અને તે પ્રમાણે ખરીદનાર માલના નાણાં આપી સાત દીવસ અંદર નહી લઇ જાય તો તે ખરીદનારની વતી તે માલ લીલામથી ફરી વેચવામાં આવશે આ શરતથી કેટલોક માલ લીલામ કર્યો છે અને આ શરતથી પ્રતીવાદી માહેતગાર હતો તેમજ પ્રતીવાદીને અમોએ શરત વીગતથી સમજાવી પણુ હતી.

૨ સદરહુ લીલામમાં પ્રતીવાદીએ ફેન્સી બાઇસીકલ છાપની છીંટનાં પદર થાન રૂ ૬૦) માં ખરીદ કર્યા.

૩ વેચાણને દીવસે અને ત્યાર પછી સાત દીવસ સુધી તે સ્વાધીન કરવાને હું તૈઆર અને ખુશી હતો.

૪ પ્રતીવાદીએ ખરીદ કરેલો સદરહુ માલ પ્રતીવાદી લેઇ ગયો નહીં અને વેચાણ પછી સાત દીવસમાં અથવા ત્યાર પછી તેની કીમત આપી નથી.

૫ તારીખ ૧૩—૧૦—૧૯૧૪ ના રોજ સદરહુ છીંટના પંદર થાન પ્રતીવાદીની વતી જાહેર લીલામથી લીલામ કરવામાં આવ્યાં અને તે રૂ. ૪૮—૦—૦ માટે ફરી વેચ્યાં.

૬ તે ફરી વેચવાને લીધે રૂ. ૧૨—૦—૦ નુકશાન થયું છે.

૭ આ પ્રમાણે રૂ. ૧૨—૦—૦ પ્રતીવાદીની કસુરથી મને કમી આવ્યા તે પ્રતીવાદીએ આપ્યા નથી.

૮ પ્રતીવાદીને કહેતા કહેવરાવતાં આપતો નથી તેમ તેનો ખુલાશો પણ કરતો નથી. સબબ દાવો કરવા ફરજ પડી છે

૯ દાવાનુ કારણ તા. ૧૩—૧૦—૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયું છે.

૧૦ કમીશનના રૂ. પ્રોસેસના રૂ
મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૧૧ હુ વાદી દાદ માગું છુ કે સદરહુ દાવાવાળા રૂ ૧૨) આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની દરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ કાયદા પ્રમાણે બીજી જે જે દાદ અપાવી શકાય તે પણ અપાવશો. તા. ૨૪—૧૨—૧૯૧૪.

૧ વાદી શા. કસતુર અમરચંદ સહી. દા. ખુદ.
હું વાદી ઇકરાર કરૂં છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૨૪—૧૨—૧૯૧૪.

૧ વાદી શા. કસતુર અમરચંદ સહી. દા. ખુદ.

લખનાર ત્રીભોવનદાસ અમૃતલાલ વકીલ.

દાવા અરજી નમુના નંબર ૧૨.

સામાન તૈઆર કરવાની મજુરીનાં નાણાં લેવાની દાવા અરજી.

આઝમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

અમદાવાદના મીસ્ત્રી માણેકલાલ રતનલાલ
ઠેકાણું રાજામેતાની પોળમાં લક્ષ્મીનારાયણની પોળ } વાદી

વિરૂદ્ધ.

અમદાવાદમાં ધનાસુતારની પોળમાં નીંચા ખાંચામાં રહેનાર શેઠ વાડીલાલ ત્રીકમચંદ } પ્રતીવાદી

દાવો રૂ પર—૦—૦ મળવાનો.

૧ હું વાદી માણેકલાલ રતનલાલ અરજ કરૂં છું કે તારીખ ૬—૭—૧૯૧૪ ના રોજથી શરૂ કરી તા. ૧૦—૧૧—'૯૧૪ ના રોજ સુધીમાં મેં પ્રતીવાદીના કહેવાથી પ્રતીવાદી ને સારૂ નાના પ્રકારનાં લાકડાંનાં રમકડાં (ઘોડા હાથી પુતળી ચકલી વીગેરે) તૈયાર કર્યા છે પરંતુ તે કામને વાસ્તે આપવાની રકમ વીશેનો કાંઇ સ્પષ્ટ કરાર કર્યો નથી.

૨ તે કરવાની વ્યાજબી કીમત લાકડા સહીત રૂ. પર—૦—૦ થાય છે.

૩ પ્રતીવાદીએ તે આપી નથી તેમ પ્રતીવાદી તૈઆર કરેલ સામન લઈ જતો નથી.

૪ ૧૧—૧૧—૧૯૧૪ ના રોજથી સદરહુ સામાન પ્રતીવાદીને સ્વાધીન કરવા તૈઆર છું અને તા. ૧૧—૧૧—૧૪ ના રોજ પ્રતીવાદીને સ્વાધીન કરવા તેના મકાને ગયેલ પણ પ્રતીવાદીએ સામન લીધો નથી.

૫ પ્રતીવાદી સામાન તૈઆર કરાવ્યા છતાં લેતો નથી તેમ નાણું આપતો નથી. કહેતાં કહેવરાવતાં કોઈ પણ રસ્તે સમજતો નથી તેમ કોઈ પણ રીતે ખુલાસો કરતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે

૬ દાવાનું કારણ. તા. ૧૧—૧૧—૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયું છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હું વાદી દાદ માગું છું કે પ્રતીવાદીને સદરહુ લાકડાનાં રમકડાં સ્વાધીન કરાવો અને તેની વ્યાજબી કીમતના રૂપીઆ વ્યાજ સાથે કોર્ટ ખર્ચ સહીત પ્રતીવાદી પાસેથી અપાવો.

અગર બનાવેલ રમકડાં જાહેર લીલામથી હરરાજ કરી તેમાંથી માહારાં નાણાં મને અપાવી જેટલી રકમ મને અપાવવાની ખુટે તેટલી રકમનું વ્યાજ સાથે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ અપાવી શકાય તે પણ અપાવશો તા. ૨૪—૧૨—૧૯૧૪

૧ **વાદી માણેકલાલ રતનલાલ સહી.** દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૪-૧૨-૧૯૧૪

૧ વાદી માણેકલાલ રતનલાલ સહી. દા. પોતે.

લખનાર રતીલાલ ભોગીલાલ અરજી લખનાર.

દાવા અરજી નમુના નંબર ૧૩.

વાજબી કીમતે કાંમ કર્યું હોય અને સામાન આપ્યો હોય તેનાં નાણાં લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

વીરમગામના મોઢી માણેકલાલ મગનલાલ } વાદી

વીરૂદ્ધ.

વીરમગામના પંડ્યા ત્રીપુરાશંકર અંબાલાલ } પ્રતીવાદી

દાવો રૂ. ૨૭૫-૦-૦ મલવા બાબત.

૧ હું વાદી અરજ કરૂં છું કે સુથાર ફળીઆમાં તા. ૮-૭-૧૯૧૪ ના રોજ મેં પ્રતીવાદીને સારૂ પ્રતીવાદીના કહેવાથી “ કણબીની નાતના નાત ગોર મનસુખ આતમારામ રહે છે તેની પડોશમાં નંબર. ૨૫૨ થી ઓળખાય છે ” તે ઘર બંધાવી આપ્યું અને તેને વાસ્તે સામન પુરો પાડયો પણ તે સામાન અને કામને વાસ્તે આપવાની રકમ વીશેનો કાંઇ સ્પષ્ટ કરાર થયો નથી.

૨ પુરા પાડેલા સામાન અને મજુરીનાં ખરચેલ નાણા તેમજ માહારો પગાર કામની વ્યાજબી કીમત તમામ મલી રૂ. ૨૭૫ થાય છે.

૩ પ્રતીવાદીએ તે આપી નથી.

૪ પ્રતીવાદી સદરહુ નાણાં આપતો નથી તેમ. તે બાબતનો ખુલાશો કોઇ પણ રીતે કરતો નથી જેથી આ ફરીઆદ કરવા જરૂર પડી છે.

૫ પ્રતીવાદીના મકાન બાબત વીગતવાર આકડાની વ્યાજબી કીમતની નકલ આ સાથે સામીલ રાખી છે.

૬ દાવાનું કારણ તા. ૮-૭-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ સ્ટેમ્પથી રજુ છે.

૮ હું વાદી દાદ માગું છું કે સદરહુ દાવાવાળા લેહેણા રૂપીઆનું આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનું હુકમ નામુ કરી આપવા મેહેરબાની કરશો અગર તો સદરહુ બધાવી આપેલ મકાન માહારા કબજે સોંપાવસો, અગર સદરહુ મકાન જાહેર લીલામથી હરરાજ કરાવી તેમાથી માહારાં નાણાં મને અપાવતાં બાકી જે રકમ માહારી લેહેણી બાકી રહે તેનુ હુકમનામુ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ કરી આપશો અને તે શીવાય જે જે દાદ કાયદા પ્રમાણે મને મલી શકતી હોય તે તમામ અપાવશો તા. ૨૪-૧૨-૧૪

૧ વાદી માણેકલાલ મગનલાલ સહી. દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તારીખ ૨૪-૧૨-૧૯૧૪

૧ વાદી માણેકલાલ મગનલાલ સહી. દા ખુદ

લી. રતીલાલ અમૃતલાલ પડીત વકીલ.

દાવા અરજી નમુના નબર ૧૩ સાથે રાખવાનું લીષ્ટ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

વીરમગામના શ્રીઓ માણેકલાલ મગનલાલ } વાદી

વીરૂદ્ધ.

વીરમગામના પંડ્યા ત્રીપુરાશંકર અંબાલાલ } પ્રતીવાદી

દાવો રૂ. ૨૩૫-૦-૦ નો.

હું વાદી આ કામમાં નીચે પ્રમાણે આંકડો રજુ કરૂં છું.

૪૫—૦-૦ મકાન બાંધવાના કામમાં વીરમગામના સલાટ ત્રીભોવન મનસુખને આપ્યા છે.

૩૦—૦-૦ મારીસાથે કામ કરવા રહેનાર સુથાર મગન બેચર રહેવાસી વીરમગામનાને આપ્યા છે

૧૧૦-૦-૦ નું લાકડું માહારા ઘરનું મકાન બાંધવાના કામમાં વાપર્યુ છે.

૪૫—૦-૦ ૫ દર ઝાલણના.

૩૨—૦-૦ આઠ કોડી વળીઓના.

૩૩—૦-૦ વંઝીના ભારા નં. ૮ ત્થા બારસાથ કમાડ વિગેરે
પરચુરણુ લાકડામાં.

૧૦—૦-૦ મજુરને આપ્યા છે જેમનાં નામો જુદા લીષ્ટમાં છે. જરૂર પડે રજુ કરીશ.

૫—૦-૦ નેવાં ઘર ઉપર નાંખ્યા તેના કુભાર હરી બેચર વીરમગામ-નાને આપ્યા છે.

૩૫—૦-૦ માહારી પોતાની મજુરીના વ્યાજબી રીતે થાય છે તે.

૨૩૫-૦-૦

રજુ. તા. ૨૪-૧૨-૧૯૧૪.

૧ વાદી **માણેકલાલ મગનલાલ સહી.** દા. ખુદ.

દાવા અરજી નમુના નંબર ૧૪

કીમતના કરાર વગર વાપરેલ મીલકતનો બદલો લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

મેહેસાણા પાટીદાર વૃજલાલ વૃજભુખણદાસ } વાદી

વીરૂદ્ધ.

પાટડીના ઠકર અમૃતલાલ મગનલાલ } પ્રતીવાદી

દાવો રૂ. ૪૮-૦-૦ મલવાનો

૧ હું વાદી વૃજલાલ અરજ કરૂ છું કે ઉંચી શેરીમાં આવેલા નંબર. ૨૩૮ થી ઓળખાતું ઘર તા. ૬-૪-૧૯૧૦ થી તારીખ. ૬-૪-૧૯૧૦ સુધી પ્રતીવાદીએ મહારા કહેવાથી પોતાના ઉપભોગમાં લીધું છે અને તે ચાર વરસની મુદત પ્રતીવાદી પોતાનાં બાલ બચ્ચાં સાથે સદરહુ મકાનમાં રહયા છે સદરહુ મકાનના ઉપભોગના બદલામાં (ભાડું યાને કીમત) શુ આપવુ તેનો કાંઇ કરાર થયો નથી.

૨ સદરહુ મકાનની સદરહુ મુદત પર્યંત ઉપભોગ કરવાની વ્યાજબી કીમત દર વરસે રૂ. ૧૨) પ્રમાણે ચાર વરસના રૂ. ૪૮) થાય છે. તે પ્રતીવાદીએ આપ્યા નથી

૩ સદરહુ મકાનના ઉપભોગના રૂ. ૪૮) પ્રતીવાદી આપતો નથી તેમ

બીજી રીતે ખુલાશો પણ કરતો નથી જેથી આ દાવો લાવવા ફરજ પડી છે.

૪ દાવાનું કારણ તારીખ. ૬-૪-૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ ભાડુ આપવા ના કહ્યુ ત્યારથી આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે

૫ કમીશનના રૂ. ત્થા પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે

૬ હું વાદી દાદ માગું છુ કે સદરહુ દાવાવાળા રૂપીઆનુ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાનો કરશો તેમજ બીજી જે જે દાદ કયદા પ્રમાણે મલી શકતી હોય તે અપાવશો તા ૨૪-૧૨-૧૯૧૪.

૧ **વાદી વૃજલાલ વૃજભુખણદાસ સહી.** દા. ખુદ.

હુ વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૨૪-૧૨-૧૯૧૪.

૧ **વાદી વૃજલાલ વૃજભુખણદાસ સહી.** દા ખુદ.

લખનાર **વાડીલાલ અમૃતલાલ** અરજી લખનાર.

દાવા અરજી નમુના. નબર ૧૫

ખાનગી પચોએ કરેલા ફેસલા ઉપરથી કરવાની ફરીઆદ અરજી.

આજમ મહેરબાન સાહેબની કોર્ટમા

પાલણપુરના સોની નાનચદ પીતામ્બર } વાદી

વીરૂદ્ધ.

પાલણપુરના શેઠ નગીનદાશ ચુનીલાલ } પ્રતીવાદી

દાવો રૂ. ૨૫૨-૦-૦ મલવાનો.

હું વાદી સોની નાનચદ પીતામ્બર અરજ કરૂ છુ કે.

૧ મારી અને પ્રતીવાદી વચે ઇગ્યાર તોલા સોનાના રૂપીઆ ૨૭૫) લેવાની મારી માગણી હતી તે પ્રતીવાદી આપવાને ના કહે તો હતો તેથી તે વિષે તકરાર પડવાથી

૨ તા ૧૨-૧૦-૧૯૧૪ ના રોજ મે અને પ્રતીવાદીએ તે તકરાર પાલણપુરના મેહેતા મોતીલાલ મગનલાલ ત્થા મેહેતા મનસુખ.

ચુનીલાલને લવાદી ઉપર સોપવાનો પચનામી નેખી કરાર કર્યો તેની અસલ પ્રત આ સાથે જોડી છે

૩ સદરહુ લવાદોએ તા. ૧૫–૧૦–૧૯૧૪ ના રોજ એવો નીવેડો કર્યો છે કે પ્રતીવાદીએ મને રૂ. ૨૫૨–૮–૦ બસો બાવન રૂપીઆ આપવા

૪ પ્રતીવાદીએ તે આપ્યા નથી

૫ પ્રતીવાદીને આ બાબત ઘણી વખત કહેવરાવ્યા છતા તે આપતો નથી તેમ કોઇ પણ રીતે ખુલાશો કરતો નથી સબબ દાવો લાવવા જરૂર પડી છે.

૬ દાવાનુ કારણ તા ૧૫–૧૦–૧૯૧૪ ના રોજ લવાદોએ ફેસલો કર્યો ત્યારથી ઉત્પન આ કોર્ટની હકુમતમા થયુ છે.

૭ કમીશનના રૂ પ્રોસેસના રૂ
મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૮ હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ પંચોએ કરેલા નીવેડા પ્રમાણે રૂ. ૨૫૨–૦–૦ આઠ આનાના ચડના વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરીઆપવા મેહેરબાની કરશો તેમજ કાયદા. પ્રમાણે બીજી જે જે દાદ અપાવી શકાય તે અપાવશો તા ૨૫–૧૨–૧૯૧૪.

૧ **વાદી સોની નાનચંદ પીતામ્બર.** સહી દા ખુદ.

હુ વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૨૫–૧૨–૧૯૧૪

૧ **વાદી સોની નાનચદ પીતામ્બર સહી.** દા. ખુદ

લી. **માણેકલાલ રણછોડ અરજી** લખનાર

દાવાઅરજી નમુના નંબર. ૧૬

બીજા રાજ્યમા થએલ હુકમનામાના આધારે દાવો કરવાની દાવા અરજી

આજમ મહેરબાન સાહેબની કોર્ટમા

વારાહીના ઠકર પ્રાગજી માધવજી } વાદી

વીરૂદ્ધ

ગોતરકાના આયરનાનજી બેચર } પ્રતીવાદી

દાવો રૂ ૧૫૫–૦–૦ મલવા બાબતનો

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧ પાલણપુર એજન્સીના વારાહી થાણા કોર્ટમાં તા. ૮-૯-૧૯૧૪ ના રોજ પ્રતીવાદી સામે મે દાવો દાખલ કરેલ અને તે ઉપરથી તે કોર્ટમાં માહારી અને પ્રતીવાદીની વચ્ચે ફરીઆદ ચાલતી હતી તેમાં તે કોર્ટે યોગ્ય રીતે એવો ઠરાવ કર્યો છે કે દાવાના રૂ. ૧૪૦-૦-૦ અને કોર્ટ ખરચના રૂ ૧૫-૦-૦ મલી રૂ ૧૫૫-૦-૦ પ્રતીવાદીએ મને તેમી જાત અને હરેક મીલકતથી આપવા.

૨ મેહેરબાન વારાહી થાણદાર સાહેબે સદરહુ ઠરાવ તા. ૧૨-૧૧-૧૯૧૪ ના રોજ કરેલ છે અને તે તારીખથી આઠઆનાનુ વ્યાજ આપવા પણ ઠરાવ્યુ છે જે ઠરાવની ખરી નકલ આ સાથે રાખી છે

૩ પ્રતીવાદીએ સદરહુ ઠરાવ થએલ પૈકી કાંઈ પણ આપ્યુ નથી.

૪ પ્રતીવાદી આ કોર્ટની હકુમતમા રહેતો હોવાથી વારાહી થાણા કોર્ટના હુકમનામાના આધારે આ કોર્ટમા બજવણી થઇ શકે એહેતુથી દાવો કરવા ફરજ પડી છે.

૫ તા. ૧૨-૧૧-૧૯૧૪ ના રોજના ઠરાવ પ્રમાણે પ્રતીવાદીએ નાણા નહી આપવાથી આ દાવાનુ કારણ તા. ૧૨-૧૧-૧૪ ના રોજ ઉત્પન્ન થયુ છે અને પ્રતીવાદી આ કોર્ટની હકુમતમા રહેતો હોવાથી આ કોર્ટમા દાવો લાવવો પડયો છે.

૬ કમીશનના રૂ. પ્રોસેસના રૂ
મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૭ હુ વાદી દાદ માગુ છુ કે દાવામાં બતાવેલ રૂપીઆ આઠ આનાના ચડતા વ્યાજે એકી વખતે કોર્ટ ખરચ સહીત. પ્રતીવાદીની જાત અને તેની હરેક માલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદો કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો તારીખ ૨૫-૧૧-૧૯૧૪.

૧ **વાદી પ્રાગજી માધવજી સહી.** દા ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૨૫-૧૨-૧૯૧૪.

૧ **વાદી પ્રાગજી માધવજી સહી.** દા. ખુદ.

લી. **અરજદાર પોતે.**

દાવાઅરજી નમુના નબર. ૧૭.

ભાડવાત પાસેથી ભાડુ લેવાની દાવાઅરજી.

આજમ મેહેરબાન   સાહેબની કોર્ટમાં

મેહેસાણાના બારોટ રમણલાલ મનસુખ } વાદી

વીરૂદ્ધ.

મેહેસાણાના શેઠ માણેકલાલ મગનલાલ } પ્રતીવાદી

દાવો રૂ. ૧૨—૦—૦ મલવા બાબત

હું વાદી અરજ કરૂ છુ કે.

૧ સવત ૧૯૭૦ ના ચૈત્ર સુદી ૧ ના રોજ દરવરસે રૂ ૪૮—૦—૦ ભાડું ઠરાવીને અને તે ભાડુ દર મહીને રૂ ૪—૦—૦ આપવુ એવો કરાર કરીને ઉચી શેરીમા આવેલુ ઘર નંબર ૧૮૯ વાળું મારી પાસેથી એક ઘર પ્રતીવાદી માણેકલાલ મગનલાલે ભાડે રાખ્યુ

૨ સદરહુ ઘર તેની હદ સુધાત સદરહુ માણેકલાલ મગનલાલને ભાડે આપ્યું તેના બદલામા પ્રતીવાદીએ એવો કરાર કર્યો છે કે સદરહુ ભાડુ દરમાશે રૂ. ૪—૦—૦ હુ આપીશ એવો લેખી કરાર કરેલ જેની ભાડાની નોધ થએલ તેની નકલ આ સાથે સામીલ રાખી છે.

૩ સ ૧૯૭૦ ના આસોમાશનુ તથા સં ૧૯૭૧ ના કારતક અને માગસર માસનુ એમ ત્રણ માશનુ ભાડુ રૂ ૧૨—૦—૦ થયું છે. તે પ્રતીવાદીએ આપ્યુ નથી.

૪ સદરહુ ભાડુ મને પોચ્યુ નથી એ બાબતની તેમજ ભાડું તુરત આપી દેવા બાબતની તા ૧૨—૧૨—૧૯૧૪ ના રોજ પ્રતીવાદીને નોટીશ આપી ભાડુ માગ્યુ.

૫ તે પ્રતીવાદીએ આપ્યુ નથી તેમ કહેતાં કહેવરાવતાં આપતો નથી તેમજ કોઇ રીતે ખુલાશો પણ કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે

૬ દાવાનુ કારણ આસો માસનુ ભાડુ સવત ૧૯૭૧ ના કારતક સુદી ૨ ના રોજ આપવુ જોઇએ તે પ્રતીવાદીએ આપવામા કસુર કરી ત્યારથી એટલે સવત ૧૯૭૧ ના કારતક સુદી ૨ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે

૭ કમીશનના રૂ.   પ્રોસેસના રૂ   મલી કુલ રૂ. આ સાથે સ્ટેમ્પથી રજુ છે.

૮ હું વાદી દાદ માગુંછું કે સદરહુ દાવાવાળા રૂપીઆ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામું કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો સંવત ૧૯૭૧ ના પોષ સુદી ૫.

૧ **વાદી બારોટ રમણુલાલ મનસુખ સહી.** દા. ખુદ

હું વાદી ઈકરાર કરૂછુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. સ. ૧૯૭૧ ના પોષ સુદી ૫.

૧ **વાદી બારોટ રમણુલાલ મનસુખ સહી.** દા. ખુદ.

લખનાર વાદી ખુદ.

દાવા અરજી નમુના નંબર. ૧૮.

જામીન પાસેથી ભાડુ લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં

મેહેસાણુાના બારોટ રમણુલાલ મનસુખ } વાદી

વીરૂદ્ધ

મેહેસાણુાના શેઠ માણેકલાલ મગનલાલ } પ્રતીવાદી.

દાવો રૂ. ૧૨—૦—૦ મલવા બાબત.

હું વાદી અરજ કરૂછુ કે—

ટીપ.

૧ નોટીશ આપી ન હોય તો તે વાત લખવી નહી.

૨ નોટીશ આપવી એવી કાઇ જરૂર નથી પણુ પ્રતીવાદીને એવુ કહેવા વખત આવે નહી કે વાદી ભાડુ લેવા આવ્યો નોહોતો અને હું વાદીને ત્યાં ગયા છતા વાદી ભેગો થયો નથી જેથી ભાડું આપ્યું નથી અને તેથી માહારી કસૂર નથી માટે કોર્ટ ખરચનો જવાબદાર હું નથી.

૩ પ્રતીવાદી પાસે માગ્યા છતાં ભાડુ આપ્યુ નથી એ સાબીત કરવા અને તેથી કોર્ટ ખરચ પ્રતીવાદી ઉપર ચડે તેટલા માટે નોટીશ આપવાની જરૂર છે. ભાડુ માગ્યાનો બીજો પુરાવો મોઢાનો હોય તો તે પણુ ચાલે અને તેવા પ્રસગે નોટીશ ન હોય તો પણુ ઠીક.

૧ તારીખ ૧-૬-૧૯૧૩ ના રોજ દર વરસે રૂ. ૪૮-૦-૦ ભાડું ઠરાવીને અને તે ભાડુ દર મહીને રૂ. ૪-૦-૦ આપવુ એવો કરાર કરીને વરસની બોલીએ ઉચી શેરીમા આવેલુ ઘર નબર ૧૮૯ વાળુ મારી પાસેથી ભાડે એક પાટડીના તે હાલ મેહેસાણામા આવી રહેનાર પાટીદાર ઉમેદ જોલાલે રાખ્યુ

૨ સદરહુ ઘર તેની હદ સુદ્ધાત સદરહુ ઉમેદ જેઠાલાલને ભાડે આપ્યુ તેના બદલામા પ્રતીવાદીએ એવો કરાર કર્યો છે કે સદરહુ ભાડુ દર માસે રૂ ૪-૦-૦ ઉમેદજેઠાલાલ આપવામા કસુર કરશે તો હુ આપીશ એ બાબતનો હુ જામીન થાઉ છુ

૩ સપટેમ્બર અકટોમ્બર નવેમ્બર સને ૧૯૧૪ ના એ ત્રણ માસનું ભાડું રૂ ૧૨-૦-૦ થયુ છે તે આપ્યુ નથી.

૪ સદરહુ ભાડુ મને પોચ્યુ નથી એ બાબતની તા ૧૨-૧૨-૧૯૧૪ના રોજ મે પ્રતીવાદીને નોટીશ આપી અને ભાડુ માગ્યુ

૫ તે પ્રતીવાદીએ આપ્યુ નથી તેમ કહેતા કહેવરાવતા આપતો નથી તેમજ કોઈ રીતે ખુલાશો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે

૬ દાવાનુ કારણ સપટેમ્બર માસનુ ભાડુ આપવામા કસુર કરી

ટીપ.

૧ પ્રતીવાદીને નોટીશ આપી ન હોય તા તે હકીકત લખવી નહી.

૨ ભાડાનો દાવો કરતા પહેલા નોટીશ આપવીજ જોઇએ એવી કાઇ ફરજ નથી પણ પ્રતીવાદી જ્યારે કોર્ટમા એવો જવાબ આપે કે ભાડુ અપાયુ નથી અને ઘર ભાડે રાખનારે ભાડુ આપ્યુ નથી એમ હુ જાણતો હતતો હુ ભાડુ આપી દોત મને તે ખબર નહી હોવાથી મેં ભાડુ આપ્યુ નથી આ પ્રમાણે કહે અને તેથી વીરૂધ્ધ વાદી સાબીત ન કરી શકે ત્યારે કોર્ટ ખરચ વાદીના શીર પડે કારણ કે તેમ હોય તો પ્રતીવાદીની કસુર કહેવાય નહી

૧ માટે પ્રથમ દરેક દાવામા પ્રતીવાદી પાસે માગણુ થવુ જોઇએ છતા પ્રતીવાદી આપવામા કસુર કરે તોજ તેની કસુરના અગે કોર્ટ ખરચ પ્રતીવાદી ઉપર ચડી શકે માટે આવા દાવાચા પ્રતીવાદીને નોટીશ અપાઇ હોય તો તેને ખબર નથી એવો બચાવ કરવા વખત આવે નહી અને આપણુ કોર્ટ ખરચ તેના ઉપર ચડી શકે માટે નોટીશ આપી દાવો કરવો

ાટલે તા ૧-૧૦-૧૯૧૪ ના રોજથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન યુ છે.

કમીશનના રૂ   પ્રોસેસના રૂ

મલી કુલ રૂ.   સ્ટેમ્પથી રજુ છે.

હું વાદી દાદ માગુછુ કે સદરહુ રૂપીઆનુ આઠ આનાના ચડતા વ્યાજે એકી વખતે કોર્ટ ખરચ સહીત પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો

તા. ૨૫-૧૨-૧૯૧૪.

વાદી રમણલાલ મનસુખ સહી. દા ખુદ

હુ વાદી ઈકરાર કરૂછુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૨૫-૧૨-૧૪

વાદી રમણલાલ મનસુખ સહી. દા ખુદ.

લખનાર વાદી ખુદ.

દાવા અરજી નમુના નંબર. ૧૯

જમીન ખરીદ કરવામા કરાર તોડયાની દાવા અરજી.

આજમ મેહેરબાન   સાહેબની કોર્ટમા.

પાટણના શેઠ મગનલાલ મોતીલાલ } વાદી.

વીરૂધ.

પાટણના પડયા રતીલાલ પુરૂષોત્તમદાસ } પ્રતીવાદી

દાવો રૂ ૪૨૫-૦-૦ મલવા બાબતનો

હુ વાદી મગનલાલ મોતીલાલ અરજ કરૂછુ કે—

તારીખ ૮-૧૦-૧૯૧૪ ના રોજ મે અને પ્રતીવાદીએ એક કરારનામુ કરેલ તેનો અસલ દસ્તાવેજ આ સાથે જોડયો છે (અથવા નકલ જોડી છે)

સદરહુ તારીખે એવી મતલબનો કરાર થયો છે કે મોતીશાના દરવાજા બહારની વાડી નામથી ઓળખાતી જમીનમાથી દશ વીઘા જમીન માહારી માલીકી કબજા ભોગવટાના હકવાળી રૂ. ૪૨૫-૦-૦ મા પ્રતીવાદીને આપવી અર્થાત વેચવી અને તે પ્રમાણે પ્રતીવાદીએ ખરીદ કરવી અને રૂ. ૪૨૫-૦-૦ મને આપવા એવો અરસપરસ અમારા બન્ને પક્ષકારો વચ્ચે કરાર થયો છે.

૩ તા. ૧૦–૧૦–૧૯૧૪ ના રોજ માહારે સદરહુ જમીન પ્રતીવાદીને સોપવી અને પ્રતીવાદીએ મને રૂ ૪૨૫–૦–૦ આપવા એમ કરાર છે.

૪ તા. ૧૦–૧૦–૧૯ ૪ ના રોજ સદરહુ મીલકતનો હું કુલ માલીક હોવાથી તેમજ તે મીલકત ઉપર કંઇ બોજો નથી એમ પ્રતીવાદીને જણાવ્યુ હતુ તે પ્રમાણે તે ઉપર કાંઇ બોજો ન હોવાથી પ્રતીવાદી નકી કરેલી રકમ આપે એટલે જોઇએ તેવુ તે મીલકતનુ તબદીલીપત્ર (જમીનનો દસ્તાવેજ) કરી આપુ છુ એમ તે વખતે તેને કહ્યુ તેમજ પુરતો દસ્તાવેજ કરી આપીને રૂ. ૪૨૫–૦–૦ લેવા તૈઆર હતો આ પ્રમાણે મીલકત પ્રતીવાદીને તબદીલ કરી આપવાને હું તૈઆર તથા ખુશી છુ અને ખરીદી લે એમ પ્રતીવાદીને કહ્યા કરૂછુ

૫ પ્રતીવાદી મીલકત તબદીલ કરી લેતો નથી તેમ રૂ. ૪૨૫–૦–૦ આપતો નથી.

૬ પ્રતીવાદીને કહેતા કહેવરાવતા કરાર પ્રમાણે વરતતો નથી તેમ કોઈ પણ રીતે તેનો ખુલાશો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે

૭ દાવાનુ કારણ તા ૧૦–૧૦–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયુ છે.

૮ કમીશનના રૂ. પ્રોસેસના રૂ મળી કુલ રૂ આ સાથે સ્ટેમ્પથી રજુ છે.

૯ હું વાદી દાદ માગુછુ કે કરાર પ્રમાણે મીલકત પ્રતીવાદી તબદીલ કરી લે અને મને રૂ. ૪૨૫–૦–૦ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સાથે એકી વખતે પ્રતીવાદી તેની જત અને હરેક મીલકતથી આપે તેવુ હુકમનામુ કરી આપવા અગર

પ્રતીવાદીએ જે મીલકત ખરીદ કરવાનો કરાર કરેલ છે તે જાહેર લીલામ કરી તેમાથી માહારા નાણાં મને અપાવી ખુટતી રકમનું વ્યાજ સાથે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો.

તા ૨૫–૧૨–૧૯૧૪

૧ વાદી મગનલાલ મોતીલાલ સહી દા. ખુદ.

હું વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૫–૧૨–૧૯૧૪

૧ વાદી મગનલાલ મોતીલાલ સહી દા. ખુદ.

લખનાર વાડીલાલ રમણલાલ વકીલ.

દાવા અરજી નમુના નં. ૨૦.

વેચાણુ રાખેલ માલ કબજે લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

અમદાવાદના શેઠ વાડીલાલ સરૂપચદ. } વાદી.

વીરૂદ્ધ.

અમદાવાદના મેમણુ પુજા નથુ. } પ્રતીવાદી.

કરાર પ્રમાણે માલનો કબજો મળવા રૂ. ૨૭૫—૦—૦ ના કમીશન ઉપર.

હુ વાદી અરજ કરૂ છું કે

૧ તા. ૫-૧૬-૧૯૧૪ ના રોજ મે અને પ્રતીવાદીએ અરસપરસ એવો કરાર કર્યો કે તા. ૫-૧૭-૧૯૧૪ ના રોજ પહેલા નબરનો રાજાપુરી સોમણુ ગોળ પ્રતીવાદીએ મને સ્વાધીન કરવો અને તે સ્વાધીન થાય એટલે તેની કીમતના મારે રૂ ૨૭૫-૦-૦ પ્રતીવાદીને આપવા.

૨ સદરહુ તારીખે સદરહુ સામાન તે સ્વાધીન કરે એટલે સદરહુ રકમ પ્રતીવાદીને આપવાને હુ તૈયાર અને ખુશી હતો તેમ હજુ પણુ ખુશી છુ ત્યા સોમણુ ગોળ સોપે અને રૂ. ૨૭૫-૦-૦ લે એમ પ્રતીવાદીને તા. ૫-૧૨-૧૯૧૪ ના રોજ કહ્યુ હતુ.

૩ પ્રતીવાદી તે પ્રમાણે ગોળ સ્વાધીન કરતો નથી અને નાણા લેતો નથી સબબ દાવો કરવા ફરજ પરી છે.

૪ રૂ ૨૭૫-૦-૦ કોર્ટ માગે ત્યારે રજુ કરવા તૈયાર છું.

૫ દાવાનુ કારણુ તા. ૫-૧૨-૧૯૧૪ ના રોજ ઉત્પન આ કોર્ટની હકુમતમા થયુ છે

૬ સદરહુ ગોળનો ભાવ હાલ બજારમા મણુ એક ઉપર રૂ. ૩-૪-૦ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ.

મલી કુલ રૂ. આ સાથે રજુ છે

૮ હુ વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદી કરાર પ્રમાણે વરતી સોમણુ ગોળ કરાર પ્રમાણેનો મને સ્વાધીન કરે તેવુ હુકમનામુ કરી આપવા અગર દર મણે આઠ આના ભાવ બજારમાં વધેલ છે તે પ્રમાણે સોમણુ ગોળના રૂ ૫૦-૦-૦ મને નુકશાન થાય છે તેટલી રકમનું આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદી તેની જાતે અને હરેક મીલકતથી આપે તેવું હુકમનામુ

કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે મળી શકતી હોય તે અપાવશો. તા. ૨૫—૧૨—૧૯૧૪.

૧ **વાદી વાડીલાલ સરૂપચંદ સહી.** દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૨૫—૧૨—૧૯૧૪.

૧ **વાદી વાડીલાલ સરૂપચંદ સહી.** દા. ખુદ.

લી. **રતીલાલ પ્રાણવલ્લભ.**

દાવા અરજી નમુના નં. ૨૧.

વેચેલ માલ સ્વાધીન નહીં થવાથી થએલી નુકશાની લેવાની દાવાઅરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા.

અમદાવાદના શેઠ વાડીલાલ સરૂપચંદ. } વાદી.

વીરૂદ્ધ.

અમદાવાદના મેમણ પુજા નથુ. } પ્રતીવાદી

રૂ. ૫૦—૦—૦ મલવા બાબત

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ તા. ૫-૧૦-૧૯૧૪ ના રોજ મે અને પ્રતીવાદીએ અરસપરસ એવો કરાર કર્યો છે કે પ્રતીવાદીએ પહેલા નબરનો રાજાપુરી સોમણ ગોળ દર મણે રૂ ૨-૧૨-૦ ના ભાવથી રૂ. ૨૭૫) થી તા ૫-૧૨-૧૪ ના રોજ આપવો અને તે પ્રમાણે સોમણ ગોળ સ્વાધીન થાય એટલે માહારે પ્રતીવાદીને રૂ ૨૭૫) આપવા

૨ સદરહુ તારીખે સદરહુ ગોળ મણ સો તે સ્વાધીન કરે તો રૂ ૨૭૫) આપવાને હુ તૈયાર અને ખુશી હતો તથા તે લે એમ મે પ્રતીવાદીને કહ્યુ પણ હતુ.

૩ પ્રતીવાદીએ તે માલ સ્વાધીન કર્યો નથી તેથી કરીને સ્વાધીન નહી થવાથી રૂ ૫૦-૦-૦ નફો મલવાનુ મને નુકશાન થયુ છે.

૪ તા. ૫-૧૨-૧૯૧૪ ના રોજ સદરહુ ગોળનો ભાવ મણ એકે રૂ. ૩-૪-૦ હતો તેમજ આજે પણ તેજ ભાવ છે અને તેથી પ્રતીવાદીની કસુરથી મને રૂ. ૫૦—૦—૦ નુકશાન થાય છે.

૫ સદરહુ નુકશાનના રૂ. ૫૦-૦-૦ પ્રતીવાદી પાસે માગતાં તે આપતો નથી તેમજ કરાર પ્રમાણેનો સોમણ ગોળ સોપતો નથી તેમજ કોઈ રીતે તેનો કાંઇ ખુલાસો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૬ દાવાનું કારણુ તા. ૫–૧૨--૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૮ હુ વાદી દાદ માગું છું કે સદરહુ દાવાવાળા રૂ ૫૦–૦–૦ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સાથે એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ કાયદા પ્રમાણે બીજી જે જે દાદ અપાવી શકાય તે અપાવશો તા. ૨૬—૧૨—૧૯૧૪.

૧ **વાદી વાડીલાલ સરૂપચંદ સહી.** દા. ખુદ.

હું વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૬–૧૨–૧૯૧૪.

૧ **વાદી વાડીલાલ સરૂપચંદ સહી.** દા. ખુદ

લી. **રતીલાલ પ્રાણુવલ્લભ.**

દાવા અરજી નમુના નંબર ૨૨.

ઘર ખાલી કરાવવાની દાવા અરજી.

આઝમ મેહેરબાન. સાહેબની કોર્ટમા.

પાલણુપુના મેહેતા માણેકલાલ રતનલાલ } વાદી.

વીરૂદ્ધ.

પાલણુપુરના મીસ્ત્રી સુથાર નથુ બેચર. } પ્રતીવાદી.

દાવો ઘર ભાડે આપેલ તે ખાલી કરાવી કબજે મલવા બાબત રૂ. ૧૫૦—૦—૦ના કમીશન ઉપર.

હું વાદી અરજ કરૂ છુ કે

૧ પ્રતીવાદીને તા ૨—૭—૧૯૧૪ ના રોજ ઘર ભાડાનો દસ્તાવેજ કરાવી ન ૨૮૮ થી ઓળખાય છે અને લીબડાવાળુ આ નામથી પ્રસીદ્ધ છે તે ભાડે આપેલ છે પ્રતીવાદી ભાડુ આપવાની કસુર કરે અગર ચોમાસાની મોસમ સાવાય જ્યારે અમને જરૂર પડે ત્યારે ઘર ખાલી કરાવવાનો અરસપરસ કરાર થએલ છે તેમજ ઘર માસીક ભાડાથી આપેલ છે એટલે પ્રતીવાદીને જ્યારે કહીએ ત્યારે તેણે ઘર ખાલી કરી આપી અમને સ્વાધીન કરવુ જોઇએ

૨ તા ૧૨—૧૨—૧૯૧૪ ના રોજ પ્રતીવાદીને આઠ દીવસ અંદર ઘર ખાલી કરવા કહેવામા આવ્યુ હતું છતા તેણે ખાલી કર્યુ નહી તેથી

તા. ૨૦—૧૨—૧૯૧૪ ના રોજ આઠ દીવસ અંદર ઘર ખાલી કરી સ્વાધીન કરવાની નોટીસ આપી છે.

૩ પ્રતીવાદીએ ઘર ખાલી કરી સોપ્યુ નથી તેમ સોપવાનુ કહેતો નથી તેમ તેનો કાંઇ પણ ખુલાશો કરતો નથી કહેતાં કહેવરાવતાં માનતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૪ દાવાનુ કારણ ઘર ખાલી કરાવવા તા. ૧૨— ૧૨—૧૯૧૪ ના રોજે કહ્યુ ત્યારથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૫ ભાડાના દસ્તાવેજની ભાડા ચીઠીની નકલ અને પ્રતીવાદીને આપેલ નોટીશની પોહોંચ અસલ આ સાથે સામીલ રાખી છે.

૬ કમીશનના રૂ   પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ.   આ સાથે છે.

૭ હુ વાદી દાદ માગુ છું કે પ્રતીવાદી પાસેથી ઘર ખાલી કરાવી આપી તેનો કબ્જો સોપાવો અને કોર્ટ ખરચ તેમજ બીજુ જે મને નુકશાન થયું હોય તે વ્યાજ સાથે પ્રતીવાદીની જા.૧ અને તેની દરેક મીલકતથી લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો. તા. ૨૯—૧૨—૧૯૧૪.

૧ **મેહેતા માણેકલાલ રતનલાલ સહી.** દા. ખુદ

હું ઇકરાર કરૂ છું કે સદરહુ દાવા અરજીમાં લખેલો મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૯—૧૨—૧૯૧૪.

૧ **મેહેતા માણેકલાલ રતનલાલ સહી.** દા. ખુદ.

લી. **વૃજલાલ વૃજભુખણુદાસ.**

દાવા અરજી નમુના નં. ૨૩

નોકરીની શરત પુરીથવા પ્રથમ કાઢીમુકવાથી કરવાની દાવાઅરજી.

આજમ મહેરબાન.   સાહેબની કોર્ટમાં

ચાણસમાના શેઠ. વાડીલાલ મણીલાલ } વાદી.

વીરૂધ્ધ.

મહેસાણાના શેઠ. માણેકલાલ મગનલાલ } પ્રતીવાદી

દાવો નોકરીમાંથી કાઢીમુકેલ તે નોકરી મલવાનો અગર તેનો પગાર મલવાનો રૂ. ૬૦—૦—૦ ના કમીશન ઉપર.

હુ વાદી અરજ કરૂંછુ કે.

૧ તારીખ ૧—૧—૧૯૧૪ ના રોજ માહારી અને પ્રતીવાદી વચે અરસપરસ એવો કરાર થયો છે કે મારે પ્રતીવાદીની દુકાનનો તમામ

હીસાબ રાખવાનું કામ કરવું અને તે તરીકે પ્રતીવાદીની નોકરી કરવી અને પ્રતીવાદીએ મને તે તરીકે એક વરસની મુદત સુધી નોકર રાખવો અને માહારી નોકરી બદલ મને દર મહીને રૂ. ૨૦ ૦-૦ પગારના આપવા.

૨ તા. ૧-૧-૧૯૧૪ ના રોજથી હું સદરહુ પ્રમાણે પ્રતીવાદીની નોકરીમાં દાખલ થયો અને ત્યારથી પ્રતીવાદીનું કરાર પ્રમાણે બરાબર કામ કરવા લાગ્યો અને સદરહુ કરાર પ્રમાણે વરસની મુદતની નોકરી જારી રાખવાને હુ ત્યારથીજ અને હાલ પણ તૈયાર તથા રાજીખુશી છુ અને તેની પ્રતીવાદીને હમેશાં ખબર છે.

૩ તા. ૧-૧૦-૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ ગેરવ્યાજબી રીતે મને નોકરીમાંથી રજા આપી અને સદરહુતરીકે મને નોકરી કરવા દીધી નહીં.

૪ મોસમના મહીનાઓમાં નોકર ન હતતો રૂ ૨૦) થી વધારે પેદા કરી શકતો હતો પણ મોસમ વગરના મહીનામાં બેસીરહેવુ પડે અગર ઓછુ પેદા થાય તે લાલચથી વરસની શરતની નોકરી ઓછા પગારથી કબુલ કરી હતી.

૫ હાલના ત્રણ માસ છે તે મોસમ વગરના છે અને તેથી તેમજ હું હાલમાં પરચુરણ કામ કરતો નથી એવી જાણ નોકર હોવાથી બીજા માણસોને છે તેથી ત્રણ માસમા મને કાઇ કામ મળવાનુ નથી અને તેથી પ્રતીવાદીએ વરસ એક રાખવાની સરત કરી રાખેલ અને મુદત પુરીથવા બદલ કાઢીમુકવાથી નુકશાન થયુ છે.

૬ પ્રતીવાદી પાસેથી રૂ. ૨૦) પગાર લીધો છે તે મહીનાઓમાં મે પરચુરણ કામ કર્યું હોત તો રૂ. ૨૦) થી વધારે મોસમતક હોઇ હુ કમાઇ શકતે. પણ આ પાછળના માસમા કમાણી ઓછી થાય એ હેતુથી પરચુરણ કામમાં નહી રોકાતાં પ્રતીવાદી સાથે ઉપર પ્રમાણે કરાર કર્યો છે.

૭ પ્રતીવાદીની નોકરી કરાર પ્રમાણે હજુ પણ કરવા હું ખુશી છુ.

૮ દાવાનું કારણ તા. ૧-૧૦-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયું છે.

૯ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મળી કુલ રૂ.
આસાથે સ્ટેમ્પથી રજુ છે.

૧૦ હું વાદી દાદ માગું છુ કે પ્રતીવાદી મને નોકરીમાં કરાર પ્રમાણે રાખે માહારી પાસેથી નોકરીલે અને મને પગાર કરાર પ્રમાણે આપે

તે પ્રમાણેનું હુકમનામું કરી આપવા અગર ત્રણ માસનો પગાર આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચસાથે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનું હુકમનામું કરીઆપવા મેહેરબાની કરશો અગર કાયદા પ્રમાણે બીજી જે દાદ મળીશકે તે અપાવશો

તા. ૨–૧–૧૯૧૫.

૧ **વાદી વાડીલાલ મણીલાલ સહી.** દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૨–૧–૧૫.

૧ **વાદી વાડીલાલ મણીલાલ :સહી.** દા ખુદ.

લી. **મણીલાલ મનસુખ.**

દાવા અરજી નમુંના નં. ૨૪.

નોકરીનો કરાર તોડયા બદલ કરવાની દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં

અમદાવાદના ખોજા મામદ જુસબ } વાદી.

વીરૂધ.

અમદાવાદના પડયા મનસુખ રતનલાલ } પ્રતીવાદી

નોકરીનો કરાર પુરો કરાવવા અગર થએલ નુકશાન રૂ ૨૦૦) મલવા દાવો.

હુ વાદી અરજ કરૂ છું કે

૧ તા. ૧–૧–૧૯૧૪ ના રોજ માહારી અને પ્રતીવાદી વચે અરસપરસ એવો કરાર થયો છે કે મારે પ્રતીવાદીને વરસ એકે રૂ. ૩૦૦) મેહેનતાણું આપીને નોકરીમાં રાખવો અને દુકાને નામું લખવાનુ તેમજ ઉઘરાણીનુ અને વેચવાનુ કામ પ્રતીવાદી પાસેથી લેવુ અને પ્રતીવાદીએ માહારી નોકરી તે સદરહુ તરીકે બે વરસની મુદત સુધી નોકરી કરવી

૨ સદરહુ કરારનો માહારો ભાગ પુરો કરવાને હું હમેશ તૈયાર અને રાજી છું અને તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજ તે પ્રમાણે કરવાને પ્રતીવાદીને મે કહ્યુ.

૩ પ્રતીવાદી તા ૧–૧–૧૯૧૪ ના રોજ માહારી નોકરીમાં દાખલ થઈ તા ૩૦–૧૧–૧૯૧૪ ના રોજ સુધી નોકરી કરી અને તા ૧–૧૨–૧૯૧૪ ના રોજ નોકરી કરવાને ના કહી નોકરીમાથી ખસીગયો છે અર્થાત્ નોકરી છોડી છે

૪ પ્રતીવાદીએ માહારી નોકરી છોડવાથી તેનુ કામ કરવાને એક વર

સના રૂ. ૫૦૦) કરી બીજા નોકરને ગખવો પડયો છે.

૫ મોસમતક હોઇ અને પ્રતીવાદીની કસુરથી નોકર તાકીદે રાખી- લેવાનું હોવાથી વરસ એકના રૂ. ૨૦૦)વધારે ખર્ચ કરવુ પડ્યુ છે.

૬ પ્રતીવાદીને હજુપણ તેનીસાથેના કરારથી રાખવા અને કરાર પ્રમા- ણે કામ લેવા ખુશી છુ.

૭ પ્રતીવાદીની કસુરને લઇને વરસ એકના રૂ ૨૦૦) વધારે ખર્ચ કરવુ પડ્યુ છે તે પ્રતીવાદી આપતો નથી તેમ કરાર પ્રમાણે નોક- રીમાં રેહેતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૮ દાવાનુ કારણ તા. ૧-૧૨-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૯ કમીસનના રૂ. તથા પ્રોસેસના રૂ મલી રૂ. આ સાથે છે.

૧૦ હુ વાદી દાદ માગું છું કે પ્રતીવાદી કરાર પ્રમાણેના પગારથી ક- રાર પ્રમાણેની મુદત સુધી નોકરી કરે તેવી તેને ફરજ પાડો અગર પ્રતીવાદીની કસુરથી રૂ ૨૦૦) બસો નુકશાન થયુ છે તે આઠ આનાના ચડતા વ્યાજે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી કોર્ટ ખરચસાથે લેવાનુ હુકમનામુ કરીઆપવા મહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપા- વશો. તા ૨૬-૧૨-૧૯૧૪.

૧ **ખોજા આમદ જુસબ સહી.** દા ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર મહારા જાણવા માનવા પ્રમાણે બારાબર છે. તા. ૨૬-૧૨-૧૯૧૪.

૧ **ખોજા આમદ જુસબ સહી.** દા. ખુદ.

લી. **રતીલાલ પ્રાણવલ્લભ.**

દાવા અરજી નમુના નં. ૨૫.

ખામી ભરેલા ઘર બાધનાર ઉપર કરવાની દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

વઢવાણ કેમ્પના શેઠ. મોતીલાલ મણીલાલ } વાદી
વીરૂધ.

વઢવાણના સલાટ માવજી બેચર. } પ્રતીવાદી.

ઘર કરાર પ્રમાણે બધાવી આપવાની ફરજ પાડવા અગર નુકશાની

ના રૂ. ૫૦૦) મલવા બાબત દાવો.

હું વાદી અરજ કરૂં છું કે.

૧ તા ૧—૭—૧૯૧૪ ના રોજ માહારી અને પ્રતીવાદી વચે એવો કરાર થયો છે કે પ્રતીવાદીને પથ્થર લાકડું વીગેરે ઘર બાધવાના કામમાં જે જે સામાન જોઇએ તે તમામ પ્રતીવાદીએ પોતાનો સારામા સારો ઉચો સામન વાપરવો અને એ ખડનુ જડતર સાથેનુ મકાન તૈયાર કરી આપવુ જે બાબતના કરારનો દસ્તાવેજ થએલ તેની નકલ તથા ઘર બાધવાના નકશાની નકલ આસાથે જોડી છે.

૨ પ્રતીવાદીએ આ પ્રમાણે ઘર બાધવાના બદલામાં માહારી પાસેથી ઘર તૈઆર થએ ખામી વગરનુ જણાએ રૂ. ૪૦૦) લેવા અને ઘર શરૂ કરતા માહારે રૂ. ૧૭૦૦) પ્રતીવાદીને આપવા એકદર ઘર બાધી આપવાની ઉધડ રકમ રૂ. ૨૧૦૦) ની નકી કરી છે.

૩ ઘર બાધવાનુ કામ શરૂ થતી વખતે તા. ૧૫—૭—૧૯૧૪ ના રોજ પ્રતીવાદીને રૂ. ૧૭૦૦) મે આપ્યા છે

૪ પાછળથી રૂ ૪૦૦) આપવા શીવાય સદરહુ કરારની મારા ભાગની તમામ શરતો મેં યોગ્ય રીતે પુરી કરી છે.

૫ પ્રતીવાદીએ સદરહુ કરારમાં બતાવેલુ ઘર કરાર વીરૂધ રીતે ખરાબ અને કારીગર ન બાધે તેવી રીતે બાંધ્યુ છે.

૬ ઘર એવુ તો તકલાદી બાંધ્યુ છે કે જે ચોમાસાની મોસમ અંદર રહી શકે તેમ નથી પણ પડી જવા સભવ છે તેમજ ઘર અદર વાપરેલ સામન તમામ તકલાદી હોવાથી વહેલાસર પડી જવા સભવ છે.

૭ ઘરની બાધણી જોતાં સાધારણ માણસને પણ ઘરની અંદર રૂ ૧૨૦૦) કે તેની અદર ખરચ કરેલ ખુલ્લી રીતે જણાઇ આવે તેવા પ્રકારનો હલકો સામન વાપરી ઘર બાધ્યુ છે કે જે કરારથી વીરૂધ છે.

૮ પ્રતીવાદીને કહેતા કહેવરાવતા કરાર પ્રમાણે ઘર બાંધી આપતો નથી તેમજ તેની નુકશાની આપતો નથી તેમ કોઇ રીતે તેનો ખુલાસો કરતો નથી જેથી દાવો કરવા ફરજ પડી છે.

૯ દાવાનુ કારણ તા ૧—૭—૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૧૦ કમીશનના રૂ. પ્રોસેસના રૂ.
મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૧૧ હુ વાદી દાદ માગું છું કે કરાર પ્રમાણે ઘર બનાવી આપે એમ

પ્રતીવાદીને ફરજ પાડો અગર કરાર વીરૂદ્ધ ઘર બાંધેલ હોવાથી જાહેર લીલામથી ઘર હરાજ કરાવી માહારો ખુટતી રકમ વ્યાજ અને કોર્ટ ખરચ સાથે પ્રતીવાદી પાસેથી અપાવો અગર રૂ. ૫૦૦) કે જે નુકશાન નકી થાય તે આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સાથે પ્રતીવાદીની જાત અને તેની દરેક મીલકતથો લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ મલી શકે તે અપાવશો તા. ૨૬—૧૨—૧૯૧૪.

૧ **વાદી મોતીલાલ મણીલાલ સહી.** દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૨૬—૧૨—૧૯૧૪.

૧ **વાદી મોતીલાલ મણીલાલ સહી.** દા ખુદ.

લી. **અમૃતલાલ ન્યાલચંદ.**

દાવા અરજી નમુના નંબર ૨૬.

હીસાબ લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

ધ્રાંગધ્રાના શેઠ રતીલાલ માહાસુખલાલ	વાદી
વીરૂદ્ધ	
ધ્રાંગધ્રાના મેમણ પુજા કરીમ	પ્રતીવાદી

દાવો હીસાબની ચોખનો રૂ. ૫-૦-૦ ના ઉધડ કમીશન ઉપર.

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ પ્રતીવાદી સાથે સવત ૧૯૬૧ ની સાલથી માહારે અને પ્રતીવાદીને અરસપરસ લેવડ દેવડનુ ખાતુ શરૂ થઇ સવત ૧૯૬૯ ના પોશ માસ સુધી ચાલેલ છે ત્યાર બાદ બન્ને વચ્ચે વાધો પડવાથી લેવડ દેવડ થઇ નથી.

૨ તમામ લેવડ દેવડનો હીસાબ પ્રતીવાદીને ત્યા છે કારણ કે પ્રતીવાદી સરાફી નામુ રાખે છે અને તેથી તમામ જાતના ચોપડાઓ રાખતો હોવાથી તમામ હીસાબ પ્રતીવાદીના ચોપડાઓમાં છે.

૩ પ્રતીવાદી પાસે માહારૂ લેહેણુ નીકળે છે અને તે પ્રતીવાદીને આપવુ પડે એ દાનતથી પ્રતીવાદી મને હીસાબ બતાવતો નથી તેમ અમારા ખાતાની ચોખવટ કરી હીસાબ કરતો નથી.

૪ પ્રતીવાદીનું લેહેણું વ્યાજબી રીતે નીકળે તો તે આપવા તૈઆર છું

અને માહારૂ લેહેણુ નીકળે તો તે પ્રતીવાદી પાસેથી લેવાને માટે હીસાબ નકી કરવાની જરૂર છે.

૫ પ્રતીવાદીને આ બાબત ત્રણી મરતબે કહ્યા છતા તે હીસાબ કરતો નથી તેમ હીસાબ બતાવતો નથી તેમ કોઇ રીતે હીસાબનો અને નામા ઠામાનો કાંઈ ખુલાસો કરતો નથી જેથી આ દાવો કરવા ફરજ ઉત્પન થઇ છે

૬ દાવાનુ કારણ સવત ૧૯૭૧ ના કારતક સુદી ૧૫ ના રોજ હીસાબ બતાવવા પ્રતીવાદીએ પ્રથમ ના કહી ત્યારથી ઉત્પન થયુ છે અને તે આ કોર્ટની હકુમતમા છે.

૭ કમીશનના રૂ પ્રોસેસના રૂ મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હુ વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદી તમામ ચોપડાઓ રજુ કરે અને અવલથી આખર સુધી હીસાબના તમામ ચોપડાઓ બતાવે અને હીસાબ નકી કરે તેવી તેને ફરજ પાડો અગર તેના તમામ ચોપડાઓ ઉપર જપ્તી કરી અને હીસાબ જોવાની તક મલે તેવુ હુકમનામુ કરી આપવા અને કોર્ટ ખરચ તથા જે નુકશાન મને પ્રતીવાદીની કસુરથી થયુ છે તે પ્રતીવાદી પાસેથી તેની જાત અને દરેક મીલકતથી અપાવવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ અપાવી શકાય તે અપાવશો તા ૨૭-૧૨ ૧૯૧૪.

૧ **શેઠ રતીલાલ માહાસુખલાલ સહી.** દા. પોતે.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તારીખ ૨૭-૧૨-૧૯૧૪.

૧ **શેઠ રતીલાલ માહાસુખલાલ સહી.** દા પોતે

લી **જેઠાલાલ રતીલાલ** વકીલ.

દાવા અરજી નમુના નંબર ૨૭.

કારકુનના (નોકરના) અપ્રમાણીકપણા બાબત. ફરીઆદ અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

પાટણના પરીખ અમૃતલાલ દલસુખરામ } વાદી

વીરૂધ

પાટણના શા ઝવેરલાલ ગીરધરલાલ. } પ્રતીવાદી

દાવો રૂ. ૨૫૧-૦-૦ મલવાનો.

હું વાદી અરજ કરૂં છું કે

૧ તારીખ ૧-૩-૧૯૧૪ ના રોજ મેં પ્રતીવાદી ઝવેરલાલને કારકુન તરીકે નીમ્યો.

૨ તેના અવેજમાં (બદલામાં) તા. ૨૮-૨-૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ માહારી શાથે એવી કબુલાત કરી કે જો કારકુન તરીકે પ્રમાણીકપણાથી પોતાનુ કામ કરવાસા કસુર કરે અથવા મારે વાસ્તે તેને મળેલા પૈસા કરજ બદલ પુરાવાના લેખ અથવા બીજી મીલકતનો હીસાબ ન આપે તો તેથી મને જે નુકશાન થાય તે પ્રતીવાદીએ રૂ. ૫૦૦-૦-૦ સુધી નુકશાન થાય તેના પ્રમાણમા ભરી આપવુ.

૩ તા. ૧૦-૯-૧૯૧૪થી ના ૧૨-૧૦-૧૯૧૪ ની દરમ્યાન પ્રતીવાદીએ પૈસા અને બીજી મીલકત મલીને રૂ. ૨૫૧) ની કીમતની રકમ મારે માટે લીધી તેનો એણે મને હીસાબ આપ્યો નથી અને તે હજુ લેહેણી તથા આપ્યા વગરની છે.

૪ પ્રતીવાદીએ માહારા માટે લીધેલી રકમ રૂ. ૨૫૧) ની મને આપી નથી તેમ તેનો તેણે હીસાબ પણ આપ્યો નથી તેમ આપતો પણ નથી તેમ તેનો કોઇ પણ રીતે ખુલાસો કરતો નથી. સબબ દાવો કરવા ફરજ પડી છે.

૫ દાવાનુ કારણ માહારા જાણવા માનવામા તા. ૧૨-૧૦-૧૯૧૪ ના રોજ આવ્યુ ત્યારથી આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

ટીપ.

આ દાવા અરજીમા પારા. ૨મા જે હકીકત લખાય છે ત્યાં તે વગર નીચેની હકીકત પણ લખી શકાય છે.

(પ્રતીવાદીએ તા. ૨૮—૨—૧૯૧૪ ના રોજ પોતાની સહીથી લેખ કરી આપીને પોતાની નોકરીમા કસુર કરે અને હીસાબ ન આપે તો રૂ ૨૫૧-૦-૦ ની રકમ ગુન્હેગાર તરીકે મને આપવાને પ્રતીવાદી પોતે મારી સાથે બધાયો છે એવી શરતથી કે જો મારા કારકુન અને કીલીદાર તરીકે સદરહુ પ્રતીવાદી પોતાનુ કામ પ્રમાણીકપણે બજાવે અને જે જે પૈસા, કરજ બદલ પુરાવાના લેખ, અને બીજી મીલકત કોઇ પણ વખતે મારી વતી તેની પાસે હોય તે બધાનો ખરેખરો હીસાબ તે મને આપે તો તે કરાર રદ થાય)

અથવા

(તેના અવેજમાં તેજ તારીખે પ્રતીવાદીએ મને દસ્તાવેજ લખી આપ્યો તેની નકલ આ સાથે જોડી છે)

૬ કમીશનના રૂ પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. રજુ છે.
૭ હું વાદી દાદ માગું છુ કે પ્રતીવાદી પાસેથી 'સદરહુ રકમ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત તેની જાત અને દરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો અને તે શીવાય અને કાયદેસર જે જે દાદ અપાવવા લાયક જણાય તે અપાવશો તા ૨૭—૧૨—૧૯૧૪.

૧ **વાદી અમૃતલાલ દલસુખરામ સહી.** દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૨૭-૧૨-૧૪

૧ **વાદી અમૃતલાલ દલસુખરામ સહી.** દા. ખુદ.

લી **રતીલાલ પ્રાણવલ્લભ.**

દાવા અરજી નમુના નંબર ૨૮.

ભાડુતે ઘરના માલીક ઉપર મુદત પહેલાં ઘર ખાલી કરાવવાથી નુકશાન લેવાની કરવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

ધ્રાંગધ્રાના શેઠ મણીલાલ રતીલાલ } વાદી
વીરૂધ.
ધ્રાંગધ્રાના શા. મોતીલાલ પ્રાણુલાલ } પ્રતીવાદી.

દાવો રૂ. ૩૦૧—૮—૦ મલવાનો તથા કરાર પ્રમાણે દુકાનનો કબજો સોપાવવાનો. હુ વાદી અરજ કરૂ છુ કે

૧ તા ૧-૫-૧૯૧૨ ના રોજ પ્રતીવાદીએ રજીષ્ટર દસ્તાવેજથી મને દરબારગઢ પાસે રતનચોકમા નબર ૨૮૮ ની દુકાન સાત વરસની બધીથી (સાત વરસની મુદત સુધી) ભાડે આપી તેમાં મારી સાથે એવો કરર હતો કે મારે અને માહારા કાયદેસર વારસવકીલોએ તે દુકાનનો સદ‌હુ મુદત સુધી સ્વસ્થ પણે કબજો ભોગવવો.

૨ આ ફરીઆદ ચલાવવાનો મારો હક્ક થવા માટે જે જે શરતો પુરી પાડવાની અને જે જે વાતો બનવાની જરૂર છે તે બધી પુરી પડી છે તથા બની છે.

૩ સદરહુ પ્રમાણે કરાર થએલ તે મુદત અદર તા. ૧-૧૨-૧૪ ના રોજ પ્રતીવાદીએ માહારી પાસેથી દુકાન ખાલી કરાવી મને તે દુકા-

નમાંથી કાઢ્યો અને હજુ પણ તે મને દુકાનનો કબજો આપતો નથી.

૪ દુકાન ખાલી કરી તે દુકાન છોડવાથી મને પ્રતીવાદીની કસુરને લ-ઇને માહારી દુકાન અંદરનુ ફરનીચર ત્થા મણીઆરાનો સામન ખપવામાં હરકત પડી તેમજ ખાલી કરતા કેટલોક સામન બગડયો અને માહારી જે ઘરાકી હતી તે તુટી ગઇ તેમજ અંદરથી નીકળ-વામાં કેટલોક ખરચ થયો

૫. પ્રતીવાદીની આ પ્રમાણેની કસુરને લઇને મને રૂ. ૩૦૧) નું નુક-શાન થયુ છે.

૬. પ્રતીવાદી સદરહુ નુકશાનની રકમ આપતો નથી તેમ દુકાન કરેલ કરાર પ્રમાણે આપતો નથી તેમ તે બાબતમાં કાંઇ કાયદેસર ખુ-લાસો કરતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે.

૭. દાવાનુ કારણ માહ્'રી પાસેથી દુકાન ખાલી કરાવી ત્યારથી તા. ૧-૧૨-૧૪ ના રોજ આ કોર્ટની હુકમતમા ઉત્પન્ન થયુ છે.

૮ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૯ હું વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદી પાસેથી કરાર પ્રમાણે દુકાનનો કબજો સોપાવો ત્થા મને થએલ નુકશાન કે જે દાવામાં બતાવેલ છે તે આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત પ્રતીવાદીની જાત અને દરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ વાસ્તવીક અને બીજી જે જે દાદો કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવવા મેહેરબાની કરશો તા. ૨૭-૧૨-૧૪

૧ **વાદી મણીલાલ રતીલાલ સહી.** દા ખુદ

હુ વાદી ઇકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૨૭-૧૨-૧૪.

૧ **વાદી મણીલાલ રતીલાલ સહી.** દા ખુદ.

લી **માણેકલાલ નગીનદાસ.**

ટીપ

૧ દુકાનને બદલે ઘર હોય તો દુકાન શબ્દને ઠેકાણે ઘર લખવુ.

૧ ઘર ખાલી કરવાથી બીજુ ઘર ભાડે લેતાં જે ભાડુ વધારે આપવુ પડયુ હોય તેમજ ખાલી કરવામા તેમજ ધંધા વીગેરેમાં જે નુક-શાન થયુ હોય તે માગી શકાય છે

૧ દરજી-સુથાર-લુવાર ભાવસાર રંગરેજ વીગેરે એવા ધંધા કરના-રને અમુક મેહેલામાં રહેવાથી પોતાનો ધંધો સારો ચાલે છે અને તેથી તેવા મેહેલામાંથી નીકળવાથી તેને પોતાના ધંધાનું નુકશાન થાય છે તેનું નુકશાન માગી શકાય છે.

દાવા અરજી નમુના નંબર ૨૯.

હામી બાબતના કરાર ઉપરથી કરવાની દાવા અરજી

આજમ મહેરબાન સાહેબની કોર્ટમાં

વીરમગામના શેઠ માધવલાલ રણછોડલાલ } વાદી

વીરમગામના ખોજા. મહમદ જાફર } પ્રતીવાદી

દાવો રૂ ૨૫૨–૦–૦ નો

હુ વાદી અરજ કરૂછુ કે

૧ તા. ૬–૭–૧૯૧૪ ના રોજ માધવલાલ રણછોડલાલ અને ખોજા મહમદ જાફર નામની પેઢીના વેપારમા હુ અને પ્રતીવાદી પાતીદાર હોવાથી સદરહુ પત્યાળુ તોડયુ અને અરસપરસ એવો કરાર કર્યો કે પ્રતીવાદીએ પત્યાળાની બધી મીલકત લેવી :ને રાખવી અને ઉપભોગ કરવો અને તેના બદલામા પેઢીનુ તમામ કરજ જે હોય તે આપવુ અને સદરહુ પેઢીના કોઇ કરજને લીધે મારા ઉપર જે જે દાવા કરવામા આવે તે બધાનુ નુકશાન ભરી આપવુ

૨ સદરહુ કરારની તમામ શરતો માહારા ભાગની માહારે જે જે પુરી કરવી જોઇએ તે તમામ મે પુરી કરી છે અને તે પ્રમાણે હુ વરતેલ છુ અને તેનો મે અમલ કર્યો છે

૩ તા. ૪–૩–૧૯૧૪ ના રોજનું વીરમગામના શેઠ મણીલાલ વૃજલાલનું પેઢી પાસે લેહેણુ હતુ તે બદલ તે સદરહુ મણીલાલે વીરમગામ મામલતદાર સાહેબની કોર્ટમાં માહારા અને પ્રતીવાદી ઉપર એક ફેસલો મેળવી હુકમનામુ મેળવ્યુ જેથી માહારે તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજ રૂ ૨૫૨–૦–૦ ભરપાઇ કરવા સારૂ શેઠ મણીલાલ વૃજલાલને આપવા પડયા અને તે પ્રમાણે રૂપીઆ આપ્યા

૪ પ્રતીવાદીએ તે રૂપીઆ મને આપ્યા નથી.

૫ પ્રતીવાદી સાથે કરાર છે તે પ્રમાણે સદરહુ રૂ ૨૫૨) નો પ્રતીવાદી જવાબદાર થાય છે છતા તે રૂપીઆ આપતો નથી તેમ કોઈ રીતે તેનો ખુલાસો પણ કરતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે

૬ દાવાનુ કારણ તા ૧–૧૨–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હું વાદી દાદ માગુંછું કે દાવાવાળા રૂપીઆનુ ચડતા વ્યાજે એકી વખતે કોર્ટ ખરચ સહીત પ્રતીવાદીની જાત અને તેની દરેક મીલ-કતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે તેમજ વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવવા મેહેરબાની કરશો તા. ૧–૧–૧૯૧૫

૧ **શેઠ માધવલાલ રણછોડલાલ સહી** દા ખુદ

હુ વાદી ઇકરાર કરૂછુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧–૧–૧૯૧૫

૧ **શેઠ માધવલાલ રણછોડલાલ સહી** દા. ખુદ

લી. નાહાનાલાલ પુરષોતમ

દાવા અરજી નમુના નબર ૩૦.

દગો કરી મીલકત લીધી હોય તેના નાણાં લેવાની દાવા અરજી

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં

વીરમગામના મુમણ પુંજા કરીમ. } વાદી

વીરમગામના શેઠ મફતલાલ હીરાલાલ } પ્રતીવાદી

દાવો રૂ ૧૫૨–૦–૦

હુ વાદી અરજ કરૂછું કે

૧ તા ૧–૬–૧૯૧૪ ના રોજ પ્રતીવાદીને અમુક સામન વેચવાનુ મન થાય એટલા માટે તેણે મને એમ સમજાવ્યુ કે હુ એટલે પ્રતીવાદી પૈસાદાર છુ અને માહારી બધી જવાબદારી જતા રૂપીઆ બેહજા-રનો આસામી છુ

૨ તેવુ પ્રતીવાદીએ કહેવા ઉપરથી રૂ ૧૫૨–૦–૦ ની તમાકુની જુ-ડીઓ પ્રતીવાદીને વેચવાનુ અને સ્વાધીન કરવાનું મને મન થયુ અને હુ લલચાયો અને તે પ્રમાણેની કીમતનો માલ પ્રતીવાદીને મે સ્વાધીન કર્યો.

૩ પ્રતીવાદીએ સમજાવેલ વાતો ખોટી હતી કારણ કે પ્રતીવાદીએ મને વીરમગામમા ગાધી માણેકલાલ મગનલાલની દુકાનમા ભાગ હોવાનુ કહેલ પણ સદરહુ માલ આપ્યા પછી તપાસ કરતા મને તે વાત ખોટી જણાય છે આ વાતો તમામ ખોટી છે એમ પ્રતીવાદી જા-ણુનો હતો અને તે વખતે તે તેને માલુમ હતુ

૪ સદરહુ માલની કીમત પ્રતીવાદીએ આપી નથી

૫ સદરહુ કીમત પ્રતીવાદી આપતો નથી તેમ તેનો કાંઈ પણ ખુલાસો કરતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે.

૬ દાવાનુ કારણ તા. ૧-૬-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી રૂ સ્ટેમ્પથી રજુ છે.

૮ હું વાદી દાદ માગુછુ કે સદરહુ દાવાવાળા રૂપીઆ ચડતા વ્યાજે કોર્ટ ખર્ચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામું કરી આપવા મેહેરબાની કરશો તે-મજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો

તા. ૧-૧-૧૯૧૫

૧ **મુંમણ પુંજા કરીમ સહી** દા. ખુદ

હું વાદી ઇકરાર કરૂછુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૧-૧-૧૯૧૫

૧ **મુંમણ પુંજા કરીમ સહી** દા. ખુદ લી. **નાગર પુરસોતમ.**

દાવા અરજી નમુના નં. ૩૧

દગલબાજીથી બીજા સક્ષને માલ ઉધાર અપાવ્યો હોય તેની દાવા અરજી.

આજમ મહેરબાન સાહેબની કોર્ટમા.

વીરમગામના શેઠ મગનલાલ પુરસોતમ.	} વાદી.
વીરમગામના પડયા ત્રીકમલાલ ઝવેરલાલ.	} પ્રતીવાદી

દાવો રૂ. ૨૩૫-૦-૦

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧ તારીખ ૧-૫-૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ મને એમ સમજાવ્યુ કે વીરમગામના ત્રવાડી મનસુખ રતીલાલ પૈસાવાળા છે અને તેની સાખ સારી છે તથા તેની બધી જવાબદારી જતા તે રૂપીઆ દશ હજારની આસામી છે વલી તે રૂ ૩૫) ની સારી નોકરીમાં છે અને તે સારી હાલતમાં છે અને નીર્ભયપણે તેને સાખ ઉપર માલ ધીરી-શકાય તેવો છે.

૨ તે ઉપરથી ત્રવાડી મનસુખ રતીલાલને રૂ. ૨૩૫) ની કીમતનો

ગોળ તા. ૧–૫–૧૪ ના રોજ મેં આપ્યો જેનાં નાણું લેવાની શરત તા. ૧–૬–૧૯૧૪ ના રોજની કરી હતી.

૩ પ્રતીવાદીએ સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી અને તે ખોટી છે એમ પ્રતીવાદી તે વખતે જાણતો હતો અને મને ઠગવાના તથા દગો કરવાના હેતુથી, નુકશાન કરવાને ઇરાદે પ્રતીવાદીએ ખોટી વાતો સમજાવી હતી.

૪ ત્રવાડી મનસુખ રતીલાલે સદરહુ ગોળની કીમત આપી નથી ઉધાર આપેલની મુદત ગઇ છતાં પણ તેણે આપી નથી અને આપતો નથી.

૫ પ્રતીવાદીને કહેતા કહેવરાવતા તે સદરહુ નાણા આપતો નથી તેમ મનસુખ પાસેથી અપાવતો નથી તેમ કોઇ રીતે ખુલાસો પણ કરતો નથી જેથી દાવો લાવવા ફરજ પડી છે.

૬ દાવાનુ કારણ તા. ૧–૫–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ પ્રોસેસના રૂ મલી રૂ. રજુ છે.

૮ હું વાદી દાદ માગુ છુ કે દાવાવાળા રૂપીઆ ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મહેરબાની કરશો તેમજ બીજી જેજે દાદ અપાવી શકાશ તે અપાવશો તા. ૧–૧–૧૯૧૫.

૧ શેઠ. મગનલાલ પુરસોતમ સહી. દા. ખુદ.

હુ વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૧–૧–૧૯૧૫.

૧ શેઠ. મગનલાલ પુરસોતમ સહી દા ખુદ. લી **રતીલાલ ત્રીકમલાલ.**

દાવા અરજી નમુના નં. ૩૨

પાણી બગાડયા બદલ કરવાની દાવા અરજી.

આજમ મહેરબાન સાહેબની કોર્ટમાં

સીહોરીના શેઠ મગનલાલ રતનલાલ } વાદી.

સીહોરીના ઠાકોર ગોદડભાઈ માનસગભાઇ } પ્રતીવાદી

દાવો રૂ. ૬૫–૦–૦ નો

હું વાદી અરજ કરૂ છુ કે

૧ સીહોરી ગામની સીમમા ગામના પાદરમા વાડી નામની જમીનનો

તથા તે જમીનમાંના કુવાનો તથા તે કુવામાંના પાણીનો કબજો ભોગવટો હાલ મારો છે તથા હેઠળ કહેલી બધી વખતે હતો તથા સદરહુ કુવાનો અને કવામાના પાણીનો ઉપભોગ અને લાભ લેવા. વ.નો હક મારો હતો તથા તે કુવામા પાણીની આવક થવાને જે કાઇ પાણીના ઝરા અને વેહેળા વહીને કુવામા આવતા હતા તે ઝરા તથા વેહેળાનુ પાણી ગદુ ન કરવા અથવા ન બગાડતાં વહેતું રાખવાનો હક્ક મારો હતો.

૨ તા. ૨૧–૧૨–૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ સદરહુ કુવો તથા તેમાનુ સદરહુ પાણી તથા કુવામા વહી આવતા સદરહુ પાણીના ઝરા અને વેહેળા ગેરવ્યાજબીરીતે ગદા કર્યા તથા બગાડયા.

૩ આ કારણને લીધે સદરહુ કુવાનુ તે પાણી મેલુ થયુ તથા ઘરના અને બીજા જરૂરી કામને સારૂ બીનઉપયોગી થયુ તથા સદરહુ કુવાનો અને પાણીનો ઉપભોગ અને લાભ હુ અને માહારૂ કુટુબ લેતા બધ પડયા છીએ

૪ પ્રતીવાદીની આ પ્રમાણેની કસુરથી સદરહુ કુવાને અસલ સ્થીતીમાં લાવતા અને તેટલો વખત બીજા પાણીનો ઉપભોગ કરતા રૂ ૩૫ ૦-૦ ખરચ થયા છે.

૫ પ્રતીવાદી તે રૂપીઆ આપતો નથી તેમ કાઇ ખુલાસો કરતો નથી જેથી દાવો લાવવા ફરજ પડી છે

૬ દાવાનુ કારણ તા ૨૧–૧૨–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયું છે.

૭ કમીશનના રૂ પ્રોમેસના રૂ મલી રૂ સ્ટેમ્પથી રજુ છે.

૮ હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ દાવાવાળા રૂપીઆ કોર્ટ ખરચ સહીત ચડના વ્યાજે એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા તેમજ બીજી જેજે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવવા મહેરબાની ફરમાવશો તા ૧–૧–૧૯૧૫

૧ શેઠ. મગનલાલ રતનલાલ સહી. દા. ખુદ

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા અને માનવા પ્રમાણે બરાબર છે તા ૧–૧–૧૯૧૫

૧ શેઠ. મગનલાલ રતનલાલ સહી. દા. ખુદ લી. **ધરણીધર વૃજરાય.**

દાવા અરજી નમુના નં. ૩૩

ખરાબ કારખાનું ચલાવવાથી થએલ નુકશાન લેવાની દાવા અરજી.

આજમ મહેરબાન   સાહેબની કોર્ટમાં

વઢવાણ કેમ્પના રહીશ પાટીદાર માણેકલાલ પીતામ્બરદાસ } વાદી.

વીરૂધ.

વઢવાણ કેમ્પના રહીશ નાગરદાસ વનમાલીદાસ જ્ઞાતે વૈશ્નવ વાણીઆ. } પ્રતીવાદી

દાવો રૂ ૩૩૫-૦-૦

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧ વઢવાણ કેમ્પમાથી દુધરેજ જતા રેલવે સડકથી આસરે બસો વીઘા જમીન કે જે "દુધરેજીઆ પા" નામથી ઓળખાય છે તે તમામ જમીન મહારા કબ્જામા છે અને હેઠળ કહેલી બધી વખતે માહારા કબ્જામા તેમજ ભોગવટામા હતી.

૨ તારીખ ૧-૧૨-૧૯૧૪ના રોજથી તા ૧૫-૧૨-૧૯૧૪ ના રોજ સુધી પ્રતીવાદીએ ગધક શોધવાનુ તેમજ ધાતુનો કચરો શોધવાનુ કારખાનુ ચલાવ્યુ અને તેથી તે પ્રતીવાદીના કારખાનામાથી ખરાબ અને રોગકારક ધુમાડો અને બીજી વરાળો તથા અપકારક પદાર્થ મોટા જથામા પ્રતીવાદીએ ગેરવ્યાજબી રીતે કાઢયા તે ધુમાડો, વરાળ, અને પદાર્થ સદરહુ જમીન ઉપર અને જમીન પર પ્રસર્યા અને હવા અગાડી તથા સદરહુ જમીનની સપાટી ઉપર ઠર્યા.

૩ તેથી કરીને સદરહુ જમીન ઉપર માહારા ઝાડ, વાડ, અને પાક ઉગતો, તેને નુકશાન થયુ અને કીમત માટે તે ઉતરી ગયા તથા તે જમીનમા માહારા જે ઢોર અને જીવધન હતુ તે રોગી થઇને તેમાથી કેટલાક તો ઝેર લાગીને મરી ગયા

૪ તે કારણને લીધે મારા ઢોર બીજી જગ્યાએ લઇ જવા પડયાં તેથી તેમજ કેટલાક ઢોર મરી જવાથી તથા પાકની કીમત ઓછી ઉપજવાથી અને પાક કમતી થવાથી મને ઘણુ નુકશાન થયુ તેમજ કારખાનુ ચલાવ્યુ નહત તો તે જમીનનો જેવો લાભકારક અને આરોગ્યકારક ઉપયોગ અને ઉપભોગ હુ લઇ શકત તે પ્રમાણે લઇ શકયો નહી.

૫ આ પ્રમાણે ખરાબ કારખાનુ ચલાવવાથી અને તેના લીધે માહારાં ત્રણ બલધો રૂ. ૧૦૫) ની કીમતના મરી ગયા તથા બે વીઘા જ-

મીનમાંનું વવેતર ચણાનું હતું તે બળી ગયું વીગેરે તમામ નુકશાન થઇ આશરે રૂ. ૩૩૫–૦–૦ નુ નુકશાન થયુ છે. આરોગ્યકારક ઉ-પયોગ્ય અને ઉપભોગ લીધો નથી તેની નુકશાની તેમજ સદરહુથી જમીનની સ્થીતી આવતી સાલમા કેવી રહેશે તે નુકશાનીનો દાવો હાલ લાવતો નથી પણ તે બાબત અજમાયશે તે નુકશાન જણાશે તેનુ નકી થયે લાવીશ.

૬ સદરહુ નુકશાનની રકમ પ્રતીવાદી આપતો નથી તેમ આપી નથી કહેતા કહેવરાવતા કાંઇ જવાબ આપતો નથી કે કોઇ રીતે ખુલાસો કરતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે

૭ દાવાનુ કારણ તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે

૮ કમીશનના રૂ. પ્રોસેસના રૂ મલી રૂ સ્ટેમ્પથી રજુ છે

૯ હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ દાવાવાળા રૂપીઆનુ ચડતાવ્યા જે કોર્ટ ખરચ સાથે એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હ-રેક મીલકતથી વસુલ લેવાનુ હુકમનામુ કરી આપવા મહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે તે તમામ દાદો અપાવશો તા ૧–૧–૧૯૧૫

૧ **પાટીદાર માણેકલાલ પીતામ્બરદાસ સહી** દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂછુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૧–૧–૧૫

૧ **પાટીદાર માણેકલાલ પીતામ્બરદાસ સહી** દા. ખુદ.

લી. **રણછોડલાલ વૃજરાય**

દાવા અરજી નમુના નં. ૩૪.

રસ્તે જતા અટકાવવાથી કરવાની દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમા.

વારાહીના ઠકર પીતામ્બર ગણેશ. } વાદી.

વીરૂદ્ધ

ટીપ.

૧ પાંચમો પારીગ્રાફ લખવામા ન આવે તો પણ ચાલી શકે.

૧ ગૃહસ્થ માણસ હોય અને હમેશા ગાડીઘોડાથી ભાડે પોતાને ઘેર જવુ આવવુ પડતું હોય અને તેથી લબાણવાળા રસ્તાનુ ભાડુ વધારે આપવુ પડતુ હોય તો તે નુકશાનની રકમ પણ માગી શકાય છે તેમજ બીજી કાઇ નુકશાની થાય તો તે પણ માગી શકાય છે.

વારાહીના ઠકર મગનલાલ બેચરદાસ } પ્રતીવાદી.

દાવો લુવાણાવાસમાં પ્રતીવાદીએ પોતાના ઘર પાસે કરેલ નવીન-વાડ કાઢી નાંખવા બાબત.

હું વાદી અરજ કરૂં છું કે.

૧. વારાહી ગામમાં લુહાણા નામની શેરીમાં પ્રતીવાદીના ઘર જોડે માહારૂ એક ઘર છે કે જે માહારા કબ્જા ભોગવટામા છે અને હેઠલ લખેલે વખતે માહારા કબ્જા ભોગવટામાં હતુ.

૨. મારે પોતાને ત્થા મારા કુટુબને અને માહારા નોકર વીગેરે તમામ માણસોને તેમજ માહારી સાથે કામ પાડનાર માણસોને સદરહુ મકાને આવવાનો રસ્તો પ્રતીવાદીના ઘર પાસે થઇને હતો તેમજ તે ઘરમાથી જવાનો રસ્તો પણ પ્રતીવાદીના ઘર પાસે થઇને હતો

૩. તારીખ ૧-૧૧-૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ પોતાના ઘર પાસે વાડ કરી લેવાથી સદરહુ રસ્તો ગેરવ્યાજબીરીતે અટકાવ્યો તેથી કરીને તે રસ્તેથી સદરહુ મકાને વાહનથી તેમજ પગે ચાલીને હુ સદરહુ મકાને જઈ શકયો નહીં તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજથી સદરહુ રસ્તો પ્રતીવાદીએ ગેરવ્યાજબીરીતે અટકાવ્યો છે.

૪. સદરહુ બાબત પ્રતીવાદીને કહેતા કહેવરાવતા તે માનતો નથી તેમ રસ્તા બાબત કાંઇ નીકાલ કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૫ સદરહુ મકાને લબાણવાળા બીજે રસ્તેથી માહારે જવુ આવવુ પડે છે તેથી લાબો વખત ગેરવ્યાજબીરીતે જાય છે અને તેથી તેટલા પુરતું ધધામાં નુકશાન થાય છે તેમજ ધધાને લીધે માહારી સાથે કામ પાડનાર લોકો લબાણવાળા રસ્તેથી આવતા અટકે છે અને તેથી મને ધધાનુ નુકશાન થાય છે

૬. દાવાનુ કારણ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે.

૭. કમીશનના રૂ. પ્રોસસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮. હું વાદી દાદ માગું છુ કે પ્રતીવાદીએ કરેલ વાડ પ્રતીવાદી કાઢી નાખે અને મને તેમજ માહારે ત્યા આવનારને અડચણ કરે નહી તેવુ હુકમનામુ ત્થા કોર્ટ ખરચ પ્રતીવાદી આપે તેવુ હુકમનામુ કરી

આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો તા. ૧–૧–૧૯૧૫.

૧. **ઠકર પીતામ્બર ગણેશ, સહી** દા. ખુદ.

હુ વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧–૧–૧૯૧૫.

૧. **ઠકર પીતામ્બર ગણેશ સહી** દા. ખુદ.

લી. **શંકરલાલ વીશ્વનાથ.**

દાવા અરજી નમુના નં ૩૫.

રાજમાર્ગ અટકાવ્યા બદલ અને તેથી થએલ નુકશાન બાબત કરવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

મેહેસાણાના શેઠ ગોરધનદાસ વૃજલાલ } વાદી.

વીરૂદ્ધ.

મેહેસાણાના પાટીદાર પીતામ્બર ગીરધરલાલ. } પ્રતીવાદી

દાવો રસ્તા વચે પડેલા પથરા કાઢી નાખવા તથા રૂ. ૬૫–૦–૦ થએલ નુકશાન લેવા બાબત

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧. તા. ૧—૧૨—૧૯૧૪ થી આજસુધી જતાં આવતાં સારવજનીક રાજમાર્ગમા અટકાવ થાય એવી રીતે તે રસ્તામા પ્રતીવાદીએ ગેર વ્યાજબી રીતે શાક બજાર પાસે ખાઈ ખોદીને માટી તથા પથરા ઈંટો વીગેરે રોડાનો ઢગલો કર્યો છે.

ટીપ,

ઇજા થવાથી જેટલી મુદત ધધો થઇ શકે નહી તેટલી મુદતમા જેટલુ કમાઇ શકાત તેની નુકશાની માગી શકાય છે.

શરીર અંદરનો કોઇપણ ભાગ ભાગ્યો હોય અથવા કાયમ માટે કોઇ ઇજા થઈ હોય તો ઇજા થનાર ઈસમની સ્થીતી પ્રમાણે તેટલા શરીર ના ભાગની નુકશાની માગી શકાય છે

શરીરની ઇજાનુ નુકશાન કેટલુ ગણાય તેનો ઘણો આધાર મેડીકલ અભીપ્રાય ઉપર રહે છે.

૨. તેથી કરીને સદરહુ ધોરી રસ્તે કાયદેસર રીતે જતાં હું તા. ૧-૧-૧૯૧૫ ના રોજ સદરહુ માટી તથા પથરા રોડામાં પડયો અને તેથી માહારા પગને ઘણી ઇજા થઇ અને ઘણુ દુઃખ ભોગવ્યુ તથા મારો ધધો ચલાવવામાં મને હરકત પડી અને હજુ પડે છે.

૩. સદરહુ ઇજા થવાથી ડાકતર પાસે દવા કરાવવાની જરૂર પડી હતી અને ડાકતરને રૂ. ૪૦-૦-૦ તેમની મેહેનતના તથા રૂ. ૨૫-૦-૦ દવા દારૂમા મલી રૂ ૬૫) નુ મને નુકશાન થયુ છે

૪. માહારો ધધો કરવામાં જેટલુ નુકશાન થશે તેનુ નકી થએ તે બાબતનો જુદો દાવો પાછળથી લાવીશ

૫. સદરહુ દાવાવાળા રૂપીઆ પ્રતીવાદી આપનો નથી તેમ કહેતાં કહેવરાવતા તે બાબતનો કાંઈ ખુલાસો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૬. દાવાનુ કારણ તા. ૧-૧-૧૯૧૫ ના રોજ ઇજા થઇ ત્યારથી આ કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ મલી કુલ રૂ સ્ટેમ્પથી રજુ છે

૮ હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ દાવાવાળા રૂપીઆનુ ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેનો દરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા તથા સદરહુ રાજમાર્ગમા માટી વીગેરે પડેલ પથરા રોડા પ્રતીવાદી ખસેડી લે તેમ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી કાયાદા પ્રમાણે અને વાસ્તવીક રીતે જે જે દાદ અપાવી શકાય તે અપાવશો
તા ૧-૧-૧૯૧૫

૧. **શેઠ ગોરધનદાસ વૃજલાલ સહી.** દા. ખુદ

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૧-૧-૧૯૧૫

૧. **શેઠ ગોરધનદાસ વૃજલાલ સહી.** દા ખુદ.

લી. **મથુરાદાસ વન્દ્રાવનદાસ.**

દાવા અરજી નમુના નંબર ૩૬.

પાણીનો પ્રવાહ બીજી તરફ વાળ્યા બદલ લાવવાની દાવા અરજી

ટીપ

પાણી લેતા અટકાવ થવાથી જે નુકશાન થાય તે પણ માગી શકાય છે. આ દાવાઅરજી પાણીનો અટકાવ થયો ત્યારે તાત્કાલીક કરવાની છે નુકશાન થએલનુ તે વખતે નકી હોય નહી જેથી લખવામા આવ્યુ નથી

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

સીહોરીના પાટીદાર રતનલાલ વૃજલાલ. } વાદી
વીરૂધ્ધ.

સીહોરીના પાટીદાર મનસુખ મણીલાલ } પ્રતીવાદી

સીહોરી અને માનપુર વચ્ચે નદી અદર બાધેલ નવો બધ તોડી નાંખવા બાબત.

હું વાદી અરજ કરૂ છુ કે

૧ સીહોરીની સીમમા વાડી નામના ખેતરો માહારા કબજા ભોગવટા અને માલીકી હકના છે અને હેઠળ કહેલે તમામ વખતે તે પ્રમાણે માહારા કબજામા હતા.

૨ તે ખેતરો અદરનુ પાણી વહી માહારા ખેતરોમા લેવાનો માહારો હક છે અને તે પ્રમાણે ઘણા લાબા વરસોથી હુ લઉ છુ.

૩ નદી અદર વહેતુ પાણી ઉનાળા સુધી વહે છે ત્યાહા સુધી પાણી લેવાનો માહારો હક છે.

૪ વાડી નામના માહારાં ખેતરો અદર હાલ ઘઉ વાવ્યા છે અને તેમાં નદીનુ પાણી લેવાઇ પવાય છે.

૫ માહારા ખેતરો સુધી નદી અદર પાણિ વહે નહી તેવી રીતે વચમાં બધ બાધી નદીનુ જે કુદરતી પાણી આવે છે તે કાયદાવીરૂધ્ધ રીતે અને ગેરવ્યાજબી રીતે અટકાવ્યુ છે.

૬ પ્રતીવાદીને આ પ્રમાણે બધ બાધી પાણી અટકાવવા હક્ક કે અધીકાર નથી.

૭ પ્રતીવાદીએ આ પ્રમાણે પાણી અટકાવવાથી તા. ૧–૧–૧૯૧૫ ના રોજથી મહારા ખેતરો અદર જે ઘઉ વાવ્યા છે તેને પાણી મલતુ નથી અને તેથી ઘઉના પાકમા મને ઘણુ નુકશાન થશે.

૮. પ્રતીવાદીના આ કૃત્યથી જેટલા દીવસ વાવેતર વાળા ઘઉ ને પાણી નહી પોચી શકે તેથી પાકમા મને જે નુકશાન થશે તે બાબતનો દાવો નુકશાન ચોકસ જણાએ અને તેની અજમાયસી કીમત નકી થયે પાછળથી દાવો લાવવાનો હક રાખી હાલ આ દાવો લાવુ છું.

૯. પ્રતીવાદીએ તા. ૧–૧–૧૫ ના રોજથી બધ બાધી વહેતુ અને કુદરતી પાણી ગેર વ્યાજબી રીતે અટકાવ્યુ છે ત્યારથી તેને કહેતાં કહેવરાવતા બધ કાઢી નાખતો નથી તેમ કોઇ પણ રીતે ખુલાસો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૧૦. દાવાનુ કારણ તા. ૧–૧–૧૯૧૫ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયુ છે

૧૧. કમીશનના રૂ.   પ્રોસેસના રૂ.   મલી કુલ રૂ.
સ્ટેમ્પથી રજુ છે.

૧૨. હું વાદી દાદ માગું છુ કે પ્રતીવાદીએ નદી અંદર બાંધેલ બંધ કઢાવી નંખાવવા અને મને થએલ કોર્ટ વીગેરે ખરચ પ્રતીવાદીની જાત અને તેની દરેક મીલકતથી અપાવવાનુ હુકમનામુ કરી આપવા ત્યા બીજી જે જે કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે દાદો અપાવી શકાય તે અપાવવાનુ હુકમનામ કરી આપવા મેહેરબાની કરશો તા ૫–૧–૧૯૧૫.

૧. **પાટીદાર રતનલાલ વૃજલાલ સહી.** દા ખુદ.

હું વાદી ઇકિરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૫–૧–૧૯૧૫.

૧. **પાટીદાર રતનલાલ વૃજલાલ સહી.** દા ખુદ.

લી. નાનજી ડોસાજી.

દાવા અરજી નમુના. નંબર ૩૭

પાણી લેતાં અટકાવ થવાની દાવા અરજી.

આજમ મેહેરબાન.   **સાહેબની કોર્ટમાં**

વારાહીના આયર માનસગ બેચર } વાદી

વીરૂદ્ધ.

વારાહીના આયર નયુ વાલા } પ્રતીવાદી

દાવો વારાહીની સીમમા "મોતીસરા પા" અંદર કુવો છે તેનુ પાણી લેતા પ્રતીવાદી અટકાવે નહી તેવો હુકમ આપવા બાબત.

હુ વાદી અરજ કરૂ છુ કે—

૧ વારાહીની સીમમા "મોતીસરા પા" અંદર ચેરીઆ નામના માહારા ખેતરો છે તેનો કબજો ભોગટો અને માલીકી હક માહારો છે, અને હેઠલ લખેલે વખતે કબજો ભોગવટો અને હક માહારો હતો તે જમીનને પાણી પાવા સારૂ તેજપા અંદર એક ચુના ઇંટથી બાધેલ કુવો છે તેમાથી કોસવતી પાણી લઇ નીકથી માહારા ખેતરોમા પાણી પવાય છે અને તે પ્રમાણે પાણી કુવામાથી લેવાનો અને નીકવતી માહારા ખેતરોને જોઈએ તેટલુ પાણી પાવાનો અને તે પ્રમાણે ઉપભોગ કરવાનો માહારો હક છે.

૨ તા. ૧–૧–૧૯૧૫ ના રોજથી સદહુ કુવામાથી ગેરવ્યાજબીરીતે

મને અટકાવ્યો છે અને તે પ્રમાણેનો અટકાવ કરી પાણી લેવા દેતો નથી અને ઉપભોગ કરવા દેતો નથી.

૩ હાલ માહારા ખેતરો અંદર જારનુ વાવેતર છે અને પ્રતીવાદીના આ પ્રમાણેના ગેરવ્યાજબી કૃત્યથી માહારી જારને અમુક દીવસો પાણી મલશે નહી તેથી મને ઘણુ નુકશાન થાય છે જે નુકશાનનો દાવો લાવવાનો હક પાછળથી રાખુ છુ.

૪ પ્રતીવાદી કહેતાં કહેવરાવતા માનતો નથી અને પાણી લેવા આપતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૫ દાવાનુ કારણુ તા. ૧–૧–૧૯૧૫ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૬ કમીશનના રૂ. પ્રોસેસના રૂ મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે

૭ હુ વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદી મને કુવામાથી પાણી લેતાં અટકાવે નહી તેમ કોઇ પણ રીતે હરકત કરે નહીં તેવુ હુકમનામુ કરી આપવાની સાથે મને થએલ કોર્ટ ખરચ વીગેરે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ અપાવી શકાય તે અપાવશો. તા. ૧–૧–૧૯૧૫.

૧ **આયર માનસંગ બેચર સહી.** દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૫–૧–૧૯૧૫.

૧ **આયર માનસંગ બેચર સહી.** દા; ખુદ.

લી. **ઓધવજી નાગજી.**

ટીપ.

નુકશાન થયુ હોય તો તે પ્રમાણે નુકશાનની રકમ માગી શકાય છે.

નુકશાન પાછળથી માગવાનુ હોય તો તે હકબાકી રાખ્યો છે તેમ બતાવવુ જોઇએ આમાં પારા ત્રણમાં બતાવેલ છેતે પ્રમાણે

" મોતીસરા પા " નામ લખવામાં આવ્યુ છે તે સીમનુ નામ છે.

જેને પાણી લેવાનો હક હોય તે લેતાં અટકાવ થયો હોય તો તે પ્રમાણે તમામ દાવા લાવી શકાય છે.

દાવા અરજી નમુના નંબર. ૩૮.

આગગાડીના રસ્તા ઉપર થએલ નુકશાન લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

વીરમગામના શેઠ ત્રીકમલાલ વૃજલાલ વીરૂદ્ધ.	વાદી
રેલવે કંપનીના મેનેજર તથા વીરમગામ સ્ટેશન માસ્તર. સા. મી. ગોવીંદલાલ નરસીહદાસ	પ્રતીવાદી.

દાવો રૂ. ૧૪૫૦—૦—૦

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ તારીખ ૧—૧૧—૧૯૧૪ ના રોજ પ્રતીવાદીઓ જે ભાડું આપે તે બધા મુસાફરોને વીરમગામથી જતી રેલવેમાં તથા વીરમગામથી પાટડી તથા વીરમગામથી મેહેસાણા તથા વીરમગામથી અમદાવાદ અને વીરમગામથી વઢવાણ તરફ લઇ જનાર હતા.

૨ તા. ૧—૧૧—૧૪ ના રોજ સદરહુ આગગાડીના રસ્તા ઉપરની પ્રતીવાદીઓની ગાડીઓમાની વીરમગામથી વઢવાણ તરફ જતી ગાડીઓમાનો હું પેસન્જર હતો.

૩ હું તે પ્રમાણે પેસન્જર હતો તેવામા વીરમગામ સ્ટેશન નજદીકમાં રેલવે ગાડી ચાલવી શરૂ થઈ અને એકજ મીનીટમા પ્રતીવાદીઓના નોકરોની ગફલત અને અપ્રવીણતાને લીધે ગાડીઓ સામસામી અથડાઈ તેથી કરીને મને ઘણી ઇજા થઈ માહારો જમણો પગ ભાગી ગયો. માથામાં હદ ઉપરાંત માર વાગ્યો અને લોહી નીકળ્યું. તેમજ બીજા શરીરના અવયવોને ન સહન થઇ શકે તેવો માર વાગ્યો અને તેથી હુ અશક્ત થઇ ત્યાજ પડયો આખબર માહારા સગા સ્નેહીઓને પડતા બહુ મુસીબતે મને ઘેર લઇ ગયા. વૈદ્યને બોલાવી ઔષધોપચાર કરવામાં ખરચ થયો તે સાથે પગની ઇજાને લીધે પહેલાં જેવો ધંધો ચલાવવાને હુ નીરંતરનો અશક્ત થયો.

ટીપ.

ગાડીમાં ઉતરી ઘેર જતાં અંજીન કે ડબા અથડાવવાથી નુકશાન થાય તો તે પણ માગી શકાય.

ગુડસ અંદર માલ કમતી થાય તો કમી થએલ માલનું નુકશાન માગી શકાય

વગેરે રેલવે કપની સાથે વહેવારમા જે જે નુકશાન થાય તે તે તમામ નુકશાન માગી શકાય છે.

૪ સદરહુ ઇજાને લીધે વૈદયને ફીના રૂ. ૨૦૦) ત્થા રૂ. ૨૫૦) દવામાં અને રૂ. ૧૦૦૦) માહારા ધધો ચલાવવાની નુકશાનીના મળી રૂ. ૧૪૫૦) નુ મને નુકસાન થયુ છે.

૫ સદરહુ નુકશાનની રકમ પ્રતીવાદીઓ આપતા નથી તેમ કહેતાં કહેવરાવતા તે બાબતનો કોઇપણ રીતે ખુલાસો કરતા નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૬ દાવાનુ કારણ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલીકુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ દાવાવાળા રૂપીઆ આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીઓની રેલવે કપનીમાંથી તેમજ તેમની જાત અને હરેક મીલકતથી લેવાનુ હુકનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે તે તમામ દાદ અપાવશો. તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ ત્રીકમલાલ વૃજલાલ સહી.** દા. ખુદ

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૧-૧-૧૯૧૫.

૧ **શેઠ ત્રીકમલાલ વૃજલાલ સહી.** દા. ખુદ.

લી. **એચ. સી.** વકીલ.

દાવાઅરજી નમુના નબર. ૩૯.

ગફલતથી હાકવાને લીધે થએલ નુકશાનની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

અમદાવાદના શેઠ હીરાલાલ માણેકલાલ	વાદી.
વીરૂદ્ધ.	
અમદાવાદના શેઠ વૃજલાલ રતીલાલ ત્થા પટેલ અમથા ઝવેર.	પ્રતીવાદી.

ટીપ

રસ્તે ચાલતા કોઇ ઇશમે પતરૂ ફેંકયુ હોય તેમજ કોઇએ પથરો કે રોડુ અગર લાકડુ સ્વભાવીક ફેંકયુ હોય અને તેથી ઈજા થાય તોપણ નુકશાન માગી શકાય છે. અર્થાત રસ્તે ચાલતા જે જે ઇજા અને નુકશાન થાય તે તે તમામ ઇજા કરનાર અને નુકશાન કરનાર ઇસમ પાસેથી માગી શકાય છે.

દાવો રૂ ૧૫૦૦-૦-૦

હું વાદી અરજ કરૂ છુ કે,

૧ હું વાદી અમદાવાદ શહેરમા સ્ટેશન ઉપર મોદીખાનાની દુકાન રાખી સીધુ સામન. (ખાવાની ખોરાક) વેચવાનો ધંધો કરૂં છું. પ્રતીવાદી અમદાવાદમાં પ્રખ્યાત સરાફ છે.

૨ તા. ૧-૧૦-૧૯૧૪ ના રોજ બાર વાગ્યાના અરસા વખતે અમદાવાદ શહેરમાં રેલવે સ્ટેશન ઉપરની માહારી દુકાનેથી ઘેર ખાવા જતો હોય અને પાંચકુવા વટાવીને ખાડીઆમા વળતા માહારી પાછળ પ્રતીવાદીની ઘોડા ગાડી જે કે ન. ૨ નો પ્રતીવાદી અમથો હાકતો હતો અને શેઠ અદર બેઠા હતા તે ગાડીવાને કે શેઠે કાઇ પણ ચેતાવ્યા વગર ગફલતથી એકાએક ઉતાવળા અને ભયકર વેગથી વાલી અને તેથી તે ગાડીનો દાડો મને લાગ્યો અને તેથી હુ નીચે પડયો અને ઘોડાઓના પગ તળે હુ ઘણો છુદાયો અને તેથી મને ઘણીજ ઇજા થઇ.

૩ ધકકા લાગવાથી પડવાથી અને ચગદાવાથી માહારા ડાબા હાથને ઘણીજ ઇજા થઇ અને પગ ભાગ્યો અને પડખે બરડે તેમજ અદર હુ ઘણોજ અશક્ત થયો અને મને ઇજા થઇ અને તેથી કરીને હુ ત્રણ માસ માંદો અને વેદનામા રહ્યો ત્થા માહારો ધધો ચલાવી શકયો નહીં અને ઔષધોપચારનો ત્થા બીજો ઘણો ખરચ થયો અને મારો ધધો ત્થા નફો ગયો.

૪ હુ ત્રણ માસ બીમાર રહેવાથી માહારી દુકાન બધ રાખવી પડી હતી. હુ દર માસે રૂ. ૫૦) કમાતો હતો તેથી ત્રણ માસના રૂ. ૧૫૦ ત્થા ડાકતરને રૂ. ૨૫) ફીના આપ્યા અને રૂ ૧૨૫) દવામા મલી રૂ. ૬૦૦) તે નુકશાન થયુ અને માહારો ડાબો હાથ ભાગવાથી માહારે કાયમ માટે હવે બીજો માણુસ રાખવો પડશે તે બાબતની નુકશાનીના રૂ. ૯૦૦) મલી રૂ. ૧૫૦૦) નો દાવો લાવુ છુ.

૫ પ્રતીવાદીઓને કહેતાં કહેવરાવતાં સદરહુ નુકશાનના રૂપીઆ આપતા નથી તેમ કાંઈ ખુલાસો કરતા નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૬ દાવાનુ કારણુ તા. ૧-૧૦ ૧૯૧૪ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હું વાદી દાદ માગું છું કે સદરહુ દાવાવાળા રૂપીઆ ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીઓની જાત અને તેમની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવાની સાથે બીજી જે જે દાદ કાયદા પ્રમાણે તેમજ વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવશો તા. ૨-૧-૧૯૧૫.

૧ **શેઠ હીરાલાલ માણેકલાલ સહી** દા ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારાજ જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨-૧-૧૫.

૧ **શેઠ હીરાલાલ માણેકલાલ સહી** દા. ખુદ.

લી. **આર. એલ. વકીલ.**

દાવાઅરજી નમુના નંબર. ૪૦

અદાવતથી ફોજદારીમાં કામ ચલાવ્યા બદલ નુકશાન લેવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

વઢવાણ કેમ્પના ઠકર ગીરધર વખતરામ. } વાદી.

વીરૂદ્ધ.

વઢવાણ કેમ્પના શેઠ તુલસીદાસ ધર્મદાસ } પ્રતીવાદી.

દાવો રૂ. ૭૦૦-૦-૦ મળવાનો.

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ તા. ૧-૧૨-૧૯૧૪ ના રોજ વઢવાણ કેમ્પ સેકન્ડ કલાશ માજીસ્ત્રેટ સા. પાસેથી પીનલ કોડ કલમ ૩૨૩-૩૫૩ તથા ૪૦૩ ના આરોપ માટે પકડવાનુ વારટ પ્રતીવાદીએ કઢાવ્યુ અને તે ઉપરથી મને પકડયો અને તે ઉપરથી એક દીવસ પોલીસના પહેરામા અને બે દીવસ જેલ અંદર કેદમા રાખ્યો તેમાથી છુટો થવા સારૂ ૨૦૦) નામે જામીન આપ્યા અને જામીન ઉપર છુટો થયો.

૨ પ્રતીવાદીએ તે કામ અદાવતથી અને વ્યાજબી અથવા સંભવીત કારણુ વગર કરેલુ છે.

૩ તા. ૨૫-૧૨-૧૯૧૪ના રોજ સદરહુ માજીસ્ત્રેટ સાહેબે પ્રતીવાદીની ફરીઆદ કાઢી નાખી અને મને નીરદોષ ઠરાવ્યો.

૪ સદરહુ કેસની હકીકત સર્વે માણસોના સાભળવામા આવવાથી જેમના નામો હુ જાણતો નથી એવા ઘણાસક્ષો સદરહુ પકડાયાની વાત સાભળીને તથા હુ ગુન્હેગાર છુ એમ ધારીને મારી સાથે ધધો કરતા બધ થયા છે તેમજ સદરહુ પકડવાને લીધે વઢવાણ કેમ્પના

સરાફ મગનલાલ જીવણલાલને ત્યા રૂ ૧૮) ના માસીક પગારથી હું નોકર હતો તે માહારી નોકરી ગઈ તેમજ તે કારણને લીધે તા. ૧-૧૨-૧૯૧૪ ના રોજથી તા. ૨૫-૧૨-૧૯૧૪ ના રોજ સુધી માહારા ઉપર ગુન્હાનો આરોપ હોવાથી શારીરીક અને માનસીક વેદના ભોગવી અને તેટલો વખત માહારો કામ[1] ધધો[2] થઈ શકયો નહી ત્થા મારી શાખને ધકકો પોચ્યો.

૪ સદરહુ કેદખાનામાથી છુટો થવામા અને સદરહુ આરોપની ફરીઆદ સામે મારો બચાવ કરવામા મે વકીલ રાખેલ તેને રૂ. ૨૫૦) ફીના આપ્યા ત્થા સાહ્વી વીગેરેમા રૂ ૫૦) ખરચ થઈ રૂ. ૩૦૦) તે ખરચ થયુ છે અને માહારી નોકરી જવાથી તેમજ માહારી આબરૂને નુકશાન થએલ તેની ઉધડ નુકશાની રૂ ૪૦૦) મલી રૂ. ૭૦૦) નો દાવો લાવુ છુ.

૫ પ્રતીવાદી સદરહુ રકમ આપતો નથી તેમ તેનો કાઇ ખુલાસો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૬ દાવાનુ કારણ તા ૧-૧૨-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે.

૭ કમીશનના રૂ. ત્થા પ્રોસસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હુ વાદી દાદ માગું છુ કે સદરહુ દાવાવાળા રૂપીઆનુ ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો ત્થા બીજી જે જે કાયદેસર અને વાસ્તવીક રીતે દાદ અપાવી શકાય તે અપાવશો તા. ૧-૧-૧૯૧૫

૧ **ઠકર ગીરધર વખતરામ સહી** દા. ખુદ.

હુ વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫.

૧ **ઠકર ગીરધર વખતરામ સહી** દા ખુદ.

લી. **એચ. ડી. વકીલ.**

ટીપ.

૧ શારીરીક એટલે શરીરને તેટલો વખત અટકાયતમાં રહેવુ પડયુ હોય ત્થા બીજી કાઇ વેદના થઇ હોય તે.

૨ માંનસીક એટલે મનને તેટલો વખત ઉપાધીમાં તેમજ ફીકરમાં રહેવુ પડયુ હોય તે માનસીક દુખ સમજવું.

દાવા અરજી નમુના નંબર. ૪૧.

જંગમ મીલકત ગેરવ્યાજબી રીતે અટકાવ્યા બદલ કરવાની દાવાઅરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

રાધનપુરના શેઠ ગીરધરલાલ વ્રજલાલ } વાદી
વીરૂદ્ધ.

રાધનપુરના શા વાડીલાલ હરખચંદ } પ્રતીવાદી

દાવો રૂ. ૩૫૦—૦—૦ ના કમીશન ઉપર.

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ તારીખ ૧—૧૨—૧૯૧૪ ના રોજ આ સાથે જોડેલ યાદીમા લખેલ વીગતવાર કીમતનો માલ માહારી માલીકીનો હતો અને તા ૧—૧૨—૧૪ ના રોજ હુ યાત્રાર્થે બહારગામ જતો હોવાથી સદરહુ માલ પ્રતીવાદીને સોપીને ગએલ તે માલની કીમત આશરે રૂ ૨૫૦—૦—૦ની છે.

૨ તા. ૧૧—૧૨—૧૯૧૪ ના રોજ હુ આવ્યો અને પ્રતીવાદી પાસે સદરહુ માલ લેવા જતા તેણે આપ્યો નહી અને જવાબ આપ્યો કે માહારા એટલે પ્રતીવાદીના રૂપીઆ વાદી પાસે લેહેણા છે તેટલા માટે અટકાવી રાખ્યો છે

૩ તા. ૧૧—૧ —૧૯૧૪ ના રોજ તેમજ તે પછી પણ પ્રતીવાદી પાસે માલ લેવા જતા તે આપતો નથી અને લેણા પેટે અટકાવ્યો છે એમ કહી માલ સ્વાધીન કરવાની ના કહે છે સબબ દાવો કરવાની ફરજ પડી છે.

૪ દાવાનુ કારણ તા. ૧૧—૧૨—૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે.

૫ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી કુલ રૂ સ્ટેમ્પથી રજુ છે.

૬ હુ વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદી પાસેથી યાદીમા લખ્યા પ્રમાણેનો માલ અને રૂ. ૧૦૦ નુકશાની અપાવો અને પ્રતીવાદી માલ આપવાની ના કહેતો તેની કીમતના રૂ ૨૫૦) ત્થા માલ અટકાવી રાખ્યા બદલની નુકશાનીના રૂ. ૧૦૦) મલી રૂ. ૩૫૦) આઠ આના ।। ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો તા. ૧—૧—૧૯૧૫.

૧ **શેઠ ગીરધરલાલ વૃજલાલ સહી.** દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૧–૧–૧૯૧૫

૧ **શેઠ ગીરધરલાલ વૃજલાલ સહી.** દા. ખુદ.

લી **એલ. બી.** વકીલ.

શેઠ ગીરધરલાલ વૃજલાલનો શા વાડીલાલ હરખચંદ પાસે જે માલ છે તેની યાદી નીચે પ્રમાણે

૧ ૪૦–૦–૦ ગોળના રવા નંગ દશ મલી મણ દશ પ્રત રૂ. ૪ લેખે.
૧૦૦–૦–૦ તમાકુની જુડીઓ મણ ૨૦ પ્રત રૂ ૫) ના ભાવની.
૩૦–૦–૦ સોનાનુ કડુ ત્રાંબાના ગાભાવાળુ નગ એક
૮૦–૦–૦ ચાદીની પાટનો કટકો નંગ એક તોલા સો ભારનો.

———

૨૫૦–૦–૦

તા. ૧–૧–૧૯૧૫

રજુ કરનાર વાદી **ગીરધરલાલ વૃજલાલ સહી.** દા. ખુદ.

દાવા અરજી નમુના નં. ૪૨.

કપટથી ખરીદ કરનાર સામે કરવાની દાવા અરજી તથા માહીત છતાં તેની પાસેથી લેનાર ઉપર કરવાની દાવા અરજી

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

ધ્રાંગધ્રાના પારેખ નરોતમ અમૃતલાલ વીરૂદ્ધ.	વાદી.
ધ્રાંગધ્રાના શેઠ મણીલાલ છોટાલાલ તથા ધ્રાંગધ્રાના શેઠ અમથાલાલ ઝવેરલાલ.	પ્રતીવાદી.

દાવો રૂ ૪૭૨–૦–૦

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ તારીખ ૧–૪–૧૯૧૪ ના રોજ પ્રતીવાદી મણીલાલ છોટાલાલે ચોખાના થેલા વેચવાનુ મન થાય એટલા માટે તે પ્રતીવાદી મણીલાલે મને એમ સમજાવ્યુ કે પોતે દાર છે અને તેની બધી જવાબદારી જતાં તે રૂ ૧૦૦૦) નો આસામી છે.

૨ તેથી કરીને ચોખાના થેલા ૨૭ મણ. ૧૦૮ કીમત રૂ ૪૭૨) ના વેચવાનું તથા સ્વાધીન કરવાનુ મને મન થયુ.

૩ સદરહુ સમજાવેલી વાતો મોટી હતી અને તે ખોટી છે એમ તે

વખતે મણીલાલ છોટાલાલને માહેત હતુ અને તે પોતે જાણતો હતો.
કે તે પોતે નાદાર છે.

૪ ચોખા મણ. ૧૦૮ પ્રત મણ એકના રૂ ૪) ના ભાવથી પ્રતીવાદી મણીલાલ છોટાલાલને મે આપ્યા અને તે ચોખા મણીલાલે નબર બેના પ્રતીવાદી શેઠ અમથાલાલ ઝવેરલાલને કાંઇપણ બોબદલા શીવાય તબદીલ કરી આપેલ છે

૫ પ્રતીવાદી મણીલાલ છોટાલાલ મને ખોટું સમજાવી માલ લઇ ગએલ તેની નં. ૨ ના પ્રતીવાદી અમથાલાલની માહીતીમાં અને જાણવામાં હતુ.

૬ પ્રતીવાદી ખોટું સમજાવીને માલ લઇ ગયો છે તેની ખબર મને તા. ૧૨–૧૨–૧૯૧૪ ના રોજ પડી અને ત્યારથી હું બન્ને પ્રતીવાદીઓને માલના નાણા આપવા અગર માલ પાછો મને સ્વાધીન કરવા કહુ છુ પણ બન્ને પ્રતીવાદીઓ માલ પાછો મને સ્વાધીન કરતા નથી તેમ તેની કીમતના નાણાં આપતા નથી તેમ કોઇ રીતે તેનો ખુલાશો કરતા નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે.

૭ દાવાનુ કારણ તા. ૯–૧૨–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૮ કમીશનના રૂા. પ્રોસેસના રૂ. મળી કુલ. રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૯ હુ વાદી દાદ માગું છુ કે પ્રતીવાદી પાસેથી સદરહુ માલનો કબજો અપાવો અને રૂ ૪૦ અટકાવી રાખ્યા બદલની નુકશાની અપાવો અને માલનો કબજો ન આપે તો સદરહુ ચોખાની કીમતના રૂ ૪૩૨) અને રૂ ૪૦ અટકાવી રાખ્યા બદલની નુકશાનીના મલી રૂ ૪૭૦) આઠ આનાના ચડતા વ્યાજે કોર્ટ ખરચ સહીત. એકી વખતે પ્રતીવાદીની જાત. અને તેની હરેક મીલકતથી વસુલ લેવાનું હુકમનામુ કરી આપવાની સાથે કાયદેસર અને બીજી વાસ્તવીક જે જે દાદો અપાવી શકાય તે અપાવશો તા. ૧–૧–૧૯૧૫

૧ **પારેખ નરોતમ અમૃતલાલ સહી.** દ ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર મહારા જાણવા માનવા મુજબ બરોબર છે. તા. ૧–૧–૧૯૧૫

૧ **પારેખ. નરોતમ અમૃતલાલ સહી.** દા. ખુદ.

લા૦ ડી એલ. વકીલ.

દાવા અરજી નમુના નં. ૪૩.

ચુકના સબબથી કરાર રદ કરાવવાની દાવા અરજી

આજમ મહેરબાન સાહેબની કોર્ટમાં

અમદાવાદના શેઠ નરપતલાલ અમૃતલાલ } વાદી

વીરૂધ.

અમદાવાદના શેઠ વાડીલાલ મનસુખ } પ્રતીવાદી.

તારીખ. ૧—૧૨—૧૯૧૪ ના રોજ

પ્રતીવાદી સાથે ૫દર વીઘા જમીન લેવાનો થએલ કરાર રદ કરાવવા દાવો

હું વાદી અરજ કરૂ છુ કે

૧ તા. ૧—૧૨—૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ મને એમ જણાવ્યુ કે સ્ટેશનથી પૂર્વ તરફ માહારી માલીકીનો એક જમીનનો ટુકડો ૫દર વીધાનો છે.

૨ તે ઉપરથી સદરહુ કહેલુ ખરૂ માનીને સદરહુ ટુકડો રૂ ૧૦૦૦) માટે ખરીદ કરવાનુ મને મન થયુ અને કરારનામા ઉપર સહી કરીજે કરારનામાની નકલ આ સાથે છે અને અસલ કરાર રજુ કરવા હુકમ થયે રજુ કરીશ પરતુ તે જમીન મને તબદીલ કરી આપી નથી

૩ તા. ૮—૧૨—૨૯૧૪ ના રોજ તે ખરીદીની રકમના પેટે રૂ ૧૫૦—૦—૦ મે પ્રતીવાદીને આપ્યા છે.

૪ સદરહુ જમીનનો ટુકડો ખરેખર દશ વીધાનોજ છે.

૫ પ્રતીવાદીએ ૫દર વીધા જમીનનો ટુકડો જણાવી રૂ ૧૦૦૦) નો કરાર માહારી સાથે કરેલ છે પણ તે પ્રમાણે ૫દર વીધા જમીન નથી અને માહારી સાથે ખોટો કરાર કરી બાના તરીકે રૂ ૧૫૦) લીધા છે તે પ્રતીવાદી વ્યાજ સાથે પાછા આપતો નથી અને કરેલ કરાર રદ કરતો નથી તેમ કહેતા કહેરાવતાં કોઇ પણ રીતે ખુલાશો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૬ દાવાનું કારણ તા. ૧—૧૨—૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂા મળી કુલ રૂ સ્ટેમ્પથી રજુ છે.

૮ હુ વાદી દાદ માગુ છુ કે રૂ ૧૫૦ તથા તા. ૮—૧૨—૧૪ થી તેનુ વ્યાજ અપાવવા અને તા ૧—૧૨—૧૯૧૪ ના રોજ પંદર વીઘા

જમીન ખરીદ કરવા મતલબનો કરાર રદ કરીને પાછો સ્વાધીન કરાવો અને મને થયેલ કોર્ટ ખરચ સાથે મેં આપેલા રૂપીઆ વ્યાજ સાથે એકી વખતે પ્રતીવાદી આપે તેમ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવવા મહેરબાની ફરમાવશો તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ નરપતલાલ અમૃતલાલ સહી.** દા. ખુદ

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર મહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તારીખ ૧-૧-૧૯૧૫

૧ **શેઠ નરપતલાલ અમૃતલાલ સહી.** દા. ખુદ.

લી० **આર. સી. મહેતા.** વકીલ.

દાવા અરજી નમુના નં. ૪૪

ખરાબી કરતા અટકાવવાની તાકીદ બદલ કરવાની દાવા અરજી.

આજમ મેહરબાન. સાહેબની કોર્ટમાં.

નડીઆદના પાટીદાર માણેકલાલ અમૃતલાલ } વાદી.

વીરૂદ્ધ.

નડીઆદના પાટીદાર રતીલાલ વૃજલાલ, } પ્રતીવાદી

પ્રતીવાદી વાડી નામની જમીન ઉપર ખરાબી કરે નહી તેમ કરવા આપે નહી તેમ કરાવે નહી તે બાબત હુકમ થવા દાવો.

હુ વાદી અરજ કરૂ છુ કે,

૧ નીચે વર્ણન બતાવેલ અને ચતુ શીમા લખેલ તે જમીનનો હુ સપૂર્ણ માલેક છુ.

૨ નડીઆડ રેલવે સ્ટેશનથી પૂર્વ બાજુ " વાડી " નામથી ઓળખાતી જમીનની ચતુશીમા,

૧ પૂર્વ તરફ પાટીદાર મી. રમણીકલાલ ગોવર્ધન ભાઇનો બગીચો છે.

૧ દક્ષીણુ તરફ વોહરા સમસુદીન હસનભાઇની શાક વીગેરે વાવવાની વાડી છે.

૧ પશ્ચીમ તરફ પાટીદાર ચીમનલાલ હરીવલ્લભદાસનુ ખેતર છે જે આંબાવાડી નામથી ઓળખાય છે.

૧ ઉત્તર તરફ પાટીદાર ડાહ્યા ભાઇ હરીલાલભાઈના આંબાઓ વાળી વાડી છે.

૧ તકરારી અમારી વાડી પૂર્વ પશ્ચીમ લાંબી આશરે વીઘા, ૧૨ છે અને ઉત્તર દક્ષીણ પોહોળી આશરે વીઘા ૮ આઠ છે.

૧ આ વાડીમાં બાંધેલા બે કુવાઓ છે અને આંબા વીગેરે થોકબંધ કેટલીક જાત જાતનાં ઝાડો છે.

૩ માહારી પાસેથી લીધેલા પટાના આધારે સદરહુ જમીનનો કબજો પ્રતીવાદી પાસે છે.

૪ માહારી સંમતી વગર પ્રતીવાદીએ વેચવા સારૂ ઘણાં કીમતી ઝાડો કાપી નાખ્યાં છે અને બીજાં વધારે કાપવાની દહેશત પ્રતીવાદી આપે છે.

૫ પ્રતીવાદીને એકથી વધારે વખત કહેવામાં અને સમજાવવામા આવ્યુ પણ તે ખરાબી કરતા અટકતો નથી તેમ કોઈ રીતે માનતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૫ દાવાનું કારણ આ બાબતની અમો વાદીને જાણ થઇ તા. ૧-૧૨-૧૯૧૪ ત્યારથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૬ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૭ હુ વાદી દાદ માગું છુ કે પ્રતીવાદીને તાકીદ આપીને સદરહુ જમીન ઉપર કાંઇ ખરાબી કરે નહી તેમ કરવા દે નહી તેમ કરાવે નહીં અર્થાત ખરાબી કરતા અટકાવવાને તાકીદ આપવાનુ હુકમનામુ કરી આપવાની સાથે વાડીમાં થએલ નુકશાન તેમજ થએલ કોર્ટ ખરચ વ્યાજ સાથે એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મહેરબાની કરશો. તેમજ બીજી જે જે કાયદેસર અને વાસ્તવીક રીતે દાદ અપાવી શકાય તે તે અપાવવા મહેરબાની ફરમાવશો તા. ૧-૧-૧૯૧૫.

૧ **પાટીદાર, માણેકલાલ અમૃતલાલ સહી** દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫.

૧ **પાટીદાર માણેકલાલ અમૃતલાલ સહી.** દા. ખુદ.

લી. આર. સી. મહેતા વકીલ,

દાવા અરજી નમુના નં. ૪૫

અપકારક કૃત્ય કરતાં અટકાવવાની તાકીદ બદલ કરવાની દાવા અરજી

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

વઢવાણના શેઠ મણીલાલ અમૃતલાલ } વાદી.
વીરૂદ્ધ.

વઢવાણના ખોજા મહમદભાઇ જાફરભાઇ } પ્રતીવાદી

બજાર નજદીક આવેલ વાણીઆ શેરીમાં પ્રતીવાદી પોતાના ઘરમાં ચાંબડા ભરી અપકારક કૃત્ય કરે છે તે નહીં થવા બાબત દાવો.

હુ વાદી અરજ કરૂ છુ કે,

૧ વઢવાણુ શહેર અંદર વાણીઆ મેહેલ્લામાં નબર ૧૮૫ ના ઘરનો હુ સપૂર્ણ માલીક છુ અને નીચે લખેલે બધે વખતે હતો.

૨ તેજ મહેલ્લામાં માહારી સામેના ઘર નંબર ૨૦૮ નો પ્રતીવાદી સપૂર્ણ માલીક છે અને નીચે લખેલે બધી વખતે હતો.

૩ તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજથી પ્રતીવાદી પોતાના મકાન અંદર મરી ગએલ ઢોરોના કાચાં ચામડા ભરે છે અને તેથી ખરાબ બો એવી તો મહેલ્લામા પ્રસરે છે કે કોઇથી તેટલામા રહી શકાતુ નથી.

૪ સદરહુ કારણને લીધે સદરહુ ઘર છોડવાની મને જરૂર પડી છે અને તે ભાડે સદરહુ કારણને લીધે કોઇ રાખતુ નથી.

૫ પ્રતીવાદીએ આ પ્રમાણે કોઇ વખત કરેલુ નહી પણ તા. ૧–૧૨–૧૪ ના રોજથી ચાબડા ભરવા શરૂ કર્યા છે ત્યારથી તેમને કહેતા કહેવરાવતાં તે માનતા નથી અને તે પ્રમાણેનુ અપકારક કૃત્ય જારી રાખ્યુ છે સબબ દાવો લાવવા ફરજ ઉત્પન્ન થઇ છે.

૬ દાવાનુ કારણ તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હુ વાદી દાદ માગું છુ કે પ્રતીવાદી સદરહુ મકાનમા ચાંબડા ભરે નહીં અથવા બીજાને તે પ્રમાણે ભરવા દે નહી તેમ ભરાવે નહીં તે પ્રમાણેનુ અપકારક કૃત્ય અટકાવવાનુ હુકમનામુ કરી આપવાની સાથે તે પ્રમાણેની તાકીદ આપવા અને મને જે નુકસાન થયુ છે

ટીપ.

ચાંબડાં રાખવાને બદલે કોઇ ઇસમ નવીરીતે કુભારના માંટલાં વીગેરે પકવવાનો નીભાડો કરતો હોય અથવા ગફક વીગેરેનું ખરાબ કારખાનુ થતું હોય તે વીગેરે લોકોને હરકત કરતા જે જે નવી હરકતો અપકારક થતી હોય તે અટકાવવા આ પ્રમાણે દાવો લાવી શકાય છે.

તે તથા કોર્ટ ખરચ એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ આપે તેમ હુકમ ફરમાવવા મેહેરબાની કરશો તેમજ બીજી દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે તે અપાવશો તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ મણીલાલ અમૃતલાલ સહી.** દા. ખુદ

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહરા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ મણીલાલ અમૃતલાલ સહી.** દા. ખુદ

લી. **જગજીવન દુર્લભજી**

દાવા અરજી નમુના નં. ૪૬

લોકોપકારક કૃત્ય બદલ કરવાની દાવા અરજી.

આઝમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

રાધનપુરના શેઠ અમૃતલાલ વાડીલાલ	} વાદી
વીરૂદ્ધ,	
રાધનપુરના શેઠ ત્રીકમલાલ વૃજલાલ	} પ્રતીવાદી

દાવો રસ્તા વચ્ચે પડેલા પથરા રોડાં અને માટીના ઢગલા કાઢી નખાવવા તથા ફરી તેમ ન કરે તેવી તાકીદ આપવા બાબત

હું વાદી અરજ કરૂછુ કે

૧ પ્રતીવાદીએ કસારા બજારમા જાહેર રસ્તા ઉપર ટાવર નજદીકમા ગેરવ્યાજબી રીતે માટી તથા પથરાના ઢગલા કર્યા છે અને તેથી કરીને તે રસ્તે આવતા જતા લોકોને હરકત થાય છે અને જો પ્રતીવાદીને તેમ કરતાં અટકાવવામાં નહી આવે તો તે સદરહુ ગેરવ્યાજબી કૃત્ય ચાલુ રાખશે અથવા વધારે ફરી કરશે. એવી દહેશત આપે છે તથા તે પ્રમાણેનુ વધારે ગેરવ્યાજબી કૃત્ય કરવાનો ઇરાદો પણ રાખે છે.

૨ મે વાદીએ આ બાબતની ફરીઆદ લાવવાને નામદાર હજુર કોર્ટથી પરવાનગી મેળવી છે.

૩ પ્રતીવાદી કહેતા કહેવરાવતાં માનતો નથી અને ગેરવ્યાજબી કૃત્ય કર્યા કરે છે સબબ દાવો લાવવા ફરજ પડી છે

૪ દાવાનુ કારણ પ્રતીવાદીએ શરૂથી ગેરવ્યાજબી કૃત્ય કરવા પ્રારંભ કરેલ તા. ૧-૧૨-૧૯૧૪ ના રોજથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૫ કમીશનના રૂ. પ્રાસેસના રૂ. મલીકુલ રૂ સ્ટેમ્પથી રજુ છે.

૬ હું વાદી દાદ માગુંછુ કે પ્રતીવાદીને સદરહુ સાર વજનીક રસ્તે જનારા લોકોના માર્ગમાં હરકત કરવાનો હક નથી એમ કાયમનો હુકમ કરી જાહેર કરો તથા સદરહુ સારવજનીક રસ્તે જનારા લોકોના માર્ગમાં પ્રતીવાદીએ હરકત કરવી નહી એવી તેને તાકીદ આપો અને સદરહુ લખ્યા પ્રમાણે પ્રતીવાદીએ માટી તથા પથ્થરા વીગેરેનાં રેાાં ગેરવ્યાજબી રીતે કરેલા ઢગલા કાઢી નાંખવા માટે પ્રતીવાદીને હુકમ કરો અને માહારૂ થએલ કોર્ટ ખરચ એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ અપાવવાનું હુકમનામુ કરી આપવાની સાથે બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવવા મેહેરબાની કરશો

તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ અમૃતલાલ વાડીલાલ સહી.** દા. ખુદ

હુ વાદી અરજ કરૂછુ કે સદરહુ દાવાઅરજીમાં લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૫

૧ **શેઠ અમૃતલાલ વાડીલાલ સહી.** દા. ખુદ

લી. વૃજલાલ રતીલાલ

દાવા અરજી નમુના નંબર ૪૭.

જંગમ માલ નાશ કરવાની દહેશત આપી હોય તે પાછો લેવા બદલ તથા તાકીદ આપવા બદલ કરવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા

ટીપ.

લોકાપકારક ફરીઆદ સારવજનીક છે અને તેથી સ્થાનીક સરકાર તરફના માણુસેજ બનતા તક કરવાની છે આવી ફરીઆદો ગવર્નમેન્ટ ખાતામા "એડવોકેટ જનરલ" ને કરવાને પાવર છે અથવા જીલ્લાઓમાં કલેકટર સાહેબ અથવા તેવાજ બીજા નીમાએલા માણુસોને કરવાને પાવર છે.

સ્ટેટોમાં આવી ફરીઆદ કરવાને ઘણે ભાગે મ્યુનીસીપાલ સેક્રેટરી અથવા ચીફ કોન્સટેબલ કરી શકે કારણુ કે તેઓને સારવજનીક ફીકર રાખવાની છે એટલે તેઓ વગર મજુરીએ પોતાના પાવરથી આવી ફરીઆદ લાવી શકે

પરતુ પ્રજા વર્ગમાંથી કોઇને આવી ફરીઆદ કરવી હોય તો ગવરમેન્ટમાં એડવોકેટ જનરલની અથવા કલેકટર સાહેબની અને સ્ટેટોમાં હજુર કોર્ટની પરવાનગી મેળવી આ ફરીઆદ પ્રજાથી લાવી શકાય.

ધોરાજીના: શેઠ જીવણુલાલ ગીરધરલાલ	} વાદી
વીરૂદ્ધ.	
ધોરાજીના મેમણ કરીમભાઇ નથુભાઈ	} પ્રતીવાદી

દાવો પ્રતીવાદી પાસેથી ચાદીની જુના વખતની તસબીર કબજે લેવાનો.

હું વાદી અરજ કરૂ છુ કે

૧ માહરા વડવાની જુના વખતની ચાદીની તસબીર એક નામાકીત અને વીદ્વાન ચીતારાએ બનાવેલી છે તે માહારી માલીકીની છે અને નીચે કહેલે બધે વખતે હતી કીમત આકી શકાય તેવા પ્રકારની આ તસબીર નથી કારણ કે તસબીરની કારીગરી એવી ઉમદા છે કે તે હાલમા બનાવનાર મલી શકે નહી અને મલો શકે તો કેટલી કીમત લેશે તે નકી થઇ શકે તેવુ નથી.

૨ તા. ૧-૧૨-૧૯૧૪ ના રોજ હુ બહારગામ જતો હોવાથી તે સુરક્ષીત રાખવા સારૂ સદરહુ તસબીર હું પ્રતીવાદીને આપી સ્વાધીન કરીને બહાર ગામ ગયો હતો.

૩ તા. ૧-૧-૧૯૧૫ ના રોજ હુ બહારગામથી આવ્યો અને પ્રતીવાદી પાસે ગયો અને તેની પાસે સદરહુ તસબીર માગી અને તે રાખી મુકવા સારૂ જે વ્યાજબી ખરચ થયો હોય તે લે એમ મે પ્રતીવાદીને કહ્યુ

૪ પ્રતીવાદીએ મને સ્વાધીન કરવાને ના પાડી અને મને એવી દહેશત આપી કે જો સ્વાધીન કરવાનુ કહીશ તો તે હું છુપાવીશ કોઇને આપી દઇશ, કડકા કરી નાખીશ, અથવા તેને નુકશાન કરીશ. આ પ્રમાણેના તે તસબીરને નુકશાન કરવાના શબ્દો બોલ્યો

ટીપ

આવા કામમાં તસબીર તુરત કબજે કરવા પોલીસ અધીકારનો વીશ્વાસઘાતનો ગુન્હો બને છે અને ખરી રીતે તેજ રસ્તો લેવાથી તુરત તસબીર પણ હાથ થઇ શકે પરતુ આપણે આંહી દીવાની પ્રકરણની દાવા અરજીઓ લખવામાં અવી બાબત માટે દાવો કરવો હોય તો શી રીતે દાવા અરજી લખી શકાય એ પ્રકરણ હોવાથી દીવાની દાવા અરજી કરવી હોય તો આ પ્રમાણે લખી શકાય તેનો નમુનો આપ્યો છે અને તેથી ફોજદારી ફરીઆદ નહી થતી હોય તેમ માનવાનુ નથી આગળ પણ આવી જ અરજીઓ ગઈ છે.

૫ સદરહુ તસબીર જાય તો પૈસાની રકમ આપવાથી મને પુરા બદલા મળી શકવાનો નથી.

૬ પ્રતીવાદીને કહેતા કહેવરાવતાં તે માનતો નથી અને સદરહુ તસબીર આપતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે.

૭ દાવાનુ કારણુ તા. ૧-૧-૧૯૧૫ ના રોજ પ્રતીવાદીએ આપવાની ના કહી ત્યારથી આ કોર્ટ ની હકુમતમા ઉત્પન્ન થયુ છે.

૮ કમીશનના ૩ પ્રોસેસના ૩ મલી કુલ ૩ સ્ટેમ્પથી રજુ છે.

૯ હુ વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદીને તાકીદ આપીને તે સદરહુ તસબીર કોઇને આપી દે નહી, નુકશાન કરે નહી, અથવા છુપાવે નહી તેમ હુકમ કરી તસબીર મને અપાવવાનુ હુકમનામુ કરવાની સાથે મને થએલ કોર્ટ ખર્ચ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવાની સાથે બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વારતવીક રીતે અપાવી શકાય તે અપાવશો તા. ૨-૧-૧૯૧૫

૧ **શેઠ જીવણલાલ ગીરધરલાલ સહી.** દા. ખુદ

હુ વાદી પ્રકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨-૧-૧૯૧૫

૧ **શેઠ જીવણલાલ ગીરધરલાલ સહી.** દા ખુદ

લી. **એલ. બી. મેહેતા વકીલ.**

દાવા અરજી નમુના નં ૪૮.

ઇન્ટર, પ્લીડરની દાવા અરજી,

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

રાજકોટના શેઠ વ્રજલાલ રતીલાલ } વાદી
વીરૂદ્ધ.

રાજકોટના ઠકર ગીરધરલાલ અમુલખ
તથા ઠકર અમૃતલાલ વાઘજી ભાઇ, } પ્રતીવાદી

રાજકોટના ઠકર અમુલખ બહેચરદાશ મરણુ પામતા પહેલા અમુક દાગીના તેમણે ઠકર અમૃતલાલ વાઘજીભાઇને આપવા સારૂ મને સોંપેલ કે જે બાબતના બન્ને પ્રતીવાદીઓ હકદાર હોવાનુ કહે છે તો તેનો નીર્ણય થવા બાબત.

હું વાદી અરજ કરૂ છુ કે

૧ રાજકોટના ઠકર અમુલખ બહેચરદાસ માહારા સ્નેહી હતા અને

તેથી તેમનો વીશ્વાસ માહાગ પ્રત્યે પૂર્ણ હતો. અમુલખ બહેચરદાસ બીમાર પડયા અને મને બોલાવી સોનાની કઠી એક ગદીઆણા દશની કીમત આશરે રૂ ૧૩૦) ની તથા સોનાની વીંટીઓ ૮ તોલે ગદીઆણા ૧૫ કીમત આશરે રૂ. ૧૯૦) મલી રૂ ૩૨૦) ના દાગીના મને આપ્યા અને કહે કે માહારો ભાણેજ અમૃતલાલ વાઘજીભાઈ કે જે હાલ મુંબાઇ છે તેને સોપવા

૨ ઠકર અમૃતલાલ વાઘજીભાઇ આવતા સુધી મને સદરહુ દાગીના સુરક્ષીત રાખવા સારૂ આપ્યા.

૩ તા. ૧–૧–૧૯૧૪ ના રોજ સદરહુ દાગીના અમુલખે મને સ્વાધીન કર્યા છે અને તે કર્યા બાદ તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજ તેઓ મરણ પામ્યા છે.

૪ ઠકર અમૃતલાલ વાઘજીભાઇ મુબઇથી આવ્યા પ્રથમ પ્રતીવાદી ન. ૧ ગીરધરલાલ અમુલખ માહારી પાસે તા. ૧૫–૧૨–૧૯૧૪ ના રોજ આવ્યો અને મને કહે કે સદરહુ દાગીના અમૃતલાલ વાઘજીભાઇને આપશો નહી કારણ કે તેના ઉપર માહારો હક છે માહારા બાપ તે પ્રમાણે વડીલોપારજીત મીલકતની વ્યવસ્થા કરી શકતા નથી અને તે પ્રમાણે કરી શકે નહી અને અમૃતલાલને તે દાગીના પોચ્યા નથી ત્યાહા સુધી વ્યવસ્થા કરેલ ગણાય પણ નહીં આમ કહી મને અમૃતલાલ વાઘજી ભાઇને સદરહુ દાગીના આપવા સબધમાં અટકાવી તેણે માહારી પાસે દાગીના માગ્યા અને કહે કે મને તે દાગીના સ્વાધીન કરો.

૫ પ્રતીવાદી નં. ૨ ના અમૃતલાલને તે ખબર પોષ્ટદ્વારા વીગતવાર મે આપી તે ઉપરથી તા. ૨૫–૧૨–૧૪ ના રોજ અમૃતલાલ માહારી પાસે આવ્યો અને કહે કે માહારા મામા અમુલખને મે રૂપીઆ આપેલા તેના દાગીના બનાવેલા છે અને તેથી સદરહુ દાગીના માહારી માલીકીના છે માટે મને સ્વાધીન કરો.

૬ નં. ૧ નો પ્રતીવાદી ગીરધરલાલ મરનાર અમુલખનો દીકરો છે અને નં. ૨ નો પ્રતીવાદી મરનાર અમુલખનો સગો ભાણેજ થાય છે

૭ બન્ને પ્રતીવાદીઓ એક બીજાથી વીરૂદ્ધ તકરાર બતાવી પોતપોતાનો હક જણાવે છે અને માહારી પાસેથી દાગીના માગે છે

૮ બન્ને પ્રતીવાદીઓ પોતાનો હક જણાવે છે પણ પ્રતીવાદીઓના પોતપોતાના હકકો વીશે મને કાઇ માલુમ નથી

૯ સદરહુ મીલકત ઉપર માહારો કાંઇ હક નથી અને કોર્ટ ફરમાવશે
તે સક્ષને તે દાગીના આપવાને હું તૈયાર અને રાજી છું
૧૦ એમાંથી કોઇ પ્રતીવાદી સાથે મીલાપી થઇને આ ફરીઆદ આણી નથી
૧૧ પ્રતીવાદીઓને ઘણી મરતબે સમજાવ્યા છતાં બન્ને જણાઓ એ-
કત્ર વીચાર ઉપર આવતા નથી અને તેથી સદરહું દાગીના માહારે
કોને સોંપવા એ બાબત નીશ્ચય થવા આ ફરીઆદ કરવા ફરજ પડી છે
૧૨ દાવાનુ કારણ તા. ૧–૧૧–૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં
ઉત્પન થયુ છે
૧૩ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે
૧૪ હુ વાદી દાદ માગુછુ કે

ટીપ.

આ ફરીઆદનો ઉદ્દેશ એવો છે કે અમુક મીલકત પોતાના કબ જામાં હોય અને તેવા પ્રસગે તે મીલકતના માલીક એકથી વધારે જુદો જુદો હક હોવાનુ કહે ત્યારે તે મીલ્કત કયા ઇશમને સોંપવી અને કયા માણુસને હકદાર ગણવો તેની માથાકુટમા નહી પડતા તેઓ જે હકદાર થતા હોય તે બધાને ફરીઆદ કરવાનુ કહેવુ અગર આપણેજ એટલે ઇન્ટરપ્લીડરે (મીલકત જેના કબજામા હોય તે) જે હકદાર થતા હોય તે બધાને પ્રતીવાદી ગણી દાવો લાવવો જોઇએ.

એકથી વધારે માણુસો જુદા જુદા હકો હોવાનુ કહેતા હોય અને તેવા પ્રસંગે મીલકત જેના કબજામા હોય તે મીલકત રાખનાર એકનેજ હકદાર ગણી માલકત એકને આપે તો બીજા હકદાર હોવાનુ કહેતા હોય તેના પ્રત્યે મીલકત રાખનાર જવાબદાર થાય છે માટે તેવી જવા-બદારીમાંથી મુક્ત થવાનો આવી ફરીઆદ લાવવાનો કાયદાનો રસ્તો છે.

પોષ્ટ ખાતામા સેવીંગ્સ બૅંકમા જેઓનુ ખાતું હોય છે તે માણુસ મરણુ પામે છે ત્યારે તેના પાછળ કોણુ કોણુ વારસો છે તેઓ તમામ એકમત થાય તોજ મરનારની મુકેલી રકમ પોષ્ટ ખાતુ આપે છે જો મરનાર પાછળના વારસો એકમત નહી થાય તો તમામને વારસા સરટી ફીકેટ યોગ્ય ન્યાય કોર્ટનું મેળવવા કહેશે અને જે ઇશમ તેનુ સરટીફીકેટ મેળવે તેમને તે રકમ મળે છે.

પોષ્ટ ખાતાનો આ નીયમ ઇન્ટરપ્લીડરની ફરીઆદ જેવો છે રકમ મુકનાર માણુસ મરણુ પામે ત્યારે પોષ્ટ આફીસ ઇન્ટરપ્લીડર છે.

પ્રતીવાદીઓને તાકીદ આપીને તે મીલકત વીશે માહારા ઉપર કાંઈ કામ ચલાવતાં અટકાવવા

સદરહુ મીલકત ઉપરના તેમના હક અને દાવા વીશે વાદ ચલાવવા અને યોગ્ય કોર્ટમાં પોતપોતાનો હક નક્કી કરે તેમ બન્ને પ્રતીવાદીઓને કહેવુ

તેઓ બન્ને પોતપોતાનો હક સાબીત કરે ત્યાહાં સુધી સદરહુ મીલકત લેવાનો કોઇ સક્ષને અખ્તઆર આપવો અગર માહારા કબજામાં રહેવાનો હુકમ કરવો

પ્રતીવાદીઓને અગર બનેમાથી જેનો હક કોઈ સાબીત ગણે અને સદરહુ દાગીના બનેને અગર બનેમાથી એકને આપવા મને હુકમ કરે તેને સ્વાધીન કર્યા પછી અગર તો અત્યારેજ માહારા કબજામાથી સદરહુ દાગીના કોર્ટ પોતાના કબજામા લે તો તે સબંધી બન્ને પ્રતીવાદીઓની બધી જવાબદારીમાથી મને મુક્ત કરવાનુ હુકમનામુ કરી આપવાની સાથે બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવવા અને કોર્ટ ખરચ બને પ્રતીવાદીઓની જાત અને તેમની હરેક મીલકતથી વસુલ લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તા ૧-૧-૧૯૧૫

૧ શેઠ વ્રજલાલ રતીલાલ સહી. દા. ખુદ.

અમો વાદી ઈકરાર કરીએ છીએ કે સદરહુ દાવા અરજીમાં બખેલ મજકુર માહરા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૧-૧-૧૯૧૫

૧ શેઠ વ્રજલાલ રતીલાલ સહી. દા. ખુદ.

લી૦ આર. સી. પાટીલ. વકીલ.

દાવા અરજી નમુના નં. ૪૯.

મૈઅતની મીલકત લેનાર ઉપર મૈઅતના લેણદારોએ કરવાની દાવા અરજી.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

ચુડાના શેઠ કપાશી મગનલાલ માણેકલાલ } વાદી.
વીરૂધ.

ચુડાના શેઠ રતનલાલ મરણ પામેલના મૃત્યુપત્ર ચલાવનાર ચુડાના વાડીલાલ મોહનલાલ. } પ્રતીવાદી.

દાવો રૂ ૩૫૦-૦-૦ મલવાનો

હું વાદી અરજ કરૂ છું કે

૧ ચુડાના રહેનાર શેઠ રતનલાલ ઝવેરલાલ તા. ૧-૧૧-૧૯૧૪ ના

રોજ મરણ પામેલા છે મરનારની પાસે તે વખતે માહારૂં લેહેણું વ્યાજ સાથે રૂ ૩૫૦) નું હતુ અને હજુ તે મરનારની ઇસ્ટેટ ઉપર લેહેણી રકમ છે.

૨ તા. ૧૫-૧૦-૧૯૧૪ ના રોજ અથવા તે અરસામાં પોતાનું છેલ્લું મૃત્યુપત્ર કરીને ચુડાના શેઠ વાડીલાલ મોહનલાલને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો.

૩ સદરહુ વાડીલાલ મોહનલાલે મૃત્યુપત્ર સાબીત કરી વહીવટપત્ર મેળવ્યું છે અને તે આધારે મરનારની તમામ જગમ, સ્થાવર મીલકત પોતાને કબજે લીધી છે.

૪ તેમ છતાં મારૂં લેહેણુ તે આપતો નથી તેમ આપવાનુ કહેતો નથી તેમ કોઇ પણ રીતે તેનો ખુલાશો કરતો નથી સબબ દાવો લાવવા ફરજ પડી છે.

૫ દાવાનુ કારણ બાકીની તારીખ ૧-૧૦ ૧૯૧૩ ના રોજથી આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

૬ કમીશનના રૂ પ્રોસેસના રૂ. મળી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૭ હું વાદી દાદ માગુ છું કે મૈઅતની જગમ અને સ્થાવર મીલકતનો હીસાબ પ્રતીવાદી પાસેથી લઇ માહારી લેહેણી રકમનુ મરનારની મીલકત પુરતુ ચડતા વ્યાજે કોર્ટ ખરચ સાથે એકી વખતે તેની

ટીપ.

૧ પારા બેમા મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો છે તે જગ્યોએ તે પ્રમાણે મૃત્યુપત્ર ચલાવનાર નીમેલ ન હોય તો અને કોઇ ટ્રસ્ટીઓને સોપી હોય તો મરનાર પોતાની મીલકત જુમા ટ્રસ્ટમા મુકીને મરી ગયો છે. એમ લખવુ અને ટ્રસ્ટીઓને પ્રતીવાદી ગણવા.

અને કદાચ મૃત્યુપત્ર કે ટ્રસ્ટીઓ નીમ્યા વગર મરેલ હોય તો તે મીલકત વારસાનુ સરટીફીકેટ મેલવી જે માણુસ કબજે લે તેને પ્રતીવાદી ગણી તેના ઉપર દાવો લાવવો.

૨ જે માણસે રકમ લીધી હોય તેજ માણસની દીવાની કામોમા જાત જવાબદાર થાય છે બાપનુ દેણુ દીકરાઓને આપવુ પડતુ હોય તથા કાકાનુ તેના વારસ દરજે ભત્રીજાને આપવુ પડતુ હોય અગર મામાનુ વારસ દરજે ભાણેજને આપવુ પડતુ હોય તેમા મીલકત મરનારની જેટલા પુરતી લીધી હોય તેટલા પુરતી મીલકત જવાબદાર થાય પણ જાત જવાબદાર નથી.

મીલકતથી વસુલ લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાનો ફરમાવશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે અપાવશો તા. ૧–૧–૧૯૧૫

૧ **કપાસી મગનલાલ માણેકલાલ સહી.** દા ખુદ

હુ વાદી ઈકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧–૧–૧૯૧૫

૧ **કપાસી મગનલાલ માણેકલાલ સહી.** દા. ખુદ

લી. **વૃજલાલ ત્રીભોવન.**

દાવા અરજી નમુના નં ૫૦.

મૃત્યુ લેખાર્પીતદાન લેનારે મૈઅતની મીલકતના વહીવટ બદલ લાવવાની દાવા અરજી

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં

રાણુપુરના શેઠ ખોડીનાલ નગીનદાસ મરણ ગએલના મૃત્યુપત્ર ચલાવનાર રાણુપુરના શેઠ માણેકલાલ ભોગીલાલ } વાદી.

વીરૂધ.

રાણુપુરના શેઠ જગનલાલ ત્રીકમલાલ } પ્રતીવાદી.

દાવો રૂ. ૪૪૫–૦–૦ મલવાનો

હુ વાદી જણાવુ છુ કે

૧ રાણુપુરના શેઠ ખોડીલાલ નગીનદાસ તા. ૧–૧૦–૧૯૧૪ ના રોજ અથવા તે અરસામા મરી ગયા છે તેણે પોતાનુ છેલ્લુ મૃત્યુ પત્ર તારીખ ૧–૧૦–૧૯૧૪ ના રોજ કરીને મને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો છે.

૨ સદરહુ મૈઅને કરેલ મૃત્યુપત્ર મેં સાબીત કરી તે મૃત્યુપત્ર ન્યાય કોર્ટથી મને મલ્યુ છે અને તે આધારે મૈયતની મીનકતનો કબજો લઈ હુ મૈઅતની મીલકતનો વહીવટ કરૂછુ.

૩ મરનારની બ્યાજ સાથે રૂ. ૪૪૫–૦–૦ ની રકમ પ્રતીવાદી પાસે લેહેણી છે અને તેથી સાબીત થએલ મૃત્યુપત્રની નકલ આ સાથે જોડી પ્રતીવાદી સામે હું દાવો લાવુ છુ

૪ પ્રતીવાદી સદરહુ લેહેણી રકમ આપતો નથી તેમ તેનો કોઈ પણ રીતે ખુલાશો કરતો નથી સબબ દાવો લાલવા ફરજ ઉત્પન થઈ છે.

૫ દાવાનું કારણ તારીખ ૨૮–૯–૧૨ ના રોજથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૬ કમીશનના રૂ. તથા પ્રોસેસના રૂ મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૭ હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ લેહેણી રકમ ચડતા વ્યાજે કોર્ટ ખરચ સાથે એકી વખતે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ લેવાનુ હુકમનામુ કરી આપશો તે સાથે કાયદેસર અને વાસ્તવીક રીતે જે જે દાદો અપાવી શકાય તે તે અપાવશો

તા ૧–૧–૧૯૧૫.

૧. શેઠ માણેકલાલ ભોગીલાલ સહી દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧–૧–૧૯૧૫

૧ શેઠ માણેકલાલ ભોગીલાલ સહી દા. ખુદ.

લી. બનસીધર મથુરાંદાસ.

ટીપ.

૧ મૃત્યુપત્ર ચલાવનારે આ દાવો લાવવાનો છે મૃત્યુપત્ર ચલાવનાર ન નીમેલ હોય અને ટ્રસ્ટીઓ નીમેલા હોય તો તમામ ટ્રસ્ટીઓના નામ વાદી તરીકે લખી દાવો લાવવો અને ટ્રસ્ટીઓ અમને નીમ્યા છે એમ પારા ૧–૨ વીગેરેમા લખવુ

મૃત્યુપત્ર ચલાવનાર તેમજ ટ્રસ્ટી નીમ્યા વગર મરી ગએલ હોય અને પાછળથી તેના વારસે વારસા સરટીફીકેટ મેળવી દાવો લાવવાનો હોય ત્યારે મરનારનો હુ નજદીકનો વારસ છુ અને તેથી અમુક કોર્ટથી મને વારસા સરટીફીકેટ મળેલુ છે જે આધારે દાવો લાવુ છુ એમ લખવુ.

૨ મરનારનું લેહેણુ વસુલ કરવુ હોયતો વારસા સરટીફીકેટ મેળવ્યા વગર મરનારના દેણદારો ઉપર દાવો લાવી શકાય નહી માટે પ્રથમ વારસા સરફીકેટ મેલવી પછીથીજ દાવો લાવવો.

દાવા અરજી નમુંના નં. ૫૧.

મૃત્યુપત્રમા જેને પૈસા આપવાનુ મરનારે લખ્યુ હોય અને મૃત્યુપત્ર ચલાવનાર તે પ્રમાણે આપે નહી ત્યારે તેવા માણુસે મૃત્યુપત્ર ચલાવનાર ઉપર દાવો લાવવાની દાવા અરજી

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

વઢવાણુના શેઠ કસતુર અમૃતલાલ } વાદી

વીરૂદ્ધ

વઢવાણુના શેઠ નગીનદાસ ચત્રભુજના મૃત્યુપત્ર ચલાવનાર વઢવાણુના શેઠ જીવણુલાલ કરસનદાસ તથા શેઠ અમુલખ રતનલાલ } પ્રતીવાદી

દાવો રૂ. ૧૫૧-૦ ૦ મળવાનો.

હું વાદી અરજ કરૂં છું કે

૧ તારીખ ૧-૧૦-૧૯૧૪ ના રોજ અગર તે અરસામાં વઢવાણના શેઠ નગીનદાસ ચત્રભુજ મરણ ગયા છે અને તેમની મીલકતનો વહીવટ ચલાવવા છેલા મૃત્યુપત્રથી તા. ૧૫-૯-૧૯૧૪ ના રોજ વઢવાણના શેઠ અમુલખ રતનલાલને પોતાના મરણબાદ મૃત્યુપત્ર ચલાવનાર તરીકે નીમ્યા છે.

૨ મૃત્યુપત્ર સાબીત કરીને અન્તે પ્રતીવાદીઓએ મરનારની જંગમ સ્થાવર મીલકત પોતાને કબજે લીધી છે અને તેનો વહીવટ મૃત્યુ પત્રમાં લખ્યા પ્રમાણે ચલાવે છે.

૩ મરનાર શેઠ નગીનદાસ ચત્રભુજ માહારે મામા થાય અને તેવો પોતાના છેલા સદરહુ મૃત્યુપત્રમાં રૂા. ૧૫૧ રૂપીઆ એકસોને એકાવન મને આપવાનુ લખેલ છે અને તે પ્રમાણે આપવાની વીગત બતાવી મને આપવા ઠરાવ્યા છે.

૫ સદરહુ રૂ. ૧૫૧-૦-૦ પ્રતીવાદીઓ પાસ લેવા જતાં તેઓ આપતા નથી તેમ કાંઈ પણ ખુલાશો કરતા નથી સબબ દાવો કરવા ફરજ ઉત્પન થઇ છે.

૫ દાવાનું કારણ મૃત્યુપત્ર છેલ્લુ તા. ૧૫-૯-૧૯૧૪ ના રોજ કર્યું ત્યારથી આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

૬ કમીશનના રૂ પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૭ હું વાદી દાદ માગુ છુ કે સદરહુ દાવાવાળા રૂપીઆ કોર્ટ ખરચ સાથે ચડતા વ્યાજે પ્રતીવાદીઓ પાસેથી એકી વખતે લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની ફરમાવશો તેમજ કાયદેસર અને વાસ્તવીક રીતે જે જે દાદ અપાની શકાય તે અપાવશો. તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ કસ્તુર અમૃતલાલ સહી.** દા. ખુદ

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫.

૧ **શેઠ કસ્તુર અમૃતલાલ સહી.** દા. ખુદ. લી. **હરીવલ્લભ ત્રીભોવનદાસ**

દાવા અરજી નમુના નં. ૫૨.

ટ્રસ્ટીઓએ કરવાનો દાવા અરજી.

સાહેબની કોર્ટમાં.

આજમ મેહેરબાન.

રાધનપુરના શેઠ ત્રીકમદાસ મોહનલાલ મરણ પામેલના ટ્રષ્ટી રાધનપુરના શેઠ અમૃતલાલ ભાગીલાલ. } વાદી.

વીરૂધ.

રાધનપુરના શેઠ વાડીલાલ ત્રીકમદાસ. } પ્રતીવાદી.

દાવો ટ્રષ્ટનો આદયથી આખર સુધી હીસાબ તપાસી પ્રતીવાદીને કે જે જે માલીક હોય તેને સોપણુનો હુકમ કરવા બાબત.

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧ પ્રતીવાદીના બાપ ત્રીકમદાસ મોહનલાલે તા. ૧—૯—૧૯૦૯ ના રાજ અથવા તે સુમારમાં ઠરાવ પત્ર (સેટલમેન્ટ) કર્યું તેમાં પ્રતીવાદી વાડીલાલ ત્રીકમદાસ તથા ત્રીકમદાસ મોહનલાલના લેહેણુદારોના હીતના સારૂ ત્રીકમલાલ મોહનલાલની ઇસ્ટેટ અને માલ મતાત-બદીલ કરી આપવાનો દસ્તાવેજ કર્યો તેમાં નીમેલ ટ્રષ્ટીઓ પૈકી હુ વાદી એક ટ્રષ્ટી છુ.

૨ સદરહુ ટ્રષ્ટીના કામનો બોજો મેં માહારા ઉપર લીધો છે અને ઉપર કહેલા દસ્તાવેજથી જે સ્થાવર જગમ મીલકત આપી તેનો કબજો માહારી પાસે છે

૩ ઉપર કહેલા દસ્તાવેજમા લખ્યા મુજબ વાડીલાલ ત્રીકમદાસ પોતાનો હીત સબધ હોવાનુ કહે છે અને ટ્રસ્ટમાં સોંપેલ મીલકત પોતાને કબજે લેવા મને કહે છે.

૪ પ્રતીવાદી ત્રીકમદાસ મોહનલાલે ટ્રસ્ટના દસ્તાવેજમાં જે જે શરતો થી ટ્રસ્ટ કર્યુ છે તેનો પુરનો અમલ થયો નથી અને તે પૈકીનુ કેટલુક કામ બાકી છે છતા તેટલો વખત રોકવાનુ પ્રતીવાદીને કહેતા તે તકરાર કરવા તૈઆર થાય છે સબબ દાવો કરવા ફરજ ઉપન થઈ છે.

૫ દાવાનુ કારણુ પ્રતીવાદીઓ તા. ૧—૧૦-૧૯૧૪ ના રોજથી હરકત કરવા માડી ત્યારથી આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે

૬ કમીશનના રૂ પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે

૭ હુ વાદી દાદ માગું છુ કે સદરહુ સ્થાવર મીલકતના તમામ ભાડાનો તથા ઉપજનો તેમજ સદરહુ સ્થાવર મીલકતના તે પૈકી કાઈ ભાગના વેચાણુનો તેમજ ઉત્પનનો તથા જગમ માલનો અથવા તે જગમ માલના કે તેના ભાગ ।। વેચાણુના ઉત્પનનો અથવા સદરહુ ટ્રષ્ટનુ કામ કરવામાં ટ્રષ્ટી તરીકે મને જે ઉત્પન મળ્યુ હોય તેનો હીસાબ

આપવાની મારી ઇચ્છા છે અને મારી અરજ છે કે તે પ્રતીવાદી વાડીલાલ ત્રીકમદાસની સમક્ષ અને સદરહુ ટ્રષ્ટના સબંધમાં સોંપેલી ઇસ્ટેટના વહીવટમાં તેમનું હીત છે એમ કોર્ટ ફરમાવે તે બધા સક્ષોની સમક્ષ સદરહુ કામનો કોર્ટે હીસાબ લેવો અને સદરહુ પ્રતી-વાદી વાડીલાલ ત્રીકમદાસના હીતના સારૂ સદરહુ ઈસ્ટેટનો વહીવટ કોર્ટ મારફતે થવા અને મને જે કોર્ટ ખરચ થયુ હોય તે પ્રતીવા-દી પાસેથી અગર સદરહુ મીલકતમાંથી અપાવવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવશો. તા. ૧-૧-૧૯૧૫

૧ શેઠ અમૃતલાલ ભોગીલાલ સહી. દા ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૫.

૧ શેઠ અમૃતલાલ ભોગીલાલ સહી. દા. ખુદ.

લી. એલ. એલ પાટીલ વકીલ.

દાવા અરજી નમુના નં. ૫૩

કરાર વીશેષ રીતે પુરો કરવા વીશે દાવા અરજી.

આ:જમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

પાલણપુરના મેહેતા મગનલાલ માણેકલાલ } વાદી.
વીરૂધ.

પાલણપુરના વોહોરા હસનઅલી સમસુદીન } પ્રતીવાદી.

દાવો કરાર વીશેષ રીતે પુરા કરાવવા બાબત.

હુ વાદી અરજ ગુજારૂં છુ કે.

૧ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ સદરહુ પ્રતીવાદી હસનઅલીએ સહી કરેલા કરારનામામાં તેણે એવો કરાર કર્યો છે કે તે કરારનામામાં વર્ણન કરેલી અને હવાલો આપેલી મીરાં દરવાજા બહાર આવેલ નં. ૧૮૩ વાળુ મકાન રૂ. ૪૮૫) માટે મારી પાસેથી ખરીદ કરવુ

૨ સદરહુ પ્રતીવાદીને સદરહુ કરારમાં તેના ભાગનુ જે વીશેષ રીતે કરવાનું છે તે પુરૂ કરી આપવા મેં કહ્યુ પણ તે પ્રમાણે તેણે કર્યું નથી.

૩ હું વાદી તે કરાર નામાનો મારો ભાગ વીશેષ રીતે પુરો કરવાને પ્રથમથી અને હજીએ તૈઆર તથા રાજી છુ અને તે વાતની પ્રતી-વાદીને ખબર થએલી છે.

૪ પ્રતીવાદીએ સદરહુ કરાર પ્રમાણે તા. ૨૮-૧૨-૧૯૧૪ ના રોજ

મને રૂપીઆ આપી સદરહુ મકાન કબજે લેવાનું વચન આપેલ છે તે તેણે પાળ્યુ નથી અને તે કરાર પ્રમાણે વરતતો નથી.

૫ પ્રતીવાદીને કહેતાં કહેવરાવતાં તે માનતો નથી અને મકાન કબજે લેતો નથી તેમ રૂપીઆ પણ આપતો નથી તેમ કોઇપણ રીતે ખુલાશો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૬ દાવાનુ કારણ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ કરાર થયો ત્યારથી આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૮ હું વાદી દાદ માગું છુ કે સદરહુ પ્રતીવાદીને સદરહુ કરાર વીશેષ રીતે પુરો કરવાનો અને કરારમા લખેલાં નાણાં અપાવવાનો અને પ્રતીવાદી તે પ્રમાણે નાણા આપી મકાનનો કબજો લ તેવો હુકમ કરવાની સાથે અને થએલ કોર્ટ ખરચ પ્રતીવાદીની જાત અને તેની હરેક મલકતથી લેવાનુ હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ કાયદા પ્રમાણે અને વારસવીક રીતે જે જે દાદ અપાવી શકાય તે અપાવશો તા. ૧-૧-૧૯૧૫

૧ મેહેતા મગનલાલ માણેકલાલ સહી. દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫

૧ મેહેતા મગનલાલ માણેકલાલ સહી. દા. ખુદ.

લી. જીવણલાલ હરજીવનદાસ મેહેતા.

દાવા અરજી નમુના નં. ૫૪

કરાર વીશેષ રીતે પુરો કરાવવા વીશે નમુના નંબર બે.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા

પાલણપુરના વોહોરા હસનઅલી સમસુદીન. } વાદી.
વીરૂધ
પાલણ પુરના મેહેતા મગનલાલ માણેકલાલ } પ્રતીવાદી.

દાવો કરાર વીશેષ રીતે પુરો કરાવવા બાબતનો

હું વાદી અરજ કરૂં છુ કે

૧ તા ૧-૧૧-૧૯૧૪ ના રોજ મેં અને પ્રતીવાદીએ લેખી કબુલત કરેલી જેની નકલ આ સાથે જોડી છે.

૨ તેમાં વર્ણન કરેલ ચતુઃ શીમાવાળી સ્થાવર મીલકત ઉપર પ્રતીવાદીનો પૂર્ણ રીતે હક હતો

૩ સદરહુ પ્રતીવાદીએ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ એવો કરાર કરેલ છે કે તા. ૨૮-૧૨-૧૪ ના રોજ રૂપીઆ લઈ સદરહુ કરારના દસ્તાવેજમાં લખેલ મકાન મને એટલે વાદીને સ્વાધીન કરવુ.

૪ તે કરાર પ્રમાણે તા. ૨૮-૧૨-૧૯૧૪ ના રોજ કરારના લેખમાં લખેલ રૂ ૪૮૫) લઇને પ્રતીવાદીને ત્યાં ગયો અને પ્રતીવાદીને રૂ ૪૮૫) આપવા માંડયા અને સદરહુ ન. ૧૮૩ વાળુ મકાન યોગ્ય દસ્તાવેજ કરીને મારે નામે ચઢાવવાનું કહ્યું.

૫ ત્યાર બાદ તા. ૩૦-૧૨-૧૯૧૪ ના રોજ મે ફરીથી રૂ. ૪૮૫) આપવા માડયા અને મકાન મારે સ્વાધીન કરવા કહ્યું.

૬ બન્ને વખતે પ્રતીવાદીએ રૂપીઆ લેવાની અને કરાર પ્રમાણે મકાન માહારે સ્વાધીન કરવાની ના પાડી.

૭ પ્રતીવાદીએ તબદીલ કર્યાનો કાઇપણ દસ્તાવેજ કરી આપ્યો નથી તેમ કરી આપતો નથી.

૮ પ્રતીવાદીને સદરહુ મીલકતની ખરીદીની રકમ આપવાને હજીએ હું તૈયાર છું અને રાજી છુ

૯ પ્રતીવાદીને કહેતાં કહેવરાવતાં કરાર પ્રમાણે વરતતો નથી તેમ કોઇ પણ રીતે તેનો ખુલાશો કરતો નથી સબબ દાવો કરવા ફરજ ઉત્પન થઈ છે.

૧૦ દાવાનું કારણ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થએલ છે.

૧૧ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મળી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે

૧૨ હું વાદી દાદ માગું છુ કે સદરહુ કરારના લેખમાં લખેલ મકાન યોગ્ય દસ્તાવેજથી પ્રતીવાદી મને સ્વાધીન કરે તેમ ત્યા સ્વાધીન ન કર્યા બદલ નુકશાની અને કોર્ટ ખરચનુ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી લેવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવવા મહેરબાની કરશો. તા. ૧-૧-૧૫

૧ વોહોરા હસનઅલી સમસુદીન સહી. દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂં છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫

૧ વોહોરા હસનઅલી સમસુદીન સહી. દા. ખુદ.

લી૦ બનસીધર વ્રજરાય બક્ષી.

દાવા અરજી નમુના ન. ૫૫

પંત્યાળા સબંધમાં દાવો લાવવાની દાવા અરજી

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં

મેહેસાણાના શેઠ મગનલાલ હરજીવનદાસ. } વાદી.

વીરૂધ.

મેહેસાણાના ઠકર મોતીલાલ વખતરામ } પ્રતીવાદી

દાવો પંત્યાળા સબંધનો હીસાબ નકી કરી વહીવટ કરવા વસુલદાર નીમી કરાર પ્રમાણે વહેચી અપાવવા અરજ

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ હુ અને સદરહુ પ્રતીવાદી મોતીલાલ સવત ૧૯૬૯ ની સાલથી આ સાથે રાખેલ નકલ પ્રમાણેનો કરાર કરી એકઠો ધધો ચલાવીએ છીએ.

૨ સદરહુ લેખી કરાર પ્રમાણે સવત ૧૯૭૦ ના ભાદરવા માસ સુધી પ્રતીવાદી વરતેલ છે અને ત્યાર બાદ પ્રતીવાદીની વચે ઘણી તરેહના ટટા અને વાધા ઉત્પન્ન થયા છે તેથી કરી ભાગીદારોને ફાયદો થાય એવી રીતે પંત્યાળામાં સદરહુ ધધો ચલાવવાનું અશકય થયુ છે.

૩ પ્રતીવાદીએ પંત્યાળા બાબતના દસ્તાવેજમા લખેલ શરતો પૈકીની પારા. ૨–૩–૪ ની શરતોનો ભંગ કરેલ છે અને તે શરતો પ્રમાણે પ્રતીવાદી વરતતો નથી

૪ સદરહુ દસ્તાવેજમાં લખેલ કરાર પ્રમાણે ત્રણ વરસ સુધી દસ્તાવેજમા લખેલ શરતો પ્રમાણે પત્યાળુ ચલાવવુ અને ત્યાર બાદ ટંટો કે વાધો ઉત્પન્ન થાય કે તુરત હીસાબની ચોખવટ કરી ભાગ પ્રમાણે વહેંચણી કરી લેવી એવો કરાર થએલ છે.

૫ પ્રતીવાદી શરતો અને કરાર પ્રમાણે ત્રણ વરસ ચલાવતો નથી તેમજ હીસાબની ચોખવટ કરી વહેચણુ પણ કરતો નથી તેમ કોઇ રીતે કાંઇ ખુલાશો કરતો નથી. સબબ દાવો કરવા જરૂર પડી છે.

૬ દાવાનુ કારણ શરતો તોડી ત્યારથી એટલે તા. ૧–૮–૧૯૧૪ ના રોજથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૭ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે

૮ હું વાદી દાદ માગું છુ કે પંત્યાળુ તોડી નખાવી. હીસાબ નકી

કરાવી વસુલાદાર નીમી મીલકત એકત્ર થએ વસુલાદાર મને તથા પ્રતીવાદીને પંત્યાળાની તમામ મીલકત સરખે હીસે કોર્ટ રૂબરૂ વહેચી દે તેવુ હુકમનામુ કરવાની સાથે કોર્ટ ખરચ અને મને નુકશાની યોગ્ય જણાય તે પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી અપાવવાનું હુકમ નામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવશો તા ૧-૧-૧૯૧૫

૧ **શેઠ મગનલાલ હરજીવનદાસ સહી.** દા ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર મહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ મગનલાલ હરજીવનદાસ સહી.** દ, ખુદ.

લી આર. સી. મહેતા. વકીલ.

દાવા અરજી નમુના નં. ૫૬

મામલતદાર કોર્ટમા ફરીઆદ કરવાની દાવા અરજી નમુના નબર. ૧

આજમ મેહેરમાન. સાહેબની કોર્ટમાં

વાદી.

નામ.	ઉમર.	ધર્મ.	જાત.	ધધો	રહેવાનુ ઠેકાણું.
મણીલાલ પુરસોતમ	૪૦	હિંદુ જૈન	શ્રાવક વાણીઆ	વેપાર	વીરમગામ. પાંજરા પોળમાં

પ્રતીવાદી.

નામ.	ઉમર.	ધર્મ.	જાત.	ધધો	રહેવાનું ઠેકાણું
બહેચર નથુરામ	૩૫	હીન્દુ	સુથાર	સુથાર કામ	વીરમગામ. સુથાર ફળીયું

દાવો નીચે બતાવેલ ચતુ શીમા વાળી છુટી જમીનનો કબજો મલવા બાબત સને ૧૯૦૬ ના એકટ બીજા મુજબ.

હુ વાદી અરજ ગુજારૂ છુ કે

૧ નીચે વર્ણન કરેલ ચતુ શીમાવાળી છુટી જમીન માહારા કબજા

ટીપ.

પંત્યાળુ તુટી ગયા બાદ ફરીઆદ કરવામાં આવી હોય તો પારા ૮ માં લખ્યા પ્રમાણે પત્યાળુ તોડી નખાવવાની માગણી કરવી નહી, અર્થાત (પંત્યાળુ તોડી નંખાવી) (એ શબ્દો લખવા નહીં)

ભોગવટા અને માલીકી હકની છે.

ચતુઃશીમા.

વીરમગામ ગોલવાડી દરવાજા બહાર લાટીઓ નજીક આવેલ. છુટી જમીન.

પૂર્વ દીશાએ વીરમગામના પાટીદાર છગનલાલ દયાલજીની લાટી છે.

દક્ષીણુ તરફ સથવારા વીરા બેચરની શાકની વાડી છે.

પશ્ચીમ તરફ વીરમગામના કણબી લલુ બેચરનું વાવેતર કુવાવાળું ખેતર છે.

ઉત્તર તરફ કુવો-લીબડા અને ઢોરને બેસવાની છુટી જમીન છે.

૨ સદરહુ જમીન બાબતનો માહારી પાસે દસ્તાવેજ છે જેની નકલ આ સાથે સામીલ રાખુ છુ

૩ સદરહુ જમીન માહારા કબજા અને ભોગવટા તળે તા ૧-૧૧-૧૯૧૪ ના રોજ સુધી હતી અને ત્યાં સુધી સદરહુ જમીનનો ભોગવટો મે કરેલ છે

૪ તા. ૨-૧૧-૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ અમારી પ્રવાનગી અગર રજા વગર થોકબંધ લાકડાઓ સદરહુ જમીન અંદર નાંખી ખડકયાં અને પ્રતીવાદીએ કાયદો હાથમાં લઈ કબજો કરેલ છે.

૫ આ ફરીઆદ કરવાનુ કારણ તા. ૨-૧૧-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

૬ પ્રતીવાદીએ જમીન ઉપર ઝાલણો તથા લાકડાઓ નાખી કબજો કરવાથી ફરીઆદનુ કારણ ઉત્પન થયુ છે.

૭ આ કામમા નીચે પ્રમાણે સાહેદો છે.

ટીપ.

મામલતદારી એકટ સને ૧૯૦૬ ના રજા પ્રમાણે કલમ ૧૧ ને અનુસરી વાદીનો એકરાર કોર્ટમા કોર્ટ રૂબરૂ થવો જોઇએ એમ મામલતદારી ફરીઆદો માટે છે.

તે પ્રમાણે દીવાની ફરીઆદોમાં અથી

જમીનનો કબજો તુટયો હોય ત્યારથી છ માશની અંદર આ ફરીઆદ થાય છે છ માશ થઇ ગયા હોય તો કમીશન ભરી દીવાની કોર્ટમાં જવું જોઇએ.

આ ફરીઆદમાં મીલકત ગમે તેટલી હોય તોપણ કમીશન રૂ. ૧) છે.

૧ વીરમગામના પાટીદાર મણીલાલ માણેકલાલ.
૨ વીરમગામના શેઠ નરોતમદાસ વ્રજલાલ.
૩ વીરમગામના પારેખ વમળસી ન્યાલ

નબર ૧—૨ ના સાહેદો કોર્ટ મારફતે બોલાવવાના છે અને નંબર ૩ ના સાહેદને જાતે રજુ કરીશ.

૮ નં. ૧ ના સાહેદને સદરહુ જમીન માહારા તરફથી ભાડે અપાએલ એ હકીકત જાણનાર અને કહેનાર છે.

૯ નં. ૨—૩ ના સાહેદો જમીનનો કબજો તા. ૧—૧૧—૧૯૧૪ ના રોજ સુધી માહારો હતો એ જાણનાર છે.

૧૦ સદરહુ જમીનના માલીકીપણા સબધમા તેમજ ભોગવટા સંબંધ-માં જરૂર પુરતા દસ્તાવેજો પુરાવા માટે સામીલ રાખ્યા છે.

૧૧ કમીશન રૂ. ૧—૧—૦ તથા ન ૧—૨ ના સાહેદની તથા પ્રતીવાદીની પ્રોસેસના રૂ ૦—૮—૦ મલી. રૂ. ૧—૯—૦ સ્ટેમ્પથી રજુ છે.

૧૨ નં. ૧—૨ ના સાહેદોનુ ભથું રૂા ૦—૧૨—૦ આ સાથે રજુ કરૂ છુ.

૧૩ હુ વાદી દાદ માગું છુ કે પ્રતીવાદી પોતાનાં લાકડાં ઉપાડી લઈ જમીનનો કબજો માહારા સ્વાધીન કરે તેવુ હુકમ નામુ કરી આપવાની સાથે મને થએલ કોર્ટ ખરચ અને નુકશાન પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ લેવાનુ હુકમ નામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે અપાવશો તા. ૧—૧—૧૯૧૫

૧ **મણીલાલ પુરશોતમ સહી** દા ખુદ

હુ વાદી મણીલાલ પુરસોતમ એકરાર કરૂં છુ કે આ ફરીઆદ અરજીમા જે લખ્યુ છે તે માહારી ઉત્યમ માહીત ગારી તથા સમજણ પ્રમાણે ખરૂં છે તા. ૧—૧—૧૯૧૫

૧ **મણીલાલ પુરસોતમ સહી** દ. ખુદ.

લી૦ ત્રીભોવનદાસ હરીશંકર પડયા.

દાવાઅરજી નમુના નંબર. ૫૭

મામલતદાર કોર્ટમાં મામલતદારી એકટ પ્રમાણે કરવાની દાવા અરજી.

નમુના નબર—૨.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

વાદી.

નામ.	ઉમર.	ધર્મ.	જાત.	ધંધો.	રહેવાનુ ઠેકાણું.
ત્રીકમલાલ મણીલાલ.	૩૨	હીન્દુ	શ્રાવક વાણીયા.	વેપાર.	દીયોદર.

પ્રતીવાદી.

નથુ બેચર.	૪૨.	હીન્દુ	કણબી.	ખેતી.	દીયોદર.

દાવો નીચે બતાવેલ ચતુસીમાવાળા ખેતરનો કબજો સને ૧૯૦૧ ના એકટ ૨ પ્રમાણે મલવા બાબત

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧ નીચે વર્ણન કરીને બતાવેલ ચતુ શીમાવાળી જમીન કે જે વાવેતર ખેતર છે તે માહારા કબજા ભોગવટા અને માલીકી હકનુ છે.

ચતુ શીમા

દીયોદરની સીમનુ દીયોદરથી કુચકવાડા તરફ કુચકવાડાના રસ્તાથી જમણી તરફ આશરે ચાર ખેતરવા દુર છે.

૧ પૂર્વ દીશા તરફ દીયોદરના બારોટ મનજી ઘેલાનુ કુવાવાળુ ખેતર છે.

૨ દક્ષીણ તરફ દીયોદરના કણબી હેમરાજ ગણેશનું વાડી નામનું ખેતર છે.

૩ પશ્ચીમ તરફ પડતર જમીન અને બોરડીઓ છે.

૪ ઉત્તર તરફ દીયોદરના ઠકર મનજી વખતરામનુ વાવેતર ખેતર છે.

૫ આ ખેતર આશરે આઠેક વીઘાનુ છે.

૨ સદરહુ જમીનનો માહારી પાસે દસ્તાવેજ છે જેની નકલ આ સાથે સામીલ રાખુ છુ.

૩ સદરહુ જમીનવાળું ખેતર માહારા કબજા ભોગવટા તળે તા. ૧–૧૨ ૧૯૧૪ ના રોજ સુધી હતું અને ત્યાં સુધી તે ખેતર અંદર ગુવાર વાવેલ તેનો મોલ મેં લીધો છે

૪ તા ૨–૧૨–૧૯૧૪ ના રોજ પ્રતીવાદીએ અમારી પ્રવાનગી અને રજા વગર સદરહુ ખેતરમા જઈ કાચો કુવો કરી અદર જાર વાવી દીધી છે અને તે પ્રમાણે જાર વાવી કબજો કરેલ છે.

૫ આ ફરીઆદ કરવાનું કારણુ તા. ૨–૧૨–૧૯૧૪ ના રોજ આ કેર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૬ પ્રતીવાદીએ કુવો કરી જાર વાવવાથી તેણે ગેરવ્યાજબી કબજો કરવાથી ફરીઆદ કરવાનું કારણુ ઉત્પન થયું છે.

૭ સદરહુ ખેતર માહારી એટલે વાદીની માલીકીનું અને કબજા ભોગ-વટાનું છે એમ પ્રતીવાદી જાણે છે છતાં શુદ્ધ બુદ્ધી વગર ગેરવ્યા-જબી મને નુકશાન કરવા અને સતાવવાના ખરાબ ઇરાદાથી પ્રતી-વાદીએ જાર વાવેલી છે.

૮ આ કામમાં નીચે પ્રમાણે સાહેદો છે.
૧ દીયોદરના બારોટ મનજી ઘેલા. ૨ દીયોદરના કણબી હેમરાજ ગણેશ.
૩ દીયોદરના ઠકર મનજી વખતરામ.
નંબર ૧–૨ના સાહેદોને જાતે રજુ કરીશ અને નંબર ૩ ના સા-હેદને કોર્ટ મારફતે બોલાવવાનો છે.

૯ સને ૧૯૧૩ની સાલમાં બારોટ મનજી ઘેલાએ સદરહુ ખેતર માહારા તરફથી વાવેલ તે જાણનાર છે અને સાહેદ ન. ૧–૨ ના ઇશમો તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજ સુધી સદરહુ ખેતરનો કબજો ભોગ-વટો માહારો હતો અને માલીકી હક માહારો છે તે જાણનાર છે.

૧૦ સદરહુ ખેતરને સબંધ કરતા અને પૂરાવા માટે રજુ કરવા જેવા જરૂર પુરતા દસ્તાવેજની નકલો આ સાથે રાખી છે.

૧૧ કમીશનના રૂ. ૧–૧–૦ તથા નં. ૩ ના સાહેદની તથા પ્રતીવાદીની પ્રોસેસના રૂ. ૦–૬–૦ મળી કુલ રૂ. ૧–૭–૦ આ સાથે રજુ છે.

૧૨ નંબર ૩ ના સાહેદનું ભથુ રૂ. ૦–૪–૦ આ સાથે રજુ કરૂં છું.

૧૩ હું વાદી દાદ માગું છું કે પ્રતીવાદીએ શુદ્ધ બુદ્ધી વગર વવેતર ગેર-વ્યાબી નુકશાન કરવાને ઇરાદે કરેલ છે. માટે પ્રતીવાદીએ કરેલા વવેતર સહીત હાલ જેવી સ્થીતીમાં હોય તેવી સ્થીતીમાં સદરહુ ખેતરનો કબજો પ્રતીવાદી પાસેથી મને સોપાવવાનુ હુકમનામુ કરી આપવા તથા કોર્ટ ખરચ પ્રતીવાદી પાસેથી અપાવવા તથા બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વારતવીક રીતે અપાવવી યોગ્ય જણા-ય તે અપાવવા મેહેરબાની કરશો તા. ૧–૧–૧૯૧૫.

ટીપ.

મામલતદારી એક્ટની કલમ ૨૧ પ્રમાણે પ્રતીવાદીએ સુદ્ધ બુદ્ધી વગર વવે-તર કરેલ સાબીત થાય તો વવેતર સાથે ખેતરનો કબજો સોપાય છે અને સુદ્ધ બુદ્ધીથી માત્ર સમજ ફેરને લઇને વવેતર કરેલ જણાય તો વવેતરની કીમત અગર વવેતર પ્રતીવાદીને અપાવ્યા બાદ ખેતર વાદીને મળી શકે છે.

મામલતદારી કેશનો ઘણીજ તાકીદથી નીકાલ થાય છે.

૧ વાદી ત્રીકમલાલ મણીલાલ સહી. દા. ખુદ.

હુ વાદી ૯કરર કરૂં છુ કે સદરહુ અરજીમાં લખેલ મજકુર મા-
હારા જણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫.

૧ વાદી ત્રીકમલાલ મણીલાલ સહી. દા. ખુદ.

લી. છગનલાલ પ્રભુલાલ.

દાવા અરજી નમુના. નંબર ૫૮

ગ્રંથ સ્વામીત્વનો હક તોડયા બદલ કરવાની દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

અમદાવાદના કવી નાગરદાસ મણીલાલ
રે. ધનાસુતારની પોળ ઘર નબર ૧૮૫ } વાદી.

વીરૂધ.

ઘોગજીના દકર. નાગજી લાલજી
હાલ વીરમગામ પારેખપોળને નાકે નાટકશાળામાં } પ્રતીવાદી

દાવો ગ્રથ સ્વામીત્વનો હક તોડેલ તે બાબતની નુકશાની રૂ. ૩૦૦)
મલવા તથા તે પ્રમાણે તોડતો હક અટકાવવા તાકીદ આપવા બાબત.

હું વાદી અરજ કરૂછુ કે

૧ સને ૧૯૧૨ ની સાલમા રસીકા વીલાસ નામનુ નાટક મેં બનાવી તે અમદાવાદમાં પ્રજાબધુ પ્રેસમા છપાવી રજીષ્ટર કરાવી ગ્રથ સ્વામીત્વના હક માહારા સ્વાધીન રાખેલ છે.

૨ એ પ્રમાણે હોવાથી સદરહુ નાટક માહરી પ્રવાનગી વગર કોઈથી ભજવી શકાય નહીં અગર તે બુક કોઈથી છપાવી શકાય નહીં

૩ પ્રતીવાદીએ સને ૧૯૧૪ ના જાનેવારી માસમાં નાટક કંપની પોતાના તરફથી કાઢી છે અને તેમા સદરહુ રસીકાવીલાસ નાટક માહારા બનાવ્યા પ્રમાણે માહારાજ બનાવેલા ગાયન અને ભાષણથીભજવે છે અને તે પ્રમાણેની બુક પણ સદરહુ નાટકની પ્રતીવાદીએ પોતાના નામથી બહાર પાડી છે.

૪ સદરહુ નાટકની બુકો પ્રતીવાદીએ માહારી બુક ઉપરથી બહાર પાડ-વાથી માહારી બુકો જે પ્રમાણે ખપતી હતી તે હવે ખપતી નથી અને તેથી મને મોટી રકમનુ નુકશાન થયું છે.

૫ પ્રતીવાદી માહારીજ બુક ઉપરથી નાટક ભજવી બતાવે છે પરંતુ તે માહારા બનાવેલા રાગ પ્રમાણે કામ કરી શકતો નથી તેમ રાગ બે ઢબથી અને દેખાવ પણ ખરાબ આપે છે તેથી નાટક બનાવ-નાર તરીકે માહારી સાખને ધકો પોચે છે અને પ્રતીવાદી બકુજ

ખરાબ રીતે ભજવે છે એહેવુ નાટક હું બનાવી જાણું છું એમ જોનાર સાંભળનાર અને જાણનાર માણસના મન ઉપર ઠસે અને તેથી ભવીષ્યમાં માહારા જેજે ગ્રંથો બહાર પડે તે ઉપર કોઇનો આગ્રહ રહે નહીં અને તેથી માહારી બુકો ખપે નહીં અને તેને લીધે માહારે ગ્રંથ પ્રસીદ્ધ કરતા તરતજ અટકવુ પડે આ પ્રમાણે મને હમેશના માટે મોટું નુકશાન થાય છે.

૬ નાટક નહીં ભજવવા બાબત તેમજ બુક નહી છપાવવા અને છપાવેલી અમારા સ્વાધીન કરવા અને અમને નુકશાની આપવા બાબત પ્રતીવાદીને તા. ૧–૧૨–૧૯૧૪ ના રોજ નોટીશ આપી પંદર દીવસમા તેનો ખુલાશો કરવા જણાવેલ પરંતુ અદ્યાપી લગી પ્રતીવાદીએ કાંઈ ખુલશો કર્યો નહીં તેમ કાઇ જવાબ આપ્યો નહી જેથી દાવો લાવવા ફરજ ઉત્પન થઇ છે.

૭ પ્રતીવાદી માહારૂ બનાવેલ નાટક ભજવે છે અને માહારા પ્રમાણેજ બુક છપાવી છે તેવી ખબર મને તા ૧–૧૧–૧૯૧૪ ના રોજ પડી ત્યારથી એટલે તા. ૧–૧૧–૧૯૧૪ ના રોજથી દાવાનુ કારણ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

૮ કમીશનના રૂ. તથા પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૯ હું વાદી દાદ માગું છુ કે પ્રતીવાદી મહારૂ બનાવેલ નાટક ભજવે નહીં એમ તેને તાકીદ આપો તથા માહારી નાટકની બુક પ્રમાણે અને તેનાં ગાયનો પંકી કોઇપણ ગાયન છપાવે નહી તેમ તેનો કોઇ પણ રીતે ઉપયોગ કરે નહી તેમ તેને તાકીદ આપવાની સાથે માહારી બુકો પ્રમાણેની જે જે બુકો પ્રતીવાદીએ છપાવેલ હોય તે માહારા સ્વાધીન કરે અને આટલો વખત માહારી બુક ઉપરથી લીધેલ લાભના બદલામાં તેમજ માહારી સાખ ઓછી કરવામા તેમજ માહારી બુકો ખપતી અટકી પડવાથી મને થએલ નુકશાન બાબત મલી નુકશાનીની રકમ રૂ. ૭૦૦] ચડતા વ્યાજે કોર્ટ ખરચ સાથે એકી વખતે પ્રતીવાદી પોતાની જાત અને હરેક મીલકતથી વસુલ આપે તેવુ હુકમનામુ કરી આપો તેમજ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે બીજી જે જે દાદ અપાવી શકાય તે અપાવશો તા. ૧–૧–૧૯૧૫.

ટીપ.

આ પ્રમાણે સ્વામીત્વના હક બાબત જે જે રજીષ્ટર કરાવેલ હોય તેના માટે ફરીઆદ લાવી શકાય છે.

૧ કવી નાગરદાશ મણીલાલ સહી દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂં છુ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર મહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫.

૧. કવી નાગરદાસ મણીલાલ સહી દા. ખુદ.

એલ. આર. પાટીલ પ્લીડર.

દાવાઅરજી નમુના નંબર. ૫૯.

માલપરની નીશાનીઓનો હક્ક તોડવા બદલ દાવા અરજી.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં.

અમદાવાદના વોહોરા હસનઅલી મહમદઅલી રીચીરોડ દુકાન ન. ૧૮૨ વીરૂધ. } વાદી.

અમદાવાદના શેઠ નગીનદાશ વૃજલાલ માણેકચોક દુકાન નં. ૨૬૮ } પ્રતીવાદી.

• દાવો નીશાનીનો હક તોડવા બદલ નુકશાનીની રકમ રૂ. ૮૦૦) મલવા બાબત તથા હવેથી નીશાનીનો હક તોડે નહીં તેવી તાકીદ આપવા બાબત.

હું વાદી અરજ કરૂંછુ કે.

૧ સને ૧૯૧૨ ની સાલથી ગ્યાસલેટના ડબાઓ અમારે ત્યાંથી બરાબ તૈયાર થાય છે જેના ઉપર આ છાપનો મારકો રાખી તે મારકો અમે રજીષ્ટર કરાવેલ છે તેમજ સને ૧૯૧૩ ની સાલમાં "કામીનીઆ ખુશકર" નામની પાનમાં ખાવાની ઘણીજ ઉમદા સુગધીવાલી ડબીઓ અમોએ બહાર પાડી છે જેના ઉપર જુવાન પહેલવાનનો મારકો રાખેલ છે તે પણ રજીષ્ટર કરાવેલ છે.

૨ સદરહુ માર્કા પ્રમાણે બીજાને માર્કો રાખવા અધીકાર નથી તેમ રાખી શકે નહીં.

૩ સને ૧૯૧૪ની સાલમા પ્રતીવાદીએ આ છાપના ગ્યાસલેટના ડબાઓ અમારા માર્કા માફકના તૈયાર કરી વેચવા શરૂ કર્યા છે તેમજ કામનીઆ ખુશકર ડબીઓ પણ અમારા માર્કો માફકનીજ તૈઆર કરી વેચવી શરૂ કરી છે.

૪ પ્રતીવાદીએ અમારી પ્રવાનગી લીધી નથી તેમ અમે સદરહુ પ્રમાણે કરવાની પ્રતીવાદીને છુટ આપી નથી.

૫ પ્રતીવાદીએ આ પ્રમાણે કરવાથી અમારૂં ગ્યાસલેટ ખપતુ અટકયું છે તેમજ કામીનીઆ ખુશકર ડબીઓ પણ વેચાતી અટકી છે.

૬ અમારા ગ્યાસલેટના ડબ્બામા ઉંચી જાતનુ ગ્યાસલેટ અમો ભરીએ છીએ અને પ્રતીવદી ઘણુજ હલકી જાતનુ ગ્યાસલેટ ભરે છે એ-ટલે પ્રતીવાદીના ડબ્બાઓ અમારાજ મારકાના જ્યાં જાય છે ત્યાંના ગરાકો નારાજ થાય છે અને તેથી આ મારકાનુ ગ્યાસલેટ પસદ કરતા નથી જેથી માહારૂ ઉંચા પ્રકારનું ગ્યાસલેટ પણ શાખ પ્રતી-વાદીએ ઓછી કરવાથી કોઇ મંગાવતુ નથી.

૭ કામીનીઆ ખુશકર ડબીમા ઘણુાજ ઉંચા પ્રકારનો ઉમદા સુગંધી પદાર્થ અમે વાપરી તૈયાર કરેલ છે અને પ્રતીવાદીએ માત્ર મારકો અને ઉપરની ડબીની બનાવટ અમારા જેવી બનાવી અદર કાથો વીગેરે હલકો સુગંધી વગરનો સામન ભરી વેચે છે અને પ્રતીવાદી ની તેવી ખરાબ ડબી જે માણુસના સહવાસમાં જાય છે તે તમામ ડબી ઉપર રાખેલ મારકાવાલી ડબીઓ લેવી નહીં એમ ચોકસ કરી બેસે છે અને તેથી અમારી ઉમદા ડબી પણુ ખપતી નથી.

૮ પ્રતીવાદીની આવી ગભીર કસુરથી અમોને હમેશના માટે મોટું નુકશાન થયુ છે.

૯ પ્રતીવાદીને આ પ્રમાણે નહી કરવા અને અમને થએલુ નુકશાન આપવા બાબતની નોટીસ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ આપી તે બાબતનો પદર દીવસમાં નીકાલ કરવા જણાવેલ છતા તેનો કાંઈ અમલ પ્રતીવાદીએ કર્યો નથી તેમ કાંઇ ખુલાશો પણ કર્યો નથી સબબ દાવો કરવા ફરજ ઉત્પન થઈ છે.

૧૦ પ્રતીવાદીએ અમારા જેવો મારકો બનાવી વેચવુ શરૂ કરેલની ખબર મને તા. ૧-૯-૧૯૧૪ ના રોજ પડી છે ત્યારથી આ દાવાનુ કારણુ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.

૧૧ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. ,મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૧૨ હું વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદી અમારા મારકા પ્રમાણે ગ્યાસ-લેટના ડબા તથા કામીનીઆ ખુશકર ડબીઓ બનાવે નહી. રાખે નહીં. વેચે નહીં તેનો કાંઈ પણ ઉપયોગ કરે નહી તેવી તેને તા-કીદ આપો અને પ્રતીવાદીની કસુરને લઇને માહારૂ ગ્યાસલેટ તેમજ કામીનીઆ ખુશકરનાં ખપત થઇ નહીં તેની નુકશાનીની રકમ રૂ. ૮૦૦)ની ચડતા વ્યાજે કોર્ટ ખરચ સાથે એકી વખતે પ્રતી-વાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ અપાવવાનું હુકમ-નામુ કરી આપશો. તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે તે અપાવશો. તા. ૧-૧-૧૯૧૫

૧ **વોહોરા હુસનઅલી મહમદઅલી સહી.** દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫.

૧ **વોહોરા હુસનઅલી મહમદઅલી સહી.** દા. ખુદ.

લી **એલ. આર. પાટીલ. પ્લીડર.**

દાવા અરજી નમુના નંબર. ૬૦.

સ્ત્રીએ પોતાના ધણી સામે ભરણ પોષણ માટે કરવાની દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

ધ્રાગધ્રાના ઠકર પ્રાગજી માધવજીની સીધવા ઓરત નાથી મગનલાલ } વાદી.

વીરૂધ.

ધ્રાગધ્રાના ઠકર. પ્રાગજી માધવજી } પ્રતીવાદી.

દાવો ભરણ પોષણ માગવાનો

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧ સંવત ૧૯૫૫ ની સાલમાં પ્રતીવાદી સાથે માહારાં કાયદેસર રીતે લગ્ન થયા છે અને સવત ૧૯૫૯ ની સાલમા માહારૂ પહેલુ આણું થવાથી સંવત ૧૯૫૯ ની સાલથી સવત ૧૯૬૮ ની સાલ સુધી હું પ્રતીવાદી સાથે પ્રતીવાદીને ઘરે ઓરત તરીકે રહેલ છુ.

૨ મને સતાન નહી જીવવાથી પ્રતીવાદીએ સ. ૧૯૬૮ ની સાલમાં બીજુ લગ્ન કરી વટવાળુથી બીજી ઓરત લાવેલ છે અને તેથી સં. ૧૯૬૯ ના ચૈત્ર માસથી મને પ્રતીવાદીએ ઘરમાથી કાઢી મુકી છે.

૩ પ્રતીવાદીએ કાઢી મુકવાથી સ ૧૯૬૯ ની સાલથી હું માહારા બાપની સાથે રહી દરણ વીગેરે ઘરમા થઇ શકે તેવી મજુરી કરી માહારૂ ભરણ પોષણ બહુજ મુસીબતે માહારા માબાપની મદદથી કરૂછુ

૪ પ્રતીવાદીએ કાઇ ભરણ પોષણ આપ્યુ નથી તેમ આપતો નથી.

૫ પ્રતીવાદીને કાપડની દુકાન છે અને તેથી પ્રતીવાદી મહીને સો રૂપીઆનો કમાઉ છે એટલે માહારી ખોરાકી પોશાકી બદલ દર માસે ઓછામાં ઓછા વીશ રૂપીઆ મને આપવા જોઇએ.

૬ પ્રતીવાદી પોતાના સાથે સલાહ સંપથી અને નીતીના રસ્તે રાખવા ખુશી હશે તો હું પ્રતીવાદીને ઘરે રહેવા ખુશી છુ.

૭ પ્રતીવાદી મને પોતાની સાથે રાખતો નથી તેમ ખોરાકી પોશાકી

અગર તે બદલ કાંઇ ઉચક રકમ નકી કરી આપતો નથી તેમ કોઇ બીજી રીતે કાંઈ ખુલાશો કરતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૮ દાવાનુ કારણ સવત ૧૯૬૯ ના ચૈત્ર માસથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૯ કમીશનના રૂ. ત્થા પ્રોસેસના રૂા. મલી કુલ રૂ સ્ટેમ્પથી રજુ છે.

૧૦ હું વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદી પોતાની સ્થીતી અને આબરૂ તેમજ કમાણી પ્રમાણે મને ખોરાકી પોશાકી દરમાસે પ્રથમથી આપે તે પ્રમાણેનું હુકમનામુ કરી આપવાની સાથે કોર્ટ ખરચ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી અપાવવાનો હુકમ કરવા મહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અપાવી શકાય તે તે અપાવશો. તા. ૧–૧–૧૯૧૫.

૧ ઠકર પ્રાગજી માધવજીની વીધવા ઓરત નાથી મગનલાલ સહી. દા. શેઠ મોતીલાલ વાડીલાલ.

હું વાદી ઇકરાર કરૂ છું કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે. તા. ૧–૧–૧૯૧૫.

૧ ઠકર પ્રાગજી માધવજીની વીધવા ઓરત નાથી મગનલાલ સહી દા. શેઠ મોતીલાલ વાડીલાલ.

લી. **રતીલાલ વૃજલાલ** વકીલ.

દાવા અરજી નમુના નં. ૬૧.

વીધવા સ્રીએ પોતાના સસરા વીગેરે સામે ભરણપોષણ માટે કરવાની દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

વઢવાણના શેઠ ત્રીકમલાલ વમળસીની વીધવા ઓરત. ચંદ્રમણી નરપતલાલ } વાદી.

વીરૂદ્ધ.

વઢવાણના શેઠ વમળસી પીતામ્બર ત્થા શેઠ વાડીલાલ વમળસી } પ્રતીવાદી

દાવો ભરણપોષણ લેવાનો.

હું વાદી અરજ કરૂ છુ કે

૧ નંબર એકના પ્રતીવાદીના દીકરા ત્રીકમલાલ સાથે સંવત ૧૯૫૨ ની સાલમાં માહારાં કાયદેસર લગ્ન થયાં હતાં અને હું ત્યારથી સવત ૧૯૬૯ ની સાલ સુધી પ્રતીવાદીઓ સાથે રહેલ છુ.

૨ નબર એકનો પ્રતીવાદી માહારો સસરો છે અને નબર ૨ નો પ્ર-

તીવાદી માહારો દીયર છે.

૩ સવત ૧૯૬૭ ના વૈસાક માસમાં માહારા ધણી ત્રીકમલાલ મરણ ગયા છે અને હુ સવત ૯૬૭ ની સાલ સુધી તેઓ જીવતા હતા ત્યા સુધી તેમની સાથે રહેલ છુ.

૪ સંવત ૧૯૬૯ ના અસાડ માસમા પ્રતીવાદીઓએ મને ઘરમાથી કાઢી મુકી છે અને ત્યારથી ઘરમા રહેવા દેતા નથી તેમજ ભરણ પોષણ આપતા નથી તેમ ભરણપોષણ બદલ કાંઇ રકમ પણ આપતા નથી.

૫ માહારા ગુજરાનનુ કાંઇ પણ સાધન માહારી પાસે નથી.

૬ માહારા સસરા અને માહારા ધણી છેવટ લગી એકત્ર અવીભક્ત કુટુબ તરીકે રહેલા છે

૭ માહારા ધણીએ કાંઈ પણ ભાગ કે રકમ માહારા સસરા અગર દીયર પાસેથી લીધી નથી અમો વચે કાંઇ વહેચણ થઇ નથી હજુ સુધી મઝીઆરા કુટુબ તરીકે ભેગા રહીએ છીએ.

૮ માહારા સસરાની વટવાણ શહેરમા સરાફની પેઢી છે અને તે પચાસ હજાર રૂપીઆના આસામી છે અને તે તમામ મીલકત વડીલો પારજીત છે.

૯ માહારા સસરા સાસુ અને દીયર દેરાણી જેવી સ્થીતીમા રહે છે તેવીજ સ્થીતીમા રહેવાને માહારો સદરહુ મીલકતમા હક અને અધીકાર છે.

૧૦ માહારા સસરાની આબરૂ સ્થીતી અને તેઓ જે સ્થીતીનો હાલ ઉપભોગ કરે છે તે પ્રમાણે મને દર માસે રૂ. ૨૫) ભરણપોષણ બાધી આપવુ જોઇએ.

૧૧ પ્રતીવાદીઓને કહેતા કહેવરાવતા ભરણપોષણ આપતા નથી તેમ ઉચક રકમ નકી કરી આપતા નથી સબબ દાવો કરવા ફરજ ઉત્પન થઈ છે

૧૨ દવાનુ કારણ સવત ૧૯૬૯ ના અસાડ માસમા આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે

૧૩ કમીશનના રૂ પ્રોસેસના રૂ મલી કુલ રૂ સ્ટેમ્પથી રજુ છે.

૧૪ હુ વાદી દાદ માગુ છુ કે પ્રતીવાદીઓ પાસેથી દર માસે રૂ ૨૫) પ્રમાણે ભરણ પોષણ બદલ ઉચક રકમ આપવાનું તથા મને થએલ કોર્ટ ખરચ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ લેવાનું હુકમનામુ કરી આપવા મહેરબાની ફરમાવશો તેમજ કાયદા

પ્રમાણે અને વાસ્તવીક રીતે બીજી જે જે દાદ અપાવી શકાય તે તે અપાવશો. તા. ૧–˜–૧૯૧૫.

૧ **શેઠ ત્રીકમલાલ વમળસીની વીધવા ઓરત ચંદ્રમણી નરપતલાલ સહી.** દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧–૧–૧૫.

૧ **શેઠ ત્રીકમલાલ વમળસીની વીધવા ઓરત ચંદ્રમણી નરપતલાલ સહી.** દા. ખુદ.

લી. **વૃજલાલ મણીલાલ.**

દાવા અરજી નમુના નં. ૬૨.

કુટુબના માણસે કુટુબની મીલકત વહેચણ કરાવવા લાવવાનો દાવો.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમા.

વઢવાણના જાની મણીલાલ કાળીદાસ } વાદી.
વીરૂદ્ધ
વઢવાણના જાની માધવલાલ કાલીદાસ ૨ાા અમથાલાલ કાલીદાસ } પ્રતીવાદી.

દાવો કુટુબની મીલકત વહેંચણ કરાવવા બાબતનો.

હુ વાદી અરજ કરૂ છુ કે

૧ અમો વાદી અને બન્ને પ્રતીવાદીઓ એમ ત્રણે જણા સગા ભાઇઓ થઇએ છીએ અમો ત્રણે અવીભક્ત કુટુબના માણસો છીએ.

૧ અમારા ત્રણ ભાઈ શીવાય અમારે ચોથો ભાઇ નથી અમારા પીતા પાંચેક વરસ ઉપર મરણ પામેલા છે અને અમારી માતુશ્રી અમારી સાથે મઝીઆરા કુટુંબ તરીકે રહે છે.

૪ અમો ભાઇઓ વચે વહેચણ થઇ નથી ત્રણે ભાઇઓ હજુ સુધી ભેગા રહી પોતપોતાનો ધધો કરીએ છીએ.

૫ બૈરાઓના રાગદ્વેષને લઇને અમો ભાઈઓ વચે અનુરાગ થયો છે અને તેથી હવે અવિભક્ત કુટુબ તરીકે ભેગા રહી શકાય તેવુ નથી

૬ તા. ૧–૧૧–૧૯૧૪ ના રોજ અમારા ભાઇઓ વચે ઘણીજ સખત તકરાર થઈ અને તેના પરીણામે માહારે જુદું રહેવુ પડયુ છે.

૭ તા ૧–૧૧–૧૯૧૪ ના રોજથી હુ જુદો રહ્યો ત્યારથી મીલકતની વહેચણ કરવા સંબધમાં પ્રતીવાદીઓને મે ઘણુ કહ્યુ કહેવરાવ્યુ પણ વહેચણ કરી આપી નહી તેમ તેનો કોઇ રીતે ખુલાસો કર્યો નહીં જેથી દાવો લાવવા ફરજ પડી છે.

૮ મઝીઆરા કુટુંબની જે મીલકત છે તેનું લીષ્ટ આ સાથે સામીલ રાખું છું આ તમામ મીલકત વડીલો પારજીત છે.

૯ ઘરમાંથી માત્ર પહેરે કપડે જુદો રહેવાથી માહારી પાસે કાંઈ પણ મીલકત નથી બલકે કમીશન ભરવા જેટલું સાધન પણ માહારી પાસે નથી જેથી આ દાવો નાદારીમાં લાવું છું.

૧૦ દાવાનુ કારણ તા ૧-૧૧-૧૯૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૧૧ પ્રોસેસના રૂ સ્ટેમ્પથી રજુ છે નાદાર હોઈ કમીશન રજુ કરેલ નથી.

૧૨ હું વાદી દાદ માગું કે પ્રતીવાદીઓ માહારા હીસા પ્રમાણે મઝીઆરી મીલકતમાંથી બરાબર વહેચણ કરી આપે તેવુ અગર ત્રીજા ભાગ પુરતી મીલકત માહારા ભાગે રૂ ૨૦૦૦) ની આવવી જોઈએ તેટલી રકમનુ ચડતા બ્યાજે કોર્ટ ખરચ સાથે એકી વખતે પ્રતીવાદીઓની જાત અને તેમની હરેક મીલકતથી વસુલ લેવાનું હુકમનામુ કરી આપવા મહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે તે અપાવશો. તા. ૧-૧-૧૯૧૫.

૧ **જાની મણીલાલ કાલીદાસ સહી.** દા. ખુદ.

હું વાદી ઇકરાર કરૂં છુ કે સદરહુ અરજીમાં લખેલ મજકુર માહારા જાણુવા માનવા મુજબ બરાબર છે તા. ૧-૬-૧૯૧૫.

૧ **જાની મણીલાલ કાલીદાસ સહી.** દા. ખુદ.

લી. ત્રીભોવન વ્રજલાલ વકીલ.

દાવા ૨.રજી નમુના નંબર ૬૨ સાથે રાખવાનું

મીલકતનું લીષ્ટ.

વઢવાણના જાની મણીલાલ કાલીદાસે કરેલ દાવામાં. વઢવાણના જાની માધવલાલ તથા અમથાલાલ કાલીદાસ પાસે જે જે મીલકત છે તે લીષ્ટ.

૨૦૦૦-૦-૦ સોના રૂપાના દાગીના નીચે પ્રમાણે.

૧૪૦) રૂપાના કડલાની જોડ નગ. ૩

૩૦૦) સોનાની બે કઠીઓ.

ટીપ.

અવિભક્ત—ભેગું મઝીઆરૂં કુટુંબ,

વડીલોપારજીત—વડીલોએ પેદા કરેલ.

૧૦૦) હાંતની સોનાની ચીપથી મઢેલ ચુડીઓ નંગ. ૧૦
૩૦૦) સોનાનાં કડાં નંગ. ૬
૫૦૦) સોનાની હીરા કંઠી ૧
૩૦૦) સોનાની ઝરમરો નંગ. ત્રણ
૨૦૦) સોનાનાં ડોરણાં નંગ ૫ તથા સોનાનાં કાંપ નંગ ૬ તથા કોકરવાં નંગ. ૧૨
૧૫૦) સોના રૂપાનો પરચુરણ સામન અંગુઠા વીંટીઓ વગેરે.

૫૦૦—૦—૦ ત્રાંબા પીતળનાં વાસણો
૨૦૦૦—૦—૦ નગદ રોકડા છે.
૨૦૦—૦—૦ ગોદડાં ગાદલાં.
૨૦૦—૦—૦ ઘરનો પરચુરણુ સામન રાચરચીલું.
૨૦૦—૦—૦ હાલ તૈયાર છે તે ઘરમા અનાજ વીગેરે
૯૦૦—૦—૦ વઢવાણુના સરાફ નરોતમદાસ મોહનલાલને ત્યાં જે મુકેલા છે તે.

—————
૬૦૦૦—૦—૦

તા. ૧—૧—૧૯૨૫

રજુ કરનાર **જાની મણીલાલ કાલીદાસ સહી.** દા. ખુદ.

દાવા અરજી નમુના નંબર. ૬૨

સાથે નાદાર તરીકે આપવાની અરજી.

આ જમ. મેહેરબાન. સાહેબની કોર્ટમાં

વઢવાણુના જાની મણીલાલ કાલીદાસ	} વાદી.
વીરૂદ્ધ.	
વઢવાણુના જાની માધવલાલ કાલીદાસ તથા અમથાલાલ કાલીદાસ	} પ્રતીવાદી

દાવો કુંટુબની મીલકત વહેચણુ કરાવવા બાબતનો

હું વાદી અરજ કરૂ છુ કે.

૧ સદરહુ હેડીંગમાં બતાવેલ દાવો પ્રતીવાદીઓની સામે આપ સાહેબની કોર્ટમાં આજે રજુ કરેલ છે.

૨ હું વાદી નાદાર છુ અને દાવાની રકમ પ્રમાણે જે કમીશન ભરવુ જોઇએ તે ભરી શકુ તેવી સ્થીતી હાલ માહારી પાસે નથી તેમ તેટલી મીલકત માહારી પાસે નથી જેથી આ દાવો નાદારીમા લાવુછુ.

૩ માહારી પાસે હાલને જે મીલકત છે તેનુ લીષ્ટ આ સાથે સામેલ રાખ્યુ છે.

૪ હું નાદાર છું એમ નીચેના પુરાવાથી સાબીત થશે માટે મને નાદાર ઠરાવશો.

૧ વઢવાણના જાની. રેવાશંકર મણીલાલ.
૧ વઢવાણના શેઠ અમૃતલાલ હરીચંદ.
૧ વઢવાણના ભાવસાર અમથા મનસુખ.

૫ ઉપરના તમામ પુરાવાથી સાબીત થશે કે કમીશન જે ભરવું જોઇએ તેટલા પુરતી મીલકત માહારી પાસે નથી.

૬ સ્ટાપના રૂ. ૦-૮-૦ તથા પ્રતીવાદીને ખબર આપવાની પ્રોસેસના રૂ. મલી રૂ. આ સાથે રજુ છે

૭ હુ વાદી દંદ માગું છુ કે સદરહુ પુરાવો લઇ મને નાદાર ઠરાવો અને માહારો દાવો નાદારીમા ચલાવવા નવાસી પ્રો. ઓર્ડર ૩૩ પ્રમાણે હુકમ કરો તા. ૧—૧—૧૯૧૫

ટીપ.

૧ દરેક દાવામાં વાદીને જેટલુ કમીશન ભરવુ જોઇએ તેટલી રકમ ભરવાની પોતાની શકતી ન હોય તો આ પ્રમાણે નાદારીમા અરજ કરવી અને પોતાની સ્થાવર જંગમ મીલકતનુ સેડયુલ (લીષ્ટ) સાથે સામીલ રાખવુ.

૨ દાવો દાખલ કરવાની સાથેજ નાદારીની પણ અરજી સાથેજ આપવી જોઇએ કે પ્રથમ નાદારી બાબતનો તપાસ થવાની મુદત પડી તે બાબતનો પુરાવો લઇ નાદારી બાબત નીર્ણય થયે દાવો ચલાવવો શરૂ થાય છે.

૩ નાદારીમાં માત્ર કમીશનજ માફ થાય છે પરંતુ પ્રોસેસ તથા સાક્ષી ભથુ વીગેરે તો ભરવુજ પડે.

૩ નાદારીની અરજી સાથે મીલકતનુ લીષ્ટ રાખ્યુ ન હોય તથા ઇકરાર કરેલ ન હોય તથા કોર્ટમા હાજર થવાને જેમને માફી મળેલી છે તે શીવાયના માણસે કોર્ટમા જાતે હાજર થઇ આપી ન હોય તથા અરજદાર નાદાર પુરાવાથી ઠરે નહી તથા કમીશન ન ભરવા માટે નાદારીની અરજી આપ્યા પ્રથમ બે માસ અગાઉ અરજદારે દગલબાજીથી પોતાની મીલકત વેચી હોય કે કોઇને આપી હોય તથા કરવા ધારેલ ફરીઆદના સબંધમા અરજદારના કોઈ કરારથી બીજા કોઈ સક્ષનો હીત સબંધ ઉત્પન થયો હોય ત્યારે કોર્ટ નાદારીની અરજી નામંજુર કરે—આ શીવાય બીજા કોઈ કારણથી નાદારીની અરજી નામંજુર થાય નહી.

૧ જાની મણીલાલ કાલીદાસ સહી દા ખુદ.

હું વાદી મણીલાલ ઇકરાર કરૂં છુ કે સદરહુ નાદારીની અરજી માહારા જાણવા માનવા મુજબ બરાબર છે તા. ૧—૧—૧૫

૧ જાની મણીલાલ કાલીદાસ સહી દા ખુદ.

લી **ત્રીભોવન વૃજલાલ** વકીલ.

દાવા અરજી નમુના નંબર. ૬૨ સાથે જે નાદારીની અરજી આપેલ છે તે નાદારીની અરજી સાથે સામીલ રાખવાનું મીલકતનું લીષ્ટ.

વઢવાણના જાની મણીલાલ કાલીદાસે કરેલ દાવામા જાની મણીલાલ કાલીદાસ પાસે સ્થાવર જંગમ જે જે મીલકત છે તેબાબતનુ લીષ્ટ.

૧૦-૦—૦	સોનાની વીંટી એક
૩૦—૦-૦	રૂપાના કડલાં બૈરાને પહેરવાનાં
૩—૦-૦	સોનાનો કાંટો બૈરાને પહેરવાનો.
૧૦-૦-૦	દાતની સોનાથી મઢેલ બે ચુડીઓ બૈરાને પહેરવાની.
૨૫—૦—૦	સોનાની રામનુમી બૈરાને પહેરવાની.
૨૫-૦—૦	સોનાના બે કાપ બૈરાને પહેરવાના.
૫ ૦—૦	ત્રાંબા પીતળના વાસણો.
૨—૦—૦	ગોદડા.
૨—૦—૦	ઘરમા પરચુણ સામન.
	ઘર વઢવાણના શેઠ અમૃતલાલનુ અમોએ દર માસે રૂ ૧) આપવો ઠરાવી ભાડે રાખ્યુ છે. ખેતર જમીન કે ઘર કાંઇ નથી.
૨૫—૦—૦	ગાય એક
૧૩૧—૦—૦	
૮૩—૦—૦	ના દાગીના સ્ત્રી ધન તરીકેના છે કે જેના ઉપર વાદીનો કાંઈ હક નથી.
૪૮-૦—૦	માત્ર રૂપીઆ ચુવાલીશની મીલકત કે ઘરના ઉપયોગની

ટીપ

સ્ત્રીને પોતાના પીયરથી મળેલ મીલકત તેમજ સાસરા તરફથી લગ્ન વખતે ચડાવેલા દાગીના કપડા કે જે છાબમા મુકી બક્ષીસ થયા છે એ વીગેરે મીમકત સ્ત્રી ધન છે.

કેટલીક છે તે છે કે જે વેચી કમીશન ભરી શકાય નહીં. તા. ૧-૧-૧૯૧૫
રજુ કરનાર **મણીલાલ કાલીદાસ સહી.** દા. ખુદ

દાવા અરજી નમુના નં. ૬૩.

જાગીર વહેચણુ કરાવવાની દાવા અરજી

આઝમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

ભાભુરના ઠાકોર માનસંગજી ખેચરજી તથા ઠાકોર રાણાજી (૧) હરીસંગજી તથા ઠાકોર ગલાલજી (૨) કેહરસંગજી તથા ઠાકોર હજુરજી (૪) કેહરસીંગજી સગીરના (૩) વાલી ગલાલજી કેહરસીહજી	વાદી

વીરૂદ્ધ

ભાભુરના ઠાકોર ચેલાજી અભેસંગજી તથા ઠાકોર (૧) આંબાજી સુરસંગજી (૨) તથા ઠાકોર ગલાલસીહજી (૩) સુરસ-સગીરના વાલી આબાજી સુરસંગજી.	પ્રતીવાદી.

દાવો ભાભુર જાગીરની વહેંચણ કરાવવાનો.

૧ ભાભુર જાગીરમાં અમો વાદી પ્રતીવાદી મલી સાત ભાગીદાર છીએ.

૨ ભાભુર જાગીરના માલીક દરજે અમારી ચાર પાટીઓ છે. તેમાં એક પાટીમા વાદી નં. ૧-૨ છે અને બીજી પાટીમાં વાદી ન. ૩-૪ છે ત્રીજી પાટીમાં પ્રતીવાદી ન. ૧ છે અને ચોથી પાટીમાં પ્રલીવાદી ન. ૨-૩ છે.

૩ ભાભુર જાગીરની જે ઉપજ આવે તેમાં પ્રથમ ચાર ભાગ પડી ચાર પાટીઓમા જાય છે એથી ભાભુર જાગીરમા ન ૧-૨ વાદી બએ આનીના ભાગીદાર છે અને ન. ૩-૪ ના વાદી અવિભક્ત હોઈ તેમને ચાર આની જાય છે ન. ૧ ના પ્રતીવાદીને ચાર આની ભાગ મળે છે અને ન. ૨-૩ ના પ્રતીવાદી અવિભક્ત હોવાથી તેમને ભાગ ચાર આની જાય છે.

૪ અમો વાદી પ્રતીવાદી વચે બે વરસથી અણબનાવ ચાલે છે અને તેથી દરેક ભાગીદાર પોતાની મરજી પ્રમાણે વરતી લોક પાસેથી અમારો હક લઇ આવે છે પછી તે હક ભાગમાં મુકતા નથી આ પ્રમાણે થતુ હોવાથી અમો ભાગીદારો લડવાડમાં પડીએ છીએ તેથી બોલાચાલી થઇ ગભીર તકરારમાં ઉતરવુ પડે છે.

૫ અમો વાદી પ્રતીવાદી વચે સલાહસપ થાય તેવુ હવે રહ્યું નથી તેથી વહેચણ કરાવવા દાવો લાવવા ફરજ પડી છે.

૬ દાવાનુ કારણ વહેચણ કરાવવા માટે પ્રતીવાદીઓને તા.૧-૮-૧૯૧૪

ના રોજથી કહ્યા છતાં તેઓ વહેચણુ કરી આપવા ના પાડે છે ત્યારથી આ કોર્ટની હકુમતમાં ઉત્પન થયુ છે.

૭ સ્ટાંપના રૂ. પ્રોસેસના રૂ. મલી રૂ સ્ટેમ્પથી રજુ છે

૮ અમો વાદી દાદ માગીએ છીએ કે બાબુર જાગીરની પ્રથમ સરવે માપણી કરાવી જમીનનો પ્રકાર નકી થયા બાદ અમારી ચાર પાટી પ્રમાણે ચાર પાટીના સરખા ભાગે વહેચાવી આપી અમો વાદીને અમારા ભાગ કબજે સોપવાનુ હુકમ નામુ કરી આપવાની સાથે કોર્ટ ખરચ વીગેરે જે જે ખરચ થાય તે પ્રતીવાદીઓની જાત અને તેમની હરેક મીલકતથી વસુલ અપાવવાનું હુકમ નામુ કરી આપવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે દાદ કાયદા પ્રમાણે અને વાસ્તવીક રીતે અપાવી શકાય તે તે અપાવશો. તા. ૧-૧-૧૯૧૫

૧ ઠાકોર મ.નસંગજી બેચરસીંહજી સહી. દા. ખુદ.

ટીપ.

૧ આ દાવાને પોલીટીકાલ દાવા કહે છે અને તે હમેશાં ચડીઆતી કોર્ટમાં અને તે ઘણે ભાગે યુરોપી મન ઓફીશર સાહેબ પાસે અગર તેવાજ બીજા ઓફીશર સાહેબની કોર્ટમાં ચાલે છે.

૨ પોલીટીકાલ કોઇપણુ દાવામા કમીશન હોતું નથી માત્ર સ્ટાંપ અને પ્રોસેસથીજ દાવા સભળાય છે.

૩ હાલમાં રેગ્યુલેશનથી આવી રીતે જાગીરના કટકા થવાના દાવાઓ સાંભળવાની અને જાગીરને તોડી નાખો કટકા કરવાની મનાઈ થઇ છે ત્યારથી આવા દાવાઓ લેવાતા નથી પણુ નમુના ન. ૬૪ પ્રમાણે થઇ શકે.

૪ આ પ્રમાણેની જાગીરના કટકા કરાવવા જતા અને કુસુપની વાત જાહેર થતા કેટલેક ઠેકાણે તેવી જાગીર ઉપર જપ્તી થવા પ્રસગ આવે છે.

૫ જાગીર સબધના દાવાઓમા જેટલા પુરૂષ વર્ગના ઇશમો હોય તેવા તમામ હકદારોના નામો દાખલ કરવા પડે છે પાટીના મુખ્ય આગેવાન એકનુંજ નામ દાખલ થઇ દાવો ચાલી શકે નહીં.

૬ છ મહીનાના બાળકનુ પણુ પુત્ર હોય તો નામ દાખલ કરવું જોઇએ.

૭ અઢાર વરસથી ઓછી ઉમરના બાળકોનાં નામો દાખલ કરી તે સગીર માટે તેના વાલી ફલાણા ફલાણા એમ લખવુ જોઇએ પણુ તમામ હકદારોનાં નામો એટલે એક માશની ઉમરના પુત્ર સીખેનાં લખવાં.

૧ ઠાકોર રાણાજી હરીસંગજી સહી. દા ખુદ.
૧ ઠાકોર ગલાલજી કેહરસીંહજી સહી દા. ઠકર ગોપાલ કાનજી
અમો વાદી ઈકરાર કરીએ છીએ કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર અમારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૧-૧-૧૯૧૫.
૧ ઠાકોર માનસંગજી બેચરસીંહજી સહી. દા. ખુદ
૧ ઠાકોર રાણાજી હરીસંગજી સહી. દા. ખુદ
૬ ઠાકોર ગલાલજી કેહરસીંહજી દા. ઠકર ગોપાલ કાનજી.
લી. આર. પી. મેહેતા વકીલ.

દાવા અરજી નમુના નંબર ૬૪.

બે જાગીર વચેનુ સીહારૂ ગામ વહેચણ કરાવવાની દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમા.

થસા જાગીરદાર ઠાકોર અભેસગજી માનસગજી
થસા જાગીર તરફથી વીરૂદ્ધ. } વાદી.

ઉજણ જાગીરદાર હજુરસીહજી સુરસગજી
ઉજણ જાગીર તરફથી } પ્રતીવાદી

દાવો "વલસાડ" ગામની વહેચણી થવા બાબતનો.
અમો વાદી અરજ કરીએ છીએ કે

૧ થસા જાગીર અને ઉજણ જાગીર જુદી જુદી છે અમો વાદી અને પ્રતીવાદી વચ્ચે વલસાડ ગામ સીહારૂ સરખે હીસે છે
૨ વલસાડની દરવરસે જે ઉપજ આવે છે તે અમો બન્નેની રજુ વાતે તેની અર્ધોઅર્ધ વહેચણી કરી લઇએ છીએ
૩ આ વલસાડ ગામમા અમો વાદીના તેમજ પ્રતીવાદીના તમામ હકો સરખે ભાગે અર્ધોઅર્ધ હીસે છે કોઇને એક બીજા વીરૂદ્ધ કાઇ હક વધારે લેવા સત્તા કે અધીકાર નથી.
૪ અમો વદી પ્રતીવાદી વચ્ચે હવે વલસાડ ગામ સીહારૂ રાખવુ કેટલાએક સયોગોથી પાલવે તેમ નથી
૫ સીહારૂ રાખવાથી ભવીષ્યમાં કેટલીક સભવીત તકરારો ઉત્પન થવા પામે તેમ છે અને તેથી હવે વહેચણ થઇ વલસાડના બેભાગ કરી અર્ધો અર્ધ વહેંચણ કરી લેવાની જરૂર છે
૭ તા. ૧-૮-૧૯૧૪ ના રોજથી વહેચણ કરવા આવતા નથી ત્યાર થી આ દાવાનુ કારણ આ કોર્ટની હકુમતમા ઉત્પન થયુ છે.
૮ સ્ટાપના રૂ. પ્રોસેસના રૂ મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૯ અમો વાદી દાદ માગીએ છીએ કે વલસાડની સરવૈ માપણી થઈ જમીનના પ્રકાર નકી થઇ ગયા છે માટે તે પ્રકાર પ્રમાણેની વહે-ચણી અમો વાદી પ્રતીવાદીને કરાવી આપવા અને તે બાબતના પીલર સીમમાં તથા ગામમા નંખાવી આપવાનુ હુકમનામુ કરી આપવાની સાથે અમોને થએલ કોર્ટ ખરચ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ અપાવવાનુ હુકમનામુ કરી આપશો તેમજ બીજી જે જે દાદો કાયદા પ્રમાણે તેમજ વારતવીક રીતે અપાવી શકાય તે તે અપાવશો. તા. ૧—૧—૧૯૧૫.

૧ **ઠાકોર અભેસીંગજી માનસીંગજી સહી.** દા. ખુદ.

અમો વાદી ઇકરાર કરીએ છીએ કે સદરહુ દાવા અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧–૧–૧૯૧૫

૧ **ઠાકોર અભેસીંગજી માનસીંગજી સહી.** દા. ખુદ.

લી. **આર. સી. મહેતા** વકીલ.

દાવા અરજી નમુના નં. ૬૫

મરનારની મીલકત સરકારે જપ્ત કરી હોય તે બાબત માટે મર-નારની મીલકત લેવાનો વારસ દરજે દાવો વારસાના નમુના નબર ૧.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

અરજદાર.

રાધનપુરના શેઠ મગનલાલ મોતીલાલ.

રાધનપુરના શેઠ વર્ધમાન કાલીદાસ પોતાના પાછળ ફરજંદ મુકયા વગર મરણ પામવાથી મરનારની મીલકત આશરે રૂ ૮૦૦) ની સીટી ફોજદાર સાહેબે જપ્તીમા લીધી છે તે જપ્તી દુર કરી મનારની મીલકતનું

ટીપ.

આ દાવો પોલીટીકાલ છે તેથી કમીશન લખવામાં આવ્યું નથી.

આ દાવાથી કોઇ જાગીર તુટતી નથી તેથી આવા દાવાઓનો નીર્ણય થાય છે વલસાડ ગામ કાંઇ જુદી જાગીર નથી પણ બે જેકે જુદી જુદી જાગીરો છે તે બે જુદી જાગીરનુ સીહારૂ ગામ છે તેથી સુલેહ શાન્તીની ખાતર હકહીસા પ્રમાણે વહેચણી કરાવી શકાય.

જાગીર તરથી વાદી પ્રતીવાદી લખવામા આવે ત્યાંહાં પછી બીજા-ઓનાં એટલે બીજા ભાગદારોના નામો લખવા જરૂર નથી, પણ એક જાગીરદારના કબજામા જાગીર ન હોય તેવા પ્રસગે તમામના નામો લખવાં જોઇએ.

વારસા સરટીફીકેટ મેળવવા અને તેને અનુસરી મરનારની મીલકત મલવા અરજ.

હુ અરજદાર અરજ કરૂ છુ કે

૧ મરનાર વર્ધમાન કાલીદાસ માહારે કાકા થતા હતા તેમને હુ ચોથી પેઢીએ ભત્રીજો થાઉં છુ જે બબતનુ પેઢીનામુ આ સાથે સામીલ રાખ્યુ છે.

૨ મરનાર વર્ધમાન કાલીદાસનાં વહુ આજથી બે ત્રણ વરસ ઉપર મરણ પામેલા છે તેમના ઘરમાં ત્યારથી વર્ધમાન એકલાજ રહેતા હતા અને તે મરણ જવા પાછળ તેમને દીકરી કે દીકરો કાંઇ ફરજદ હયાત નથી.

૩ મરનાર વર્ધમાન તા. ૧—૧૦—૧૯૧૪ ના રોજ રાધનપુરમા મરી જતા તેમની પાછળ વારસની ગેરહાજરી હોવાથી પોલીશે તેમના મકાનની અને મીલકતની નોંધ કરી લઇ જપ્તી કરી છે.

૪ મરનારની પાછળ અમારી નાતના રીવાજ પ્રમાણે મરણ ખરચ વીગેરે જે કરવુ જોઇએ તે તમામ ખરચ મે કરેલુ છે.

૫ મરનાર પાછળ વર્ધમાનનો નજીકનો વારસ અને હકદાર હુ છું તે શીવાય કોઇ નજીકનો વારસ કે હકદાર માહારા શીવાય નથી.

૬ મરનારની મીલકતનું લીષ્ટ આ સાથે સામીલ રાખ્યુ છે તેટલી મી-લકતનુ વારસા સરટીફીકેટ મલવા અરજ છે.

૭ આ કામમા હુ હકદાર હોવાના સબંધમાં માહારા નીચે પ્રમાણે સાહેદો છે.

૧ રાધનપુરના શેઠ ગોપાલ મુળજી.

૨ રાધનપુરના પારેખ દલીચંદ પીતામ્બર

૩ રાધનપુરના કોરડીઆ નરપતલાલ મણીલાલ

૮ કમીશનના રૂ. સાહેદોની પ્રોસેસના રૂ. મરનારના વારસ સબધમા જાહેરનામાં કાઢવા સબધની ફીના રૂ રૂ. મલી કુલ રૂ. રજુ છે.

૯ હું અરજદાર અરજ કરૂં છું કે મરનારનો હું કાયદેસર રીતે વારસ અને તેની મીલકત લેવાને હકદાર છુ માટે મરનારનો વારસ ઠરા-વવાનું વારસા સરટીફીકેટ આપવા અને તે આધારે મીલકત લેવા હુકમ ફરમાવશો. એવી આશા છે. તા. ૧—૧—૧૯૧૫.

૧ મગનલાલ મોતીલાલ સહી. દા. ખુદ.


હું અરજદાર ઇકરાર કરૂં છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫

૧ મગનલાલ મોતીલાલ સહી. દા. ખુદ.

લી. આર. સી. મહેતા. વકીલ.

દાવા અરજી નમુના નંબર. ૬૫ સાથે રાખવાનું

પેઢીનામું.



રજુ કરનાર ૧ શેઠ. મગનલાલ મોતીલાલ સહી. દા. ખુદ,

ટીપ.

× આ નીશાની મુકી ત્યાં તે નીરવંશ મરણ પામેલ સમજવું.
એટલે મણીલાલ અને પીતામ્બરનું નીરવંશ ગયું છે એમ સમજવાનું છે.

દાવા અરજી નમુના નંબર ૬૫ સાથે રાખવાનું મીલકતનું લીષ્ટ.

શેઠ વર્ધમાન કાલીદાસ મરણ પામેલ તેની મીલકતનું લીષ્ટ.

૨૦૦-૦-૦ ઘર એક પાજરા પોળમા આવેલ તે જડતળ વાળું.
૧૫૦-૦-૦ સોનાની કઠી એક
૫૦-૦-૦ સોનાનું કડુ એક ૫૦-૦-૦ સોનાની વીંટીઓ બે
૨૫૦-૦-૦ હીરા કઠી એક ૫૦-૦-૦ ગોદડાં ત્થા કપડા વીગેરે
૨૫-૦-૦ ત્રાંબા પીતળનાં વાસણો
૨૫-૦-૦ રાચરચીલાનો પરચુરણ સામન

૮૦૦-૦-૦

તા. ૧—૧—૧૯૧૫

રજુ કરનાર **૧ શેઠ. મગનલાલ મોતીલાલ સહી** દા. ખુદ.

દાવા અરજી નમુના નંબર. ૬૬

મરનારનુ લેહેણુ વસુલ લેવા અને મરનારના વારસદરજે દીવાની કોર્ટમાં દાવા કરવા સારૂ સરટીફીકેટ મેળવવા કરવાની દાવા અરજી.

વારસાના નમુના નંબર ૨

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમા

અરજદાર.

રાધનપુરના શેઠ. મગનલાલ મોતીલાલ

રાધનપુરના શેઠ. વર્ધમાન કાલીદાસ ફરજદ વગર ગુજરી જવાથી મરનારના વારસ દર જે સરટીફીકેટ લેવા અરજ

હુ અરજદાર અરજ કરૂં છુ કે.

૧ મરનાર માહારે ચોથી પેઢીએ કાકા થાય છે અને હુ મરનારને ચોથી પેઢીએ ભત્રીજો થાઉ છું જે બાબત બતાવનાર પેઢીનામુ આ સાથે સામીલ રાખ્યુ છે.

૨ મરનારનું લેહેણુ રૂ. ૧૫૦૦) નું પરચુરણ વેપારી ત્થા ખેડુતોમા છે અને રૂ. ૬૦૦) પોષ્ટમાં છે ત્થા રૂ. ૧૨૦૦) કંપનીઓમા શેરો ખરીદ કરવામા મરનારે રોકેલા છે તે વસુલ લેવા મરનારના વારસ અને હકદાર દર જે સરટીફીકેટ લેવા આ અરજ લાવું છુ.

૩ મરનાર વર્ધમાનની બાયડી કે જે માહારે કાકી થાય તે બે ત્રણ વરસથી મરણ પામેલાં છે તે મરણ ગયા બાદ માહારા કાકા વર્ધમાન

એકલાજ રહેલા હતા તે તા. ૧—૧૦—૧૯૧૪ ના રોજ મરણ પામેલા છે,

૪ તેમની પાછળ તેમને એટલે વર્ધમાનને દીકરો અગર દીકરી નથી.

૫ મરનારની પાછળ અમારી નાતના રીવાજ મુજબ મરણ ખરચ વીગેરે જે જે ખરચ કરવુ જોઇએ તે કરેલુ છે.

૬ મરનાર વર્ધમાન પાછળ નજીકનો વારસ અને હકદાર હું છુ તે શીવાય બીજો કોઈ નજીકનો વારસ નથી.

૭ મરનારનું લેહેણુ જેમની પાસે છે તે બાબતનું લીષ્ટ આ સાથે રાખેલ છે.

૮ મરનારનુ વારસા સરટીફીકેટ લેવાને હું હકદાર છુ તે બતાવવા નીચે પ્રમાણે સાક્ષી આપુ છુ.

૧ રાધનપુરના શેઠ ગોપાલ મુલજી
૨ રાધનપુરના પારેખ દલીચદ પીતામ્બર
૩ રાધનપુરના કોરડીઆ નરપતલાલ મણીલાલ

૯ કમીશનના રૂ. ત્થા સાહેદોની પ્રોસેસના રૂ. જાહેરનામામાં કાઢવાની ફીના રૂ. મળી કુલ રૂ. આ સાથે રજુ છે.

૧૦ હુ અરજદાર અરજ કરૂ છુ કે મરનારનો વારસ અને તેનું લેહેણુ લેવાને હું હકદાર છુ માટે મરનારનુ લેહેણુ રૂ ૩૩૦૦) નું વસુલ કરવાનુ અને તે આધારે દીવાની કોર્ટમા જવુ પડે તો દીવાની કોર્ટમાં જઇ દાવા કરવાના હકનુ મરનાર વર્ધમાનના વારસ દર જે મને સરટીફીકેટ આપવા મેહેરબાની કરશો તેમજ બીજી કાયદેસર દાદ અપાવવાનું જણાય તે પણ અપાવશો. તા ૧—૧—૧૯૧૫

૧ શેઠ મગનલાલ મોતીલાલ સહી દા ખુદ

હુ અરજદાર ઇકરાર કરૂ છુ કે સદરહુ અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧—૧—૧૯૧૫

૧ શેઠ મગનલાલ મોતીલાલ સહી દા. ખુદ.

લી **આર. સી. મહેતા** વકીલ

પેઢીનામુ નમુના નંબર એકમાં લખ્યા પ્રમાણેનું સામીલ રાખવુ

દાવા અરજી નમુનો નંબર ૬૬ સાથે રાખવા.

લેહેણાની યાદી.

રાધનપુરના શેઠ વર્ધમાન કાલીદાસ મરણ પામેલના લેહેણાની યાદી

૧૫૦૦—૦—૦ નીચે લખેલ ઇશમો પાસે ધીરધાર કરેલના લેહેણા છે.

૫૦૦—૦—૦ રાધનપુરના શેઠ વમલસી પીતામ્બર પાસે ખાતાના આધારે

૩૦૦—૦—૦ રાધનપુરના સૈયદ અમુમીઆં અબ્દેરહેમાન પાસે
ખાતાના આધારે
૪૦૦—૦—૦ રાધનપુરના કણબી અમથા ઝવેર પાસે ખાતાના આધારે
૩૦૦—૦—૦ રાધનપુરના પટેલ જીવણ મલુ પાસે ખાતાને આધારે
૬૦૦—૦—૦ રાધનપુર પોષ્ટમા સેવીંગ્સ બેંકમાં મુકેલ છે.
૧૨૦૦—૦—૦ શેરો ખરીદ કરેલ છે તે કંપનીઓના.
૨૫૦—૦—૦ મનમાર પ્રેસનો શેર ૧
૨૦૦—૦—૦ ટ્રાપ્ટી ઓડીનરી મુબાઇનો શેર. ૧
૩૦૦—૦—૦ જમશેદના શેર ૨ ૨૫૦—૦—૦ ધોલકા રેલવેના શેર ૨
૨૦૦—૦—૦ બારામતી રેલવેના શેર. ૨

૩૩૦૦—૦—૦ તા. ૧—૧—૧૯૧૫

રજુ કરનાર **મગનલાલ મોતીલાલ સહી** દા. ખુદ

દાવા અરજી નમુના નંબરે ૬૭.

મરનારની જાગીર મેળવવા સબંધમાં વારસા સરટીફીકેટ મેળવી. જાગીરના હકદાર થવા સબંધમા કરવાની દાવા અરજી—વારસાની અરજી નમુના નંબર ૩.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં

અરજદાર.

થસાના જાડેચા રજપુત માનસીગજી પૃથ્વીરાજજી.

વીરૂદ્ધ પક્ષકાર

થસાના વાઘેલા રજપુત કેદારસીંગજી અભેમીગજી.

દાવો થસા જાગીર કબજે મળવા બાબતનો.

અમો અરજદાર નમ્રતા પૂર્વક આ અરજ લાવીએ છોએ કે—

૧ થસા જાગીર જાડેચા રજપુતની છે અને તે પ્રમાણે સવત ૧૯૬૫ ની સાલ સુધી થસા જાગીર જાડેચા રજપુતના કબજામાં રેહેલ છે.

૨ સવત ૧૯૬૫ ની સાલમાં થસા જાગીર જાડેચા રજપુત દોલતસીગજી કનકસીંગજીના માલીકી હકદરજે કબજામાં હતી પરતુ સં. ૧૯૬૩ ની સાલના જેઠ માસમાં દોલતસીગજી સ્વર્ગવાસ (મરણ પામવાથી) થવાથી તે જાગીર વાઘેલા રજપુતના હાથમાં ગઈ છે.

૩ થસા જાગીર લગભગ બશો ત્રણસો વરસથી જાડેજા રજપુતના કબજા

ભોગવટા અને માલીકી હક તરીકે રહી છે અને તે જાગીર જાડેજા રજપુતની છે.

૪ થસા જાગીરના માલીક દોલતસીહજી હતા જે સા ૧૯૬૫ ની સાલમા મરણ પામ્યા તે માહારે કાકા થાય છે અને દોલતસીહજીને ત્રીજી પેઢીએ ભત્રીજો થાઉ છુ

૫ મરનાર દોલતસીહજીને પુત્ર કે પુત્રી તેમની પાછળ નથી તેમજ માહારા શીવાય નજીકનો હકદાર પણ કોઇ નથી

૬ મરનાર દોલતસીહજીનાં ઓરત કે જે માહારે કાકી થાય તેમના કબજામા હાલ આ જાગીર નથી.

૭ મરનાર દોલતસીહજીની બેન જેમનુ નામ સોનબાઇ હતુ તે બાઇનો દીકરો કેદારસીહજી સ. ૧૯૬૫ ની સાલમા થસા જાગીરમા હાજર હોઇ મરનારના ભાણેજ દરજે સદરહુ જાગીર કબજે લેવા પરચુરણ અરજી નામદાર પાલણપુરના પોલીટીકાલ એજન્ટ સાહેબ બહાદુર હજુર અરજ કરવાથી સદરહુ જાગીર કેદારસીહજીના હાથમાં આવી છે.

૮ અમો અરજદાર ત્રીશ વરસથી અમારા મોસાળમાં કચ્છ એજન્સીમાં ભુજ તાબાના અજાર ગામમાં હાલ રહીએ છીએ અને અમારા કાકા દોલતસીહજી મરણ જવાની ખબર અમને સં ૧૯૭૦ ના અસાડ માસમાં પડવાથી થસે આવી તપાશ કરી આ દાવો લાવીએ છીએ.

૯ મરનાર દોલતસીંહજીને ત્રીજી પેઢીએ હું ભત્રીજો થનો હોવાથી તેમનો વારસ હું છુ અને વારસદરજે સદરહુ જાગીર મને સોપવી જોઇએ.

૧૦ હીદુલો તેમજ બીજા નીયમ પ્રમાણે કુટુબમાં ભત્રીજો હોય ત્યાસુધી ભાણેજને વારસદરજે હકદાર ઠરાવી શકાય નહીં

૧૧ મરનાર દોલતસીહજીએ પોતાના ભાણેજને દત્તક લીધો નથી તેમ કાંઇ હકપત્ર લખી આપેલ કે બક્ષીસ પત્ર લખી આપેલ નથી અને કદાચ તેમ થયુ હોય તો તે કાયદા પ્રમાણે જાગીરના સબધમા નામદાર સરકારની પ્રવાનગી વગર થઈ શકતુ નથી.

૧૨ મરનારને જાગીરના સબંધમા કાંઇ પણ વ્યવસ્થા કરવા કે જાગીર ઉપર કોઇ પણ જાતનો બોજો કરવા કે જાગીરને નુકશાન થાય તેમ કરવા અગર ખરા હકદારને જાગીર મળતાં હરકત થાય તેવુ કાંઇ પણ કરવા કાયદાથી અધીકાર મળતો નથી પણ ઉલટી રીતે કાયદાના નીયમો તેમ કરતા અટકાવે છે.

૧૩ મરનાર દોલતસીંહજીને હુ ભત્રીજો થાઉં છું તે સાબીત કરવા અને થસા જાગીર જાડેજા રજપુતની તેમજ દોલતસીહજીની છે તે સાબીત કરવા નીચેનો પુરાવો બતાવુ છુ.

૧ દીયોદરના જાગીરદાર સાહેબ.
૨ થસાના શેઠ ભુદર અમૃતલાલ
૩ થસાના ઠકર લવજી ભગવાન.
૪ થસાના વોહોરા હસનઅલી સમસુદીન.
૫ થસાના મેમણ નયુ કરીમભાઇ.
૬ અજારના જાડેચા રજપુત બહેચરસોહજી
૭ ખુદ પ્રતીવાદી.

૧૪ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૧૫ હુ અરજદાર અરજ કરૂ છુ કે મરનાર દોલતસીંહજીનો મને વારસ ઠરાવી જાગીર લેવાનુ વારસા સરટીફીકેટ આપી થસા જાગીરનો હકદાર ઠરાવો અને પ્રતીવાદી પાસે થસા જાગીર ભોગવવાનો કાઇ આધાર હોય તો તે રદ કરો અને થસા જાગીર પ્રતીવાદી માહારે કબજે સોપે તેવો હુકમ ફરમાવવાની સાથે કોર્ટ ખરચ વીગેરેમાં જેમ કાયદેસર જણાય તેમ થવા અને કાયદેસર જે જે દાદો અપાવી શકાય તે તે અપાવવા મહેરબાની ફરમાવશો. તા ૧-૧-૧૯૧૫

૧ **માનસીંહજી પૃથીરાજજી સહી.** દા. ખુદ.

હુ અરજદાર ઇકરાર કરૂ છુ કે સદરહુ અરજીમા લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા ૧-૧-૧૯૧૫.

૧ **માનસીંહજી પૃથીરાજજી સહી.** દા. ખુદ.

લી॰ **એલ. ડી. પાટીલ** વકીલ.

દાવાઅરજી નમુના નંબર. ૬૭. સાથે રાખવાનું

પેઢીનામું.

કનકસીંહજી.

પૃથ્વીરાજજી દોલતસીહજી જગતસીહજી
×

માનસીંગજી

તા. ૧-૧-૧૯૧૫.

માનસીંહજી પૃથ્વીરાજજી સહી. દા. ખુદ.

દાવાઅરજી નમુના નંબર. ૬૮.

મકાન ઉચું બાંધી હવા અજવાળાને રોકતો હોય તથા બારી બારણાં હક વગર મકાનને નવાં મુકતો હોય તે અટકાવવા દાવા અરજી.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

વીરમગામના પારેખ નરપતલાલ મનસુખ જાતે શ્રાવક વાણીઆ ઉમર વરસ ૪૦ ધધો વેપાર ઠેઃ નાગરવાડો ઘર નબર. ૮૨ } વાદી.

વીરૂદ્ધ.

વીરમગામના શેઠ મણીલાલ પુરૂસોતમ જાતે શ્રાવક વાણીઆ ઉમર વરસ ૫૫ ધધો દલાલી ઠે નાગરવાડો ઘર નબર ૮૫ } પ્રતીવાદી.

દાવો હવા અજવાળું બધ કરતાં તથા બારી બારણાં નવાં મુકતાં અટકાવવા બાબત.

હુ વાદી અરજ કરૂ છુ કે.

૧ પ્રતીવાદીનુ ઘર માહારા ઘરની સામેજ છે પ્રતીવાદી પોતાનુ મકાન પડાવી નખાવી અસલ હદ પ્રમાણે ઘર બાધતો નથી પણ અસલ હદ છોડી દઇ મને હરકત કરવાને માટે હરકત થાય તેમ ઘર બાધવાની તેણે પરવાનગી મેળવી છે અને તે પ્રમાણે ઘર બાંધવુ શરૂ કરેલ છે.

૨ પ્રતીવાદીનુ પ્રથમ ઘર પચાશ ફુટના આશરે ઉચું હતું અને હાલ તે ૧૧૦ ફુટ ઉચુ મકાન બાધવાનો છે આ પ્રમાણે થાય તો માહારૂ જે મકાન મે હાલમાંજ થોડા વરસો ઉપર સાયઠ હજાર રૂપીઆ ખરચી બનાવેલુ છે તે નકામુ થઇ પડે કારણ કે પ્રતીવાદીના ઉંચા ઘરથી માહારૂ ઘર તદ્દન ઢકાઇ જવાથી હાલ જે હવા અને અજવાળુ માહારા મકાન અદર આવે છે તે હવા અને અજવાળુ આવતુ બધ પડે તેમ છે.

૩ પ્રતીવાદીના ઉચા મકાનથી અમારા ઘરમાં આવતી કુદરતી હવા અટકે છે તેમ અજવાળુ પણ અટકે છે અને તેથી અમારૂં મકાન અમોને રહેવા લાયક રહેશે નહીં તેમજ ભાડે પણ હવા અજવાળું નહીં હોવાથી કોઈ લેશે નહીં.

૪ પ્રતીવાદી તે ઉપરાંત પોતાના મકાન અંદર નવી ચાર બારીઓ એવી રીતે મુકવાનો છે કે તે બારીઓ અંદરથી અમારા ઘરના નીચેના ભાગમા તેમજ માળામા ખુલ્લી રીતે પ્રતીવાદી અને પ્રતીવાદીના ઘરમાં જે માણસો હાજર હોય તે તમામ જોઇ શકે આ પ્રમાણે થવાથી અમારા મકાનની જે મરજાદ આબરૂ છે તે પણ ઉઘાડી

થાય છે અને તે પ્રમાણે અમારા ઘરની મરજાદ આબરૂ પ્રતીવાદી-ના મકાનથી જોવાઈ શકાય તેવી રીતે પ્રતીવાદીને બારીઓ મુકવા અધીકાર નથી

૫ પ્રતીવાદીને બારીઓ મુકવાની પરવાનગી કાયદા વીરૂદ્ધ રીતે મળી છે આ પ્રમાણે બારીઓ મુકવાથી બૈરાંઓનો નાવાનો ભાગ રસોડા-નો ભાગ બૈરાંઓનો બેઠક ઉઠકનો ભાગ તદન અમારા મકાનનો ઉઘાડો થાય છે અને તેથી અમારી મરજાદ આબરૂ સચવાતી બધ પડે છે તેમ પ્રતીવાદી કરી શકે નહી

૬ આ બાબત પ્રતીવાદીને કહેતાં તે અમારી સામે તકરાર કરવા તૈ-આર થાય છે અને માનતો નથી સબબ દાવો કરવા ફરજ પડી છે.

૭ તા. ૧-૮-૧૯૧૪ ના રોજ મકાન બાધવુ શરૂ કરેલ ત્યારથી દાવાનુ કારણુ ઉત્પન આ કોર્ટની હકુમતમા થયુ છે.

૮ કમીશનના રૂ. પ્રોસેસના રૂ. મળી કુલ રૂ સ્ટેમ્પથી રજુ છે.

૯ હુ વાદી દાદ માગુ છુ કે સદરહુ પ્રમાણે નવીન ચાર બારીઓ મુકતાં અને ૧૧૦ ફુટ ઉચુ મકાન બાધતાં પ્રતીવાદીને અટકાવવાનું અને પ્રતીવાદી અસલ હદ. મરજાદ પ્રમાણે પોતાનુ મકાન બાધે તેવુ હુકમનામુ કરી આપવા તેમજ મને થએલ કોર્ટ ખરચ પ્રતી-

---

ટીપ.

કોઇ છુટી જમીન હોય અને તે કોની કેટલી છે તે બરાબર ચોખ થએલ ન હોય અગર કોઇ મકાન બાધી કાઇ વધારે જમીન દબાવતો હોય તેવા પ્રસગે આ પ્રમાણેની ફરીઆદ લાવી શકાય છે.

તેમાં અમારી અમુક જમીન આટલી કીમત રૂ. ની પ્રતીવાદી પો-તાના મકાનમા ભેળવી દઇ મકાન બાધે છે એ હકીકત બતાવી છેવટ માગણીમા તે પ્રમાણે અમારી જમીન દબાવે નહી તેવુ હુકમનામુ કરી લેવાની માગણી કરવી—કોઇ ઇશમ ઘરને નવુ બારણુ મુકતો હોય તો પણુ આ પ્રમાણે ફરીઆદ કરવી.

આવા દાવાઓમા તેમજ ટીપમા બતાવેલ હકીકત લાવી દાવાઓમાં મનાઈ હુકમ મેળવી દાવો દાખલ કરતી વખતે જ પ્રતીવાદીને પોતાનુ મકાન બાધતો અટકાવવો જોઈએ જો તે પ્રમાણે કરવામા ન આવે તો દાવાનુ નીરાકરણુ થતા સુધીમા મકાન પુરૂ થાય અને ત્યાર પછી માગેલ દાદ બહુ મુશકેલીથી લેવાઇ શકાય.

આ દાવાસાથે મનાઇ હુકમની અરજી પણુ રાખી છે હમેશાં મનાઇ હુકમની અરજી દાવો દાખલ કરતી વખત જુદી આપવી પડે છે.

વાદીની જાત અને તેની હરેક મીલકતથી અપાવવાનું હુકમનામું કરી આપવાની સાથે બીજી જે કોઈ કાયદેસર અને વાસ્તવીક રીતે દાદ અપાવી શકાય તે અપાવવા હુકમ ફરમાવશો તા. ૧–૧–૧૯૧૫

૧ પારેખ નરપતલાલ મનસુખ સહી. દા. ખુદ.

હુ વાદી ઇકરાર કરૂ છું કે સદરહુ દાવા અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧–૧–૧૯૧૫

૧ પારેખ નરપતલાલ મનસુખ સહી. દા ખુદ.

એલ. આર. મેહેતા. વકીલ.

દાવા અરજી નમુના નંબર. ૬૮. સાથે.

આપવાની મનાઇ હુકમની અરજ

આજમ મહેરબાન સાહેબની કોર્ટમા.

વિરમગામના પ્રારેખ નરપતલાલ મનસુખ ઠે. નાગરવાડામા ઘર નબર. ૮૨	વાદી.
વીરૂધ.	
વિરમગામના શેઠ મણીલાલ પુરસોતમ ઠે. નાગરવાડો ઘર નબર ૮૫	પ્રતીવાદી.

દાવો હવા અજવાળું બધ કરતા ત્યા બારી બારણાં મુકતા અટકાવવા બાબત.

અમો વાદી અરજ કરીએ છીએ કે.

૧ સદરહુ બાબત આજે આપ સાહેબની કોર્ટમાં દાવો રીતસર દાખલ કર્યો છે અને મનાઇ હુકમ મેળવવા માટે આ અરજ રજુ કરૂં છું.

૨ પ્રતીવાદીનુ મકાન ચણાવવુ શરૂ થયુ છે. આ દાવો દાખલ થવાની પ્રતીવાદીને ખબર પડશે એટલે ઘણા કડીઆ સુથાર રાખી બહુ ઝડપથી પોતાનુ મકાન તૈયાર કરી લેશે અને આમ આ પ્રમાણે તૈઆર કરી લેતો પછી માહારે ન્યાયની શરણે આવવુ નકામુ થઇ પડે.

૩ આ દાવાનુ નીરાકરણ થતાં સુધી પ્રતીવાદી પોતાનું મકાન ચણાવે નહીં તેમ કાંઇ ભાગ કરે નહી તેમ તેને અટકાવી. તે બાબત મનાઇ હુકમ આપી અમારા દાવાનુ નીરાકરણ થયે યોગ્ય હુકમ આપવો જોઇએ.

૪ આ કામમાં મનાઇ હુકમ સબધમાં હું માહારો નીચે પ્રમાણે પુરાવો આપું છુ તે લેશો.

૧ વીરમગામના શેઠ લલુ ઉજમચંદ.

૧ વીરમગામના પંડયા રવીશંકર લક્ષ્મીશંકર.

૧ વીરમગામના પટેલ અમૃતલાલ ઝવેર.

૫ હું વાદી અરજ કરૂં છુ કે સદરહુ પુરાવાથી મનાઇ હુકમ આપવાનું અને માહારી અરજ ખરી હોવાનું જણાશે માટે નવા સીવીલ. પ્રોસીઝર ઓર્ડર ૩૯ ની કાનુન. ૧ પ્રમાણે મનઈ હુકમ આપવા વીનતી છે તા ૧-૧-૧૫

૬ સ્ટાપના રૂ. ૦-૮-૦ આ સાથે રજુ છે.

૧ **પટેલ નરપતલાલ મનસુખ સહી.** દા. ખુદ.

હું વાદી અરજ કરૂં છુ કે સદરહુ અરજીમા લખેલ હકીકત માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૧

૧ **પારેખ નરપતલાલ મનસુખ સહી.** દા. ખુદ.

લી. **વમળસી ઝુમચંદ.** વકીલ.

નમુના. નંબર ૬૯

ટાંચ (જપ્તી દુર કરાવવા) લાવવાનો દાવો.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં

વીરમગામના શાહ માણેકલાલ જગજીવન જાતે વાણીઆ ઉમર વર્ષ ૪૫ ધંધો વેપાર } વાદી.

વીરૂધ.

વીરમગામના શેઠ વાડીલાલ મનોપચંદ જાતે વાણીઆ ઉપર વર્ષ ૫૫ ધંધો કાપડનો } પ્રતીવાદી.

દાવો સુથાર ફળીઆ અંદરનું મકાન તથા બે ભેસો વીગેરે સામાન જપ્તીમાં લેવામાં આવેલ તે ઉપરની જપ્તી દુર થવા રૂ. ૪૨૪) ના કમીશન ઉપર.

૧ અમો વાદીની અરજ કે મહારા કબજા ભોગવટા અને માલીકી હક વાળુ એક મકાન તથા બીજા કેટલા એક ઢોર તથા સામાન ઉપર પ્રતીવાદીએ વીરમગામના પટેલ ગીરધર નાગજી ઉપર મેળવેલા હુકમનામાની બજવણીમા જપ્તી કરાવી જપ્તીમાં લેવરાવેલ છે.

૨ જપ્તીમા લેવાએલ ઘરની ચતુશીમા તથા ઢોર અને સામનની કીમત વીગેરેનુ લીષ્ટ આ સાથે છે.

૩ પટેલ ગીરધર નાગજીનો સદરહુ જપ્તીવાળી મીલ્કત ઉપર લેશ માત્ર

હક નથી તેમ ગીરધર નાગજીના કબજા ભોગવટા કે માલીકી હકમાં નથી.

૪ જપ્તીમા લેવામાં આવેલ મકાન અંદર પટેલ ગીરધર નાગજી ભાડા હકથી રહે છે. પણ કબજો ભોગવટો અને માલીકી હક અમારો છે

૫ ઘોડો માહારો છે પરતુ પટેલ ગીરધર નાગજીએ બે માસ સુધી ચડી ફરવા માહારી પાસે માગવાથી તેને વાપરવા માટે આપવામાં આવેલ છે તે શીવાય ઘોડા ઉપર ગીરધર નાગજીનો કાઇ પણ હક નથી.

૬ ત્રાબાનુ બેડું ત્થા લાકડાનું કબાટ ગીરધર નાગજીએ માહારી પાસે થોડા વખત માટે વાપરવા સારૂ માગવાથી આપેલ છે જેથી તેનો તેના ઉપર કાંઇ પણ હક નથી.

૭ ભેસો ઘણા વખતથી માહારા કબજામાં છે મને ગીરધર નાગજીએ આપી નથી તેમ ગીરધર નાગજીની નથી.

૮ પ્રતીવાદી પોતાનું હુકમનામું ગેરવ્યાજબી રીતે બજાવવા અને મને નુકશાન કરવાના હેતુથી માહારી મીલકત ઉપર ખોટી રીતે જપ્તી કરાવી છે.

૯ સદરહુ તમામ મીલકત પટેલ ગીરધર નાગજીની હોવાનું પ્રતીવાદી ખોટી રીતે જાહેર કરે છે અને જપ્તી ખોટી રીતે થઇ છે.

૧૦ જપ્તીમા લેવાએલ મીલકત ઉપર પટેલ ગીરધર નાગજીનો લેશ માત્ર પણ હક નથી અને તેથી પ્રતીવાદીએ જે હુકમનામું પટેલ ગીરધર નાગજી સામે મેળવેલ છે તેમા સદરહુ મહારી મીલકત જપ્ત થઇ શકે નહી.

૧૧ પ્રતીવાદીનું માહારી સામે કાઇ હુકમનામું અથવા લેહેણું નથી એટલે માહારી મીલકત જપ્તીને પાત્ર નથી.

૧૨ દાવાનું કારણ તા. ૨૮–૧૨–૧૯૧૪ પ્રતીવાદીએ મીલકત જપ્તીમાં લેવરાવી ત્યારથી આ કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે.

૧૩ કમીશન રૂ. ત્થા પ્રોસેસ રૂ.
મલી કુલ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

૧૪ હું વાદી દાદ માગું છુ કે મહારી કબજા ભોગવટા અને માલીકી હકની મીલકત ઉપર પ્રતીવાદીએ ગેરવ્યાજબી જપ્તી કરાવી છે અને મને નુકશાન કરેલ છે માટે સદરહુ મીલકત ઉપરથી ટાંચ (જપ્તી) ઉઠાવી લેવા અને મને થએલ નુકશાન ત્થા થએલ ખરચ પ્રતીવાદીની જાત અને તેની હરેક મીલકતથી વસુલ અપાવવાનું હુકમનામું

કરી આપવા મહેરબાની ફરમાવશો તા. ૩-૧-૧૯૧૫

૧ **શાહ માણેકલાલ જગજીવન સહી.** દા. ખુદ.

હું વાદી અરજ કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૩-૧-૧૯૧૫

૧ **શાહ માણેકલાલ જગજીવન સહી.** દા ખુદ

લી. **આર. બી. પંડયા.** વકીલ

વીરમગામ મામલતદાર કોર્ટના દીવાની કેશ નંબર ૧૬૨ સને ૧૯૧૩-૧૯૧૪ ના કામના હુકમ નામાની બજવણીમાં વીરમગામના શાહ માણેકલાલ જગજીવનની મીલકત જપ્તીમા લેવાએલ તેનું લીષ્ટ

૨૫૦) ઘર નગ ૧ સુથારફળીઆ અંદર જદતળવાળુ આવેલ છે તેની ચતુ શીમા

પૂર્વ તરફ બારણુ છે

દક્ષીણુ તરફના કરે પડયા હરજીવન દલછારામનું મકાન છે.

પશ્ચીમ તરફની પછીત સુથાર લાલા દયારામના ઘરનાં ચોકમાં પડે છે.

ઉત્તર તરનો કરો પટેલ મણીલાલ માનચંદના ઘરના કરા સાથે સીહારો છે.

૧૦૦) ભેસો નગ બે.

૬૦) ઘોડો એક.

૧૦) ત્રાબાનુ બેડું એક [દેઘડી તથા ઘડો]

૫) લાકડાનુ કબાટ એક.

૧ **શાહ માણેકલાલ જગજીવન સહી.** દા ખુદ

અપીલનો નમુનો.

આજમ મેહેરબાન જનાબ સાહેબની કોર્ટમા.

વીરમગામના પટેલ ગીરધર નાગજી—અપેલેન્ટ (મુળ પ્રતીવાદી)

વીરમગામના શેઠ વાડીલાલ અનોપચદ—રીસ્પોડેન્ટ (મુળવાદી)

અપીલ વીરમગામ મામલતદાર કોર્ટના દી મુ નબર ૧૫૨ સને ૧૯૧૩-૧૯૧૪ ના કામમાં થએલ ઠરાવ રદ થવા રૂ ૫૦૦ ના કમીશન ઉપર.

૧ અમો આપેલેન્ટ નીચેની કોર્ટનો ઠરાવ કયદા વીરૂધ અને વાસ્તવીક ન્યાયથી ઉલટો હોઇ રદથવા નીચેના કારણોસર આ અપીલ રજુ કરીએ છીએ

૨ નીચેની કોર્ટના ઠરાવની નકલ આ સાથે રજુ છે જેથી નીવેદન થશે કે નીચેની કોર્ટનો ઠરાવ તદન કાયદાથી ઉલટો અને ભુલ ભરેલો છે.

૩ અપીલ રજુ કરવાનાં પોઈંટ નીચે પ્રમાણે છે.

૧ વાદીના સાહેદી વીશ્વાસ પાત્ર નથી એમ વાદીના સાહેદોની જુબાનીઓ ઉપરથીજ જણાયું છે છતાં તેવા સાહેદો ઉપર આધાર રાખવામાં વ્યાજબી થયું નથી.

૨ અમારા સાહેદો ત્રાહીત નીરપક્ષપાતી વીશ્વાસુ અને સત્ય બોલનાર છે જેમના ઉપર વીશ્વાસ રાખ્યો નથી તે વાસ્તવીક નથી.

૩ કાયદા પ્રમાણે આવું લેહેણું અપાવી શકાય નહી(

૪ કરાર જુલમી છે ત્થા સટાનો કરાર છે કે જેનો દાવો દીવાની કોર્ટ સાંભળી શકે જ નહીં.

૫ દાવાને મુદતની હરકત છે.

૬ રીસ્પોડેન્ટ મુળ વાદીએ પોતાનો દાવો કાયદા પ્રમાણે સાબીત કરેલ નથી.

૭ વાદીનું કહેવુ અને વાદીનો દાવો એ અરસ પરસ એક બીજાથી વીરૂદ્ધ છે.

૮ વાદીના દાવાને વાદીના સાહેદોથી પુષ્ટી મળેલ નથી.

૯ વાદીનો દાવો ખોટો હોવાનુ અમારા સાહેદોથી પુરતી રીતે સાબીત થયુ છે.

૧૦ વાદીના દાવાના અમને જવાબદાર ગણવાને વાદીનો પુરાવો નથી તેમ કોઇ પણ રીતે કાયદેસર નથી.

૧૧ વધારે દલીલ સુનાવણી વખતે રજુ કરી શુ.

૪ કમીશન રૂ. ત્થા પ્રોસેસ રૂ. સ્ટેમ્પથી રજુ છે.

સુનાવણી વખતે અમારી વીગતવાર હકીકત ત્થા કાયદાના આધારો સાંભળી નીચેની કોર્ટનો ઠરાવ રદ કરી અમારૂં બન્ને કોર્ટનું ખરચ રીસ્પોડેન મુળ વાદી પાસેથી અપાવવા હુકમ ફરમાવવા મેહેરબાની કરશો તેમજ બીજી જે જે કાયદા પ્રમાણે દાદ અપાવી શકાય તે તે અપાવશો તા. ૨૨-૧૧-૧૯૧૪.

૧ પટેલ ગીરધર નાગજી સહી. દા. ખુદ

સી. આર. બી. પંડયા વકીલ.

પ્રકરણ ૨ જું.

દાવાઓનો સામાન્ય જવાબ.

દાવાઓના જવાબમાં નીચેની હકીકત પૈકીની જે હકીકત હોય તે બાબત તપાશ કરી જે હકીકત ખરી હોય તે લખવી.

૧ ના કબુલ કરવાનું કારણ.

૨ કબુલ કરતો હોય તો પછી દાવો જે પ્રમાણે છે તે પ્રમાણે નહી વરતવાનુ કારણ.

૩. કરારના સબંધમાં કરાર થવાની હકીકતની સ્થીતી.

૪ કરારનો અમલ થઈ ગયો હોય તો તે હકીકત.

૫ વાદીના દાવાને મુદતની હરકત હોય તો તે

૬ દાવો ચલાવવાને કોર્ટને હરકત હોય તો તે કારણ સાથે હકુમતની સત્તા બાબતમા.

૭ નાદારી પ્રથમ ઠરી ચુકી હોય તો તે કયારે અને કેવી સ્થીતીએ થઇ છે તે.

૮ કરાર વખતે અથવા દાવા વખતે સગીર ઉમર હોય તો તે

૯ કરાર કરવામાં નાલાયકી પણ થયુ હોય તો તે

૧૦ કરાર કાયદા બહારનો હોય તો તે

૧૧ કરારનો અવેજ ઉદ્દેશ ગેર કાયદેસર હોય તો તે

૧૨ જે દીવાની ફરીઆદીઓ થઇ શકતી ન હોય તેવા પ્રકારની ફરીઆદ હોય તો તે

૧૩ દાવાવાલા દસ્તાવેજને કે કરારને રજીષ્ટરની હરકત હોય તો તે

૧૪ સ્ટાંપ એકટ અમલમાં હોય ત્યાં સ્ટાપ વીરૂધ્ધ હોય તો તે

૧૫ કોર્ટ ફીની ખામી હોય તો તે

૧૬ દાવા અરજી ઉપરનો દાવાનો મજમુન સમજાય તેવો ન હોય અગર કાયદા પ્રમાણે લખાઇ ન હોય અથવા ઇકરાર વગરની હોય તો તે

૧૭ સદરહુ વીશે પ્રથમ નીકાલ થઇ ગયો હોય તો તે નીર્ણીત વાત

૧૮ જે હકીકતથી દાવો કરવાને પ્રતીબંધ થતો હોય તે બીના

૧૯ કરાર રદ કરવાને પાત્ર હોય તો તે

૨૦ પ્રતીવાદીની સ્થીતી નબલી હોય તો કાધા કરવા બાબત

૨૧ પ્રતીવાદીની કસુર ન હોય તો કોર્ટ ખરચ વાદી પાસે માગવુ.

૨૨ પક્ષકારની ખામી હોય તો તે

૨૩ વાદી તરીકે વધારે નામો દાખલ કરવા જેવું કારણ હોય તો તે

૨૪ પ્રતીવાદીઓમાં નામ દાખલ કરવાની ખામી હોય તો તે

૨૫ વારસ દરજે અગર બીજા માણસની મીલકત લેવા દાવો કરેલ હોય ત્યારે વારસા સરટી ફીકેટ વગર કરેલ હોય તો તે

૨૬ વાલીપણાની ખામી હોય તો તે

૨૭ દાવામાં રાખેલ ખત અગર ખાતામાં પ્રતીવાદીની સહી ન હોય તો તે

૨૮ જુલમી કરાર હોય તો તે

૨૯ વધારે વ્યાજ ખાધું હોય તો તે

૩૦ કાયદાનો ભંગ થતો હોય તેવી દાવા સાથે રાખેલ દસ્તાવેજમાં શરત હોય તો તે

૩૧ વાદી સગીર હોય તો વાલી દરજે બીજાએ દાવો ન કરેલ હોય તો તે

૩૨ પ્રતીવાદી કોઇ સગીર હોય તો તે

૩૩ હીસાબની ખામી હોય અગર કોઇ કરારની સમજ ફેર અર્થ થતો હોય તો તે

૩૪ દાવામાં ભરપાઇ અથવા જમાં રકમ અપાએલ હોય તે જમાં ન થઇ હોય તો તે

૩૫ દાવો વગર અધીકારે અને વગર હકે કરેલ હોય તો તે

૩૬ દાવો બનવટી અગર ખોટો હોય તો તે

૩૭ દાવાના જવાબદાર ન હોવાનું કાંઇ કારણ હોય તો તે કારણ

૩૮ બાકી ઉપરથી દાવો હોય અને તે બાકી મુદત બહાર કાઢવામાં આવી હોય તો તે

૩૯ રેઝ્યુ લેશન સરક્યુલર અથવા બીજા કોય કારણથી દાવો વીરૂધ હોય તો તે

જુવાબ નંબર ૧.

દાવા અરજી નમુના નં. ૧ નો જુવાબ.

આજમ મેહેરબાન દીયોદર થાણદાર સાહેની કોર્ટમાં.

દીયોદરના ઠકર માધવજી પ્રાગજી	} વાદી.
વીરૂદ્ધ.	
દીયોદરના શેઠ વાડીલાલ ધારસી	} પ્રતીવાદી.

દાવો રૂ. પ૨-૮-૦ મળવાનો.

અમો પ્રતીવાદી આ દાવાનો જવાબ નીચે પ્રમાણે રજુ કરીએ છીએ.

૧ દાવા વાળું ખત અમોએ કરી આપેલ નથી.

૨ દાવો અમને કબુલ નથી અને તેથી તેના જવાબદાર અમો નથી.
૩ વાદીનો દાવો ખોટો છે અને બનવટી ઉભો કરેલ છે.
૪ ખત નીચે મેં સહી કરી નથી માહારા નામની સહી હોવાનું વાદી કહે છે તે ખોટું છે.
૫ ખત મારા રૂબરૂ લખાયુ નથી.
૬ ખતમાં લખેલ નાણાં મેં લીધાં નથી અને મને મળ્યાં નથી.
૭ વાદીનો દાવો કાઢી નાંખનાં અમારૂ થયેલ ખરચ વાદી પાસેથી અપાવવા મેહેરબાની કરશો તા. ૧-૧-૧૯૧૫

૧ શેઠ વાડીલાલ ધારસી સહી. દા ખુદ.

હું પ્રતીવાદી ઈકરાર કરૂં છુ કે સદરહુ જવાબમાં લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૪

૧ શેઠ વાડીલાલ ધારસી સહી. દા. ખુદ.

લી. ન્યાલ વજેચંદ.

જુવાબ નં. ૨.

નંબર ૧ ના દાવામાં બીજી રીતે જવાબ.

હેડીંગ લખ્યા પછી.

અમો પ્રતીવાદી આ દાવાનો જવાબ નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ દાવાવાળું ખત કરી આપ્યા પછી વાદી અમારી પાસેથી ખતમાં લખેલ રકમ ચુકતે લઇ ગયો છે.
૨ વાદીનું લેહેણુ અમારી પાસે કાંઇ પણ બાકી રહેલ નથી.
૩ વાદીનુ લેહેણું ચુકતે આપવાથી વાદીના દાવાના અમો જવાબદાર નથી અને તેથી વાદીનો દાવો અમને કબુલ નથી.
૪ વાદીએ અમારી આપેલ રકમો જમા કર્યા વગર ખોટી રીતે દાવો કરેલ છે.
૫ વાદીનુ અમારી પાસે કાંઈ લેહેણુ રહેલુ નથી.
૬ સબબ વાદીનો દાવો કાઢી નાંખતા અમારૂં તમામ ખરચ વાદી

ટીપ.

સામાન્ય જુવાબ વાંચવો તે પૈકીની કાંઇ હકીકત હોય તો લખવી. આમાં દાવાઅરજી જોતાં તે પૈકીની કાંઇ હકીકત ન હોવાથી લખી નથી.

ખત થવાનું સહી કરવાનું અને નાણાં લીધાનું કબુલ હોય તો નાણાં વાદીને આપી દીધાં છે અગર આટલાં ભર્યાં છે તે વાત લખવી અને તેમ પણ ન હોય ત્યારે હાલત નબળી છે કાંધાં કરીઆપો એટલુજ લખવું.

પાસેથી અપાવવાનું હુકમનામુ કરી આપવા મેહેરબાની કરશો.
તા. ૧-૧-૧૯૧૫.

૧ શેઠ વાડીલાલ ધારસી સહી દા. ખુદ.

હું પ્રતીવાદી ઇકરાર કરૂં છું કે સદરહુ જવાબમાં લખેલ હકીકત માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫.

૧ શેઠ વાડીલાલ ધારસી સહી દા. ખુદ.

લી. પુરસોતમ નરોતમ.

જુવાબ નં. ૩.

દાવા અરજી નબર ૧ અ વાળીનો નં. ૧ અ વાળી અરજીમાં લખ્યા પ્રમાણે આપવાનો છે.

જુવાબ નં. ૪.

દાવા અરજી નબર ૨ વાલી અરજીનો જુવાબ.

આજમ મેહેરબાન જનાબ સ્માલકોઝ કોર્ટના જજ સાહેબની હજુર.

માંડલ તાબે વીરમગામના શાહ જેઠાભાઈ ચતુરદાસ નામની પેઢીના માલીક અને વહીવટ કરનાર મોહનલાલ જેઠાભાઇ	વાદી
વીરૂદ્ધ.	
માંડલના શેઠ મયાચંદ તુલસી	પ્રતીવાદી

દાવો રૂ. ૮૫-૦-૦ નો

અમો પ્રતીવાદી આ દાવાનો જવાબ તેમજ પુરાવો નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ બાકી ઉપરથી વાદી દાવો લાવે છે તે બાકી ખોટી છે.

૨ બાકી નીચે માહારી સહી નથી એટલે તેનો જવાબદાર હુ નથી.

૩ વાદીનો દાવો મુદત બહારનો છે

૪ વાદીનો દાવો મને કબુલ નથી.

૫ વાદીનુ લેહેણુ માહારી પાસે કાઇ નથી.

૬ વાદી જે બાકી ઉપરથી દાવો લાવે છે તે બાકી મેં કાઢી આપેલ નથી.

આ કામમાં માહારો નીચે પ્રમાણે પુરાવો લેશો.

ટીપ.

આ દાવામાં મુદતની રજીષ્ટરની તેમ કાયદેસર કરારની સગીર ઉમર વીગેરેની હરકત નથી પણ તેવા પ્રકારનો વાંધો હોય તો જવાબમાં તેમ લખવો જુઓ દાવાઓનો સામાન્ય જુવાબ.

૧ માંડલના ભાવસાર મોહન બેચર.

૨ માંડલના શેઠ નરસી લલુ. ૩ માંડના શેઠ ભાયચંદ ઉમેદ.

૭ નં. ૧-૨ ના સાહેદોને કોર્ટ મારફતે બોલાવવાની પ્રોસેસના રૂ.
તેમના ભથાના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે નબર ત્રણના
સાહેદને જાતે રજુ કરીશ જેથી તેની પ્રોસેસ ભથું રજુ કરતો નથી.

૮ વાદીનો દાવો ખોટો છે અને તેથી તે કાઢી નાંખતાં માહારૂ ખરચ
વાદી પાસેથી મને અપાવશો. તા ૧-૧-૧૯૧૫.

૧ **શેઠ મયાચંદ તુલસી સહી.** દા ખુદ.

હું પ્રતીવાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫.

૧ **શેઠ મયાચંદ તુલસી સહી.** દા. ખુદ.

લી. **ઝવેર મોતીલાલ.**

જુવાબ નંબર ૫.

દાવાઅરજી નંબર ૩ નો જવાબ.

આજમ મેહેરબાન વીરમગામના મામલતદાર સાહેબની કોર્ટમાં.

વીરમગામના શેઠ વાડીલાલ પુરસોતમ
ઠેઃ પાંજરા પોળમાં ઘર નબર ૧૮૫ } વાદી

વીરૂદ્ધ.

ટીપ

દાવાનો સામાન્ય જવાબ વાચો તે પૈકીની કાઇ ખામી હોય તો લખવી.

બાકી કાઢો આપ્યાનુ કબુલ હોય સહી કરવાનુ કબુલ હોય તો પછી વાદીને અમુક નાણું અથવા તમામ નાણાં વ્યાજ સાથે આપ્યાં છે તે વાદીએ જમા કરેલ નથી એ તકરાર લાવવી તેમ પણ જ્યારે નહોય ત્યારે

વાદી હાલ નાણું ન માગી શકે તેવું જે કારણ હોય તે લખવુ તેમ પણ ન હોય અને નાણાં આપવાંજ હોય ત્યારે

હાલત નબળી છે માટે કાંધા કરી આપો વાદીને મે તેના લેહેણા સબંધમાં વાંકો જવાબ આપ્યો નથી અને માહારી ગરીબ હાલત જાણ્યા છતા એકી વખતે રકમ માગી તે આપવાને માહારી હાલત નોહોતી તેથી કાંધા કરવા અને તે પ્રમાણે રકમ આપવા કહ્યુ વાદીએ તેમ નહીં કરતાં દાવો લાવેલ છે. માટે વાદીના દાવાનુ ખરચનો હું જવાબદાર નથી કારણ માહારી કસુરથી દાવો થયો નથી એમ લખવુ.

વીરમગામના સોની નાગજી પુરસોતમ
ઠેઃ પારેખપોળના નાકે ઘર નંબર ૨૦૫ } પ્રતીવાદી.

દાવો રૂ ૧૬૨-૦-૦ નો.

અમો પ્રતીવાદી આ દાવાનો જવાબ નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ વાદી પોતાની કપલેન્ટમાં જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૨ વાદીના દાવાનો હું જવાબદાર નથી.

૩ વાદીનો દાવો ખોટો છે.

૪ વાદીને સો ટચનું સોનુ હોવાનુ મેં કહેલુ નથી.

૫ વાદીને સોનાની કઠીઓ બીજે ચોકસીને બતાવવા અને બતાવ્યા પછી કીમત નકી કરવા મેં કહેલ તે ઉપરથી વાદીએ તે બન્ને કઠીઓ બતાવવા લઇ ગએલ અને ત્રણ કલાક વાર પછી ફરીઆવી કીમત નકી કરી વાદીએ કઠીઓ લીધી છે.

૬ વાદીએ ચુકથી નાણાં મને આપ્યાં નથી પણ બરાબર ભાવ કરી નાણાં આપ્યા છે.

૭ વાદી સોનાનો જે ભાવ બતાવે છે તે ભાવમાં ફેરફાર છે.

૮ વાદી પાસેથી સોનાનો ભાવ અને મજુરી સહીત મે કીમત લીધી છે અને તે પ્રમાણે ગણતાં રૂ ૧૬૨ બરાબર થાય છે.

૯ વાદીનો દાવો ખોટો હોવાથી કાઢી નાંખશો અને માહારૂં ખરચ વાદી પાસેથી અપાવશો. તા. ૧-૧-૧૯૧૫.

૧ **સોની નાગજી પુરસોતમ સહી.** દા. ખુદ.

હું પ્રતીવાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે.

૧ **સોની નાગજી પુરસોતમ સહી.** દા. ખુદ

લી. **મોતીલાલ વમળસી.**

જુવાબ નંબર ૬.

દાવા અરજી નબર ૪ ના નો જવાબ.

આજમ મેહેરબાન સીહોરી થાણદાર સાહેબની કોર્ટમાં

ઉબરી તાબે સીહોરીના શેઠ ન્યાલચંદ ચતુરલાલ } વાદી.

વીરૂદ્ધ.

લુણપુર તાબે સીહોરીના શેઠ દોલચંદ પીતામ્બરની
દીકરી ચદ્રમણી } પ્રતીવાદી.

દાવો સ્ત્રી કબજે લેવાનો રૂ. ૫) ના કમીશન ઉપર

અમો પ્રતીવાદણ આ દાવાનો જવાબ નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ વાદી માહારી સામે જુલમ ગુજારે છે અને સહન ન થઇ શકે તેવો માર મારે છે જેથી વાદી કબજે લેવાનો દાવો લાવી શકે નહી.

૨ વાદીની હું પરણેત ઓરત છુ પરંતુ વાદીના જુલમથી મને વાદીના કબજે સોંપી શકાય નહી.

૩ વાદીને અસાધ્ય પ્રકારનો રોગ છે અને તેથી વાદી સાથે રહેવાની મને ફરજ પાડી શકાય નહી.

૪ વાદી કાંઇ ધંધો કરતો નથી અને તેથી વાદી પાસે માહારા ભરણ-પોષણનું કાંઈ સાધન નથી.

૫ વાદીનો દાવો માહારી સામે જુલમ ગુજારી અને અનીતીનો ધંધો કરાવવા અને તેમાથી વાદી પોતાનું ગુજરાન નભાવવા દાવો લાવે છે તેવી વાદીની અરજ ન્યાય કોર્ટ સ્વીકારી શકે નહીં.

૬ વાદીનો દાવો કાયદા વીરૂદ્ધ અનીતીનો અને તીરસ્કાર ઉપજાવનાર છે માટે કાઢી નાંખવો જોઇએ.

૭ વાદીનો દાવો કાઢી નાખતા માહારૂ થએલ ખરચ વાદી પાસેથી મને અપાવશો. તા. ૧-૧-૧૯૧૫.

૧ **બાઈ ચંદ્રમણી દેવચંદ સહી.** દા ઠકર ખુશાલ વેલજી.

હું પ્રતીવાદણુ ઈકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણુવા મુજબ બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫.

૧ **ચંદ્રમણી દોલચંદ સહી.** દા. ઠકર ખુશાલ વેલજી

લી. **મોહન મોતીલાલ.**

જુવાબ નંબર. ૭

દાવા અરજી નબર. ૪ બનો જુવાબ.

નબર. ૪ બની અરજીનુ હેડીગ લખવુ.

અમો પ્રતીવાદી આ દાવાનો જવાબ નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ નબર એકની પ્રતીવાદણુનો જુવાબ એ છે કે વાદી પુરૂષમાં નથી અને તેથી કબજે લેવા દાવો લાવી શકે નહિ.

૨ વાદી મહારા ઉપર જુલમ ગુજારે છે અને તેથી તેને (હવા લે) મને સોપી શકાય નહી.

૩ વાદીને અસાધ્ય રોગ છે જેથી તેની સાથે રહેવાની મને ફરજ પાડી શકાય નહી

૪ વાદી પોતાની અકલનો ઉપયોગ કરતો નથી અને પોતે પોતાના માબાપની તેમજ બીજા ઇશમોની ઉશ્કેરણી પ્રમાણે માહારા ઉપર

જુલમ ગુજારે છે આવી સ્થીતીમાં વાદીને કબજે મને સોપી શકાય નહીં.

૫ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૬ વાદીએ અમારી નાતના રીવાજ પ્રમાણે જે હક અને કર મને આપવો જોઇએ તે વાદીએ આપ્યો નથી એટલે વાદીની માગણી મંજુર રહી શકે નહી

૭ હું લાયક ઉમરની છુ એટલે મને માહારી મરજી વીરૂધ કોઈ રાખી શકે નહી અને તે પ્રમાણે માહારી મરજી વીરૂધ માહારા ભાઈ તથા બાપ મને રાખતા નથી તેમ તેવી સલાહ પણ મને આપતા નથી છતાં માહારા ભાઈ અને બાપનુ નામ પ્રતીવાદી તરીકે વાદીએ ખોટી રીતે લખેલ છે.

૮ વાદીનો દાવો કાઢી નાખતા માહારૂ તમામ ખરચ મને અપાવશો. તા. ૧-૧-૧૯૧૫.

૧ બાઈ જયાલક્ષ્મી ગણપત સાહી. દા. ખુદ.

હું પ્રતીવાદણ ઇકરાર કરૂં છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫.

૧ બાઈ જયાલક્ષ્મી ગણપત સાહી. દા. ખુદ,

લી. અમૃતલાલ મયાચંદ.

જુવાબ નંબર. ૮.

દાવાઅરજી નંબર ૪ ના બીજા પ્રતીવાદીનો જુવાબ.

હેડીંગ લખવુ.

અમો નંબર ૨ ના પ્રતીવાદી આ દાવાનો જુવાબ નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને બધન કરતા નથી.

૨ માહારી દીકરી જયાલક્ષ્મી ઉમર લાયક છે એટલે માહારા કહેવાથી પોતાને સાસરે જાય નહી તે વાત ખોટી છે.

૩ માહારી દીકરીને સાસરે જતા અટકાવતો નથી તેમ હરકત કરતો નથી.

૪ વાદી માહારા ઘેરે આવી તોફાન મચાવે છે અને માહારી દીકરી ઉપર અમારા દેખતાં જુલમ ગુજારી ગાળો આપી માર મારે છે તે અમારાથી સહન ન થવાને લીધે તેમ કરતાં વાદીને અમો અટકાવીએ છીએ જેથી તેને અટકાવવાનું કહી આ દાવામાં વાદી અમને પ્રતીવાદી ગણતો હોય તો તે કાયદેસર નથી.

૫ અમારી સામે જુલમ ગુજારનારને અમારે અટકાવવો તે અમારી ફરજ છે.

૬ વાદીનો દાવો કાઢી નાખતા અમારૂ ખરચ વાદી પાસેથી અપાવશો.
તા. ૧–૧–૧૯૧૫.

૧ **સોની ગણુપત અમથાલાલ સહી.** દા. ખુદ.

હું પ્રતીવાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણુવા માનવા મુજબ બરાબર છે. તા. ૧–૧–૧૯૧૫.

૧ **સોની ગણુપત અમથાલાલ સહી.** દા. ખુદ.

લી. **અમથા ઝવેર.**

જુવાબ નંબર. ૯

દાવા અરજી નબર ૪ ના ત્રીજા પ્રતીવાદીનો જુવાબ.

હેડીગ લખવુ.

અમો નબર ત્રણુના પ્રતીવાદી નીચે પ્રમાણે જુવાબ આપીએ છીએ

૧ હુ નંબર ત્રણુનો પ્રતીવાદી સગીર છુ એટલે માહારા ઉપર દાવો થઈ શકે નહી.

બાકી બીના નબર એના પ્રતીવાદી પ્રમાણે લખવી.

૧ **સોની રતીલાલ ગણુપત સહી.** દા. ખુદ.

ઇકરાર લખી નીચે સહી કરવી અને લખનારની સહી કરવી.

જુવાબ નંબર ૧૦

દાવા અરજી નમુના નંબર ૫ નો જુવાબ

હેડીગ લખવુ.

અમો પ્રતીવાદી આ દાવાનો જવાબ નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ વાદી અમારી પાસે અમારા લેહેણા રૂપીઆ આપવા આવેલ નથી.

૨ વાદી પાસે અમોએ રૂપીઆ માગેલ તે વખતે આપવાની તેણે ના કહી છે.

૩ પાંચ વરસ પછી બે વરસ અંદર વાદી મકાન છોડાવવા ન આવે તો તેનો છોડાવવાનો હક બધ થાય છે તેવો કરાર છે જેથી વાદી પોતાનુ મકાન છોડાવી શકતો નથી

૪ વાદીનો દાવો ખોટો છે અને તે મને બધન કરતા નથી.

૫ વાદીનો દાવો કાઢી નાખી અમારૂં ખરચ વાદી પાસેથી અપાવશો.

ઇકરાર લખી સહી કરવી સામાન્ય જવાબની કાંઇ હકીકત હોય તો લખવી

જુવાબ નંબર ૧૧

દાવા અરજી નમુના નંબર ૬ અનો જુવાબ.

હેડીંગ લખવું.

અમો પ્રતીવાદી આ દાવાનો જવાબ નીચે પ્રમાણે આપીએ છીએ.

૧ વાદીને આવો દાવો લાવવા દસ્તાવેજ અંદર કોઈ શરત નથી જેથી વાદી આવો દાવો લાવી શકે નહી.

૨ વાદીના દાવાને મુદતની હરકત છે.

૩ વાદીને નીચેની તારીખોએ રકમ આપી છે તે વાદીએ જમા કરેલ નથી.

તા. ૧૬-૧૧-૧૯૧૩ના રોજ રૂ ૬૦ તા. ૨૮-૧૨-૧૯૧૬ના રોજ રૂ. ૧૦૦

૪ વાદીના રૂપીઆ દાવા અરજીમાં લખ્યા પ્રમાણે લેહેણા રહેલા નથી.

૫ વાદીનો દાવો ખોટો છે અને તે કબુલ નથી.

૬ વાદીનો દાવો કાઢી નાંખતા અમારૂ ખરચ અપાવશો. તારીખ

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી;

જુવાબ નંબર ૧૨

દાવા અરજી નમુના નંબર ૬ અનો જુવાબ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તે મને કબુલ નથી.

૨ વાદી સાનગીરોનો દસ્તાવેજ બતાવે છે તે મે કરી આપેલ નથી.

૩ વાદી જે ઘરનો કબજો લેવા અગર વેચાવવા માગે છે તેના ઉપર વાદીનો કાંઈ બોજો નથી.

૪ તકરારી મકાન ઉપર વીરમગામના પટેલ અમુલખ ધારસી તથા પાટીદાર નથુ અમાંચંદનુ લેહેણું છે અને તેમને ત્યાં સાનગીરો છે.

૫ તકરારી મકાન ઉપર વાદીનો કાંઇ હક કે અધીકાર નથી.

૬ વાદીનો દાવો કાઢી નાખતાં અમારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની હકીકત કાંઇ હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૧૩

દાવા અરજી નમુના નંબર ૭ નો જુવાબ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તે મને કબુલ નથી.

૨ વાદીએ જમનાલાલ બેચરનુ મૃત્યુપત્ર સાબીત કર્યું નથી એટલે દાવો ચાલી શકે નહી.

૩ વાદીને આ દાવો લાવવા અધીકાર નથી.
૪ મરનાર જમનાલાલ સાથે પૈસા આપવા સબંધમાં કાંઈ કરાર થયો નથી
૫ મરનાર જમનાલાલને સદરહુ લેહેણી રકમ ચુકતે આપી દીધી છે.
૬ વાદીનો દાવો કાઢી નાંખતા માહારૂં ખરચ અપાવશો. તા.

સામાન્ય જવાબ પૈકીની કાંઈ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૧૪

દાવા અરજી નમુના નંબર ૮ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તે મને કબુલ નથી.
૨ વાદી જે કીમત માગે છે તે કીમત ખોટી છે.
૩ વાદીને દાવા પૈકી રકમ રૂ ૧૫૦ આપી છે તે વાદી બતાવતો નથી.
૪ વાદી જે લેહેણી રકમ બતાવે છે તે લેહેણી નથી.
૫ નાણાં આપવાનો કરાર ૭ મહીના પછીનો હતો એટલે વાદી હાલ નાણાં માગી શકે નહી.
૬ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની કાઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુબાબ નંબર ૧૫

દાવા અરજી નમુના નં. ૯ નો જુવાબ.

૧ વાદી જે કરાર બતાવે છે તે બનાવટી અને ખોટો છે.
૨ વાદીનું લેહેણુ તેમજ દ વો મને કબુલ નથી.
૩ વાદી સાથે સકાલીઆં આપવાનો કાઇ પણ કરાર મેં કર્યો નથી.
૪ વાદી સં. ૧૯૭૦ ના જેઠ સુદી ૨ ના રોજ ભાવ કરાર પ્રમાણે માગી શકે નહી.
૫ સં. ૧૯૭૦ ના જેઠ સુદી ૨ ના રોજ નો રૂ. ૨—૦—૦ મણ ઉપર ભાવ હતો.
૬ મારી હાલત ઘણીજ ગરીબ છે.
૭ વાદીનો દાવો કાઢી નાંખતા માહારૂં ખરચ અપાવશો તા.

ટીપ.

બીજા પારા ઠેકાણે કરાર થયો હોય તો નીચે પ્રમાણે લખવું. } વાદી સાથે કરાર પ્રમાણે સકાલીઆં આપવા જતાં તેણે લીધા નથી

સામાન્ય જવાબ પૈકીની કાંઈ હકીકત હોય તો તે લખવી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૧૬

દાવા અરજી નમુના નં. ૧૦ નો જવાબ.

હેડીંગ.

૧ વાદી સાથે માહારે કાંઇ કરાર થયો નથી.

૨ વાદી દાવો ખોટો લાવે છે અને તેનો હું જવાબદાર નથી.

૩ વાદી સોનાનો ભાવ ખોટો બતાવે છે તેમ મજુરી વધારે બતાવે છે.

૪ વાદીને દાવો લાવવા કાંઇ કારણ નથી.

૫ વાદીનો દાવો કાઢી નાંખવા અને માહારૂં ખરચ અપાવવા મે૦ કરશો તા.

સામાન્ય જવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૧૭

દાવા અરજી નમુના નં. ૧૧ નો જવાબ.

૧ હરરાજીમાં મેં કાંઇ માગણી કરી નથી (માગણી કરી હોય તો નાણું લઇ માલ લેવા જતાં આપ્યો નથી)

૨ વાદીની હરરાજી પ્રમાણીકપણે નહોતી તેથી વાદી નાણું માગી શકે નહી.

૩ વાદી પોતાનાં માણસો રાખી પોતાના તરફથી માગણી કરાવતો હતો એથી હરરાજી કાયદેસર નથી અને તેના જવાબદાર અમો નથી.

૪ વાદી જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૫ વાદી માલ આપવા આવ્યો નથી. તેમ નાણું લેવા પણ આવ્યો નથી.

૬ વાદીનો દાવો ખોટો છે અને તે મને કબુલ નથી.

૭ વાદીનો દાવો કાઢી નાંખતા અમને થએલ ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની કાઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૧૮

દાવા અરજી નમુના ન. ૧૨ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીને કોઇ વખત રમકડાં બનાવવા મેં કહેલ નથી

૨ વાદી સાથે કાંઈ સામન બનાવવા માટે કરાર થએલ નથી

૩ વાદી જે કરાર થવાનું અને રમકડા બનાવવા કહ્યાનુ કહે છે તે તદન ખોટુ છે.

૪ વાદીનો દાવો મને કબુલ નથી અને તેનો હુ જવાબદાર નથી.

૫ નંબર. ૧-૨-૩ ના પારાની વાત ખરી હોય તો

(વાદીએ કરાર પ્રમાણે રમકડાં બનાવ્યાં નથી વાદીએ.)

શરત વીરૂધ કામ કર્યું છે તેમ લખવું.

સામાન્ય જવાબ પૈકીની કાંઇ હકીકત-ઇકરાર,-સહી કરવી.

જુવાબ નંબર. ૧૯

દાવા અરજી નમુના ન. ૧૩ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદી જે કરાર થયાનુ કહે છે તે ખોટું છે.

૨ વાદી સાથે માહારે કાંઇ કરાર થયો નથી

૩ વાદીને ઘર બાધવા કહ્યું નથી.

અગર તેમ ન હોય તો

૧ વાદીએ કરાર પ્રમાણે ઘર બાંધ્યુ નથી.

૨ વાદીએ તદન હલકો સામાન વાપર્યો છે કે જેમકાન કરારથી વીરૂધ છે.

૩ વાદીએ ઘર બાધવામા દગો કરેલ છે

૪ વાદીએ સામન મજુર વીગેરેની કીમત ખોટી બતાવી છે.

૫ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૬ વાદીનો દાવો કાઢી નાંખના ખમારૂ ખરચ અપાવશો

સામાન્ય જવાબ પૈકીની કાઇ હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નબર. ૨૦

દાવા અરજી નમુના નં. ૧૪ નો જુવાબ.

હેડીંગ

૧ વાદીનું મકાન અમે ભાડે રાખેલ નથી,

૨ વાદીના મકાનમાં અમે કોઇ વખત રહેલ નથી.

૩ વાદી પાસેથી કોઇ વખત ઘર રહેવા માગ્યુ નથી તેમ અમે લીધુ નથી.

૪ વાદી સાથે કાંઇ કરાર થયો નથી.

અગર તેમ ન હોય તો.

૧ વાદીએ મોબતથી મકાન રહેવા આપ્યુ હતુ તેથી ભાડુ માગી શકે નહિં

૨ વાદીએ સ્નેહના હકમાં રહેવા આપેલ તેવા મકાન બદલ ભાડાનો દાવો લાગી શકાય નહી

૩ વાદી સાથે જ્યારે કાંઇ કરાર થયો નથી તો પછી તેવા સમોગોમા દાવો ચાલી શકે નહી.

૪ વાદીએ અમારી પાસે તે વખતે ભાડુ માગવુ જોઇતુ હતુ છતાં માગ્યુ નથી એટલે હવે દાવો લાગી શકે નહી,

૫ વાદીનો દાવો ખોટો છે તે કાઢી નાખતાં અમારૂ ખરચ અપાવશો.

સામાન્ય જવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી. ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૨૧

દાવા અરજી નમુના ન. ૧૫ નો જુવાબ.

હેડીગ.

૧ મેં પચ નીમેલ નથી

૨ પચો વાદી તરફના હતા અને તેમને કબુલ નથી એમ મે કહ્યુ હતુ.

૩ પચો વાદીના લાગના વળગતા છે

૪ પંચોએ વાસ્તવીક રીતે ફેસલો કર્યો નથી.

૫ પચોએ એક તરફી કરેલ છે.

૬ પંચનો ફેસલો કાયદાથી અને હકીકતથી વીરૂધ છે તેમ એક તરફી કરેલ હોવાથી અમલમાં આવી શકે નહી.

૭ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી

૮ વાદીનો દાવો કાઢી નાંખતા મહારૂ ખરચ અપાવશો.

સામાન્ય જવાબ પૈકીની કાઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૨૨

દાવા અરજી નમુના નબર ૧૬ નો જવાબ.

હેડીગ.

૧ સદરહુ ફેસલો (ઠરાવ) અધીકાર વાળી કોર્ટે કરેલ નથી.

૨ તે ફેસલો કામના ગુણ દોષ તપાસી આપેલો નથી તેથી તેમને બંધા કાર નથી

૩ તે ફેંસલો ભુલ ભરેલ સમજથી અને વાદીએ ખોટું સમજાવવાથી થએલ છે.

૪ ફેસલા વાળી બાબતજ વાસ્તવીક નથી.

૫ ફેંસલો વાદીએ કપટથી મેળવેલ છે.

૬ ફેસલો ધારા સરકયુલર અને કાયદાથી વીરૂધ છે

૭ ફેંસલો આપનાર કોર્ટે મારી વ્યાજબી તકરારો સાંભળી નથી.

૮ વાદીનો દાવો મને કબુલ નથી.

૯ વાદીનો દાવો કાઢી નાખતા મારૂં ખરચ મને અપાવશો.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુ ાબ નંબર ૨૩.

દાવા અરજી નમુના નં ૧૭ નો જવાબ.

હેડીંગ

૧ વાદીને ભાડું આપી દીધું છે.

૨ વાદીનું ભાડુ કાંઈ પણ મહારી પાસે બાકી નથી.

૩ વાદીનુ માહારી પાસે ભાડાનુ કાંઇ લેહેણું નથી.

૪ વાદીનો દાવો મને કબુલ નથી.

અગર તેમ ન હોય તો.

૧ વાદી માહારી પાસે ભાડુ લેવા આવ્યો નથી.

૨ વાદી જે ભાડું માગે છે તે વધારે છે તેટલુ તે માગી શકે નહીં.

૩ વાદીના દાવાના ખરચનો હુ જવાબ દાર નથી.

૪ વાદીએ ભાડું મોઢાના કરારથી ઓછું કરેલ છે તેથી કાયદા પ્રમાણે વાદી ભાડુ માગી શકે નહી

૫ વાદીનો દાવો કાઢી નાંખતા માહારૂ ખરચ અપાવશો.

સામાન્ય જવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી

જુવાબ નંબર. ૨૪

દાવા અરજી નમુના નં ૧૮ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીના દાવા પ્રમાણે હું જામીન થયો નથી.

૨ વાદીએ ભાડે રાખનાર ઉપર દાવો લાવવો જોઇએ તે ન આપે તો જામીન પાસેથી વસુલ થઇ શકે.

૩ વાદી મુળ ભાડે રાખનાર પાસે ગએલનુ જણાતુ નથી એટલે માહારા ઉપર દાવો લાવી શકાય નહી,

૪ વાદીએ ભાડે રાખનાર પાસેથી ભાડું લીધેલ હોવું જોઇએ

૫ વાદી સાથે ભાડા સબધમા માહારે કાંઇ કરાર કે વાતચીત જામીન તરીકની થઇ નથી.

૬ વાદીનો દાવો મને કબુલ નથી તેથી તેનો જવાબદાર નથી.

૭ વાદીનો દાવો કાઢી નાખતાં માહારૂં થએલ ખરચ અપાવશો.

સામાન્ય જવાબ પૈકીની કાંઈ હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નં. ૨૫

દાવા અરજી નમુના નં. ૧૯નો જવાબ.

હેડીંગ.

૧ વાદી જે કરારની વાત બતાવે છે તે ખોટી છે.

૨ વાદી સાથે માહારે કાંઇ કરાર થયો નથી.

૩ વાદીની જમીન મે વેચાણુ લેવાનો વાદી સાથે કાંઈ કરાર કરેલ નથી.

૪ વાદીનો દાવો ખોટો છે અને તે મને કબુલ નથી અગર તેમ ન હોય તો

૧ વાદી કરાર પ્રમાણે વરતેલ નથી.

૨ વાદી સાથે જે જમીનનો કરાર થયો છે તે જમીન વાદી આપતો નથી પણ બીજી જમીન આપે છે એટલે વાદીનો દાવો વાસ્તવીક નથી.

૩ વાડીનામની જે જમીન છે અને જેમાં આંબા ઉભા છે તે આપવા લેવાનો કરાર છે અને વાદી તે જમીન હવે આપતો નથી.

૪ વાદી કરાર પ્રમાણે વરતતો નથી એટલે વાદીના ખોટા દાવાનો હું જવાબદાર નથી.

૫ વાદીનો દાવો કાઢી નાખી માહારૂં થએલ ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નં. ૨૬.

દાવા અરજી નમુના ન. ૨૦નો જવાબ.

હેડીંગ

૧ વાદીના દાવા પ્રમાણે વાદી સાથે કરાર થયો નથી.

૨ વાદી સાથે પહેલા નંબરના ગોળનો કરાર નથી પણ બીજા નંબરનો ગોળ માહારે આપવો અને વાદીએ લેવો તે ગોળ વાદી લેતો નથી.

૩ વાદી પોતાના દાવામાં જે હકીકત બતાવે છે તે ખોટી છે અને તે પ્રમાણે માહારે વાદી સાથે કાંઇ કરાર થયો નથી.

૪ વાદીનો દાવો મને કબુલ નથી.

અગર તેમ ન હોય તો.

૧ વાદી સાથે ગોળ આપવા લેવાનો કાંઇ કરાર મારે થયો નથી.
૨ વાદીના દાવા પ્રમાણે વાદી સાથે મેં કાંઇ કરાર કર્યો નથી.
૩ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.
૪ વાદીનો દાવો કાઢી નાંખતાં મ્હારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નં. ૨૭.

દાવા અરજી નમુના નંબર ૨૧ નો જવાબ.

હેડીંગ.

જુવાબ ન. ૨૬ પ્રમાણે આપવો.

જુવાબ નં. ૨૮.

દાવા અરજી નમુના નં. ૨૨નો જવાબ

હેડીંગ.

૧ વાદી સાથે જે કરાર થયો છે તે પ્રમાણે હાલ ઘર ખાલી કરાવી શકે નહી.
૨ બારમાસ સુધી વાદીએ ઘર ભાડે માહારી પાસે રાખવુ એવો કરાર છે અને બારમાસ પુરા થયા નથી જેથી વાદી ઘર ખાલી કરાવી શકતો નથી.
૩ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.
૪ વાદી કરારથી વીરૂદ્ધ દાવો લાવે છે.
૫ વાદીએ ઘર ખાલી કરવા મને કહ્યુ નથી તેથી તેના દાવાના ખરચ નો હુ જવાબદાર નથી.
૬ વાદીનો દાવો કાઢી નાખતાં મને થએલ ખરચ અપાવશો. તા

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ. ૨૯.

દાવા અરજી નમુના નબર. ૨૩નો જવાબ

હેડીંગ.

૧ વાદી કરાર પ્રમાણે નોકરી કરતો નથી,
૨ વાદીની કામ કરવાની ઢબ નીતીથી વીરૂદ્ધ છે.
૩ વાદી કરાર પ્રમાણેનું કામ કરી શકતો નથી અને તેમા અણુ વાકેફ-ગાર છે.

૪ વાદીની સ્થીતી ચાલ ચલગત જોતાં અમારી દુકાને રાખવાને તે લાયક નથી.

૫ વાદીની સાખ એવી છે કે તેથી અમારી દુકાનને માટે સારૂ કહેવાતુ નથી.

૬ વાદીનો દાવો કાઢી નાંખતાં અમને થએલ ખરચ અપાવશો. તા.
સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નં. ૩૦

દાવા અરજી નમુના નંબર ૨૪નો જવાબ.

હેડીંગ.

૧ વાદી કરાર પ્રમાણે વરત તો નથી.

૨ વાદી જુલમી છે અને એ વફાદારીથી દુકાન અંદર વરતણુંક ચલાવે છે જેથી તેને ત્યાં નોકરી થઇ શકે તેમ નથી.

૩ વાદી એ માહારી સાથે કુટુંબ અને માયાળુપણે વરતવાનો કરાર હતો તેનો વાદીએ ભગ કરેલ છે.

૪ હું હીંદુ છુ વાદી મુસલમાન છે અને તેથી મને ચીડવવા હરકત કરવા મુસલમાની ખાણું વીગેરે માહારી સામને રાખી મને હમેશ હરકત કરવાની તેમને ટેવ છે.

૫ વાદીની વરતણુંક પ્રમાણે વાદીને ત્યાં રહી શકાય તેમ નથી.

૬ વાદીનો દાવો ખોટો છે અને તેમને બંધન કારક નથી.

૭ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂં ખરચ અપાવશો તા.
સામાન્ય જવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૩૧

દાવા અરજી નમુના નં. ૨૫ નો જવાબ.

હેડીગ.

૧ ઘર વાદીના કરાર પ્રમાણે બરાબર બાંધેલ છે.

૨ વાદીએ જે સામન વાપરવા અને જેવી સ્થીતીમાં બાંધવા માહારી સાથે કરાર કરેલ તેજ પ્રમાણે મકાન બાંધ્યુ છે.

૩ વાદીને રૂ ૪૦૦) કરાર પ્રમાણે આપવા નથી તેથી મારી સામે ખોટો દાવો લાવે છે.

૪ વાદીના કરાર પ્રમાણે મેં પુરેપુરો અમલ કર્યો છે.

૫ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૬ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂં થએલ ખરચ અપાવશો.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૩૨

દાવા અરજી નમુના નં. ૨૬ નો જવાબ.

હેડીંગ.

૧ વાદી દાવા પ્રમાણે હીસાબ માગી શકે નહી.

૨ વાદીને ત્યાં સામો હીસાબ છે એટલે વાદીનું ખાતુ અને તેમાં બાકી રહેલી લેણુ દેણુ જોવાને વાદીને પુરતુ સાધન છે.

૩ વાદી હીસાબ જોવાનુ જે કારણુ બતાવે છે તે ખોટું છે અને કાયદાથી તેમજ વાસ્તવીક ન્યાયથી ઉલટુ છે.

૪ વાદી પાસે ઉલટું અમારૂ લેહેણું નીકળે તેમ છે.

૫ વાદી અમારે ત્યાં આવી ઘણી વખત ચુકતે હીસાબ જોઇ તપાશી ગયા છતાં ખોટી રીતે દાવો લાવેલ છે.

૬ વાદીને અમારા તમામ હીસાબની માહેતી છે અને તે પ્રમાણે વાદીને ત્યાં તમામ હીસાબ છે

૭ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.

૮ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂ થએલ ખરચ અપાશો. તા.

સામાન્ય જવાબ પૈકીની કાંઈ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૩૩

દાવા અરજી નમુના નંબર. ૨૭ નો જવાબ

હેડીગ

૧ વાદીનો દાવો મોટો છે અને તેમને કબુલ નથી.

૨ વાદી દાવામાં જે હકીકત બતાવે છે તે તમામ ખોટી છે.

૩ વાદીને માહારા તરફથી કાઇ નુકશાન થયુ નથી.

૪ વાદીને તમામ હીસાબ અને માહારી પાસે રહેતાં નાણાં ચુકતે આપ્યાં છે.

૫ વાદીની કાંઈ પણુ રકમની મીલકત મેં લીધી નથી.

૬ વાદી રૂ ૨૫૨) ની મીલકત લીધાનુ જે બતાવે છે તે ખોટું છે.

૭ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૩૪

દાવા અરજી નમુના નં. ૨૮ નો જવાબ.

હેડીંગ.

૧ વાદીએ કરાર પ્રમાણે દુકાન રાજી ખુશીથી ખાલી કરી આપી છે એટલે વાદીને દાવો લાવવાને હક નથી.

૨ વાદી જે નુકશાન થયાનું કહે છે તે તમામ ખોટુ છે અને બનવટી છે વાદીને કાંઇ નુકશાન થયુ નથી.

૩ વાદી પાસેથી દુકાન ખાલી કરાવવાને અમને હક અને અધીકાર હતો.

૪ વાદીની ગરાકીને કાંઈ નુકશાન થયુ નથી પણ હાલ જયાં વાદીએ દુકાન રાખી છે ત્યાં દાવાવાળી દુકાન કરતા વાદીને બમણા ગ્રાહકો છે કારણ કે તે મધ્ય બજારમા છે.

૫ વાદી દાવામા જે જે હકીકત નુકશાન થવાની તેમજ કરારની બતાવે છે તે તમામ ખોટી છે

૬ વાદીનો દાવો મને કબુલ નથી

૭ વાદીનો દાવો કાઢી નાંખતા અમારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૩૫

દાવા અરજી નમુના ન. ૨૯ નો જવાબ.

હેડીગ

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૨ વાદીને પત્યાળા સબધે કાઇ કરજ આપવુ પડયુ નથી.

૩ શેઠ મણીલાલ વૃજલાલનુ કરજ પેઢી પાસે પેઢીને સંબધ કરતા બાબતનું નોહોતુ પણ માહારા અને વાદીના સામે પેઢો શીવાયનુ કરજનુ હતુ.

૪ પેઢીની તમામ જવાબદારી મેં લીધી નથી.

૫ પેઢીનાં આવાં દેણાં હોય તો તેમા હુ એકલોજ જવાબદાર નથી પણ વાદી છે.

૬ શેઠ મણીલાલનું લેહેણુ જે પ્રકારનું હતુ તેવા લેહેણાના જવાબદાર વાદી છે.

૭ વાદીનો દાવો કાઢો નાંખતાં મને થએલ ખરચ અપાવશો તા,

સામાન્ય જવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૩૬
દાવા અરજી નમુના ન. ૩૦ નો જવાબ.
હેડીગ

૧ વાદી સાથે મેં કાંઇ દગો કર્યો નથી.

૨ વાદી દગાની જે હકીકત અને બીના બતાવે છે તે ખોટી છે.

૩ વાદી માહારા કુટુંબને માહારી સ્થીતીને અને મને ઘણા વખતથી જાણે છે એટલે વાદી આવી હકીકતને દગો કહે તે ખોટું છે

૪ વાદી માહારી તમામ હકીકતથી વાકેફગાર છતાં મને દગો કરવાનુ કહે છે તે વાત ખોટી છે.

૫ વાદીને દાવો લાવવાનુ વાસ્તવીક કારણુ નથી.

૬ વાદી સાથે દગાની માહારે કાંઈ વાતચીત થઇ નથી.

૭ વાદીનો દાવો કાઢી નાંખતાં મને થએલ ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નં. ૩૭.
દાવા અરજી નમુના નં. ૩૧નો જવાબ.
હેડીગ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૨ વાદી સાથે કાંઇ દગો મે કર્યો નથી તેમ દગો કરી બીજાને માલ અપાવ્યો નથી.

૩ મનસુખ રતીલાલને વાદી ઓળખે છે અને તેની સ્થીતી પણુ જાણે છે વાદી તેની તમામ હકીકતથી માહેતગાર છે. એટલે તેની બાબત મા મને પુછે કે માહારા કહેવા પ્રમાણે વરતે એ વાત વાદીની ખોટી છે.

૪ વાદીએ મનસુખ રતીલાલ ઉપર દાવો લાવવો જોઇએ.

૫ વાદી સાથે મનસુખ રતીલાલ બાબત મારે કાંઇ વાત થઇ નથી.

૬ વાદીનો દાવો કાઢી નાખતા માહારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય કાઢવા જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નં. ૩૮.
દાવા અરજી નમુના નબર ૩૨નો જવાબ.
હેડીગ.

૧ વાદી કહે છે તે પ્રમાણે વાદીનો હક નથી.

૨ વાદી કહે છે તે પ્રમાણે વાદીના હકના ઝરા કે વહેવાનું પાણી મેં બગાડયું નથી.

૩ વાદીજે કુવાનું પાણી મેલુ થયું કહે છે તે વાદીના હકનો નથી પણ સાર વજનીક છે.

૪ વાદી પાણી મેલુ થવાનીજે બીના બતાવે છે તે ખોટી છે.

૫ વાદીને કાંઇ નુકશાન થયુ નથી

૬ વાદી હમેશાં બીજા કુવાનુ પાણી પીએ છે આ કુવાનો ઉપયોગ વાદી કરતો નથી.

૭ વાદીના ઉપભોગમાં કોઇપણ પ્રકારે કાંઇપણ નુકશાન થયુ નથી.

૮ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૯ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૩૯

દાવાઅરજી નમુના નં. ૩૩ નો જુવાબ.

હેડીંગ.

૧ અમારા કારખાનાથી વાદીને કાંઇ નુકશાન થયુ નથી.

૨ વાદીનાં ઢોર અમારા કારખાનાથી મરેલાં નથી પણ કુદરતી રોગથી મરેલાં છે.

૩ વાદીનાં ઝાડ ચાર અને ઉગતા પાકને અમારા કારખાનાથી કાંઇપણ નુકસાન થયુ નથી.

૪ અમારા કારખાનાની હવા ધુમાડો વરાળ એ બધા કોઈ પ્રાણીને કે વનસ્પતીને નુકશાન કરતા નથી.

૫ વાદીને અમારાથી કે અમારા કારખાનાથી કાંઇ નુકશાન થયુ નથી.

૬ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.

૭ વાદીનો દાવો કાઢી નાખતા અમારૂ ખરચ અપાવશો તા

સામાન્ય જુવાબ પૈકી હકીકત હોય તે ત્યા ઇકરાર કરી સહી કરવી.

જુવાબ. ૪૦.

દાવા અરજી નમુના નં. ૩૪નો જુવાબ.

૧ વાદીને જવા આવવાનો રસ્તો મે અટકાવ્યો નથી.

૨ વાદી જે રસ્તો અટકાવ્યાનુ કહે છે તે જગ્યાએથી જાવઆવ કરવા વાદીને હકકે અધીકાર નથી.

૩ અટકાવેલ રસ્તો માહરા કબજા ભોગવટા અને માલીકીનો છે.

૪ અટકાવેલ રસ્તામા વાદીનો કાંઇપણ હક નથી.

૫ . અટકાવેલ રસ્તો અમારા મકાન અને કુંટુંબના હીત માટે ખુલ્લો રાખવામાં આવ્યો હતો.
૬ પણ તેવી જરૂર થઇ રહ્યા બાદ તે રસ્તો અમારી માલીકીનો હોવાથી અમે બધ કરેલ છે અને તે પ્રમાણે બધ કરવાનો હક અમને છે.
૭ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.
૮ વાદીનો દાવો કાઢો નાખતા અમારૂ ખરચ અપાવશો તા.
સામાન્ય જુવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી પ્રકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૪૧

દાવા અરજી નમુના ન ૩૫ નો જુવાબ.

હેડીગ

૧ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.
૨ મકાન ચણાતાં સુધી કામ ચલાઉ પથરા ઇંટો વીગેરે સારવજનીક રસ્તામા મકાન ચણાતા સુધી રાખવાં એ અમારી કસુર નથી.

અગર

૨ જે જગ્યાએ પથરા માટી વીગેરે પડેલાં છે તે અમારી દુકાનના ચોકમા છે અને તે જમીનનો હક કબજો ભોગવટો અમારો છે જેથી હમેશના માટે અમો રાખી શકીએ છીએ.
૩ વાદી જોઇ તપાસી ચાલેલ હતનો માટી રોડા હરકત કરે તેમ નથી.
૪ વાદીને માટી રોડાથી કાઇ નુકશાન થયુ નથી.
૫ વાદી પડયાનુ કહેતો હોય અને તે વાત કદાચ ખરી હોય તો તે બેભાન સ્થીતીમા અગર નીશામા કે બીજા તેવા કોઇ કારણસર પડેલ હોવો જોઇએ
૬ વાદી પડેલ નથો અને તેને કાઇ નુકશાન થયુ નથી
૭ વાદીનો દાવો કાઢી નાખતા ખરચ અપાવશો તા.
સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તે લખી પ્રકરાર કરી સહી કરવી

જુવાબ નં. ૪૨.

દાવા અરજી નમુના નં. ૩૬ નો જુવાબ

હેડીગ

૧ જે જગ્યાએ બધ બાંધ્યો છે તે જમીન, માહારા કબજા ભોગવટા અને હકની છે તેથી તે પ્રમાણે બધ બાંધવા મને હક છે તેથી વાદીના નુકશાનનો હુ જવાબદાર નથી.
૨ આ પ્રમાણેનો બધ દરવરસે હુ બાધુ છુ અને તેવો હક વીસ વરસ ઉપરથી ભોગવુ છુ.

૩ વાદી દાવામા પોતે પાણી લેવા સંબંધી જે જે હકીકત બતાવે છે તે ખોટી છે અને વાદીને કાંઇ નુકશાન થયું નથી.
૪ વાદીને બંધ તોડાવી નંખાવવા હકકે અધીકાર નથી.
૫ માહારા કબજા ભોગવટાવાળી જમીન અંદર માહારી મરજી પ્રમાણે હું પાણી વાળી શકું છુ.
૬ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.
૭ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂં ખરચ અપાવશો તા

શામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૪૩

દાવાં અરજી નમુના નં. ૩૭ નો જુવાબ.

હેડીગ.

૧ વાદી જે કુવામાંથી પાણી લઇ પોતાના ખેતરમાં પાવાની જે હકીકત કહે છે તે ખોટી છે.
૨ વાદીને તકરારી કુવામાંથી પાણી લેવાનો કાંઇ હક નથી.
૩ વાદીને કાંઇ નુકશાન થયુ નથી.
૪ વાદી પોતાના દાવામાં જે બીના બતાવે છે તે ખોટી છે
૫ તકરારી કુવો માહારી માલીકી–કબજા અને ભોગવટાનો છે.
૬ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.
૭ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂ ખરચ અપાવશો તા

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૪૪

દાવા અરજી નમુના નં. ૩૮ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીને રેલવેના કોઇ પણ ભાગથી અથવા રેલવેના કોઇ નોકરોની કસુરથી કાંઇ નુકશાન થયુ નથી,
૨ વાદી ગાડી અથડાવવાની જે હકીકત પોતાના દાવામાં બતાવે છે તે પ્રમાણે અને નુકશાન થાય તેવી સ્થીતીમાં અથડાએલ નથી.
૩ ગાડીનું બારણું ચાલતી ટ્રેને ખુલુ રાખવા સખત મનાઇછે છતાં વાદીએ ખુલ્લું બારણું રાખેલ અને તેના પરીણામે વાદીને નુકશાન થયું છે.
૪ વાદી પડી જાય અને ઇજા થાય તેવી રીતે ગાડીઓ અથડાઇ નથી.
૫ વાદીને રેલવે સ્ટેશન ઉપર કાંઇ નુકશાન કે ઇજા થઇ નથી.

૬ વદી નીશામાં અગર બેભાન સ્થીતીમાં હોઇ રેલવેમાં અથડાયો અને તે બાબત બરાબર તુરત મેડીકલ દવા કરી ન હોય તેના પરીણામે વધારે ઇજા થઇ હોય તો તે બનવા સભવ છે.

૭ વાદીનો દાવો ખોટા છે અને તે અમને કબુલ નથી.

૮ વાદીનો દાવો કાઢી નાંખતા અમારૂ ખરચ અપાવશો. તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૪૫

દાવા અરજી નમુના નબર. ૩૯ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીને સુચવ્યા છતાં વાદી એક બાજુ ખસેલ (નો હોતો.)

૨ વાદીને અમારી ગાડીથી ઇજા થઇ નથી.

૩ વાદીને ઇજા થવામા અમારી કસુર નથી.

૪ વાદી બેભાન અને નીશામા હતો અને બીજી ગાડી સાથે અથડાએલ નીચે પડયો હતો.

૫ વાદી સાથે અમારી ગાડી ઘોડો અથડાયા નથી

૬ વાદી સમજ ફેરથી સરતચુકથી અગર બેભાન સ્થીતીમાં અમને નજરે રસ્તે જતા જોવા ઉપરથી અમારૂ નામ ખોટું આપે છે.

૭ વાદીનો દાવો ખોટા છે અને તે અમને કબુલ નથી.

૮ વાદીનો દાવો કાઢી નાખતાં અમારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૪૬

દાવા અરજી નમુના નબર. ૪૦ નો જુવાબ

હેડીંગ.

૧ વાદી ઉપર અદાવતથી મે કામ ચલાવ્યુ નથી.

૨ વાદી પુરાવાની ખામીથી છુટી ગએલ છે એટલે અદાવતથી કામ ચલાવ્યાનુ કહેવાય નહી

૩ વાદી દાવા અદર જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૪ વાદી ઉપર અમારી ફરીયાદ કાયદા પ્રમાણે વાસ્તવીક અને સભવીત હતી

૫ વાદી ઉપર ખોટી ફરીઆદ થઇ છે અને ખોટી ફરીયાદ છે એમ કોરટે ઠરાવેલુ નથી.

૬ કોર્ટ નુકશાન કરવાને ઇરાદે ખોટી ફરીયાદ બદદાનત નથી કરેલનું ઠરાવે નહી ત્યાં સુધી આવો દાવો લાવવા વાદીને અધીકાર નથી.

૭ પુરાવાની ખામીનો વાદી ગેર વ્યાજબી લાભ લેવા માગે છે તે કાયદો અપાવી શકે નહીં.

૮ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.

૯ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તે લખી ઇકરાર કરી સહી કરવી

જુવાબ નંબર. ૪૭

દાવા અરજી કમુના નં. ૪૧ નો જુવાબ.

હેડીગ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૨ વાદી જે મીલકત માહારે ત્યા મુકયાનુ કહે છે તે માહારા લેહેણાની જવાબદારી માટે વાદીએ માહારે ત્યા મુકેલ છે.

અગર તેમ ન હોય તો.

૨ વાદીએ માહારે ત્યા મીલકત મુકીજ નથી મુંકયાની વાત ખોટી છે.

૩ વાદીના દાવાનો હુ જવાબદાર નથી.

૪ વાદીનો દાવો કાઢી નાખતા માહારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જવાબ નંબર. ૪૮.

દાવા અરજી નમુના નંબર. ૪૨ નો જવાબ.

હેડીંગ.

૧ વાદી સાથે કાઇ કપટ અમોએ કરેલુ નથી.

૨ વાદી કપટની જે હકીકત બતાવે છે તે તદન ખોટી છે.

૩ વાદી અમો બન્ને પ્રતીવાદીઓને સારી રીતે ઓલખે છે અમારી બનેની સ્થીતી આબરૂથી વાકેફગાર છે એટલે વાદી આમારા કપટથી છેતરાય તેમ નથી.

૪ વાદીએ અમારા કહેવા ઉપરથી અમને કાઇ માલ આપ્યો નથી.

૫ વાદી સાથે માલ લેવા જતી વખતે અમેદાર છીએ એવી કાંઇ વાત થઇ નથી.

૬ વાદીને અમે કાંઈ હકીકત ખોટી સમજાવી નથી.

ટીપ.

બન્ને પ્રતીવાદીએ આ પ્રમાણે જુદા જુદા જવાબો આપવા.

૭ વાદીજે ભાવ બતાવે છે તે બજાર ભાવથી ઘણો વધારે છે.
૮ વાદીને નાણું આપવાની હાલ શરત કે કરાર નથી.
૯ મણીલાલના જુવાબમાં માહારી સ્થીતી સાધારણ છે અને તેથી એકી વખતે તેમજ હાલ નાણું આપી શકુ તેમ નથી.
૧૦ વાદીનો દાવો કપટ પુરતો ખોટો છે તેમ કીમત ખોટી છે.
૧૧ વાદીનો હાલનો દાવો કાઢી નાંખતાં અમારૂ ખરચ અપાવશો. તા.
સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તે લખી ઇકરાર કરી સહી કરવી

જવાબ નંબર. ૪૯.

દાવા અરજી નમુના નંબર. ૪૩ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીએ ચુકથી કરાર કરેલ નથી.
૨ વાદી ચુક થવાનું કહે છે તે ખોટું છે અને અસંભવીત છે.
૩ જમીન ૫૬૨ વીધા હોવાનું મે વાદીને કહ્યુ નથી.
૪ કરાર થતાં પહેલા જમીન વાદીને બત્તાવી હતી અને જે છે તે આ છે એમ માહારા તરફથી કહેવામાં આવ્યુ હતુ.
૫ વાદીએ જમીન લાબી પોહોળી નજરે જોઇ તપાસી નકી કરીનેજ કરાર કરેલો છે.
૬ વાદીને ગમે તે કારણુસર સદરહુ જમીન સગવડવાળી નહીં હોવાથી કરારમાંથી મુકત થવા સારૂ ખોટો દાવો લાવે છે.
૭ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.
૮ વાદીનો દાવો કાઢી નાખતા અમારૂ ખરચ આપાવશો તા.
સામાન્ય જુવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઈકિરારકરી સહી કરવી.

જુવાબ નબર. ૫૦.

દાવા અરજી નમુના નંબર ૪૪ નો જુવાબ.

હેડીગ.

૧ વાદીની સંમતી વગર ઝાડ કાપવા અને તે માહારા ઉપયોગ્યમાં લેવા મને અધીકાર છે.
૨ વાદીનાં ઉપયોગી ઝાડો કાપેલાં નથી પણ જે નીર. ઉપ્યોગી અને મને હરકત કરતા છે તેવાં ઝાડો કાપેલાં છે.
૩ પટાની મુદત સુધી તેનો ઉપભોગ માહારે કરવાનો છે જમીનમાંથી જેમ ઉત્પન વધારે આવે તેવી સગવડ માહારે કરવી જોઇએ અને તેથી વધેતર થવા તેમજ ઉત્પન થાય તેવાં ઝાડો રોપવાના કારણ સર જે

જે ઝાડો કાપી કાઢી નાંખવાં જોઇએ તે કાપેલાં છે.

૪ સદરહુ પટાવાલી જમીન અંદરથી મને કમાણી ઓછી થાય એ પ્રમાણે હરકત કરવાને વાદીએ ખોટો દાવો કરેલ છે.

૫ વાદીને આ પ્રમાણે દાવો લાવવા હક કે અધીકાર નથી.

૬ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૭ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂ થએલ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તે લખી ઈકરાર કરી સહી કરવી

જુવાબ નંબર. ૫૧.

દાવા અરજી નંબર ૪૫નો જુવાબ

હેડીંગ

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી

૨ માહારા મકાન અંદર ગમે તે સામન ભરવા મને હક છે

૩ માહારા મકાનમાં કાચાં ચાબડાં ભરવાથી હવામાં બીગાડ થતો નથી તેમ થયો નથી.

૪ વાદીને ચાંબડાં ભરવાથી કાંઈ હરકત કે નુકશાન નથી

૫ વાદી દાવામાં જે કારણ બતાવે છે તે ખોટું છે

૬ ભરેલાં ચાંબડા બાસ વગરનાં છે અગર તેમ ન હોય તો

૭ બાસવાળાં ચાંબડાં હોય તેથી માહારા ઘરનો કબજો ભોગવટો કરવામાં વાદી હરકત કરી શકે નહીં

૮ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી

જુવાબ નંબર. ૫૨

દાવા અરજી નમુના નંબર ૪૬નો જુવાબ

હેડીંગ.

૧ વાદીને આવી ફરીઆદ લાવવાને અધીકાર નથી

૨ વાદીએ ખોટી મંજુરી મેળવી ફરીઆદ કરી છે. વાદી સરકારી માણસ હોય તો

૨ વાદીએ પ્રથમ નોટીસ આપી ફરીઆદ કરવી જોઇએ તે પ્રમાણે વાદીએ નોટીસ આપી નથી તેથી વાદીની ફરીઆદ ચાલી શકે નહીં

૩ માટી ત્થા પથરા રસ્તે જાવઆવ કરનાર માણસને હરકત કરતા નથી અગર તેમ ન હોય તો

૩ સદરહુ માટી ત્થા પથરા માહારી દુકાનના ચોકમાં માહારા કબજા ભોગવટાવાળી હકવાલી જમીન અંદર પડેલા છે તેમાં તે પ્રમાણે

શાખવાને હમેશાંને માટે અમને હક છે તેમાં વાદીઓ પ્રમાણે દાવો લાવી શકે નહી

૪ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી

૫ વાદીનો દાવો કાઢી નાંખતા અમારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની કાઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૫૩

દાવા અરજી નમુના નબર ૪૭નો જુવાબ

હેડીંગ

૧ વાદીએ મને તસબીર આપી નથી તસબીર આપ્યાની હકીકત વાદી ખોટી જણાવે છે અગર તેમ ન હોય તો

૧ વાદીએ જે તસબીર આપી છે તેમને વેચાતી આપી છે (બક્ષીસ આપી છે) (લેણામા આપી છે) તે ઉપર રૂપીઆ લીધા છે) જે હોય તે લખવુ

૨ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી

૩ વાદી દાવા અરજીમાં જે હકીકત બતાવે છે તે ખોટી છે

૪ વાદીએ ખરચ તથા કીમત આપવા મને કહ્યુ નથી વાદી તસબીર સબધે માહારીપાસે કોઇ વખત આવ્યોજ નથી.

૫ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂ ખરચ અપાવશો તા

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૫૪.

દાવા અરજી નમુના નંબર ૪૮નો જુવાબ

હેડીગ

નંબર એકના પ્રતીવાદીનો જુવાબ

૧ વાદીએ દાવા અરજીમા જે હકીકત બતાવી છે તે ખોટી છે

૨ વાદીના કહેવા પ્રમાણે હકીકત હોય તો બક્ષીસનો કબજો બક્ષીસ લેનાર પાસે અમુલખ વહેચરદાસની હયાતીમા જવો જોઇતો હતો તેમ થયુ નથી એટલે મરનારે કરેલ બક્ષીસ તેના વારસોની પરવાનગી વગર બક્ષીસ લેનારને મલી શકે નહી.

૩ સદરહુ દાગીના વડીલો પારજીત છે અને તે માહારા પીતા અમુલખને આપવા કે વ્યવસ્થા કરવા અધીકાર નથી

૪ હું લાયક ઉમરનો છુ આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં માહારી મંજુરી જોઇએ માટે મંજુરી વગર માહારા પીતાથી આ પ્રમાણે વ્યવસ્થા

થઇ શકે નહીં માટે વાદીએ મને દાગીના આપી દેવા જોઇએ.

૫ મરનારનો કાયદેસર વારસ અને હકદાર હું છું.

૬ મરનારને વગર અવેજ અને ઉદ્દેશે બક્ષીસ કરવા અધીકાર નથી.

૭ સદરહુ દાગીના આપવાનું કામ કાયદા વીરૂદ્ધ છે.

૮ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી

૯ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂ ખરચ અપાવશો તા

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી

જુવાબ નંબર ૫૫

દાવા અરજી નમુના ન ૪૮નો જુવાબ

હેડીંગ

બીજા પ્રતીવાદીનો જુવાબ નીચે પ્રમાણે છે

૧ મરનાર અમુલખ બહેચરદાસ માહારે મામા થાય છે અને તેમણે બક્ષીસથી મને આપેલા દાગીના વાદીએ મને સ્વાધીન કરવા જોઇએ

૨ નબર ૧ના પ્રતીવાદીના કહેવાથી વાદી આ પ્રમાણે દાગીના અટકાવી શકે નહી અને આવો દાવો લાવી શકે નહી.

૩ બક્ષીસ કાયદેસર રીતે થએલ છે બક્ષીસનો કબજો બક્ષીસ આપનાર પાસેથી ગયો છે અને બક્ષીસ લેનારના પ્રતીનીધી દરજે વાદી પાસે આવેલ છે એટલે બક્ષીસ લેનારને બક્ષીસ સ્વાધીન થએલ છે

૪ સદરહુ દાગીનાનો કબજો વાદી પાસે માહારા પ્રતીનીધી તરીકે છે તેમા નબર ૧નો પ્રતીવાદી હરકત કરી શકે નહી અને વાદી દાગીના પોતાની પાસે રાખી શકે નહી

૫ દાગીના ન ૧ના પ્રતીવાદીને લેવા હોય તો માહારી સામે નં. ૧ના પ્રતીવાદીએ દાવો લાવવો જોઇએ.

૬ વાદીની આવી બાબતમાં ઇન્ટર પ્લીડરની ફરીઆદ ચાલી શકે નહી.

૭ જે દાગીનાની બક્ષીસ થએલ છે તે દાગીના માહારા મામા અમુલખના સ્વ પારજીત છે અને તેની વ્યવસ્થા સ્વતત્ર રીતે માહારા મામા અમુલખને કરવા અધીકાર છે.

૮ ન. ૧નો પ્રતીવાદી સદરહુ દાગીના વડીલો પારજીત કહેતો હોય તો તે વાત ખોટી છે.

૯ માહારા મામાની મુઆઇમાં મે છમાસ લગી ખરી મહેનતથી માહારા ધધામાં રોકાઇ સારવાર કરી હતી અને તે વખતે માહારા મામા સીક હોવાથી માહારા ભેગા રહી માહારે ત્યાં ખાધુ હતું. માહારામામા માહારે ત્યાં છમાસ રહી ખાધેલ અને છમાસ મે ચાકરી બરદાસ

ફરેબના બદલામાં મને દાગીના આપેલા છે તે કાયદેસર અને વાસ્તવીક છે

૧૦ વાદીનો દાવો ખોટો છે તેમને કબુલ નથી.

૧૧ વાદીનો દાવો કાઢી નાંખતાં સદરહુ દાગીના વાદી મને સ્વાધીન કરે તેવું હુકમનામુ કરવા અને નં. ૧ના પ્રતીવાદીને હરકત હોય તો માહારી સામે દાવો લાવવાનુ ફરમાવવા અને માહારૂ ખરચ અપાવવા હુકમ કરશો તા.

સામાન્ય જુવાબ પૈકીની કાંઈ હકીકત હોય તો તે લખી ઇકરાર સહી કરવી

જુવાબનંબર. ૫૬

દાવા અરજી નમુના નંબર ૪૯નો જુવાબ

હેડીંગ.

૧ વાદીના લેણાનો હુ જવાબદાર નથી

૨ વાદીનુ લેહેણું કાયદેસર નથી

૩ વાદી મૃત્યુ પત્ર ચલાવનાર દરજે માહારી પાસે માગી શકે નહીં અને માહારી સામે દાવો લાવી શકે નહી

૪ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી

૫ વાદી દાવા અરજીમાં જે જે હકીકત બનાવે છે તે ખોટી છે

૬ વાદીનો દાવો કાઢો નાંખતા માહારૂ ખરચ મને અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી

જુવાબ નંબર ૫૭

દાવાઅરજી નમુના નંબર ૫૦નો જુવાબ

હેડીંગ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી

૨ વાદીનુ મરનાર ખોડીલાલ પાસે કંઇ લેહેણુ નથી

૩ વાદી માહારી સામે દાવો લાવી શકે નહીં

૪ વાદીનો દાવો કાયદા વીરૂધ અને વાસ્તવીક ન્યાયથી વીરૂધ છે

૫ વાદીનુ આવુ લેહેણુ આપવાને હુ મૃત્યુ પત્ર ચલાવનાર દરજે જવાબદાર નથી.

૬ વાદીનો હીસાબ ખોટો છે.

૭ વાદીના લેહેણાના કોઇ દસ્તાવેજ અગર ખતખાતા માંહે બાકીમાં મરનારની સહી નથી.

૮ વાદી સહી હોવાનું કહે છે તે ખોટું બનવટી છે

૯ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની કોઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૫૮

દાવાઅરજી નમુના નંબર. ૫૧ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદી પોતાની દાવાઅરજીમાં જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૨ વાદીનાં લગ્ન થાય ત્યારે મોસાળા તરીકે રૂ. ૧૫૧) આપવા મરનારે જણાવેલ છે તે પ્રમાણે વાદી પરણે ત્યારે સદરહુ રૂપીઆ આપવાના છે.

અગર તેમ ન હોય તો.

૨ મરનારે વાદીને રૂપીઆ આપવા લખેલ નથી તેમ કાંઇ જણાવેલ નથી. અને વાદીનુ કહેવુ ખોટું છે.

૩ વાદી જે રૂપીઆનો હાલ દાવો લાવે છે તે પ્રમાણે લાવવા તેને અધીકાર નથી.

૪ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.

૫ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂં ખરચ અપાવશો તો

સામાન્ય જુવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહીઓ બન્ને પ્રતીવાદીએ કરવી.

જુવાબ નંબર ૫૯.

દાવાઅરજી નમુના નંબર. ૫૨ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૨ વાદી દાવાઅરજીમા જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૩ હું લાયક ઉમરનો છુ અને વાદીએ મને તમામ હીસાબ ચાવી વહીવટ સ્થાવર જંગમ મીલકત સાથે આપવો જોઇએ.

૪ શરતો અને કામ બાકી હોવાનુ કહે છે તે હવે હું લાયક ઉમરનો હોવાથી તમામ કરી શકુ તેમ છુ.

૫ હું લાયક ઉમરનો થવા છતાં ટ્રષ્ટીઓને ટ્રષ્ટ રાખવાનો કાંઇ કરાર માહારા બાપે કરેલ હોય કે શરત કરેલ હોય તો તેવી કરાર કે શરત કરી શકે નહીં અને કરી હોય તો તેનો અમલ થઇ શકે નહીં.

૬ ટ્રષ્ટીઓ પાસે જે સ્થાવર જંગમ મીલકત છે તેનો માલીક હું છુ અને હવે લાયક ઉમરનો છું તો ટ્રષ્ટીને કાંઇપણ કામ કરવા સત્તા નથી.

ટીપ.

આવો જવાબ આપવામાં બન્ને પ્રતીવાદીઓનો જવાબ ભેગો હોય તો ચાલી શકે.

૭ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂં ખરચ વાદી પાસેથી અપાવશો તા
સામાન્ય જુવાબ પૈકોની હકીકત હોય તે લખી ઈકરાર કરી
સહી કરવી.

જુવાબ નંબર ૬૦

દાવાઅરજી નમુના નંબર ૫૩ નો જુવાબ.

હેડીગ.

૧ વાદી દાવાઅરજીમાં જે હકીકત બતાવે છે તે ખોટી છે.
૨ વાદીની દાવાઅરજી પ્રમાણે કરાર થયો નથી.
૩ ન. ૧૮૩ વાળું મકાન અને પાસેનો વરંડો રૂ. ૪૮૫) મા મેં
ખરીદ કરેલનો કરાર થયો છે તે પ્રમાણે વાદી વરડો આપતો નથી
જેથી કરારનો અમલ થયો નથી
૪ વાદી કરાર પ્રમાણે વરડો આપતો નથી એથી વાદી કરારનો
ભગ કરે છે.
૫ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી
૬ વાદીનો દાવો કાઢી નાખતાં અમારૂ ખરચ અપાવશો તા
સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી
સહી કરવી.

જુવાબ નંબર ૬૧.

દાવાઅરજી નમુના નબર ૫૪ નો જુવાબ.

હેડીગ

૧ વાદીનો દાવો ખોટો છે અને તેના અમો જવાબદાર નથી.
૨ વાદી કરાર પ્રમાણે વરતી કરાર પુરો કરતો નથી.
૩ વાદીને મકાન જ આપવાનો કરાર રૂ. ૪૮૫) મા છે અને વાદી
તે મકાન પાસેનો વરડો માગે છે અર્થાત વાદી કરાર ભગ કરવાની
ઈચ્છાથી કરાર વીરૂધ બોલે છે.
૪ વાદીને વરંડો આપવાનો કરાર થયો નથી અને વાદી આટલું મકાન
લેતો નથી.

અગર તેમ ન હોય તો.

૩ વાદીજે કરારનામુ રજુ કરે છે તે માહરૂ કરી આપેલ નથી.
૪ વાદી કરારનામામાં માહારી સહી કહે છે તે માહારી સહી નથી.
૫ વાદી દાવાઅરજીમા જે હકીકત બતાવે છે તે ખોટી છે.
૬ વાદી કરારનો ભગ કરે છે તેથી નુકશાની અમને મળવી જોઇએ.

૭ વાદીનો દાવો ખોટો છે માટે કાઢી નાંખતાં અમારૂં ખરચ અમને અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઈકરાર કરી સહી કરવી.

જવાબ નંબર. ૬૨

દાવાઅરજી નમુના નંબર ૫૫ નો જુવાબ

હેડીંગ.

૧ વાદીની દાવાઅરજીમા બતાવેલી હકીકત ખોટી છે.

૨ પંત્યાળુ ચલાવવું અશકય થાય તેવો ટંટોફીસાદ કે તકરાર માહરા તરફથી થઇ નથી.

૩ વાદીએ પોતે તે પ્રમાણે ટટો ફીસાદ કે તકરાર કરી હોય તો તેણે તે પ્રમાણે કરવુ ન જોઇએ.

૪ પંત્યાળું કાયમ રાખવાની મુદત બાકી છે તે પ્રથમ પંત્યાળુ તુટી શકે નહી.

૫ પત્યાળાના પારા ૨-૩-૫ ની શરતનો ભગ મેં કરેલ નથી.

૬ પંત્યાળાના દસ્તાવેજમાં ત્રણ વરસની શરત છે તે પહેલાં પંત્યાળું તુટી શકે નહી

૭ વાદીને આ પ્રમાણે દાવો લાવવા અધીકાર નથી.

૮ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૯ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો લખી ઈકરાર કરી સહી કરવી

જુવાબ નંબર ૬૩

દાવાઅરજી નમુના નબર ૫૬ નો જુવાબ નમુના નં. ૧

હેડીગ.

૧ વાદીનો દાવો ખોટો છે અને તેમને કબુલ નથી.

૨ વાદીની જમીનનો કબજો મે લીધો નથી.

૩ વાદીજે જમીન બતાવે છે તે માહારા હક અને અધીકારની છે.

૪ વાદી કબજો લીધાની તા. ૨-૧૧-૧૪ ની બતાવે છે તે ખોટી છે પણ સદરહુ જમીન ઉપર માહારો કબજો બે વરસથી છે.

૫ વાદીનો દાવો મામલતદાર એકટ પ્રમાણે ચાલી શકે નહીં.

૬ વાદીએ કમીશન ભરી રેગ્યુલર દાવો લાવવો જોઇએ.

૭ આ કામમાં માહારા સાક્ષી નીચે પ્રમાણે છે તે લેશો.

૧ વીરમગામના ભાવસાર ત્રીકમ મણીલાલ.

૨ માંડલના શેઠ નરોતમ અમૃતલાલ.

૩ વીરમગામના શેઠ હરખચંદ વમળસી.

૮ નં. ૧–૨ ના સાહેદને કોર્ટ મારફતે બોલાવવાની પ્રોસેસના રૂ. તથા ભથાના રૂ. રજુ છે નં. ૩ ના સાહેદને જાતે રજુ કરીશુ.

૯ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

નમુના નંબર ૬૪.

દાવાઅરજી નમુના નંબર ૫૭ નો જુવાબ.

હેડીંગ.

૧ વાદીની દાવાઅરજી ખોટી છે દાવાઅરજીમાં લખેલ બીના ખરી નથી

૨ તકરારી જમીન માહારા કબજાભોગવટા અને હકની છે અને તે વરસ ઉપરથી માહારા કબજામાં છે.

૩ તા. ૨–૧૨–૧૯૧૪ ના રોજ કબજો લીધાનુ કહે છે તે ખોટું છે તે અરસામાં વાદીનો કબજો હતો જ નહી.

૪ વાદીનો દાવો મામલતદાર એકટ પ્રમાણે ચાલી શકે નહી

૫ વાદીએ રેગ્યુલર દીવાની કોર્ટમાં કમીશન ભરી દાવો કરવો જોઇએ.

૬ આ કામમાં અમારો નીચે પ્રમાણે પુરાવો છે તે લેશો.

૧ દીયોદરના ખત્રી આબા બેચર.

૧ દીયોદરના કણબી રગનાથ ત્રીકમ

૭ સદરહુ સાહેદોને કોર્ટ મારફતે બોલાવવાની પ્રોસેસના રૂ. તથા ભથાના રૂ. આ સાથે રજુ છે.

૮ વાદીનો દાવો ખોટો છે માટે કાઢી નાંખતા અમારૂ ખરચ અપાવશો તા. સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૬૩.

દાવાઅરજી નમુનાનંબર. ૫૮ નો જવાબ.

હેડીંગ.

૧ વાદી પોતાની દાવાઅરજીમાં જે જે હકીકત બતાવે છે તે તમામ હકીકત ખોટી છે.

૨ વાદીની કોઇપણ બનાવેલ ચોપડીનો અગર નાટકનો અમે કાંઇપણ ઉપયોગ કર્યો નથી.

૩ વાદીનાં ગાયનના રાગ ઢબ અને અમારાં ગાયનનાં રાગ ઢબ તદન જુદાજ પ્રકારનાં છે.

અગર તેમ ન હોય તો.

૨ અમારી બુકની પ્રથમ આવૃતી સને ૧૯૧૦ ની સાલમા બહાર પડી હતી અને તે ઉપરથી વાદીએ સને ૧૯૧૨ ની સાલમાં અમારી બુક ઉપરથી પોતે બુક બહાર પાડી હતી અને અમારી પ્રથમ આ-વૃતી પ્રમાણે હાલમાં બીજી પ્રત અમે બહાર પાડી છે.

૩ વાદીએ ઉલટી રીતે અમારી બુક ઉપરથી પોતે બુક છપાવી ખોટી રીતે ગ્રથ સ્વામીત્વના હક સ્વાધીન કરાવ્યા છે.

૪ વાદીએ અમારી બુક ઉપરથી નકલ કરી પોતે બુક બહાર પાડી છે.

૫ વાદીનો કાંઇ હક અમે તોડયો નથી અને અમારાથી વાદીને કાંઇ પણ નુકશાન થયુ નથી.

૬ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.

૭ વાદીનો દાવો કાઢી નાંખતા અમારૂં ખરચ અપાવશો. તા.

સામાન્ય જુવાબ પૈકીની કાઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી

જુવાબ નંબર ૬૬

દાવા અરજી નમુના નંબર ૫૯ નો જુવાબ.

હેડીગ

૧ વાદી દાવા અરજીમા જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૨ વાદીની કોઇ પણ નીશાનીનો ઉપયોગ્ય અમે કર્યો નથી.

૩ વાદીનો કોઇ હક અમે તોડયો નથી.

૪ વાદીને અમારા કારણથી કાંઈ નુકશાન થયેલ નથી.

૫ અમે જે મારકો પ્રસીદ્ધ કરેલ છે તે વાદીના મારકાથી જુદો છે.

૬ સ્ત્રી છાપનો મારકો વાદીને છે તેમ અમારે ત્યાં પણ છે તેમાં વા-દીના મારકાની સ્ત્રી છાપમા નાકમા વારી નથી અને અમારી સ્ત્રી છાપમાં નાકમાં વારી છે આ મોટી બાબતનો તફાવત છે.

૭ જુવાન પહેલવાનનો મારકો અમારે ત્યા છે તેમાં પહેલવાનના ડાબા હાથની ટચલી આગળી અમે ભાગેલ બનાવી છે અને વાદીના મા-રકામાં આખી આગળી છે આ મહત્વનો તફાવત છે.

૮ અમારો મારકો ઘણા વખતથી એટલે વાદીએ મારકા પ્રસીદ્ધ કરા-વ્યા ત્યાર પહેલાના છે.

૯ વાદીએ રજીસ્ટર કરાવ્યા પછી અમે રજીસ્ટર કરાવવાથી અમારા મારકાઓ પછીના છે એમ કહી શકાય નહી.

૧૦ વાદીના મારકા અને અમારા મારકામા ઉપર બતાવેલ તફાવત છે.

૧૧ વાદી દાવો ખોટી રીતે અમને અડચણ કરવા અને અમારી આબરૂને નુકશાન કરવા લાવેલ છે.

૧૨ વાદીના દાવાથી વેપારી વર્ગમા અમારી આબરૂને નુકશાન થયુ છે.

૧૩ વાદીને આવી હાલતમા દાવો કરવા હક નથી.

૧૪ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.

૧૫ વાદીનો દાવો કાઢી નાખતા અમારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૬૭

દાવા અરજી નમુના નબર. ૬૦ નો જુવાબ.

હેડીગ

૧ વાદણુ દાવા અરજીમા જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૨ વાદી જુદુ રહેવાની શરતે ભરણ પોષણ માગી શકે નહી.

૩ વાદી દાવા અરજીમા કાઢી મુકવાની વાત ખોટી જાહેર કરે છે

૪ વાદીને કાઢી મુકવામા આવેલ નથી.

૫ વાદીની ચાલચલગત સારી નથી અને તેથી તેનુ ભરણ પોષણ કરવા કે ભેગી રાખવા હુ બધાએલ નથી.

૬ વાદી સારી ચાલ ચલગત ચાલવાની શરતે માહારા સાથે રહે તેમ હુ કહુછુ તેમ તે કબુલ કરતી નથી.

૭ વાદી જે ભરણ પોષણ બદલ રકમ માગે છે તે તેને મલી શકે નહી.

૮ વાદીનો દાવો ખોટો છે તે મને કબુલ નથી.

૯ વાદીનો દાવો કાઢી નાખતાં માહારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નબંર. ૬૮

દાવા અરજી નમુના નંબર ૬૧ નો જુવાબ.

હેડીગ

૧ વાદણુ પાસે મઝીઆરી મીલકત પૈકીના. રૂ ૧૦૦૦) ના દાગીના છે તે વાદણુ આપતી નથી.

૨ વાદણુ પાસે ભરણુ પોષણુ કરવાનુ સદરહુ દાગીના વીગેરે પુરતુ સાધન છે.

૩ વાદણુની ચાલ ચલગત સારી નથી તેથી ભરણુ પોષણુ લેવાને હકદાર નથી.

૪ વાદણુ જે રકમ ભરણુ પોષણુ માટે માગે છે તે તેને મલી શકે નહી.

૫ વાદણુને અમારા ઘરની સ્થીતી પ્રમાણે આપીએ છીએ તે તે લેતી નથી

અગર તેમ ન હોય તો

૪ ત્રીકમલાલ અને અમો સ ૧૯૬૫ ની સાલથી જુદા રહીએ છીએ અને તેજ સાલમાં તમામ વહેચણુ થઇ ગઇ છે.

૫ વાદણુ સ. ૧૯૬૫ થી વીભક્ત કુટુંબ તરીકે રહે છે અને વીભક્ત છે એટલે તેના ભરણુ પોષણુના અમો જવાબદાર નથી.

૬ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી

૭ વાદીનો દાવો કાઢી નાખતા અમારૂ ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૬૯

દાવા અરજી નમુના નંબર ૬૨ નો જુવાબ

હેડીંગ

૧ વાદી દાવા અરજીમા જે હકીકત બતાવે છે તે ખોટી છે.

૨ વાદીને વહેચણુ કરાવવા હક કે અધીકાર નથી

૩ વાદી મીલકતનુ જે લીષ્ટ આપે છે તે પ્રમાણે અમારી પાસે મીલકત નથી.

૪ અમારી પાસે જે મીલકત છે તે અમારી સ્વપારજીત મીલકત છે તેમા વાદી ભાગ માગી શકે નહી.

૫ વડીલોપારજીત મીલકત અમારી પાસે નથી તેમ વાદીની કમાણીની મીલકત પણુ અમારી પાસે નથી તેથી વાદીને તેમાં કાંઇ હક નથી.

વાદી જુદો રહેતો હોય અગર વહેચણ થઇ ગઇ હોય તો

૬ વાદી ઘણા વરસથી વીભક્ત તરીકે જુદો રહે છે

૭ વાદી સાથે અમારે વહેંચણુ થઇ ગઇ છે.

૮ વાદીનો દાવો ખોટો છે અને તે અમને કબુલ નથી.

૯ ન. ૨ ના પ્રતીવાદી અમથાલાલ અમો સગીર વયના છીએ એટલે એવી સ્થીતીમાં વહેચણુ થઇ શકે નહી.

૧૦ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર. ૭૦

દાવા અરજી નમુના નબર ૬૨ સાથે નાદારીની અરજીનો જુવાબ.

હેડીગ

૧ વાદી નાદાર નથી પણ દાર છે.

૨ વાદી કમીશન ભરી શકે તેટલાં નાણાં વાદી પાસે છે.

૩ વાદી નાદારી બાબત જે લીષ્ટ મીલકતનુ આપે છે તે ખોટું છે.

૪ ઘરાંના દાગીના વાદી સ્ત્રી ધન બતાવે છે તે હકીકત ખોટી છે.

૫ અમારો પુરાવો નીચે પ્રમાણે છે તે લેશો તેથી વાદી દાર કમીશન ભરી શકે તેવો જણાશે.

૧ વઢવાણના શેઠ ગણપત બાદર.

૨ વઢવાણના પડયા ગોરધન ગીરજાશંકર.

બનેને કોર્ટ મારફતે બોલાવવાની પ્રોસેસના રૂ. તથા ભથાના રૂ આ સાથે રજુ છે

૬ વાદી નાદાર નથી માટે વાદીની અરજી ના મજુર કરી વાદીને દાર ઠરાવી કમીશન લેવા હુકમ ફરમાવશો તા.

ઇકરાર કરી સહી કરવી.

આ બન્ને જવાબો બન્ને જણાએ ભેગા આપવા હરકત નથી.

જુવાબ નંબર ૭૧

દાવા અરજી નમુના નબર ૬૩નો જુવાબ.

હેડીગ.

૧ વાદીઓએ દાવા અરજીમા બતાવેલ હકીકત ખોટી છે

૨ વાદીઓ બતાવે છે તે પ્રમાણે વાદીઓનો ભાગ નથી.

૩ વાદીઓને વહેચણ કરાવવા અધીકાર નથી

૪ વાદીઓને ભાગ લીધા સીવાય કાંઈ હકકે અધીકાર નથી

૫ વાદીઓની અરજ પ્રમાણે જાગીરના કડકા અને ભાગ થઇ વહેંચણ થઇ શકે નહી.

૬ વાદીઓનો દાવો થોક બધ થએલા સરકયુલરો અને હુકમોથી તેમજ કયદાથી વીરૂદ્ધ છે.

૭ વાદીઓ અણુ બનાવની જે હકીકત કહે છે તે ખોટી છે.

૮ વાદીઓ તકરારી છે અને તેથી વાદીઓએ ખોટો દાવો કરેલ છે. તે અમને કબુલ નથી અને તેના અમો જવાબદાર નથી.

૯ વાદીનો દાવો કાઢી નાંખવાં અમારૂં ખરચ અપાવશો તા.

સામાન્ય જુવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

તમામનો જુવાબ ભેગો હોય તો તે ચાલી શકે અને જુદો પણ આપી શકાય.

જુવાબ નંબર. ૭૨

દાવા અરજી નમુના. નબર ૬૪ નો જુવાબ.

હેડીગ

૧ વાદી દાવા અરજીમાં જે હકીકત બનાવે છે તે ખોટી છે.

૨ વાદીને વહેચણ કરાવવા હક કે અધીકાર નથી.

૩ વલસાડ ગામની તમામ ઉપજ વસુલ કરવાનો હક અને અધીકાર અમારો છે.

૪ તમામ ઉપજ વસુલ થવા બાદ તેમાંનો અર્ધ ભાગ અમે વાદીને આપીએ છીએ અને વાદી તે પ્રમાણે લે છે.

૫ વાદીને ઉપજ વસુલ કરવા હક કે અધીકાર નથી.

૬ વાદી વસુલાત કરવા અમારી સાથે રહેતા નથી અને તે પ્રમાણે વાદીને અમારી સાથે રહેવા હક નથી.

૭ રેવન્યુ રીવાજી ઉપજ શીવાયના ગજ્ય પ્રકરણી હકો અમો એક લાજ લઇએ છીએ જેવા કે ગાદી વેરો સાદીવેરો એવો હક ઉજણ જાગીર નેજ લેવા હક છે

૮ વલસાડ ગામ ઉપર માલીકી હક ઉજણ જાગીરનો છે તેથી વહેચણ થઇ શકે નહી.

૯ વાદીનો દાવો ખોટોછે તે કાઢી નાખતા અમારૂ ખરચ અપાવશો. તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૭૩.

દાવા અરજી નમુના નબર. ૬૫ ના સબંધમાં ખુવાશો

આ દાવામા વીરૂદ્ધ પક્ષકાર નથી તેથી તેનો જુવાબ હોઇ શકે નહી પણ મરનારે કોઇને દત્તક લીધો હોય અગર બીજી રીતે પોતાની મીલકત બક્ષીસ કે ધર્માદા કે બીજી રીતે આપી દીધી હોય તેવા ઇશમો આ દાવા સામે હરકત લાવી શકે છે તે નીચે પ્રમાણે.

મરનારના દત્તકે નીચે પ્રથાણે અરજ કરવી.

આજમ મહેરબાન સાહેબની કોર્ટમાં

અરજદાર.

રાધનપુરના શેઠ. મગનલાલ મોતીલાલ

વીરૂદ્ધ પક્ષકાર.

રાધનપુરના શેટ. વર્ધમાન કાલીદાસના દત્તક. પુત્ર નરોતમ વર્ધમાન.

દાવો મગનલાલ મોતીલાલે કરેલ અરજ રદ થવા અને
મરનારની તમામ મીલકત મલવા અરજ

અમો વીરૂદ્ધ પક્ષકાર નરોતમ વર્ધમાન અરજ કરીએ છીએ કે

૧ મગનલાલ મોતીલાલે જે દાવો કરી વારસા સરટીફીકેટ માગેલ છે તે તેને મલી શકે નહી.

૨ મરનાર વર્ધમાને મને દત્તક લીધો છે અને હું વર્ધમાનનો દત્તક પુત્ર છુ તેથી હું હકદાર છુ.

૩ હુ બહાર ગામ અમદાવાદ રહેતો હોવાથી મરનાર મરણ ગએલ તે વખતે તેમજ જમી પ્રસગે આંહી હતો નહી.

૪ મરનાર વાસે અરજદાર મગનલાલે જે ખરચ કરેલ છે તે માહારી તરફથી કરેલુ છે તેથી તેણે તે ખરચ કરેલ ગણાય નહીં.

૫ મરનારના દત્તક શીવાય હુ મરનારને સગો ભાણેજ થતો હતો અને મને મરનારે દત્તક લીધો છે

૬ દશ વરસથી મરનાર સાથે અવિભક્ત કુટુંબ તરીકે હું રહું છુ નોકરી પ્રસગેજ બહાર ગામ હતો.

૭ મરનારની મીલકતનો હુહકદાર છુ.

૮ મારો પુરાવો નીચે પ્રમાણે છે તે લેશો.

૧ ——————————

૧ ——————————

૯ મરનારનો મને દત્તક ઠરાવી મરનારની મીલકત ઉપરથી જમી દુર કરી મને મીલકત સોપાવશો તા.

ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૭૪

દાવા અરજી નમુના નબર ૬૫ વીરૂધ કોઇએ મીલકત બક્ષીસ લીધી હોય અગર ધર્માદા લીધી હોય તેણે નીચેપ્રમાણે અરજ કરવી

દત્તક પ્રમાણે હેડીગ લખવુ.

વીરૂદ્ધ પક્ષકારમાં બક્ષીસ લેનાર અગર ધર્માદા લેનારનુ નામ લખવુ અને નીચેપ્રમાણે અરજ કરવી.

અમો વીરૂદ્ધ પક્ષકાર નીંચેપ્રમાણે અરજ કરીએ છીએ.

૧ અરજદાર જે મીલકત માટે વારસા સરટીફીકેટ માગે છે તે તમામ મીલકત મરનારે દસ્તાવેજથી અમને બક્ષીસ આપી છે તેથી તેના હકદાર અમો છીએ.

૨ મરનારે કાયદેસર બક્ષીસ કબજા સાથે આપી છે અને અમોએ કબજા સાથે બક્ષીસ લીધી છે.

૩ માહારા કબજામાંથી પોલીસે જપ્તી કરી છે અને પોલીશે જપ્તી કર્યા પ્રથમ મરનારની તમામ મીલકત માહારા કબજામા હતી.

૪ મરનાર છ માશથી બીમાર હતા ત્યારથી તેઓ મરતાં સુધી તેમની ચાકરી બરદાશ મેં કરી છે અને ત્યારપહેલા જ્યારે જ્યારે બીમાર થતા કે અશક્ત રહેતા ત્યારે તેમની સારવાર હું તન મન ધનથી કરતો હતો.

૫ અરજદારે મરનારની મીલકત લેવાની લાલચે અને પોતાની ન્યાતીના ફીટકારમાંથી મુક્ત થવા માટે પોતાના હીતના સારૂ ઉત્તર ક્રીયા અને જુજ ખરચ કરેલ છે તેથી અરજદારને મીલકત મલીશકે નહી.

૬ અરજદારનુ વ્યાજબી ખરચ મરનાર પાછળનુ જે થાય તે મરનારની મીલકતમાંથી હું આપવા તૈયારછુ.

૭ અરજદારે વારસા સરટીફીકેટ માગેલ છે તે તેને મીલકતના હકદાર તરીકે મલીશકે નહી.

૮ આ કામમાં માહારો પુરાવો નીંચેપ્રમાણે છે તે લેશો.

૧ ________________________________

૨ ________________________________

૯ અરજદારની અરજ નામજુર કરતા મરનારની મીલકત ઉપરથી જપ્તી ઉઠાવી મરનારની મીલકત મને સોંપવાનો હુકમ કરશો તેમ ઈકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૭૫

દાવા અરજી નમુના નંબર. ૬૬ નો ખુલાશો.

આ દાવામાં કોઇ વીરૂધ પક્ષકાર નથી એથી તેમનો જવાબ હોઇશકે નહીં દેણુદારોએ વારસા સરટીફીકેટમા સામે આવવાની અને અરજ કરવાની જરૂર નથી પણ વારસા સરટીફીકેટ લઈ તે દીવાની કોર્ટમાં દાવો કરે ત્યારે દેણુદારે સામો જવાબ આપવાની જરૂર છે.

---

૧ ધર્માદા લેનારે આજ પ્રમાણે અરજ કરવાની છે બક્ષીસ લેનાર બદલે ધર્માદા લેનાર અને ધર્માદા આપવાનું કારણુ લખવું.

મરનારનો કોઇ દત્તક હોય તો દાવાઅરજી નમુના નંબર ૬૫ વાળા જુવાબ નં. ૭૩ પ્રમાણે જુવાબ આપીશકે અને લેણાનો હું હકદારછું અને અરજદાર હકદાર નથી એ માગણી કરીશકે છે.

સદરહુ લેહેણુ કોઇને બક્ષીસ આપેલ હોય તો તે બક્ષીસ લેનાર જુવાબ નંબર ૭૪ પ્રમાણે અરજ કરીશકે અને સદરહુ લેહેણુ ધર્માદા આપેલ હોય તો તે ધરમાદા લેનાર જુવાબ નંબર ૭૪ માફક અરજ કરી શકે.

જુવાબ નંબર ૭૬

દાવા અરજીમાં જે હકીકત બતાવી છે તે ખોટી છે

હેડીંગ

૧ વાદીએ દાવા અરજીમાં જે હકીકત બતાવી છે તે ખોટી છે.

૨ વાદી જે પ્રમાણે દાવો લાવે છે તે પ્રમાણે લાવી શકે નહીં

૩ વાદી થસા જાગીરદારનો કુટું બીકેસગો નથી

૪ વાદી થસા જાગીર લેવાને હકદાર નથી

૫ વાદીએ દાવા અરજી સાથે રાખેલ પેઢીનામા પ્રમાણે પોતે સગો હોવાનું સાબીત કરે તો પણ વાદીને જાગીર મલી શકે નહીં

૬ માહારામામા દોલતસીહજી સાથે હુ અવી ભક્ત કુટુંબ તરીકે રહેતો હતો અને તેથી જાગીર લેવાને હુ હકદાર છુ.

૭ અરજદાર વાદી વીભક્ત કુટુબના હોવાથી જાગીર મલી શકે નહી.

૮ નામદાર પોલીટીકલ એજન્ટ સાહેબના હુકમથી કાયદેસર રીતે સદરહુ જાગીરનો કબજો ભોગવટો મને સોપાએલ છે એટલે વાદીનો દાવો ચાલી શકે નહી.

૯ જાગીર સબધમાં હીદુલોના નીયમો લાગુ નથી પણ જાગીરના નીયમો લાગુ છે અને તે પ્રમાણે જાગીરનો હકદાર હું છુ

૧૦ એજન્સીના તાબાની જાગીરો માટે પોલીટીકલ રીતે નામદાર પોલીટીકલ સાહેબે કરેલ હુકમ છેવટનો છે અને તે સામે વાદીનો દાવો ચાલી શકે નહી

૧૧ મરનાર દોલતસીહજી સાથે વાદીને અનુરાગ હતો મરનાર દોલત-

ટીપ.

બક્ષીસ લેનાર ધર્માદા લેનારને આવું લેહેણું બક્ષીસ અગર ધર્માદા ક્યારે આપ્યુ કહેવાય. તેના માટે મરનારે યોગ્ય દસ્તાવેજ કરી મુળ દસ્તાવેજ કબજે સ્વાધીન કરેલા હોય તોજ તેનો અમલ થઇશકે.

કબજા શીવાય તેનો અમલ થઇશકે નહી.

સીંહજી વાદીથી ઘણા નારાજ હતા વાદીને દોલતસીંહજી ઘણું કહેતા છતાં વાદી કોઇ દીવસ થસે આવતો નહીં તેમ ચાકરી કરતો નહીં

૧૨ વાદીનો દાવો ખોટો છે અને તે મને કબુલ નથી

૧૩ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂં ખરચ અપાવશો તા

સામાન્ય જુવાબ પૈકીની કાંઇ હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી

જુવાબ નંબર ૭૭

દાવા અરજી નમુના નંબર ૬૮નો જુવાબ

હેડીંગ

૧ વાદી દાવા અરજીમાં બતાવે છે તે પ્રમાણે વાદીને દાવો લાવવા હક કે અધીકાર નથી

૨ માહારૂં મકાન ઉચુ થવાથી અને બારીઓ મુકવાથી વાદીને હરકત કે નુકશાન નથી

૩ કદાચ વાદીના કહેવા પ્રમાણે હરકતકે નુકશાન ગણીએતો તેથી માહારા મકાનને કે માહારા હકને નુકશાન થઇ શકે નહી.

૪ વાદીની અરજ મંજુર રહેતો માહારૂં ઘર તદન નીર ઉપયોગી થાય છે અને તેની કાઇપણ કીમત રહેતી નથી

૫ વાદી કે વાદીના બૈરાં તેમજ તેના કુટુંબનુ કોઇ માણસ ઓઝલ પડદા નશીન નથી

૬ વાદી પોતાની દાવા અરજીમા બારીઓથી જે હરકત બતાવે .છે તે ખોટી છે

૭ વાદીને પોતાની મરજાદ સચવાય તેવી સગવડ તેના મકાનમાં છે

૮ માહારૂં મકાન ઉચુ થવાથી કે બારીઓ મુકવાથી વાદીને મકાનની કીમતમાં કાંઇ ફેરફાર થતો નથી તેમ તેમના કુંટુંબને હરકત કરતા નથી

૯ અમારા મકાન માટે જે હક અને અધીકાર અમને છે તે સામે વાદી આવી હરકત કરી શકે નહી,

૧૦ અમારૂં મકાન ચણાવવામાં કે બારીઓ વીગેરે મુકવામા વાદીને વચે આવવા અધીકાર નથી

૧૧ વાદી દાવા અરજીમાં જે હકીકત અને તકરાર બતાવે છે તે ખોટી છે કાયદાથી વીરૂદ્ધ છે અને વાસ્તવીક ન્યાયથી ઉલટી છે

૧૨ વાદીનો દાવો ખોટો છે અને તે અમને બંધન કરતા નથી તેમ

તેના અમો જવાબદાર નથી
૧૩ વાદીએ મનાઇ હુકમની જે અરજી આપી છે તે ખોટી છે તે પ્રમાણે મનાઇ હુકમ થઈ શકે નહીં માટે મનાઈ હુકમ રદ કરવો જોઇએ
૧૪ વાદીનો દાવો કાઢી નાંખતાં અમારૂં ખરચ અપાવશો તા. સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

જુવાબ નંબર ૭૮

દાવા અરજી નમુના નંબર ૬૯ નો જવાબ.

હેડીગ.

૧ વાદીનો દાવો ખોટો છે.

૨ વાદી દાવામાં જે જે મીલકત બતાવે છે તે વાદીની નથી પણ પટેલ ગીરધર નાગજીની છે.

૩ પટેલ ગીરધર નાગજી અને વાદી સ્નેહી અને નાતાવાળા હોવાથી ગીરધર નાગજીની મીલકત હોવા છતા વાદી ખોટી રીતે પોતાની હોવાનુ કહે છે.

૪ વાદી પાસે જે બે ભેસો છે તે પટેલ ગીરધર નાગજીએ માહારૂ હુકમનામુ ન બજે તેટલા માટે પટેલ ગીરધર નાગજી પાસેથી વાદીએ પોતાની પાસે રાખી છે.

૫ ગીરધર નાગજીનો ભાડા દસ્તાવેજ વાદીએ ખોટી રીતે કરાવેલો છે.

૬ કમાટ અને બેડું વાદીનુ નથી પણ ગીરધર નાગજીનુ જ છે

૭ વાદી ખોટી રીતે માહારૂ હુકમનામુ ન બજવા માટે અને ગીરધર નાગજીની મીલક્તનો બચાવ કરવા માટે ખોટો દાવો લાવેલ છે.

૮ વાદીનો દાવો મને કબુલ નથી.

૯ વાદીનો દાવો કાઢી નાંખતાં માહારૂ ખરચ મને અપાવવા મેહેરબાની કરશો. તા.

સામાન્ય જુવાબ પૈકીની હકીકત હોય તો તે લખી ઇકરાર કરી સહી કરવી.

પ્રકરણ ૩ દરખાસ્તો.

દરખાસ્ત નંબર ૧

સાક્ષીઓ (લેવરાવવા) સબધમા આપવાની પુરાવા દરખાસ્ત.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

ધ્રાંગધ્રાના શેઠ નગીનદાસ મનસુખભાઇ } વાદી

ધ્રાંગધ્રાના ઠકર જેઠાલાલ નાગજી. } પ્રતીવાદી

દાવો રૂ. ૪૫૫ લેવાનો.

અમો વાદી સદરહુ કામમાં નીચે પ્રમાણે પુરાવો રજુ કરીએ છીએ તે પુરાવો લેશો.

૧ પ્રતીવાદી ખુદને તેને ત્યાં જે જે હીસાબ હોય તે હીસાબ સાથે બોલાવશો.

૨ ધ્રાગધ્રાના શેઠ વમલસી પીતામ્બરને પ્રતીવાદીના અક્ષરવાળા ચોપડા સાથે બોલાવશો.

૩ ધ્રાંગધ્રાના શેઠ વાડીલાલ પીતામ્બરદાસ.

૪ ધ્રાગધ્રાના શેઠ અમૃતલાલ ઝવેરચદ

૫ વઢવાણ કેમ્પ ના શેઠ અમુલખ નરોતમદાસ.

સદરહુ સાહેદો પૈકી નં. ૧–૨–૩–૪ ને કોર્ટ મારફતે બોલાવવાની પ્રોસેસ ફી રૂ. તથા તેમના ભથાના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે નંબર ૫ ના સાહેદને અમો જાતે રજુ કરીશુ તેથી તેનુ પ્રોસેસ ભથ્થુ રજુ કરેલ નથી. તા લી.

૧ વાદી નગીનદાસ મનસુખભાઇ સહી. દા. ખુદ.

દરખાસ્ત નંબર. ૨

દાવો ચાલતાં દરમીઆન વાદી મરણ પામે તો તેની જગ્યાએ તેના વારસનુ નામ વાદી તરીકે લખવા આપવાની દરખાસ્ત.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

વઢવાણના શેઠ ગોપાલ નાનજી } વાદી

વઢવાણના શેઠ મણીલાલ નગીનદાસ. } પ્રતીવાદી

દાવો ઘર કબજે લેવા બાબતનો.

અમો વાદી શેઠ ગોપાલ નાનજીના દીકરા અમૃતલાલ ગોપાલ અરજ કરીએ છીએ કે.

૧ શેઠ ગોપાલ નાનજી માહારે બાપ થાય તે તા. ૨૭–૧૨–૧૪ ના

ટીપ.

કાયદા પ્રમાણે સમન્સ સાથે જ ભથુ જવુ જોઇએ તોજ સાહેદ શાક્ષી માટે આવવા બંધાએલ છે પરંતુ

કેટલેક ઠેકાણે સાહેદ કોર્ટમાં સાક્ષી માટે આવ્યા પછી સાક્ષી થઇ રહે ભથુ આપવા રીવાજ છે ત્યાં માત્ર પ્રોસેસજ પુરાવા દરખાસ્ત સાથે રજુ કરવી ભથુ લખવુ જ નહી.

પ્રતીવાદીએ પણ આ પ્રમાણે જ દરખાસ આપવી.

રોજ મરણ પામ્યા છે તેમણે સદરહુ પ્રતીવાદી સામે આપની કોર્ટમાં સદરહુ બાબતનો દાવો કરેલ છે.

૨ વાદી ગોપાલ નાનજીનો હું દીકરો હોવાથી તેમનો વારસ હું છું અને તેથી વાદીની જગ્યાએ માહારૂ નામ દાખલ થવા અરજ કરૂછુ.

૩ મરનાર પાછળ માહારા શીવાય હકદાર વારસ કોઇ નથી.

૪ માટે વાદી ગોપાલ નાનજી મરણ જવાથી તેમની જગ્યાએ માહારૂ નામ વાદી તરીકે દાખલ કરવા હુકમ કરશો.

૫ આ બાબતના પ્રતીવાદીને ખબર આપવાની નોટીશની પ્રોસેસના રૂ આ સાથે છે સ્ટાંપના રૂ. ૦-૮-૦ રજુ છે તા. ૧-૧-૧૯૧૫

૧ વઢવાણના શેઠ અમૃતલાલ ગોપાલ સહી. દા ખુદ.

હું અમૃતલાલ ગોપાલ ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે. તા. ૧-૧-૧૯૧૫

૧ શેઠ અમૃતલાલ ગોપાલ સહી દા. ખુદ.

લી. જી. આર. પંડયા વકીલ.

દરખાસ્ત નંબર ૩.

દાવો ચાલતાં પ્રતીવાદી અગર પ્રતીવાદી ઘણા હોય ત્યારે તેમાંથી એક મરણ પામે ત્યારે પ્રતીવાદીની જગ્યાએ પ્રતીવાદીના વારસનું નામ દાખલ થવાની દરખાસ્ત.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

રાધનપુરના શેઠ ગીરધરલાલ કલ્યાણદાસ } વાદી

રાધનપુરના કણબી પીતામ્બર અમુલખ } પ્રતીવાદી

દાવો રૂ. ૫૨૫-૦-૦ લેવા બાબતનો

અમો વાદી શેઠ ગીરધરલાલ કલ્યાણદાસ અરજ કરીએ છીએ કે સદરહુ દાવાનું છેવટ પરીણામ હજુ સુધી આવ્યુ નથી દરમીઆન પ્રતી-વાદી મરણ પામેલ છે જેથી તેની જગ્યાએ તેના વારસનુ નામ દાખલ કરવા આ અરજ કરવા ફરજ પડી છે.

ટીપ.

મરનાર પાછળ બે દીકરાઓ હોય તો બન્ને જણાએ આ પ્રમાણે સાથે અરજ વાદી તરીકે નામ લખાવવા કરવી.

પ્રતીવાદીને આ બાબતની નોટીશ આપી તેનો ખુલાશો લીધા બાદ નામ દાખલ થાય છે.

૧ પ્રતીવાદી પીતામ્બર અમુલખ તા. ૧-૧૧-૧૯૧૪ ના રોજ મરણ પામેલ છે તેની પાછળ તેના ત્રણ દીકરા છે તેમાં બે ઉમરે પોચેલ છે અને એક સગીર વયનો છે

૨ પ્રતીવાદી પીતામ્બરને નથુ ગુલાબ અને તુલસી એમ ત્રણ દીકરા છે તેમા તુલસી સગીર વયનો છે.

૩ માટે પ્રતીવાદી પીતામ્બર અમુલખની જગ્યાએ પ્રતીવાદી પીતામ્બર અમુલખ મરણ પામેલના વારસ નથુ પીતામ્બર તથા ગુલાબ પીતામ્બર અને તુલસી પીતામ્બર સગીરના વાલી નથુ પીતામ્બર તથા ગુલાબ પીતાંમ્બર એ પ્રમાણે પ્રતીવાદી તરીકે સામીલ કરવા મેહેરબાની કરશો.

૪ પ્રતીવાદીના ત્રણે વારસોને આપવાની નોટીસની પ્રોસેસના રૂ. તથા સ્ટાંપના રૂ. ૦-૮-૦ રજુ છે.

૫ હું વાદી ગીરધરલાલ ઈકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે તા. ૧-૧-૧૯૧૫

૧ **શેઠ ગીરધરલાલ કલ્યાણદાસ સહી** દા. ખુદ.

લી. **કમળસી વજેચંદ વકીલ.**

દરખાસ્ત નંબર ૪

સાક્ષી લેવાને તારીખ મુકરર થઇ હોય અગર થવાની હોય અને તે સાક્ષીને સમન મલ્યો ન હોય તેવો સાહેદ મુદ્દાનો હોય અને સમનસ મળ્યા પ્રથમ બહાર દેશાવર જવાનો હોય તેવા પ્રસગે તેની સાક્ષી લેવરાવવા માટે આપવાની દરખાસ્ત.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

મેહેસાણાના ઠકર નાગજી અમુલખ. } વાદી.

વીરૂદ્ધ.

મહેસાણાના શેઠ મોહનલાલ નરોતમલાલ } પ્રતીવાદી.

દાવો રૂ. ૪૨૫-૦-૦ મલવાનો

(અથવા જે બાબતનો હોય તે બાબત)

૧ અમો વાદી અરજ કરીએ છીએ કે સદરહુ દાવામાં સાક્ષી સમન્સ

ટીપ.

ધણા પ્રતીવાદી પૈકી એક પ્રતીવાદી મરણ ગએલ હોય તો નંબર આટલાનો પ્રતીવાદી મરી ગયો છે માટે તેની જગ્યાએ તેનાં વારસનાં નામ દાખલ કરવાનુ લખવુ.

નીકળવાને હજુ વાર છે તે દરમીઆન આવતા પરમરોજે આ દાવાની મુદાની હકીકત જાણનાર મહેસાણાના શેઠ વમલસી નગીનદાસ ખાનદેશમાં જલગામ જવાના છે. તે ગયા પછી કયારે આવશે તે કોઇ રીતે ચોકસ નથી.

૨ આ સાક્ષી આ કામમા ઘણાજ અગત્યના છે અને તેઓ બહારગામ જાય તો તેટલાજ માટે કેશ નકામો લંબાઇ પક્ષકારો અને કોર્ટનો તેટલો ટાઇમ વ્યર્થ જતાં ન્યાય માટે પણ અનુકુળ જણાશે નહીં માટે અરજ કરૂ છુ કે.

૩ સદરહુ સાહેદની જુબાની આવતા કાલે લેવાનુ કરવા અગર નજીકની મુદત નીમી ત્યાં સુધી સાક્ષી બહારગામ ન જાય તેવો હુકમ ફરમાવવા માહારી અરજ છે.

૪ સદરહુ સાહેદના પ્રોસેસના. રૂ. તથા ભથાના રૂ. આ સાથે રજુ છે.

(અગર એમ પણ લખાય કે સદરહુ સાહેદને જાતે રજુ કરૂ છુ માટે તેમની સાક્ષી લઇ લેશો.)

૫ હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે તા.

૧ ઠકર પ્રાગજી અમુલખ સહી. દા. ખુદ

લી જગજીવન ધારસી.

દરખાસ્ત નં. ૫.

પ્રતીવાદી દાવો ચાલતાં દરમીઆન પોતાની મીલકત બહારગામ મોકલવાનો હોય અગર વેચીદેવાનો હોય અગર વ્યવસ્થા કરતો હોય કે જેથી વાદીનુ હુકમનામુ બજીશકે નહી એ માટે કરતો અટકાવવા અને તે બાબત જામીન લેવા આપવાની દરખાસ્ત.

આજમ મહેરબાન. સાહેબની કોર્ટમાં.

વીરમગામ પાજરાપોળમા રહેનાર શેઠ દલીચંદ પીતાંબરદાસ.	} વાદી
વીરમગામ પારેખપોળનેનાકે રહેનાર શેઠ. મણીલાલ વમલસી	} પ્રતીવાદી

દાવો રૂ. ૪૨૮—૦—૦ મળવાનો.

અમો વાદી અરજ કરીએછીએ કે

ટીપ.

આ પ્રમાણે પ્રતીવાદી પણ સાક્ષી લેવરાવવા અરજ કરી શકે.

૧ પ્રતીવાદી માહારૂં હુકમનામુ બજીશકે નહીં તેવા ઇરાદે પોતાની મીલકતની વ્યવસ્થા કરે છે અને હુકમનામુ બજીશકે તેવી મીલકત તેની પાસે દાગીના તથા અનાજ વીગેરે કેટલોક સામન છે તે બહાર મોકલી આપવાનો છે એવી ચોકસ ખબર મલી છે.

૨ માહારૂ હુકમનામુ બજાવવામાં ઢીલ થાય અથવા હરકત થાય એવા ઇરાદાથી પ્રતીવાદી પોતાની મીલકત ખસેડવાનો છે.

૩ માટે માહારા હુકમનામા પુરતી તેની મીલકત અટકાવવા અથવા પ્રતીવાદી હુકમનામા પુરતા જામીન આપે તેવો હુકમ ફરમાવવા વીનતી છે.

૪ સદરહુ હકીકત માટે માહારી સોગન ઉપર જુબાની લેશો અને તે ઉપરાંત પુરાવો લેવા જરૂર જણાય તો નીચેનો પુરાવો લેવા મે. કરશો.

૧ વીરમગામના પંડયા ગીરધર મણીશંકર

૨ વીરમગામના શેઠ. સાકળચદ હઠીસગ.

બન્ને સાહેદોને આસાથે રજુ કરૂછુ સ્ટાંપ રૂ. સ્ટેમ્પથી રજુ છે. તા.

૧. દલીચંદ પીતાંબરદાસ સહી. દા. ખુદ.

લી. આર. બી. મેહેતા. વકીલ.

દરખાસ્ત નંબર ૬

દાવાનુ નીરાકરણ થતા પહેલાં પ્રતીવાદી કોર્ટની હકુમત છોડી જવાનો હોય અને મીલકત પણ સાથે લઇ જવાનો હોય ત્યારે વાદીએ તે બાબત સાવચેત રહી પ્રતીવાદીને તેમ કરતાં અટકાવવા માટે આપવાની દરખાસ્ત.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમાં

વીરમગામ પાંજરાપોળમાં રહેનાર શેઠ દલીચંદ પીતામ્બરદાસ } વાદી

વીરૂદ્ધ.

વીરમગામ પારેખ પોળને નાકે રહેનાર શેઠ મણીલાલ વમળસી } પ્રતીવાદી

દાવો રૂ ૪૨૮—૦—૦ મલવાનો

અમો વાદીની અરજ કે

આવી બાબતમા પ્રતીવાદીની ગેરહાજરીમાં એકતરફી પ્રાયમાફેસી પુરાવો લઈ પ્રતીવાદીના જામીન હુકમનામા પુરતા લેવા માટે અગર મીલકત અટકાવવા મનાઇહુકમ થાય છે.

૧ પ્રતીવાદી ઉપર માહારૂં હુકમનામુ થવાને અને તેમ જવાને વીલંબ કરવાના હેતુથી પ્રતીવાદી કોર્ટની હકુમત છોડીને જવાનો છે.

૨ પ્રતીવાદી પોતાની મીલકત આહી કાંઇ રાખવાનો નથી

૩ આ પ્રમાણે થાય તો કેશ પણ લંબાય અને માહારૂ હુકમનામુ વ્યર્થ થઇ પડે

૪ માટે પ્રતીવાદીના જામીન લેવા સારૂ પ્રતીવાદીને પકડવાનુ વારંટ કાઢવા અને પ્રતીવાદી હાજર થાય એટલે માહારૂં હુકમનામુ થવા પુરતી તેની મીલકત કોર્ટમા રખાવવા અગર તેટલી મીલકતના જામીન લેવા હુકમ થવા માહારીનીમ્રૂ અરજ છે. પ્રતીવાદીના વારંટ ના રૂ. રજુ છે

૫ આ બાબતની ખાત્રી માટે માહારી સોગન ઉપર જુબાની લેશો અને તે ઉપરાંત પુરાવો લેવા જરૂર જણાય તો નીચેનો પુરાવો લેવા મે કરશો

૧ વીરમગામના ભાવસાર કેવળ નરસી

૨ વીરમગામના શેઠ છગનલાલ મોહનલાલ

હુ વાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તા.

૧ **શેઠ દલીચંદ પીતાંમ્બર સહી** દા. ખુદ

લી. **આર. બી. મેહેતા વકીલ.**

દરખાસ્ત નંબર. ૭

વાદી મુદતના દીવસે હાજર કોર્ટના ટાઇમે નહી થવાથી કોર્ટ કેશ કાઢી નાખે તેવા પ્રસગે તે કેશ ફરી ફાઈલ ઉપર લેવા માટે કરવાની દરખાસ્ત

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

અમવાવાદના શેઠ નગીનદાસ બેચરદાસ
ઠે. ધનાસુતારની પોલ ઘર નંબર ૧૬૫. } વાદી.

વીરૂદ્ધ.

અમદાવાદના ઝવેરી માણેકલાલ હરીલાલ
ઠે. રાજામેહેતાની પોળ ઘર નબર ૮૬૮ } પ્રતીવાદી.

દાવો રૂ. ૪૩૨-૦-૦ લેવાનો

ટીપ.

(એક તરફી પુરાવો લઈ પ્રતીવાદી ઉપર વારંટ કાઢી તેના જામીન દાવા પુરતા લેવાઇ શકાય છે અગર હાજર રહેવા પુરતા અને મીલકતની વ્યવસ્થા નહીં કરવા પુરતા લેવાય છે.

અમો વાદી અરજ કરીએ છીએ કે.

૧ સદરહુ કેશમાં મુદ્દા ઠરાવવાની તા. ૩૧-૧૨-૧૯૧૪ ના રોજની હતી પરતુ તે દીવસે હુ કોર્ટના ટાઇમે હાજર નહી રહેવાથી માહારો સદરહુ દાવો કોર્ટે કાઢી નાખ્યો છે જેથી નીચેની અરજ કરૂ છુ.

ટીપ.

૧ ફરી ફાઇલ ઉપર લેવા માટે પ્રતીવાદીને સમન્સ આપવાની પ્રોસેસના તથા સ્ટાંપના રૂ ૦-૮-૦ આપવાથી કોર્ટને મુનાસબ જણાય અને વાદીનુ કારણુ ખરૂ જણાય તો કેશ ફાઇલ ઉપર લેવા હુકમ કરે છે અને તેમા સદરહુ ખરચ શીવાય બીજું ખરચ નથી.

૨ પરંતુ કોર્ટ ફરી ફાઇલ ઉપર લેવા સદરહુ અરજ નામંજુર કરે તો નવી ફરીઆદ લાવવા વાદી અરજ કરીશકે છે અને ઉપરના કારણો બતાવી ફરી ફાઇલિ ઉપર લેવાને બદલે નવી ફરીઆદ દાખલ કરવાની મંજુરી માગવી.

૩ પરતુ પ્રતીવાદી હાજર થયો હોય અને વાદી હાજર ન થએલ હોય ત્યારે કોર્ટ ફરીઆદ વાદીની ગેરહાજરીથી સી. પ્રોઓ. ૯ ની કાનુન ૮ પ્રમાણે કાઢીનાંખે છે પરતુ તેવા પ્રસગે પ્રતીવાદી હાજર થઇ જેટલી રકમ કબુલ કરતો હોય તેટલી રકમનુ હુકમનામુ કોર્ટે કરી આપવુ જોઇએ.

૪ સદરહુ પ્રમાણેની ફરીઆદ કાઢીનાખવાથી ફરી ફાઇલિ ઉપર લેવાની અરજ સી. પ્રો ઓ. ૯ ની કાનુન ૯ પ્રમાણે થઇશકે અને તે અરજ કોર્ટ નામંજુર કરે તો તે ઉપર અપીલ થઇશકે પણ તેવી બાબતમા નવી ફરીઆદ લાવીશકાય નહી.

૫ અકસ્માત નજીકના માણુસનું મૃત્યુ થયુ હોય. પોતાને અકસ્માત ઇજા થઇ હોય. તારીખ સમજવામાં ફેરફાર થયો હોય, સમન્સ મોડો પોચ્યો હોય અગર સમન્સમાં તારીખ ફેરફાર અગર સમજાય તેવી નહોય, અગર એવા કોઇ જરૂરી કારણુને લઇને હાજર ન થવાયુ હોય અને તે બાબત કોર્ટને ખાત્રી થાયતો ફરી ફાઇલ ઉપર દાવો વાદીની અરજથી લેવાઇશકાય છે પણ બનતાંતક આવા જરૂરી પ્રસગે કોર્ટની રજા લેવા પ્રસંગ હોય ત્યાંહાં સુધી તે હકીકત કોર્ટમાં જાહેર કરી રજા મેળવવી જોઇએ.

૨ તા. ૩૧-૧૨-૧૯૧૪ ના રોજ સહવારે નવ વાગે માહારા ઘરેથી નીકલી કોર્ટના ટાઇમ પહેલા કોર્ટમાં હાજર થવા માટે રવાના થયો હતો પરતુ બે નસીબે રરતામા આવતાં માણેકચોકમા ગાડી સાથે અથડાઓ અને નીચે પડયો તે સબબથી મને ઘણી ઈજા થઈ અને તેની સારવારમાં કેટલોક ટાઈમ ગયો ત્યાર બાદ આવી અકસ્માત ઇજાને લીધે જો કે મારાથી કોર્ટમા હાજર થઇ શકાય તેમ નહીં હતુ છતા પણ સાંજના ચાર વાગે બહુજ મુસીબતે હાજર થયો હતો અને કેશનો તપાસ કરતાં માહારો કેશ હું ગેર હાજર હોવાથી કાઢી નાખ્યાના ખબર મને મલ્યા હતા.

૩ ટાઈમિસર હાજર નહી થવા બાબત માહારી ઇરાદા પૂર્વક કસુર કે ગફલત થઇ નથી.

૪ અકસ્માત બનાવ બનવાથી માહારાથી હાજર થઇ શકાયુ નથી.

૫ માટે સી. ઓ. પ્રો ઓ. ૯ ની કાનુન ૪ પ્રમાણે માહારો દાવો ફરી ફાઇલ ઉપર લેવા મેહેરબાની ફરમાવશો.

૬ પ્રતીવાદીને ફરી ફાઇલ ઉપર લેવાના ખબર આપવાના સમન્સના રૂ. આ સાથે રજુ છે ત્થા સ્ટાંપ રૂ. સ્ટેપથી રજુ છે. તા. ૧-૧-૧૯૧૫

હું વાદી અરજ કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે તા. ૧-૧-૧૯૧૫

૧ **નગીનદાસ બેચરદાસ સહી**. દા. ખુદ.

શી. આર. બી. પાટીલ વકીલ.

દરખાસ્ત નંબર ૮

મુકરર થએલો તારીખે પ્રતીવાદીની ગેરહાજરી થઇ હોય અને તેથી તે કેશ એક તરફી ચલાવવા હુકમ થયો હોય તે એક તરફી ચલાવવાનો થએલ હુકમ રદ કરવા આપવાની દરખાસ્ત

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમા

અમદાવાદના શેઠ નગીનદાસ બેચરદાસ ઠે ધનાસુતારની પોળ ઘર નબર ૧૮૫ } વાદી

વીરૂદ્ધ.

અમદાવાદના ઝવેરી માણેકલાલ હીરાલાલ ઠે: રાજામેહેતાની ની પોળ ઘર નબર ૮૨૮ } પ્રતીવાદી

દાવો રૂ ૪૩૨-૦-૦

અમો પ્રતીવાદીની અરજ કે

૧ સદરહું કેશમાં સુનાવણીની તા. ૩૧-૧૨-૧૯૧૪ના રોજની મુકરર થઇ હતી તે દીવસે માહારાથી હાજર નહીં થઇ શકવાને લીધે સદરહુ કેશ એક તરફી ચલાવવા હુકમ કરેલ છે પરતુ

૨ તા. ૩૧-૧૨-૧૯૧૪ના રોજ હુ માહારા ઘેરથી સહવારે નવ વાગે રવાના થવાની તૈઆરીમાં હતો દરમીઆન માહારા પેટમાં દુખાવો ઉત્પન્ન થઈ એવી તો ઇજા થઇ અને ચુક પડવા માંડી કે જેથી માહારૂં ભાન પણ બરાબર ઠેકાણે ન હતુ આવી અકસ્માત ઇજાથી એકદમ બીમાર થવાથી હું હાજર થઇ શકયો નથી તેમ રજા પણ મેળવી શકેલ નથી

૩ આવા વાસ્તવીક સબબથી માહારાથી હાજર નહી થઇ શકવાને લીધે માહારા વીરૂદ્ધ કેશ એક તરફી ચલાવવા હુકમ થએલ છે માટે એક તરફી ચલાવવાનો હુકમ રદ કરી માહારી હકીકત સાંભળવા અને માહારી સમક્ષ કેશ ચાલવા હુકમ ફરમાવવા નીમ્ર અરજ છે

૪ સી. પ્રો. ઓ. ૯ની કાનુન ૭ પ્રમાણે એક તરફી ચલાવવા કરેલ હુકમ રદ કરવા વીનતી છે

૫ વાદીને તે બાબતની ખબર આપવાનો પ્રોસેસના રૂ. તથા સ્ટાપના રૂ. મલી રૂ. સ્ટેમ્પથી રજુ છે

તા. ૧-૧-૧૯૧૫

હું પ્રતીવાદી ઇકરાર કરૂંછુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૧-૧-૧૯૧૫

૧ માણેકલાલ હીરાલાલ સહી દા ખુદ.

લી. જી. આર. મેહેતા વકીલ.

દરખાસ્ત નંબર ૯.

પ્રતીવાદી ગેરહાજર હોવાથી એકતરફી હુકમનામુ થયુ હોય તે રદ થવા બાબત આપવાની દરખાસ્ત

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા

પાલણપુરના મેહેતાં વાડીલાલ લલુચંદ. } વાદી
વીરૂધ.

પાલણપુરના મેહેતા ત્રીકથલાલ કસતુર } પ્રતીવાદી

દાવો રૂ. ૪૭૪—૦—૦ મલવાનો.

અમો પ્રતીવાદીની અરજકે.

૧ સદરહુ દાવામાં માહારા વીરૂધ એકતરફી હુકમનામુ થયુ છે તે રદ થવા નીચેની અરજ ગુજારૂંછુ.

૨ મને સુનાવણીની તારીખ પછી દરેક પ્રસગે સમન્સ મળતો તેથી પાછળ સમન્સ મળવાને લોધે સુનાવણી વખતે હાજર થઇશકનો નહી.

૩ સુનાવણીની તારીખ પહેલાં કોઈ વખત સમન્સ મને મળેલ નથી.

અગર તેમ ન હોય તો.

૨ હું બીમાર રહેવાથી સમન્સ મલ્યા છતાં હાજર થઇ શકયો નથી.

અગર તેમ ન હોય તો

૨ સમન્સ મળ્યા પછી માહારા પીતાશ્રી ખાનદેશમાં જલગામ હતા ત્યાં બીમાર થઇ જવાથી તે બાબતના ખબર મને મલ્યા અને તેથી સુનાવણીનો તારીખ પહેલા માહારૂ જલગામ જવુ થયુ અને છેવટ લગી હુ જલગામ ગામે રહ્યો તેથી સદરહુ કેશમા માહારાથી હાજર થવાયુ નથી.

૩ માહારા પીતાની ઘણીજ સખત બીમારીને લઇને તેમની સારવારમાં રોકાવાથી રજા પણ મેળવી શકયો નથી

૪ સદરહુ પ્રમાણેના જરૂરી પ્રસગને લઇને ઘણીજ લાચારીમાં હતો અને તેથી હાજર થવાયુ નહી તેથી માહારા વીરૂદ્ધ એકતરફી હુકમનામુ થયુ છે તે વાસ્તવીક જણાશે નહીં માટે થએલ હુકમનામુ રદ થવા વીનંતી છે.

૫ વાદીને ખબર આપવાની પ્રોસેસના રૂ. તથા સ્ટાંપના રૂ. આ સાથે રજુ છે.

૬ હુ પ્રતીવાદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૫

૧ વાડીલાલ લલુચંદ સહી. દા. ખુદ.

લી. સી આર. પંડીત. વકીલ.

દરખાસ્ત નંબર નંબર ૧૦

સીવીલ પ્રોસેઝર ઓર્ડર ૨૧ ની કાનુન ૧૧ પ્રમાણે હુકમનામાના બજાવણી કરવાની દરખાસ્ત

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા.

હું ધ્રાંગ૦ શેઠ વમળસી પીતામ્બર હુકમ૦ નીચે વર્ણન કરેલ હુકમનામાની બજાવણી માટે નીચે પ્રમાણે દરખાસ્ત રજુ કરૂં છુ.

ફરીઆદનો નંબર	પક્ષકારોનાં નામ	હુકમનામાની તા.	હુકમનામાના ઉપર અપીલ થઇ છે કે કેમ	ભરણુ અથવા તોડ કાંઇ થએલ હોય તો તે	આગલ કોઇ દરખાસ્ત કરી હોય તો તેની તા. અને પરીણામ સહીત	હુકમ નામા ઉપરની વ્યાજ સહીત લેણી રકમ અથવા તેમા આપેલી બીજી દાદ કોઇ સામા હુકનામાની વીગતો સાથે	ખરચ કાંઇ અપાવેલ હોય તો તેની રકમ	કોના સામે બજાવવાનું છે.	કોર્ટની મદદ શી રીતે લેવા માગે છે તે.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
દી. મુ. ન. ૨૬૨ સં. ૧૯૧૩-૧૪	વાદી ધ્રાંગધ્રાના શેઠ વમળસી પીતામ્બર પ્રતીવાદી ધ્રાંગધ્રાના શેઠ વાડીલાલ લલુચંદ,	તારીખ ૨૮-૭-૧૯૧૪	અપીલ થઇ નથી.	તારીખ ૧૦-૧૧-૧૯૧૪ ના રોજ રૂ. ૨૫-૦-૦ ભરણાથી આવ્યા છે	તારીખ ૨૨-૧૧-૧૯૧૪ ના રોજ દરખાસ્ત કરી હતી તે ઉપરથી રૂ. ૨૫-૦-૦ આવ્યા છે.	મુદલ રૂ. ૮૬૪-૦-૦ હુકમનામાની તારીખથી વસુલ થતા સુધી દર વરસે દરસે કડે ૭ ટકા વ્યાજ અપાવેલ છે અને કોર્ટ ખરચ અપાવવા હુકમ કરેલ છે	હુકમનામામા અપાવેલખ ૧૦૮-૧૦-૦ ત્યારપછી થએલ ખરચ ૧૦-૪-૦ ખરચ કુલ રૂ ૧૧૮-૧૪-૦	પ્રતીવાદી શેઠ વાડાલાલ લલુચંદ સામે બજાવવાનુ છે	મુદલ રકમ રૂ. ૮૬૪-૦-૦ કોર્ટે અપાવેલ ખરચ ૧૦૮ ૧૦-૦ વ્યાજના રૂ ૧૫-૦-૦ હુકમનામાપછીથયેલખરચ ૧૦-૪-૦ ૯૯૭-૧૪-૦ ભરણુતથાદરખાસ્તનાઆપેલ ૫૦—૦-૦ ૯૪૭-૧૪-૦ ઉપરના રૂપીઆ નવસો સુડતાલીસચૌદ આના તથા આ બજવણીનુ ખરચ પ્રતીવાદીની મીલક્ત ઉપર જપ્તી કરી તથા તેનુ વેચાણ કરી વસુલ કરી મને અપાવશો. જ. વા રૂ. દ. સ્ટા રૂ રજુ છે.

હું વાદી વમળસી પીતામ્બર જણાવુ છુ અને ઇકરાર કરૂં છુ કે આ બજાવણી દરખાસ્તની અંદર જે લખ્યુ છે તે માહારા જાણવા માનવા પ્રમાણે ખરૂં અને બરાબર છે તા. ૧-૧-૧૯૧૫

લી૦

૧ ધ્રાંગધ્રાના શેઠ વમળસી પીતામ્બર સહી. દા. ખુદ. હુકમનામુ ધરાવનાર.

નરપતલાલ નગીનદાસ વકીલ.

(દરખાસ્ત. સી. પ્રો. ઓર્ડર ૨૧ કાનુન ૧૧)

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા

હું હુકમનામાવાળો નીચે વર્ણન કરેલ હુકમનામાની બજવણી માટે દરખાસ્ત રજુ કરૂ છું.

ફરીઆદનો નબર	પક્ષકારોના નામ	હુકમનામાની તારીખ	હુકમનામા ઉપર અપીલ થઈ છે કે કેમ	ભરણું અથવા તોડ કાઇ થએલો હોય તો તે	આગલ કોઈ દરખાસ્ત કરી હોય તો તે તેની તારીખ અને પરીણામ સહીત	હુકમનામા ઉપરની વ્યાજ સહીત લેણી રકમ અથવા તેમા આપેલી બીજી દાદ કોઇ સામા હુકમનામાની વીગતો સહીત.	ખરચ કાંઇ અપાવેલો હોય તો તેની રકમ.	કોની સામે બજાવવુ છે તે	કોર્ટની મદદ શી રીતે લેવા માગે છે તે.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

હું જાણું છુ અને ઇકરાર કરૂ છું કે આ બજવણી દરખાસ્તની અદર જે લખ્યુ છે તે માહારા જાણવા તથા માનવા પ્રમાણે ખરૂં અને બરાબર છે. તારીખ

હુકમનામુ ધરાવનાર. સી.

દરખાસ્ત નં. ૧૦ બજવણી માટે સુચના.

૧ જે કોર્ટમાં ફરીઆદ કરી હોય અને હુકમનામુ થયું હોય તે કોર્ટના કેશનો નંબર અને સન લખવાં.

૨ બીજા કોલમમાં પક્ષકારોનાં નામો લખવાં.

૩ ત્રીજા કોલમાં હુકમનામું થવાની તારીખ લખવી.

૪ ચોથા કોલમમાં અપીલ થઇ છે કે કેમ તેની હા ના લખવી.

૫ પાંચમા કોલમમાં હુકમનામુ થવા બાદ પ્રતીવાદીએ કાઇ નાણું આપેલ હોય તો તેની તારીખ અને રકમ લખવી.

૬ છઠા કોલમમાં હાલમાં જે બજવણી આપવામાં આવે છે તે પહેલાં કયારે બજવણી દરખારત આપેલ અને તેમાં કાંઇ વસુલ થએલ હોય તો તે બાબતની રકમ વસુલ ન થયું હોય તો કાંઈ આવ્યું નથી તેમ લખવું.

૭ સાતમા કોલમમા હુકમનામાનો ટુંકો સાર સબંધ કરતા લખવાનો છે એટલે કે મુદલ રકમ અપાવેલ ખરચ બાબત શુ હુકમ છે અને વ્યાજ માટે શું લખેલ છે તે ત્યા બીજી દાદ અપાવેલ હોય તો તેની વીગત.

૮ આઠમા કોલમમાં ખરચ અપાવેલ રકમ લખવી.

૯ નવમા કોલમમાં જેના ઉપર હુકમનામુ બજાવવું હોય તેનું નામ લખવું.

૧૦ દશમા કોલમમાં લેણી રકમ હીસાબવાર બતાવી તેમાંથી આવેલ રકમ બાદ કરી બાકી રહેતી રકમ સ્પષ્ટ બતાવવી અને તે કેવી રીતે વસુલ કરવા માગો છો તે બતાવવુ.

૧ આ સાથેની દરખાસ્તમાં જપ્તી કરી વસુલ કરવાનું લખ્યું છે.

૨ પ્રતીવાદીને કેદ કરાવવા વીચાર હોય તો જપ્તીનું નહીં લખતાં એમ લખવું કે સદરહુ પ્રતીવાદીને કેદ કરીને વસુલ અપાવવા મેહેરબાની કરશો.

૩ કોર્ટની મદદ બીજી રીતે જોઇતી હોય તો તે લખવું.

૪ સ્ત્રી કબજે લેવામાં તેને કબજે લેવાનું લખવું.

૫ ઘરનો કબજો લેવાનો હોય ત્યાં ઘરનો કબજો માગવો.

૬ અર્થાત જે દાદ હુકમનામામાં અપાવી હોય તેની માગણી દશમા કોલમમાં કરવાની છે ત્યા અપાવેલ ખરચ પણ વીગતવાર લખવાનું છે.

પ્રકરણ ૪.

સ્થાવર મીલકતના દસ્તાવેજો.

કબજાવાળું ગીરોખત.

સંવત ૧૯૭૧ ના પોશ સુદી ૨ તારીખ ૧૮ માહે ડીસેમ્બર સને ૧૯૧૪ વાર સુકરવાર દીને લખાવનાર શેઠ પુરૂશોતમ વણારસી જ્ઞાતે વીસાશ્રીમાલી વાણીઆ ઉમર વરસ ૨૮ ધંધો વેપાર રહેવાસી ગામ પચાસર તાબે રાધનપુર સ્ટેટ જોગ લખી આપનાર કણબી વાલા બેચર જ્ઞાતે લેવા-કણબી ઉમર વરસ ૩૫ ધંધો ખેતી રહેવાસી પચાસર તાબે રાધનપુર સ્ટેટના જત તમારી પાસેથી આજરોજ રૂ. ૪૦૦) અકે રૂપીઆ ચારસો હો પુરા મુંબાઇગરા રોકડા અમારા પરચુરણ કરજદારોને દેવા તથા અમારા ઘરે પરચુરણ વાપરવા અર્થાત અમારા કુંટુબના હીતના સારૂ અમોએ લીધા છે તેની સાનમા ઘર નગ ૧ જડતળ વગરનુ ઉત્તરતરફના બારણાવાળું અમારા બાપુકું પચાસર ગામે દરબારગઢની પાસે નાડોધા લોકોની શેરીમાં છે તે તમોને સદરહુ રૂપીઆ પેટે કબજાગીરો ધાસ ધરાણે આપ્યુ છે તે છોડાવવાની બધી વરસ ૨૧) એકવીશની કરી છે.

સદરહુ ઘર ઉત્તર દક્ષીણ લાંબુ ફુટ ૨૪ છે અને પૂર્વ પશ્ચીમ પોહોળું ફુટ ૧૦ દશ છે તેનું ક્ષેત્રફળ ફુટ ૨૪૦) બસોહો ચાલીશ થાય છે તેની ઘરની દીશા ચાર તેની હદોની વીગત નીચે પ્રમાણે છે.

। પૂર્વ તરફને કરો અમારા કાકાના દીકરા ભાઇ કણબી નથુ પ્રાગના ઘરના કરા સાથે સીહારો છે.

। પશ્ચીમ તરફનો કરો ઔદીચ્ય બ્રાહ્મણ જેરામ પુરસોતમના ઘરની સાથે જોડેલો છે પણ તે કરો અમારો આઉગો છે.

। દક્ષીણ દીશાએ પછીત અમારા ઘરના પાછળના અમારા કબજા ભોગવટાની જમીન કેજેવાડા તરીકે છે તેમાં પડે છે તે જમીન પાસે હીંદુ ઘાચી ન્યાલ બેચરના ઘરની પછીત છે.

। ઉત્તર તરફની દીશાએ બારસાત છે અને તે નાડોધા લોકોની શેરીમાં અમારા પોતાના ફળીઆમાં નાડોધા જેઠા પરમાના ઘર સામી છે

આ ઘરને ઢાળ બે છે આગલા ઢાળનુ પાણી ઉત્તર તરફ અમારા ફળીઆમાં પડે છે અને તે નાડોધા હરી મલુના ઘરના કરા પાશે જે ખાળ છે તે રસ્તે ખાળે થઇ સરીઆમ રસ્તામા જાય છે પાછલા ઢાળનુ પાણી અમારા કબજા ભોગવટાવાલી વાડાની જમીન અંદર પડે છે અને તે ઘાચી ન્યાલ બેચરના ઘરના દક્ષીણ દીશાના કરે જે ગલીઆરી છે તે ગલીઆરીમાં થઇ ઘાચીવાસમાં જાય છે અને ત્યાંથી પાણી સરીઆમ રસ્તામાં જાય છે.

એ રીતે ચારે દીશાઓના ખુંટ વચેનું ઘર આગલા બારથી તે પાછલા ભાગ સુધી હેઠળ અને ઉપર બધું અસલ હદ મરજાદ જમીન તથા ચાલ ચોક ફળીઆંની હદવાળું ધાસ ધરાણે આપી તમારે કબજે સ્વાધીન કર્યું છે એ ઘરનુ ભાડું અમારે લેવું નહી. અને લીધેલા રૂપીઆનું વ્યાજ અમારે દેવું નહીં એ ઘર અસલથી અમારા કબજા વહીવટમાં ચાલ્યું આવેલુ તે આજથી તમારા કબજા વહીવટમાં અમોએ આપ્યુ છે માટે હવેથી એ ઘરનો તમાંમ જાતનો વહીવટ ગીરોના હકથી તમારી મરજી મુજબ તમો કરજો. એ ઘરમા તમો રહો અગર માલ ભરો કે બીજી કોઇ પણ રીતે તમારી મરજી પ્રમાણે ઉપભોગ કરો અગર તો તે પ્રમાણે તમો બીજા કોઇને કરવા આપો અગર ભોગવવા આપો તેમાં કુલ મુખ્તઆરી તમારી છે અને જે ભાડું ઉપજે તે તમારૂં છે માટે તમારૂં મન માને તેમ કરવાને તમો મુખ્તઆર છો.

A. એ ઘર ઉપર કોઇ દરદાવો કરે અથવા રાજક દૈવક હોય તો આ ખતના દાવાની જવાબદારી અમારે તથા અમારા વાલી વારસોને શીરછે અને ઉપર લખેલુ ઘર પડે આખડે ચણુવાનુ તથા નળીઆના ટોટા વીગેરેનું જે જે ખર્ચ થાય તે સર્વે અમારે શીરછે અને પ્રતી વારસીક સંચામણીનું તથા રીવાજી સંચાવવામાં નળીઆના ટોટાનું જે ખર્ચ થાય તે તમો ગીરવી રાખનારને શીર છે.

સદરહુ ઘર છોડાવવાની મુદત એકવીશ વરસની કરી છે ત્યાર પછી આ ખતના રૂપીઆ તથા ઘર ઉપર થએલ ખરચના રૂપીઆ અમો અગર અમારા વાલી વારસો આપીએ ત્યારે ઉપર લખ્યુ ઘર તમામ હકો સાથેનું તમારા કબજામાથી છુટે આ ખતને પેટે જે રકમ વસુલ આપું તે ખતની પીઠે જમે કરાવી આપું તે જ મંજુર છે તે શીવાયતે પ્રસગે બીજી કોઇ પણ રીતે આપ્યા અપાવ્યાનુ કહી જે જે તકરાર કરૂ તે સર્વે અમારી તકરાર ના મજુર છે.

ઉપર લખેલી એકવીશ વરસની મુદત પુરી થવા બાદ ખતમાં લખેલા રૂપીઆ તેમજ ઘર ઉપર કરેલુ અધીકારવાળું કાયદેસર ખરચના રૂપીઆ જે થાય તે તમો માગો ત્યારે આપું એમ હું બધાઉં છું કદાચ તેમ કરવામા સદરહુ રૂપીઆ આપવા ઇનકાર કરૂ અગર નકામી તકરાર કરૂ અને તેથી તમારે ફરીઆદ કરવી પડે તો તે ફરીઆદ કરવામાં જે જે તમોને ખરચ થયુ હોય તે ખરચ સહીત સદરહુ રૂપીઆ ઉપર લખેલી

મીલકતથી ત્થા મારી જાતથી ત્થા મારા વંશ વારસોથી ત્થા મારી સ્થાવર જંગમ તેમજ મારી સર્વ તરેહની માલ મીલકતથી તેમજ મારા વંશ વારસોની સર્વ તરેહની માલ મીલકતથી તમામ રૂપીઆ વસુલ લેવા તમો ત્થા તમારા વંશ વારસો કે તમારા તરફના અધીકારવાળા સક્ષો મુખ્તીઆર છો.

B. આ ઘરનુ મુળ ખત અમારી પાસે છે તે આ સાથે તમોને સોપુ છુ તે જ્યારે ઘર તમો અમારે સ્વાધીન કરો ત્યારે તે અસલ ખત પણ અમને તમારે સ્વાધીન કરવુ.

આ ગીરોખત અમોએ અમારી રાજી ખુશીથી ત્થા અકલ હુશીઆરીથી ત્થા બીન કેફ અને સારી તંન્દુરસ્તીથી તબીઅત બહાલ રાખી પંચાસર ગામ મધ્યે પાસે બેસી તમામ હકીકત પુરેપુરી સમજીને લખાવી (લખી) આપ્યુ છે. તે અમોને તેમજ અમારા વંશ વાલી વારસદાર સર્વેને કબુલ મંજુર છે ખતમાં લખેલા રૂપીઆ એ કણબીવાલા બેચરે પુરેપુરા ગણી લીધા છે.

દસ્તાવેજ લખનાર સોની વીરજી રતનસી ધણી બનેની રજુ વાતે બન્ને જણાએ કહેવાથી સદરહુ દસ્તાવેજ લખી આપ્યો છે અને બન્ને ધણીઓને પુરેપુરો વાંચી સંભલાવ્યો છે મીતી. સદર.

અત્ર મતુ	અત્ર સાખ
૧ **પંચાસર તાબે રાધનપુરના** કણબીવાલા બેચરનું મતુ દસકત. શા. વાડીલાલ પોપટ કણબીવાલા બેચરને દસ્તાવેજ વચાવી તે વાલા બેચરના કહેવાથી મતું કરી આપ્યુ છે.]—[આ નીશાન કણબીવાલા બેચરે પોતાના જમણા હાથે માહારા રૂબરૂ કર્યું છે. દા. શા. વાડીલાલ પોપટ.	૧ **શા. પુનમચંદ મોતીચંદ** નીશાખ ધણી બન્ને જણાઓએ કહેવાથી શાક્ષી કરી આપી છે દા. પોતાના ૧ **લુવાર રતના જેઠાની** શાખ ધણી બેએ કહેવાંથી શાક્ષી કરી આપી છે. **લી. સોની વીરજી રતનશી** આ દસ્તાવેજ લખીઆપનાર વાલા બેચરના કહેવાથી લખી આપ્યો છે.

સમજુત.

સદરેહુ દસ્તાવેજ માં A. B જે વીગેરે નીશાની ૧ પારામા કરી છે તે જગ્યાએ ફેરફાર કરાર હોય તો ત્યા બીજી હકીકત પણ લખાય છે

જે હકીકત નીચે પ્રમાણે પણ હોય છે તેની નકલ પણ અસલજ રાખી છે તે સીવાય પણ જે જે શરત રાખવી હોય તે પણ લખી શકાય છે.

A એ ઘર ઉપર કોઇ દર દાવો કરે અથવા રાજક દૈવક હોય તો આ ખતના દાવાની જવાબદારી અમારે તથા અમારા વાલી વારસોને શીર છે અને સદરહુ ઘર ઉપર તમોને તમામ જાતનુ ખરચ કરવા અમો અધીકાર આપીએ છીએ એટલે કે ઘરના રૂપાતરમાં ફેરફાર કરવાને તેમજ કમી જાસ્તી કરવાને તેમજ હવા તથા અજવાળાની સગવડ માટે કે બીજી જે જે સગવડ તમોને કરવા જરૂર જણાય તે તે ઘર અદર કરવા અને તે બાબતનુ ખરચ કરવા અમે અધીકાર આપીએ છે તેથી તે તે બાબ તનુ ખરચ જે જે થશે તે તમામ અમારે તથા અમારા વાલી વારસોને શીર છે પરંતુ પ્રતીવારસીક સચામણી તેમજ તેવી સચામણીમાં નળીઆના ટોટાનુ જે ખરચ થાય તે તમો ગીરવી રાખનારને શીર છે.

B આ ઘરનુ મુળ ખત અમારી પાસે નથી તેથી સોંપ્યુ નથી પણ તેવા કારણસર તમોને જે જે વખતે અડચણ આવશે તે તમામ બાબતોનો ખુલાશો અમો કરીશુ અગર તેવા કારણસર તમોને જે જે ખરચ કે નુકશાન થશે તેના જવાબદાર અમો તેમજ અમારા વાલી વારશો થશે.

B. આ ઘરનુ મુળ ખત અમારી પાસે છે પણ હાલ જડતું નથી તે શોધીને અમે તમોને સોંપીશું અને ઘર જયારે પાછું અમારે કબજે લઇશુ ત્યારે સદરહુ ખત પણ પાછું અમે લઈ લઇશુ, કદાચ ખત અમને જડે નહી અને તેથી અમો તમને સોપીએ નહી તો તેથી જે જે હરકતો કે નુકશાન થાય તે તે બાબતમાં અમો તેમજ અમારા વાલી વાંરસો જવાબદાર છીએ.

૧. અમોએ ઘાંચી રગનાથ બેચર પાસેથી અઘાટ વેચાણ લીધેલ તે બાબતના રજીસ્ટર દસ્તાવેજ સાથે

૧. અમોએ ઘાંચી રગનાથ બેચર પાસેથી વરસ ૫૧) ની બધીથી કબજાગીરો રૂ. ૩૫૦) માં રાખેલ તે બાબતના રજીસ્ટર દસ્તાવેજ સાથે

૧. અમારા મામા ખુશાલ વીરજી નીરવંશ મરણ પામેલ તેમના મરણોત્તર વીલની રૂએ કાયદેસર રીતે અમારા કબજામાં આવેલ તે તે બાબતના મુળ દસ્તાવેજ સાથે.

૧. અમારા કાકા ગણેશ નથુ નીરવંશ મરણ જતાં તેમના કાયદેસર

વાર સદાર જે રાધનપુર સ્ટેટ સરન્યાયાધીશ કોર્ટના વારસા સરટીફીકેટ નં. ૪૩૫ તા. ૧૨--૭--૧૯૧૨ થી અમોને મળેલ તે.

સાનગીરો ઘરેણાઉ ખત.

સંવત ૧૯૬૬ ના વૈશાક સુદી ૮ વાર ગુરૂ તા. ૧૬ માહે મે સને ૧૯૧૦ અંગ્રેજી દીને શા. પોપટલાલ વીરજી ન્નાતે શ્રાવક વાણીઆ ઉમર વરસ ૩૫ ધંધો વેપાર રહેવાસી રાધનપુર સ્ટેટના તાબાના ગામ લોલાડાનાને જોગ લખી આપનાર પટેલ ડાહ્યાભાઇ કરસનજી ન્નાતે નાડોધા ઉમર વરસ ૩૬ ધંધો ખેતી રહેવાસો રાધનપુર સ્ટેટ તાબાના ગામ લોલાડાના જત લખી આપી બંધાઉ છું કે તમારી પાસેથી રૂ. ૭૫૦) અંકે રૂપીઆ સાતસોહો પચાશ કલદાર રોકડા અમોએ લીધા છે તેનું વ્યાજ માસ એકે રૂપીઆ ૧ એકે દોકડા ૦॥ લેખે ચડે થોકડે દોકડા ૩૭૫) ત્રણસો પચોતેર કુલ માસ એકે વધે તે રૂપીઆ પોણા ચાર રૂપીઆ સાતસો પચાશનુ વ્યાજ માસ એકે વધે તે રૂપીઆની સાનમા ઘર ન. ૧ આથમણા બારનું જડતર સીખે અમારા બાપુકુ અમારા કબજા ભોગવટાનુ લોલાડા ગામે નાડોધાના વાસમા આવેલુ છે તે તમોને સાન ઘરાણે સદરહુ રૂપીઆ પેટે લખી આપુ છુ તે ઘર ઉત્તર દક્ષીણ પહોળુ ગજ ૧૨ અને પૂર્વ પશ્ચીમ લાંબુ ગજ ૧૬ છે તેનુ ક્ષેત્રફળ ચોરસ ગજ ૧૯૨ થાય છે તેના ખુટની વીગત.

ઉત્તર તરફ નાડોધા હીરા બેચરનું ઘર છે.

દક્ષીણ તરફ શેઠ પ્રાણલાલ પદમસીનું ઘર છે.

પૂર્વ તરફ પછીતે બજારમાં જવાનો સરીઆમ રસ્તો છે.

આથમણી તરફ ઘરનું બારણું છે અને સામે કણબી વણારસી નથુનુ ઘર છે.

ઉપર લખ્યા ખુંટવાળા ઘર ઉપર તમારી પાસેથી અમોએ રૂપીઆ સાતસોહો અને પચાસ લીધા છે તેમાં ત્રણસો અમારા દીકરા નારણનાં લગ્ન કરવા માટે અને રૂપીઆ ચારસોહો અને પચાસ પરચુરણ કરજ આપવા માટે અમારા કુટુંબના હીતના માટે લીધા છે આ ખતમાં લખેલુ દેવુ માસ બારે આપવુ કર્યુ છે કદાપી તે પ્રમાણે બારમાસ પુરા થયે તમારૂ લેણુ વ્યાજ સાથે ન આપીએ તો સદરહુ ખતના રૂપીઆ ત્થા તેનું વ્યાજ અને વ્યાજનુ વ્યાજ ત્થા જે સાલમાં અધીક માસ આવે તે સુદ્ધાતનું વ્યાજ ગણી ફેરવણીની સાથે તમો જે વખત માગશો તે વખત ઉપર લખેલ સાનવાલી મીલકતથી ત્થા અમારી બીજી હરેક મીલકતથી

ત્થા અમારી જાતેથી વસુલ આપીશું એ ઘર ઉપર કોઇનું લેણું કે કોઇ પણુ પ્રકારનો હક નથી કદાચ એ ઘર ઉપર કોઈ દાવાનું કે હક હસે અગર કોઇનું તુતફીતુર થાય તો તેના જવાબદાર અમો અને અમારા વારસ છીએ આ ઘર ઉપર લીધેલા રૂપીઆ તમો જે વખત માગશો તે વખત બીન તકરારે થએલ વ્યાજ સહીત આપીશું કદાપી તે પ્રમાણે આપવામાં કસુર કરીએ અને તમારે ફરીઆદ કરવી પડે તો તે ફરીઆદી ખરચ સહીત તમામ રૂપીઆ ઉપર લખેલ મીલકતથી ત્થા બીજી હરેક મીલકતથી તથા અમારી જાતથી ત્થા વંશ વારસોથી વસુલ લેવા તમો ત્થા તમારા વારસો અને તમારા વહીવટ કરનારાઓ મુખ્તઆર છો અને તે પ્રમાણે આપવા હું અને અમારા વાલી વારસો આ દસ્તાવેજથી બધાઈએ છીએ

આ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી ત્થા અકલ હુશી-આરીથી બીન કેફ ત્થા સારી તદુરસ્તીથી તબીઅત બહાલ રાખી શ્રીગામ લોલાડા મધ્યે પુરેપુરી રીતે સમજીને લખાવી આપ્યો છે તે માહારે ત્થા માહારા વંશવાલી વારસદારોને કબુલ મંજુર અને બંધનકારક છે. દા. કોરડીઆ ખેગાર રતનસી રહેવાસી ગામ લોલાડાના બન્ને પક્ષકારોની રજુ-વાતે તેમના કહેવાથી લખી આપ્યો છે.

અત્ર મતુ	અત્ર સાખ
૧ લી. પટેલ ડાહ્યાભાઈ કરશનજી તુ મતુ મતાના દસકત પોતાના રૂપીઆ સાતસોહો પચાસ પરેપુરા પોચ્યા છે.	**૧ પટેલ નથુ જગમાલ સહી** દા. શા. વાડીલાલ રતનસી
	૧ **શા. ત્રીકમ નાનચદની** સાખ દા. ખુદ.
	૧ **લી. કોરડીઆ ખેંગાર રતનસી** લખી આપનાર ડાહ્યાભાઇ કરશનના કહેવાથી દસ્તાવેજ લખી આપ્યો છે

વેચાણુ ખત જેને કાઠીઆવાડમાં અઘાટ દસ્તાવેજ કહે છે તે

સંવત ૧૯૭૧ ના કારતક સુદી ૧૫ સોમવાર તારીખ ૨ માહે નવેમ્બર સને ૧૯૧૪ ઈંગ્રેજી ના રોજ ખરીદ કરનાર દવે જગન્નાથ પુરસોતમ જ્ઞાતે ઉદીચ્ય બ્રાહ્મણુ ઉમર વરસ ૩૫ ધધો વેપાર રહેવાસી ગામ સમી તાબે રાધનપુરનાને જોગ લખી આપનાર વેચનાર પાઠક કાલીદાસ રામલાલ જ્ઞાતે ઉદીચ્ય બ્રાહ્મણુ ઉમર વરસ ૩૨ ધધો યજમાનવૃત્તી રહેવાસી ગામ સમી તાબે રાધનપુરના જત અમોએ તમારી પાસેથી રૂ. ૨૫૦) અકે રૂપીઆ બસોહો પચાસ રોકડા પુરા લીધા છે, તેના બદલામા

અમોએ અમારા કબજા ભોગવટાનું અમારા બાપુંકું ઘર નંગ ૧ કે જે ઉગમણા બારનું છે અને તે ભાવસાર શેરીમાં છે તે તમોને ઉપર લખ્યા રૂપીઆ મધ્યે અઘાટ અભરામ નદાવે ચંદ્ર સૂરજ તપે ત્યાં સુધી વેચાણ આપ્યું છે એ ઘર ઉત્તર દક્ષીણ પોહોળું ગજ ૧૪ છે અને પૂર્વ પશ્ચીમ લાંબુ ગજ ૨૦ છે તેનુ ક્ષેત્રફળ ગજ ૨૮૦) બસોહો એંશી થાય છે ઉપર શીવાય દીત્રાલ ગજ એક વધારે છે તે ઘરના ખુંટની ચારે દીશાની વીગત.

1 પૂર્વ દીશાએ અમારા ઘરનો ચોક છે જેમા બારણું પડે છે અને તે બારણા સામે ભાવસાર નથુ પુરષોતમનુ ઘર છે.

1 દક્ષીણ દીશાએ ભાવસાર રતનસી ઉમેદના ઘરના કરા સાથે અમારા ઘરનો કરો સીહારો છે.

1 પશ્ચીમ દીશાએ પછીત છે અને ત્યાં સરીઆમ રાજમાર્ગ છે.

1 ઉત્તર દીશાએ ઠકર. ગોપાલ કરસનનુ ઘર છે અને તે ત્થા સદરહુ ઘર વચે એકજ કરો છે તે કરો અમારો સ્વાગ છે.

આ ઘરને ઢાળ બે છે આગલા ઢાળના નેવાં પૂર્વ તરફ અમારા ઘરના ચોકમાં પડે છે અને ત્યાથી નેવાનું પાણી ચોકમાં થઈ ભાવસાર શેરીમાં થઇ સરીઆમ રાજમાર્ગમા જાય છે અને પાછલા ઢાળના નેવાં પશ્ચીમ તરફ રાજમાર્ગમા પડે છે ત્યાના નેવાનુ પાણી મોચી પુરસોતમ બેચરના ઘર પાસે જે કરો છે ત્યા થઇને જવાનો રસ્તો છે ત્યાં થઇ જાય છે.

આ રૂપીઆ સદરહુ ઘર ઉપર દેણા હતા તેના આપવા ત્થા અમારા ઘરનું પરચુરણ કરજ આપવા અમારા કુંટુબના હીતને માટે લીધા છે.

ઉપર લખેલી રીતે ઉપર લખેલ હદ પ્રમાણે બાર સાખે બધાઇમલા સહીત આકાશ પાતાળ શીખે બસલ હદ મરજાદ જમીન ત્થા ચાલચોક ફળીઆની હદ સુદાત અમોએ તમોને કાયમના માટે અઘાટ વેચાણ આપ્યું છે માટે સદરહુ ઘરનો ઉપભોગ તમો ત્થા તમારા વંશ વારસદારો તમારી મુખ્તઆરીથી ગમે તેવી રીતે કરો તેમાં અમારો કોઈપણ પ્રકારનો હક હીસો કે દરદાવો નથી અમારો એ ઘર ઉપર પ્રથમ જે પ્રમાણે હક હતો તેવોજ હક તમોને વેચાણ આપ્યો છે માટે અમો કે અમારા વશ વારસો તમોને કોઇ પણ પ્રકારની હરકત કરીશુ નહી તેમજ અમારાથી કે અમારા વંશ વારસો તરફથી તમને કોઈ પ્રકારે કાઇ હરકત થાય નહી આ ઘર ઉપરનું કોઇનું દેવું કે તુતફીતુર હોય તો તેના જવાબદાર અમો છીએ સદરહુ ઘર હરેક પ્રકારે અમારા પુરા હકની ખામીના લીધે અગર કાયદાના જોરથી તમારા કબજામાથી જાય તો ઉપર લખ્યા રૂપીઆ

અમારે તમોને આપવા છે અને કદાચ અમો કે અમારા વંશ વારસો તે પ્રમાણે રૂપીઆ ન આપીએ તો લીધેલા રૂપીઆનું વ્યાજ એ ઘર તમારે કબજેથી ગયા તારીખથી માસ એકે રૂપીઆ સોએ ટકા ૦॥ લેખે (આઠ આનાની તેરીખે) ચડેલ વ્યાજ સાથે તમામ રૂપીઆ અમો અમારી હરેક પ્રકારની મીલકતથી તથા જાતેથી વસુલ કરી આપીએ આ ખતમાં લખેલા રૂપીઆ બસોહો પચાશ તમારી પાસેથી રોકડા કલદાર અમારા કુંટુબના દેણા માટે લીધા છે.

આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી તથા અકલ હુંશીઆરીથી બીન કેફ અને સારી તન્દુરસ્તીથી તબીઅત બહાલ રાખી શ્રી ગામ સમી મધ્યે પાસે બેસી પુરી રીતે સમજીને લખાવી આપ્યો છે તે અમારા તથા અમારા વંશવાલી વારસદારો સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે લખનાર શેઠ ચતુરદાશ વનમાલીદાશ ધણી બનેની રજુ વાતે તેમણે કહેવાથી આ દસ્તાવેજ લખી આપ્યો છે

અત્ર મતુ	અત્ર સાખ.
૧ લી. પાઠક કાળીદાસ રામલાલ નું મતુ મતાના દસકત ખુદ પોતાના છે રૂપીઆ બસો પચાસ પોચ્યાછે	૧ શા. સંપરીત વાડીલાલની શાખ દા. પોતે
	૧ શા. બેચર ત્રીભોવનની શાખ દા. પોતે
	૧ લી. શે. ચતુરદાશ વનમાલીદાસ લખી આપનાર કાલીદાશ રામલાલના કહેવાથી લખી આપ્યુ છે.

સ્થાવર મીલકત ધર્માદા લેખ.

સંવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૭ બુધવાર તારીખ ૨૯—૭—૧૯૧૪ ઈંગ્રેજી દીને શ્રી રાધાકૃશ્ન મંદીરના વહીવટ કરનાર વ્યવસ્થાપક શ્રી વૈશ્નવ ગોપાલદાશ મધુસુદન રહેવાસી રાધનપુર જોગ લી. ઠકર રામલાલ મથુરાંદાશ ગ્નાતે લુહાણા ઉમર વરસ ૪૦ ધધો વેપાર રહેવાસી મુળવારાહી તે હાલ રહેવાસી રાધનપુર ઉમર વરસ આશરે ૫૦ ધંધો કાપડ વેચવાનો જત આ દસ્તાવેજથી બધાઈ લખી આપું છું કે આ દેહ નાશવંત છે અને આ દુનીઆમાં જેણે જન્મ ધારણ કરેલ છે તે નાશ થવાનો જ છે અને સ્વહસ્તે કરેલ સુકૃત્ય કામ આવવાનુ છે જેથી આ સ્થુલ તથા લીંગ-

દેહવડે થએલ પાપોના ઉદ્ધાર માટે રાધનપુર શહેરના ભોંયરા શેરી અંદર શેઠ વનમાલી શોભાગ્યચંદના ઘર પાસે આવેલુ આથમણા દ્વારનું ઘર કે જે જડતર સહીતનું છે અને તે રાંધનપુરના વખારીઆ મનસુખ ભોગીલાલ પાસેથી મેં વેચાણ રાખેલું છે તે ઘર હું શ્રી રાધાકૃશ્ન મંદીર ખાતે ધર્માદા લખી આપું છું જેની ચારે ખુંટની હદ નીચે પ્રમાણે છે.

૧ દક્ષીણ તરફનો કરો શે. નાનચંદ મોહનલાલના ઘરના કરા સાથે સીહારો છે.

૨ ઉત્તર તરફનો કરો અમારો સ્વાંગ છે અને તે સોની પુરસોતમ નાગજીના ઘરની સાથે જોડેલ છે.

૩ પૂર્વ તરફ ઘરની પછીત છે અને ત્યા જવા આવવાનો સરીઆમ માર્ગ છે.

૪ પશ્ચીમ તરફનું બારણું આ ઘરના ચોક અંદર પડે છે.

સદરહુ ઘરને નીચે બે ખંડ તથા ઓટલો છે અને મેડા ઉપર એક સળંગ ખંડ છે નીચેના બે ઓરડા પૈકી અદરનો ઓરડો લાંબો ગજ સાત અને પહોળો ગજ પાચ તેનું ક્ષેત્રફળગજ ૩૫) છે અને બીજો ખડ લાંબો ગજ પાચ અને પહોળો ગજ પાંચ તેનુ ક્ષેત્રફલ ગજ ૨૫) બહારનો ઓટલો પાકો છે તે લાબો ગજ ૨ અને પોહોળો ગજ ૫) તેનુ ક્ષેત્રફલ ગજ દશ છે મેડો લાબો ગજ ૧૩) અને પોહોળો ગજ ૫) તેનુ ક્ષેત્ર ગજ પાંસઠ છે એ પ્રમાણેનું જડતળવાળું મકાન નંગ એક ચોક સાથેનું શ્રી રાધાકૃશ્ન મદીર ખાતે શ્રી કૃશ્નાર્પણ લખી આપુ છુ તે સૂર્યચદ્ર રહે ત્યા સુધીના માટે લખી આપ્યુ છે તેમા હવે માહારો કે માહારા વંશ વાલીવારસદારોનો કોઇનો પણ લેશ માત્ર હક નથી.

આ ઘરના બે ઢાળ છે પૂર્વ તરફના ઢાળનુ પાણી અમારા ઘરના ચોકમાં પડી ભોયરા શેરીમાં થઇ બહાર જાય છે અને પશ્ચીમ તરફના ઢાળનું પાણી પછીતે સરીઆમ રસ્તામાં પડી બહાર જાય છે.

આ ઘરનો જે પ્રમાણે હુ માલીક હતો તેજ પ્રમાણે આજથી શ્રી રાધાકૃશ્ન મંદીરનો જે માણુસ વહીવટ કરે તે શ્રી રાધા કૃશ્ન મંદીરના વ્યવસ્થાપક દરજે માલીક છે હાલ વ્યવસ્થાપક ગોપાલદાશ મધુસુદન હોવાથી તેમના નામથી આ લેખ કરી આપવામાં આવ્યો છે પણ તેઓ વ્યવસ્થાપક દર જે કામ કરતા બંધ થશે અગર બીજી રીતે વ્યવસ્થાપકના કામથી દુર થશે ત્યારે આ મકાન શ્રી રાધાકૃશ્ન મદીર ખાતે રહી જે વ્યવસ્થાપક તરીકે જે જે વખતે જે જે માણસો કામ કરતા હશે તેમના હવાલામાં અને વ્યવસ્થામાં આ મકાન રહેશે.

આ મકાનનું ભાડું અગર બીજો જે લાભ મકાનમાંથી ઉત્પન થશે અગર બીજી કોઇ રીતે મકાનને જે ફાયદો મલશે તે તમામ લાભ શ્રી રાધા કૃશ્ન મદીર ખાતે ધર્માદા કાર્યમાં વપરાશે બીજા કોઈને તેનો કાંઇ પણ લાભ મલી શકશે નહી

આ મકાનના કુલ મુખ્તીઆર શ્રી રાધાકૃશ્ન મંદીર તરફથી તેના વ્યવસ્થાપક છે તેઓ આ મકાન હવેથી સુખેથી ધર્માદા ખાતે ભોગવશે અને તેનો પોતાની મરજી મુજબ વહીવટ કરશે અને જે ઉત્પન આવશે તે ધર્માદા ખાતે ઉપયોગમાં લેશે તેમાં માહારો કે માહારા વંશ વાલી-વારસદારોને કોઇને કાંઇ હરકત કરવા હક નથી વખારીઆ મનસુખ ભોગીલાલે કરી આપેલ રજીષ્ટર વેચાણ દસ્તાવેજ ત્થા તેણે આપેલો બીજો જુનો દસ્તાવેજ મલી સદરહુ બન્ને દસ્તાવેજો આ સાથે સોંપું છુ.

સદરહુ ઉપર લખેલી રીતે શ્રી રાધાકૃશ્ન મંદીરમા ધર્માદા ખાતે વપરાવા અને ઉપયોગ્યમાં આવવા માટે આજથી કબજા સાથે સદરહુ મકાન સોંપુ છું તો હવેથી સર્વ પ્રકારના હકદાર તમો છો અને તમારી મરજી પ્રમાણે તેનો ઉપયોગ્ય કરજો.

આ દસ્તાવેજ રાજીખુશીથી ત્થા અકલ હુંશીઆરીથી તંન્દુરસ્તીની હાલતમાં તબીઅત બરાબર રાખી સમજીને આ દસ્તાવેજ લખી આપ્યો છે તે સાથે મકાન પણ કબજે સોંપેલ છે તે માહારે તેમજ માહારા વંશ વાલીવારસદારો સર્વેને કબુલ મજુર અને બધનકારક છે દા. શેઠ મણી-લાલ ચદુલાલ ધણી ઠકર રામલાલ મથુરાંદાસના કહેવાથી લખાં આપેલ છે.

અત્ર મતુ — અત્ર સાખ

૧ લી. ઠકર રામલાલ મથુરાંદાસ
નુ મતુ મતાના દસક્ત પોતાના

૧ ઠકર હલછા કરસનની સાખ
દા. પોતાના

૧ શેઠ નાનાલાલ વૃજલાલની
સાખ દા. પોતાના

૧ લી. શેઠ. મણીલાલ ચંદુલાલ
લખી આપનાર ઠકર રામલાલ મથુરાંદાસના કહેવાથી લખી આપેલ છે.

સ્થાવર મીલકત બક્ષીસ લેખ.

સંવત. ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૮ ગુરૂવાર તારીખ ૩૦-૭-૧૯૧૪ ઇંગ્રેજી દીને દવે. ગણપતલાલ ગૌરીશંકર જ્ઞાતે શ્રીમાલી બ્રાહ્મણ ઉમર વરસ ૩૫ ધધો યજમાનવૃત્તી રહેવાસી ગામ પાટણના જોગ. લી. શેઠ. વૃજભુખણદાસ લાલચંદ જ્ઞાતે મોઢ વાણીઆ ઉમર આશરે વર્ષ ૪૫ ધધો ધીરધારનો રહેવાસી ગામ પાટણ જત આ દસ્તાવેજ લખી આપી બંધાઉછુ કે માહારા દીકરાઓ પરદેશ ઘણો ભાગ રહે છે અને એવી સ્થીતીમાં મહારી તેમજ માહારી ઓરતની તમો ગણપતલાલે ચાકરી બરદાશ કરી છે તેમજ શરીરે બીમારી હોવા પ્રસંગે ખરા અંતકરણથી અમારી ચાકરી કરી છે જેથી તે બદલ ખુશી થઈ માહારી જાત કમાણીના રૂપીઆ માંથી વેચાણ લીધેલ ઘર થાર નંગ. ૧ કે જે ઘીવટામા પાનસ્યામજીના પાડામા ઉગમણા દ્વારે બારોટ ત્રીભોવનદાશ હરીરામના ઘર જોડે આવેલ છે તે હું કબજા સાથે આજથી તમોને બક્ષીસ આપુછુ તે ઘરની હદોની વીગત.

ઉત્તર તરફનો કરો બારોટ ત્રીભોવનદાશ હરીરામના ઘરના કરા સાથે સીહારો છે.

દક્ષીણ તરફનો કરો અમારો સ્વાંગ છે અને તે ત્રવાડી નાનજી રામજીના ઘરથી જોડેલ છે.

પશ્ચીમ તરફની પછીત અમારી આગવી છે અને તે પછીતે શેઠ ભગવાન દયાલજીનુ ઘર આવેલ છે.

પૂર્વ તરફ બારણુ પાનસ્યામજીના પાડામા અમારા ઘરના ચોકમાં સરીયામ રસ્તા અંદર પડે છે.

સદરહુ ઘર જડતળબંધ નીચે બે ખડ અને મેડાઉપર એક ખડ ત્થા ઓટલાવાલુ છે નીચેના બે ખંડ પેકી અંદરનો ઓરડો લાંબો ગજ ચાર અને પોહોળો ગજ ચાર મલી ક્ષેત્રફલ ગજ ૧૬) છે. બીજો આગલો ખડ લાંબો ગજ પાચ અને પોહોળો ગજ ચાર તેનુ ક્ષેત્રફલ ગજ ૨૦) છે ઓટલો પાકો બાધેલ ગજ લાબો ૨॥ અને પોહોળો ગજ ચાર તેનુ ક્ષેત્રફલ ગજ દશ છે મેડાનો એક ખડ સળગ છે તે લાંબો ગજ નવ અને પોહોળો ગજ ચાર તેનુ ક્ષેત્રફલ ગજ ૩૬) છે.

આ ઘરને બે ઢાળ છે પાછલા ઢાળનુ પાણી શેઠ. ભગવાન દયાલજીના ઘરની પછીતે ગલીઆરી છે તેમા પડે છે અને આગલા ઢાળનું પાણી અમારા ઘરના ચોકમાં પડી સરીઆમ રસ્તામાં જાય છે.

'એ રીતે હદોવાળું ઘર નંગ ૧. બે ખંડ મેડા તથા ઓટલા અને ચોકસહીત તમારે કબજે સોંપી તમોને બક્ષીસ આપ્યું છે તે સૂર્ય ચંદ્ર તપે ત્યાહાં સુધીને માટે લખી આપ્યુ છે એ પ્રમાણે બાર સાખે બધાઈ મલાસહીત આકાશ પાતાલ સીખે અસલ હદ મરજાદ જમીન તથા ચાલ ચોક કુળીઆની હદ સુધાંત અમોએ તમોને બક્ષીસ આપ્યુ છે માટે સદરહુ ઘરનો ઉપભોગ તમો તથા તમારા વંશ વારસદારો તમારી મુખ્તઆરી થી ગમેતેવી રીતે કરો તેમાં અમારો કોઇ પ્રકારનો હક હીસો નથી અમારો એ ઘર ઉપર પ્રથમ જેવો હક હતો તેવોજ હક તમોને બક્ષીસ આપ્યો છે માટે અમો અથવા અમારા વંશ વાલીવારસદારોથી તમને કોઇ પ્રકારે કાંઇ હરકત થશે નહી. આ ઘર ઉપર કોઇનુ દેવુ અગર તુત ફીતુર હોયતો તેના જવાબદાર અમો છીએ. આ ઘર ઉપર તમોને કોઇપણ પ્રકારની હરકત અમારાથી કે અમારા વંશ વાલીવારસદારોથી તમને કરી શકાશે નહી.

આ ઘર થાર. પાટણના કણબી નથુ બેચર પાસેથી રૂ ૭૦૧) સાતસોએકમાં મે માહારા જાત કમાણીના રૂપીઆથી વેચાણ રાખેલ છે તેથી આ ઘર ઉપર કોઇપણ ઇશમનો હક લેશ માત્ર નથી સદરહુ વેચાણ દસ્તાવેજ તથા નથુ બેચર પાસેથી અમને મળેલ મુળ દસ્તાવેજ મલી બે દસ્તાવેજો આ સાથે તમને સોંપુ છુ.

આ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી તથા અકલ હુશીઆરીથી બીન કેફ અને સારી તન્દુરસ્તીથી તબીઅત બરાબર રાખી પુરી રીતે સમજી વીચારી પાટણ શહેર મધ્યે લખી આપેલ છે તે અમોને તેમજ અમારા વંશ વાલીવારસદારો સર્વને કબુલમંજુર અને બંધનકારક છે હસ્તે પોતે. દા વકીલ ચત્રુભુજ કહાનજી લખી આપનાર વૃજભુખણદાશ લાલચંદના કહેવાથી લખી આપેલ છે.

ટીપ.

બક્ષીસ કબજા સાથે હોવી જોઇએ કબજા વગરની બક્ષીસ રદ કરાવવા ધારેતો તે રદ થઇશકે છે માટે બક્ષીસ લેનારે કબજો લઇ લેવો જોઇએ.

અત્ર મતુ.

૧ લી. શેઠ. વૃજભુખણદાસ લાલચંદનું મતુ મતાના દસકત પોતાના.

અત્ર. સાખ.

૧ શેઠ. એચરલાલ મણીલાલની સાખ દા. પોતાના.

૧ શેઠ. મોહનલાલ જમનાલાલની સાખ દા. પોતાના.

૧ પટેલ કહાનજી આનચંદની સાખ દા. પોતાના.

૧ લી. વકીલ ચત્રુભુજ કહાનજી લખી આપનાર વૃજભુખણદાસના કહેવા પ્રમાણે લખી આપેલ છે.

ગણોતનામું.

સંવત ૧૯૭૧ ના પોષ સુદી ૫ સોમવાર તારીખ ૨૧ માહે ડીસેમ્બર સને ૧૯૧૪ ઈંગ્રેજી દીને પાટીદાર વશરામ માણેકલાલ જાતે પાટીદાર, ઉમર વરસ ૪૦ ધંધો વેપાર રહેવાસી ગામ અમદાવાદના તે હાલ ગામ દીયોદરનાને જોગ. લખીઆપનાર પટેલ પબજી હીરા જાતે કણબી ઉમર વરસ ૪૫ ધંધો ખેતીનો રહેવાશી ગામ ચાંગા તાબે થરા તે હાલ રહેવાસી ગામ દીયોદરના જત અમોએ તમારા કબજાભોગવટાનુ ખેતર નંગ ૧. કોલી ગણેશ નથુ પાસેથી તમોએ લીધેલુ તે નીચે લખ્યા ખુટ માંહેનું જમીન વીઘા ૨૫) આશરેનુ તમારી પાસેથી ગણોતના હકથી ખેડવા રાખ્યું છે તેના ખુટ વીગેરેની વીગત.

સરવે નંબર.	જમીન નીજાત	વીઘા.	આકાર રુ.	ઉત્તર	દક્ષીણ	પૂર્વ	પશ્ચીમ	ખેતરનુ નામ
૨૨	દોયમ.	૨૫	૫	પટેલ મુલજી પરમાનુ ખેતર છે.	લુવાર નથુ એચરનુ ખેતર છે.	પડતલ જમીન છે અને પાસે રાણા સરનામની તલાવડી છે.	પટેલ જીવા અણદાનું ખેતર છે જેમા પાકો બાધેલ કુવો છે.	પાટડો.

ઉપર મુજબનું ખેતર સર્વે જાતના હકસહીત તમારી પાસેથી ગણોત વર્ષે ૧ ના રૂ. ૫૭) અંકેરૂપીઆ સતાવન નકી ઠરાવી રાખ્યું છે એ જમીન ઉપર સરકાર અગર તાલુકદારના જે જે હક અને ધારા હોય તે તમારે ભરવા. એ જમીન અમો ખેડીએ અથવા પડતલ રાખીએ પાકે અગર ન પાકે અથવા કાંઇ આસમાની સુલતાની આફત લાગે તો પણ અમારે તમોને ઉપર લખ્યા ગણોતના રૂપીઆ સતાવન આપવા છે અને એ જમીનની હદ નીશાન બરાબર રીતે હાલ જેવી સ્થીતીમાં છે તેવીજ સ્થીતીમાં અમારે સાચવી રાખવાં તેમજ ખાતર પુન્જે વગેરે નાંખી જે દુરસ્ત કરવાનું હશે તે કરશુ આ ગણોતની મુદત વરસ ત્રણની કરી છે તે ત્રણ વરસ અંદર તમારાથી કોઇ પણ રીતે આ ખેતર અમારા કબ-જામાંથી લઇ શકાય નહી અને ત્રણ વરસની મુદત પુરી થયા બાદ તમો એ જમીન પડી મુકવા કહો તો બીનતકરારે હાલતે ચાસે પડયુ મુકાવવા તમારો હક છે અને તમો અમારા કબજામાથી લઈ બીજાને ગણોતે આપવા મુખ્તઆર છો તે વખત કબજા સબંધી અમારી તકરાર ચાલે નહીં કદાચ અમો મુદતનાં વરસ ત્રણ પુરાં થવા બાદ તમારા કહેવા પ્રમાણે પડયું મુકીએ નહી તેમજ ગણોતના રૂપીઆ આપીએ નહીં એ પ્રમાણેની બન્ને કસુરો કરીએ અગર બેમાંથી એક કસુર કરીએ અને તે કસુર માટે તમારે અમારા ઉપર ફરીઆદ કરવી પડે તો ફરીઆદીના ખરચ સહીત તમામ રૂપીઆ અમારી હરેક તરેહની મીલકતથી તથા જાતેથી તથા અમારા વંશવાલી. વારસદારોથી વસુલ લેવાને તમો મુખ્તઆર અને હક-દાર છો અને તે પ્રમાણે અમો તમોને વસુલ આપીશુ.

આ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી તથા અકલ હોશીઆ-રીથી વગર કેફે સારી તન્દુરસ્તી વખતે બરાબર સમજી વીચાર કરીને દીયોદર મધ્યે દસ્તાવેજ લખાવી આપ્યો છે તે અમારે તથા અમારા વંશવાવી વારસદારો સર્વને કબુલ મંજુર અને બંધન કારક છે લખી આપનાર બારોટ ત્રીભોવન લાલજી બન્ને જણની રજુ વાતે તેમણે કહે-વાથી લખી આપ્યો છે.

અત્ર મતુ.	અત્ર સાખ
૧ પબજી હીરાનુ મતું મતાના દસકત ઠકર પ્રાગજી નાગજી મ-તાદાર પટેલ પબજીના કહેવાથી મતુ કરી આપ્યુ છે.	૧ શેઠ ન્યાલ પીતામ્બરની સાખ દા. પોતાના.
	૧ ઠકર વીરજી ઉમેદની સાખ દા. પોતાના.

][] આ અંગુઠાનું નીશાન પટેલ પબજી હીરાના જમણા હાથ ના અંગુઠાનુ છે અને માહારા રૂબરૂ અગુઠાવતી નીશાન કરેલ છે દા. પ્રાગજી નાગજી.

૧ લખી આપનાર **બારોટ ત્રીભોવન લાલજી** દસ્તાવેજ લખી આપનાર પટેલ પબજી હીરાના કહેવાથી આ દસ્તાવેજ લખી આપ્યો છે અને પબજીને વાંચી સંભળાવ્યો છે.

ભાડાખત.

સંવત ૧૯૭૧ ના પોષસુદી ૫ સોમવાર તારીખ ૨૧ માહે ડીસેમ્બર સને ૧૯૧૪ ઈ દીને શેઠ પુરસોતમ પ્રાગજી ન્નાતે વીશા શ્રીમાલી વાણીઆ રહેવાશી ગામ ભાભેર તાલુકે દીયોદરનાને જોગ લખી આપનાર ઠકર. પ્રાગજી માધવજી ન્નાતે લુવાણા રહેવાસી ગામ ભાભેર તાલુકે દીયોદરના જત અમોએ આજરોજ તમા । કબજો ભોગવટાનુ ઘર નગ. ૧ ઉગમણા બારનું વાણીઆ વાસમાં આવેલ છે તે જે ઘરની પશ્ચીમ તરફ પછી તે રાજમાર્ગ છે અને દક્ષીણ તરફ દરજી ગોવા પ્રાગના મકાનો છે ઉત્તર તરફ કદોઇ નરસી ભવાનની દુકાન છે અને ઉગમણી તરફ બારણા સામે લુવાણા નરસી ભાયચદ વીગેરેના ઘરો છે એ પ્રમાણેના ખુટની હદ વચેનુ કુલ બધુ ભાડે રાખ્યુ છે તેના ભાડાના વર્ષ ૧ ના રૂ. ૧૮) અકે અઢાર કર્યા છે તે દેવા સહી છે આ ભાડાના રૂ ૧૮ અઢાર રૂપીઆ બાર માશ પુરા થયે આપવાના છે તથા જે શાલમા અધીક માશ આવે તેનુ પણ ભાડુ વરાડ પ્રમાણે ગણી રૂપીઓ દોઢ વધારે મજરે આપીશુ એટલે જે શાલમાં અધીક માસ હોય તે સાલના અધીક માસ સહીત તેર માસ થસે તેના રૂપીઆ સાડીઓગણીશ આપીશુ આ ઘર ભાડે આપવાની બધી વરસ બેની કરી છે તે બે વરસ અદર તમારાથી અમને કઢાય નહી. તેમ અમારાથી ઘર ખાલી કરી શકાય નહી પણ બધણીની મુદત વરસ બેની પુરી થયા બાદ તમો જે વખત આ ઘર ખાલી કરાવવા માગો તે વખતે બીન તકરારે ખાલી કરી આપશુ કદાચ તમારા કહેવા મુજબ ખાલી ન કરીએ અને તમારે ફરીયાદ કરવી પડે તો તે ફરીયાદી ખરચ સહીત તમામ રૂપીઆ અમારી હરેક તરેહની મીલકતથી તથા જાતથી વસુલ આપીશુ એ ઘરમાં ભાગ્યુ તુટયુ તથા નળીઆની ખોટ તેમજ ચળામણી વગેરે સર્વે ખરચ તમો ઘર ધણીને શીર છે આ ભાડાખત અમો એ અમારી રાજીખુશીથી તથા અકલ હુશીઆરીથી અને બીન કેફે સારી તન્દુરસ્તી વખતે સમજી વીચારી ભાભેર મધ્યે લખાવી આપેલ છે તે અમારે તેમજ અમારા વશ. વાલી વારસદારો સર્વેને કબુલ મંજુર છે

લખનાર શેઠ પોપટલાલ ધરમચંદ ધણી બનેની રૂબરૂ તેમણે કહેવાથી આ ભાડા ખત લખી આપેલ છે.

અત્ર મતુ.	અત્ર સાખ
૧ ઠક્કર પ્રાગજી માધવજીનુ મતુ મતાના દસકત પોતાના.	૧ લુવાર નાથા બેચરની સાખ દા. પોતાના
	૧ ઠક્કર મેઘજી માનચંદની સાખ દ.. પોતાના.
	૧ લખનાર પોપટલાલ ધરમચંદ લખી આપનાર પ્રાગજી માધવજીના કહેવાથી લખી આપેલ છે.

સમજુત.

૧ કેટલેક ઠેકાણે ચલામણી ભાડે રાખનાર ઉપર હોય છે તો તેવા પ્રસગે * આ નીશાનવાલી હકીકતના શબ્દો લખવા નહી * અને આ નીશાનવાલી જગ્યાએ " ચલામણી અમારે એટલે ભાડે રાખનારના શીર છે " એ વાકય લખવુ

૨ કેટલેક ઠેકાણે બધી હોતી નથી ત્યા એ વરસ કે જે બીજી બંધી ન લખતાં એટલુજ લખવુ કે " ચોમાસાની મોસમ શીવાય તમો જ્યારે ઘર ખાલી કરાવવા માગશો ત્યારે તુરત અમો ખાલી કરી આપીશુ.

૩ કેટલાક ભાડાખતોમાં ભાડુ મહીને મહીને લેવાની શરત હોય છે તો તેવો કરાર હોય તો બાર માશને બદલે એક માશ લખવો અને એક માશનુ ભાડું તે જગ્યાએ લખવુ તેમજ દર માશે ભાડું આપવાની શરત છે તેમ લખવુ.

૪ બાર માસના ભાડાખતો બ્રીટીશ કાયદા પ્રમાણે રજીષ્ટર થવાં જોઇએ. માટે બનતા તક એકેક માસનુ ભાડાખત કરવું સારૂં છે.

સ્થાવર મીલકત દાન પત્રીકા.

સંવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૫ સોમવાર તા. ૨૭ જુલઇ સને ૧૯૧૪ અગ્રેજી દીને વેદીઆ શીવપ્રસાદ ભવાનીશંકર ગ્નાતે શ્રીમાલી બ્રાહ્મણ રહેવાસી પાટણના જોગ લી. શેઠ પ્રાણવલ્લભ રામપ્રસાદ ગ્નાતે મેસરી વાણીઆ ઉમર વરસ ૫૫ ધધો વેપાર રહેવાસી ગામ પાટણના અમોએ અમારૂં ઘર નંગ ૧ ધીમટામાં તરભોડા પાડામા છે કે જેનુ બારણું દક્ષણાદા બારનુ છે અને તે માળબધ જમીન ઇમલા સાથેનુ અમારા કાકા

અમથાલાલ નારણદાસના ઘર સાથે છે જે લાંબુ ગજ ૧૨ અને પોહોળું ગજ ૭ સાત છે એ પ્રમાણેનુ એ નીશાનીવાળું ઘર તમોને શ્રી કૃષ્ણાર્પણ કબજા સાથે આપ્યું છે તે સુરજ ચદ્ર રહે ત્યાહાં સુધી આપ્યુ જે આજથી તમો તથા તમારા વંશ વારસો સુખેથી ભોગવજો તે બાબતમાં તમામ હકો તમારા છે.

આ ઘર માહારી જાત કમાઇના પગારના રૂપીઆ સાતસો બચાવીને પાટણના બારોટ હરીવલ્લભદાશ પાસેથી વહેંચાણ રાખેલ તે છે અને તે હરીવલભે કરી આપેલ વેચાણ દસ્તાવેજ આ સાથે તમોને સોંપુંછુ આ ઘરનો તમો તમારી મરજી પ્રમાણે ઉપભોગ કરજો.

આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી તથા અકલ હોંશીઆરીથી બીન કેફ તથા સારી તન્દુરસ્તીથી તખીઅત બહાલ રાખી સમજીને લખી આપેલ છે તે અમારે તથા અમારા વશ વાલીવારસદારો સર્વેને કબુલ મંજુર અને બધન કારક છે હ. પોતે દા શેઠ વૃજલાલ ત્રીકમલાલ શેઠ પ્રાણવલ્લભ રામપ્રસાદના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ	અત્ર સાખ
૧ લી. શેઠ પ્રાણવલ્લભ રામપ્રસાદ મતુ મતાના દા. પોતાના	૧ શેઠ મણીલાલ ટોકરસીની સાખ દા પોતે
	૧ જાની રામચંદ્ર નથુશંકરની સાખ દા. પોતે.
	૧ શેઠ કેશવલાલ ઉગરચંદની સાખ દા. પોતે.

અર્ધો ભાગ લેવાની શરતે ખેતર સાંથવા ખેડવા આપવાનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહ સુદી ૨ તા. ૧૭–૧–૧૯૧૫ રવીવાર દીને પંડયા રવીશંકર સદાશીવ જ્ઞાતે મોઢ બ્રાહ્મણ રહેવાસી ગામ. વીરમગામના જોગ લખી આપનાર પાટીદાર નથુરામ બેચરદાસ જ્ઞાતે કણબી. રહેવાસી ગામ વીરમગામ જત અમોએ તમારા કબજા ભોગવટા અને માલીકીનું ખેતર નંગ. ૧ વીરમગામની સીમનુ "ચેરીયાપા" અંદર આવેલ છે અને કોલીવાળા ખેતરના નામથી ઓળખાય છે તે જમીન વીઘા ૨૨) આશરેનુ તમારી પાસેથી નીચેની શરતથી ખેડવા રાખેલુ છે તેની શરત એવી છે કે બીજવારો તમારે અમારે અર્ધો અર્ધ આપવાનો છે તેમજ દાડીઆં–દપાડીઆં. ટોયામણ. (સચવામણ) ખરચ જે થાય તે તમામ

ખરચ અર્ધો અર્ધ તમારે અને અમારે આપવાનું છે. ખેડ તમામ અમારે કરવાની છે અને આ ખેતર ઉપર સરકારનો જે કાંઈ હક હોય અને તે બદલ. ધારાસર જે ભરવું પડતું હોય તે તમામ તમારે એટલે પંડયા રવીશકર એકલાનેજ ભરવાનું છે અને માલ તૈઆર થયે તમે અને અમે અર્ધો અર્ધ જે નીપજ આવે તે વહેચી લેવી એ પ્રમાણે કરાર કરેલ છે તમારા વગર અમારા એકથી વહેચાય નહી તેમ તમારો અર્ધ ભાગ જુદો કરી તમારે ઘરે અમો પોચાડીએ ત્યાર બાદ અમો અમારા અર્ધભાગના હકદાર થઇએ ત્યાં સુધી નીપજેલ મોલ તમારી માલીકી અને હક તથા અધીકાર નીચે છે અર્ધ ભાગ જુદો કરી તમો અમને સોપો ત્યારે તે માલ ઉપર અમારો હક થાય ત્યાહાં સુધી દરેક હક અને કબજો તમારો છે અર્થાત આ ખેતર તમારા માલીકી હક અને કબજા ભોગવટા દરજે તમારા ખેતર ખેડવા પુરતા નોકર દરજે ખેતર ખેડવા અને ખેડવાની મજુરી બદલ અર્ધ ભાગ લેવાની શરતે ખેડવા રાખ્યુ છે બીજવારાથી તે અનાજ કે જેમોલ હોય તે તૈયાર થતાં સુધી જે ખરચ સરકારી હક શીવાયનું કરવુ પડશે તે તમામ ખરચમાં અર્ધ ભાગ માહારે આપવાનો છે અને અર્ધ ભાગ તમારે આપવાનો છે.

આ ખેતર અમો કોઇ પણ વરસ અસમાની સુલતાની આફતવગર ખેડવુ અને વાવવુ પડતળ રાખીશું નહી પણ દરવરસ જયાં સુધી અમારી પાસે ખેડવા તરીકે રહેશે ત્યાંહા સુધા આખુ ખેતર (કાંઈ ભાગ પડયો રાખ્યા વગર) પુરેપુરૂ ખેડીસુ અને આખા ખેતરનુ વવેતર કરીશું જમીનની ચારે તરફની હદ બરાબર સાચવી રાખીશુ તેમજ ખાતર પુજો નાંખીને દુરસ્ત કરવાનુ તથા બંધને પડી જશે તે સમો કરવાનું જે હશે તે કરશું આ ખેતર અમારી પાસે ખેડવા માટે તમારી મરજી હોય ત્યાહાં સુધી રાખી શકો તેમા અમારો કાંઈ હક ઇલાજો થાય નહી તમો જ્યારે આ જમીન પડી મુકવા કહો ત્યારે હાલતે ચાસે પડયું મુકાવવા તમારો હક અને અધીકાર છે અમારા કબજામાથી લઇ બીજાને ખેડવા આપવા મુખ્તચાર છો તેમાં અમારી કાંઇ પણ તકરાર ચાલે નહી છતાં કરાર વીરૂદ્ધ વરતી કાંઈ તકરાર કરીએ તો તે માટે અમારી સામે ઇલાજ લેવામા તમોને જે જે ખરચ અને નુકશાન થાય તે તમામ ખરચના રૂપીઆ અમારી હરેક તરેહની મીલકતથી તથા જાતેથી તથા અમારા વંશ વાલી, વારસદારોથી વસુલ લેવાને તમો મુખ્તઆર અને હકદાર છો અને તે પ્રમાણે અમો તમોને વસુલ આપીશું.

આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી પુરેપુરી રીતે સમજીને લખાવી આપેલ છે તે અમારે ત્થા અમારા વંશ વાલી વારસદારો સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે લખનાર ઠકર ગણેશ. રામજી ધણી જણુ બેના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ તત્ર સાખ

૧ પાટીદાર નથુરામ બેચરદાસ નુ મતુ દસકત પોતાના

૧ શેઠ હરખચંદ કસતુરચંદ સાખ દા ખુદ.

૧ લી: ઠકર ગણેશરામજી ધણી જણુ બેના કહેવાથી

ચોખે ચોખો ત્રીજો ભાગ લેવાની શરતે ખેતર સાંથવા [ખેડવા] આપવાનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહ સુદી ૨ તા. ૧૭–૧–૧૯૧૫ રવીવાર દીને શેઠ કરમચંદ મણીલાલ ન્નાતે વીશા શ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ હારીજ જોગ લખી આપનાર પટેલ કાનજી ગુલાબ રહેવાસી ગામ સુરવાળ તાબે હારીજ જત અમોએ તમારી પાસેથી ખેતર નગ. ૧ પટેલ ત્રીકમ રામજી પાસેથી તમોએ લીધેલું છે તે વીઘા ૨૪ આશરેનુ સુરવાલ ગામની વાડી નામની સીમમાં આવેલ છે તે અમોએ ખેડવા લીધેલ છે આ ખેતર અમો બરાબર ખાતર પુંજો નાંખી. સમુ દુરસ્ત કરી પુરેપુરૂ વરસો વરસ વવેતર કરીશુ અને જે જે ખરચ થશે તે તમામ અમો અમારૂ કરી મોલ નીપજાવીશુ. તમારે કાંઇ ખરચ આપવાનુ નથી માત્ર સરકારી જે હક આવતો હોય અને ભરવો પડતો હોય તે તમારે ભરવાનો છે અને મોલ તૈઆર થયે અમારી પાસેથી ત્રીજા ભાગે બરાબર મોલ તમારે લઇ અમોને બે ભાગ આપવાના છે અમારા બે ભાગ હોવાનુ કારણ એ છે કે ખેડવાની મેહેનત બદલનો અમારો એક ભાગ અને ખેતરમાં બીજનારો દાડીઆં સચવામણ વીગેરે તમામ ખરચ અમારે કરવાનુ છે તે બદલનો એક ભાગ મલી બે ભાગ અમારે લેવાના છે આ ખેતર ઉપર કબજો અને માલીકી હક તમારો છે. માત્ર મજુરી કરી મોલ ઉત્પન્ન કરવા માટે તમારા થકુ આ ખેતર ખેડવા માટે અમારી પાસે છે મોલ તૈયાર થાય અને તમો તમારો ત્રીજો ભાગ જુદો પાડો અને તમારે ઘેર તે અમે પોચાડીએ ત્યાર બાદ બાકી રહેલા બે ભાગ ઉપર અમારો હક છે ત્યાહાં સુધી મોલ ઉપર પણ માલીકી હક તમારો છે.

કદાચ અમો અમારી કસુરથી ખેતર પડતર રાખીએ તો તમોને ત્રીજા ભાગ બદલ તે વરસ રૂ ૫૧) એકાવન રૂપીઆ અમો તમોને આપીશુ અસમાની સુલતાની આફ્ત વગર આ ખેતર અમો પડતર રાખીશું નહી તેવા કારણુ શીવાય પડતર રાખીએ તો તે કસુર અમારી છે

આ જમીન પડી મુકવા કહો ત્યારે હાલ તે ચાસે પડયું મુકાવવા અને બીજાને ખેડવા આપવા તમારો હક અને અધીકાર છે તેમાં અમારી કાંઇ તકરાર ચાલે નહીં તમો જે વખત કહો તેજ વખત ખેતર ખેડવું બંધ રાખી તમોને સ્વાધીન કરી આપવા બધાઉ છુ આ દસ્તાવેજ લખેલ તમામ કરાર બરાબર અમો પાળીશુ અને તે પ્રમાણે પાળવામાં કાઇપણુ કસુર કરીશુ નહી કદાચ કોઈ પણ કરાર પાળવાને અને તેનો અમલ કરવાને કસુર કરી એ અને તેથી તમોને જે નુકશાન થાય તથા તમારે તે બાબત કોર્ટમાં જઇ ફરીઆદ કરવી પડે અને તેમાં જે ખરચ થાય તે તમામ ખરચ તમારે અમારી હરેક તરેહની મીલકતથી તથા જાનેથી તથા અમારા વંશ વાલીવારસદારો પાસેથી વસુલ લેવુ અને તે પ્રમાણે અમો આપીશુ તેના માટે જવાબદાર છીએ.

આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી બરાબર સમજી વીચાર કરી દસ્તાવેજ લખાવી આપેલ છે અને તેમને પુરેપુરો વંચાવી સમજાવ્યો છે તે માહારા લખાવ્યા પ્રમાણેનો છે લી. ઠકર જેઠાલાલ હરજીવન ધણી જણુ એના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ	અત્ર સાખ.
૧ સુરવાલના પટેલ કાનજી ગુલાબ મતુ દા. શેઠ જમનાલાલ માણેકલાલ પટેલ કાનજીના કહેવાથી લખી આપેલ છે.	**૧ શેઠ દલીચંદ વણારસીની** સાખ. દા. ખુદ.
[ ] [આ અગુઠાનુ નીશાન પટેલ કાનજી ગુલાબના જમણા હાથના અગુઠાનુ છે અને તે માહરા રૂબરૂ કરેલ છે દા. શેઠ જમનાલાલ માણેકલાલ	**૧ લી. ઠકર જેઠાલાલ હરજીવન** પટેલ કાનજી ગુલાબના કહેવા પ્રમાણે લખી આપેલ છે.

ઉધડ રૂપિઆ લેવાની શરતે ખેતર સાંથવા (ખેડવા) આપેલનો દસ્તાવેજ ગણોતનામું.

સંવત. ૧૯૭૧ ના મહાસુદી. ૨ તા. ૧૭-૧-૧૯૧૫ રવીવાર દીને શેઠ. જમનાલાલ માણેકલાલ જ્ઞાતે વીશાશ્રીમાલી વાણીઆ રહેવાસી પાંટણ. જોગ લખી આપનાર પટેલ. રૂગનાથ તુલસી જ્ઞાતે કણબી. રહેવાસી ગામ. અનાવાડા તાબે પાટણ જત. આજરોજે તમારા કબજા ભોગવટા અને માલીકી હકનું ખેતર નગ. એક વીઘા ૩૨) બત્રીશ આશરેનું પાટણની સીમનુ અનાવાડાના રસ્તા ઉપર છે અને "ચેર" નામથી ઓળખાય છે તે નીચે લખેલ ખુંટ વગેરે વાળું તમારી પાસેથી તમોને દર વરસે રૂ. ૭૫) આપવા નકી ઠરાવી અમોએ ખેડવા રાખેલ છે જેના ખુટ નીચે પ્રમાણે છે.

પૂર્વ	પશ્ચીમ.	ઉત્તર.	દક્ષીણ	સરવૈ નબર.	જમીન જાત	વીઘા	આકાર	ખેતર નુનામ
અનાવાડાના પટેલ મુળજી જેઠાંનું ખેતર છે.	પાટણના શેઠ અમતલાલ નગીનદાસની વાડી છે.	પાટણના પટેલ નથુ જીવાનું ખેતરછે.	પાટણના રામી ખેચર વીરજીની ખેત્રપાળની વાડી છે.	૧૧૦		૩૨	૭	ચેર

ઉપર મુજબ બતાવેલ ખેતર સર્વે જાતના હક સાથે તમારી પાસેથી અમોએ ખેડવા રાખેલ છે આ ખેતર ઉપર જે કાંઇ રાજ્ય હક કેકર હોય તે તમામ તમારે આપવાનો છે આ ખેતર પાચ વરસની બધીથી અમોએ ખેડવા રાખેલ છે અને તે ખેડવા બદલ વરસ એકના રૂ. ૭૫) તમારા નકી ઠરાવેલા છે તે રૂ. ૭૫) પચોતેર રૂપીઆ તમોને દરેક સાલના વૈસાક સુદી ૨ રોજ ચુકતે આપવા બધાઉં છુ. અસમાની સુલતાની થાય અને જમીન ઉપર પાકે અગર કાંઇ ન પાકે અથવા કાંઈ પડતળ રાખીએ

અથવા બીજી કોઇ રીતના કારણથી ખેતરમાંથી અમોને કાઇ પણ મોલ ન આવે તોપણ દર વરસે રૂ. ૭૫ તમોને અમારે આપવા નકી કરેલ છે આ જમીનનીહદ નીશાન હાલ જે પ્રમાણે છે તે પ્રમાણે બરાબર રીતે અમો સાચવી રાખીશુ. તેમજ ખાતર પુન્જે કરીશુ ખેતરને બધ બાધીશુ વીગેરે વીગેરે જે જે કામ કરવા જેવુ હશે તે બરાબર કરીશુ. પાંચ વરસ પ-હેલાં કોઇ પણ વખતે આ ખેતર તમારાથી અમારી પાસેથી લેવાય નહીં ખેડવા માટે પાંચ વરસ સુધી તમારાથી કાંઈ હરકત કે અટકાવ થઇ શકે નહીં તેમ પાંચ વરસ પહેલાં અમારા કબજામાંથી તમો લઇ શકો નહીં.

પાંચ વરસ પુરા થવા બાદ તમો એ જમીન પડી મુકવા કહો તો બીન તકરારે હાલતે ચાસે જે વખત કહો તે વારે પડતુ મુકાવવા તમારો હક અને અધીકાર છે અને પાચ વરસ પછી તમોને જરૂર જણાય ત્યારે અમારા કબજામાથી લઈ બીજાને ખેડવા આપવા અગર બીજી રીતે આપવા તમો મુખ્તીઆર છો તે વખત કબજા સબધી અ-ગર કાંઇ પણ હક સબધી અમારી તકરાર ચાલે નહી. આ દસ્તાવેજ માં લખેલ તમામ કરારનો અમો પુરેપુરો અમલ બરાબર રીતે કરીશુ અને પાળીશુ કદાચ તે પ્રમાણે પાળવામાં કાંઇ કસુર કરીએ અગર મુદ-તના પાચ વરસ પુરાં થવા બાદ તમો કહો ત્યારે ખેતર તમને સોપવામા હરકત કરીએ તો અગર ખેડના રૂપીઆ ૭૫) મુદત પ્રમાણે આપીએ નહીં એ પ્રમાણેની કરાર વીરૂદ્ધ કાંઇ પણ કસુર કરીએ અને તે બદલ અમારી સામે તમારે જે જે ઇલાજો લેવા પડે તેમજ કોર્ટમા ફરીઆદ કરવાથી જે જે ખરચ થાય તે તમામ ખરચ સહીત તમામ રૂપીઆ અમારી હરેક તરેહની મીલકતથી તથા જાતેથી તથા અમારા વશ વાલી વારસો પાસેથી વસુલ લેવાને તમો હકદાર અને મુખ્તઆર છો અને તે પ્રમાણે વસુલ આપવાને અમો જવાબદાર છીએ

આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી બરાબર સમજી વી-ચારી તન્દુરસ્તીની હાલતમા પાટણ મુકામે લખાવી આપેલ છે અને તે અમને વચાવી સમજાવતાં અમારા લખાવ્યા પ્રમાણે બરાબર છે અને તે અમારે તથા માહારા વંશ વાલી વારસ સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે. લી. ઠકર હરજીવન જેઠા ધણી જણ એના કહેવાથી લખી આપી પટેલ રૂગનાથ તુલસીને વાંચી સંભળાવી સમજાવેલ છે.

અત્ર	મતુ	તત્ર	સાખ

૧ પટેલ રૂગનાથ તુલશી મતુ મતાના દસકત પંડયા જેરામ જયાનંદ પટેલ રૂગનાથના કહેવા-થી મતુ કરી આપેલ છે.

]—[આ નીશાન પટેલ રૂગ-નાથના જમણા હાથના અંગુઠાનુ છે.દા. પંડયા જેરામ જયાનંદ

૧ શેઠ કચરા નથુ શાખ. દા.ખુદ
૧ શેઠ વાડીલાલ મોહન શાખ દા.
૧ લી. ઠકર હરજીવન જેઠા ધણી જણુ એના કહેવાથી લખી આપેલ છે અને રૂગનાથને વં-ચાવતાં તેણે કબુલ રાખેલ છે.

પ્રકરણુ ૫.

જંગમ મીલકતના દસ્તાવેજો.

જંગમ મીલકત બક્ષીસ લેખ.

સવત ૧૯૭૦ ના શ્રાવણુ સુદી ૭ બુધવાર તા. ૨૯-૭-૧૯૧૪ ઇંગ્રેજી દીને શ્રી રણછોડજી મદીરના વ્યવસ્થાપક વહીવટ કરનાર સોની દયાલજી માનચંદ તથા સોની પ્રાગજી નાનચંદ તથા સોની કસ્તુર કાલીદાસ તથા સોની રૂગનાથ હરજીવન ને જોગ લી. સોની મગનલાલ વૃજલાલ ઉમર વરસ આશરે ૪૦) ધધો સોની કામ રહેવાસી રાધનપુરના જત આ દસ્તાવેજથી જણાવુ છુ કે રાધનપુર શહેર અંદર શ્રીગોડવાસમાં શ્રી રણછોડજીનું મંદીર આવેલ છે તે મંદીરમાં શ્રી રણછોડજીને ઉપયોગમાં આવવા માટે નીચેના દાગીના શ્રીકૃશ્નાર્પણુ હું આપુ છુ.

। સોનાની કંઠી નંગ ૧ તોલે ગદીઆણા ૧૦) કીમત આશરે રૂ. ૧૨૫) ની.

। સોનાનાં હાથનાં કાંડાનાં કડાં નગ. ૨. ગાભલા સાથે ગાભલા ઉપર સોનાનુ પતલુ તોલે ગદીઆણા આશરે ચાર કીમત આશરે રૂ. ૫૦) પચાશ.

એ પ્રમાણેના રૂ. ૧૭૫) અકે એકસોહો અને પચોતેર રૂપીઆના દાગીના શ્રી રણછોડજીને ધરાવવા માટે અને તેમનાજ ઉપયોગમાં આ-વવા માટે હું કૃશ્નાર્પણુ આપુ છુ જેથી હવે તેમાં માહારો અગર માહારા વંશ વાલીવારસદારોનો લેશ માત્ર પણ હક નથી.

સદરહુ મંદીરનો વહીવટ હાલ ઉપરના ચાર ગૃહસ્થો કરે છે પરંતુ જ્યારે તેઓ આ વહીવટના કામથી દુર થશે અને બીજા જે ગૃહસ્થો વહીવટ કરતા હશે તેમના વહીવટમાં આ દાગીના રહેશે બીજા કોઇને કબજે રાખવા કે હક ધરાવવા કાંઈ હક નથી શ્રી રણછોડજીના કામમાં ઉપયોગ્યમાં આવવા સીવાય આ દાગીનાનો કાંઇ પણ બીજો ઉપયોગ્ય કોઇનાથી થઇ શકશે નહીં આ દસ્તાવેજ મેં રાજી ખુશીથી તથા અકલહુંશીઆરીથી તન્દુરસ્તીની હાલમાં સમજી વીચારીને લખી આપેલ છે તે માહારે તથા માહારા વંશ વાલી વારસદારોને કબુલ મંજુર અને બંધનકારક છે દા. શેઠ મગન મોતી ધણીના કેવાથી.

અત્ર મતુ	અત્ર સાખ
૧ લી. સોની મગન વ્રુજલાલનું મતુ મતાના દા. પોતાના	૧ શેઠ હરજીવન નાનચંદની શાખ દા. પોતાના

અંગ ઉધાર ખત (ખેડુતે કરી આપવાનું)

સવત ૧૯૭૧ ના માગશર શુદી ૧૩ તારીખ ૩૦ માહે નવેમ્બર સને ૧૯૧૪ વાર સોમ દીને. લખાવનાર શેઠ માણેકલાલ છગનલાલ ગ્નાતે વીશા શ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ. મુજપુર તાબે રાધનપુરનાને લખી આપનાર પારસાત જોગ. પટેલ. પચાણુ મુલજી ગ્નાતે નાડોધા રહેવાસી ગામ કુંવારદ તાલુકે રાધનપુરના જત. આ દસ્તાવેજ લખીઆપી હુ બધાઉં છુ કે તમારી પાસેથી અંગ ઉધારે રૂ ૩૨૫) અંકે ત્રણસોહો અને પચીસ પુરા કલદાર રોકડા અમોએ ગણી લીધા છે તે અમારે તમારા દેવા છે તેનુ વ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડા એક લેખે ચઢે થોકડે દોકડા કુલ ૩૨૫) ત્રણસો પચીશ માસ એકે રૂપીઆ સવાત્રણ ઉપરના રૂપીઆ સવાત્રણસોના વ્યાજના દર માસે વધે તેપેટે અમારી તમામ જંગમ મીલકત ધરેણે છે અમારી ધરખેડની નીપજ આગેતર પાછેતર પડયુ પાન જે નીપજે તે આ રૂપીઆમાં ભરવાની શરત છે આ ખતની ચોખવટ માસ બારે કરી આપવાની છે કદાચ તે પ્રમાણે ચોખવટ કરી ન આપુ તો સદરહુ ખતના રૂપીઆ તથા તેનું વ્યાજ તથા વ્યાજનું વ્યાજ સાથે જે સાલમાં અધીક માસ આવે તે સુધાંત ગણી ફેરવણીની સાથે અમારી માલ મીલકતથી તથા જાતેથી તમો જ્યારે માગશો ત્યારે હું તથા માહારા વાલી વારસો વસુલ આપી દઇશુ. માટે જ્યારે માગો ત્યારે દેવા

છે આ રૂપીઆ બલધ લેવા તેમજ બાજવારો લેવા અને અમારા ઘરમાં ખાવાનુ અનાજ તથા બલધોની ઘાસ લેવા માટે લીધા છે સદરહુ રૂપીઆ ઉપર લખેલી વીગત પ્રમાણે આપવામાં અમો કે અમારા વારસો કસુર કરીએ તો. તેબાબતની ફરીયાદ કરવામા તમોને જે જે ખરચ થાય તે સુદ્ધાંત ઉપરના રૂપીઆ અને તેનુ વ્યાજ તથા વ્યાજનું વ્યાજ તમો અમારી હરેક મીલકતથી તેમજ અમારી જાતથી વસુલ કરવાને મુખ્ત-આર છો અને તે પ્રમાણે વસુલ આપવાને અમો તથા અમારા વાલી વા-રસો બંધાઇએ છીએ.

તમારી પાસેથી રૂપીઆ સવાત્રણસોહો પુરા કલદાર રોકડા ગણી લઇ આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશી-આરીથી બીન કેફ અને તન્દુરસ્તીથી તબીઅત બરાબર રાખી પુરેપુરૂ સમજી વીચારીને મુજપુર લખાવી અપાવ્યો છે તે અમારે તથા અમારા વંશ, વાલી, વારસદારો સર્વને કબુલ મંજુર છે લખનાર શેઠ પાનાચંદ વીરજી દણી બનેની રજુવાતે બન્ને ધણીઓના કહેવા પ્રમાણે લખી આપનાર પટેલ પચાણ મુળજીના કહેવાથી લખી આપ્યો છે.

અત્ર	મતુ	અત્ર.	સાખ.

૧ **લી. પટેલ પચાણ મુળજીનુ** મતુ મતાના દસકત પોતાના. રૂ-પીઆ ત્રણસો પચીસ પુરા પોચ્યા છે.

૧ **શેઠ મનસુખલાલ પુરસોતમ** ની સાખ ધણી બન્નેએ કહેવા-થી સાક્ષી કરી આપી છે.

૧ **પંડ્યા. જુઠા વણારસીની** સાખ દા. શેઠ. ત્રીકમલાલ પા-નાચંદ ધણીના કહેવાથી લખી આપેલ છે.

૧ **લખનાર શેઠ પાનાચંદ વી-** રજી લખી આપનાર પટેલ પચા-ણના કહેવાથી દસ્તાવેજ લખા આપ્યો છે અને પચાણને પુરેપુરો વાચી સભળાવ્યો છે તેમજ પચાણે વાંચ્યો છે.

સાદું ખાતું.

રાધનપુરના રહીશ પટેલ. હીરા નથુનુ ખાતુ સંવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૧ વાર સુકરવાર તારીખ ૨૪–૭–૧૯૧૪.

જ	ઉ
	૫૫) નગદ રોકડા મુબાઇગરા અંકે પચાવન પુરા લીધા છે તે દેવા સહી. તેનું વ્યાજ માસ એકે સેંકડે એકે. ટકા એક લેખે ચઢે ચઢયું દેવું. દા. પોતે.
	૧ શા. નથુ દલીચંદની સાખ દા. પોતાના.
	૧ લી. પટેલ. હીરા નથુ ઉપર લખ્યુ તે સહી દા. શેઠ વૃજલાલ ભગવાનદાસ લખી આપનારે કહેવાથી લખી તગ કરી આપેલ છે.

ઘરેણાઉ ખાતુ.

વારાહીના રહીશ સોની મગનચદ ઉમેદચંદનુ ખાતુ સવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૧ સુક્રવાર તારીખ. ૨૪–૭–૧૯૧૪

જ	ઉ
	૧૫૦) અંકે રૂપીઆ દોઢસો રોકડા કલદાર પુરા લીધા છે તેનું વ્યાજ માસ એકે સેંકડે એકે ટકા ૦॥ અર્ધા ટકા લેખે વધે તેની સાનમાં અમારા ઘરના સોનાના દાગીના ત્રણ તથા રૂપાના દાગીના બે નીચે પ્રમાણેના મુકેલા છે.
	૧ ઝરમર સોનાની નંગ એક સલાખી દોરા સહીત તોલે ગદીઆણા ૩) કીમત આ-

શરે રૂ ૩૬)ની.

૨ સોનાનાં કડાં નગ બે તેમાં એક કડુ ત્રાંબાના ગાભલા સાથે તોલે ગદીઆણુા ૨૫) તેમાં સોનુ આશરે ગદી- આણુા ૨) કીમત રૂ ૨૫) અને બીજુ કડું ગાભલા સહીત તોલે ગદીઆણુા ૨૮ તેમાં સોનું આશરે ગદીઆણુા ૨ા કીમત આ- શરે રૂ. ૩૦) ચાદીના તો- ડાની જોડ નગ ૧ તોલે ગદીઆણુા ૬૬) કીમત્ત આશરે રૂ. ૩૦)

રૂપાનાં કડલાંની જોડ નગ ૧ તોલે ગદીઆણુા ૧૪૦) કીમત આશરે રૂ. ૫૦) આશરે.

એ પ્રમાણેના સોના રૂપાના થઇ પાંચ દાગીના ઉપર રૂ. ૧૫૦) અંકે રૂપીઆ એક સોહોને પચાસ લીધા છે રાજક દૈવક ધરેણુ ધરેણાવટ છે ઓ- છો અદકો માલ ધણીનો છે આ રૂ- પીઆના વ્યાજની સમજણુ માસ બારે કરી દેવી છે અને બાર માસ પુરા થયે વ્યાજ આપીશુ કદાપી તે પ્રમાણે વ્યાજ આપવામા કસુર કરીએ તો રૂપીઆના વ્યાજનું વ્યાજ તથા અ- ધીક માસ સુદ્ધાંતનુ ગણી ઉપર લખી સાન મીલકતથી તથા અમારી હરેક મીલકતથી તથા જાતેથી કુલ રૂપીઆ પુરા કરી આપવા બધાઉ છુ. હા. પોતે.

૧ પટેલ. નરસંગ દયાલજીની
સાખ દા. પોતાના.
૧ લી. સોની. મગનચંદ ઉમેદ-
ચંદ ઉપર લખ્યુ તે સહી છે. દા.
પોતાના.

નોકર રાખવાનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૫ સોમવાર તા. ૨૭-૭-૧૯૧૪ દીને ઠકર. રતનસી કરસન રહેવાસી ગામ સકેશ્વર જોગ લી. પટેલ માવજી વણારસી જાતે કણબી રહેવાસી ગામ રવદના જત હું તમારે ત્યાં આજથી ચાકર દરજે કામ કરવા રહ્યો છું તેના પગારના દરમાસે રૂ. ૪) ચાર કર્યા છે તે ઉપરાંત મને ખાવા પીવા તથા પહેરવા લુગડાં લત્તાં અને પગે પહેરવા જોડાં આપવાં અને માહારી નોકરીમાં માહારે તમારાં વાસણ વીગેરે માંજવા તથા કચરો. વાસીદું કરવુ કપડાં ધોઇ આપવા આટો ફેરો તથા ઘરનું પરચુરણ કામ કરવું તેમજ ગામ ગામતરે જવું આવવુ. ચુલા અબોટ ચોકો પાટલો કરવો વીગેરે ઘરમા જેજે પરચુરણ કામ ચાકર લાયક હોય તે તમામ માહારે કરવુ તેની બંધણી વરસ ૨ બે વરસની કરી છે તે પહેલાં માહારાથી તમારી નોકરી છોડી કયાંઇ જવાય નહી તે માહારે કબુલ મંજુર છે તા. ૨૭-૭-૧૪.

૧ પટેલ માવજી વણારસીની
સહી દા ઠકર નાનજી બેચર

લી. શેઠ ચતુર પાનાચંદ
પટેલ માવજીના કહેવાથી
લખી આપેલ છે.

ખેડુતે નોકર (સાથી) રાખવાનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૦ ના ભાદરવા સુદી ૨ રવીવાર તારીખ ૨૩-૮-૧૯૧૪ ઈંગ્રેજી દીને લખાવીતગ પટેલ કરસન કુબેર જાતે નાડોધા રહેવાસી ગામ લોલાડાના જોગ લખી આપનાર કોલી જગા પરમા સાખે કઠીવાડીઆ રહેવાસી ગામ સીપુર જત આ દસ્તાવેજથી લખી આપી બંધાઉ છું કે આજથી હું તમારે ત્યા સાથી તરીકે ખેતીનુ તેમજ ઘરનું તમામ કામ કરવા નોકર રહ્યો છું તેના પગારના રૂપીઆ વરસ એકના ૮૫) પંચાસી રૂપીઆ તમોએ મને આપવા ઠરાવ્યા છે તથા મને ખાવા પીવા તેમજ કપડા લુગડા લત્તાં વીગેરે તમામ ખરચ માહારૂં તમારે શીર છે એ પ્રમાણે રૂ. ૮૫) પગારના તેમજ ખાવાપીવા અને લુગડાં લત્તાં લઇ હું

તમારા ખેતરોનુ તમામ જાતનું કામ કરવા બંધાઉ છુ તેમજ ઘરનું કામ પણ તમો જે જે બતાવશો તે માહારે કરવાનું છે નેક ઈમાનદારીથી તમારા ખેતરોમાં ખેડ કરવામાં પુરેપુરી મેહેનત કરીશ તેમજ વાવવામાં અને સભાળવામાં પણ પુરેપુરી મેહેનત કરીશ તમારો કાંઈ સામન કે માલ મીલકત હુ બગાડીશ નહી તેમજ બીજા કોઇને બગાડવા આપીશ નહીં કદાચ તે પ્રમાણે વરતવામાં કસુર કરૂ તો તેનો જવાબદાર હું છું અને માહારા તરફથી તમોને જે જે નુકશાન થાય તે તમો માહારા પગારમાંથી કાપી લેવા હકદાર છો તેમજ પગારની રકમ ઉપરાંત કાંઇ નુકશાન થાય તે માટે માહારી જાત અને માહારી હરેક પ્રકારની મીલકત જવાબદાર છે.

બે વરસની શરતથી તમારે ત્યાં સાથી રહેલ છું માટે બે વરસ પુરાં થયા સીવાય માહારાથી તમારી સાથીપણાની નોકરી છોડાય નહીં છતાં છોડું તો બીજો સાથી રાખવામાં તમારે જે જે ખરચ કરવુ પડે તે તમામ ખરચ અને નુકશાન માહારા શીર છે તે પ્રમાણેનું નુકશાન તમો માહારી જાતથી તેમજ હરેક પ્રકારની મીલકતથી લેવા હકદાર છો આ લખ્યુ બાપના બોલ સહીત પાળવું આ દસ્તાવેજ મને તથા મારા વારસોને બંધનકારક છે અને કબુલ છે લી. શેઠ બાદર ગોડીદાસ કોલી જગા પરમાના કહેવાથી લખી આપેલ છે.

૧ કોલી જગા પરમાનુ મતુ ૧ શેઠ ગણપત બાદરની શાખ દા પો.
મતાના દસકત શેઠ પીતાબર- ૧ લી. શેઠ બાદર ગોડીદાસ
જગજીવન. ધણી કહેવાથી

ઘોડી અથવા તેવુંજ બીજું જાનવર થાણુમાં અર્ધ ભાગ કરી બંધાવેલ હોય તે બાબતનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહા શુદી ૨ તા ૧૭–૧–૧૯૧૫. રવીવાર દીને શેઠ. જયગોપાલ હરજીવનદાસ જ્ઞાતે વૈશ્નવ વાણીઆ. રહેવાસી ગામ હારીજ જોગ લખી આપનાર પટેલ મનજી નારણ જ્ઞાને કણબી રહેવાસી ગામ કુકરાણા તાબે રાધનપુર. જોગ લખી આપી આ દસ્તાવેજથી બંધાઉંછુ કે તમારી ઘોડી એક રગે રાતી ઉમર વરસ આશરે છની કીમત રૂ. ૫૦) આશરેની જેના ચારે પગ ધોળા છે કપાળમાં કાળુ ચાઠુ છે તે નીશાનવાળી. ઘોડી આજરોજથી તમારી મેં બાંધી છે. તેની સરત એવી છે કે આ ઘોડીનાં જે જે થાણુ થાય તે અમારે અને તમારે સીહારે રહે અને

તે થાણુ ચડવા લાયક તૈયાર થએ તેની કીમત નકી કરી જે કીમત થાય તે બન્ને જણાએ અર્ધા અર્ધ વહેંચી લેવી કરેલ છે અને ઘોડી તમારીજ માલકીની રહે ઘોડી ઉપર અમારો લેશ માત્ર હક નથી. ઘોડીની તમામ ચાકરી અમારે કરવી તેના બદલામાં થાણુમાં અર્ધ ભાગ અમારે લેવાનો છે એક થાણુ લીધા પછી ઘોડી સભર થયા પ્રથમ એટલે ઘોડો દેખાડયા પ્રથમ તમો લઇ જાઓ તો તે પ્રમાણે લઇ જવા તમોને હક છે પણ ઘોડી સભર થયા પછી તેનુ થાણુ લીધા પછી ઘોડીને ઘોડો તમારી પરવાનગી વગર અમારાથી બતાવી શકાય નહી કદાચ તમારી પરવાનગી વગર બતાવીએ તો તમો ઘોડી તમારે ત્યાં લઇ જઇ શકો અને તેમાં અમારો કાંઇ અધીકાર નથી. તમો અમો ઘોડી ઉપર ચડી ફરી શકોએ પરતુ જયાં સુધી તમારે ઘોડી ચડવા માટે જોઇએ ત્યા સુધી ઘોડીનો ઉપયોગ અમારાથી થઈ શકે નહી અર્થાત ઘોડી ઉપયોગમા લેવાનો પ્રથમ હક તમારે છે તમારે જરૂર ન હોય ત્યારે અમે અમારા ઉપયોગમાં લઇ શકીએ ઘોડીનું મરણનુ જોખમ તમારે શીર છે અને ચોરાયાનું તથા ખોવાયાનુ જોખમ અમારે શીર છે ઘોડી ખોવાય કે ચોરાય તો તેની પચ કહે તે કીમત અમારે તમોને આપવી આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી પાસે બેસી લખાવી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસો ને કબુલ મંજુર છે લખનાર શેઠ કસ્તુર માણેકલાલ ધણી જણુ બેની રજુ વાતે બને જણના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ.

૧ પટેલ. મનજી નારણનું મતું દા ઠકર ચતુર વખતરામ મનજીના કેવાથી મતુ કરી આપેલ છે.

અત્ર સાખ.

૧ શેઠ. દલસુખ પીતાંબરની સાખ દા પોતાના.

૧ લી. કસ્તુર માણેકલાલ પટેલ મનજીના કહેવાથી લખી આપેલ છે

ઢોરની મુડી કરી બંધાવેલ હોય તે બાબતનો દસ્તાવેજ.

સવત. ૧૯૭૧ ના માહ સુદી ૨ તા ૧૭-૧-૧૯૧૫ રવી વાર દીને શેઠ કરસનદાસ ચત્રભુજ ન્નાતે વીશા શ્રીમાલી વાણીયા. રહેવાશી વઢવાણ શહેર જોગ લખી આપનાર પટેલ. તુલસી નારણ ન્નાતે કણબી રહેવાશી ગામ રામપુરા તાબે વઢવાણ. સ્ટેટ. જોગ આ દસ્તાવેજથી લખી આપી બધાઉ છુ કે તમારી ગાયનુ આખલુ એક વાને મુંઝડું કપાળમાં

સફેદ ચાઠાવાળું કીમત આશરે રૂ. ૧૫) નુ અમોએ બાંધ્યું છે તેની શરત એવી છે કે આ. આખલાની મુડીના રૂ. ૧૧) ઇગ્યાર કર્યા છે આખલાને અમારે મોટુ તૈયાર થયેથી એક વરસ પરોટવુ એટલે ખેતીના કામમાં કામ આવે તે પ્રમાણે શીખવવુ અને એક વરસ અમારે અમારા કામમાં ઉપયોગ માટે હાંકવું આ પ્રમાણે બે વરસ અગર એકજ વરસમાં બન્ને કામ અમારે આખલા પાસેથી લેવુ ત્યાર બાદ આખલુ અમારે તમારે કીમત નકી કરી વહેચી લેવુ. આપણા બન્નેમાથી જે માણુસ કીમત વધારે આપે તે રાખે. સરખી કીમત આપવામા તે આખલુ રાખવાનો પ્રથમ હક મારો છે તે પ્રમાણે કીમત નકી થવા બાદ તેમાંથી રૂ. ૧૧) મુડીના તમારા તમને આપવા અને બાકી જે કીમત રહે તે તમારે અને અમારે અર્ધો અર્ધ બીન તકરારે વહેંચી લેવા કરેલ છે.

આખલાનુ મરણ વીગેરેનુ જર જોખમ બનેને શીર છે અને ચોરી વીગેરેથી અથવા ખોવાયાથી આખલાને કાઇ નુકશાન થાય તે અમારે એકનેજ શીર છે એટલે આખલુ મરણ થાય તો આખલાની મુડીની અર્ધી કીમત અમારે તમોને આપવી અને આખલુ ખોવાય અગર ચોરાય તો તેની આખી કીમત અમારે તમોને આપવી એ પ્રમાણેના કરારથી સદરહુ આખલુ અમે અમારા કબજે લીધુ છે આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી લખી આપેલ છે. તે અમને તથા અમારા વાલી વારસોને કબુલ મંજુર છે. લખનાર. ઠકર. નાગજી હરજીવન ધણી જણ એના કેવાથી.

અત્ર. મતુ	અત્ર. સાખ
૧ પટેલ. તુલસી નારણ મતુ દા. શેઠ પીતામ્બર નગીનદાસ તુલસીના કેવાથી મતુ કરેલ છે	૧ શેઠ. મોહનલાલ મણીલાલ ની સાખ દા. પોતાના
	૧ લી ઠકર નાગજી હરજીવન પટેલ. તુલસીના કેવાથી લખી આપેલ છે.

આવી મીસલના દસ્તાવેજ આ પ્રમાણે લખવા.

ઉંટ વીગેરે જાનવર અર્ધું ભાડું ખાવાની શરતે બંધાવેલ હોય તે બાબતનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તા ૧૭–૧–૧૯૧૫ રવીવાર દીને ઠકર ગણેશ માધવજી જ્ઞાતે લુહાણા રહેવાસી ગામ વારાહી જોગ લખી આપનાર જત ડોસાજી પચાણજી જ્ઞાતે મુસલમાન જત રહેવાસી ગામ વારાહી ગામ તાબે પાલણપુર એજન્સી જોગ લખી આપી આ દસ્તાવેજથી બંધાઉ છુ કે તમારો ઉંટ નગ એક વાને ભુરો કાને કાપેલ ઉમર

વરસ ૭ નો કીમત આશરે રૂ. ૯૦) નો તમોએ અમનેચાકરી બરદાશ કરવા તથા ચરાવવા અને ભાડું વીગેરે કરવા આપેલ છે, તેની શરત એવી છે કે ઉંટ તમારી માલકીનો રહે તેમાં અમારો લેશ માત્ર પણ હક નથી. પણ ઉંટને ચરાવવા તથા ચાકરી બરદાશ કરવાના બદલામાં ઉંટનું જે ભાડું આવે તે અમારે તમારે અર્ધો અર્ધ વહેંચી લેવુ, એવો કરાર કરેલ છે, ઉટ ભાડે લઇ જવો અને માહારે જવુ અને જે જે ભાડાની રકમ ઉત્પન્ન થાય તેનો પ્રમાણીકપણે પુરેપુરો હીસાબ તમને માહારે આપવો અને તે રકમમાંથી અર્ધ ભાગ માહારે લેવો અને અર્ધ ભાગ તમને આપવો એ શરતથી તમારી માલીકીહકનો ઉંટ ચાકરી કરવા તથા ચારવા અને ભાડુ કરવા મે રાખેલ છે ઉટ તમો માહારા કબજામાંથી જ્યારે લેવા માગો ત્યારે લેવાનો તમારો હક છે તે વખતે માહારાથી કાંઇ કહેવાય નહી. અને તમો માગો ત્યારે ઉટ તમને સોપી દેવો જોઇએ ભાડા શીવાય ઉટને માહારા ઘર કામે હુ લઇ જાઉ કે તમો તમારા ઘરકામે લઇ જાઓ ત્યારે એક બીજાને કહીને ઉંટ તે પ્રમાણે લઇ જવો અને તેવા પ્રસગે દસ ગાઉએ એક રૂપીઓ ભાડુ મારે અને તમારે એક બીજાને મજરે લેવા દેવાનુ છે એટલે કે હું વીસગાઉ ઉટ મારા કામે લઈ જાઉ તો તે બાબતના બે રૂપીઆ ભાડાના માહારે આપવા અને તે આપણા બન્ને વચે વહેચી લેવા એવી શરત છે ઉટના મરણનુ જોખમ તમારે શીર છે. અને ખોવાયાનુ તથા ચોરાયાનું જોખમ માહારે શીર છે આ દસ્તાવેજ રાજી ખુશીથી પાસે બેસી લખાવી આપેલ છે તે માહારે તથા માહારા વાલીવારસોને કબુલ મંજુર અને બંધનકારક છે લી. શેઠ કસતુર મોહનલાલ ધણી જણુ બેના કહેવાથી

અત્ર મતુ	તત્ર સાખ
૧ જત ડોસાજી પચાણજીનું મતુ દા. શેઠ વમળસી પીતામ્બર જત ડોસાજીના કેવાથી મતુ કરેલ છે.	૧ શેઠ બાહર લખમીચંદની સાખ દા. ખુદ. ૧ લી. શેઠ કસતુર મોહનલાલ જત ડોસાજીના કહેવાથી લખી આપેલ છે.

ગાય અગર ભેંસ દોઝી આપવાનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તારીખ ૧૭–૧–૧૯૧૫ દીને શેઠ મણીલાલ મનસુખચંદ ન્યાતે વાણીઆ રહેવાસી ગામ હારીજ જોગ લખી

આપનાર પટેલ તુલસી નથુરામ જ્ઞાતે કણબી રહેવાસી ગામ સુરવાળના જત લખી આપી બંધાઉ છુ કે તમારી ભેસ નગ એક વાને કાળી ઉમર વરસ આશરે ૬ ની ત્રીજ વેતરી કીમત રૂપીયા એંશી આશરેની તમોએ દોઝવી મને બધાવી છે તેનું ઘી દોવા દે ત્યા સુધીનું તમામ થઈ દોઢમણ ઘી મહારે તમને આપવુ ઠરાવેલ છે, અને તે ઘી દરમહીને દશશેર દશશેર હું તમારે ઘેર આવીને આપી જઇશ. તમારી ભેસને ખાણ ચાર માહારા ઘરની હું ખવરાવીશ અને ચાકરી બરદાશ કરીશ તેમજ ભેસ નીચે પાડી છે તેની પણ તેજ પ્રમાણે ચાર વીગેરે ખવરાવી ચાકરી કરીશ ભેસને અને પાડીને ખવરાવવાનુ ખરચ માહારા એટલે તુલસીના માથે છે તમોને ચોખે ચોખું દોઢ મણ ઘી મહીને દશ શેર આપવાની શરતે ૭ મહીને દોઢ મણ ઘી પુરેપુરૂ આપીશ. ભેસ કે પાડી મરણ જાય તો તેની જવાબદારી તમારે શીર છે અને માહારી કસુરથી ભેસ પાડી ચોરાય તો અગર ખોવાય તો તેની જોખમદારી માહારે શીરછે અને તે પ્રમાણે થાય કે તુરત તેની કીમત માહારે તમોને આપવી પણ માહારી કસુર વગર ભેસ પાડી ચોરાય કે ખોવાય તો તેનુ જોખમ તમારે એટલે મણીલાલના શીર છે આ પ્રમાણેના કરાર પ્રમાણે બરાબર વરતીશ અને તે પ્રમાણે વરતવામા કાંઇ પણ કસુર કરૂ તો તેમાં જે કાંઇ નુકશાન તમોને થાય તે તમામ માહારે આપવુ

સદરહુ ભેસ બીજી વખત વીયાય ત્યાહાં સુધી ભેસ પાડી માહારે ત્યાં રાખીશ અને ચાકરી કરીશ વીયાય કે તુરત તમારે ઘેર આવી તમને તેના બચા (વેતર) સાથે સોપીશ તે પ્રમાણે વરતવામાં કસુર કરીશ તો તેની પુરેપુરી કીમત તમને આપીશ આ દસ્તાવેજ રાજી ખુશીથી કરી આપેલ છે અને તે મને તથા માહારા વાલીવારસ સરવેને કબુલ મંજુર અને બંધનકારક છે. લી ઠકર મોતીરામ રણછોડ ધણી જણ એના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ	તત્ર સાખ
૧ **પટેલ તુલસી નથુરામનું મતુ** દા. સઘવી જેઠા પીતામ્બર તુલસીના કહેવાથી મતુ કરેલછે.	૧ **શેઠ બાદર ગોડીદાસની સાખ.** દા ખુદ.
	૧ **લી. ઠકર મોતીરામ રણછોડ** ધણી જણ એના કેવાથી લખી આપેલ છે.

સકાલીઆં રાખેલનો દસ્તાવેજ.

આ પ્રમાણે ના દસ્તાવેજ તમામ અનાજના થઈ શકે છે.

સંવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તારીખ ૧૭—૧—૧૯૧૫ રવીવાર દીને રાધનપુરના શેઠ મણીલાલ મોહનલાલ ગ્નાતે વીસાશ્રીમાલી વાણીઆ જોગ લખી આપનાર પટેલ ખેગાર અમીચંદ ગ્નાતે નાડોધા રહેવાસી ગામ વરાણા તાબે રાધનપુર સ્ટેટ જોગ લખી આપી આ દસ્તાવેજથી બંધાઉ છુ કે ચાલુ સાલનાં વરાણાની સીમનાં માહારાં ખેતરોની નીપજનાં સકાલીઆં મણ ૨૦૦) બસો મણ આજરોજે તમોને વેચાણ આપવાનો મેં કરાર કરેલ છે માહારે તમને સદરહુ સકાલીઆં સવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ તોલી આપવાની છે. કદાચ માંખલ ઉપડવાને કોઇ સરકારી કારણસર અટકાયત થાય અગર વીલબ થાય તો ચાલુ સાલની માંખળમાંથી માહારાં સકાલીઆં હુ લઉં તે દીવસથી આઠ દીવસ અદર તમોને તોલી આપવાના છે.

સદરહુ સકાલીઆ મણ એકના રૂ. ૨—૮—૦ અકે અઢી રૂપીયા લેખે બસો મણના રૂ. ૫૦૦) અકે રૂપીઆ પાચસો માહારે તમારી પાસેથી લેવાના ઠરાવ્યા છે તેમા હાલ રૂ. ૩૦૦) અંકે રૂપીઆ ત્રણસોહો મને તમોએ આપ્યા તે સભાળી લીધા છે અને રૂ. ૨૦૦) અંકે રૂપીઆ બસો સકાલીઆં જોખતી વખતે લેવાના છે.

સદરહુ સકાલીઆં ઉપર બતાવેલ મુદતે આપવામાં કસુર કરૂ અગર કાંઇપણ અડચણ કે હરકત કરૂ તો સ. ૧૯૭૧ ના જેઠ સુદી ૨ ના રોજ જે ભાવ સકાલીઆંનો હોય તે પ્રમાણે કીમત તમોને આપું તેમાં કોઈ રીતે હરકત કે કસુર કરીશ નહી. કદાચ તે પ્રમાણે સકાલીઆ કે કીમત આપું નહી તો તમો તેના માટે માહારા ઉપર જે જે કાયદેસર ઇલાજ લો તે તમામ બાબતમાં તમોને જે ખરચ અને નુકશાન થાય તે સહીત કાલાંની કીમત તમોને આપવા બધાઉ છુ તેમા કંઇપણ કસુર કરીશ નહી. આ દસ્તાવેજ મેં રાજી ખુશીથી રૂપીઆ ત્રણસોહો સંભાળી લઇ પાસે બેસી બરાબર સમજીને લખાવી આપેલ છે તે માહારે તથા માહારા વાલીવારસોને કબુલ મંજુર અને બંધનકારક છે. લખનાર ઠકર પીતામ્બર જેરામ ધણી જણુ એની રજુવાતે બને જણના કહેવાથી લખી આપેલ છે.

અત્ર	મતુ	તત્ર	સાખ

૧ પટેલ ખેંગાર અમીચંદનું મતુ દસકત શેઠ ન્યાલચંદ વ-મળસી પટેલના ખેંગાર અમી-ચંદના કહેવાથી મતુ કરી આ-પેલ છે.

૧ પટેલ જાદવ મુળા સહી દા. શેઠ કસતુર મોતીલાલ પટેલ જાદવના કહેવાથી

૧ **લી. ઠકર પીતામ્બર જેરામ** ધણી પટેલ ખેગાર અમીચંદના કહેવાથી લખી આપેલ છે.

સરસવ વીગેરેના જરપના કરાર વેપારીએ વેપારીમાં થએલના દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહ શુદી ૨ તારીખ. ૧૭—૧—૧૯૧૫ રવીવાર દીને ઠકર. માધવજી તુલસી ન્નાતે લુહાણા રહેવાસી ગામ વીરમગામ. જોગ લખી આપનાર શેઠ. અમુલખ માણેકચદ ન્નાતે દશા શ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ પાટડી જોગ લખી આપી આ દસ્તાવેજથી બધાઉછુ કે પાટડી ગામના સીમના. ચાલુ સાલની નીપજના સરસવ. મણ ૫૦૦) પાંચસો મણ તમોને વૈશાક શુદ ૩ ના રોજ તોલી આપવાનો કરાર કરેલ છે તેનો ભાવ. મણ એકે રૂ. ૨—૮—૦ ના ભાવથી પાચસો મણ સરસવની કીમતના રૂ ૧૨૫૦—૦—૦ અકે રૂપીઆ બારસો પચાશ પુરા તમારી પાસેથી માહારે લેવા કરેલ છે. સદરહુ સરસવ તોલી આપતી વખતે સદહુ રકમ પુરેપુરી તમારી પાસેથી લઇને સરસવ તોલી આપવાની બોલી છે. એટલે રૂપીઆ પણ સ ૧૯૭૧ વૈશાક શુદી ૩ ના રોજ લેવા કરેલ છે.

પાટડી ગામની સીમની અંદર ચાલુ સાલે જેવો માલ સરસવનો નીપજે તે માલ તમને તોલી આપવાનો છે સારો હોય કે નબળો હોય તેના જવાબદાર કે જોખમદાર અમો નથી પણ તમો છો.

સદરહુ મુદતે સરસવ આપવામા અમો કાંઈપણ કસુર કરીશુ નહી કદાચ તે પ્રમાણે સરસવ આપવામા કસુર કરીએ તો સં. ૧૯૭૧ ના વૈશાક શુદી ૫ ના રોજ સરસવનો જે ભાવ વીરમગામની બજારમા હોય. તે ભાવ પ્રમાણે કીમત ગણતાં જે કીમત થાય તેમાથી રૂ ૧૨૫૦) કમી કરતાં જેટલી કીમત વધારે થાય તેટલા નાણાં માહારે તમને આપવા

અર્થાત વૈશાક શુદી ૫ ના રોજની કીમત સરસવની જે હોય તે પ્રમાણે તમોને વધઘટ જે નુકશાન થાય તે માહારે આપવાનું છે સદરહુ સરસવ વીરમગામની બજારમા તમારી દુકાને તોલી આપવાનો કરાર કરેલ છે સદરહુ પ્રમાણે વરતવામાં અને તમોને સરસવ કે નાણું આપવામાં કાંઇ પણ કસુર કરીએ તો તે બાબત તમો અમારા ઉપર કાયદેસર ઇલાજ લ્યો અને તેમા તમોને જે જે ખરચ થાય તે તમામ ખરચના અમો જવાબદાર છીએ સદરહુ સરસવ. મણના શેર ચાલીશ. અને શેર એકના રૂપીઆભાર ગાલીશના હીસાબે તોલી આપવાની બોલી છે તોલવામાં જે જે મજુરી ખરચ થાય તે તમારે શીર છે અને માલ ઉપર ધર્માદા વીગેરે સરકારી જે લાગત થાય તે અમારે શીર છે. આ દસ્તાવેજ અમોએ બરાબર સમજીને લખી આપેલ છે. તે અમોને તેમજ અમારા વાલી-વારસોને કબુલ મજુર અને બધનકારક છે, દા. શેઠ. અમુલખ માણેકચદ દા. ખુદ.

અત્ર મતુ.	અત્ર. સાખ.
૧ શેઠ. અમુલખ માણેકચંદ મતુ દસકત પોતે.	૧ શેઠ. ત્રીકમ ન્યાલચંદ સાખ દા. ખુદ.
	૧ શેઠ. કરસન કુબેર સાખ દા. ખુદ.

એરંડા વીગેરેની ખરીદી બાબત એરંડાના માલીકને તમામ નાણાં પ્રથમથી ચુકતે આપવા બાબતના કરારનો દસ્તાવેજ.

સવત ૧૯૭૧ ના માહા શુદી ૨ તારીખ. ૧૭—૧—૧૯૧૫ રવીવાર દીને શેઠ. નગીનદાસ રતનલાલ જ્ઞાતે વૈશ્નવ વાણીઆ રહેવાશી મુળ પાટણ હાલ હારીજ તાબે વડોદરા સ્ટેટ. જોગ લખી આપનાર પટેલ. નથુરામ કામેશ્વર જ્ઞાતે કણબી રહેવાસી ગામ હારીજ તાબે વડોદરા સ્ટેટ. જત લખીઅપી આ દસ્તાવેજથી બધાઉ છુ કે હારીજ ગામની સીમના ચાલુ સાલની નીપજના માહારા ખેતરો પૈકીના એરડા મણ ૪૦૦) ચારસોહોમણ એરડાની કીમતના રૂ ૮૦૦) અંકે રૂપીઆ આઠસોહો પુરેપુરા આજરોજે તમારી પાસેથી મે ગણી લઈ સભાળી લીધાછે આ

રૂપીઆ માહારી દીકરીઓ પરણાવવાના પ્રસંગે તેમજ માહારા કુંટુંબના પોષણ માટે જરૂરી કારણ સારૂ લીધા છે

સદરહુ એરંડા મણ ચારસો હારીજ ગામમાં માહારે ઘરે સંવત ૧૯૭૧ ના વૈશાક શુદી ૩ ના રોજ મણ એકના શેર ચાલીશ અને શેર એકના રૂપીઆભાર ચાલીસના હીસાબે તોલી આપવા છે તોલામણી. મજુરી. ધર્માદા. સરકારી લાગત. વીગેરે જે જે ખરચ થાય તે તમામ તમારે એટલે નગીનદાસ રતનલાલે આપવાનુ છે, સદરહુ કરાર પ્રમાણે એરંડા તોલી આપવામા કાંઇપણ કસુર કરીશ નહી. કદાચ તે પ્રમાણે વરતવામા અને કરાર પ્રમાણે એરંડા તોલી આપવામાં કસુર કરૂ તો સ. ૧૯૭૧ ના વૈશાક શુદી ૫ ના રોજ હારીજ ગામની બજારમાં હારીજ ગામની સીમના એરંડાનો જે ભાવ હોય તે ભાવ પ્રમાણે ચારસો મણ એરંડાની કીમત જે થાય તે પ્રમાણે નાણાં માહારે તમને આપવા તે

ટીપ

૧ જેમ રકમ વધારે આપવાની હોય અને વધારે જોખમમાં ઉતરવાનુ હોય ત્યારે દસ્તાવેજ બહુજ મજબુત અને ખુલાસાવાર હોવો જોઇએ.

૨ હીદુલો પ્રમાણે નાણાં લેનારે યોગ્ય અને જરૂરી કારણસર કુંટુબના ઉપયોગ્ય માટે લીધા ન હોય તો નાણાં લેનારના વારસો તેવાં નાણાં આપવા માટે પોતાનો બચાવ કરે છે માટે કુટુબના હીત વીગેરે જે જે જરૂરી કારણસર નાણા લીધાં હોય તે કારણ હમેશાં દસ્તાવેજ અંદર બતાવવા રીવાજ રાખવો

૩ નાણાં લેનાર હમેશા હયાતજ રહેશે એમ માની બેસવાનુ નથી પણ કદાચ તે નાણા લેનારની ઉમર પુરી થવા બાદ તેના વારસો ઉપર દાવો લાવવો પડે તો તે વારસો પાસેથી નાણાં લઈ શકાય એવો દસ્તાવેજનો મતલબ હોવો જોઇએ.

૪ લીધેલ માલ કઇ જગ્યાએ લેવાનો છે કઇ સીમનો કઇ સાલની પેદાશનો કયા તોલથી લેવાનો છે તે સ્પષ્ટ આવવુ જોઇએ તેમજ ભાવ અને કીમત શીવાયનુ કયુ ખરચ કયા પક્ષકારે આપવાનું છે તે પણ સ્પષ્ટ હોવુ જોઇએ.

૫ કરાર પ્રમાણે માલ નહી આપવાથી કયા ગામની બજારમાં કયા ગામના કયા માલનો કઈ તારીખનો ભાવ આપવો તે પણ ચોક્સ લખવુ.

પ્રમાણે નાણાં આપવામાં કાંઇ કસુર કરૂ તો તમો માહારા ઉપર તે માટે જે જે ઇલાજ લ્યો અને ફરીઆદ કરો તેમાં તમોને જે જે ખરચ થાય તે તમામ ખરચ તથા વૈશાક શુદી ૫ ના રોજના હારીજ ગામની સીમના એરંડાના ભાવ પ્રમાણે ચારસો મણ એરડાની જે કીમત થાય તેનું સં. ૧૯૭૧ ના વૈશાક શુદી ૫ ના રોજથી આઠ આના પ્રમાણે વ્યાજ સહીત જે રકમ થાય તે તમામ તમારે માહારી પાસેથી લેવી અને માહારે તે પ્રમાણેની તમામ રકમ તમોને પુરેપુરી મજરે આપવી. તેમાં કાંઇપણ કસુર કરીશ નહી.

આ દસ્તાવેજ મેં માહારી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી તન્દુરસ્તીની હાલતમાં પુરેપુરી રીતે સમજી વીચાર કરી રૂપીઆ આઠસોહો પુરેપુરા ગણી લઇ પાસે બેસી દસ્તાવેજ લખાયા બાદ પુરેપુરો વચાવી સાંભળી લખાવી આપેલ છે તે મને તથા માહારા વાલી વારસો તમામને કબુલ મંજુર અને બંધનકારક છે લખનાર ઠકર મોતીરામ નાગજી ધણી જણ એના રૂબરૂ બન્ને જણના કહેવા પ્રમાણે લખી આપેલ છે અને તે લખી આપનાર પટેલ નથુરામ કામેશ્વરને પહેલેથી છેલ્લે સુધી આખો દસ્તાવેજ વાંચી સંભળાવેલ છે અને તે પટેલ નથુરામે બરાબર હોવાનું કબુલ કરેલ છે.

અત્ર મતુ

૧ **હારીજના પટેલ નથુરામ કામેશ્વરનુ** મતું દસકત શેઠ ચતુરલાલ કરસનદાસ પટેલ નથુરામના કહેવાથી મતુ કરી આપેલછે.

]—[આ અગુઠાનું નીશાન પટેલ નથુરામ કામેશ્વરે માહારા રૂબરૂ પોતાના જમણા હાથવતી જમણા હાથના અગુઠાથી કરેલ છે દા. શેઠ ચતુરલાલ કરસનદાસ

તત્ર સાખ

૧ **હારાજના ઠકર રતીલાલ કાનજી**ની સાખ દા. ખુદ.

૧ **હારીજના શેઠ રતનસી પ્રભુલાલની** શાખ દા. ખુદ.

૧ **લી. ઠકર મોતીરામ નાગજી** લખી આપનાર પટેલ નથુરામના કહેવા પ્રમાણે લખી આપેલ છે.

વ્યાજુ ચીઠી (દસ્તાવેજ)

શંવત. ૧૯૭૧ ના પોશ સુદી ૩ શનીવાર તારીખ ૧૯ માહે ડીસેમ્બર સને ૧૯૧૪ ઇંગ્રેજી દને. દવે પુરસોતમ કલ્યાણજી ન્યાતે શ્રીમાળી બ્રાહ્મણ રહેવાસી સોઇગામ જોગ. લખી આપનાર શા. ન્યાલચંદ પીતા-

મ્બર જાતે દશા શ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ સોઇગામ ધંધો વેપારનો જત અમોએ તમારી પાસેથી રૂ. ૨૨૫) અકે રૂપીઆ બસોહો અને પચીશ મુંબાઈ ગરા રોકડા ગણી લીધા છે તે અમારે તમારા દેવા છે તે દેવા અંગ ઉધારે દેવા, દેશ પરદેશ દેવા, જયારે તમો માગો ત્યારે દેવા છે એનુ બ્યાજ માસ એકે સેકડે એકે ટકા ૦॥। પોણા ટકા લેખે ચઢે તે ભરી આપવુ કર્યું છે એ રૂપીઆ તમો માગો ત્યારે બ્યાજ સહીત આપવામાં કસુર કરૂ તો માહારી હરેક તરેહની મીલકતથી તથા જાતેથી તમો ચાહો તેમ વસુલ કરી લેવા મુખ્તઆર છો આ બ્યાજુ દસ્તાવેજ અમોએ રૂપીઆ સવા બસોહો પુરા રોકડા લઇને અમારી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી વગર કેફે ત્યા સારી તન્દુરસ્તીની હાલતમાં બરાબર સમજી વીચાર કરી શ્રી સોઇગામ મધ્યે લખી આપ્યો છે તે માંહારે તથા માહારા વશ વાલી વારસદારો સર્વને કબુલ મંજુર અને ઉપર પ્રમાણે બધનકારિક છે દસકત શા. ન્યાલચદ પીતામ્બર.

અત્ર મતુ | અત્ર સાખ.

૧ શા. ન્યાલચદ પીતામ્બરનું મતુ મતાના દસકત પોતાના રૂપીઆ બસોહો પચીશ પોચ્યા છે.

૧ શેઠ. ગોપાલ નાગજીની શાખ દા. પોતાના

૧ શેઠ મનસુખ વીરજીની શાખ દા. પોતાના.

ભરવાડ, રબારી અગર તેવા બીજા ઇસમને વીયાય ત્યાં સુધી ઢોર ચારવા આપવાનો દસ્તાવેજ

સંવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તા. ૧૭–૧–૧૯૧૫ રવીવાર દને ઠકર. પીતામ્બર જેરામ જ્ઞાતે લુહાણા રહેવાસી ગામ. વારાહી જોગ લખી આપનાર ભરવાડ નથુ રામા રહેવાસી ગામ સાદપુરા જોગ આ દસ્તાવેજથી લખી આપી બધાઉ છું કે તમારી ભેસ નગ. એક વાને કાળી કીમત. રૂ. ૧૦૦) ની ઉમર વરસ પાચની કપાળ અંદર ધોળા ચાઠાવાલી આજરોજે તમોએ મને ચારવા સોંપી અને તે મેં સંભાલી લીધી છે તેની ચારવાની મેહેનતની ચરામણી એક મહીનાના ચાર આના પ્રમાણે જેટલા મહીના ભેંસ રહેશે તેટલા મહીનાની ચરામણી માહારે તમારી પાસેથી લેવી કરી છે ભેસ વીયાય ત્યારે તમને સોપવાની છે તે પ્રથમ પણ તમો જયારે કહો ત્યારે સોંપીશ

મહીને ચાર આના ચરામણી શીવાય ઉનાળામાં પાણી પાવાની પીયાવી ખરચ તથા વીડામાં ચારવા મોકલવાનું વીડવરાડનું જે ખરચ ભેંસ ઉપર આવશે તે તમારે આપવાનું છે અને ભેંસ કોઈના ખેતરમાં કે બીજે રંજવાડ (બીગાડ) કરે અને તેથી ડબા વીગેરેમાં જવાથી જે કાંઇ ખરચ આપવુ પડશે તે માહારે આપવાનું છે ભેંસનું માલીકપણું તમારૂં છે તેમજ ચોરાયાનું અને મરણ જવાનું જોખમ પણ તમારૂ છે. અને ખોવાયાનું જોખમ અને તે બાબત જવાબદાર હું છું. આ દસ્તાવેજ રાજી ખુશીથી કરાવી આપેલ છે તે માહારે તથા માહારા વાલી વારસો સરવેને કબુલ મંજુર અને બંધનકારક છે. લી. વારાહીના-શા. દલીચંદ રાવજી ધણી જણ એના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ	તત્ર સાખ
૧ ભરવાડ નથુ રામા મતુ મતાના દસકત ઠકર દલપત પ્રેમજી-ભરવાડ નથુ રામાના કહેવાથી મતુ કરી આપેલ છે.	૧ શેઠ મોહનલાલ જગજીવન શાખ. દા. ખુદ.
	૧ લી શા દલીચંદ રાવજી ધણી જણ એના કહેવાથી લખી આપેલ છે. દા. ખુદ.

લોકોમાંથી ઘી લેવા પ્રથમ નાણાં આપવા સબંધનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહ સુદી ૨ તારીખ. ૧૭-૧-૧૯૧૫ રવીવાર દીને શેઠ ધારસી પીતામ્બર જ્ઞાતે જૈન વાણીઆ રહેવાસી ગામ થરાદના જોગ લખીઆપનાર પટેલ રામા બેચર જ્ઞાતે કણબી રહેવાસી ગામ ઢીમા (ધરણીધર) જત આ દસ્તાવેજથી લખીઆપી બંધાઉછું કે આજરોજે તમારી પાસેથી રૂ. ૬૦) સાયઠ રૂપીઆ માહારા કુંટુબના પોષણ માટે લીધા છે તેનુ ઘી મણ પાંચ. મણ એકના રૂપીઆ બારના ભાવ પ્રમાણે તમને માહારે આપવાનુ છે આ ઘી મહીને મણ આપવું એ પ્રમાણે પાંચ મહીને પાંચ મણ ઘી પુરૂં કરીઆપવા હું બધાઉછુ. આ ઘી માહારી ઘરની ભેસોનુ તાજું આપવાની શરત છે આ પ્રમાણે બરાબર હું તેનો અમલ કરીશ પણ કદાચ તેનો અમલ કરૂ નહી અને તે પ્રમાણે ઘી આપવામાં કસુર કરૂ તો મહીનો પુરો થાય તેવખતે ઘીનો જે ભાવ થરાદની બજારમાં સારા ચડીઆતા ઘીનો જે ભાવ હોય તે માહારે તમોને મજરે આપવો એટલે કે આ ઘી ફાગણ સુદી ૨ ના રોજ મણ આપવાનું છે ચૈત્ર સુદી ૨ વૈસાક સુદી ૨ જેષ્ટ સુદી ૨ અને અસાડ સુદી ૨

એ પ્રમાણેની મુદતે આપવાનું છે તે મુદતસર જેટલું ઘી હું આપું નહી તેટલા ઘીનો ભાવ તે તારીખનો સારામાં સારા ઘીનો જે હોય તે તમોને આપવાનો છે ઘી થરાદ ગામે તમારે ઘેર આવીને આપીજઇશ. માહારી કસુરને લઇને તમારે માહારી સામે જે જે ઇલાજો લેવાપડે અને કોર્ટમાં ખરચ કરવું પડે તેમજ નુકશાન થાય તે તમામ હુ આપવા બંધાઉછું આ દસ્તાવેજ મે મહારી રાજી ખુશીથી રૂપીઆ સાયઠ લઇને કરીઆપેલ છે તેમને ત્થા માહારા વાલીવારસો સરવેને કબુલમજુર અને બધનકારક છે લી. ઠકર. વજેરામ જેઠા ધણી જણુ એના કહેવાથી લખીઆપેલ છે.

અત્ર મતુ	તત્ર સાખ.
૧ પટેલ રામા બેચર મતું મતાના દસકત. શેઠ વજેચદ જેઠાલાલ પટેલ રામા બેચરના કહેવાથી મતુ કરીઆપેલ છે.	૧ ઠકર દલછા રામા સાખ દા. ખુદ.
	૧ લી. ઠકર વજેરામ જેઠા પટેલ રામા બેચરના કહેવાથી લખીઆપેલ છે.

નાણું આપી તેલ વીગેરે ખરીદવાનો દસ્તાવેજ.

સંવત. ૧૯૭૧ ના માહ સુદી ૨ તા. ૧૭–૧–૧૯૧૫ રવીવાર દીને શેઠ. નગીનદાસ ચુનીલાલ ગ્નાતે વૈશ્નવ વાણીઆ રહેવાસી ગામ. પાટણુ જોગ લખીઆપનાર ઘાચી જેઠા રાયચંદ ગ્નાતે હીન્દુ ઘાચી રહેવાસી ગામ થરાદ જોગ લખીઆપી આ દસ્તાવેજથી બધાઉછું કે તમારી પાસેથી આજરોજે રૂ. ૩૦૦) ત્રણુમોહો રૂપીઆ માહારા કુંટુંબના પોષણુ માટે લીધા છે તેનું તલીયુ તેલ મણુ ૫૦) પચાસ મણુ એકના રૂ. ૬) ના ભાવ પ્રમાણે તમોને વૈસાક સુદી ૨ ના રોજ અગર તે પહેલા સગવડ પડે તે તારીખે આપવુ કરેલ છે અને આ તેલ માહારા તમામ ખરચે પાટણુ તમારા ઘેર પોચતુ આપવાનુ છે તમારા ઘેર તેલ પોચતાં સુધીનું તમામ ખરચ માહારા માથે છે. થરાદ ગામની સીમના સફેદ તલનું તેલ આપવા આ કરાર કરેલ છે આ કરાર પ્રમાણે સફેદ તલનું તેલ મણુ પચાસ વૈસાક સુદ ૨ સુધીમાં પુરેપુરૂં હું આપીશ પરંતુ કદાચ તે પ્રમાણે આપવા કસુર કરતો પાટણુની બજારમાં સારામાં સારા ઉંચા અને ચડીઆતા તેલનો સવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ જે ભાવ હશે તે ભાવ પ્રમાણે તમને જેટલુ તેલ આપવું બાકી રહેલ હશે તેની કીમતનાં નાણું આઠઆનાના ચડતા વ્યાજે આપીશ.

સદરહુ પચાસ મણુ તેલ જ્યાંસુધી તમોને પુરેપુરૂં આપું નહીં ત્યાં-હાંસુધી મેં લીધેલા ત્રણુસો રૂપીઆ પેટે માહારી તમામ સ્થાવર જંગમ મીલકત જવાબદાર છે. તેમજ સદરહુ કરાર પ્રમાણે વરતવામાં માહારી કસુરને લઇને તમોને જે જે ખરચ ત્થા નુકશાન થાય તેમજ કોર્ટમાં દાદને પોચતાં જે જે ખરચ કરો તે તમામ ત્થા તેલ આપવામાં કસુર કરેલ તેલનાં નાણાં આઠ આનાના બ્યાજે જે થાય તે એ બધુ ખરચ હું આપીશ. આ દસ્તાવેજ રાજી ખુશીથી મે લખાવી આપેલ છે તે માહારે ત્થા માહારા વાલીવારસો સરવેને કબુલમંજુર છે. લી. ઠકર. જેરામ મનસુખ રહેવાસી ગામ થરાદ ધણી બેની રજુ વાતે ઘાંચી જેઠા રાયચંદના કહેવા પ્રમાણે લખીઆપેલ છે અને માહારા રૂબરૂ રૂ. ૩૦૦) જેઠાએ લીધા છે.

અત્ર મતુ	તત્ર સાખ.
૧ થરાદના ઘાંચી. જેઠા રાયચંદ મતુ મતાના દસકત ખુદ પોતાના રૂપીઆ ત્રણુસો પોચ્યા છે દસ્તાવેજ કબુલ છે.	૧ શેઠ. જેઠાલાલ વજેચંદ રેવાસી થરાદના સાખ. દા. ખુદ.
	૧ લી. ઠકર જેરામ મનસુખ ઘાંચી જેઠા રાયચદ કહેવાથી લખી આપેલ છે.

ઉન વીગેરેનાં બાનાં લેવા અને ખરીદ કરવાનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહ સુદી ૨ તારીખ ૧૭-૧-૧૯૧૫ રવીવાર દીને ખોજા મહમદ જાફ્ફર જુમાભાઇની કુંપની તરફથી તેમના એજંટ વઢવાણુના શેઠ કસતુર કાલીદાસ તરફના ઠકર જયરામ નારણુજી રહેવાસી ધ્રાંગધ્રા જોગ લખી આપનાર રબારી બેચર કમા તથા રબારી જગમાલ વણારસી તથા રબારી નથુ રામા રહેવાસી ગામ સુરવાળ તાલુકે હારીજ તાબે વડોદરા સ્ટેટ જત આ દસ્તાવેજથી લખી આપી બંધાઇએ છીએ કે અમો ત્રણે જણુાના ઘેટાંની જેટલી ઉન થાય તેટલી તમામ ઉન ફાગણુ માસની મોસમની (લાણુની) તમોને આપવા બધાઈ એ છીએ નંબર એકનારબારી બેચર કમાને ઉન મણુ ૬૦) સાયઠ થશે અને તેણે તેની ઉનના બાનાના રૂ. ૨૦) વીશ રૂપીઆ તમારી પાસેથી લીધા છે નંબર ૨ ના રબારી જગમાલ વણારસીને ઉન મણુ ૪૦ થશે તેણે રૂ. ૧૫) બાનાના લીધા છે અને નંબર ૩ ના રબારી નથુને ઉન મણુ ૩૦) થશે

તેણે બાનાના રૂ. ૧૦) લીધા છે. આ પ્રમાણે અમો ત્રણે જણાએ મલી ઉન મણુ એકસોત્રીશ તમોને આપવાનુ સાટું કરેલ છે. તે ઉનની કીમત મણુ એક ઉનના રૂ. ૧૬) સોલ રૂપીઆના ભાવે ઉન જોખતે વખતે જેટલી કીમત થાય તેટલાં નાણાં ગણી લઇ ઉન તોલી આપવાની શરત છે અને લીધેલ બાનાના રૂપીઆ તે વખતે મજરે આપવા અગર તમોને પાછા આપવાના છે. અમે ત્રણેએ મલી બાનાના રૂપીઆ ૪૫) લીધા છે મણુ એકના રૂ. ૧૬ ના ભાવે ઉન મણુ ૧૩૦) સવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના પ્રથમ આપવા અમો ત્રણેજણા બંધાઇએ છીએ અને તે માટે અમો જવાબદાર છીએ. અમારી ઉન ઉપર આજથી તમારી માલીકી અને હક છે અમારાથી આ ઉન કોઇને આપી શકાય કે વેચી શકાય નહી કદાચ તે પ્રમાણે કરીએ તો તે અમારી ઉન અમોએ જેને આપી હોય તેની પાસેથી લેવા તમો હકદાર છો આ ઉન મણુ ૧૩૦) તોલી આપતાં સુધી તેની કીમતના રૂપીઆ જે થાય તે તમારી પાસે અમારા અનામત છે એમ જાણવાનુ છે અને તેથી ફાગણની લાણની અમો ત્રણે જણની ઉન ઉપર આજથી માલીકી હક અને કબજો તમારો છે.

ઘેટાં ઉપર હાલ જે ઉન છે તે તમારા કબજા અને માલીકી હકની છે અને તમારા તરફથી માત્ર ઉન ઉતરતાં સુધી તે ઉન સાચવવા અને તૈયાર થયે કાતરવા પુરતો અમારો કબજો છે તે શીવાય અમારો કબજો અને હક ઘેટાં ઉપરની ઉન ઉપરથી અમો આજથી લઇ લઇએ છીએ

આ પ્રમાણે દસ્તાવેજમાં લખેલ તમામ હકીકતનો અમલ અમો બરાબર કરીશુ તેમાં કાંઈ પણ કસુર કરીશુ નહી કદાચ કસુર કરીએ તો તે બાબત અમારા ઉપર ઈલાજ લેવામાં તમોને જે જે ખરચ અને નુકશાન થશે તે તથા કોર્ટમાં જે કાંઇ ખરચ અને નુકશાન થશે તે તમામ અમો આપીશુ તેમજ સંવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ સુધીમાં જેટલી ઉન આપવામાં કસુર કરી હશે તેટલી ઉનનો સારામાં સારી ઉનનો હારીજની બજારમાં વૈસાક સુદી ૨ ના રોજ જે ભાવ હશે તે ભાવથી ગણતાં તમોને જે નુકશાન થયું હશે તે નુકશાનની રકમ તથા બાનાની લીધેલ રકમ આડ આનાના વ્યાજથી આપીશુ આ દસ્તાવેજનો અમલ અમો ત્રણે પાસેથી અગર ત્રણ પૈકી ગમે તે એક માણસ પાસેથી તમો કરાવવા હકદાર છો અને તે પ્રમાણે અમો જવાબદાર છીએ.

કદાચ ઉનનો ભાવ કમતી થવાથી અગર ઉન તમોને ઉપયોગમાં આવે નહી એવી ઉન અમારી જણાયાથી તમો આ કરાર તોડશો અગર

કરાર વીરૂદ્ધ વરતશો તો તેમા અમોને જે જે નુકશાન થશે તેમજ જે જે ખરચ થશે તે તમામ અમો તમારી પાસેથી લઇશુ. આ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી કરી આપેલ છે અને તે અમારા વશ. વાલી વારસો સરવેને કબુલ મંજુર અને બંધનકારક છે. લી. સુરવાળના પંડયા જેરામ જેઠારામ, રબારી ત્રણેજણા રૂબરૂ તેમના કહેવા પ્રમાણે લખી આપેલ છે

અત્ર	મતુ અત્ર	સાખ
૧ રબારી બેચર કમા મતુ	૧ શેઠ મોતીલાલ કરસનદાસ સાખ દા ખુદ	
૧ રબારી જગમાલ વણારસી મતુ	૧ પટેલ જેઠા જગમાલ સાખ દા. ખુદ	
૧ રબારી નથુ રામા મતુ ત્રણે જણના મતાના અક્ષર શેઠ ન્યાલચંદ મોહનલાલ ત્રણે રબારીના કહેવાથી મતુ કરી આપેલ છે.	૧ લી. પંડયા જેરામ જેઠારામ રબારી બેચર તથા જગમાલ તથા નથુના કહેવાથી લખી આપેલ છે.	

ઉન ખરીદીનો ટુંકો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના મહા સુદી ૨ તા. ૧૭–૧–૧૯૧૫ રવીવાર દીને મુબાઇના ખોજા વલીમામદ જુમાભાઇની કંપનીના એજંટ ધ્રાંગધ્રાના દવે મગનલાલ તુલશીદાશ તરફથી ખરીદી કરનાર ઠકર જયરામ કાલીદાશ જોગ લખી આપનાર ભરવાડ નથુ બેચર તથા જગમાલ રામા તથા હરી ગણેશ તથા કમા વસુ તથા મયા નથુ જાતે ભરવાડ રહેવાસી ગામ સીતાપુર તાબે ધ્રાંગધ્રા જત આ દસ્તાવેજથી લખી આપી બંધાઇએ છીએ કે સં. ૧૯૭૧ ની સાલની પહેલી લાણુ ફાગણ માસની અમો તમામે મલી તમોને ઉન મણ ૨૫૦) બસો પચાશ મણ આપી છે અને તેનો ભાવ મણ એક ઉપર અમો તથા તમોએ મલી રૂ ૧૮) અઢાર રૂપીઆ નકી ઠરાવેલ છે આ ઉન તૈયાર થાય કે તુરત તોલી આપવાની છે અને તોલતાં જેટલા મણ ઉન થાય તેનાં નાંણાં મણ એકના રૂપીઆ અઢાર પ્રમાણે તમારી પાસેથી લેવાં કરેલ છે સદરહુ અઢીસો મણ ઉન તમોને આપવા કરાર કરેલ છે તેના પેટે બાનાના રૂપીઆ ૧૦૦) સો રૂપીઆ તમારી પાસેથી અમોએ એટલે તમામ જણ વતી અને તરફથી ભરવાડ

નથુ બેચરે લીધા છે સદરહુ અઢીસો મણુ ઉન છેવટમાં છેવટ સં. ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ સુધીમાં અમો તમોને તોલી આપીશું તે પ્રમાણે આપવામાં કસુર કરીએ તો સં. ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ ધ્રાંગધ્રાના બજારમાં સારામાં સારી ઉનનો જે ભાવ હશે તે ભાવ પ્રમાણેના નાણાં ગણતાં રૂ ૧૮) થી જેટલો ભાવ વધારે હશે તેટલાં ભાવ પ્રમાણે અઢી સોમણ ઉનની કીમત જે થશે તે વ્યાજ સાથે અમો તમોને મજરે આપીશું એટલે કે રૂ ૨૦) ભાવ હશે તો રૂ ૫૦૦) પાંચસો રૂપીઆ તમોને નુકશાન થયુ તે અમો પાંચે ભરવાડો અગર પાંચ પૈકી દરેક માણુસ તે આપવા જવાબદાર છીએ અને તે પ્રમાણે આપવામાં કસુર કરીએ તો તમોને જે જે ખરચ થશે તે ખરચ સાથે ઉનની નુકસાની વ્યાજ સાથે અમો પાંચ જણા અથવા પાંચ પૈકી ગમે તે ઇસમ આપવા બંધાઈએ છીએ અને તમો ગમે તે એક ઇસમ પાસેથી પણ વસુલ લેવા હકદાર છો આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી કરી આપેલ છે તે અમારા વંશ વાલી વારસો સરવેને કબુલ મંજુર અને બધન કારક છે લી. શેઠ વાડીલાલ મયાચંદ પાંચે ભરવાડોના કહેવાથી લખી આપેલ છે.

ટીપ.

૧ જે કંપની અને જે એજંટ તરફથી ઉનની ખરીદી થતી હોય તે નામો અવશ્ય આવવાં જોઇએ કારણ કે ખરીદ કરનાર ઇસમને ખરીદીમાંથી કાઢવો પડે અગર ખરીદ કરનારને પોતાને જવું પડે અગર ખરીદ કરનારને કંપનીને બીજા દેશમાં મોકલવા જરૂર પડે ત્યારે તે કંપનીનો કોઇ પણ માણુસ દસ્તાવેજનો અમલ કરી શકે અને તે પ્રમાણે ગમે તે કંપનીનો માણુસ દાવો પણ લાવી શકે. આવા દસ્તાવેજો અરસ પરસ બને જણા પાસે હોવા જોઇએ તમામ જાતના દસ્તાવેજ અરસ પરસ હોય તો વધારે સારૂં.

૨ વળી કંપની ત્થા એજંટના નામથી દસ્તાવેજ થયા હોય તો તે ઉન તે કંપનીની હોવાનુ નકી થાય છે ભાવ વધી જાય તો ખરીદ કરનાર પોતાના તરફથી ખરીદી છે એમ કહી શકે નહી.

૩ જે જે શરત કરી હોય તે તે શરત ચોખી સમજાય તેમ દસ્તાવેજ અંદર લખવી જોઇએ.

અત્ર	મતુ	અત્ર	સાખ
૧ ભરવાડ નથુ બેચર મતુ		૧ શેઠ જેઠા અમુલખની સાખ	
૧ જગમાલ રામા મતુ		દા ખુદ.	
૧ હરી ગણેશ મતુ.		૧ પટેલ તુલસી રામાની સાખ.	
૧ કમા વસુ મતુ.		દા. શેઠ જીવણ અમુલખ.	
૧ મયા નથુ મતુ.		૧ લી. શેઠ વાડીલાલ મયાચદ	
પાંચે જણના મતાના અક્ષર		પાંચે ભરવાડોના કહેવા પ્રમાણે	
ઠકર. ગીરધર મનસુખ.		લખી આપેલ છે.	

માલ તોલી લેતાં નાણાં આપવાની શરતનો દસ્તાવેજ.

સંવત્ ૧૯૭૧ ના માહ સુદી ૨ તા ૧૭—૧—૧૯૧૫ રવીવાર દીને શેઠ વમળસી પીતામ્બર ગ્નાતે વીશા શ્રીમાલી વાણીઆ રહેવાસી થરાદ. જોગ લખી આપનાર ઠકર નાગજી વખતરામ ગ્નાતે લુહાણા રહેવાસી ગામ થરાદ જત આ દસ્તાવેજથી લખી આપી બધાઉ છું કે સંવત ૧૯૭૧ ની સાલની નીંપજના થરાદ તાલુકાની સીમના એરડા મણ ૫૦૦) પાંચસોહો મણ તમોને સ. ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ માહારે તોલી આપવા અને તેની કીમતના નાણાં મણ એકના રૂ ૧—૮—૦ પ્ર· માણે પાંચસોહો મણના રૂ. ૭૫૦) અકે રૂપીઆ સાતસોહો પચાશ તમારી પાસેથી મારે એરડા તોલતાં ગણી લેવા એવો કરાર કરેલ છે આ એરડા થરાદની બજારમાં માહારી દુકાને તોલી આપવાના છે અને એરડા તોલી તમોને આપતાં સુધીનુ તોલ વીગેરેનુ તમામ ખરચ મારે માથે છે સંવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ કરાર પ્રમાણેની શરતવાળા એરંડા આપવામાં હુ કાઈપણ કસુર કરૂ તો તે તારીખે એટલે વૈસાક સુદી ૨ ના રોજ થરાદની બજારમાં થરાદ તાલુકાના એરડાનો જે ભાવ હોય તે ભાવ પ્રમાણે ગણતાં જે નાણાં વધે તે તમોને માહારે આપવા કરેલ છે અને કદાચ ભાવ ઘટવાથી તમો એરંડા તે તારીખે એટલે વૈશાક સુદી ૨ ના રોજ તોલી લેવામાં કસુર કરોતો પાંચસો મણ એરંડા હું વેચી નાંખીશ અને મને દોઢ રૂપીઆથી મણ એક ઉપર જેટલો ભાવ ઓછો આવશે તેટલા ભાવ પ્રમાણે પાચસોહો મણ એરડાની જે કીમત થશે તેટલી કીમત વ્યાજ સાથે વસુલ લઈશ આ દસ્તાવેજ એક બીજાએ બરાબર પાળવાનો છે અને તે પાળવામા કસુર કરનારે જે નુકશાન થશે તે નુકશાન થનારને પુરતું નુકશાન આપવાનુ છે આ દસ્તાવેજ રાજી ખુશીથી કરી આપેલ છે અને તે માહારા વશ વાલી વારસો સરવેને

કબુલ મંજુર અને બંધનકારક છે લી. શેઠ મણીલાલ વજેચંદ ધણી જણ એના કહેવાથી લખી આપેલ છે.

અત્ર. મતુ. અત્ર સાખ.

૧ ઠક્કર નાગજી વખતરામ મતું ૧ શેઠ દલસુખ જેચંદ સાખ
દા. ખુદ. દા ખુદ.

૧ લી. મણીલાલ વજેચંદ ધણી
જણ એના કહેવાથી.

સોનું ચાંદી ખરીદીના કરારનો દસ્તાવેજ.

સવત ૧૯૭૧ ના માહ સુદી ૨ તા. ૧૭-૧-૧૯૧૫ રવીવાર દીને સોની ગીરધરલાલ હરનારાયણ રહેવાશી ગામ વીરમગામ જોગ લખી આપનાર ઝવેરી અમૃતલાલ હરીચદ જ્ઞાતે વીશ શ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ વીરમગામ જત આ દસ્તાવેજથી લખી આપી બધાઉ છું કે સોનું અસલ ગલીનું ગલીની છાપવાળુ અસલ લગડીઓ તોલા સો તથા ચીનાઇ ચાદી તોલા ૩૦૦) ત્રણસો તોલા સવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ તમોને આપવા અને તેની કીમત સદરહુ સોનાના તોલે એકે રૂ ૨૫) પ્રમાણે રૂ. ૨૫૦૦) તથા સો તોલા ચાંદી ઉપર રૂ ૭૫) ના હીસાબે રૂ. ૨૨૫) મલી કુલ રૂ. ૨૭૨૫) અંકે રૂપીઆ બે હજાર સાતસો પચીશ લેવા કરાર કરેલ છે. સદરહુ કરાર પ્રમાણે સોનુ અને ચાંદી વીરમગામના તોલાના હીસાબે પુરેપુરૂ બરાબર આપીશ અને સદરહુ ભાવ પ્રમાણે નાણાં લઇશ તેમાં કાઇ કસુર કરીશ નહી કદાચ કસુર કરૂ તો સવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ વીરમગામ બજારમા ગલીના સોનાનો તથા ચીનાઇ ચાંદીનો જે ભાવ હોય તે ભાવ પ્રમાણે ગણતાં જેટલો ભાવ સોનાનો રૂ. ૨૫) થી વધારે હોય તથા ચાંદીનો ભાવ રૂ ૭૫) થી વધારે હોય તેટલાં વધારાનાં નાણા માહારે તમોને મજરે આપવાં કરેલ છે અને કદાચ સોનાનો ભાવ રૂ. ૨૫) થી કમતી હશે તથા ચાદીનો ભાવ રૂ ૭૫) થી કમતી હશે અને તેથી તમો ચાંદી સોનુ તોલી લેવામાં કસુર કરશો તો તે કમતી ભાવના જે નાણાંનું મને નુકશાન થશે તે તમામ તમારી પાસેથી વસુલ મજરે લઇશ. આ કરાર અરસપરસ બન્ને જણાએ પાળવો

તમામ જાતના દસ્તાવેજો અરસપરસ એકબીજાની પાસે હોય તો વધારે ઉપયોગી થઈ પડે. પરતુ આવા દસ્તાવેજ તો જરૂર બંને પાસે રાખવા.

કરેલ છે અને તે નહી પાળવાથી જે પક્ષકારને નુકશાન થશે તે નુકશાન થનારને આપવાનું છે આ દસ્તાવેજ રાજીખુશીથી કરી આપેલ છે અને તે માહારા વંશ વાલીવારસો સરવેને કબુલમંજુર અને બંધનકારક છે. લી. શેઠ નગીનદાસ ચત્રુભુજ ધણી જણુ એના કહેવાથી લખી આપેલ છે.

અત્ર. મતુ.

૧ ઝવેરી અમૃતલાલ હરીચંદ
મતુ દસકત ખુદ. પોતાના.

અત્ર. સાખ

૧ શેઠ વૃજલાલ મયાચંદ સાખ
દા. ખુદ.

૧ લી. શેઠ નગીનદાસ ચત્રભુજ
ધણી જણુ એના કહેવાથી લખી-
આપેલ છે

રૂના સાટાના કરારનો દસ્તાવેજ.

સવત ૧૯૭૧ ના માહ સુદી ર તા ૧૭–૧–૧૯૧૫ રવીવાર દીને શેઠ. અમુલખ ગીરધર ગ્નાતે વૈશ્નવ વાણીઆ રહેવાસી વીરમગામ જોગ લખીઆપનાર પાટીદાર અમૃતલાલ હરગોવીદ ગ્નાતે કણબી રહેવાસી વીરમગામ જત આ દસ્તાવેજથી લખી આપી બંધાઉછું કે વઢીઆર પરગણા અંદરનાં ચાલુ સકાલીઆ જે નીપજે તે સકાલીઆનુ ૭૧ાનું લોઢેલ રૂ મણ ૨૦૦) બસો મણ રૂ સંવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ તમોને હું તોલી આપીશ અને તેની કીમત મણ રૂ એકના રૂ. ૧૦) ના ભાવથી રૂ. ૨૦૦૦) રૂપીઆ બેહજાર થાય તે રૂ તોલી લેતી વખતે તમારી પાસેથી લેવા ઠરાવેલ છે આ રૂ બસો મણ માહારી દુકાને મણ એકના શેર ૪૦ અને શેર એકના રૂપીઆભાર ૪૦ ના હીસાબે તોલીઆપવાનું છે તોલીને રૂ તમોને આપતાં સુધીનું તોલામણી—મજુરી વીગેરે ખરચ અમારે એટલે અમૃતલાલે આપવાનુ છે.

સદરહુ કરાર પ્રમાણે બસો મણ રૂ હું તમોને આપીશ અને તેનાં નાણાં બેહજાર તમારી પાસેથી લઇશ તેમા કાંઇપણ કસુર કરીશ નહીં કદાચ કસુર કરૂં તો સંવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૨ ના રોજ વીરમગામની બજારમાં સારામાં સારા રૂનો જે બજારભાવ હશે તે પ્રમાણે ગણુતાં મણ એકના રૂ. ૧૦) ઉપરાંત જે ભાવ હશે તેટલા ભાવનાં વધારાનાં નાણાં બસો મણનાં હુ તમને આપીશ અને રૂનો ભાવ કમતી થવાથી તમો રૂ લેવામા કસુર કરશો તો જેટલો ભાવ કમતી હશે તેટલો ભાવ તથા સદરહુ રૂ વેચવામા મને જે જે નુકશાન થશે તે તમામ તમારી

પાસેથી મજરે લઇશ. એક બીજાની કસુરથી જે નાણાં આપવાં લેવાં પડે તે સંવત ૧૯૭૧ ના વૈસાક સુદી ૫ ના રોજ આપવાં અને લેવાં કરેલ છે અને તે પ્રમાણે આપવામાં કસુર થાય તો વૈસાખ સુદી ૫ ના રોજની તારીખથી આઠઆના પ્રમાણે વ્યાજ આપવાનુ અને લેવાનું છે આ દસ્તાવેજ રાજીખુશીથી કરી આપેલ છે અને તે માહારા વંશ વાલીવારસો સરવેને કબુલમજુર અને બંધનકારક છે લી. શેઠ. રતીલાલ દુલ્લેરાય ધણી જણ એના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ તત્ર સાખ.

૧ પાટીદાર અમૃતલાલ હરગોવીંદ મતુ દા. ખુદ પોતાના

૧ શેઠ. જેઠાલાલ ચતુર સાખ દા. ખુદ.

૧ લી. શેઠ. રતીલાલ દુલ્લેરાય દા. ખુદ

ઉન ખરીદ માટે એજંટ સાથેના કરારનો દસ્તાવેજ.

શંવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તારીખ ૧૭–૧–૧૯૧૫ રવીવાર દીને ખોજા મહમદ જાફર જુમાભાઇની કુંપની જ્ઞાતે મુસલમાન ખોજા રહેવાસી મુળ ધોરાજી હાલ મુબાઇ ત્રાંબા કાંઠે દુકાન નબર ૪૫૮ જોગ લખી આપનાર વઢવાણના શેઠ અમરસી પીતામ્બર જ્ઞાતે વીશા શ્રીમાલી વાણીઆ રહેવાસી વઢવાણ શહેર જત આ દસ્તાવેજથી લખી આપી બધાઉ છુ કે આપની તરફથી ઉન ખરીદ કરવા મને આપે એજંટ તરીકે રાખી માહારી સાથે ઉન ખરીદીનુ કામ લેવા કરાર કરેલ છે તેની શરત નીચે પ્રમાણે છે

માહારે પગાર લેવાનો નથી પણ મણ એક ઉન ઉપર ચાર આના કમીશન લઇ તે કમીશનના બદલામાં ઉન ખરીદ કરવાની છે વઢવાણ શહેર છોડી હું જયા જઈશ ત્યાનુ થર્ડ કલાસ રેલવે ખરચ માહારૂં ખાવા ખરચ પગ રસ્તામા જવુ પડે ત્યાનુ વાહન ખરચ જયા રહેવુ પડે ત્યાં મકાન ખરચ તથા પોષ્ટ ખરચ વીગેરે ઉન ખરીદીના કામ અગે જે જે ખરચ થશે તે આપને એટલે ખોજા મહમદ જાફર જુમાભાઇને આપવાનું છે અને ઉનની ખરીદીની રકમ પણ પ્રથમથી જે જે પ્રમાણે મંગાવવામાં આવે તે તે પ્રમાણે આપે અમારા તરફ મોકલવાની છે આપની રકમ-

---

આવા દસ્તાવેજ અરસપરસ રાખવામા આવે ત્યારે લખનાર અને લખાવી લેનારનુ નામ ફેરફાર કરી બે જુદા દસ્તાવેજને લખવા.

માંથી અમારે ઉનની ખરીદી કરવાની છે અને મણુ ઉન ઉપર ચાર આના પ્રમાણે અમારૂં કમીશન ચડાવી જેટલી ઉન અમારી મારફતે ખરીદ થાય તે પ્રમાણેનું તેટલી ઉનનું ચાર આના પ્રમાણે કમીશન તમારી પાસેથી અમારે લેવાનુ છે.

ઉન ખરીદ કરવાના કામમાં જેટલા માણુસો રાખવા પડે તેટલા માણુસો તમારા ખરચથી અને તમારા પગારથી અમોને રાખવા નીમવા અધીકાર છે અને જે જે નોકરો જેવી જેવી શરતથી રાખીશુ તેની તુરત તમોને ખબર આપતા રહીશુ અને તેવા નોકરોનુ ખરચ અને પગાર તમારા તરફથી જે રકમ ઉન ખરીદી માટે અમારા તરફ આવશે તેમાથી અમો આપીશું તેમાં તમારી પ્રવાનગી લેવાની નથી.

તમારી કુંપની સીવાય કોઇપણુની ઉન અમો ખરીદી શુ નહીં તેમ અમારા તરફથી પણુ અમો લઇશુ નહી કદાચ તે પ્રમાણે વરતવામાં કસુર કરીએ અને કાંઇ ઉન ખરીદ કરી હશે ઉન ખરીદ કરી બીજાને આપી હશે તો તે તમામ ઉન ઉપર તમારો માલીકી હક છે અર્થાત અમારા તરફથી જે જે ઉન ખરીદ થાય તે અમારી ખુદની હોય કે બીજા કોઇની હોય તે તમામ ઉપર તમારો હક છે.

ઉન ખરીદી બાબતનો તમામ જાતનો હીસાબ બરાબર અને સ્પષ્ટ વીગતવાર સમજાય તેવો હુ રાખીશ નામુ ઠામુ બરાબર ચોખું રાખીશ તેમજ નેક ઇમાનદારીથી બરાબર વરતીશ અને તમારા જે નાણાં માહારી પાસે આવશે તે તમામનો પુરેપુરો હીસાબ હું તમને આપીશ કોઇ પણુ હકીકત પત્રથી કે મોઢેથી અગર બીજી રીતે ખોટી જાહેર કરીશ. નહી તેમ સમજાવીશ નહી. કદાચ કોઇ બાબતમાં તેમજ હીસાબની રકમમાં કાંઈ શકા રહેશે તો તે બાબત તેની ચોખવટ કરી આપની સતોષકારક ખાત્રી કરી આપીશ અને જે જે બાબત માટે તેમજ રકમ માટે ખાત્રી કરી આપવામાં કસુર કરૂં તો તેનો હું જવાબદાર થઇશ કોઇપણુ બાબતમાં કોઇ પણુ જાતની કસુર કરીશ નહી.

કદાચ સદરહુ દસ્તાવેજમાં લખેલ કરાર વીરૂદ્ધ હું વરતું અને તેથી તમોને જે જે નુકશાન થાય તેમજ માહારી સામે જે જે ઇલાજો લેવા પડે તેમાં જે જે ખરચ થાય તથા કોર્ટમાં જતાં ફરીઆદના કામમાં જે જે ખરચ થાય તે તમામ જાતનુ ખરચ તથા તમોને થએલ નુકશાની અને હીસાબ આપવામા જેટલી રકમ બાકી રહેતી હોય તે રકમ એમ મળી જે રકમ થાય તેટલાં નાણાં તમો અમારી હરેક જાતની મીલકતથી તથા

જાતથી તથા વંશ વાલીવારસો પાસેથી લેવાને હકદાર અને મુખ્તયારિ છો અને તે પ્રમાણે આપવા હું બંધાઉ છુ,

આ દસ્તાવેજ રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી બરાબર સમજી વીચાર કરી તન્દુરસ્તીની હાલતમા લખી આપેલ છે તે અમોને તેમજ અમારા વશ વાલી વારસો સરવેને કબુલ મજુર અને બધન કારક છેલી શેઠ અમરસી પીતામ્બર દા. ખુદ

અત્ર મતુ	તત્ર સાખ
૧ **શેઠ અમરસી પીતામ્બર** રહેવાસી વઢવાણ મતુ દા. ખુદ પોતાના મુબાઈ શહેરમા લખી આપેલ છે.	૧ **શેઠ જેઠાલાલ જગજીવન** શાખ દા ખુદ
	૧ **શેઠ મણીલાલ ઉજમ** શાખ દા ખુદ.
	૧ **લી શેઠઅમરસી પીતામ્બર** દા. ખુદ

ઉન ખરીદ કરનાર એજંટે રાખેલ માણસ સાથેના કરારનો દસ્તાવેજ.

સવત ૧૯૭૧ ના મહા સુદી ૨ તારીખ ૧૮–૧–૧૯૧૫ રવીવાર દીને શેઠ અમરસી પીતામ્બર ગ્નાતે વીશાશ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ વઢવાણ શેહેર જોગ લખી આપનાર ઠક્કર જેઠાલાલ જગજીવન ગ્નાતે લુહાણા રહેવાસી, રાજકોટ જત આ દસ્તાવેજથી લખી આપી બધાઉ છુ કે તમોએ મને ખોજા મહમદ જાફર જુમાભાઇ કપની તરફથી ઉન ખરીદ કરવા માટે ચાલુ સાલ એક વરસ માટે રાખેલ છે ચાલુ સાલની બેલાણનું કામ હું પુરેપુરૂ કરીશ અને બેલાણના રૂ ૧૨૫) તમારી પાસેથી લઈશ માહારૂં વાહન ખરચ તથા ખોરાક ખરચ તમામ તમારે માથે છે. ઉન ખરીદીના કામ માટે તમારૂ ખરચ થવા ઉપર ચોખે ચોખા રૂ ૧૨૫) માહારે લેવાના છે અને તમો કહો ત્યારે કહો તે દેશમા અગર ગામે માહારે જવાનુ છે અને તમારા કહેવા પ્રમાણે માહરે તમામ કામ કર વાનું છે તમો જ્યા જ્યાં કહેશો ત્યા ત્યાં જઈ તમારી સુચના પ્રમાણે ઉન ખરીદીનુ કામ કરીશ અને ઉન ખરીદવા તથા ખરચ માટે જે રકમ તમારી તરફથી તેમજ કંપની તરફથી મને પરબારે મલશે તે તમામનો હીસાબ હું તમને વીગતવાર બરાબર પુરેપુરો આપીશ હું ચાલુ સાલે આ

તમારા તરફની ઉન ખરીદા શીવાય કાંઇ પણ જાતનો વેપાર-સાટું. કે સટો કરીશ નહી તેમ માહારા તરફથી કાંઇ ખરીદ કરીશ નહી તમો જયારે જયારે હીસાબ જોવા માગશો ત્યારે ત્યારે બરાબર વીગતવાર રજુ કરીશ તેમાં કાંઇ કસુર કરૂ અગર માહારા લીધે તમોને કાંઈ નુકશાન થાય કે હીસાબ ખાત્રીબધ પુરેપુરો આપુ નહી અથવા ઉન બાબતમાં કાંઇ પણ જાતની કસુર કરૂ તો તે તમામ બાબતમાં આપને જેટલી રકમનુ નુકશાન થાય તથા તે માટે કોર્ટમાં ફરીઆદ કરવા જવું પડે અને તેમાં જે ખરચ થાય તે તમામ રકમ તમો માહારી હરેક તરેહની મીલકતથી તથા જાતથી તથા વશ વાલી વારસદારો પાસેથી વસુલ લેવા હકદાર છો અને તે પ્રમાણે અમો આપવા જવાબદાર છીએ આ દસ્તાવેજ રાજી ખુશીથી મે કરી આપેલ છે તે માહારે તથા માહારા વશવાલી વારસદારો સરવેને કબુલ મંજુર અને બધન કારક છે લી. ઠકર જેઠાલાલ જગજીવન દા. ખુદ પોતાના,

અત્ર. મતુ.	અત્ર. સાખ.
૧ ઠકર જેઠાલાલ જગજીવન મતુ દા. ખુદ પોતાના	૧ શેઠ ચતુર મોતી સાખ દા. પોતાના.
	૧ લી. ઠકર જેઠાલાલ જગજીવન દા. ખુદ

વેપારીવરગમાં નોકરી કરવા મતલબનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહ સુદી ર તા. ૧૭-૧-૧૯૧૫ રવીવાર દીને શેઠ દીનસાભાઇ સોરાબજીભાઈ જ્ઞાતે પારસી રહેવાસી ગામ રાજકોટ ધધો ફરનીચર વેચવા તથા દરેક જાતના કોટ્રાકટર જોગ લખી આપનાર ઠકર રમણીકલાલ રસીકલાલ જ્ઞાતે લુહાણા રહેવાસી રાજકોટ શહેર જત આ દસ્તાવેજથી લખી આપી બંધાઉ છુ કે આજની તારીખથી આપની દુકાને માસીક રૂ. ૧૫) ના પગારથી નોકર રહેલ છું તે નોકરી આપ જે જે બતાવશો તે તે તમામ માહારે નેક ઇમાનદારીથી કરવાની છે હીસાબી કામ બતાવશો તો તે તથા ઉઘરાણી તથા વેચાણ વીગેરે તથા કોટ્રાંકટ બાબત બહારગામ જવા અને ત્યાંનું દરેક જાતનુ કામ કરવા અગર દુકાન અને ઘરસબધી જે જે નોકરી બતાવશો તે માહારે કરવાની છે રાજકોટ છોડી બહારગામ જવુ પડે તો માહારૂ તમામ જાતનું ખરચ આપે આપ-

વાનું એટલે શેઠ દીનસાભાઈના માથે છે અને દીનસાભાઈએ આપવાનું છે અને જે જે કામ બતાવવામાં આવશે તે તે સુચના પ્રમાણે બરાબર રીતે કરીશ તેનો તમામ હીસાબ વીગતવાર આપીશ અને જે બાબત શંકા રહેશે તે બાબત ખાત્રી કરાવી અગર કરી આપીશ માહારી કસુરથી કોઇ પણ જાતનું નુકશાન થવા આપીશ નહીં તેમ કોઇપણ જાતની કસુર કરીશ નહી તેમ બીજો કોઇ વેપાર, ધંધો, સાટુ, ખરીદી, સટો, કરીશ નહી. તેમજ કોઇપણ હકીકત જુઠી જાહેર કરીશ નહીં કે જુઠી હકીકત સમજાવીશ નહીં અને દરેક કામ નેક ઇમાનદારીથી પ્રમાણીકપણે બરાબર કાળજી રાખી કાંઇપણ કસુર કર્યા વગર કરીશ અને તે પ્રમાણે કરે જાઇશ કદાચ માહારી કોઇપણ કસુરને લીધે આપને જે નુકશાન થશે તે હું આપીશ અને તે પ્રમાણે આપવામા કસુર કરૂ અને તે બદલ આપ માહારી સામે ઇલાજ લેવામાં જે જે ખરચ કરશો તે ખરચ સાથે થએલ નુકશાન હું આપવા બધાઉ છું અને તે પ્રમાણેની તમામ રકમ માહારી હરેક જાતની મીલકતથી તથા જાતથી તથા વશ વાલીવારસદારો પાસેથી આપ લેવા હકદાર છો અને અમો જવાબદાર છીએ આ દસ્તાવેજ રાજીખુશીથી બરાબર સમજીને કરી આપેલ છે તે માહારા વશ વાલીવારસો સર્વેને કબુલ મંજુર છે અને બધનકારક છે લી. ઠકર રમણીકલાલ રસીકલાલ સહી. દા. ખુદ. પોતાના.

રસોઇ કરવા માટે રાખનાર ઇસમે રસોઇઆ પાસેથી કરાવી લેવાનો દસ્તાવેજ.

સંવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તા ૧૭-૧-૧૯૧૫ રવીવાર દીને શેઠ. નગીનદાસ માણેકલાલ જ્ઞાતે વૈશ્નવ વાણીઆ રહેવાસી અમદાવાદ જોગ લખીઆપનાર ત્રવાડી રવીશંકર હરજીવન જ્ઞાતે ભટમેવાડા બ્રાહ્મણ રહેવાસી સારંગપુરનીપોળ અમદાવાદ જત આ દસ્તાવેજથી લખીઆપી બંધાઉછુ કે તમારેત્યાં માસીક રૂ. ૮) ના પગારથી રસોઇ કરવા નોકર રહેલછું તેની શરત એવી છે કે માહારા ખાવા પીવા તથા પહેરવા કપડાં વીગેરેનુ તમામ ખરચ આપે એટલે શેઠ. નગીનદાશે આપવાનું છે અને તે ઉપરાંત દરમાસે રૂ. ૮) પગારના આપવાના છે તેના બદલામાં આ-

---

અમુક વરસ નોકરી કરવાની બધી કરી હોય તો લખવુ કે ત્રણ વરસ નોકરી કરવાની શરતે રહું છુ ત્રણ વરસ પ્રથમ આપનાથી રજા અપાય નહીં અને ત્રણ વરસ પુરાં થવા પહેલાં માહારાથી નોકરી છોડાય નહીં.

પના ઘેર સહવાર સાંજ આપ જે પ્રમાણે કહો તે પ્રમાણે ગમેતેટલાં માણસો હોય તે તમામ માણુસોની રસોઈ માહારે કરવી અને આપને પીરસી જમાડવા વીગેરે રસોઇનું કામ કરવાનુ છે તેમજ તમો બહારગામ જાઓ અને મને સાથે લઇજવા માગોતો હીદુસ્તાનમાં ગમેતે ઠેકાણે તમારી સાથે આવીશ અને તે બાતનું જતાં આવતાનુ રેલવે વાહન અને ખોરાક ખરચ તમારે આપવાનુછે. આ પ્રમાણેની નોકરી બરાબર ત્રણ વરસ સુધી નેક ઇમાનદારીથી કાંઇપણ કસુર કર્યાવગર કરીશ ત્રણ વરસ સુધી તમો મને રજા આપીશકો નહીં તેમ હુ છુટો થઇશકું નહી કદાચ ત્રણ વરસ પ્રથમ તમો મને રજા આપોતો ત્રણ વરસનો પગાર હુ તમારી પાસેથી લઇશ અને ત્રણ વરસ પુરાંથવા પ્રથમ હું જતોરહુ અગર નોકરી કરૂ નહી અગર ગફ્લત કરૂતો માહારા બદલામાં તમો જે રસોઇઓ રાખો અને તે રાખવામાં તમોને રૂ. ૮) થી વધારે પગાર આપવો પડશે તે હુ તમોને ત્રણ વરસ પુરતો આપવા જવાબદારછું. રસોઇ કરવાના કામમાં અગર કોઇપણ જાતની કસુર કરીશ નહીં અને કસુર કરૂતો તમો માહારી સામે ઇલાજ લેવા અને તે પ્રમાણે ઇલાજ લેવામાં જે ખરચ થાય તે માહારી પાસેથી વસુલ લેવા હકદારછો આ દસ્તાવેજ મે માહારી રાજી ખુશીથી કરીઆપેલ છે અને તે મને તથા માહારા વંશ વાલીવારસોને કબુલમંજુર અને બંધનકારક છે

લી. ત્રવાડી રવીશંકર હરજીવન દા. ખુદ. પોતાના.

પંડયા જેગોપાળ. જગજીવનની સાખ. દા ખુદ.

પ્રકરણ ૬. પત્ર વ્યવહાર.

પત્ર વ્યવહારમાં જરૂર પુરતી સમજુત.

અરસ પરસ લખાતા શબ્દો.

બ્રાહ્મણ—બરોબરીઆને નમસ્કાર લખે છે.

બ્રાહ્મણ—મુરબીને દંડવત્ પ્રણામ લખે છે.

બ્રાહ્મણ—ગુરૂ અને તેવા બીજાને સાષ્ટાગ દંડવત્ પ્રણામ.

બ્રાહ્મણ—પોતાના આચાર્યને હર ૐ લખો સાષ્ટાંગ દડવત્ પ્રણામ જય સચ્ચિદાનંદ,

વીદ્વાનને કર્મ નીષ્ટ—વ્યવહાર દક્ષ લખી દંડવત્ પ્રમાણ લખે છે.
બ્રાહ્મણ—વાણીઆ ત્થા બીજી જાતને આશીર્વાદ લખે છે.
વાણીઆ ક્ષત્રી વીગેરે—બ્રાહ્મણોને દંડવત્ પાગે લાગું અથવા પાયે લાગું
વૈશ્નવ—વૈશ્નવનેજય શ્રીકૃષ્ણ જયગોપાળ—જયનારાયણ જયહરી.
વાણીઆ વીગેરે—પોતાનાથી મોટાને દંડવત્ અથવા પાયે લાગું.
વાણીઆ—બરોબરીઆને પ્રણામ.
શ્રાવક—માંહો માંહે જુહાર લખે છે.
રજપુત કણબી કોલી નાડોધા—એક બીજાને માંહો માંહે રામરામ લખે છે.
મુસલમાન—દુવાસલામ.
નાગર લોકોમાં—જે. જે.—જે—માહારાજ નમસકાર પ્રણામ દંડવત્ વીગેરે લખે છે.
આર્યસમાજી—નમસ્તે લખે છે.
સ્વામીનારાયણ પંથમાં—જય સ્વામીનારાયણ.
બ્રાહ્મણ વીગેરે—સ્વામી સન્યાસીને જયસચિદાનંદ.
અંબાજીનાખાશ શેવકો—જે અંબે વીગેરે લખે છે.
પારસીમાં—અન્યોઅન્ય દુવાસલામ.

ચાલુ સુધારાના શબ્દો દરેકમાં લખાય છે તે.

૧ સલામ વાંચશો. ૨ ધટીત વાંચશો ૪ કેટલાક ધર્મ અને પંથો-વાળા પોતાના ધર્મનું નામ આપી તે પણ લખે છે.

અડકના શબ્દો.

બ્રાહ્મણને—વેદ મુરતી. પુજ્ય—કર્મનીષ્ટ—વ્યવહારદક્ષ—ભટ—પંડયા—વ્યાસ—શાસ્ત્રી જોષી—દવે—ત્રવાડી—પાઠક વીગેરે ઘણી અડકો લખાય છે.

વાણીઆને—પરી. શેઠ. શા. ઝવેરી. પારેખ. દોસી, મોદી ગાંધી. કોઠારી વીગેરે ઘણી અડકો લખાય છે

કાયસ્તમાં—ઠાકોર. અને ભાટીઆ—લુવાણા ખોજા ખત્રીમાં—ઠા.—ઠક્કર.
પારસીમાં—શેઠ—કણબીમાં—પટેલ—પાટીદાર—અને કોળીમાં—પટેલ, ઠાકોર. સરકારી કામદાર વીગેરેમા—રાજ્યમાન રાજેશ્રી. રા. રા.
દીકરો વીગેરે તેવા માણસો—બાપ મામા. કાકા વીગેરે મુરબીઓને તીર્થ સ્વરૂપ

બાપ મામા કાકા વીગેરે—ભાણેજ ભત્રીજાને ચીરનજીવ.
નાનાભાઇ મોટાભાઇને—મુરબ્બી વડીલભાઇ.
મોટાભાઇ નાનાભાઇને—ચીરનજીવ—કનીષ્ટબંધુ
પઠાણને—ખાં—સૈયદને—સૈયદમીર—શેખને—શેખ—મુગલને—મીરજા.

લખવાની ખાશ રીવાજી ખબર.

હીંદુમાં આંહી ક્ષેમ કુછળતા છે આપ પણ તેજ પ્રમાણે ક્ષેમ કુશળ હશો એમ ચાહું છું.

મુસલમાનમાં આંહી ખેરસલ્લા ખેરીઅત છે આપ પણ તેમજ હશો.

હીંદુમાં ઇશ્વર પ્રતાપથી અથવા પોતે જે ધર્મને માનતા હોય તેના દેવનુ નામ આપી ખુશીમાં છીએ.

મુસલમાનમાં ખુદાના પ્રતાપથી ખુશીમાં છીએ એમ લખે છે.

આપ તન્દુરસ્ત હશો આંહી સર્વે ખુશીમાં છે.

આપ કુટુંબ સાથે તંન્દુરસ્ત હશો એમ ઇચ્છું છું.

પત્રમાં છેવટ ખાશ લખાવાના શબ્દો.

૧ તકલીફ માફ કરશો.
૨ આ તરફની શેવા ચાકરી ફરમાવતા રહેશો.
૩ આપની મેહેરબાની અને લાગણી હમેશાં યાદ આવ્યા કરે છે.
૪ આપનું હેત ઘડી પણ વીસરે તેમ નથી.
૫ આ તરફની શેવા ફરમાવવા માટે કાંઈ પણ જુદાઇ જાણશો અગર ગણશો નહીં.
૬ એકાદ વખત પધારી દર્શનનો લાભ આપશો,
૭ કામ શેવા ફરમાવી સબંધમાં વ્રદ્ધી કરશો.
૮ મળે ઘણા દીવસ થયા છે માટે એક વખત પધારી દર્શન અપાયતો વધારે સારૂં.
૯ હવે પધારવાની કૃપા કયારે કરશો !

૧૦ ઘરમાં સર્વેને ઘટીત કહેશો.
૧૧ આપને હમેશના માટે ખુશી આનંદમાં ચાહું છું.
૧૨ આ શેવકને હૃદયમાથી વીસારસો નહીં એવી આશા છે.

રીવાજી કંકોત્રી નમુના નંબર ૧.

સ્વસ્તી શ્રી અમદાવાદ માહાશુભસ્થાને પુજ્યારાધે પારેખ શ્રી. ૫ નગીનદાશ મોહનલાલ જોગ શ્રી રાધનપુરથી લી. પારેખ ગોકળદાશ ભાયચદના જુહાર વાચજો. વીશેષ અત્રે ચી. નરોતમદાસનાં શુભ લગ્ન સવત ૧૯૭૦ ના વૈસાક સુદી ૫ ગુરૂવારના નીરધાર્યા છે તે શુભ પ્રસગ ઉપર આપ સહકુટુબ પધારી મડપ શોભાયમાન કરી આનદ આપશો. આપના પધારવાથી મડપની શોભામા વૃદ્ધી પામશે. સવત ૧૯૭૦ ના ચૈત્ર સુદી ૧૩ બુધવાર.

દા. પારેખ મણીલાલ ગોકળદાસના જુહાર વાંચજો.

સુધરેલ કંકોત્રી નમુના નંબર. ૨

॥ शिव शिव शिवेति मजपतः ॥

સુજ્ઞ માહાશય પુજ્ય દવે ગીરધરલાલ પ્રાણશંકર

મુ. પાલણપુર.

પ્રણામ સહ વિજ્ઞપ્તી કે શ્રી વૃજરાયનાં શુભ લગ્ન સવત ૧૯૭૧ ના માગસીર વદી ૪ રવીવાર તા. ૬-૧૨-૧૯૧૪ નાં નીર્ણીત થયાં છે માટે આપ સહકુટુબ સપરીવાર અગાઉથી પધારી અમોને કૃપા સ્નેહના ભાવમાં અભિવૃદ્ધિ કરી ઉપકૃત કરશો.

લી. સ્નેહાધીન.

વાજયશંકર લાભશંકર.

ત્રીવેદીના પ્રણામ.

કંકોત્રી નમુના નંબર. ૩

મેહેરબાન સાહેબ,—

વી, વી, જે અમારા ચી. ભાઇ આનંદરાવના પુત્ર ભાઇ રમણુ-વીલાસના શુભ લગ્ન સંવત. ૧૯૭૧ ના માહવદી ૧૨ ગુરૂવાર તારીખ. ૧૧—૨—૧૯૧૫ ના રોજ નીર્ણીત કર્યાં છે અને તેના માંડવાનું મુહુર્ત તા. ૯—૨—૧૯૧૫ ના સહવારે નવ વાગે છે તથા વરઘોડો તારીખ ૧૧—૨—૧૯૧૫ ના રોજ સાજના બે વાગે અમારા રહેવાના મકાનથી ચઢશે તે શુભ પ્રસગે આપ સહકુંટુબ મિત્ર મડળ સહીત પધારી આનં-દમાં વૃદ્ધિ કરશોજી.

અમદાવાદ. રાજામેહેતાની પોળતાં લક્ષ્મી નારાયણુની પોળ.	લી. સેવક. **રમણીકલાલ ગુણુવંતરાય** ના પ્રણામ.

ટીપ.

આપ સાહેબને રૂબરૂમાં નમળાયુ હોય તો આ કુકુમપત્રીકા વાંચી રૂબરૂ મલ્યા તુલ્ય ગણી પધારવા તસ્દી લેશોજી.

નોટીસ.

હું નીચે સહી કરનાર શેઠ મોતીલાલ માણેકચદ રહેવાસી રાધનપુ-રનો તે તમો રાધનપુરના રહીશ ઠકર અબારામ મોતીને આ નોટીશથી જણાવુ છુ કે તમારી પાસે અમારા કાપડના તેમજ ધીરધારના કેટલાક રૂપીઆ લેહેણા રહે છે તે બાબત નામુ કરીને અમારા રૂપીઆ લેહેણા નીકળે તે આપી દેવા તમને એકથી વધારે વખત કહ્યા છતાં તમો તે બાબતની ચોખવટ કરવા આવતા નથી અને બાનામાં કાઢી નકામો વખત કાઢે જાઓ છો જેથી આ નોટીશ આપવાની જરૂર પડી છે માટે ખબર આપવામાં આવે છે કે આ નોટીશ પોચ્યાની તારીખથી દશ દીવસ અંદર તે બાબતની ચોખવટ હીસાબ સાથે કરી જવી અને અમારૂં જે લહેણું નીકળે તે તમામ ચુકતે અમને આપી દઈ અમારી પોચ લેવી તે પ્રમાણે કરવામાં કસુર કરશો તો મુદત પુરી થએથી તમારા પાસે અમારા જે રૂપીઆ લેહેણા નીકળશે તેના માટે ઘટતા ઇલાજે લેવામાં જે જે ખરચ અને નુકશાન થશે તે તમારી પાસેથી વસુલ લેવામાં આવશે તે તમારે જાણવુ. તારીખ. ૨૮—૭—૧૯૧૪ મગળવાર,

લી. શેઠ મોતીલાલ માણેકચંદ.

સહી. દા. ખુદ,

નોટીસનો જવાબ.

હું નીચે સહી કરનાર રાધનપુરનો ઠકર અંબારામ મોતી તે તમો રાધનપુરના શેઠ મોતીલાલ માણેકચંદને આ નોટીશથી તેમજ તમારી તા, ૨૮-૭-૧૯૧૪ ના રોજની નોટીશના જવાબ તરીકે જણાવું છું કે. અમારા ચોપડાઓ સાથે તમારી દુકાને તેમજ ઘરે અમો એકથી વધારે વખત આવેલા અને તમોને હીસાબ મેળવવા અને ચોખવટ કરવા કહેલ પરંતુ તમો તમારા ચોપડા બતાવી ચોખવટ કરતા નથી છતાં અમારી કસુર કાઢી ખોટી રીતે અમને તમો નોટીશ આપો છો તો તેવી તમારી તા, ૨૮-૭-૧૪ ની નોટીશના અમો જવાબદાર નથી તેમજ તમો જે નકામુ ખોટી રીતે જે જે ખરચ કરશો તેના જવાબદાર અમો નથી તમારે હીસાબ કરવો હોય તો અમે તૈયાર છીયે માટે તમારો શરૂથી તમામ હીસાબ તેમજ તેને લગતા તમામ ચોપડા અમને બતાવી હીસાબ નકી કરશો એટલે અમો તે લેણદેણુ નીકળતી હશે જે લેવા અને આપવા ખુશી છીએ તે તમારે જાણવુ તા. ૨-૮-૧૯૧૪

ઠકર અંબારામ મોતી

દા. ખુદ.

ચીઠીઓ.

મી. મણીલાલ વ્રજલાલ,

વીનતી કે આજરોજ સાંજના ૭ વાગે માહારી દુકાને પધારશો કારણ કે ત્યાંથી દેવદર્શન જઇ બહાર ફરી પાછા આવીશું આપેલ તસ્દી માફ કરશો. તા, ૨૫-૭-૧૪

સેવક.

મહીપતલાલ વનમાલીદાસ.

પ્યારા ભાઇ ગુણવંતલાલ મનસુખલાલ.

વીનંતી કે માહારા ઘેર આપનું ઘણુજ જરૂરી કામ છે તો આજે દીવસના ચાર વાગે આપ જરૂર માહારા ઘરે પધારશો આપેલ તસ્દીની માફી માગું છું. તા. ૨૬-૭-૧૯૧૪

લી. સેવક.

બાપુલાલ વ્રજલાલ

ભાઇ શ્રી મોહનલાલ માણેકલાલ

વીનંતી કે સ્વામી રામતીર્થનો છઠો ભાગ આપ વાંચી રહ્યા હશો માટે વાંચી રહ્યા હોતો આ ચીઠી લાવનાર સાથે મોકલવા કૃપા કરશો.

તા, ૧૭–૭–૧૯૧૪

સેવક.

મોતીલાલ નથુચંદ.

પ્રીયભાઈ નથુશંકર જયશંકર

વીનતી કે આજે સાંજરે ૭ વાગે માહારે ત્યાં સ્વામીજી વ્યાખ્યાન આપવાના છે માટે આપ પણ જરૂર તે લાભ લેવા પધારશોજી.

સેવક

રમણીકલાલ જયાનંદ.

પ્રીય મીત્ર નથુચદ ચતુરલાલ

વીનંતી કે આ ચીઠી લઇ આવનાર મી. બાપુલાલ કાલીદાસને રૂ ૧૨) અંકે બાર રૂપીઆ આપશો અને તે માહારે ખાતે માંડજો સંવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૫ સોમવાર.

લી. સેવક.

વાડીલાલ વમળસીના પ્રણામ.

મીટીંગની આમંત્રણ પત્રીકા.

સુજ્ઞ. માહાશય. રા. રા. રમણીકલાલ વીજયપ્રસાદની શેવામાં.

રાધનપુર.

પ્રણામ સહ વિનંતી કે સંવત ૧૯૭૦ ના શ્રાવણ શુકલપક્ષ. ૧૫ પુણીમાં તા. ૬–૮–૧૯૧૪ ગુરૂવારે વીજય આર્યશાળામાં દીવસના બે વાગે વર્ણાશ્રમ ઉદ્ધાર માટે તેમજ જીવદયા પ્રતીપાલન માટે મીંટીંગ નીર્ણીત કરેલ છે કે જે પાંચ વાગે પોતાનું કાર્ય પરી પૂર્ણ કરી વીષર્જન થશે જેથી વીનામી કરવામાં આવે છે કે મીટીંગમાં આપ પધારી સ્નેહમાં અભિવૃદ્ધી કરી શુભ કાર્યમાં મદદ આપી કૃતાર્થ કરશો તા. ૫–૮–૧૯૧૪બુધવાર

લી. નીમૃતાબેદાર.

વસંતલાલ ત્રીભુવનદાસ.

ના ઘટીત.

વસ્તુ પાછી મોકલવાની ચીઠી.

મે. અનંતપ્રસાદભાઇ.

આપનુ શ્રી ગીતાજીનું ટીકાવાળુ પુસ્તક આ સાથે મોકલાવુ છુ તો બરાબર સભાળી લઇ પોચ્યાની નીશાની જણાવવા કૃપા થશે એવી આશાછે.

તા. ૨૨-૮-૧૯૧૫ શનીવાર.

આપનો દુવાગીર શેવક.
ગીરીજાનંદ ઉમાશંકર.
દ્રીવેદીના પ્રણામ

ઓછવ આમંત્રણ પત્રીકા.

શ્રી.

॥ श्री चन्द्रचूडो विजयतेतराम् ॥

સર્વે શુભોપમા લાયક વિરાજીત માન્યવર મહાશય રા. રા. શેઠ. બહેચરદાસ લક્ષ્મીદાસ.

શુભ મુ. રાધનપુર

વિ. વિજ્ઞપ્તી કે અત્રે ઇશ કૃપાથી આયુષમાન્ તત્ર તથાસ્તુ.

હોમાત્મ મહારૂદ્ર અને શ્રી રણછોડજી ઉપર અભિષેકાત્યક વીષ્ણુયાગનો તા. ૧૨-૮-૧૯૧૪ ના રોજ આરભ થઇ શ્રાવણ કૃશ્નપક્ષ ૧૧ એકાદશી તારીખ ૧૭—૮—૧૯૧૪ સોમવારે પૂર્ણાહુતી થશે તો આ માંગલીકદ્દય પ્રસગ ઉપર પધારી સ્નેહમાં અભિવૃદ્ધિ કરી મડપ અલંકૃત. કરશો એજ મિતિ શ્રાવણ શુકલ ૧૫ પૂર્ણીમાં.

લી. નમ્ર શેવક.
દવે ત્રીપુરાશંકર વીશ્નુપ્રસાદ શર્મા.
ના સવિનય પ્રણામ.

ટુંકી વીગતથી કાગળ.

રાધનપુર તા. ૨૭-૭-૧૯૧૪ સોમવાર

રા. રા. ત્રવાડી જયશંકર મોતીરામની શેવામા રાધનપુરથી લી. દવે લજારામ વેણીશંકરના નમસકાર વાચશો. બાદ લખવાનું કે અત્રે કુશળતા છે તમારી કુશળતાનો પત્ર હાલમા નથી જેથી ફીકર થાય છે

માટે આપ પત્ર દ્વારા ખબર જણાવશો ઇશ્વર ઇચ્છાથી આપ સહકુટુબ તંન્દુરસ્ત હશો એમ ચાહું છુ તમો આંહીથી ઘઉ એરડા અને સરસવ મંગાવવા વીચાર રાખતા હશો તો હાલમા તેમાલ ખરીદ કરવાની પીઠ સારી છે તેમ ઓણુની સાલનો માલ પણ બહુ સારો પાકેલો છે માટે જરૂર હોય તો લખશો જો કે દેશાવરની ગરાકી હાલમા ઘણીજ છે માલ શીલીક રહેવા પામતો નથી તમારે જે જે માલ જેટલો જેટલો જોઇતો હોય તેની વીગતવાર યાદી લખી અમારા ઉપર બીડજો તો અમો મોખ પડતો માલ બજારમાથી ખરીદ કરી રવાના કરીશુ હાલમા કાઠા રાતા ઘઉનો ભાવમણ એક ઉપર રૂ ૧ાા થી રૂ ૧ાાા) છે એરડા મણ એકના રૂ ૨ થી રૂ ૨ા) છે અને સરસવ રૂ ૩) થી રૂ ૩ા છે હાલમાં કઠોળ વીગેરેના ભાવ મંદા છે આગળ ઉપર પીઠે થાય તે ખરૂ. બાકી કુશળ છે. આંહી ઘીના ભાવ મણ એક ઉપર રૂ ૧૪) થી રૂ ૧૫) સુધી છે બાકી આંહી સર્વે કુશળ છે કામ કાજ લખશો હેત મહેરબાની છે તેથી વીશેષ રાખજો જણસ ભાવ જોઈએ તે મંગાવજો. દુકાન તમારી છે દુકાનમાં સર્વેને ઘટીત કહેજો.

દા. દવે લજારામ વેણીશંકરના પ્રણામ.

પુરી સમજુતથી કાગળ ૨.

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધે પરમ દયાલ પરોપકારી સર્વગુણ સપન્ન સદ્દગુણ નીધાન વીવેક સાગર નીતી આભુષણ એવી અનેક શુભોપમા લાયક વીરાજમાન શેઠ સાહેબ વન્દ્રાવનદાશ વૃજવલ્લભદાશની ચીરજીવી ઘણી હજો એતાન શ્રી રાધનપુરથી લી. આજ્ઞાકીત તાબેદાર વનમાલી મણીલાલના દંડવૃત પ્રણામ આપની પવીત્ર શેવામાં અગીકૃત કરશો. વીનતી જે અત્રે પરમેશ્વરની કૃપાથી સહકુંટુબ ક્ષેમ કુશળ છીએ. આપ પણ તેમજ હશો. આપની ક્ષેમ કુશળતાનો પત્ર અસાડ વદી ૫ નો લખેલો મલ્યો વાચી ઘણોજ આનદ થયો છે એજ રીતે મેહેરબાની કરી વખતો વખત ગરીબ શેવક ઉપર કાગળ લખતા રહેશોજી.

હુ અમદાવાદમા આવેલ અને ત્યાં વ્યાપાર સબધમાં આપે મને જે જે મદદ કરી છે તેમજ હીસાબી કામ શીખવવામા આપે જે જે મહેનત લીધી છે તેનો ઉપકાર માહારાથી આપનો ભુલી શકાય તેમ

નથી આપનો ઉપકાર માહારા ઉપર અનહદ થયો છે તે ગુણનો બદલો માહારાથી કોઇ રીતે વાળી શકાય તેમ નથી આપ મોટા છો અને માહરા જેવા ગરીબને મદદ આપવામાં અને ભલુ કરવામાં આપ ખરા અંતઃકરણથી મેહેનત કરો છો જેથી ઇશ્વર પાસે માગુ છુ કે આપની દીન પ્રતીદીન ચડતી કળાઓ થાઓ, અમદાવાદમાં હાલ ગાધીવટાને લગતો સામન તમામ નવો આવી ગયો હશે તેના સમાચાર અને ભાવ લખશો કારણ કે અમારી દુકાન માટે હાલમાં તમામ વસાણું મંગાવવાનુ છે હાલમાં સરસવ. ૨—એરંડાનુ બજાર કેમ છે તેમજ તમારો મત આગળ ઉપર કેવો છે તે અભીપ્રાય સાથે જણાવવા મેહેરબાની કરશો હાલમા કઇ કઈ કંપનીઓની કેવી ખરીદી છે તે જણાવશો તેમજ મુબાઇ અમદાવાદ વીગેરેની હુડીના ભાવ શુ છે તે લખશો. સોના ચાદીનુ બજાર હાલમા કેવુ છે તે લખશો અમારા સરખું કામ કાજ લખશો જોઇતુ કરતુ મગાવજો એજ વીનતી સવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૪ સોમવાર, દા. વનમાલી મણીલાલના પ્રણામ વાચશો.

દીકરાનો બાપ ઉપર કાગળ.

સ્વસ્તી શ્રી અમદાવાદ માહાશુભસ્થાને પુજ્યારાધે શીરછત્ર તીર્થસ્વરૂપ પીતાજી ગૌરીશકર ઉમીઆશકરની પવીત્ર શેવામા એતાન શ્રી રાધનપુરથી લી. આજ્ઞાકીત શેવક છોરૂ ગણુપતલાલ વી. ગૌરીશંકરના દંડવ્રત પ્રણામ શેવામાં અંગીકાર કરશો જત અત્રે આપના આશીરવાદોના પુન્ય પ્રતાપે ક્ષેમ કુશળ છું આપના તરફથી હાલમા પત્ર નથી તો આપના કુશળતાના સમાચાર આપવા કૃપા કરશોજી આપનો પત્ર આવતાં તક ચીંતા રહ્યા કરશે માટે સભારીને લખવા કૃપા કરશો.

વીશેષ અમારી પરીક્ષા ચાલુ સાલે વહેલી થશે અને ઘણે ભાગે આસો સુદમાં થવા સંભવ છે હું માહારાથી બનતો અભ્યાસ કરૂ છુ-ઇશ્વર કૃપાથી પરીક્ષામાં પાસ થઇશ એમ ભરોસો છે હાલમાં ત્રીમાસીક પરીક્ષા ચાલતી હતી તેથી ફુરસદ નહી મલવા સબબે પત્ર લખાયો નથી જેથી આપને પત્ર મોડો લખ્યો છે માટે માફ કરશો.

ત્યાંથી જે જે માલ પોષાય તે ખરીદી આપ વહેલા ઘેર પધારશો દુકાને એકલા મુન્વમથી અડચણ પડે છે કારણ કે મોસમતક હોવાથી દુકાને ઘરાકી વધારે છે. બેન લક્ષ્મી તથા સરસ્વતી ખંતથી સારો

અભ્યાસ કરે છે હુ તે બનેને હમેશાં પુરસદના વખતે શીખવું છું ઘણું કરી અમારી સાથેજ તેમની પરીક્ષા થશે અને તે પણુ બન્ને બેનો પાસ થશે બને બેનોના માસ્તર મને ગયા પરમ રોજે મલ્યા હતા અને બેનોના અભ્યાસ માટે ભલામણ કરતા હતા તે સહેજ જણાવવા લખું છું.

આપણાઘરમાં ત્થા આડોશી પાડોશીમાં ત્થા આપણા કુટુંબ કબીલામાં સર્વે ખુશી આનંદમાં છે કોઇ જાતની ફીકર કરશો નહીં— આત્મારામ કાકા ત્થા ગુણવંતલાલ કાકા આપણા ઘરની ખબર અતર રાખે છે અને દુકાને પણુ રોજ એક વખત આવે જાય છે રજાના દીવસે હુ પણુ દુકાને બેસું છું અને ત્યાજ બેસી માહારો અભ્યાસ કરૂ છું મુન્યમ મને ત્થા કાકા આત્મારામને પુછીને કામકાજ સારી રીતે કરે છે માટે ઘર ત્થા દુકાનની ફીકર કરશો નહી સૌ હળીમળીને કામકાજ કરે છે આપને કયારે આ તરફ પધારવાનુ થશે તે વલતી પોષ્ટે જણાવશો. માહારા કીરપાશંકર મામા સાંતલપુરથી આવી ગયા કાલે પાલણપુર ગયા તે સહેજ જાણુવા લખું છું. માહારાં માતુશ્રી ત્થા બેનો ત્થા કાકા વીગેરે સર્વે ખુશી મજામાં છે એજ વીનતી સંવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૫ સોમવાર દા. છોટાલાલ ગણુપતલાલના દંડવત.

બાપનો દીકરા ઉપર કાગળ.

સ્વસ્તિ શ્રી. રાધનપુર માહાસુભસ્થાને ચીરજીવી ગણુપતલાલ ગૌવરીશંકર એતાન શ્રી. અમદાવાદથી લી. શુભેચ્છક ગૌરીશંકર ઉમીઆશંકરના આશીર્વાદ વાચવા હુ આંહી ખુશી આનંદમાં ઇશ્વર કૃપાથી કુશળ છું તમો પણુ ખુશી આનંદમાં હશો તમારો કાગળ શ્રાવણુ સુદી ૫ સોમવાર નો લખેલ આવ્યો વાચી ઘણોજ આનંદ થયો છે તમો તમારા તેમજ બેનોના અભ્યાસની ત્થા દુકાનની ખબર લખી તે સર્વે જાણી છે હું માલ વીગેરેની ખરીદીમાં રોકાયો હતો તેમજ શેઠ સાથે હીસાબ કરવાના કામમાં રોકાયાથી તમોને કાગળ લખી શકયો નથી હવે ઘણો ખરો માલ લેવાઇ ગયો છે જુજ માલ લેવાનો બાકી છે તેમજ ઘર ખરચ માટે થોડું કાપડ લેવુ બાકી છે તે આઠ દીવસમા લઇલઇશ ત્યાર બાદ પાંચેક દીવસ હીસાબ કરવામાં રોકાઇશ ત્યારબાદ ઘરતરફ આવવા વીચાર છે માટે ફીકર ઉચાટ કરશો નહી.

તમો ત્થા બેનો બહુજ ખંતથી અભ્યાસ કરો છો તે વાંચી હું ઘણોજ ખુશી થયો છુ તેજ પ્રમાણે અભ્યાસ કરતા રહેજો ભાઇજી અ-

ભ્યાસમાં જરા પણ ખામી રાખશો નહી પરમેશ્વર તેનો બદલો તમને આપશે અને તમો જરૂર પાશ થશો તમારા માટે સાચી ટોપી તથા કોટ પાટલુન ગરમ લેતો આવીશ અને બન્ને બેનો માટે રેશમી ચુદડીઓ તથા રેશમી પોલકા અને ધાધરીઓ લેતો આવીશ તેમજ બેનો માટે નવીન ગીતોની ગરબાવળીની બુકો તથા તમારા માટે એકસારી વાચવા લાયક ચોપડી લેતો આવીશ માહારા તરફની ફીકર ચીતા જરા પણ કરશો નહી મુન્યમને કહેજો કે દુકાન ઉપર હોશીઆર રહે અને કોઈ પણ ગ્રાહકને નારાજ કરે નહી તેમ ધીરધાર કરવામા બરાબર સાવચેતી રાખે તેમ કહેજો. તમો ઘરની સભાળ બરાબર રાખજો તમારા કાકા આત્મારામને તેમજ ગુણવંતલાલને નમસ્કાર કહેજો. આપણાં સગાવહાલા સર્વને તેમજ આડોશી પાડોશીને ઘટીત કહેજો. દુકાનેથી ઘરમા જે સામન જોઇએ તે મગાવી લેજો મુઝાશો નહી. હુ જેમ બનશે તેમ જલદીથી આવીશ ભાઇજી બધુ કામ મુકી દઇ અભ્યાસમા ચીત બરાબર રાખી ખતથી અભ્યાસ કરજો એજ. સવંત ૧૯૭૦ ના શ્રાવણુ સુદી ૧૧

લી. શુભેચ્છક.

ગૌરીશંકર ઉમીઆશંકરના આર્શીવાદ.

સ્રીનોપતી ઉપર કાગળ.

રાધનપુર તારીખ. ૨૫–૧૨–૧૯૧૪

પરમ. પુજ્ય. શ્રી. કૃષ્ણુલાલ ગોવીદલાલની શેવામાં દાસાનુદાસ ચદ્રમણી નીતીપ્રસાદના સવિનય દડવ્રત. શેવામા અગીકૃત કરશો વીશેષ. આપ આંહીથી બહારગામ સીધાવ્યા બાદ એકપણુ પત્ર આવ્યો નથી. જેથી તે ખાતે ફીકર થાય. એ સ્વભાવીકજ છે

આહીં ચીરનજીવો વીગેરે સર્વે ખુશી આનંદમા છે ચીરનજીવ નિર્મળા બેન તા. ૧૫–૧૨–૧૯૧૪ના રોજ ગુજરાતી પાચમા ધોરણુમા ત્રીજા નબરે પાસ થઇ છે અને તેથી. વીશ દીવસની પરીક્ષાની રજાઓમા હાલ ઘરે રહે છે અને તે રજાના દીવસોમા આપણી પાડોસણુ હરીગગા પાસે ટોપીઓ વીગેરે ભરતનુ કામ સીખે છે.

ચી. રતીલાલ અને દુલ્લેરાયની પરીક્ષા હજુ થઇ નથી વીસ દીવસ પછી થવાનુ સભળાય છે તેઓ રાત દીવસ બરાબર સારો અભ્યાસ કરે છે માસ્તર હમેશા ટાઇમસર ભણાવવા આવેછે અને સ્કુલમાં પણુ બરાબર જાય છે.

દુકાને આપનો કાગળ હશે તે ઉપરથી મુનીમે તે સમાચાર મને કહ્યા હતા. મુનીમ હમેશ તો આવતા નથી પણ બે ચાર દીવસે ઘેર આવે છે અને ઘરમા જોઇતો સામન લાવે છે અને તે પ્રસગે દુકાને હમેશાં હાજર રહેવા સબંધમાં અને વ્યવહાર બાબતમાં બરાબર રહેવા સબધમા યોગ્ય સુચના આપવાની સાથે ખુલાશો લેવા જેવી બાબતો જણાય ત્યારે આપને પુછી ને તે બાબત છેવટ કરે તેમ. સમજુત આપ્યા કરૂ છુ.

ચી. શાન્તીલાલનો પત્ર. રંગુનથી બે ચાર દીવસ ઉપર હતો તેમાં તે જણાવે છે કે પોતાની બદલી બરમામાં બીજા સ્ટેશને થવાની છે કયારે થશે તે નકી નથી.

દુલ્લેરાયની વહુને પીયર મોકલવા સબંધમાં દુલેરાયના સસરાએ ઘણુ ઘણુ લખ્યુ છે અને તેમના તરફ રતીલાલના હાથથી કાગળ પણુ લખાવ્યો છે કે તે બાબત રતીલાલના પીતાશ્રીને લખવુ તેઓ જેમ આજ્ઞા કરશે તેમ વરતવા અમને હરકત નથી પણ હમણાં થોડા મહીના રહેવા આપો તો બહુ સારૂ કારણકે તેમનુ આહી ઘણુ કામ છે એ પ્રમાણે જવાબ આવ્યો છે.

વહુને પીયર મોકલવામા કાઇ હરકત નથી કારણુ કે તે આપણે ત્યાં ઘણા વખતથી છે એટલે તેને પીયર મોકલવી એમ માહારો અભીપ્રાય છે પરતુ તે બાબત આપની રજા નહી એથી લાચાર આપના તરફ પત્ર આવે તો આપને યોગ્ય લાગે તેમ જણાવશો.

ઘરની કશી ફીકર રાખશો નહી ઇશ્વર પ્રતાપથી સર્વે આનંદમાં છીએ અને આપ તે પ્રમાણે આનદમા હશો એમ. ચાહીએ છીએ.

આપ આપનુ કામ પુરૂ કરીનેજ આવજો અને તે પ્રમાણે કયારે આવવુ થશે તે લખશો મીતી સવત ૧૯૭૧ ના પોષ સુદી ૯ શુકરવાર. એજ નમ્ર પ્રારર્થના.

લી, દાસાનુદાશ. હુ.

ટીપ.

૧ આજ કાલ પત્ર લખવા માટે દરેક ભણેલી બ્હેનો બહુજ સારી રીતે જાણે છે પરતુ સમજવાની મતલબ એ છે કે.

૨ સ્ત્રી સ્વતત્ર હીન્દુ વર્ગમાં નથી. માટે ઘરની દરેક બીના પોતાના પતીને દરેક પ્રસગે જણાવવી જોઇએ અને તેમનાજ અભીપ્રાય ઉપર વ્યવહાર ચલાવવાનું રાખવુ જોઇએ જો કે ખરી અને વ્યા

જબી બાબત હોય તો પણ સામા પુછનારને સ્રીએ છેવટનો જવાબ આપવો જોઇએ નહી પણ તે બાબત પોતાનો ખરો અભીપ્રાય પોતાના પતી પાસે મુકવો જોઇએ જેમ કે.

૩ આ પત્ર બાબતમાં દુલેરાયની વહુને પીયર મુકવા બાબતમાં દુલેરાયના સસરાને જવાબ જુદો આપી પોતાના પતીને ખરી બીના જણાવી છે દરેક કાર્યોમાં તેમજ રાખવુ જોઇએ.

૪ સ્રીએ વિદ્યા ભણુવાનું કામ વિદ્યાને વગોવી પતીના વીચારની સામે થવાનું નથી પણ વ્યવહારમાં પતી અને બાળકોને અભણ સ્રી કરતા વધારે લાભ અને કેળવણી બતાવી નમ્રતા બતાવવાનું કામ છે નીમ્રતાએ સ્રીનું ખાસ હથીયાર છે.

પતીનો સ્રી ઉપર કાગળ.

કલકત્તા તારીખ ૩૦—૧૨—૧૯૧૪

અખંડ સૌભાગ્યવંત ચદ્રમણી.

તમારો પત્ર પોષ્ટ દ્વારા તા. ૨૫—૧૨—૧૪ ના રોજ નો વીગતવાર મને મલ્યો વાંચી બીના જાણી આનંદ થયો છે આંહી હુ ઇશ્વર ઇચ્છાથી ખુશી આનંદમા તન્દુરસ્ત છુ તમો પણ તેજ પ્રમાણે કુંટુબ સાથે હશો.

રાધનપુર છોડી આહી આવવાની સાથે કામનો એટલો બધો ભરાવો થઇ પડયો છે કે વખતે ખાવાનુ પણ બેટાઇમ થાય છે. માત્ર આપણી દુકાને જરૂરી પ્રસંગ માટે મુનીમને પત્ર લખવા શીવાય બીજો જરા પણ ટાઇમ કે અવકાશ મળતી નથી પરતુ માહાગે પત્ર નહોય તેથી કાંઇ ફીકર રાખવાનું નથી આંહીની હવા પાણી હાલમાં ઘણુંજ સારાં છે. અને તે ઉપરાંત ખાવા પીવામાં હુ ઘણોજ સાવચેત રહું છુ કે જેથી ઇશ્વર ઇચ્છાથી તમામ અનુકુળજ પડે.

ચી. બેન નીર્મળાની હકીકત જાણી આનંદ થયો છે તેને જણાવશો કે તુ પાસ થઇ તે ખાતે સારૂ ઇનામ કલકત્તેથી આવશે ત્યારે લાવશે.

ચી. રતીલાલ અને દુલેરાય બન્ને મેહેનતું છે એટલે પોતાની મરજીથીજ યોગ્ય અભ્યાસ કરતા હશે તો પણ જરા દેખરેખ રાખવાની જરૂર છે.

મુનીમના માટે સંતોષ છે એટલે તે બાબતની સલામણુ કરવા જેવુ નથી.

ચી. શાન્તીલાલની બદલી બરમામાંથી આ તરફ થાય તેના પ્રયાશમાં છું ઇશ્વર જે કરે તે ખરૂ.

દુલેરાયની વહુને મોકલવા વીચાર જણાય તો ખુશીથી યોગ્ય તજવીજ અને માણસ સાથે મોકલજો

ચી. નીર્મળાને બહાર રખડવા આપશો નહીં મનેહજુ આંહી બે માશતો ચોકસ થશે ઘરમાં ખાસ જરૂરી સામન આંહીથી લાવવા જેવો હોય તે લખજો. માહારી કાંઇપણુ ફીકર કરશો નહી સ્નેહી સબંધી અને કુટુંબ વીગેરેની પુરતી હકીકત લખ્યા કરશો એજ તારીખ સદર.

લી હીતસ્વી.

કૃષ્ણુલાલ.

ઢોર મોટું થવા માટે બીજા માણુસને આપ્યું હોય તે બાબતનો કરાર.

સવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તારીખ. ૧૭–૧–૧૯૧૫ રવીવાર. દીને શેઠ. રતનલાલ હરીવલ્લભ ગ્નાતે વૈશ્નવ વાણીઆ. રહેવાસી દસાડા જોગ. લખી આપનાર. પટેલ. રામા ખેચર ગ્નાતે નાડોધા રહેવાસી ગામ વડગામના. જત લખી આપી આ દસ્તાવેજથી બધાઉ છું કે તમારી વાછડી એક તમોએ મને સોપી છે. અને તે વીયાય ત્યાહાં સુધી મારે માહારે ત્યાં રાખી તેની ચાકરી બરદાશ બરાબર કરવાની છે આ વાછડી ઉમર વરસ દોઢ આશરેની રગે મુઝડી કાન ઉપર ડામ છે કીમત આશરે રૂપીઆ બાર આશરેની છે તે મે સભાળી લીધી છે તે વીયાતા સુધી તેનુ તમામ ખરચ માહારા ઉપર છે તે માટી સાજી રહે અગર કોઇ ચેપી રોગથી સપડાય તો તેની દવા વીગેરે માહારે કરવાની છે અને એ પ્રમાણે તમામ કરવાના બદલામા સદરહુ વાછડી વીયાય ત્યારે તમારી પાસેથી ઉધડ રકમ રૂપીઆ આઠ માહારે લેવાના છે વાછડી વીયાય ત્યારે તમારી પાસેથી રૂ. ૮) લઇ તમને તેના બચ્ચા સાથે વાછડી માહારે સોંપવી એવો કરાર છે ચરામણી દવા દારૂ. ચાકરી. વીગેરે તમામ ખરચ રૂ. ૮) લેવાના બદલામાં માહારે કરવાનું છે રૂ. ૮) શીવાય કાંઇ પણ ખરચ માહારે લેવાનું નથી.

અસમાની સુલતાની થાય અગર વાછડીને કાંઇ ઇજા થાય તો તે પ્રમાણે ઇજા થવાનું કે મરણ થવાનું તમોને સાબીત કરી આપવુ, વાછડીનુ જરજોખમ તમામ તમારે શીર છે. વાછડીને કોઇ હરામખોર ચોરી કરી લઈ જાય તો તેની જવાબદારી અમારે શીર છે એ લખ્યુ બાપના બોલ સહીત અમો તેમજ આમારાવાલી વારસો બરાબર પાળીશુ સવત. ૧૯૭૧ ના માહા સુદી ૨

અત્ર મતુ.	અત્ર સાખ.
૧ પટેલ **રામા બેચર** મતુ દા. પોતે	૧ શેઠ. **પીતામ્બર** ગોવીંદની સાખ દા. પોતાના.
	૧ લી. **જેઠાલાલ હરજીવન** રામા બેચરના કહેવાથી લખી આપેલછે

આવી મતલબના ઢોરના દસ્તાવેજ આ પ્રમાણે કરવા.

મેલો (માઠી ખબરનો કાગળ) નંબર ૧.

સ્વસ્તી શ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધે શેઠ શ્રી ૫ વૃજલાલ ભુષણદાસ જોગ શ્રી વારાહી થી લી. શેઠ તલકચંદ ટોકરસીના જુહાર વાંચજો જત અત્રે અમારા પીતા ટોકરસી અસાડ વદી ૧૪ બુધવારે દમના રોગથી દેવલોક પામ્યા છે તે ઘણી માઠી થઇ છે પણ પરમેશ્વરની મરજી આગળ આપણો ઉપાય નથી સવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૧ સુકર વાર દા. શેઠ મોતીલાલના જુહાર.

કાગળ બીજો મેલો નંબર ૨

રાધનપુર તારીખ. ૨૪–૭–૧૯૧૪

રા. રા. ઠકર, મોતીલાલ મણીલાલની શેવામા રાધનપુરથી લી. ઠકર ગણેશ બેચરના જયશ્રી કૃસ્ન વાચજો. જત લખવાનું કે અમારા માતુશ્રી ગગાબાઈએ અસાડ વદી ૧૪ બુધવારે રાતના આઠ વાગે તાવથી સ્વર્ગવાસ કર્યો છે તે ઘણુજ માઠુ થયુ છે પરતુ પરમેશ્વરની ઇચ્છા પાસે આપણો કાઇ ઉપાય નથી સવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૧ સુકરવાર.

દા. ઠકર ગણેશ બેચરના પ્રણામ

મેલા કાગળનો જવાબ (ખરખરો)

સ્વસ્તી શ્રી વારાહી માહાસુભસ્થાને પુજ્યારાધે શેઠ શ્રી ૫ તલક-ચંદ ટોકરસી જોગ શ્રી. અમદાવાદથી લી. શેઠ વૃજલાલ ભુખણદાસના જુહાર વાંચજો જત અત્રે લખવાનું કે તમારો કાગળ એક શ્રાવણ શુદી ૧ શુક્રરવારનો લખેલ મલ્યો વાંચી અમો ઘણાજ દીલગીર થયા છીએ. તમારા પિતાશ્રી સ્વર્ગવાશ થવાના માઠા ખબર સાંભલી અમને પારાવાર દીલગીરી થઇ છે પરંતુ ભાઇજી તેમાં આપણો કશો ઉપાય નથી આપના ઉપર ઘરની તથા દુકાનની જુવાબદારી હવે પુરેપુરી આવી પડી છે પણ ભાઇજી હીંમત રાખ્યા વગર છુટકો નથી માટે હીમત રાખી કામ નભાવી લેવું અને ઘરમા સર્વેને હીંમત આપવી. ઇશ્વર ઇચ્છા પાસે આપણું કાંઈ ચાલે તેમ નથી માટે હીમત રાખશો. એજ લી. શેઠ વૃજલાલના જુહાર.

પ્રમોશન મુબારકબાદીનો પત્ર.

તારીખ. — —

પ્રીય વ્હાલા બધુ રતનલાલ રમણીકપ્રસાદની સેવામાં સેવક ગુણવં-તલાલ રામપ્રસાદના ઘટીત પ્રણામ સેવામાં અગીકાર કરશો. વીશેષ વીનતી કે આજે માહારા જાણવામાં આવ્યુ છે કે આપ મુરબીશ્રીને રૂ. ૧૫૦) પ્રમોશન મલતા રૂ. ૩૦૦) ત્રણસોહોના પગારથી સ્ટેટમાં ચીફરેવન્યુ ઓ-ફીસર નીમાયા છો તે ખબર જાણી ઘણોજ અત્યાનંદ થયો છે કે જે બ-તાવવાને અશક્ત છું. આપ હમેશના માટે વિજયવત થાઓ એમ પર-મેશ્વર પાસે માગું છુ અને ઇચ્છું છું કે નીતી પ્રમાણીકપણું આપનામાં હમેશાં રહ્યા કરે. આ મુબારકબાદીના પત્રનો સ્વીકાર કરી આપ હમેશના માટે વીજય મેળવો.

અસ્તુ.

આપ અને ઘરમાં સર્વે તન્દુરસ્ત હશો એમ ચાહું છુ.
તારીખ સદર.

હુ આપશ્રીનો સેવક.

ગુણવંતલાલ રામપ્રસાદ.

પુત્રપ્રસવ મુબારકબાદીનો પત્ર.

રા. રા. પ્રીય સ્નેહી વડીલભાઇ હરીહરપ્રસાદ આણંદલાલની સેવામાં સેવક રમણીકલાલ હરનારાયણના ઘટીત પ્રણામ બાદ વીનંતી કે આપશ્રીને ત્યાં પુત્ર પ્રસવ થવાના ઘણાજ ખુશખબર આજે જાણવામાં આવતાં પારાવાર આનંદ થયો છે પરમેશ્વર ચીરનજીવ રાખે એમ પરમેશ્વર પાસે પ્રાર્થના કરૂં છું.

આપ કુટુંબ સાથે તન્દુરસ્ત અને ખુશીઆનંદમાં હશો એમ ચાહું છું. પરમેશ્વર આપને તેમજ આપના પુત્રને દીર્ઘાયુષ આપે.

(અસ્તુ)

આપનો વીશ્વાસુ સ્નેહી,

રમણીકલાલ હરનારાયણના પ્રણામ.

પરીક્ષા પાસ કરવા બદલ મુબારકપત્ર.

તારીખ

પ્યારાભાઇ અનતલાલ બ્રીજમોહનલાલની સેવામાં વીનંતી કે આપ મેટ્રીકમા પાસ થવાના ખબર માહારા જાણવામાં આજે આવ્યા જે જાણી ઘણોજ આનંદ થયો છે અને તે ખાતે આ મુબારકબાદી આપી પરમેશ્વર પાસે પ્રાર્થના ગુજારૂં છું કે આપ દરેક વરસે એકેક પરીક્ષા પાસ કરી વીજયવંત થાઓ (અસ્તુ)

આપ કુટુંબ સાથે તન્દુરસ્ત હશો એમ ચાહું છું.

હુ આપશ્રીનો,

ગોવીંદલાલ રાધાકૃશ્ન.

નોકરીમાં દાખલ થવા બદલ મુબારકપત્ર.

રાંધનપુર તારીખ

મુરબ્બી ખાનસાહેબ પીરોજશાહભાઈ પેસતનજીભાઇની સેવામાં નીમૃતા પૂર્વક વીનતી કે આપસાહેબ રમણીકપુર સ્ટેટમાં મુખ્ય દીવાન તરીકે નીમાયાના ઘણાજ આનદદાયક ખબર આજે માહારા જાણવામા આવ્યા. જે જાણી ઘણોજ આનંદ થયો છે જે આનદ થયો છે તે લખી જણાવવા અને પ્રદર્શીત કરવા માહારી પાસે કોઇ શબ્દ નથી.

ખુદા હમેશના માટે આપસાહેબને વિજય આપે એમ ચાહું છું.

દુવાગીર સેવક,

રતનશા કાવસજીની સલામ.

પ્રકરણ ૭.

વ્યાપારી લાઇનનાં લખાણો.

હુંડી.

સ્વસ્તિશ્રી મુંબાઇબિંદર મહાશુભસ્થાને પુજ્યારાધે શેઠશ્રીપ શેઠ હરખચદ તલકચંદ એતાનશ્રી રાધનપુરથી લી પારેખ દલસુખભાઇ નાગરચદના જુવાર વાંચજો જત અત્રેથી રાખ્યા ઠકર વખતરામ પીતામ્બર પાસેથી રૂ. ૪૦૦) અંકે રૂપીઆ ચારસો નીમે રૂપીઆ બસોથી બમણા પુરા કલદાર રોકડા લીધા છે તેની મુદત દેખાડ થયા પછી દીવસ સાતની નામે શાહજોગ રૂપીઆ હુંડીની રીતના અથ ઠામ ઠેકાણુ ચોકસ કરીને આપજો નીશાની એ જે કાગળ મધ્યે લખીશુ સવત ૧૯૭૦ ના શ્રાવણુ સુદી ૧ શુકરવાર દા. નરપતલાલ દલસુખભાઇના જુહાર વાંચજો,

નીમે રૂપીઆ બસોથી બમણા જુમલે રૂપીઆ ચારસો પુરા કરી શાહજોગ આપજો,	૨૦૦

પેંઠ.

સ્વસ્તિશ્રી મુંબાઇ બંદર મહાસુભસ્થાને પુજ્યારાધે શેઠશ્રીપ શેઠ હરખચંદ તલકચદ એતાનશ્રી રાધનપુરથી લી. પારેખ દલસુખભાઇ નાગરચદના જુહાર વાંચજો જત તમારા ઉપર પ્રથમ હુંડી નં. ૧ રૂ. ૪૦૦) અંકે ચારસો નીમે રૂપીઆ બસોથી બમણા પુરાની લખી અમારી રાખ્યા ઠકર વખતરામ પીતામ્બર પાસેથી મુદત દેખાડયા પછી દીવસ સાતની શાહજોગી રૂપીઆ હુડીની રીતના અથ ઠામ ઠેકાણું ચોકસ કરી આપજો નીશાની એ જે કાગળ મધ્યે લખીશુ લખી સવત ૧૯૭૦ના શ્રાવણુ સુદી ૧ વાર શુકર લખી આપેલી છે તે રાખ્યાવાળા ધણી કહે છે કે હુંડી ગેરવલ્લે પડી છે માટે આ પેઠ લખી આપવામા આવી છે જેથી તમારો આવરો, રોજમેળ, ખાતુ ત્થા નોધ એ સર્વે જોઇ તપાસીને હુંડી સીકારી નાણું નહીં આપ્યાં હોય તો આ પેંઠ સીકારી નાણું આપજો કદાપી હુંડી સીકારી નાણું આપ્યાં હોય તો આ પેઠ રદ છે તેથી વાચીને હુંડી નાંખજો અમો તમોને હુંડી ત્થા પેઠ મલી એક વખત નાણું ભરીે આપીશું તે જાણજો સવત ૧૯૭૦ ના શ્રાવણુ સુદી ૮.

દા. નરપતલાલ દલસુખભાઇના જુહાર વાંચજો.

પરપેંઠ.

સ્વસ્તિશ્રી મુંબાઈબંદર મહાસુભસ્થાને પુજ્યારાધે શેઠશ્રીપ શેઠ હરખચંદ તલકચંદ એતાનશ્રી રાંધનપુરથી લી. પારેખ દલસુખભાઇ નાગરચંદના જુહાર વાંચજો જત અત્રેથી તમારા ઉપર પ્રથમ હુંડી નંગ ૧ રૂ. ૪૦૦) રૂપીઆ ચારસો નીમે રૂપીઆ બસોથી બમણા પુરાની લખી અમારી રાખ્યા ઠકર વખતરામ પીતામ્બર પાસેથી મુદત દેખાડ થયા પછી દીવસ સાતની શાહજોગી રૂપીઆ હુંડીની રીતના અથ ઠામ ઠેકાણું ચોકસ કરીને આપજો નીશાની એ જે કાગળ મધ્યે લખીશું લખી શ્રાવણ સુદી ૮ લખી આપી છે રાખ્યાવાળા ધણી કહે છે કે હુડી ત્થા પેંઠ ગેરવલ્લે પડયાં છે માટે આ પરપેઠ લખી આપી છે જેથી તમો તમારો આવરો, રોજમેળ, ખાતુ ત્થા નોંધ વીગેરે સર્વે જોઇ તપાસીને હુડી ત્થા પેંઠ સનદર મધ્યે સીકારી નાણાં નહી આપ્યા હોય તો આ પરપેંઠ સીકારી નાણાં આપજો કદાચ હુડી ત્થા પેંઠ સનદર મધ્યે સીકારી નાણાં આપ્યાં હોય તો આ પરપેઠ રદ છે એમ સમજવાની છે તેથી વાંચીને ફાડી નાખજો અમો તમોને સનદ ૩ થઇને એક વખત નાણાં મજરે આપીશું તે જાણજો. સંવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૧૩

દા. **નરપતલાલ દલસુખભાઇ**ના જુહાર વાંચજો.

પરપેંઠ સંબંધી કાગળ (હુંડી સબંધનો.)

સ્વસ્તિ શ્રી મુબઇબદર મહાશુભસ્થાને પુજ્યારાધે શેઠ. શ્રીપ શેઠ. હરખચંદ તલકચદ એતાન શ્રી રાધનપુરથી લી. પારેખ દલસુખભાઇ નાગરચદના જુહાર વાંચજો જત અત્રેથી તમારા ઉપર પ્રથમ હુડી નં. ૧ રૂ. ૪૦૦) ચારસો રૂપીઆની નીમે રૂપીઆ બસોથી બમણાપુરાની લખી. અમારી રાખ્યા ઠકર વખતરામ પીતામ્બર પાસેથી મુદત દેખાડ થયા પછી દીવસ સાતની શાહજોગી રૂપીઆ હુડીની રીતના અથ ઠામ ઠેકાણું ચોકસ કરી આપજો નીશાની એજે કાગળ મધ્યે લખીશુ લખી શ્રાવણ સુદી ૧ વાર શુકર સવત ૧૯૭૦ ત્યાંર પછી પેંઠ શ્રાવણ સુદી ૮ સંવત ૧૯૭૦ ના રોજ લખી આપી છે અને ત્યારપછી પરપેંઠ શ્રાવણ સુદી ૧૩ સવત ૧૯૭૦ ના રોજે લખી આપી છે તે રાખવાવાળા ધણી કહે છે કે હુડી ત્થા પેઠ, ત્થા પરપેઠ એ પ્રમાણેની ત્રણે સનદો ગેરવલ્લે પડી છે માટે આ કાગળ લખી આપ્યો છે જેથી તમો તમારો આવરો, રોજ-

મેળ, ખાતું ત્થા નોંધ વીગેરે સર્વે જોઇ તપાસીને હુંડી ત્થા પેંઠ પરપેંઠ એ ત્રણુ સનંદોથી સીકારી નાણું નહી આપ્યાં હોય તો આ કાગળ સીકારી નાણું આપજો કદાચ હુંડી ત્થા પેઠ ત્થા પરપેંઠ એ ત્રણુ મધ્યેથી સીકારી નાણું આપ્યાં હોય તો આ કાગળ રદ છે માટે વાંચીને ફાડી નાંખજો અમો તમોને ચાર વખત થઇ એક વખત નાણું મજરે આપીશું તે જાણુજો સંવત ૧૯૭૦ ના શ્રાવણુ વદી ૭

દા. નરપતલાલ હલમુખભાઈના જુહાર વાંચજો.

ભરતીયું.

સ્વસ્તી શ્રી. પાલણુપુર મહાશુભસ્થાને પુજ્યારાધે સરવે કામ લાયક જોગ. શેઠ શ્રીપ. મોતીલાલ વૃજલાલ જોગ. રાધનપુરથી લી. શેઠ ગોપાલ વીરજીના જુહાર વાંચજો જત અત્રેથી તમારીવતી કાપડ ખરીદ કરીને તેની ગાંસડી નંગ ૧ ઉંટ ઉપર પગ રસ્તે આજરોજ રવાના કરી છે તેનુ ભરતીયુ આ કાગળ મધ્યે ઉતારી મોકલ્યુ છે.

ઉ

૬૦) સાયઠ રૂપીઆના સાડલા નગ. ૩૦) જામનગરી ચોકડી ભાતના લાંબા હાથ ૯ પને ગજી પોણુાબે પ્રત રૂ. ૨) લેખે.

૪૦) નાં ખાદીનાં દેશી બેલીઆ નંગ ૨૦) લાંબા ગજ ૧૮) વાળાં પને ગજ ૧ાા પ્રત રૂ. ૨) લેખે.

૩૫) રાધનપુરના વણાટના ચોફાળ નગ. ૭ કોર છેડાવાળા પ્રત રૂ. ૫) લેખે.

૪) ચાર રૂપીઆ ગાંસડી વીગેરે બંધામણુની ખરાજાતના.

---

૧૩૯)

એ પ્રમાણે જુમલે રૂ. ૧૩૯ એકસો ઓગણુચાલીશનું ભરતીયું ઉતારી મોકલ્યુ છે તે પહોંચેથી તપાસીને જમાં ખરચ કરી જવાબ લખજો ભુલચુક લેવીદેવી છે. સંવત ૧૯૭૦ ના શ્રાવણુ સુદી ૫ સોમવાર.

પાવતી.

સંવત ૧૯૭૦ ના શ્રાવણુ સુદી ૫ સોમવાર તા. ૨૭–૭ ૧૯૧૪ ઈંગ્રેજી દીને સમી તાબે રાધનપુરના રહેનાર શેઠ મણીલાલ સરૂપચંદ જાતે વીસા શ્રીમાળી વાણીઆ ધંધો કાપડ વેચવાનો જત હું પટવા નાગરચંદ

વેલચંદ રહેવાસી રાંધનપુરનો ન્નાતે શ્રાવક વાણીઆ તમોને લખી આપું છું કે તમોએ આજરોજ અમારી દુકાનેથી નીચે પ્રમાણે સામન લીધેલછે.

૧૦૦ સો રૂપીઆનો ગોળ મણ ૨૫) મણુ એકના રૂપીઆ ચાર લેખે.

૬૦ સાયઠરૂપીઆની બદામ મણુ ૧૦ પ્રત મણુ એકના રૂ. ૬) લેખે,

૧૬૦

ઉપર મુજબ રૂપીઆ એકસોહો અને સાયઠ રોકડા આજરોજ તમોએ મને ગણી આપ્યા તે પોચ્યા છે અને રૂપીઆ પુરેપુરા ગણી લીધા પછી આ પહોચ લખી આપી છે તે કબુલ છે દા. પોતાના.

અત્ર. મતુ. અત્ર સાખ

૧ લી. પટવા નાગરચંદ વેલચંદ ૧ શેઠ મોતીલાલ માણેકચંદની

મતુ મતાના દા. પોતાના. સાખ દા. પોતાના.

લીધેલા માલનો કબાલો.

સવત ૧૯૭૦ ના શ્રાવણુ સુદી ૪ રવીવાર તા. ૨૬–૭–૧૯૧૪ અંગ્રેજી દીને વારાહી તાલુકાના. ગામ સાદપુરાના રહેનાર ઠકર તેજસી દલપતરામ જાતે લુવાણા ધધો વ્યાજનો તથા પરચુરણ વેપાર જોગ. લખી આપનાર દીયોદર તાલુકાના ગામ. વરસડાના પટેલ મેઘજી બીજલ જાતે કણબી ધંધો ખેતીનો જત તમોને મે નીચેની વીગતે માલ દેવો કર્યો છે.

૨૦૦) બસો રૂપીઆના સરસવ મણ ૧૦૦) સો મણુ પ્રત રૂપીઆ બે લેખે સવત ૧૯૭૧ ની શાલની નીપજના ગામ વરસડાની સીમના

૬૦૦) છસો રૂપીઆના એરડા મણુ ૪૦૦) ચારસો મણુ પ્રત રૂ. ૧॥ લેખે દીયોદર તાલુકાની સંવત ૧૯૭૧ ની સાલની પેદાશના.

---

૮૦૦)

ઉપરની વીગતે માલ સંવત ૧૯૭૧ ના માહ સુદી ૨ ની અંદર તમને પુરો પાડવો છે તે ઉપર જણાવેલ ભાવથી ઠરાવેલી મુદતે ઉપર પ્રમાણેનો માલ લાવી આપીશ જો કદાપી તે પ્રમાણે ન લાવી આપુ તો સેંકડે રૂ. ૧૦) રૂપીઆ દશ પ્રમાણે રૂ. ૮૦) એશી રૂપીઆ થાય તે મુજબ ખોટના આપીશ એમાં કશી આનાકાની કરૂ તો વ્યાજ સાથે માહારા ઉપર

ફરીઆદી કરી માહારી હરેક માલ મીલકતથી ત્થા જાતેથી વસુલ તમો કરી લેજો આ કબાલાના બાના પેટે રૂ. ૨૦૦) અંકે રૂપીઆ બસોં અમને બાનાના આપ્યા છે તે અમે લીધા છે બાકી રહેશ્રા રૂ. ૬૦૦) રૂપીઆ છસોં માલ તોલી આપી તુરત લેવા છે તે અમને ત્થા અમારા વાલીવારસો સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે દા. શેઠ. ઘેલચંદ માનચંદ ધણી બંનેના કેવાથી લખી આપેલ છે.

અત્ર.	મતુ.	અત્ર	સાખ.
૧ લી. પટેલ **મેઘજી બીજલ** મતુ મતાના દસકત ત્રવાડી નથુ નાગજી મતાદારે કહેવાથી મતુ કરી આપ્યું છે.		૧ શેઠ. **તલકચંદ મોતીચંદ**ની સાખ દા. પોતાના	

વેચેલા માલનો કબાલો.

માલ ધણી પાલણપુરના ઠકર મોતીરામ ઉમેદરામે જે જે માલ કબાલો કરી મુદતમાં વેચ્યો તેની નોંધ.

ઉ

ઠકર. કરસન પીતામ્બર, શ્રી વારાહીના

૬૦) અંકે રૂપીઆ સાયઠનાં જાડી ખાદીનાં બેલીઆ નંગ. ૩૦) ત્રીશ્ર દરેક બેલીઆની કીંમત રૂપીઆ બે પ્રમાણે તેની મુદત સંવત ૧૯૭૦ ના આસો સુદી ૨ ની કરી છે તે મુદતે રૂપીઆ આપવા છે કદાપી ઉપર લખેલ મુદતે રૂપીઆ આપવામાં કસુર કરૂં તો તેનું વ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડા ૦ાા લેખે અધીક માસ સહીતનુ ગણી મજરે માહારી જાત ત્થા હરેક મીલકતથી વસુલ કરી આપીશ્ર હ. પોતે વારાહી મધ્યે લખી આપ્યું છે.

૧ ઠકર કરસન પીતામ્બર ઉપર લખ્યું તે સહી દા. પોતે —

શેઠ તેજપાલ ધરમચંદ રહેવાસી આબીઆણા તાબે વારાહી.

૧૫૦) અંકે રૂપીઆ એકસોને પચાસની છીકણી મણ. ૧૫ દર મણ એકના રૂ. ૧૦) લેખે લીધી છે તેની મુદત સંવત ૧૯૭૦ ના આસો સુદી ૧૫ ની કરી છે ત્યાં સુધીમાં રૂપીઆ દોઢસો પુરા ન આપુ તો ત્યારબાદ વ્યાજ માસ ૧ રૂપીઆ એકે દોકડો

અર્ધા લેખે—અધીકમાસ સહીત ફેરવણીની રીતે માહારી જાત ત્થા હરેક મીલકતથી વસુલ કરી આપુ હસ્તે પોતે વારાહી મધ્યે આપેલ છે.

૧ આબીઆણાના શેઠ. તેજપાલ ધરમચંદ સહી. ઉપર લખ્યું તે સહી છે. દા. પોતાના.

લેણાની ફારગતી.

સંવત ૧૯૭૧ના પોશ સુદી ૭ બુધવાર તારીખ ૨૩ માહે ડીસેમ્બર સને ૧૯૧૪ ઇંગ્રેજી દીને લખાવીતગ ઠકર મોતીરામ રણછોડ ગ્નાતે લુવાણા રહેવાસી ગામ વારાહી જોગ લખી આપનાર ઠકર મુળજી કરસન ગ્નાતે લુવાણા રહેવાસી ગામ વારાહી જત અમારૂ લેહેણું તમારી પાસે અનાજ વીગેરેનુ અમારી દુકાન ખાતાનું તથા ખતની રૂઇથી તમારી પાસે હતું તે સર્વ તમોએ ચુકતે હીસાબે અમોને આજ દીન સુધીનુ પુરેપુરૂં પતવી અમારૂં મન મનાવ્યુ છે અને તેથી અમારૂં ચુકતે લેહેણુ તમોએ અમોને વસુલ આપ્યું છે માટે હવેથી અમારે તમારે તે લેહેણાની બાબત અભરામ કુલનદાવા છે તેની આ ફારગતી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી ત્થા વગર કેફે વીચારી સમજીને લખી આપી છે તે અમારે ત્થા અમારા વશ, વાલી, વારસદારો, સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે દસકત ઠકર મુળજી કરસન.

અત્ર મતુ

૧ સી. ઠકર મુળજી કરસનનુ મતુ મતાના દસકત પોતાના.

અત્ર સાખ

૧ દલપત નાગજીની સાખ દા. પોતાના.

૧ શેઠ નથુ પીતામ્બરની સાખ દા. પોતાના.

મઝીઆરા વેપારની ફારગતી.

સંવત ૧૯૭૦ ના ભાદરવા સુદી ૨ તારીખ ૨૩—૮—૧૯૧૪ રવીવાર દીને જોગ લખાવીતગ ઠકર જેરામ ધનજી જાતે લુહાણા રહેવાસી ગામ વારાહીનાને જોગ લખી આપનાર શેઠ ન્યાલચદ પીતામ્બર ગ્નાતે વીસાશ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ વારાહી જત આ ફારગતી લખી આપી બંધાઉ છું કે તમો જેરામ ધનજી સાથે ઘણા વરસોથી સીહારે વે-

પાર ચાલતો હતો અને તેનો વહીવટ જેરામ ન્યાલચદ નામની દુકાનથી પ્રસીદ્ધ રાખી તેજ નામથી ચોપડાઓ વગેરે રહેતા હતા તે તમામ બાબતની આજે તમો અને અમો વચે ચોખવટ કરી હીસાબ વગેરે નકી કરતાં ઉધડ રકમ રૂ. ૫૦૧) અંકે રૂપીઆ પાંચસોહોએક તમારી પાસેથી નગદ રોકડા ગણી લઈ તમામ વેપારમાંથી માહારો હકહીસો હુ આજથી બધ કરૂ છું.

દુકાન અદર ગમે તેટલો માલ હોય તે હવે તમારો છે. દુકાનખાતે જે લેહેણુ નીકળે તેના માલીક હવે તમો છો તેમજ દુકાન ખાતે જે દહેણુ નીકળે તે તમારે શીર છે. દુકાનના દેહેણાની જવાબદારી હવે મારે શીર નથી તેમ દુકાનના લેહાણામા કે માલમીલકત વીગેરે કોઇ નફામા માહારો લેશ માત્ર પણ હક નથી. દુકાનની માલ મીલકત અને લેહેણા વીગેરે તમામ નફા ત્થા મુડી ઉપર કુલ અખ્તઆર હવે તમારો છે. દુકાનનો વહીવટ હવે તમો ગમે તે નામથી રાખો. તેમજ ગમે તે પ્રમાણે કરો તેમા સર્વે પ્રકારના હકો અને લાભ તમારો છે તેમાં કોઇપણ પ્રકારે અમારાથી કે અમારા વાલીવારસ હકદારથી કાંઇ પણ હરકત તમોને થઇ શકે નહીં અને કદાચ અમારા વાલીવારસ તરફથી કાંઇ પણ હરકત થાય તો તે તમામ આ દસ્તાવેજથી રદ સમજવાની છે.

આ ફારગતી અમોએ અમારી રાજીખુશીથી અકલ હોશીઆરીથી પુરેપુરીરીતે સમજી વીચારી નકી કરીને રૂ ૫૦૧) રૂપીઆ પાંચસોહો એક લઈને ઉપર પ્રમાણે લખી આપી છે તે અમારે તેમજ અમારા વશ વાલી વારસદાર સર્વેને કબુલ મજુર અને બંધનકારક છે. લી. વકીલ પાનાચદ દલીચદ ધણી બંનેની રજુવાતે લખી આપી છે.

અત્ર મતુ	અત્ર સાખ
૧ લી. શેઠ ન્યાલચંદ પીતામ્બરનુ મતુ મતાના અક્ષર પોતાના રૂપીઆ પાચસો એક પોચ્યા છે.	૧ ઠકર મોતી રણછોડની સાખ દા. પોતાના.
	૧ શેઠ નથુ દલીચંદની સાખ દા. પોતાના.
	૧ લી. વકીલ પાનાચંદ દલીચંદ લખી આપનાર ન્યાલચંદ પીતામ્બરના કહેવા પ્રમાણે લખી આપી છે.

મુનીમે કરી આપવાનો દસ્તાવેજ.

સવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૬ મગળવાર તારીખ ૨૮–૭–૧૯૧૪ ખોજા મહમદભાઈ જાફરભાઇ રહેવાસી ગામ પાટણના જોગ લી. ત્રવાડી નાગજી પોપટલાલ જત હુ આજથી તમારી દુકાને મુન્યમ તરીકે કામ કરવા રહ્યો છુ અને તે મુન્યમગીરીના પગારના વર્ષ એકના રૂ ૨૫૦) બસોહો પચાસ માહારા કર્યા છે તે તમારે વર્ષ પુરૂ થયે તુરત રૂ ૨૫૦) મને આપવા અને મારે તમારી દુકાનનુ તમામ જાતનુ નામુ ઠામુ માંડવુ અને હર હીસાબ બરોબર સરાપીરીતે ચોખવટથી રાખવો તેમા કશી જાતની ગરબડ કરીશ નહી તેમજ હુ કોઈપણ જાતનો ખાનગી વેપાર તથા સાટું સોદો વાયદો કે સટો વીગેરે કાંઈપણ ધધો માહારા તરફથી કરીશ નહી. અને મને જે મુન્યમગીરી મલે તેમા સતોશ માની ખરી નીષ્ટાથી પ્રમાણીકપણે નીતીથી તમારી નોકરી કરીશ તે માહારે કબુલ મજુર છે. તા ૨૮–૭–૧૯૧૪.

૧ લી. ત્રવાડી નાગજી પોપટલાલ સહી. દા. પોતાના

હીંન્દુસ્તાન બહાર નોકર રહેનારે નોકરી કરવા બદલ કરારનો દસ્તાવેજ.

સવત ૧૯૭૧ના માહ વદી ૧ તા ૧–૨–૧૯૧૫ સોમવાર દીને આર. બી. એન કુપનીના મેનેજર શેઠ રતનસા સાપુરજી ન્નાતે પારસી રહેવાસી ગામ સુરત હાલ પારીસ શહેર જોગ લખી આપનાર મેહેતા હીંમતલાલ ચતુરલાલ ન્નાતે ઔદીચ્ચ બ્રાહ્મણ રહેવાસી રાજામેહેતાની પોળ ઘર નબર ૧૮૫ અમદાવાદ. જત આ દસ્તાવેજ લખી આપી બધાઉ છું કે હીદુસ્તાન બહાર યુરોપખડમા પારીસ શહેરમા અગર યુરોપખંડના કોઇપણ મુલકના કોઇપણ ગામમા નોકરી કરવા આપે મને નોકર રાખેલ છે અને તે પ્રમાણે આપના હુકમ પ્રમાણે યુરોપખંડની કોઇ પણ જગ્યાએ નોકરી હૂં બરાબરરીતે કહેવા પ્રમાણે કરીશ અને આપના બતાતાવેલા શહેરમા રહીશ તેમજ તમામ જાતનો આપે જે જે હીસાબ આપેલ હશે તે રાખીશ. વેચાણ કરીશ તથા ઉઘરાણી કરીશ તથા માલ ખરીદવા હુકમ કરશો ત્યારે તે પ્રમાણે માલ ખરીદ કરીશ, અર્થાત યુરોપ-

ખડમાં જે શહેરમાં રહેવા કહેશો ત્યાં આપ જે નોકરી કરવા ફરજ પાડશો તે બરાબર રીતે કરીશ અને તે બાબતનો પુરેપુરો બરાબર ખાત્રીબધ હીસાબ આપીશ. આ નોકરી કરવા બદલ દર વરસે રૂ. ૭૦૦) પ્રમાણે ત્રણ વરસના રૂ. ૨૧૦૦) બેહજાર અને સો તમારે મને આપવા અને માહારે તમારી પાસેથી લેવા આ નોકરી ત્રણ વરસ રહેવાની શરતે કરવા બધાઉ છું ત્રણ વરસ પ્રથમ હુ છુટો થઈ શકુ નહી અને તમો મને રજા આપી શકો નહીં કદાચ તમો ત્રણ વરસ પ્રથમ રજા આપો તો ત્રણ વરસનો પગાર તમારે મને પુરેપુરો આપવો અને હું ત્રણ વરસ પ્રથમ જતો રહુ અગર નોકરી કરૂ નહી તો તમોને બીજો નોકર રાખવા વીગેરેમાં જે જે ખરચ થાય તે સઘળાનો હું જવાબદાર છુ અમદાવાદ છોડુ ત્યાંથી તે પાછો અમદાવાદ આવતા સુધી મને જતા આવતા જે જે ખરચ થાય તે તમારે શીર છે અર્થાત તમારે આપવાનુ છે માહારે ત્રણ વરસના ચોખા રૂપીઆ ૨૧૦૦) બેહજાર સો લેવાના છે માહારૂ, રેલ્વે, વાહન અને વાહન, કપડા, ખોરાક વીગેરે જે જે ખરચ થાય તે તમારે આપવાનુ છે હું આપની બતાવેલી નોકરી બતાવ્યા પ્રમાણે નેક ઈમાનદારીથી પ્રમાણીકપણે કરીશ અને તે બાબતનો પુરેપુરો હીસાબ આપીશ આપને કાંઈ ખોટુ જાહેર કરીશ નહિ તેમ ખોટુ સમજાવીશ નહી. તેમ જાહેર કરવા જેવી હકીકત છુપાવીશ નહીં તેમ બીજો કોઈપણ ધધો વેપાર, સટો, સાટું, ભાગ કે ધીરધાર કરીશ નહી તેમ જરૂર અને ઉપયોગી પુરતા કામ શીવાય બીજા કામમા રોકાઇશ નહી તેમજ દરેક જાતની સાવચેતી રાખી દરેક કામ કરીશ આપની કપનીને લગતા કામ કરાર શીવાય કોઇપણ જાતના બીજા કરારો કરીશ નહી. આપની કુપનીને નુકશાન થાય તેવી રીતે વરતીશ નહી. તેમ કોઇ પણ જાતની કસુર કરીશ નહિ. કદાચ આ દસ્તાવેજમા લખેલ કરારથી વીરૂદ્ધ વરતુ અને તે બાબત આપને જે જે નુકશાન થાય અગર તે બાબતમા ઇલાજો લેતા જે જે નુકશાન થાય તે તે તમામ નુકશાન માહારી હરેક જાતની મીલકતથી ત્યા જાતથી ત્યા વશવાલી વાલીવારસદારોથી વસુલ કરવાને આપ હકદાર અને મુખ્તઆર છો અને તે તે પ્રમાણે અમો આપવાને જવાબદાર છીએ.

આ દસ્તાવેજ મેં માહારી રાજી ખુશાથી ત્યા અકલ હુશીઆરીથી બરાબર સમજી વીચાર કરી લખી આપેલ છે તે મને ત્યા માહારા વશવાલી વારસો સરવેને કબુલ મજુર અને બંધનકારક છે. લી. મેહેતા હીમતલાલ ચતુરલાલ દા. ખુદ પોતાના.

અત્ર મતુ | તત્ર સાખ

૧ મેહેતા હીમતલાલ ચતુરલાલનું મતુ સહી દા. ખુદ.

૧ શેઠ જગજીવન વમળસી સાખ દા. ખુદ.

૧ ઠકર નરોતમ લખમીદાસ સાખ દા. ખુદ.

૧ લી. મેહેતા હીમતલાલ ચતુરલાલ દા. ખુદ.

પ્રકરણ ૮.

સગા સબંધી લેખો.

સગપણ પત્રીકા.

શ્રી ગણેશાયનમ

શ્રી માહાલક્ષ્મૈનમ

શ્રી સરસ્વત્યૈનમ

સવત ૧૯૭૦ ના શ્રાવણ સુદી ૧ વાર સુકર તારીખ ૨૪-૭-૧૯૧૪ ઇગ્રેજી દીને ત્રવાડી મોહનલાલ દયારામ જ્ઞાતે ઉદીચ્ય બ્રાહ્મણ રહેવાસી રાધનપુરના જો લી જાની તુલજાશકર વેણીરામ જ્ઞાતે આઉદીચ બ્રાહ્મણ રહેવાસી ગામ પાટણના જત અમારી દીકરી બાઇ સરસ્વતી વેરે તમારા દીકરા લક્ષ્મીપ્રસાદનુ સગપણ કર્યું છે તે સહી સાબેત છે તેનાં પલાંની વીગત.

૩૦૧) ત્રણસોહાને એક રૂપીઆનુ ઘરેણુ
૧૦૧) એકસોહા એક રૂપીઆના લુગડાં.

એ પ્રમાણેનું ઘરેણુ અને લુગડા વીગેરે આપણી જાતના રીવાજ પ્રમાણે ઓદે પેરે તમારે કરવાં પહેરામણી મધ્યે કકુ અને કન્યા અમારે આપવી છે.

અત્ર મતુ | અત્ર સાખ

૧ જાની તુલજાશંકર વેણીરામનું મતુ મતાના દા. પોતાના

૧ પાઠક છગનલાલ દેવશંકરની સાખ દા. પોતાના.

૧ ત્રવાડી વૃજલાલ ઉમેદની સાખ દા પોતાના.

૧ દવે કુબેર નરભેરામની સાખ દા પોતાના.

૧ સુકલ ગણપત ઉમીઆશંકરની સાખ દા. પોતાના.

નાતરીવાજી સગપણ કરાર (સોનાવાસા) નં. ૧

સંવત ૧૯૭૦ના શ્રાવણ સુદી ૮ ગુરૂવાર તારીખ ૩૦-૭-૧૯૧૪ ઈંગ્રેજી દીને સોની જમનાલાલ ગણપતલાલ જ્ઞાતે શ્રીમાલી સોની રહેવાસી ગામ વારાહી જોગ લી સોની મોહનલાલ મનસુખ જ્ઞાતે શ્રીમાલી સોની રહેવાસી ગાંમ રાધનપુર જત આ દસ્તાવેજથી બંધાઇ લખી આપુછુ કે માહારી દીકરી નામે બાઇ ગંગાનુ સગપણ તમો જમનાલાલના દીકરા ગીરધરવેરે અમોએ કર્યું છે તેની લેવડ દેવડની વીગત નીચે પ્રમાણે છે.

નાતના રીવાજ પ્રમાણે રૂ ૧૫૧) અંકેરૂપીઆ એકસોહો એકાવન તમારે અમોને લગ્ન વખતે ગણી આપવા.

રૂ૫૦૧) અંકેરૂપીઆ પાંચસોહો અને એકનુ તમારે ગંગા માટેપલ્લુકરવુ.

રૂ૫૧) અંકે રૂપીઆ એકાવનના લગ્ન વખતે છાબમા લુગડા મુકવા નાતના રીવાજ પ્રમાણે કરવાં.

આપણી નાતના રીવાજ પ્રમાણે તમારે વરોઠી કરવી.

ગોરનુ દાપુ ત્થા લાગભાગ ત્થા જાનવીદાય થતી વખતે પાદર સીખ નાતના પાંચમાણસો કહે તે રીવાજ પ્રમાણે તમારે ચુકવવુ.

એ પ્રમાણેનુ તમામ ખરચ તમારે સીર છે અને નાતના રીવાજ ઉપરાંત જે કાંઈ ખરચ તમો વધારે કરશો તે તમારે સીર છે અમારે તો પહેરામણીમાં કંકુ અને કન્યા આપવી છે તે સહી સાબેત છે તેમા અમારાથી કે અમારા વંશવાલી વારસદારોથી કાંઇપણ ફેરફાર થઇ શકે નહી. આ કરાર અમે અમારી રાજીખુશીથી નાતના પાંચમાણસો રૂબરૂ પુરેપુરૂ સમજી વીચારીને લખી આપેલ છે તે અમારે ત્થા અમારા વંશવાલી વારસદારો સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે તે સહી છે. લી. દવે જેઠારામ ગૌરીશંકર શ્રીમાલી બ્રાહ્મણ રહેવાસી ગામ રાધનપુર ધણીએના કહેવાથી લખી આપેલ છે.

અત્ર મતુ.	અત્ર સાખ
૧ લી. સોની મોહનલાલ મનસુખનું મતું મતાના દસકત પોતાના	૧ સોની બાદર જેઠાની સાખ દા. પોતે
	૧ સોની બાધા ત્રીભોવનની સાખ દા. પોતે
	૧ સોની બેચર મગનની સાખ દા. પોતે
	૧ સોની અમુલખ મોહનની સાખ દા. પોતે

૧ સોની મણીલાલ પરસોતમની
સાખ દા. પોતે
૧ લી. દવે જેઠારામ ગૌરીશંકર
લખી આપનાર સોની મોહનલાલ
ના કેવાથી લખી આપેલ છે.

સગપણ સબંધી કરાર (સોના વાસા) નં ૨

સવત ૧૯૭૦ના શ્રાવણ સુદી ૯ સુકરવાર તારીખ ૩૧–૭–૧૯૧૪ ઇગ્રેજી દીને શેઠ જમનાલાલ મોહનલાલ ન્નાતે વીસા શ્રીમાલી વાણીઆ ઉમર વરસ ૩૫ ધધો વેપાર રહેવાસી પાટણ જોગ લી શા કાલીદાશ ટોકરચંદ ન્નાતે વીસા શ્રીમાલી વાણીઆ ઉમર વરસ ૩૫ ધધો વેપાર રહેવાસી ગામ ધોરાજી જત આ દસ્તાવેજથી લખી આપી બધાઉ છુ કે માહારી દીકરીબાઇ ચચળનુ સગપણ તમારા એટલે જમનાલાલના દીકરા મનસુખવેરે કર્યુ છે તે સગપણ કરવાના બદલામા તમારી પાસેથી આગળ પાછલ થઇ રૂ૨૦૦૧) બેહજાર એકરૂપીઆ અમારે લેવા છે તેમા આજે તમોએ રૂ૧૦૦૧) અ કે એકહજાર એક અમને તમોએ આપ્યા છે તે અમને પુરેપુરા એકહજાર એક પોચ્યા છે અને બાકો રહેલા રૂપીઆ એક હજાર લગન વખતે લેવાની શરત છે જાન અમારે ગામે પરણવા આવશે ત્યારે રૂપીઆ એક હજાર અમો ગણી લીધા બાદ લગ્નની ક્રીયા શરૂ કરીશુ ચચળ માહારી દીકરી છે અને અમો શ્રીમાલી વીસાવાણીઆ છીએ તેમાં કાંઇ ફરફાર નીકળે અગર તો અમોને તમો તમામ થઇ રૂપીઆ બે હજાર પુરેપુરા ગણી આપ્યા છતા પરણાવવામા કસુર કરીએ તો સદરહુ રૂપીઆ જેટલા તમારા લીધા હશે તેટલા સેંકડે એકેમાસ એકે ટકા ૦।।। પોણાટકાના વ્યાજ સાથે રૂપીઆ તમોને અ ા પાછા આપીએ અને તે રૂપીઆ આપી તમારૂ મન મનાવ્યા પહેલા તેમજ તમારી રજા મેળવ્યા વગર અમારાથી બાઇચચળનુ લગ્ન થઇ શકે નહી છતા કદાચ તે પ્રમાણે વરતવામાં કસુર કરી એતો તમને જે જે કાયદા સર ઇલાજ લ્યો અને તેમા તમોને જે જે ખરચ થાય તેના તમામ જવાબદાર અમો છીએ આ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી ત્યા અક્કલ હુશીઆરીથી તન્દુરસ્તીની હાલતમાં બરાબર સમજીને કરી આપેલ છે હરતેપોતે દા. શેઠ કચરચદ ત્રીકમચદ ધણી બેના કહેવાથી લખી આપેલ છે

અત્ર મતુ	અત્ર સાખ
૧ લી. શા. કાલીદાસ ટોકરચંદ નુ મતુ મતાના દસકત પોતાના રૂ પીઆ એક હજાર એક પોચ્યા છે.	**૧ શેઠ કસ્તુર મણીલાલની** સાખ દા પોતે **૧ શેઠ અમથાલાલ** જગજી **વનની સાખ** દા. પોતે **૧ લી. શેઠ કચરચંદ ત્રીકમ ચંદ** લખી આપનાર કાલીદાસના કહેવાથી લખી આપેલ છે.

સગપણ સંબંધી પુરત લેખ.

સવત ૧૯૭૦ના શ્રાવણ સુદી ૭ બુધવાર તારીખ ૨૯—૭—૧૪ ઇગ્રેજી દીને શેઠ જમનાલાલ વખતચદ જાતે વીસા શ્રીમાલી વાણીઆ રહેવાસી અમદાવાદ જોગ લી. શેઠ મણીલાલ પુરસોતમદાસ જ્ઞાતે વીસા શ્રામાલી વાણીઆ રહેવાસી ગામ પાટણ જત આ દસ્તાવેજથી લખી આપી બધાઉછુ કે અમારી દીકરી નામે બાઇ કાન્તાગૌરીનું સગપણુ (વેવાઇશાળ) તમો જમનાલાલના દીકરા રમણીકલાલ સાથે કરેલુ છે તે સહી સાબેત છે અને તેના લેવડદેવડની વીગત નીચે પ્રમાણેની છે.

રૂ૫૦૧) અકે રૂપીઆ પાચસોહો અને એક તમોને અમારે પુરતના આપવા છે તે લગ્ન થતી વખતે આપવા છે.

નાતના રીવાજ પ્રમાણે વરોઠીનુ ખરચ તમારા ઉપર છે તમારી મરજી પ્રમાણે નાતના રીવાજ મુજબ તમારે વરોઠી કરવી

કન્યાનાં લગ્ન અમો ઘણે ભાગે અમદાવાદ આવી કરીશુ પણ કદાચ પાટણમા કે અમદાવાદ શીવાય બીજે લગ્ન કરીએ તો અમદાવાદથી તમો જાન લઇ નીકલો અને પાછા અમદાવાદમા તમો તમારે ઘરે પોચો ત્યાંહાં સુધીનુ તમારી આખી જાનનુ વાહન ખરચ તથા ખોરાક ખરચ તથા ચોકી ચાકર ખરચ વીગેરે જેજે ખરચ તમોને થાય તે અમારે તમોને આપવુ છે.

પડલુ તમારે કાંઈપણુ કરવાનુ નથી

કન્યાને અમો નાતના રીવાજ પ્રમાણે કપડાં દાગીનાં કરીશુ.

વીવાહ ખરચ લાગભાગ દાપુ પાદર શીખ એ સર્વે અમારે સીર છે વરને ઉપર લખેલ પુરતના રૂ૫૦૧) પાચસો એક શીવાય પહેરામણી

વરને ત્થા જાનના માણુસોને નાતના રીવાજ પ્રમાણે અમારે કરવી છે.

એ ઉપરની શરતોથી અમોએ બાઇ કાન્તા ગવરીનુ લગ્ન તમારા દીકરા રમણીકલાલ સાથે કરેલ છે તે અમારે ત્થા અમારા વશ વાલી સર્વેને કબુલ મંજુર છે હસ્તે પોતેલી· શેઠ જગજીવન વનમાલીદાસ ધણી બન્નેની રજુ વાતે લખી આપેલ છે.

અત્ર મતુ	તત્ર સાખ
૧ લી. મણીલાલ પુરસોતમ દાસનું મતુ મતાના દસકત પોતાના	**૧ શેઠ કસ્તુર વીરચંદની સાખ** દા. પોતાના
	૧ નાનાલાલ ભોગીલાલની સાખ દા. પોતાના
	૧ લી. જગજીવન વનમાલીદાસ લખી આપનાર મણીલાલના કેવાથી લખી આપેલ છે.

કુટુંબ વહેંચણની ફારગતી.

સંવત ૧૯૭૦ ના ભાદરવા સુદી ૨ રવીવાર તારીખ ૨૩-૮-૧૯૧૪ ઈંગ્રેજી દીને જોગ લખાવી લેનાર રાધનપુરના ત્રવાડી લજારામ દલશુખરામ જ્ઞાતે શ્રીગોડ બ્રાહ્મણ રહેવાસી રાધનપુર જોગ લખી આપનાર ત્રવાડી નાનાલાલ દલસુખરામ જત આ ફારગતીથી લખી આપી બધાઉં છું કે કુટુંબની સ્થાવર જગમ મીલકત તેમજ બન્ને ભાઇઓની સ્વપાર્જીત સ્થાવર જંગમ મીલકત આજ દીવસ સુધી બને વચે મઝીઆરી હતી તેનો બન્ને જણે મલી આજે નીવેડો કરેલ છે અને તમામ મીલકત વહેચી લીધી છે. તેની વીગત નીચે પ્રમાણે છે.

તમો લજારામના ભાગમાં નીચેની મીલકત અમે આપી છે.

ઘર નગ બે જેમાંનુ એક શ્રીગોડવાસમા જાની મુળજી હરીરામના ઘર પાસે આવેલ છે તે ત્થા બીજુ ગાંધીવાડામા ગાંધી દલસુખ જેઠાલાલ ના ઘર પાસે આવેલુ છે તે

પાસેતુ ખેતર નંગ એક ઓળીઆવા ત્રણનુ રાધનપુરથી અમીરપુરા ગામ તરફ જતાં જમણી બાજુએ ચોડીથળીઆ નામના પામા ઘાંચી રસુલ અસમાલના ખેતરના સેઢે આવેલ છે તે

×ગાઓ બેએક મુઝડી અને એક કાલી બાકી દાગીના સોના તથા રૂપાના તેમજ રાચરચીલુ વીગેરે પરચુરણુ સામન ત્થા નગદ રોકડા હાલ તમારા કબજામાં છે તે તમોને આપ્યા છે.

સીનાડના કણુબી જેહા બેચર પાસે સંવત ૧૯૬૭ ના માહા સુદી ૨ ના ખાતાના આધારે રૂ. ૧૮૫) લેણુા છે તે તમોને સોંપેલ છે તે તમારે લેવા.

અમો નાનાલાલને ભાગે નીચે પ્રમાણેની મીલકત અમોએ સંભાળી લીધી છે.

ઘર નગ બે તેમાનુ એક ઘર સુથારવાસ અંદર સુથાર ભુદર બેચરના ઘર પાસે આવેલુ છે તે ત્થા ઘર એક ગુજરવાડાના નાકામા પેસતા જમણી બાજુ શેઠ ન્યાલચંદ પુરસોતમના ઘર પાસે આવેલ છે તે

રાધનપુરથી ભીલોટ જતા જમણી બાજુએ વીડી નામની સીમમાં ઓળીઆવા અઢી આશરેનુ વીડી નામનુ ખેતર કે જે સથવારા દલસુખ રણછોડના ખેતરના સેઢે છે તે,

ગાઓ બે બન્ને ધોળી છે તે

×બાકી દાગીના સોના ત્થા રૂપાના ત્થા નગદ રૂપીઆ ત્થા રાચરચીલુ વીગેરે પરચુરણુ સામન હાલ મારા કબજામાં છે તે માહારે ભાગે આવેલ છે

અમીરપુરના કોલી ખેમા રાજા પાસે રૂ. ૧૭૫) ખતના આધારે સંવત ૧૯૬૮ ના ફાગણુ વદી ૫ મીતીના લેહેણુા છે તે માહારે લેવાનાછે

ઉપર પ્રમાણેની મીલકત બન્ને ભાઇઓએ મલી વહેંચી લીધી છે હવે તમારા કબજામા જેજે સ્થાવર મીલકત તેમજ જંગમ મીલકત છે તેમા અમારો લેશ માત્ર પણુ હક નથી ઉપર પ્રમાણે તમારા ભાગમા જે જે મીલકત આવી છે તે તમામના તમો સ્વતંત્ર માલીક છો અને તેનો ઉપભોગ હવેથી તમારી મરજી મુજબ કરજો તેમાં સર્વે પ્રકારના હકો તમારા છે આથી તમારા ભાગમા આવેલ મીલકત ઉપરથી અમારો હક અમે ઉઠાવી લઇએ છીએ.

સ્થાવર મીલકત અંદરથી જે કાંઇ નફો મલે અગર કાંઈ માલ મીલકત નીકળે તે ઉપર જે મીલકત જેના કબજામાં છે તેમનો હક છે એટલે કે તમારા કબજામા.

જે જે સ્થાવર મીલકત આવી છે તેમાથી જે માલ મીલકત નીકળે તે સઘળાના તમો એકજ સ્વતંત્ર માલીક છો તેમાં અમારે લેવા

હેવા નથી તેમજ અમારા કબજામાં જે મીલકત આવી છે તેમાંથી જે માલ મીલકત નીકળે તેના અમો સ્વતંત્ર માલીક છીએ.

ઉપર પ્રમાણેની વીગતથી આ ફારગતી અમોએ અમારી રાજીખુશીથી તથા અકલ હુંશીઆરીથી બરાબર સમજી વીચારીને લખી આપી છે તે અમોને તેમજ અમારા વંશ વાલીવારસદાર સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે લી. વકીલ રમણીકલાલ ત્ર્યંબકલાલ ધણી જણ બનેની રજુવાતે લખા આપી છે

અત્ર મતુ	અત્ર સાખ
૧ લી ત્રવાડી નાનાલાલ દલસુખ નુ મતુ મતાના દસકત પોતાના.	૧ દવે પુરસોતમ પીતામ્બર ની સાખ દા. પોતાના.
	૧ જાની જેશંકર છોટાલાલની સાખ દા પોતાના
	૧ લી. વકીલ રમણીકલાલ ત્ર્યંબકલાલ લખી આપનાર ત્રવાડી નાનાલાલ દલસુખરામના કહેવાથી ફારગતી લખી આપી છે.

દત્તક લેખ.

સંવત ૧૯૭૧ ના માહ સુદી ૨ તારીખ ૧૭–૧–૧૯૧૫ રવીવાર દને શેઠ નરપતલાલ ઉત્યમચંદ જ્ઞાતે વીશાશ્રીમાલી વાણીઆ ઉમર વરસ ૫૨ ધંધો વેપાર રહેવાસી ગામ વીરમગામ આ દસ્તાવેજથી હુ બંધાઉ છુ અને કબુલ કરૂછુ કે માહારા પેટ ફરજંદ નથી. હુ બાવન વર્ષની ઉમરે પોચેલ છું માહારી સ્ત્રીની ઉમર પણ માહારા જેટલીજ છે સંતાન થવાની

ખુલાશો.

આ જગ્યાએ મોઘમ દાગીના અને મોઘમ નગદ રૂપીઆ લખ્યા છે તેનુ એવુ કારણ છે કે દરેક ગૃહસ્થને પોતાનો ભ્રમ ખુલ્લો કરવો પસંદ હોતો નથી જેથી દાગીના અને નગદ રૂપીઆ દરેક સમજુ માણસો ખાનગીમા વહેચણ કરી લઇ ખુલી મીલકત પ્રસીદ્ધમાં વહેચે છે એટલે ફારગતીમા સદરહુ મીલકત ખુલ્લી નહીં કરવાની ખાતર મોઘમ બતાવી છે પણ વીગતવાર લખવી હોય તો તે જગ્યાએ લખી શકાય.

આશા હવે નથી અને આ દેહ નાશવત છે આ ફના દુનીઆમાં જેણે જન્મ ધારણ કરેલ છે તે નાશ થવાનો જ છે આ ફના દુનીઆમાં આ-યુષ કયારે પુરૂ થશે તે કહી શકાય તેમ નથી માહારી તેમજ માહારાં બૈરાંની ચાકરી બરદાશ કરવા અને માહારો વંશ રાખવા આ દસ્તાવેજથી વીરમગામના માહારા કાકાના દીકરા નામે શેઠ વૃજભુખણ વનમાલીદાશ ના દીકરા રતનલાલ કે જેની ઉમર વર્ષ ૧૪ ની છે તેને હું આજથી દત્તક લઇ માહારી સાથે પુત્ર તરીકે રાખુ છુ.

રતનલાલ હવેથી અમારી સાથે પુત્ર તરીકે રહેશે રતનલાલને હું પુત્ર તરીકે માહારી સાથે રાખીશ અને માહારા પુત્ર દરજ્જે જેજે હકો અને અધીકાર છે તે તમામ રતનલાલ ભોગવશે માહારી સ્થાવર મીલકત તથા જંગમ મીલકત તથા માહારા લેણા વીગેરે તમામનો હકદાર માહારા પુત્ર દરજ્જે રતનલાલ હવેથી છે.

રતનલાલ પુત્ર દરજ્જે રહી અમને પીતા માતા દરજ્જે ગણી તે પ્રમાણે અમારી સાથે વરતશે. અમો બનેની વૃદ્ધવસ્થામા પુત્ર દરજ્જે ચાકરી કરશે અને હવેથી રતનલાલ નરપતલાલ નામથી ઓળખાશે અને તે નામથી તેનો તમામ વહેવાર ચાલતા તે નામથી વહીવટ વીગેરે કરશે માહારી અને માહારી બૈરીની ઉમર પુરી થયા બાદ ધર્મ અને નાતરીવાજ મુજબ અમારા પાછળ ધાર્મીક ક્રીયા વીગેરે ઉત્તર ક્રીયા તમામ પુત્ર દરજ્જે રતનલાલ કરશે. રતનલાલની કમાણી વીગેરે ઉપર માહારા પીતા દરજ્જેના હકો રહેશે અને માહારી તમામ મીલકત ઉપર પુત્ર દરજ્જે રતનલાલના હકો અને અધીકાર રહેશે. દત્તક તરીકે જે ક્રીયા નાતના રીવાજ અને માહારા જાણવા માનવા પ્રમાણે કરવી જોઇએ તે તમામ ક્રીયા કરીને રતનલાલને મે દત્તક લીધો છે રતનલાલને દત્તક લેવા માટે રતનલાલના જનક બા-પની મે પ્રવાનગી લીધી છે અને તે પ્રમાણે રતનલાલના જનક બાપ વૃજભુખણદાશે રાજીખુશીથી પ્રવાનગી આપી છે તે આપેલ પ્રવાનગીનો સ્વીકાર કરી રાજીખુશીથી અકલ હુશીઆરીથી બરાબર સમજી વીચાર કરીને તન્દુરસ્તીની હાલતમાં રતનલાલને દત્તક લઈ પુત્ર તરીકે મે કબુલ રાખેલ છે અને મને દરેક રીતે કબુલ મંજુર અને બંધનકારક છે.

વૃજભુખણદાશની પ્રવાનગી લીધા બદલ આ નીચે તેમની સહી ક-રાવી છે લી. શેઠ નરપતલાલ ઉત્યમચંદ દા. પોતાના.

હું વ્રજભુખણદાશ વનમાળીદાશ કબુલ કરૂંછુ કે માહારા દીકરા રતનલાલને દત્તક તરીકે રાખવા મેં સદરહુ નરપતલાલ ઉત્યમચદને પ્રવાનગી આપી છે.

અમો નીચે સહી સાક્ષી કરનાર જણાવીએ છીએ કે આ દત્તકલેખ અમારા રૂબરૂ થએલ છે અને તે પ્રમાણે શેઠ નરપતલાલ ઉત્યમચંદે દત્તક રતનલાલને લીધેલ છે.

૧ વીરમગામના શેઠ મણીલાલ મોહનલાલ સાખ દા. ખુદ.
૧ વીરમગામના ગાંધી પ્રભુલાલ નરોતમ સાખ દા. ખુદ.
૧ વીરમગામના પંડયા નીતીલાલ સદાશીવ સાખ દા. ખુદ.
૧ વીરમગામના દવે મણીશંકર રતનલાલ સાખ દા. ખુદ.
૧ વીરમગામના શેઠ વેણીલાલ પ્રભુલાલ સાખ દા. ખુદ

ઉપર લખેલ માણુસો રૂબરૂ મે દત્તક કબુલ કરેલ છે લી. શેઠ નરપતલાલ ઉત્યમચદ દા. પોતાના

વીધવાએ કરી આપેલ અને વીધવાએ લીધેલ દત્તક લેખ.

સવત. ૧૯૭૧ ના માહ સુદી ૨. તારીખ. ૧૭-૧-૧૯૧૫ રવીવાર દને. શેઠ વમલસી પીતામ્બરની વીધવા ઓરત રત્ન. મણી હીરાલાલ. ગ્નાતે વૈશ્નવ મોઢવાણીઆ ઉમર વરસ ૪૫ રહેવાસી ભાવનગર હુ આ દસ્તાવેજથી લખી આપી બધાઉછુ કે હુ વીધવા છુ માહારા પેટ બે દીકરી ઓ. શીવાય કાંઈ પુત્ર. ફરજદ નથી. આ ફાનાં દુનીઆમાં આયુષ કયારે પુરૂ થશે તે કહી શકાય કે સમજી શકાય તેમ નથી અને તેથી માહારા ધણીનો વશ રાખવા અને વશ દરજે ઉત્તર ક્રીયા વીગેરે માહારા ધણી નીમીત્તે તેમજ માહારી પાછળ ધાર્મીક ક્રીયા કરી શકે એ ઉદેશથી માહારી મોટી દીકરી હીરાલક્ષ્મીના દીકરા મણીલાલને હું આજથી દત્તક લઈ પુત્ર તરીકે કબુલ કરૂંછુ અને પુત્ર દરજે રાખુ છુ માહારા ધણી વમ-

---

ટીપ.

દત્તક આપનારને બે દીકરા હોય તો તે પૈકીના એક દીકરાને દત્તક આપી શકે.

એકજ એક દીકરાને દત્તક લેવા પ્રવાનગી અપાય નહીં. અને દત્તક લેનારે દત્તક લેવાય નહીં કારણ કે તેમ થવાથી એકના વંશનું નામ નાબુદ થાય છે.

ળસી પીતામ્બરના પુત્ર તરીકે મણીલાલ ઓળખાશે અને શેઠ મણીલાલ વમળસી એ નામથી તેનો વહેપાર વહીવટ અને દરેક કામકાજ ચાલશે તેમજ વમળસી પીતામ્બરના પુત્ર દરજ્જેના તમામ હકો અને અધીકાર મણીલાલને છે. માહારી સ્થાવર જંગમ મીલકત ઉપર તેમજ માહારા અને મહારા ધણી વમળસીના લેણા વીગેરેના તમામ હકો ઉપર હવેથી મણીલાલનો હક અને અધીકાર છે.

મણીલાલને દત્તક તરીકે પુત્ર કરવામા માહારી દીકરી હીરાલક્ષ્મીના વર પારેખ ત્રીભોવનદાસ વીરચંદની મે પ્રવાનગી લીધી છે અને તે પ્રમાણે પારેખ ત્રીભોવનદાસે મને પ્રવાનગી આપવાથી તેમની પ્રવાનગીનો સ્વીકાર કરી મણીલાલને દત્તક લીધેલ છે

માહારા ધણી વમળસી પીતામ્બર પાંચેક વરસ ઉપર સ્વર્ગવાશ થયા છે તેમનો પણ વીચાર મણીલાલને દત્તક તરીકે રાખવાનો હોવાથી તેમણે મણીલાલને દત્તક તરીકે લેવા મને સંમતી આપી છે જે આધારે મણીલાલનેજ દત્તક તરીકે લઈ પુત્ર તરીકે મે કબુલ કરેલ છે અમારી નાત જાત અને ગામના રીવાજ પ્રમાણે જે ક્રીયા કરવી જોઇએ તેમ બધી ક્રીયાઓ માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર કરી દત્તક

ટીપ.

૧ દસ્તાવેજ લખી આપનાર ઇસમ સ્ત્રીજાતી હોય ત્યારે બનતાં તક દરેક બાબત સ્પષ્ટ હોવી જોઇએજ કારણુ કે સ્ત્રી જાતીને ફરી બોલતા પુરૂષ કરતાં ઘણીજ ઓછી વાર લાગે છે.

૨ સ્ત્રી કે પુરૂષ અભણ હોય ત્યરે દસ્તાવેજની બીના અને લખાણ અને તેની મતલબ બરાબર એ અભણને સમજાવવામાં આવી હતી તે બાબતની મતલબ ચોકસ આવવી જોઇએ વાચ્યા વગર સહી મતું કરેલ છે દસ્તાવેજનો મતલબ સમજ્યો નહીં હતો એવી તકરારો ન્યાયની કોર્ટોમા જોશો તો ઘણી ઉત્પન થવા પામે છે અને તેથી તે માટે બનતા તક બહુ સાવચેત રહેવાનુ છે

૩ વીધવાને દત્તક લેવા અધીકાર નથી એ સબધમા એક બીજા વીરૂધ ઇલાકાની મુખ્ય કોર્ટોમા અને નામદાર હોઇકોર્ટમા ઘણી તકરારો ઉત્પન થઇ છે અને ફેસલા પણ તેવી મતલબ ઉપર થયા છે પરંતુ છેવટે ફેંસલાઓ ઉપરથી મુબાઇ ઇલાકામાં વીધવા દત્તક લઇ શકે છે તેમ ઠરેલ છે.

તરીકે મણીલાલને લીધેલ છે માહારા ધણી વમળસી પીતામ્બરની તમામ સ્થાવર જંગમ મીલકત ઉપર હવેથી મણીલાલની મા દરજે માહારો હક અધીકાર રહેશે આ દત્તક લીધાનો દસ્તાવેજ મને બરાબર પહેલેથી છેલ્લે સુધી વચાવ્યો અને સમજાવ્યો તે માહારા લખાવ્યા પ્રમાણે અને કબુલ કર્યા પ્રમાણે બરાબર લખાએલ છે આ દસ્તાવેજ હુ માહારી રાજીખુશી અકલ હુશીઆરી અને તન્દુરસ્તીની હાલમાં પુરેપુરી રીતે સમજી વીચાર કરીનેજ દત્તક લીધેલ છે અને દત્તક લેખ કરી આપેલ છે તેમને તેમ માહારા વાલી વારસોને કબુલ મંજુર અને દરેક રીતે બંધન કારક છે લખનાર ભાવનગરના જાની. કુબેરદાસ હરીશંકર આ દસ્તાવેજ શેઠ વમ-ળસી પીતામ્બરની વીધવા બાઈ રતન મણીને પહેલેથી તે છેલ્લે સુધી પુરેપુરો વચાવી સમજાવતા તેમણે કબુલ કરેલ છે કે દસ્તાવેજ બરાબર લખાયો છે અને તે કબુલ છે દા જાની કુબેરદાસ હરીશંકર

---

૪ પોતાના ધણીએ સમતી આપી હોય તો તો વીધવાને દત્તક લેવા અધીકારજ છે.

૫ જે ઇસમને બે પુત્ર હોય અર્થાત એકથી વધારે પુત્ર હોય તેજ મા-ણુસ તેમાના એક પુત્રને દત્ત આપી શકે અને દત્તક લઇ શકે.

૬ એકનો એકજ પુત્ર દત્તક તરીકે બીજાને આપે તો તેવા દત્તક આપનાર જનક બાપનો વંશ રહે નહી આ ઉદેશથી કાયદાએ તેમ થતુ અટકાવેલ છે.

૭ જે છોકરાને દત્તક લેવામા આવે તેના જનક બાપ જીવતા હોય તો તેની પ્રવાનગી લઇ દત્તક લેવો એમ કાયદાએ ફરજ રાખી છે.

૮ દત્તક થનાર પુત્ર પોતાના જનક બાપનો વારસો ખુવે છે અર્થાત પોતે જે ઇસમને ત્યા જન્મેલ હોય તે બાપના વારસામાથી કાંઇ મીલકત દત્તક થનારને મળતીજ નથી અને તે તો તેના તેવા બા-પનો પુત્ર નથી તેજ પ્રમાણે મોલકત ઉપર કાંઇ હક રહેતો નથી.

૯ જે ઇસમ દત્તક લે તેની તમામ મોલકતનો પુત્ર દરજે દત્તક હકદાર છે

૧૦ આ પ્રમાણે હોવાથી આવા દસ્તાવેજ બરાબર સ્પષ્ટ થાય નહી અને કોઇ અનીશ્ચીત કારણસર દત્તક લેનાર ઇનકાર કરે અને કહે કે દત્તક મે લીધેલજ નથી ત્યારે તેવા પ્રસંગે દત્તક મને લીધેલ છે એમ પોતે કબુલ કરતો હોય તેથી પોતાના જનક બાપનો વા-

૧ **શ્રી પરમેશ્વરની સાખ.**

૨ **પારેખ ત્રીભોવનદાસ વીરચંદ સહી.** દા પોતાના. રહેવાસી ભાવનગર

૩ **ભાવનગરના શેઠ ત્રીકમલાલ ભજગોવીંદની સાખ.** દા પોતાના

૪ **ભાવનગરના મોઢ બ્રાહ્મણના ગોર નીત્યપ્રસાદ શાન્તીલાલના સાખ.** દા. ખુદ

૫ **ભાવનગરના શા. ચતુરલાલ કાલીદાસ સાખ.** દા. ખુદ

૬ **ભાવનગરના શેઠ વમળસી પીતામ્બરની વીધવા રત્નમણી હીરાલાલ મતુ અને સહી.** દા ભાવનગરના ઠકર ઝવેરલાલ માધવજી રત્નમણી હીરાલાલના રૂબરૂ આખો દસ્તાવેજ વંચાવી સભળાવી રત્નમણીના કહેવાથી તેમની સહી કરી આપી છે.

[ ] આ અંગુઠાનુ નીશાન બાઇ રત્નમણીના જમણા હાથના અગુઠાનુ છે અને તે માહારા રૂબરૂ રત્નમણીએ કરેલ છે લી ઠકર ઝવેરલાલ માધવજી દા પોતાના

૭ **લી. ભાવનગરના જાની કુબેરદાસ હરીશંકર** બાઈ રત્નમણી હીરાલાલના કહેવાથી લખી આપેલ છે.

ટુંકો દત્તક લેખ.

સવત ૧૯૭૧ના માહ સુદી ૨ તારીખ ૧૭–૧–૧૯૧૫ દીને પડયા વૃજલાલ કૃપાશકર ગ્નાતે ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ ઉમર વરસ ૪૫ ધધો ધીરધારનો રહેવાસી અમદાવાદ ધનાસુતારની પોળ ઘર નબર ૧૮૮ હુ આ દસ્તાવેજથી માહારા ભાણેજ રવીશકર અબાલાલને દત્તક લઇ ખોળે લઉછુ અને આજથી પુત્ર તરીકે રાખુછુ અને માહારી તમામ સ્થાવર જગમ મીલકત તેમજ યજમાન વૃત્તી અને લેણાનો હકદાર રવીશકર છે

રસા હક અને મીલકત ખુવે અને દત્તક બાપની મીલકત લેવા માટે તકરારમા પડે આ પ્રમાણે દત્તકે કફોડી સ્થીતીમાં આવવુ પડે તેથી દસ્તાવેજ બનતાં તક સાવચેત રહી કરાવવો

૧૧ દત્તક લેવા યા બાદ દત્તક અને દત્તક લેનાર વચે કુસંપ થાય અને તેથી દત્તક લેનાર પોતાના કબજાની દત્તકથી છાની રીતે મીલકત કોઇ સગાસંબધીને આપી દે અગર બીજી રીતે વ્યવસ્થા કરે તેમ જણાય ત્યારે તે પ્રમાણે કરતા અટકાવવા દત્તક ન્યાય કોર્ટમા દાવો લાવી શકે અને કોર્ટ તેમ થતુ અટકાવે છે.

માહારે પુત્ર સતાન નથી અને હવે કેટલા એક સંયોગોથી પુત્ર સંતાન થવાની આશાપણુ નથી અને તેથી માહારો વંશ રાખવા અને પુત્ર તરીકેનો લાવો અને વ્યવહારીક ત્થા ધાર્મીક લાભ લેવા રવીશંકરને દત્તક લઇ પુત્ર તરીકે રાખેલ છે અને તે બાબતમાં જે જે ક્રીયા થવી જોઇએ તે તમામ ક્રીયા કરી છે

રવીશકરના જનક બાપ તુલસી પ્રસાદ નીત્ય શંકરની પ્રવાનગી મેળવી તેમણે આપેલ પ્રવાનગીને આધારે રવીશકરને દત્તક લઈ પુત્ર તરીકે મેં કબુલ કરેલ છે માહારા પુત્ર દરજાના તમામ હક અને અધીકાર રવી શંકરને છે તેમને કબુલ મંજુર અને બધનકારક છે આ દસ્તાવેજ મે મારી રાજીખુશીથી ત્થા અકલહુશીઆરીથી પુરેપુરી રીતે સમજી વીચાર કરીને કરેલ છે અને રવીશકરને પુત્ર તરીકે કબુલ કરેલ છે તે માહારે તેમજ માહારા વશ વાલી વારસો સરવેને કબુલ મંજુર અને બધનકારક છે દા પંડયા વૃજલાલ ક્રીપાશકર દા. ખુદ પોતાના.

૧ **તુલસીપ્રસાદ નીત્યશંકર દવેની સહી** દા ખુદ.

૨ **શેઠ હરીગોવીંદ મથુરાંદાસ** સહી. દા. ખુદ ઠે. રાજામેહેતાની પોળ

૩ ધનાસુતારની પોળમા રહેનાર **પંડયા કરસનદાસ ભજનારાયણની** સાખ. દા પોતાના.

૪ **લખનાર પંડયા વૃજલાલ કૃપાશંકર** સહી અને મતુ દસકત ખુદ. પોતાના

વુઇલ મૃત્યુપત્ર લેખ.

સંવત ૧૯૭૧ ના માહા સુદી ૨ તારીખ. ૧૭ જાનેવારી સને ૧૯૧૫ ઇ દીને લી હુ ત્રીભોવનદાસ મનસુખલાલ જ્ઞાતે વૈશ્નવ મોઢવાણીઆ ઉપર વરસ આશરે ૪૫ ધધો ધીરધારનો રહેવાસી રાજકોટ શહેરનો જત હાલ માહારી તબીઅત સારી છે પણુ આ દેહ નાશવત છે અને ફના દુનીઆમા જે કોઇ પેદા થયુ છે તે મરવાનુજ છે આ ક્ષણુભંગુર દેહનો કાઇ ભરોસો નથી એમ જાણી આગળથી આ માહારૂ છેલ્લુ મૃત્યુ પત્ર કરી નીચે પ્રમાણે મુકરર કરેલ ટ્રષ્ટીઓ નીમુછુ કે પાછળથી તકરાર ન થાય માહારે પુત્ર કે પુત્રી કાઇ પણ ફરજદ નથી.

ટીપ.

વીધવા દત્તક લેખ નીચેનો ખુલાશો દત્તક લેવા સબધમાં છે તે વાંચવો.

૧ રાજકોટના ઠકર. તુલસીદાસ ભજનારાયણ.
૨ રાજકોટના શેઠ દેવચંદ શાન્તીલાલ.
૩ રાજકોટના દવે. ગીરધરલાલ સદાશીવ
૪ રાજકોટના શા વેણીલાલ હરજીવનદાસ.
૫ રાજકોટના પારેખ. કસતુરચદ રવીચદ

ઉપર લખેલા પાચ ટ્રષ્ટીઓ માહારા મરણબાદ માહારી સ્થાવર જગમ મીલકતની માહારા લખવા પ્રમાણે અને ટ્રષ્ટીઓ પોતાની મરજી પ્રમાણે વ્યવસ્થા કરવાને હકદાર છે અને તે પ્રમાણે હું તેમને અધીકાર આપુ છુ. માહારી મીલકતનો અજમાયસી આકડો નીચે પ્રમાણે છે.

૫૦૦) પાંચસો રૂપીઆ આશરેનુ ઘર નંગ એક જેમાં હાલ અમો રહીએ છીએ તે.

૮૦૦) આઠસો રૂપીઆના ઘર નગ બે ખડકીવાળા મોદીશેરીમાં પારેખ છગન ગગારામના ઘર પાસે આવેલ છે તે.

૧૨૦૦) બારસો રૂપીઆની દુકાન નંગ એક રાજકોટ કેમ્પમાં મારકીટ સામે આવેલ છે તે,

૬૦૦૦) છ હજાર રૂપીઆના સોના ચાંદીના દાગીના અને સાચા મોતી. માણેક સહીત છે તે જેની જુદી નોધ ઘરની મીલકતની યાદી લખી છે તેમા છે તે પ્રમાણે

૧૦૦૦) એક હજારના ત્રાબા પીતળના વાસણો—કાંસા તથા બીજી પરચુરણ ધાતુ સહીતના.

૮૦૦) રૂપીઆનુ પરચુરણ રાચરચીલુ

૪૦૦) ગોદડા ગાદલા વીગેરે કામનો ઘરમાં વપરાતો સામન

૧૨૦૦) સેવીંગ્સ બેંકમાં ખાતુ ખોલાવી રાજકોટ પોષ્ટ ઓફીસ મારફતે વ્યાજે મુકેલા છે તે

૧૫૦૦) પંદરસોહ રૂપીઆના શેરો પરચુરણ કપનીઓના—મીલો—રેલ્વે પ્રેસ એક—વીગેરેના ખરીદ કરેલ છે તે.

૧૨૩૭) બારસોહો સાડત્રીશ વેપારમા રોકયા છે જેનો હીસાબ ચોપડા મધે છે તે પ્રમાણે.

૫૦૦) રાજકોટની સીમમા ખેતર નગ એક જે રેલવે જકશન સ્ટેશન નજદીકમાં આવેલ છે અને વાડી નામથી ઓળખાય છે અને તે ચાર વીઘાનું છે તે.

૧૦૦૦) એક હજાર રૂપીઆનુ પરચુરણ લેણુ છે તે જેના ખત ખાતાઓ ચોપડા અંદર છે તે પ્રમાણે.

૨૦૦) બસો રૂપીઆનાં ઢોર બે ગાયો તથા એક ભેસ હાલ ધરે છે તે.

૧૬૩૩૭

ઉપર પ્રમાણે આશરે રૂ. ૧૬૩૩૭) અંકે સોળહજાર ત્રણસોસાડત્રીશ રૂપીઆની પુંજી છે તેની વ્યવસ્થા હુ નીચે પ્રમાણે કરૂ છુ.

હુ જીવતા સુધી સદરહુ તમામ મીલકતનો વહીવટ હુ માહારી મરજી પ્રમાણે અને સ્વતંત્ર માલીક દરજ્જે કરીશ અને તે મીલકતમાથી તમામ જાતનો ઉપભોગ કરવા હુ હકદાર છુ માહારા જીવતા સુધી માહારી મીલકતમા કાંઇ પણ હક બીજાને નથી અને આ મૃત્યુપત્રનો કાઇ અમલ થશે નહીં પરંતુ માહારા મરણ બાદ ઉપર બતાવેલ અને નીમેલ ટ્રષ્ટીઓ માહારી તમામ સ્થાવર જંગમ મીલકતનો માહારા લખ્યા પ્રમાણે અને બાકીની મીલકત માટે સ્વતંત્ર રીતે ઉપભોગ કરશે તેમ લેણુ વીગેરે વસુલ લેશે.

કદાચ મને કજારજા થાય અને આ ક્ષણભંગુર દેહ નાશવંત થાય ત્યારે માહારી પાછળ નીચે પ્રમાણે ખરચ કરવો.

૮૦૦) આઠસો રૂપીઆ રાજકોટ શહેરમા જે જે મંદીરો છે તે મંદીરોમાં દેવ કાર્ય થઇ શકે એવી સગવડે ટ્રષ્ટીઓએ પોતાના અભીપ્રાય પ્રમાણે મંદીરો અને દેવાલયોમા ધર્માદાકાર્ય માટે આપવા.

૨૦૦) માજનવાડે ખોડા ઢોરમા કપાસીઆ અને ગુવાર તથા ધાસ ખવરાવવા આપવા.

૩૦૦) ત્રણસોહો રૂપીઆ ગરીબ અનાથવર્ગમા યોગ્યરીતે ખરચ કરવા

૧૦૦૦) એક હજાર રૂપીઆ એકાદશાહની ક્રીયાથી તે વરસી સુધીની ક્રીયાઓમાં બ્રાહ્મણ ભોજન કરવામા ખરચ કરવુ.

૧૨૦૦) બારસોહો રૂપીઆ નાતવરામા વરસી સુધીમા થઇને ખરચવા

૮૦૦) આઠસોહો રૂપીઆ આશરેનુ યોગ્ય લાણુ નાતમા કરવુ

૨૫૦) એકાદશાહથી વરસી સુધીની ઉત્તર ક્રીયામા ખરચવા ગોર વીગેરેને આપવા વીગેરે સહીતમા થઇ.

૨૦૦) બસોહો રૂપીઆ સદાવ્રતમા આપવા.

૧૫૦) આંધળાં—લુલા—અપંગ વીગેરેના ફંડમાં આપવા.

૩૦૦) ત્રણસોહો રૂપીઆ ગરીબ છોકરાઓને ભણાવવામા આપવા.

૨૦૦) દુર્બલ નાતીલાઓને તેમજ ગરીબ વીધવાઓને તેમજ માબાપ

વગરના બાળકોમાં અમારી ગ્નાતી અંદર આપવા.

૧૫૦૦) રાજકોટ હાઇસ્કુલમાં મે કેલવણી લીધી છે જે હરીકૃપાવડે આ પૈસો પેદા કરેલ છે જેથી તે હાઇસ્કુલમાં હાલ સારો અભ્યાસ કરતા હોય અને આગળ વધવા ખુશી હોય પણ પૈસાના સાધનવગર આગળ અભ્યાસ કરવામા અટકતા હોય તેવા છોકરાઓને સ્કોલરશીપમા આપવા.

૨૦૦) રૂપીઆનો કુવો કે જ્યાં લોકો પાણી વગર હેરાન થતા હોય તે જગ્યાએ ખોદાવવો.

૩૦૦) માહારી બે બેનો હીરા ત્થા લક્ષ્મીને અર્ધો અર્ધ આપવા.

માહારા મરણ બાદ માહારી તમામ મીલકત ટ્રસ્ટીઓએ એકત્ર કરવી દુકાન બંધ કરાવી સીલીકમા કાંઇ માલ હોય તે જાહેર લીલામથી વેચવો ઢોર વીગેરેમાં ગાયો ધર્માદા યોગ્ય સ્થળે આપી બીજા ઢોર જાહેર લીલામથી વેચી દેવા. મુનીમ વીગેરે માહારા નોકરોને ચુકતે પગાર આપી તેમને છુટા કરી રજા આપવી અને માહારી નાણાં શીવાયની મીલકત તમામ વેચાણ કરીને તે રકમ એકત્ર કરવી અને બની શકે ત્યાંહા સુધી તે નાણા વપરાતા સુધી વ્યાજ વગર પડી રહે તેમ નહી કરતા વ્યાજ ઉત્પન કરવુ.

માહારા મરણ બાદ માહારી સ્ત્રી હરીગંગા જીવતી હોય તો તે જીવે ત્યા સુધી તેને એક બાઇ માણુસ નોકર દરજે રાખી આપવી અને તે નોકર રાખેલ બાઇ માહારી સ્ત્રીની જીવતા સુધી બરાબર ચાકરી બરદાશ અને શેવા ઉઠાવે તેમજ ઘરનુ તમામ કામકાજ કરી રસોઇ કરી ખવરાવે તેવુ કામ કરનાર ગમે તે પગારથી એક નોકર રાખવી. માહારી સ્ત્રીને નોકરના પગાર શીવાય દર મહીને રૂ ૨૦) ભરણપોષણ લુગડાંલત્તાં માટે આપવા, અને દર માસે રૂ. ૧૦) ધર્માદા માટે હાથ ખરચી આપવી અને માહારી સ્ત્રી દરવરસે જાત્રા પ્રસંગે જવા વીચાર કરે તો યાત્રાર્થે જતાં અને ચાલતા સુધી સદરહુ નોકર બાઇ ઉપરાત બીજો પુરૂષવર્ગ ભરોસાદાર નોકર ગમે તે પગારથી રાખી આપવા ઉપરાત દર વરસે યાત્રામાં ખરચવા રૂપીઆ ત્રણસોહો આપવા અને તે મરણ જવા બાદ તેની ઉત્તર ક્રીયામાં ધર્માદા નાત વહેવાર અને તમામ થઇ જે મીલકત બચી હોય તેનો ½ ભાગ એટલે અર્ધી મીલકત તેની પાછળ તેની સદ્ગતી માટે વાપરવી એટલે કે છ હજાર રૂપીઆ બચેલા હોય તો તેમાંથી ત્રણહજાર રૂપીઆ વાપરવા આ પ્રમાણે ખરચ કર્યા બાદ જે મીલકત સીલીક તરીકે

રહે અથવા માહારા પ્રથમ માહારી સ્ત્રી મરણ જતાં માહારા મરણ બાદ જે મીલકત રહે તે તમામ મીલકત ટ્રસ્ટીઓએ પોતાના અભીપ્રાય પ્રમાણે નીચેના ઉપભોગમાં બરાબર આવે તે પ્રમાણે ખરચવી અને તેની વ્યવસ્થા કરવી.

૧ ગરીબ બાળકોને વ્યવહાર સબધીની કેળવણી માટે વીદ્યા ભણાવવામાં
૨ ધાર્મીક કેળવણી અપાવવા બાબતમા
૩ દેવાલય જરૂરની જગ્યાએ કરાવવામા
૪ અનાથ ગરીબ માણુસોને જરૂર પુરતી મદદ કરવામા
૫ હીસા થતી અટકાવવાના કામોમા
૬ દુકાળ વખતે અથવા મોઘવારી પ્રસગે હેરાન થતાં પશુ પક્ષીઓને મદદ કરવામાં
૭ માબાપ વગરના બાળકોને ઉછેરવામા

ઉપરના સાત કામોમા અગર સાત કાર્યો પૈકી કોઇ પણ કામોમાં સીલીક રહેલી મીલકતનો ઉપયોગ્ય કરવો અને જે જે કામોમાં અર્થાત ખાતાઓમા તે મીલકતનો બરાબર ઉપભોગ થાય છે કે કેમ તેનો તમામ મીલકતનો ખરચ પુરો થતાં સુધી તે ઉપર ટ્રસ્ટીઓએ દેખરેખ રાખવી અને જે ખાતામા સદરહુ રકમ અગર કોઈ ભાગ આપવામા આવે તે ખાતાને વ્યવસ્થા કરવા કારણ સાથે સુચના કરવી અને તે મીલકત પુરી તે પ્રમાણે ખરચાયા બાદ તેના હીસાબનો આકડો ટ્રસ્ટીઓએ લઇ તેની ખાત્રી કરવી.

હાલ માહારી જે જે સ્થાવર અને જગમ મીલકત છે તેમા માહારા મરણ બાદ જે વધારો ઘટાડો થયો હોય અગર માહારા હક અને માલીકીની અથવા અધીકારવાળી જે મીલકત નવી આવે અથવા કોઇ નવી મીલકત માહારા અધીકારથી મને પ્રાપ્ત થાય તેવી તમામ મીલકત પોતાના કબજામાં ટ્રસ્ટીઓ લેવાને હકદાર છે અને તે પ્રમાણે માહારા હક અને અધીકારવાળી તમામ મીલકત માહારી પાછળ જે જે હોય તે લેવા વસુલ કરવા અને માહારા ટ્રસ્ટી દરજ્જે યોગ્ય કોર્ટોમા દાદને પોચી કાયદેસર કરવા હુ ટ્રસ્ટીઓને અધીકાર અને સત્તા આપુછુ.

માહારી મીલકતનુ ઉત્પન ટ્રસ્ટીઓ લેશે તેમ લેણુ વ્યાજ વીગેરે ટ્રસ્ટીઓ પોતાના કબજામા લઇ ઉપર બતાવેલ વીગતથી વ્યવસ્થા કરશે.

જે પ્રમાણે મીલકત વાપરવા ચોકસપણે બતાવવામાં આવેલ છે તે પ્રમાણે ટ્રસ્ટીઓ વાપરવાને બધાએલા છે પણ જેમાં ટ્રસ્ટીઓ ઉપર આધાર

રાખવામાં આવેલ છે તેવા પ્રસગે ટ્રષ્ટીઓમાં મતભેદ પડે તો પાંચ ટ્રષ્ટીઓ પૈકી વધારે ટ્રષ્ટીઓનો અભીપ્રાય જે પ્રમાણે થશે તે પ્રમાણે મીલકતની વ્યવસ્થા કરવી. કદાચ પાંચે જણના જુદા જુદા અભીપ્રાય થાય અને કોઈ એક મતઉપર આવી શકે નહી તેવા પ્રસગે—રાજકોટ શહેરના નગરશેઠ ત્થા અમારી નાતના મુખ્ય શેઠ જે હોય તેમને તે કામ માટે પુછવુ અને તે કહે તે પ્રમાણે ટ્રષ્ટીઓએ વ્યવસ્થા કરવી.

માહારી કોઇ પણ જાતની મીલકત ઉપર માહારા કોઇ પણ જાતના સગાનો—વાલીનો વશનો—વારસનો આ દસ્તાવેજ મૃત્યુપત્રથી હક અને અધીકાર રદ છે. કદાચ તેઓ કાઇ પણ દાવો રાખશે અથવા તકરાર કરશે તો તે રદ થશે અને તેમને લેશ માત્ર પણ હક મળી શકશે નહી

આ મૃત્યુપત્ર લેખ બરાબર જાતે વાચી સમજી અકલ હુશીઆરીથી હીત અહીતનો વીચાર કરી તન્દુરસ્તીની હાલતમાં બરાબર રીતે કરેલ છે અને તેમને ત્થા માહારા વશ—વાલી વારસો વીગેરે દરેક જાતના સગા સબધીઓને કબુલ મજુર અને બધનકાકક છે લખનાર રાજકોટના વકીલ નીરભયશકર હીમતલાલ બી. એ. એલ એલ. બી. રાજકોટના મોઢવાણીઆ ત્રીભોવનદાશ મનસુખલાલના કહેવાથી તેમના કહેવા પ્રમાણે લખેલ છે અને ત્રીભોવનદાશે માહારા રૂબરૂ બરાબર વાચી સમજેલ છે.

૧ રાજકોટના મોઢવાણીઆ ત્રીભોવનદાશ મનસુખલાલ સહી અને મતુ દસ્કત ખુદ પોતાના.

૧ પંડયા રાજારામ હરીરામની સાખ દા ખુદ.
૨ શેઠ વાડીલાલ ત્રીકમલાલની સાખ દા ખુદ.
૩ શેઠ ગણપતલાલ બાદરચંદની સાખ દા ખુદ
૪ ઠકર રતનલાલ કાલીદાશની સાખ દા. ખુદ.
૧ શેઠ ત્રીભોવનદાશ મનસુખલાલ સહી મતુ દા. ખુદ.

લી. એન. એચ. મેહેતા બી. એ. એલ. એલ બી.

વારસનામું.

સંવત ૧૯૭૧ કારતક સુદી ૪ ગુરૂવાર તારીખ ૨૨ માહે અકટોમ્બર સને ૧૯૧૪ ઇગ્રેજી દને શેઠ દલીચંદ પીતામ્બર જ્ઞાતે વીશાશ્રીમાલી વાણીઆ ઉમર વરસ ૩૦ ધધો વેપાર રહેવાસી ગામ રાધનપુરનાને

લખી આપનાર બાઇ ચદન વમળસી તે શેઠ મોહનલાલ ઉજમસીની વીધવા ઓરત ગ્નાતે વીશાશ્રીમાલી વાણીઆ ઉમર વરસ ૪૮ રહેવાસી ગામ રાધ-પુરના હુ માહારી રાજીખુશીથી બરાબર સમજી વીચાર કરીને લખી આપુ છુ જે મારે પેટ કાંઇ છોકરૂ નથી અને તમો અમારા ભત્રીજા છો જેથી તમને આજથી અમારા વારસ ઠરાવ્યા છે તેથી અમો રાધનપુર મધ્યે જે ધરમાં રહીએ છીએ તે ધર ત્થા રાધનપુર શહેર અદર ટાવર પાસે કસારા બજારમા આવેલી અમારી દુકાન કે જે હાલ કસારા છગન પીતામ્બરને ત્યા ભાડે આપેલ છે તે ત્થા અમારૂ ધરેણુગાઠુ ત્થા પેટી પટારા ત્થા લુગડા લત્તાં ત્થા ઠામ ઠીકરાં ત્થા દાણા દુણી ત્થા લેણુ દેણુ ત્થા ચીઠી પત્રી વીગેરે ત્થા સર્વે જાતનુ રાચરચીલુ ત્થા જેટલી મીલકત અમારી પોતાની ત્થા અમારા ધણીની ત્થા અમારા સસરાની હતી તે બધી સ્થાવર તથા જગમ મીલકત આજથી તમને સોપી અમારા વારસ ઠરાવ્યા છે; માટે તમારે અમને જીવતા સુધી પાળવાં અને મુએથી બાળી અમારી ઇજ્જત અને અમારા કુટુબના રીવાજ પ્રમાણે ઉત્તર ક્રીયા વીગેરે કરજો આજ સુધી માહારી તમામ મીલકતની જેવી રીતથી હુ માલીક મુખ્તઆર હતી તેત્રીજ રીતે માલીક મુખ્તઆરપણુ તમને આપ્યુ છે તેમા માહારા સગા સ્નેહીઓ તરફથી તમને હરકત થાય નહી અને કદાચ કોઇ વાંધો લે તો આ વારસનામાથી રદ છે માટે સદરહુ માહારી મીલકત તમે સુખેથી સ્વતત્રરીતે ભોગવી તેનો તમારી મરજી મુજબ ઉપભોગ કરજો હવેથી સદરહુ સ્થાવર મીલકત ભાડે આપવા વેચવા કે બીજી રીતે તેની વ્યવસ્થા કરવાનો તમામ જાતનો તમારો અધીકાર છે તેમજ જગમ મીલકત માટે પણુ સર્વે જાતના હક તમારા છે માત્ર જીવતા સુધી મને પાળવી અને મુવેથી ઉપર મુજબ માહારી પાછળ ઉત્તરક્રીઆ કરવી એ શીવાય સદ-રહુ સ્થાવર જગમ મીલકત ઉપર બીજા માહારા કોઈ વશ–વાલી વારસ દારોનો પણુ હક નથી એમ આ વારસનામાથી ઠરાવી તમારા શીવાય બીજા તમામના હક આથી રદ કરૂછુ.

ઉપર પ્રમાણેની તમામ હકીકતવાળો આ દસ્તાવેજ મે મારી રાજી-ખુશીથી ત્થા અકલ હોશીઆરીથી બીન કેફ ત્થા સારી તન્દુરસ્તીથી ત-બીઅત બહાલ રાખીને બરાબર વીચારી સમજીને રાધનપુર મધ્યે લખાવી આપ્યો છે તે મારે તેમજ માહારા વશ–વાલી વારસદારોને કબુલ મંજુર અને બંધનકારક છે લખી આપનાર વકીલ પીતામ્બર પાનાચદ, ધણી બંનેની રજુવાતે તેઓના કહેવા પ્રમાણે આ દસ્તાવેજ લખી આપ્યો છે.

અત્ર મતુ	અત્ર સાખ
૧ લી. બાઈ ચંદન વમળસી તે શેઠ મોહનલાલ ઉજમસીની વીધવા ઓરતનુ મતુ મતાના દસકત શેઠ વાડીલાલ પુનમચદ મતાદારે કહેવાથી મતુ કરી આપ્યુ છે | આ એધાણ્ માહારા રૂબરૂ — મતાદાર બાઇ ચદન વમળ | સીએ પોતાના જમણા હાથથી કલમથી કરેલ છે લી શેઠ વાડીલાલ પુનમચદ	**૧ શેઠ ત્રીકમચંદ પીતામ્બરની** સાખ દા. પોતાના **૧ શેઠ મણીલાલ જગસીની** સાખ દા. પોતાના **૧ ઠક્કર જેરામ રામજીની** સાખ દા. પોતાના **૧ લખી આપનાર વકીલ પીતામ્બર પાનાચંદ** દસ્તાવેજ લખી આપનાર બાઇ ચદન વમળસીના કહેવાથી લખી આપેલ છે.

વીલ (વસીયતનામું.)

સવત. ૧૯૭૧ ના માગસર સુદી ૪ શનીવાર તારીખ. ૨૧ માહે નવેમ્બર સને ૧૯૧૪ ઇંગ્રેજી દીને હુ શા મણીલલ પાનાચદ ગ્નાતે વીશા શ્રીમાલી વાણીઆ ઉમર વર્ષ આશરે ૫૦ ધધો કાપડ વેચવાનો રહેવાસી રાધનપુર શહેરનો જત હાલમા માહારી તબીઅત સારી છે પણ આ દેહ નાશવંત છે અને આ ફ્ના દુનીઆમા જે કોઇ પેદા થયુ છે તે મરવાનુજ છે. આ ક્ષણભગુર દેહનો કાઇ ભરોસો નથી એમ જાણી આગળથી આ માહારૂ છેલ્લુ વસીઅતનામ્ કરી મુકુ છુ એવી મતલબથી કે પાછળથી તકરાર ન થાય.

૧ માહારે એક દીકરો નામે વૃજલાલ અને એક દીકરી નામે રત્નમણી છે વૃજલાલની ઉમર હાલ વર્ષ પાચ આશરેની છે અને રત્નમણીની ઉમર આશરે વર્ષ સાતની છે ત્થા માહારી મીલકતનો આકડો આજરોજ નીચે પ્રમાણે છે.

૭૦૦) સાતસો રૂપીઆ આશરેની કીમતનુ ઘર એક કડીયા શેરીમા પારેખ અમુલખ પાનાચદના ઘરની પાસે આવેલ છે તે.

૧૨૦૦) બારસો આસરે રૂપીઆની કીમતવાળા ઘર નંગ ત્રણ, પરામાં ઘોરીઘોર પાસે ડેલા બધ છે કે જે તબોલી છગન રામજીની દુકાન પાસે આવેલ છે તે.

૬૫૦) દુકાન નગ એક જડતલ સહીત. ધાન બજાર અદર છે કે જેની પાસે સોની અમુલખ પાનાચદની દુકાન છે તે.

૬૦૦૦) છ હજાર આશરેના ચાદી ત્થા સોનાના દાગીના જુદી યાદી પ્ર-
માણે છે જેમા કેટલાક દાગીના અ દર સાચાં મોતી પણ છે તે.
૧૨૦૦) બારસો રૂપીઆ આશરેના ત્રાબા, પીતળ,કાસા વીગેરે પરચુરણ
ધાતુઓના વાસણો છે તે.
૬૦૦) છસો રૂપીઆનુ રાચરચીલુ પરચુણ છે તે
૮૦૦) આઠસો રૂપીઆ સેવીગ્સ બેકમા વ્યાજે મુકેલા છે તે.
૧૫૦૦) પદરસો રૂપીઆના શેરો પરચુરણ કપનીઓના મીલો—રેલવે ત્થા
બેક પ્રેસો વીગેરેના ખરીદ કરેલા છે તે.
૮૭૫૦) આઠહજાર સાતસો પચાસ આશરેની મુડી વેપારમા રોકેલી છે
તેનો હીસાબ ચોપડામાં છે તે.
૬૦૦) છસો રૂપીઆનુ ખેતર નગ એક સાતુનના રસ્તા ઉપર પાટડા
નામનુ છે તે.
૮૦૦) આઠસો રૂપીઆનું પરચુરણ લેહેણુ છે તે જેના ખત ખાતાઓ
ચોપડામાં છે તે
૬૦૦) છસો રૂપીઆની વાડી અરગુસરતલાવ ઉપર આવેલ છે તેમાં આબા
દાડમ જમરૂખનાં ઝાડો છે તે
૩૦૦) ત્રણસો રૂપીઆનાં ઢેર ગાય, ભેસો, ત્થા ઘોડી છે તે.

૨૩૭૦૦

ઉપર પ્રમાણે માહારી સર્વ પુજી રૂ, ૨૩૭૦૦) ત્રેવીશ હજાર સાતસો રૂપીઆની છે તેની વ્યવસ્થા હુ નીચે મુજબ કરૂછુ માહારી આ ક્ષણભગુર દેહ નાશવત થાય તો માહારો ભત્રીજો બાપુલાલ ચુનીલાલ જે હાલ રાધનપુર શહેરમા રહે છે તેની મોટા મોટા કામમા સલાહ લેઇને માહારો મુનીમ રતનલાલ માહાસુખ કામ ચલાવે ત્થા પાચ સારા આબરૂદાર ગૃહસ્થ શેઠીઆ માહારી નાતના છે જેમના નામ શેઠ ગોરધન હરીવલ્લભ ત્થા શેઠ ધનપાલ લક્ષ્મી-દાસ ત્થા શા. પ્રાણુલાલ આત્મચદ ત્થા શેઠ. મોતીચદ માણેકચંદ ત્થા શા રવીચંદ સુરજમલ એ પાચ ઉપર માહારો પુરો ભરોસો છે તેથી તેઓને પચ ઠરાવુ છુ માટે તેમની સલાહ લેઇ મુન્યમે તમામ કામ કરવુ. હવે માહારા આ દેહને કદાચ કજારજા થાય તો માહારી હયાતીબાદ દુકાનનો વહીવટ ચીર. વ્રજલાલ .પાકી ઉમરનો એટલે અઢાર વર્ષનો થાય ત્યાંહાં સુધી રીતસર થોડો થોડો ચલાવવો દુકાને મુન્યમ રહે અને તેની ગુમા-સ્તીનો પગાર દર માસે રૂ. ૨૫) પચીશ પ્રમાણેનો આપે જવો.

કદાચ મને કજારજા થાય તો માહારી પાછળ નીચે પ્રમાણે ખર્ચ કરવો,

૬૦૦) છસો રૂપીઆ ધર્માદામા ખોડાઢાર પાજરા પોળ ખોકડીઆને દુધ તથા કબુતરને જાર વીગેરે પરચુરણ ખાતે વાપરવા

૩૦૦) ત્રણસો રૂપીઆ દેવસ્થાનમા પુજા વીગેરે ભણાવવાના કામમા વાપરવા

૧૦૦) સો રૂપીઆનુ બ્રાહ્મણ ભોજન કરવુ

૧૦૦) ગરીબ ગરબા વીગેરેને જમાડવામા તેમજ યોગ્ય દાન આપવામા વાપરવા.

૭૦૦) સાતસો રૂપીઆ નાતવરો કરવામા વાપરવા

૨૫૦) અસોપચાશ માહારી પાછળ ઉત્તર ક્રીયામા વાપરવા.

૧૦૦) સો રૂપીઆ પચના સદાવ્રતમા આપવા

૨૦૦) આધળાં લુલાં અપગ વીગેરેના ફડમા આપવા

૧૫૦) ગરીબ છોકરાઓને ભણાવવામા આપવા

૨૦૦) બસો રૂપીઆ દુર્બલ નાતીલાઓને તેમજ ગરીબ વીધવાઓને તથા મા બાપ વગરના નીરાધાર બાળકોમાં વાપરવા

૬૦૦) રાધનપુર હાઈસ્કુલમા મે કેળવણી લીધેલ જે પ્રતાપવડે હરીફાઇથી આ પૈસો પેદા કરેલ છે જેથી તે સ્કુલમા હાલ સારો અભ્યાસ કરતા હોય અને આગળ વધવા ખુશી હોય અને પસાના ખરચથી આગળ અભ્યાસ કરવા અટકી પડતા હોય તેવા છોકરાઓને સ્કોલરશીપ આપવી

૧૫૦) દોઢસો રૂપીઆનો એક કુવો કે જેમા પાણી વગર લોકો હેરાન થતા હોય ત્યા કુવો કરવામા ખરચવા

૩૦૦) ત્રણસો રૂપીઆ માહારી ત્રણ બેનો કે જે ચંચળ તથા મેના તથા મણી છે તે દરેકને સો સો રૂપીઆ આપવા

૮૦૦) આઠસો રૂપીઆ માહારી દીકરી રત્નમણીના લગ્ન કરવામા ખરચવા

૬૦૦) છસો રૂપીઆના રત્નમણીને દાગીના કરાવી આપવા તથા કપડા વીગેરેમા ખરચ કરવા.

૧૨૦૦) માહારા દીકરા ચી. વૃજલાલના લગ્ન કરવામા ખરચવા અને તે અઢાર વરસનો થાય ત્યાર પછી તેને પરણાવવો

૭૨૫૦

માહારી ચાલુ વારસીક આવક દર વરસની રૂપીઆ ૩૫૦૦) ત્રણ હજાર પાચસોહોની છે તેમાથી દર વરસે નીચે પ્રમાણે ખરચ કરવો.

૫૦૦) પાચસો રૂપીઆ ઘરમા ભોજન ખરચ તથા કપડા લત્તા વીગેરે ઘરમા તમામ ખરચ ખાતે વાપરવા

૧૦૦) સો રૂપીઆ દેરોમા ખરચવા

૫૦૦) પાચસો રૂપીઆ ગુમાસ્તા તથા ચાકર નોકરોને પગાર આપવામા વાપરવા

૨૫૦) બસો પચાશ રૂપીઆ ચી. વ્રજલાલ તથા રત્નમણીને ભણાવવાના કામમા ચોપડીઓ તથા મારતર ખાનગી ગખવો પડે તે વીગેરે ખાતે ખરચમા વાપરવા

૫૦) પચાશ રૂપીઆ દર વરસે ધર્માદામા વાપરવા

૧૪૦૦

ચૌદસો રૂપીઆ ઉપરાત કદાચ વધારે ખરચ કોઇ જરૂરી કામ પ્રસગે કરવુ પડે તો દર વરસે રૂપીઆ સો વધારે ખરચ કરવા પણ રૂપીઆ પદરસોહોથી વધારે ખરચ કરવુ નહી.

માહારા ચી વ્રજલાલની ઉમર વરસ ૧૮) અઢારની પુરી થતા પહેલા કદાચ માહારી ઓરત ચદન મરણ પામે તો તે મરનાર ચંદન વાસ્તે ઉત્તર ક્રીયામા રૂ ૪૦૦૦) ચાર હજાર તમામ થઇને પચોના અભીપ્રાય પ્રમાણે માહારા ભત્રીજા બાપુલાલે તથા માહારા મુન્યમ કેશરીએ વાપરવા.

ઉપર લખેલી સર્વ માલ મીલકત માહારો મુન્યમ કેશરીચદ વીઠલદાસ કે જે સમજદાર માણસ છે તેના તથા માહારી ઓરત ચંદનના કબજામા રહેશે અને દર વરસનો ચોખો હીસાબ કેશરી રાખશે અને તે માહારા ભત્રીજા બાપુલાલને તથા પચોને શાલ આખરે બતાવશે તેમજ જ્યારે જ્યારે પચો કે માહારો ભત્રીજો જોવા માગશે ત્યારે રાખેલ હીસાબ મુન્યમ બતાવશે અને જ્યારે જ્યારે હીસાબ બતાવવામાં આવે ત્યારે તે હીસાબ નીચે પચો તેમજ માહારો ભત્રીજો સહી કરશે.

માહારો દીકરો વ્રજલાલ અઢાર વર્ષનો થશે કે તુરત માહારી તમામ મીલકત તથા તમામ વહીવટ તે પોતાના કબજામા લેશે અને તેવા પ્રસગે

મુન્યમે માહારી તમામ મીલકત તથા તમામ વહીવટ માહારા દીકરા વૃ-જલાલને અઢાર વરસની ઉમરનો થયે તેને સોપી દેવી.

ચી. વૃજલાલ અઢાર વર્ષનો થયે માહારી તમામ મલીકત તથા વહીવટ પોતાના કબજામા લઇ પોતે સ્વતત્ર રીતે વહીવટ કરશે તેમજ મીલકતનો ઉપભોગ અને વ્યવસ્થા કરશે આ પ્રમાણે મીલકત તથા વહીવટ કબજામા લીધા પછી માહારા ભત્રીજા બાપુલાલની કે ઠરાવેલા પચોની સલાહ લેવાની તેને જરૂર નથી અને ત્યારથી પચ રદ છે એમ માનવાનુ છે

ચી. વૃજલાલ અઢાર વરસનો થયે તમામ મીલકત અને વહીવટ હાથમાં લીધા બાદ તે પોતાની મરજી પ્રમાણે તેની વ્યવસ્થા કરશે તેમા તમામ જાતના હકો તેના છે.

ઉપર પ્રમાણેની વીગતથી આ વીલ માહારી અકલ હુશીઆરીથી બરાબર સમજી વીચાર કરીને કર્યું છે તેમા લખ્યા પ્રમાણે વરતવુ તા. ૨૧–૧૧–૧૯૧૪ સવત ૧૯૭૧ ના માગસર સુદી ૪ ને શનીવાર

૧ લી. **શા મણીલાલ પાનાચંદ સહી.** દા. પોતાના.

પ્રકરણ ૯ રાજ્ય પ્રકરણી લેખો

ઈજારાપટો

સ્ટેટની મોહોરનો સીકકો

નામદાર દરબાર સાહેબશ્રી સુરસીંહજી રાજ્ય સસ્થાન વીરપુર એ-જન્સી વચનથી ઠકર નાગજી પીતામ્બર રહેવાસી વીર-પુર જાતે લુવાણા ઉમર વરસ ૪૫ ધધો ધીરધારનો જત તમને અમારા તાલુકાના ગામ મોજે આનદપુરનો ઇજારો દરસાલ રૂ ૩૦૦) અકે રૂપીઆ ત્રણ સોહો ઠરાવી સાતવર્ષની બધણીથી આપ્યો છે અને તે નીચે જણા-વેલ બેકીસતોથી નાણાં દરસાલે વસુલ લેવામા આવશે તે ગામના ખુંટ ચારની હદ નીચે પ્રમાણે છે.

પૂર્વ તરફની સીમ વડનગર સ્વસ્થાનના ગામ હીમતપુર તથા ગજપુર ની સાથેના સીમાડા સાથે મળેલ છે

દક્ષીણુ તરફની સીમ કચ્છ એજન્સીના ગામ લવણપુર તથા રમણીક પુરના સીમાડા સાથે મળેલી છે.

પશ્ચીમ તરફની સીમ વીરપુર સ્વસ્થાનના ગામ ફતેહપુરના સીમાડા સાથે મળેલ છે.

એ પ્રમાણે ચારે તરફની હદ વચેના ગામ મોજે આનદ પુરનો ઇજારો આપ્યો છે એ ગામને સેઢે સીમાડે કોઇ વળતર અથવા હરામખોરથી કે બીજા કોઇ કારણથી કાઇ પણ જાતની ખરખરાજાન થાય તો તે ગામને શીર છે સદરહુ ઇજારાના વરસોમા વરસ ગમે તેવુ થાય પાકે અગર ન પાકે ઉપજ આવે અગર ન આવે અગર કાઇ આસમાની સુલતાની આફત લાગે તોપણુ ઉપર લખ્યા ઇજારાના રૂપીઆ લેવા છે અને ગમે તેટલો પેદાશ થાય અગર જે ઉપજે તે તમારૂ છે તેના વધારા ઘટારામા અમારો લેશ માત્ર પણ હક નથી તે ગામના લોકો પાસેથી વેરો વજે કણગરી માંડવી કન્યા ચોરી ભામ મસવાડો ભીના પુછડી દાણ વીઘોટી વીગેરે જેજે હકો અમો લઇએ છીએ તે સર્વે બાબતના હકો હવેથી તમારે લેવા જે પ્રમાણે તે હકો લેવાનો અમારો હક હતો તેવોજ હક સાત વરસ સુધી તમારો છે માટે તે પ્રમાણે હકો સર્વે તમો લેજો નવુ કરશો નહી અને જુનુ લોપસો નહી તેમજ દરેક જાતના હકોમા કાઇપણ કમી જાસતી કરશો નહી એ ગામના લોક અમારી વેઠવારૂ જે પ્રમાણે કરતા હશે તેજ પ્રમાણે તમારી વેઠ વીગેરે કરશે એથી વધારે હરકત તમારાથી થઇ શકશે નહી

ઇજારાના રૂ ૩૦૦) ત્રણસો નીચે લખેલ બેકીસતોથી અમો વસુલ લઇશુ

પહેલી કીસ્ત દરસાલના પોશસુદી ૨ રૂ ૧૫૦) અકે એકસો પચાશ બીજી કીસ્ત અસાડ સુદી ૨ રૂ ૧૫૦) અકે રૂપીઆ એકસોપચાસ ઉપરની કીસ્તોએ તમારે નાણા અમને ભરવા અને અમારે સદરહુ કીસતોએ નાણા લેવાના છે.

એ ગામને સેઢે સીમાડ કોઇ નવી જમીન આવે તે તમારા ઇજારાના હકમા છે એ ગામમા નવા સાંતી લાવી ગામની આબાદી વધારવી તથા ખેતાવાડીનુ કામ સુધારવા મહેનત તથા ખરચ કરવો ઉપર લખ્યા શીવાય સદરહુ મુદતમા તમો જે જે સુધારો કરી ઉપજ વધારો તે બાબત તમારી પાસેથી કાઇ વધારે લેવામા આવશે નહી તેમજ તેનો બદલો પણ મુદત પુરી થવા બાદ તમને મળશે નહી પરતુ હરએક વહીવટ

ની બાબતમાં ચોખવટ રાખી ઉપરના પટાની મુદત પુરી થયે અને તમારો ઈજારો છુટેથી ગામ આબાદ અમોને (દરબારશ્રીને) સોપવું તે વખતે સદરહુ ગામમાં તમારૂ જેજે વ્યાજની લેહેણું હશે તે તમામ અમારે વ્યાજબી રીતે અપાવી દેવું છે.

તમો કોઇ નવા નવાણ કરાવશોને તેની ખરાજાત થાય તે બાબત અમને જાહેર કરી અમારી સમતીથી કરશો તો અમો તપાશ કરાવી ખરાજાત જે રીતસર થઇ હશે તે મુજરે આપીશુ

આ ગામ અમારૂ સ્વાગ અમારા કપાલ ગીરાસનુ છે તેમાં કોઇનો ભાગ કે હક હીસો લેશ માત્ર નથી તેમજ ફીતુર નથી અને કદાચ તેમ છતાં કોઇપણ તરફથી હકના સબંધમા તમોને કાંઇ હરકત થાય અગર તેવી હરકતમા તમોને કાંઇ નુકસાન થાય તો તેના જવાબદાર અમો છીએ.

ઉપરની શરતોથી ઉપર લખેલી રીતોથી ઉપર પ્રમાણે તમોને સદરહુ ગામનો ઈજારો સાત વરસની મુદતથી આપ્યો છે તે ઉપર સરત રાખી લોકને આબાદ કરી વસતી વધારી વહીવટ કરજો અને મુદતપુરી થયે તમામ વહીવટ તેમજ ગામ અમારા સ્વાધીન કરજો એજ મીતી સવત ૧૯૭૦ના શ્રાવણ સુદી ૧ વાર સુકરવાર તારીખ ૨૪–૭–૧૯૧૪ મુ વીરપુર

મુખ્યકારભારી
વીરપુર સ્ટેટ

દરબાર સાહેબની સહીનોસાકકો

પીવાના દારૂનો ઇજારો લેનારે કરી આપેલ કરારનો નમુનો

સીક્કો

મેહેરબાન સરાજમા જાગીરના મેનેજર સાહેબ ત નુકે સરા એજન્સી પાલણપુર વચનથી શેઠ નારાયણ બ્રીજમોહન ન્યાતે કલાલ ઉમર વરસ ૨૮ ધધો દારૂ વેચવાનો કેમ્પ મોજે સરા તાલુકાના તમામ ગામોએ પીવાનો દેશી દારૂ વેચવાનો ઇજારો મેહેરબાન જનાબ ડીસ્ટીક ડેપ્યુટી આસીસ્ટટ પોલીટીકાલ એજન્ટ સાહેબના ઓર્ડર નબર ૨૫૮ તારીખ ૨૬–૧૨–૧૯૧૪

ના હુકમ પ્રમાણે મે રાખ્યો છે તેના કરારો નીચે પ્રમાણે કરી આપું છુ અને પાચ વરસ ઇજારો રાખવાની શરતે બધાઉછુ

૧ દરવરસે ઇજારાનીં રકમ રૂ ૭૦૦) સાતસોહો રૂપીઆ બેકીસતોથી નીચેની મુદતે પાચવરસ સુધી આપીશ
રૂ ૩૫૦) માહાસુદી ૨ દરવરસે
રૂ ૩૫૦) અસાડસુદી ૨ દરવરસે

૨ માહારો કસુર બદલ રૂ ૧૫૧) ડીપોઝીટ રાખ્યા છે અને તે માહારી કસુર બદલ ખાલસા કરવા અગર કસુરના પ્રમાણમા કાંઇ રકમ તેમાથી વસુલ કરવા આપ હકદાર છો

૩ દારૂની દુકાનો હાલ જે જે ગામે જે પ્રમાણે છે તેટલી રાખીશ અને આપ કોઈ ગામે નવી દુકાન ખોલવા હુકમ કરશો તો ખોલીશ

૪ દારૂ સારામા સારો ચડીઆતો ઉચા પ્રકારનો વેચીશ તેમા કાઇ ભેળ સેળ કરીશ નહી

૫ દારૂ તૈયાર કર્યા બાદ આપને બતાવીશ અને આપ તે દારૂના અનુભવી માણસોને બતાવી પાસ કરી વેચવા હુકમ આપશો તે પછી વેચીસ અગર જે માણસને આપ નીમશો તેમની પાસે દરેક વખતે તેયાર થયે પાસ થવા દારૂ રજુ કરીશ અને પાસ થયા બાદ વેચાણ કરીશ.

૬ પાસ થયા વગરનો કોઈપણ પીવાનો દારૂ વેચીશ નહી તેમ પાસ થયા બાદ તેમા કાઇપણ ભેળ સેળ કરીશ નહી

૭ દારૂનો વીગતવાર હીસાબ રાખીશ તેમજ દારૂ રાખવાના પાત્રો (વાસણો) બહુ ચોખ્ખા રાખીશ અને બનતા તકબરણીઓ અદર રાખીશ

૮ પાસ થયેલ દારૂ હશે પરતુ ઘણા વખતનો હશે અને તે કોઇ કારણ સર નીશામા હલકો થએલ હશે અથવા ઇજાકારક હશે તે વેચાવીશ નહી

૯ દારૂ ઉધારે વેચીશ નહી તેમ નાણાનો રકમ સીવાય બીજુ કોઇ વસ્તુ લઇ તે પેટે દારૂ વેચીશ નહી

૧૦ આપ સાહેબને તેમજ આપસાહેબે નીમેલા અને અધીકારવાળા જેજે સરકારી નોકર દારૂ તપાશવા આવશે અને હીસાબ માગશે તેમને હીસાબ તથા દારૂ બતાવીશ અને તેમના માગણી પ્રમાણે જોવા અને જરૂર પડ જમા કરવા આપીશ

૧૧ દારૂ લઇ જવા માટે ગમે તેટલા માણસો આવશે તો આવવા દઇશ

પણ માહારી દુકાન ઉપર એક માણસને પીવા આપીશ પરંતુ ઘણા માણસો જથાબંધ પીવા આવેલા હશે તો તેમને દારૂપાઈ તોફાન કરાવીશ નહી તેમ તોફાન થવા દઈશ નહી અને એવો પ્રસંગ હશે તો દારૂ દુકાન ઉપર પાઇશ નહી.

૧૨ દારૂ બનાવવાના કામમા તમામ જાતનો સામાન અને પાણી ચોખ્ખુ અને સારૂ વાપરીશ

૧૩ દારૂ પોનાગઓની ભુમવાટ થવા દઈશ નહી

૧૪ દારૂ રૂ ૧)નો બમેરના ભાવથી વેચીશ અને તેથી કમતી કોઈને આપીશ નહી

૧૫ દારૂ આપવાનુ માપ બરાબર પુરેપુરૂ રાખીશ તેમા કસુર કરીશ નહી

૧૬ સરા તાલુકા અંદર જ્યા જ્યા મેળાઓ ભરાય છે ત્યા દારૂની દુકાન લઇ જઇસ ત્યારે મેળાના માણસોથી તેમ તે ભરાવાથી બસો-કદમ દુર દુકાન રાખીશ અગર આપે મુકરર કરેલ જગ્યાએ રાખીશ

૧૭ દારૂમા કોઇપણ જાતની ગડબડ કરીશ નહી લુચ્ચા લફંગાઓને ત્યા બેસવા ઉઠવા તરીકે બેઠક રાખીશ નહી તેમ રાખવા દઇશ નહી.

૧૮ ચૌદ વરસથી ઓછી ઉમરના છોકરાને અને સોળ વરસથી ઓછી ઉમરની છોકરીને દારૂ વેચાતો આપીશ નહી

૧૯ અઢાર વરસથી ઓછી ઉમરના દીકરા કે દીકરીને દારૂ પીવા આ-પીશ નહી તેમ પાઇશ નહી

૨૦ દારૂના નીસાથી બેભાન થએલા ઇસમને ફરી દારૂ વેચાતો આપીશ નહી તેમ પીવા આપીશ નહી

૨૧ ગાંડા માણુસને તેમજ અસાવધ વાળા બે સમજ ઈશમને દારૂ પા-ઇશ નહી તેમ વેચાતો આપીશ નહી

૨૨ પાચ વરસની ઇજારાની મુદત સુધી બરાબર ઈમાનદારીથી દારૂ વેચીશ અને તેમા કાંઈ પણ ગડબડ થવા દઇશ નહિ તેમ મજુરી શીવાય કોઇનો ભાગ ઈજારામા કરીશ નહિ.

૨૩ સદરહુ કરાર ઉપરાંત દારૂ સબંધી કાયદાના નીયમો અને થએલા સરકયુલરો તથા ધારા અને નીયમ પ્રમાણે વરતીશ અને તેને અ-નુસરી ચાલીશ

૨૪ કોઇ પણ કસુર થવા દઈશ નહિ કદાચ માહારી કસુર જણાય તો તે કસુર બદલ ડીપોઝીટ રકમ અથવા તેમાનો કાઇ ભાગ ખાલસા

કઢવા તથા મને ધારાસર કાયદાના નીયમો પ્રમાણે કાયદેસર કરવા આપને હક અને સત્તા છે

૨૫ પાચ વરસની મુદત પુરી થવા પહેલા ઇજારો છોડીશ નહિ તેમજ ઇજારો છોડી કાઇ જઇશ નહિ તેમ જ્યા જ્યા દુકાનો છે ત્યા એ કાદ દીવસની પણ ગેરહાજરી રહેવા દઇ દુકાન બધ રાખવા આપીશ નહિ

૨૬ પાચ વરસની મુદત થવા પ્રથમ ઇજારો છોડી જાઉ તો પાચ વરસની ઇજારાની રકમ પુરેપુરી આપ માહારી પાસેથી લેવા હકદાર છો અને હુ તે પ્રમાણે પાચ વરસના ઇજારાના રૂ ૩૫૦૦) પાત્રીસો આપવા જવાબદાર છુ.

૨૭ પાચ વરસ પ્રથમ આપ મને રજા આપી શકો નહિ તેમ ઇજારો રદ પણ કરી શકો નહિ

ઉપરની શરતો પ્રમાણે બરાબર વરતી તેનો અમલ કરીશ કદાચ તે પ્રમાણે વરતવામા કસુર કરૂ અને તે બદલ જાગીરને જે નુકશાન થાય તે તથા ઇજારાની રકમ ભરવામા કાંઈ કસુર થઇ હોય તો તે વીગેરે જે જે લહેણી રકમ માહારી પાસે નીકળે અને હોય તે તે તમામ આઠ આનાના ચડતા વ્યાજે માહારી હરેક તરેહની મીલકતથી તથા જાતથી તથા માહારા વશ વાલી–વારસદારો પાસેથી વસુલ લેવા હકદાર છો અને તે પ્રમાણે આપવા અમો જવાબદાર છીએ

સદરહુ કરાર બરાબર સમજી વીચારી વાચી વચાવીને કરી આપેલ છે તે માહારે તેમજ માહારા વશ વાલી વારસદારો સરવેને કબુલ મજુર અને બધન કારક છે તારીખ ૧–૧–૧૯૧૫ મુ. સરા.

૧ **શેઠ નારાયણ બ્રજમોહન કલાલ** રહેવાસી ડીસા કેમ્પ સહી દા ખુદ ઉપરનો તમામ કરાર વાચી વચાવી સમજીને તે કબુલ રાખી સહી કરી આપી છે. તા ૧–૧–૧૯૧૫ માહારા રૂબરૂ

સીક્કો

સરા મેનેજર

ઉપરના કરારનો તમામ દસ્તાવેજ માહારા રૂબરૂ શેઠ નારાયણ બ્રજમોહન કલાલને વાચી સભળાવવામા આવ્યો અને તે પ્રમાણે કબુલ હોવાનુ કહેવાથી તે બદલ તેની સહી લેવામા આવી તા. ૫–૧–૧૯૧૫ મુ

૧ રૂબરૂ

જે અમલદારને આવા કરારો કરવા અધીકાર ન હોય અને તેથી પ્રથમ તેમના રૂબરૂ થયા હોય તે અધીકાર વાળા ઓફીશર સાહેબ રૂબરૂ ઉપર પ્રમાણે કરાવવા જોઇએ.

કોંટ્રાંકટરો સાથે અફીણ વીગેરે વેચવા સબંધમાં થએલ કરારનો નમુનો રાજ્ય પ્રકરણી.

સ્ટેટની મોહોરનો સીકકો.

નેકનામદાર વીરપુર સ્વસ્થાનના દરબાર સાહેબ શ્રી. ૧૦૮ સુરસીહજી સાહેબની હજુર કોર્ટમા નામદાર દીવાન સાહેબ રાજ્ય સસ્થાન વીરપુર

વચનથી શેઠ સોરાબજી દીનસાભાઇ ન્નાતે પારસી ઉમર વરસ ૪૫ ધધો વેપાર ઠેકાણુ. પારસી મોહોલ્લા ઘર નબર ૪૩૨ રહેવાસી ગામ સુરત. મોજે વીરપુર સ્ટેટના તમામ તાલુકા અદર અફીણ વેચવાનો ઇજારો પાચ વરસ રાખવાની શરતે આપ સાહેબના હુકમ નંબર ૪૨૬ તારીખ. ૨૮— ૧૧—૧૯૧૪ના ફરમાન પ્રમાણે મે રાખેલો છે તેના કરારો નીચે પ્રમાણે છે

માહારી કસુર બદલ રૂ ૩૦૦) ત્રણસો રૂપીઆની રકમ ડીપોઝીટ મેં મુકેલી છે તે પાચ વરસ પુરા થએ માહારે પાછી લેવાની છે

૧ ઇજારાની રકમ દર વરસે રૂ ૫૦૦૧) પાચ હજાર એક નકી ઠરાવી છે તે દર વરસે એકીસતોથી હુ માહારી હરેક મીલકતથી અથવા જાતથી અથવા વશ વાલી વારસોથી પુરેપુરી આપીશ

 ૧ પહેલી મુદત દરેક સાલના માહા સુદી ૨ ના રોજ રૂ. ૨૫૦૦) બે હજાર પાચ સો આપીશ.

 ૨ બીજી મુદત દરેક સાલે અસાડ સુદી ૨ ના રોજ રૂ. ૨૫૦૧) બે હજાર પાચસો એક પુરેપુરા આપીશ

૨ ઓપીયમ માહારે માહારા નાણાથી લાવવાનુ છે અને તે પ્રમાણે માહારા નાણાથી વખતસર લાવી તૈઆર રાખીશ,

૩ ઓપીયમ ઉપર નેક નામદાર ગવર્નમેન્ટ સરકારથી જે ડયુટી લેવાય છે અથવા બીજો કાઇ જે હક હશે અગર નવો થશે તે માહારે આપવાનો છે.

૪ ઓપીયમ માળવામાથી અગર કદાચ નેકનામદાર સરકાર કોઈ ગવર્ન-
મેન્ટ ઓપીયમ વખારમાથી લેવા ફરજ પાડશે તો ત્યાંથી લઇશ
અને લાવીશ.

૫ ફરજ પાડયા વગર માહારી મરજીથી અફીણુ લાવવુ પડશે ત્યારે હુ
સારામા સારૂ કે જે "પથ્થર ફોડ" નામથી જે માલ માળવામા
પ્રખ્યાત છે તે જાતનુ અગર આગળ ઉપર એથી પણુ કોઇ સારો
માલ બીજા નામથી પ્રખ્યાત થશે તે નામ વાળુ લાવીશ અને
સારામાં સારી જાતનુ ઓપીયમ વેચીશ—વેચાવીશ

૬ ઓપીયમ વીરપુર આવ્યા બાદ. તે ઓપીયમ વીરપુર સ્વસ્થાનનામે
ટ્રેઝરી ઓફીશર સાહેબ તથા મે. રેવન્યુ ઓફીશર સહેબની કમીટી
રૂબરૂ રજુ કરીશ અને તે ઓપીયમના અનુભવી પાચ માણુસોને
પાસ કરી પ્રવાનગી આપ્યા પછી તે દુકાનદારો તરફ વેચાવવા મોકલીશ.

૭ કદાચ લાવેલ કોઇ અફીણુ વીરપુર લાવ્યા બાદ પાસ થશે નહી તો
તે વેચતુ બધ રાખીશ અને તેનુ જે કાંઇ નુકશાન શોશવુ પડશે
તેનો હુ જવાબદાર થઇશ

૮ ઇજારાની રકમ શીવાય આપ સાહેબને કોઇ પણુ જાતની લાગત.
હક કે કસ્ટમ અથવા બીજુ કોઇ પણુ જાતનુ કાઇ ખરચ માહારે
આપવાનુ નથી.

૯ ઓપીયમ વેચવાની દુકાનો રાખવા સબધમા હાલ જયા જયા દુકાનો
છે ત્યા રાખીશ અને તે ઉપરાત આપ જયા જયા દુકાન રાખવા
ફરમાવશો અગર માહારી અરજ ઉપરથી મને જે જગ્યાએ નવી
દુકાન ખોલવા હુકમ કરશો ત્યા નવી દુકાન ખોલીશ

૧૦ દુકાને ઓપીયમ વેચવુ શરૂ કરતા પહેલા દર વરસે દુકાનદારના
નામોના પરવાના મેળવીશ અને જે દુકાનદારના નામના પરવાના
હશે તે માણુસો વેચી શકશે.

૧૧ પરવાના વગરના કોઇ માણુસ ઓપીયમ વેચશે નહી તેમ કબજામા
રાખશે નહી તે વીરૂધ વર્તનાર માટે વર્તન કરનાર ઇશમ જવાબદાર થશે

૧૨ દુકાનો તરફ ઓપીયમ લઇ જનાર ઇસમ મુકરર કરેલ રાખીશ અને
તેના નામનો પરવાનો આપ સાહેબની હજુર કોર્ટથી ધારાસર લઇશ

૧૩ નેકનામદાર ગવર્નમેન્ટ સરકારને ડયુટી આપી સારામા સારૂ ઓપી-
યમ લાવીશ તે શીવાયનુ કોઇ પણુ જાતનુ અફીણુ લાવીશ નહી—લ-
ઇશ નહીં વેચીશ અગર વેચાવીશ નહી—મગાવીશ નહી

૧૪ કોઇ હરામખોર ડયુટીની ચોરી કરેલ અફીણુ વેચવા લાવશે અગર તો બીજો કોઇ ઇશમ અફીણુ વેચવા લાવશે અને તે માહારી જાણુમાં આવશે કે તુરત તે હકીકત નજીકમા નજીકના સ્ટેટના કોઇ પણુ નોકરને જાહેર કરી આપ સાહેબને તુરત જાહેર કરીશ અને પકડાવી આપીશ ત્થા હુ પકડીશ

૧૫ દાણુ ચોરીનુ કોઇ પણુ અફીણુ હુ આ હદમા લાવીશ નહીં તેમ મગાવીશ નહી તેમ તે તે પ્રમાણે માહારા કોઇ નોકરોને કરવામા આપીશ નહી.

૧૬ અમારી દુકાનેથી જે અફીણુ મોકલવામાં દુકાનો તરફ આવે તે શીવાય કોઇ દુકાનદારો બીજુ અફીણુ લે નહી લેશે નહી એવી સખત તાકીદ કરીશ અને તે બાબત બદોબસ્ત સારૂ યોગ્ય તજવીજ ત્થા હીસાબ વખતો વખત તપાસીસ અને બીજુ દાણુ ચોરીનુ અફીણુ વેચવાનુ જણુાએ પકડી આપને તુરત કાઇ પણુ વીલબ કર્યા વગર જાહેર કરીશ

૧૭ દુકાનદારોની કસુરો માટે દુકાનદારો ખુદ જવાબદાર છે પરતુ દુકાનદારો સાથે કોઈ પણુ જાતની મસલતમા હુ ભેગો રહીશ અગર મદદ કરીશ અગર કાઇ પણુ ભાગ લઇશ અથવા સુચના કરીશ અથવા જે જે સુચના આપવી જોઇએ તે સુચના આપવામા કસુર કરીશ તો દુકાનદાર સાથે હુ જવાબદાર થઇશ તે શીવાય દુકાનદારની કસુર માટે દુકાનદાર ખુદ જવાબદાર અને જોખમદાર છે.

૧૮ દુકાનદારો દુકાને બરોબર હાજર રહેશે અને હાજર રહી રૂ ૧) નુ રૂપીઆ અઢીભાર બરાબર અફીણુ લેનારને કાટાથી તોલી આપશે તેમા કસુર કરશે નહી

૧૯ સહવારના સાતથી રાતના દશ વાગ્યા સુધી અફીણુની દુકાનો ખુલ્લી રાખવામા આવશે.

૨૦ સહવારના સાત પહેલા અને રાતના દશ વાગ્યા પછી અફીણુ કોઇ વેચશે કે આપશે નહી પરતુ કોઇ સ્પેસ્યલ કારણુને લઇ શહેરમા ફોજદારને જાહેર કરશે અને ગામડામા પોલીશ. પટેલને જાહેર કરશે અને તેઓને તે કારણુ વ્યાજબી જણુાએ દુકાનદારને તેવા કોઇ ઇસમને આપવા જણુાવશે તો દુકાનદાર રાતના દશ વાગ્યા પછી તેવા ઇશમને આપશે તે શીવાય કોઇને અફીણુ દુકાનના ટાઇમ પછી આપી શકશે નહી

૨૧ દુકાનદારો દુકાન કોઈ પણ દીવસ બધ રાખશે નહીં.

૨૨ દુકાનદારો અફીણ વેચાણનો હીસાબ હજુર કોર્ટના સીક્કાવાળી બુક અદર રાખશે નાણાનો હીસાબ હજુર કોર્ટના સીક્કાવાળા ચોપડા અદર રાખશે તે શીવાય બીજા ચોપડામાં કે ચોપડીમા હીસાબ રાખસે નહી

૧૩ અફીણ ત્થા અફીણ વેચાણના નાણા—અને અફીણ તોલવાનો કાંટો ત્થા તોલવાના કાટલા વીગેરે અફીણને લગતો સામન જુદો રાખશે અને પોતાના બીજા વેપાર સાથે તેની ભેળસેળ કે એકત્ર રાખશેનહી

૨૪ અફીણ લેનારને અફીણ આપ્યુ કે તુરતજ તેનો હીચાબ રાખેલ બુક અદર લખી લેશે અને રાત્રે તેનુ ચોખુ નામુ પુરેપુરૂ કરી રાતના દશ વાગે અફીણ ત્થા નાણાની સીલીક બાકી ખેચી રાતના દશ વાગે દુકાન બધ કરશે અફીણ કે નાણાની સીલીક બીજા દીવસ ઉપર લખવાનુ રાખશે નહી.

૨૫ ચાર આના અદર જે માણસો અફીણ લઇ જશે તેને છેવટે પરચુરણ ખાતે એકદર પરચુરણ ખપતથા લખવામા આવશે અને ચાર આના અગર ચાર આનાથી વધારે રકમનુ લેશે તેનો રીતસર નામવાર હીસાબ દુકાનદાર રાખશે

૨૬ દુકાનદારો કાટો ખાદીલો—કાટલા કમતી તોલના—રાખશે નહી અને નીસો ન આવે તેવા ભુકાવાળુ અફીણ વેચશે નહી તેમ ઉધાર વેચશે નહી.

૨૭ દુકાનદાર વધારેમા વધારે એક માણસને રૂપીઆ સાડાસાત ભાર અફીણ આપી શકશે તેથી વધારે લેવા આવનારને આપશે નહી.

૨૮ સાડાસાત ભારથી વધારે અફીણ લેવા ઇન્તેજારી રાખનાર હજુર કોર્ટનો જેટલુ અફીણ લેવાનો પરવાનો અફીણ દુકાનદારને બતાવશે તે પ્રમાણે વધારે અફીણ આપી શકશે.

૨૯ તાલુકા ફોજદાર સાહેબ ત્થા તેથી ચડીઆતા પોલીશ ઓફીશર સાહેબ ત્થા રેવન્યુ તજવીજદાર સાહેબ ત્થા માહાલકારી સાહેબ ત્થા રેવન્યુ ખાતાના તેથી ચડીઆતા ઓફીશર સાહેબ ત્થા હજુર તજવીજદાર સાહેબ ત્થા કસ્ટમ ઇંન્સપેકટર સાહેબ ત્થા કોઇ પણ વર્ગના માજીસ્ટ્રેટ સાહેબ ત્થા ટેઝરી ઓફીશર સાહેબ ત્થા હેડકલાર્ક સાહેબ ત્થા શીરેસ્તદાર સાહેબ અને તે શીવાય જે જે ઇશમોને ઓપીયમ તપાસવા નામદાર હજુર કોર્ટથી અધીકાર મલશે તે સ-

ધળા ઓફીસર સાહેબોને દુકાનદારો અફીણનો વીગતવાર હીસાબ આપશે. તેમજ જડતી લેવા અને તપાશ કરવા ઠરશે તેમ કરવામા કાઇ પણ વાધો દુકાનદારોથી કે અમારાથી લેવાશે નહી અમારી ઓપીયમની વખાર અ દર પણ સરહદ અમલદાર સાહેબો જ્યારે જ્યારે તપાસવા આવશે ત્યારે ત્યારે બરાબર વીગતવાર હીસાબ ત્થા અફીણ તોલી બતાવીશુ અને તે બાબતની શકારહીત ખાત્રી કરી આપીશુ

૩૦ અમોને અમારા ઇજારામા કોઇનો ભાગ કરવા જરૂર જણાશે ત્યારે તે બાબત આપ સાહેબને રીતસર અરજ કરીશુ અને તે બાબત માટે બીજા ઇશમની ભાગ કરવાની પ્રવાનગી મળશે તોજ અમો ભાગ કરવા હકદાર છીએ આપ સાહેબની મ જુરી શીવાય અમો ભાગ કરીશુ નહી અને ઇજારા બાબત કાઇ પણ કરાર ભાગીદારીનો કોઇ માણસ સાથે કરીશુ નહી.

૩૧ કોઈ પણ ઈશમ ક૦ ૩૦ વીરૂધ કરાર કર્યાનુ કહેતો હશે પણ તે બાબત હજુર કોર્ટની પ્રવાનગી નહી હશે તો તે કરાર રદ છે.

૩૨ કોઇ પણ ઇસમ સાથે ખાનગી કરાર કરવાનુ આપ સાહેબને જણાય અને તે બાબતમે પ્રવાનગી મેળવી નહી હશે તો તેના માટે હુ જવાબદાર થઇશ અને કરાર વીરૂધ વર્તન કરવા માટે તે હરકત સાબીત થયે મુકેલ ડીપોઝીટ રકમ રૂ ૩૦૦) ની ખાલસા કરવી અર્થાત માહારી કસુર બદલ આપે લેવી.

૩૩ ઓપીયમ રાખવાની મુખ્ય વખાર વીરપુર શહેર અ દર રાખીશ.

૩૪ અફીણના બધાણીઓને તેમજ અફીણ લેનારને કાઇ હરકત હુ કરીશ નહી તેમ દુકાનદારો કરશે નહી તેમ કોઇ પણ જાતની બુમ વાટ થવા દઇશ નહી.

૩૫ આ કરાર ઉપરાત ઓપીયમ સબધના કાયદાઓ અને તે બાબતના ધારાઓ પ્રમાણે અમારે વરતી અમલ કરવાનો છે.

૩૬ ચૌદ વરસથી ઓછી ઉમરના છોકરાને અને સોળ વરસથી ઓછી ઉમરની છોકરીને અફીણ દુકાનદારો વેચાતુ આપશે નહી ઉપરની શરતોથી પાચ વરસ અફીણ માહારે વેચવુ અને આપ સાહેબે મને પાચ વરસ વેચવા આપવુ અને પાચ વરસની ઇજારાની રકમ એકદર રૂ ૨૫૦૦૫) પચીશહજાર પાચ રૂપીઆ દર વરસે રૂપીઆ પાંચ હજારએકના હીસાબે આપવા-કદાચ પાચ વરસ પ્રથમ માહારો

ઇજારો કાયદેસર કારણુ વગર આપસાહેબ રદ્દ કરો તો તે બદલ મને જે નુકશાન થાય તે તમામ આપે મને આપવુ અને એક પણુ સાલની ઇજારાની રકમ માહારી પાસેથી આપસાહેબ લઇ શકો નહી કદાચ લીધી હોય તો જેટલી રકમ લીધી હોય તેટલી રકમ ઇજારાની મને પાછી આપવી આ કરાર વીરૂધ હુ કાંઈ પણુ વર્તન કરીશ નહી

આસમાની સુલતાની થાય અગર કોઇ અનીશ્ચીત કારણુને લઇ માહારૂ ઓપીયમ ખપે નહી અથવા કમતી ખપે અથવા કાઇ આફ્ત લાગે–પેદાશ થાય અગર ન થાય તો પણુ ઉપર લખેલ ઇજારાની રકમ બરાબર મુદતસર આપીશ. તેમા કાઇ પણુ જાતની કસુર કરીશ નહી.

સદરહુ પ્રમાણેના કરારના વર્તનમા કાંઈ કસુર કરૂ તો ડીપોઝીટ રકમ પુરેપુરી અથવા તેનો કાઇ ભાગ માહારી કસુર બદલ ખાલશે કરવા મુખ્તઆર છો

અને તે ઉપરાત કોઇ કાયદાથી કાયદાનો ભ ગ કરવા બદલ જવાબદાર થતો હોઇશ તો તેના માટે આપ રીતસર ધારાસર કરશો.

દુકાનદાર અગર નોકરની કસુર કે ગુન્હેગારી બદલ હુ જવાબદાર નથી તેના માટે કસુર કરનાર અને ગુન્હો કરનાર જવાબદાર છે.

ઇજારાની રકમ આપવામા મુદતસર કસુર કરૂ અગર રકમ આપુ નહી અગર ગમે તે કારણુસર ઇજારાના પાચ વરસ પ્રથમ ઇજારાનુ અફીણુ વેચવુ વેચાવવુ બધ કરી ઇજારો છોડી ચાલ્યો જાઉ અગર ઇજારાના પાચ વરસ પુરા થયે માહારા ગયા પછી ઇજારાની રકમ કાઇ બાકી રહી હોય અગર બીજુ કાઇ લેહેણુ માહારી પાસે રહેલ હોય તે તમામ રકમ આઠ આનાના ચડતા વ્યાજે આપવા હુ જવાબદાર છુ પાચ વરસ પુરા કરવા પહેલા હુ ઇજારો છોડી ચાલ્યો જાઉ તો આપ સાહેબ માહારી પાસેથી રૂ ૨૫૦૦૧) પુરેપુરા વસુલ લેવા હકદાર છો તેમા જેટલા રૂપીઆ માહારા ભરાયા હોય તે બાદ ગણુતા જેટલી રકમ આપવી બાકી રહી હોય તે આપવા જવાબદાર છુ.

ઉપર પ્રમાણેની જે રકમ માહારી પાસે લેહેણી રહેતી રહેશે અને નીકળશે તે આઠ આનાના વ્યાજે માહારી હરેક તરેહની મીલકતમાંથી તથા વશ વાલી–વારસદારો પાસેથી વસુલ લેવા આપ હકદાર છો અને તે પ્રમાણે આપવા અમો જવાબદાર હોઇ બધાઇએ છીએ તારીખ ૧–૧–૧૯૧૫

આ કરાર પુરેપુરી રીતે સમજી વીચાર કરી પુરેપુરો વાચી હીત અહીત જાણી તન્દુરસ્તીની હાલતમા કરી આપેલ છે અને તે માહારે તેમજ માહારા વંશ–વાલી–વારસદારો સરવેને કબુલ મંજુર અને બંધન-કારક છે તા. ૧–૧–૧૯૧૫

૧ **શેઠ સોરાબજી દીનસાભાઈ સહી.** ઉપરનો દસ્તાવેજ અને કરારની તમામ શરતો પુરેપુરી વાચી સહી કરી આપી છે. દા ખુદ પોતાના તા ૧–૧–૧૯૧૫.

સ્ટેટનો સીક્કો.

મુખ્યદીવાન સ્વસ્થાન.
વીરપુર.

વારગીક **મોદીખાના બાબતનો** કરાર નમુના ન ૧.

સીક્કો

નેક નામદાર દરબાર સાહેબ ———————— ———————

રાજ્ય સ્વસ્થાન ———————— હજુર કોર્ટમા નામદાર દીવાન સાહેબ સ્ટેટ ————————

વચનથી શેઠ અમુલખ બહેચરદાશ ગ્નાતે વીશાશ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ ——— ઉમર વરસ ૨૮ મોજે આપ સાહેબના રાજ્યનુ મોદીખાનુ પાચ વરસ તોલવા અને પાચ વરસ સુધી રાજ્યને બરાબર રીતે આપવા નીચેની શરતોથી મે રાખેલ છે

૧ માહારી કસુર બદલ ડીપોઝીટ રકમ રૂ ૩૦૦) અનામત મે મુકી છે તે પાચ વરસની મુદત પુરી થયે મને પાછી આપવાની છે

૨ સ્ટેટની રેવન્યુ ઓફીસમા દર મહીને તારીખ પેલીએ અનાજ કરીઆણા તમામના ભાવ નકી થાય છે તે ભાવ પ્રમાણે માહારે ત્યાથી તમામ સામન જે જે જરૂર પડશે તે તે પુરો પાડીશ અને દર મહીને જેટલી રકમનો ઉપાડ થશે તેમા દર રૂપીએ અર્ધો આનો મોદીખાનુ તોલવા બદલની મેહેનતનો લઇશ

૩ માહારે ત્યાથી નગદ રૂપીઆનો ઉપાડ કદાચ જુજ રકમનો એટલે દર માસે રૂ ૧૦૦) સો સુધીનો થગ તો હુ આપીશ અને તેની રકમ આપવા બદલ સો રૂપીએ છ આના કમીશન લઇશ.

૪ સામન ત્થા નગદરૂપીઆનુ બીલ દર મહીનાની પહેલી તારીખે રજુ કરીશ અને તે પ્રમાણેનુ બીલ નરક જે થએલ હશે તે પ્રમાણે સરખાવી સો રૂપીઆના સામનના ઉપાડ ઉપર પચાશ આના કમીશન અને સો રૂપીઆ નગદ ઉપર છ આના કમીશન પ્રમાણે આપ સાહેબની ટેઝરી ઓફીશથી મને નાણા વસુલ આપવાના છે

૫ મોદીખાનાનો સામન રાખવાની દુકાન બજારમા છે તે જગ્યાએ રાખીશ અગર તેટલામા રાખીશ અને તે શીવાય બીજી જગ્યાએ આપ દુકાન રાખવા ફરમાન કરશો તો દુકાનનો બંદોબસ્ત માહારી હાલની દુકાનના ભાડા જેટલી રકમથી બીજી જગ્યાએ આપ કરી આપશો અને સામન ફેરફાર કરવાનુ ખરચ આપશો તો જ્યા ફરમાન થશે ત્યા દુકાન લઇ જઇશ

૬ મોદીખાનાનો શામન સારામા સારો-સોજો-ચોખો કાઇ પણ કસતગ વગરનો રાખીશ.

૭ મોદીખાનાનો જે સામન રાખીશ તે પાશ કરવા આપ જે માણસોની કમીટી મુકરર કરશો તેઓ સાહેબ પાશ કરશે ત્યાર બાદ તે સામન વેચીશ.

૮ નેકનામદાર પોલીટીકાલ એજન્ટ સાહેબ અગર એજન્સીના બીજા ઓફીસર સાહેબોની સ્વારીનો મુકામ થશે અને જેટલા દીવસ રહેશે તેટલા દીવસ હુ સામન પુરો પાડીશ (અથવા તે સામન પુરો પાડવાનુ મારે માથે નથી)

૯ અથવા બીજા કોઇ ગવર્નમેન્ટ ઓફીસાર સાહેબો પધારશે તે પ્રસગે ત્થા કોઇ સ્વસ્થાનના ઓફીશર સાહેબ અગર કોઈ દરબાર શાહેબની સ્વારી પધારશે ત્યારે મોદીખાનાનો સામન હુ પુરો પાડીશ (અગર તે મારે માથે નથી)

૧૦ રાજ્યમા કોઈ વીવાહ પ્રસગ આવશે ત્યારે તમામ સામન હુ પુરો પાડીશ (અગર તે મારે માથે નથી)

૧૧ બહારની કોઇ સ્વારી આવવાની હશે અથવા રાજ્યમા વીવાહ પ્રસગ હશે ત્યારે પદર દીવસ અગાઉ તે બાબતના ખબર અને કયા પ્રકારનો કેટણો કેટલો અજમાયમે સામન જોશે તેનુ લીષ્ટ વીગતવાર મને આપવુ પડશે.

૧૨ દરેક જાતનો સામન સારો અને ઉતરતો એમ બન્ને પ્રકારનો રેવન્યુ ઓફીસથી મુકરર થએલ ભાવ પ્રમાણે રાખીસ એટલે કે દાખલા

તરીકે વાંસી ચોખા સારા અને ખરાબ રાખવા એમ નથી પણ ચોખા બે જાતના વાસી કમોદ રાખવા અને ખીચડીઆરામસાળ રાખવા એમ બે જાતનો માલ રાખવાનો છે એટલે બે ભાવવાળો જુદો જુદો રાખવાનો છે.

૧૩ જે સામન માહારી દુકાને નહી હોય તેવો સામન મગાવવામાં આવશે તો તેવો સામન બજારમાંથી ગમે ત્યાથી લાવી રજુ કરીશ.

૧૪ અનાજમાં અથવા ઘી અગર તેલમા તેમજ ગોળ ખાંડ સાકર અને મસાલા વીગેરે કોઇ પણ જાતનો સામન પાસ થયા વગરનો વેચીશ નહી તેમ પાસ થયા પછી તેની અંદર કોઇ ભેળસેળ કરીશ નહી

૧૫ પાસ થએલ જે સામન માહારે ત્યા હશે અને તે પાછળથી કોઇ કારણસર બગડી ગયો હશે તો તે કાઢી નાંખીશ અને તે વેચવાના કામમાં અગર કોઇને આપવાના કામમાં ઉપયોગમાં લઇશ નહી.

૧૬ ઇયળ અથવા જીવાતવાળી કોઇ વસ્તુ વેચીશ નહી.

૧૭ તોલવાના તાજવાં અથવા કાટા અને દરેક કાટલાં પુરેપુરા તોલનાં છાપેલાં રાખીશ અને તેનાવતી તોલી આપીશ.

૧૮ રાજ્ય તરફથી સીદ્ધા સામન માટે કોઇને ચીઠીકરી આપવામાં આવી હશે તેને તેવા સામન બદલ નાણા આપીશ નહી.

૧૯ ચીઠીમાં જે સામન આપવાનો હશે તેજ આપીશ તે શીવાય અમુક સામનના બદલામા બીજો સામન અથવા સામનને બદલે નાણાં આપીશ નહી મોદીખાનેથી મે આપેલ સામન વેચાતો હુ રાખીશ નહી.

૨૦ મોદીખાનેથી ખરાબ સામન આપવામા આવ્યો હશે અને તેવો ખરાબ સામન કોઈ બદલવા આવશે તો તુરત બદલી આપીશ.

૨૧ મોટા જલસા પ્રસગે મોદીખાનેથી સામન બરાબર તોલથી તેમજ સારો સામન અપાય છે કે કેમ તેની તપાશ માટે આપ જે માણસ રાખશો તેઓ તે પ્રમાણે રહેશે તેમા આનાકાની કરીશ નહી.

ઉપર પ્રમાણેની શરતોથી આ કરાર મેં કરી આપેલ છે તેથી કોઇપણ રીતે વીરૂધ વરતીશ નહી. અને કદાચ વીરૂધ વર્તન કરેલ જણાય તો ડીપોઝીટ રકમ પુરેપુરી અગર તેમાનો કાંઇ ભાગ માહારી કસુર બદલ રાજ્યમા લેના હકદાર છો.

પાંચ વરસ પહેલા હું મોદીખાનુ બંધ કરીશ નહી પરંતુ કદાચ

પાંચ વરસની અંદર મોદીખાનુ છોડી ચાલ્યો જાઉં અગર મોદીખાનુ જોખુ નહી અને તેથી રાજ્યને જે નુકશાન થાય તેમજ માહારી કોઇપણુ કસુરથી જે જે નુકશાન થાય તે તે તમામ રકમ માહારી હરેક તરેહની મીલકતથી તથા મારી જાતથી તથા માહારા વંશ વાલી વારસદારો પાસેથી આપ વસુલ કરવાને હકદાર છો અને તે પ્રમાણે અમો આપવાને જવાબદાર છીએ

આ કરાર બરાબર સમજી વીચારી પુરેપુરો વાચી અને તે માહારા કબુલ કરેલા કરાર પ્રમાણે છે જેથી આ નીચે માહારી સહી કરૂ છું અને તે મને તથા માહારા વંશવાલી વારસદારો સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે તા ૧—૧—૧૯૧૫ મુ

૧ શેઠ અમુલખ બહેચરદાસ રહેવાસી ગામ

સહી આખો દસ્તાવેજ વાંચી માહારા કરેલ કરાર પ્રમાણે હોવાથી સહી કરી આપી છે

માહારા રૂબરૂ

સીકકો

મુખ્ય દીવાન.

મોદીખાના બાબત બીજી જાતનો દસ્તાવેજ
નમુના નં. ૨.

સીકો

નેક નામદાર દરબાર સાહેબ
રાજ્ય સ્થાન —— હજુર કોર્ટમાં નામદાર
દીવાન સાહેબ સ્ટેટ. ——

વચનથી શેઠ અમુલખ બહેચરદાસ જ્ઞાને વીશાશ્રીમાલી વાણીઆ રહેવાસી ગામ ના મોજે આપ સાહેબના રાજ્યનું મોદીખાનું એક વરસ તોલવાની શરતે નીચેના ભાવ અને કરારથી મે રાખેલ જેનો ભાવ અને કરાર નીચે પ્રમાણે છે.

૧ રૂ. ૧૦૧) ડીપોઝીટ મે મુકેલા છે તે વરસ પુરૂ થયે માહારે પાછા લેવાના છે.

૨ નીચે લખેલ તમામ સામન નીચેના ભાવથી સારો આપીશ.

	રૂ. આ. પા.		રૂ. આ. પા.
મણુ ઘઉ	૨—૮—૦	,, રામસાળ ચોખા	૨—૧૨—૦
મણુ ઘઉ લોટ	૩—૦—૦	,, અમદાવાદી ખીચડીઆ ચોખા	૩—૦—૦
મણુ બાજરી	૨—૦—૦	મણુ ખાંડ	૬—૦—૦
મણુ બાજરી લોટ	૨—૪—૦	મણુ સાકર	૮—૮—૦
મણુ જાર	૧—૮—૦	,, ગોળ સારો રાજાપુરી	૫—૮—૦
મણુ જાર લોટ	૧—૧૨—૦	,, ગોળ હલકો	૪—૮—૦
મણુ મગ	૨—૮—૦	,, ઘી સારૂ	૧૬—૦—૦
મણુ મગની દાળ	૩—૦—૦	,, ઘી હલકું	૧૪—૦—૦
,, અડદ આખા	૨—૮—૦	,, તલીયુ તેલ	૮—૦—૦
,, અડદની દાળ	૩—૦—૦	,, સરસીયુ તેલ	૭—૦—૦
,, ચણા આખા	૨—૦—૦	,, એરંડીયુ તેલ	૫—૦—૦
,, ચણાની દાળ	૨—૬—૦	,, મરચા આખાં	૮—૦—૦
,, તુવર આખી	૨—૦—૦	,, મરચાં ખાડેલ	૧૦—૦—૦
,, તુવરની દાળ સુરતી	૩—૮—૦	,, હલદર આખી	૧૩—૦—૦
,, દેશી તુવર દાળ	૩—૦—૦	, હલદર ખાડેલ	૧૫—૦—૦
,, કમોદ જુની વાંસી	૫—૦—૦	,, જીરૂ આખું	૧૬—૦—૦
,, કમોદ નવી વાંસી ચોખા	૪—૧૨—૦	,, ધાણા આખા	૧૦—૦—૦

૩ ઉપર લખેલ ભાવથી બરાબર આપીશ અને જેટલો સામન ઉપડશે તેનુ બીલ દરેક મહીને રજુ કરી નાણા લઈશ.

૪ દરેક સામન સારો ચોખો અને ભેળસેળ કર્યા વગરનો આપીશ ભેળસેળ કરીશ નહી.

૫ રાજ્ય સીવાય કોઇ સ્વારીનો મુકામ થશે તો તે મોદીખાનુ હું જોખીશ નહી અને સામન પુરો પાડીશ નહી.

૬ આસમાની સુલતાની આફત આવવાથી અથવા બીજા કોઇ કારણથી અનાજ વીગેરે મોદીખાનાનો સામન મોઘો મળશે તોપણુ ઉપરના ભાવથીજ સામન પુરો પાડીશ અને બહારગામથી લાવી રજુ રાખીશ

૭ બાર માસ પ્રથમ મોદીખાનુ બંધ કરીશ નહી.

ઉપરની શરતો પ્રમાણે વરતવા અને સામન આપવા બંધાઉ છું કદાચ બાર માસ પ્રથમ હું મોદીખાનુ બંધ કરૂ અને તેથી રાજ્યને બીજું

મોદીખાનું રાખવું પડે અને તેથી જે ભાવ વધારે આપવાથી જેટલી રકમનું નુકશાન થશે તેટલી રકમ ત્થા માહારી કસુરથી જે નુકશાન થશે તે રકમ આપ માહારી હરેક પ્રકારની મીલકતથી ત્થા જાતથી ત્થા મારા વંશ વાલી વારસદારો પાસેથી વસુલ લેવા હકદાર છે। અને તે પ્રમાણે આપવા હું જવાબદાર છુ.

આ કરાર બરાબર સમજી વીચારી પુરેપુરો વાંચી કરી આપેલ છે તે માહારે ત્થા માહારા વશ વાલી વારસદારો સર્વેને કબુલ મંજુર અને બંધનકારક છે તા ૧-૧-૧૯૧૫ મુ.

૧ **શેઠ અમુલખ બહેચરદાસ સહી** દા. ખુદ. આખો દસ્તાવેજ અને કરારની તમામ શરત ત્થા ભાવ વાચીને સહી કરી આપી છે.

તા. ૧-૧-૧૯૧૫

રૂબરૂ,

| સીકકો |

મુખ્ય દીવાન.

પ્રકરણ ૧૦

નોનકોગનીઝેબલ નમુના.

(માજીસ્ટ્રેટ અધીકારના કેશો બાબત.)

મુબાઇ ઈલાકામા નીચે લખેલ નામની કોર્ટોમા ક્રીમીનલ પાવર રાખવામાં આવેલ છે.

૧ દરેક ફોજદારી નામ આપેલ કોર્ટોમા

૨ દરેક થાણા કોર્ટોમા.

૩ પાલણપુર સ્ટેટમા દરેક તેહેસીલ કોર્ટોમા.

૪ વડોદરા રાજ્યમા દરેક માહાલકારી અને વહીવટદાર કોર્ટોમા.

૫ જીલ્લા અંદર દરેક કલેકટર સા૦ ની કોર્ટોમા.

૬ એજન્સી અદર પોલીટીકાલ કોટોમાં.

૭ જીલ્લા અદર દરેક મામલતદાર કોર્ટોમા.

૮ કેટલાક સ્ટેટોમા રેવન્યુ ખાતાની કોર્ટમા રેવન્યુખાતા અગે બનેલ ગુન્હા માટે હોય છે.

૯ જીલ્લા અને કેટલાક સ્ટેટોમા મ્યુનીસીપાલ કોર્ટોમા મ્યુનીસીપાલીટી ખાતાને લગતાં કામો માટે.

ફોજદારી કોર્ટો નીચે પ્રમાણે હોય છે.

૧ હાઈકોર્ટ. ૨ સેસન્સ કોર્ટ.
૩ ચીફ પ્રેસીડેન્સી. માજીસ્ટ્રેટકોર્ટ ૪ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ કોર્ટ.
૫ ફસ્ટકલાસ માજીસ્ટ્રેટ કોર્ટ ૬ સેકન્ડ કલાશ માજીસ્ટ્રેટ કોર્ટ.
૭ થર્ડકલાશ માજીસ્ટ્રેટ કોર્ટ. ૮ ડીસ્ટ્રીક માજીસ્ટ્રેટ કોર્ટ.
૯ આસીસ્ટંટ સેસન્સ જજ સાહેબ.
૧૦ ડીસ્ટ્રીક માજીસ્ટ્રેટ કોર્ટને જીલ્લા માજીસ્ટ્રેટ કહેવામાં આવે છે.

ફોજદારી ફરીઆદ અરજીઓ બાબત સમજુત.

૧ ફરીઆદ અરજી બહુજ ટુંકા મતલબથી લખવી.
૨ પ્રથમ કોર્ટનુ નામ લખવુ.
૩ પછી ફરીઆદીનું નામ ઠામ લખવુ.
૪ આરોપીનું નામ ઠામ લખવુ.
૫ ગુન્હાની કલમ અને પ્રકાર લખવો.
૬ પછી લાબી લાઇનોથી ફરીઆદીએ જે બાબત ફરીઆદ કરવાની હોય તેનુ ટુક વર્ણ ન કરવુ તેમા કઇ તારીખે કયા ટાઇમે કઇ જગ્યાએ શા માટે ત્યા જવુ થતા કેવી રીતે શરૂઆત થઇ આરોપીએ કયો ગુન્હો કર્યો અને તે કેવી રીતે શુ કરીને કર્યો તે બરાબર સમજાય તેમ જણાવવુ.
૭ પછી સાક્ષીઓના નામો બતાવવા.
૮ ફરીઆદ સાથે ભરવાના નાણુા રજુ કરવાની મતલબ બતાવવી.
૯ પછી ફરીઆદીની માગણી શુ છે તે લખવુ અને છેવટ ઇકરાર કરી સહી કરવી.

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૧

માર વાગવાથી કરવાની ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા.

વઢવાણના શેઠ મોતીલાલ અમરચંદ જાતે વાણીઆ ઉમર વરસ ૩૫ ધધો વેપાર ઠે. વાણીઆશેરી	ફરીઆદી
વઢવાણના રજપુત માલાજી અમરસગ જાતે રાજપુત ઉમર વર્ષ ૨૨ ધંધો ખેતી ઠે માડવીચોક	આરોપી

તોહોમત પી. કો. ક. ૩૨૩ મુજબ વ્યથા કરવાનુ.

હું ફરીઆદી અરજ કરૂં છુ કે

૧ તારીખ ૨૮-૧૨-૧૯૧૪ ના રોજ બાર વાગ્યાના અરસા વખતે વઢવાણ શહેરની બજારમા માહારી દુકાન નજદીક આરોપીએ નેતરની બે સોટીઓ મને મારી વ્યથા કરવાથી આ ફરીઆદ આરો- પીને તે બદલ્લ શીક્ષા થવા લાવુ છુ.

૨ આરોપી પાસે માહારા પરચુરણ ઉપાડના રૂપીઆ લેહેણા હતા તે આરોપી પાસે સદરહુ દીવસે અને વખતે માગ્યા અને તેણે સીધો જવાપ ન આપતા ઉંધો જવાબ આપવાથી ત્રીજા માણુસ રૂબરૂ હીસાબ જોઇ નીરાકરણ કરવા સારૂ ઉભો રાખવા માડતા તેણે

ટીપ.

૧ વીશ દીવસ અંદર આરામ થાય તેટલા દીવસની ઇજા થઇ હોય તો તેને કાયદાના શબ્દોમા "વ્યથા" કહે છે.

૨ વીશ દીવસ અગર તેથી વધારે જે મારથી ઇજા ભોગવવી પડે તેને તથા જે માર વાગવાથી કાયમને માટે શરીરના કોઇ ભાગમાં ખોડ રહે તેને માહાવ્યથા કહે છે

૩ વ્યથા અને મહાવ્યથા એ બનેની વ્યાખ્યા (શી રીતે બને તે વીગ- તવાર હકીકત) પીનલ કોડની કલમ ૩૧૯-૩૨૦ મા છે.

૪ છરી તલવાર વીગેરે કોઇ શસ્ત્રથી ઇજા થાય અને તે પારા એક પ્રમાણેની હોય તો તેને ભયંકર શસ્ત્રવડે વ્યથા કહે છે

૫ છરી તલવારવડે મહાવ્યથા કરી હોય તો તેને ભયંકર શસ્ત્રવડે મહા યથા કહે છે.

૬ વ્યથાનો ગુન્હો પોલીશ સાંભલી શકે નહી તેથી તે ગુન્હાની ફરી- આદ માજીસ્ટ્રેટ કોર્ટમા કરવી જોઈએ અને તે કોઇપણ માજીસ્ટ્રેટ સાભળી શકે છે એટલે થર્ડકલાશ માજીસ્ટ્રેટ પણ સાંભળી શકે છે.

૭ ભયંકર શસ્ત્રવડે વ્યથાની કલમ ૩૨૪ મહાવ્યથાની કલમ ૩૨૫ ભયંકર શસ્ત્રવડે મહાવ્યથા કલમ ૩૨૬ આ ત્રણે ગુન્હા પોલીશ સાંભળી શકે જેથી પોલીસમા જાહેર કરવા ઉપરથી જ તેનો તપાસ થાય છે અને સાબીત જણાએ તે યોગ્ય કોર્ટમાં કેશ પોલીશ મોકલી આપે છે.

૮ વ્યથા અને મહાવ્યથા સબધમા પી. કો ક ૩૧૯ થી ૩૩૮ સુધી હકીકત અને ગુન્હાનુ સ્વરૂપ છે.

૯ ફરીઆદ અરજીમા લખેલ નામો કલ્પીત લખેલાં છે. સાચાં નથી.

પોતાના હાથમા નતરના સોટી હતી તે એ વખત માહારા વાંસામાં મારી અને તેથી મને તેની નીશાની વાંસામાં પડી રહી. ઈજા થઇ તથા બજાર વચે આ પ્રમાણે થવાથી માહારી આબરૂને પણ હલકા-પણુ કહેવાયુ. આરોપી સોટીઓ મારી ત્યાથી ચાલ્યો ગયો છે.

૩ આરોપીએ આ ગુન્હો કર્યો ત્યારે ત્યા નીચે પ્રમાણે માણસો હાજર હતા.

૧ વઢવાણના શેઠ તુલસી દલપત.

૨ વઢવાણના પંડયા જેઠાલાલ જગજીવન

૩ વઢવાણના ઠકર નાગજી ઓધવજી.

૪ મને વાગેલ માર બાબત મેડીકલ ખાતે મોકલી મારનો તપાસ કરાવી તે બદલનો અભીપ્રાય મગાવી પુરાવામા સામીલ કરશો.

૫ ઉપરના માહારા સાહેદો લેશો તથા મેડીકલ અભીપ્રાય વીગેરે હકી-કતથી આરોપીએ ગુન્હો કરેલ સાબીત જણાશે.

૬ સ્ટાપના રૂ. ૦-૮-૦ તથા આરોપી ઉપરના સમન્સના રૂ. તથા ત્રણ સાહેદોને કોર્ટ મારફતે બોલાવવાના સમન્સના રૂ. મલી આ સાથે રજુ છે.

૭ કેશ ચાલી છેવટે આરોપીને સદરહુ ગુન્હા બાબત અગર તપાશમાં પરીણામે જે ગુન્હાનુ તોહોમત રહેતુ કાયદા પ્રમાણે જણાય તે ગુન્હા બદલ આરોપીને શીક્ષા કરવા વીનતી છે તા. ૨૯-૧૨-૧૪

૧ **શેઠ મોતીલાલ અમરચંદ સહી** દા ખુદ.

હું ફરીઆદી ઇકરાર કરૂ છુ કે સદરહુ ફરીઆદ અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૨૯-૧૨-૧૯૧૪

૧ **શેઠ મોતીલાલ અમરચંદ સહી.** દા. ખુદ

લી. **જેરામ જગન્નાથ.**

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૨.

ગાળો વીગેરે આપવાથી તથા બાઝવાથી અને બળ વાપરવાથી તે બાબત કરવાની ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

સીહોરીના શેઠ અમૃતલાલ રવીચંદ જાતે શ્રાવક વાણીઆ ઉમર વરસ ૪૮ ધંધો વેપાર. } ફરીઆદી.

સીહોરીના ઠાકોર જેમલજી અભેસંગજી જાતે ઠાકરડા ઉમર વરસ ૪૦ ધંધો ખેતી. } આરોપી.

તોહોમત પી. કો. ક ૫૦૪ ત્રીરસ્કાર કરવાનુ
તથા ક ૩૫૨ સાપરાધ બલ વાપરવાનુ.

હું ફ્રીઆદી અરજ કરૂછુ કે.

૧ તા ૨૯-૧૨-૧૯૧૪ ના રોજ સીહોરી ગામના બહાર નરસંગ પેથાની વાડી અંદર દીવસના આથમવા વખતે આરોપીએ મને સહન થઈશકે નહી તેવી ગાળો આપી લોકોની સુલેહનોભંગ કરૂ તેવો ક્રોધ ઉત્પન્ન કર્યો અને મને મારવા સારૂ માહારા ઉપર હુમલો કરી માહારા શરીરને બાઝયો જેથી તેની સામે સદરહુ ગુન્હાની ફ્રીઆદ લાવુછુ

૨ નરસંગપેથાની વાડીમાં જે ઘઉનુ વવેતર થયુ છે તે માહારા અને નરસંગ વચે સીહારેભાગે થએલ છે તે વાડીમા વવેતર ઘઉ વચે થઈ આરોપી ત્યા આવ્યો તેથી તે પ્રમાણે નહી આવવા તથા વાડીમાં નહી આવવા તેને કહેતા તેણે મને સહન ન થાય તેવી ગાળો આપી. તેવખતે ત્યાં ઘણા માણસો હતાં અને આરોપી જાણતો

ટીપ.

૧ પી કો. ક. ૫૦૪ ગુન્હો થવા માટે માત્ર ગાળો દીધાથીજ ગુન્હો બનતો નથી પણ ફ્રીઆદી સુલેહનોભંગ કરશે અથવા કોઇ ગુન્હો કરશે એવો ક્રોધ ઉત્પન કરવાના કારણસર અથવા એવો સંભવ હોય તેવી સ્થીતીમાં તેવી ગાળો આપવાથી ગુન્હો બનેછે માટે.

ફ્રીઆદીને સુલેહનોભંગ કરવાનો વીચાર થયો હતો તેવો ક્રોધ આરોપીએ આપેલ ગાળોથી ઉત્પન થયો હતો

અથવા ફ્રીઆદીને ગાળો સાભલી ગમેને માણુસને ત્યાં માર મારેલ એવો ક્રોધ ગાળો સાંભલવાથી ઉત્પન થયો હતો.

એ વાત આ ગુન્હામાં પુરાવાથી સાબીત થવી જોઇએ.

૨ ફ્રીઆદીને માર મારવા સારૂ ચાળા અગર કોઈ પ્રકારની તૈયારી કરી ફ્રીઆદી તરફ આવ્યો અને તે પ્રમાણે કરવા સારૂ આરોપીને અટકયો અથવા માર મારવા જતા અટકાવ્યો હતો એ હકીકત સાબીત થાય તોજ પી કો ક. ૩૫૨ નો ગુન્હો બને છે.

૩ પી. કો. ક ૫૦૪-૩૫૨ આ બન્ને ગુન્હા પોલીશ સાંભલીશકે નહીં.

૪ ફ્રીઆદમા બતાવેલાં નામો કલપીત છે સાચા નથી.

હતો કે જે ગાળો આપવામા આવે છે તેથી માહારો ક્રોધ ઉત્પન થશે અને હું તેથી સુલેહમાભગ કરીશ અગર ગમે તેને કાઇ ઇજા કરી કોઈપણ ગુન્હો કરીશ. આ પ્રમાણેની માહારી સ્થીતી આરોપીએ ગાળો આપી ઉત્પન કરી હતી અને તેથી તેવા ક્રોધને લઇને હું કાઇ ગુન્હો કરેત, દરમીઆન આરોપી લાકડી ઉચી કરી મને મારવા માટે માહારી તરફ આવ્યો અને મને આરોપીએ મારવા માટે પકડયો તેટલામા નરસગપેથા વીગેરે આવીજવાથી આરોપીને જુદો કરી મને માર વાગતાં બચાવ્યો

૩ આરોપીએ આ ગુન્હો કરેલ તેવખતે ત્યા નીચે પ્રમાણે માણુસો હાજર હતા.

૧ સીહોરીના પટેલ અણુદાનાથા ૨ સીહોરીના ઠકર જેઠા નથુ.

૩ સીહોરીના બારોટ મનજીદલા. ૪ સીહોરીના ઠાકોર જેઠાભાઇ માનસગજી

૪ માહારા ઉપર બતાવેલા સઘળા પુરાવા લેશો

૫ સ્ટાંપના રૂ. ત્યા આરોપી ઉપરના વોરટના રૂ. ત્યા સાહેદની પ્રોસેસના રૂ મલી રજુ છે

૬ આરોપી ઉપર કેશ ચાલી સદરહુ ગુન્હાઓની શીક્ષા અગર તપાસના પરીણામે જે ગુન્હાનુ તોહોમત જણાય તે ગુન્હા બદલની શીક્ષા થવા વીનંતી છે તા ૩૦-૧૨-૧૯૧૪

૧ શેઠ અમૃતલાલ રવીચંદ. સહી દા. ખુદ.

હું ફરીઆદી ઈકરાર કરૂછુ કે સદરહુ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૩૦-૧૨-૧૯૧૪

૧ શેઠ અમૃતલાલ રવીચંદ. સહી દા. ખુદ

લી.

ત્રીભોવન જેરામ.

ફોજદારી ફરીઆદ નમુના નંબર. ૩

ધણીની હયાતીમાં ફરી લગ્ન બાબત

સ્ત્રીએ ધણી છતા બીજા સાથે લગન કરવુ અને લગન કરનાર પુરૂષે તે સ્ત્રીને ધણી છે એમ જાણ્યા છતા તેવી સ્ત્રી સાથે પરણુવુ તે બાબતની ફરીઆદ અરજી.

આજમ મેહેરબાન, સાહેબની કોર્ટમા

વીરમગામના લુવાર. નરસગ રામચંદ જાતે લુવાર ઉમર વરસ ૩૨ ધંધો લુવારકામ ઠે પારેખપોળ.	ફરીઆદી
વીરમગામના સુથાર હરજીવન નાગજી ઉમર વરસ ૩૦ ધંધો સુથારકામ ઠે સથાર ફળીઆમા તથા ફરી આદી નરસગની ઓરત જીવી રધા ઉમર વરસ ૨૫ ધંધો ઘરકામ ઠે પારેખ પોળ	આરોપી

તોહોમત પી કો ક. ૪૯૪ મુજબ ધણીની હયાતીમા ફરી લગ્ન કરવા બાબત.

હું ફરીઆદી અરજ કરૂછુ કે

૧ નંબર ૨ની આરોપણ માહારી ઓરત છે અને ન. ૧ નો આરોપી અમારી નાતનો માણસ છે.

૨ નંબર ૨ ની આરોપણ જીવી સાથે સવત ૧૯૬૨ ના પોષ માસમા માહારા લગ્ન વીરમગામ ગામે થયા હતા અને ત્યારથી તે માહારી ઓરત તરીકે માહારા ભેગી સવત ૧૯૭૦ ના આસો માસ સુધી રહેલ છે અને તે પ્રમાણે લગ્નની તથા માહારી સાથે રહેલની તમામ બીના નં. ૧ નો આરોપી જાણે છે.

૩ ન ૨ ની આરોપણ ખરાબ ચાલની હોવાથી ગયા આસો માસથી માહારી સાથે રહી નહી અને સ્વતંત્ર રીતે રખડી છેવટે તા. ૨૬–૧૨–૧૯૧૪ ના રોજથી ન. ૧ ના આરોપીના ભેગી રહી તેની સાથે તે ઓરત તરીકે રહે છે અને ન ૧ નો આરોપી તેને ઓરત તરીકે રાખે છે.

૪ અમારા કુટુબમા નાતરૂ થઇ શકે નહી. મેં નં. ૨ ની આરોપણને છુટકો આપેલ નથી તેમ તેણે માહારી પાસેથી છુટકો લીધો નથી

૫ જીવી માહારી પરણેત ઓરત છે અને તે માહારી સાથે ઓરત તરીકે રહે છે એ જાણ્યા છતા નંબર ૧ ના આરોપીએ ન. ૨ ની આરોપણ જીવી સાથે ફરી લગ્ન કરેલ છે અને તે પ્રમાણે જાણ્યા છતા ન. ૨ ની ન ૧ ના આરોપી સાથે ઓરત તરીકે રહી છે

૬ ન. ૨ ની આરોપણ માહારી પરણેત ઓરત છે તે તથા માહારી સાથે ઓરત તરીકે રહી છે અને માહારા હકમા છે તે તથા આરોપી ન. ૧ નાના તે જાણવામા છે અને તે પ્રમાણે જાણ્યા છતાં ન. ૧–૨ ના એ લગ્ન કરેલ છે તે બીના નીચેના માણસોના તેમજ બીજાં થોકબધ માણસોના જાણવામા છે

૧ વીરમગામના મીસ્ત્રી. રગનાથ અમુલખ
૨ વીરમગામના લુવાર. ત્રીકમ રણછોડ
૩ વીરમગામના લુવાર હરજી પરમા
૪ વીરમગામના લુવાર ગણેશ બેચર
૫ વીરમગામના સુથાર જેઠા રધા
૬ વીરમગામના સુથાર નરસી ખુશાલ
૭ વીરમગામના સુથાર લખમણ વખતા
૮ વીરમગામના લુવાર સુથાર ગોર રવીશકર સદાશીવ
૯ વીરમગામના લુવાર સુથાર ગોર મણીલાલ જગજીવન

૭ ઉપરના સાહેદોથી નં. ૧-૨ ના આરોપીઓએ ગુન્હો કરેલ સાબીત જણાશે.

૮ આરોપીઓ ઉપરના વોરંટ ફીના રૂ ત્યા રૂ. આ સાથે છે

૯ તપાશ પુરો થયે આરોપીઓને સેસન્સ કમીટ કરવા અને આપના અધીકારનો કોઇ ગુન્હો જણાય તો તે બાબત યોગ્ય શીક્ષા થવા હુકમ ફરમાવવા વીનતી છે તા. ૧-૧-૧૯૧૫

૧ લુવાર નરસંગ રાયચંદ સહી. દા. ખુદ.

હુ ફરીઆદી ઇકિરાર કરૂછુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫ મુ.

૧ લુવાર નરસંગ રાયચંદ સહી. દા. ખુદ.

લી. આર સી મેહેતા વકીલ.

ટીપ.

૧ ફરીઆદ અરજીના પારા છમા જે હકીકત લખી છે તે હકીકત સાબીત કરવાથી કેશ સાબીત થાય છે જેનામ લખ્યા છે તે કલ્પીત છે સાચા નથી.

૨ આ કેશ સેસન્સ અધીકારનો છે તેથી પ્રથમ કમીટીગ ચોકસી થઇ કમીટીગ માજીસ્ટ્રેટ કેશ સેસન્સમા મોકલે છે.

૩ ફર્સ્ટ કલાશ માજીસ્ટ્રેટ કમીટીગ ચોકસી કરી શકે છે અને સેકન્ડ કલાશ માજીસ્ટ્રેટને વધારે અધીકાર તરીકે પાવર આપેલ હોય તો તે કરી શકે.

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૪.

કોઈ પરણેલી સ્ત્રીને ફોસલાવીને લઇજાય તેના માટે કરવાની ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા.

વારાહીના. } ફરીઆદી

વારાહીના. } આરોપી

તોહોમતથી પી કો. ક. ૪૯૮ પ્રમાણે ફરીઆદીની સ્ત્રીને ફોસલાવી લઇજવાથી.

હુ ફરીઆદી અરજ કરૂંછુ કે.

૧ વારાહીની અ. બ. માહારી પરણેત કાયદેસર લગ્ન થએલ ઓરતને આરોપી તા ૨૨-૧૨-૧૯૧૪ ના રોજ જારકર્મ કરવા કરાવવાના ઇરાદે માહારા કાયદેસર હવાલામાથી વારાહી ગામે આવી લઇ નાશીગએલ છે જેથી આ ફરીઆદ લાવુછુ.

૨ આરોપી મુળ નડીઆદ ગામ તરફનો રહીશ છે અને હાલ પાંચ સાત વરસથી વારાહીગામે રહી પરચુરણ ધંધો કરતો હતો તેની સાથે માહારી ઓરતને અનીતીની બાબત થએલ અને તેના પરીણામે આરોપી માહારી ઓરતને ફોસલાવીને પોતે જારકર્મ કરવા સારૂ અથવા બીજા ઠેકાણે લઇજઇ બદ સલાહ આપી ફરી લગ્ન કરાવીદઇ જારકર્મ માટે બીજાને સ્વાધીન કરવા સારૂ લઇને નાશીગએલ છે

૩ આરોપીને તથા માહારી ઓરતને સાથે જતા હારીજના રસ્તા તરફ તથા હારીજ સ્ટેશનેથી રવાના થતા તા. ૨૩-૧૨-૧૪ ના રોજ ત્રાહીત માણસે જોએલ છે.

૪ આરોપી માહારી ઓરતને કોઇ જગ્યાએ છુપાવી અગર બીજા પુરૂષને જારકર્મ માટે સોપી અથવા બીજી રીતે કરી. તા. ૩૦-૧૨ ૧૯૧૪ ના રોજ વારાહીગામે આવેલ છે.

૫ આ કામમાં માહારો નીચે પ્રમાણે પુરાવો છે.

૧ વારાહીના જેઠા નથુ. ૨ વારાહીના ગજા ઉમેદ.

૩ વારાહીના સદા રતના ૪ વારાહીના જત ડોસાજી નથુજી.

૬ આરોપીને પકડવાના વોરટના ૨. પ્રોસેસના ૩.

ત્થા સ્ટાંપના રૂ.   રજુ છે

૭ હું ફરીઆદી અરજ કરૂછુ કે કેશનો પુરતો તપાસ થયે આરોપીને સદરહુ ગુન્હાબદલ અગર તપાશમા જે ગુન્હો જણાય તે ગુન્હાબદલ યોગ્ય શીક્ષા થવા વીનતી છે. તારીખ. ૩૧-૧૨-૧૯૧૪.

૧ ફરીઆદીની સહી.

હુ ફરીઆદી અરજ કરૂછુ કે સદરહુ ફરીઆદ અરજીમા લખેલ મજકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૩૧-૧૨-૧૯૧૪

૧ ફરીઆદીની સહી.

લી.

રતનસી રમણીકલાલ.

ટીપ.

૧ આ કેશ સેકન્ડકલાશ માજીસ્ટ્રેટ ત્થા ફર્સ્ટકલાશ માજીસ્ટ્રેટ ચલાવી ઈન્સાફ આપીશકે છે.

૨ અ—બ અક્ષર છે ત્યાં સ્ત્રીનુ નામ ત્થા તેના બાપનુ નામ લખવુ.

૩ સોળ વરસથી વધારે ઉમરની સ્ત્રીને કોઇપણ પુરૂષ અગર સ્ત્રી જારકર્મ કરવા કરાવવા માટે ફોસલાવીને લઇજાયતો આ ગુન્હો બને છે.

૪ સોળ વરસથી ઓછી ઉમરની સ્ત્રી હોય અને તે આની રજામદીથી લઇજાય તોપણ આ ગુન્હો નહી બનતા આથી ભારે ગુન્હો મનુષ્ય હરણુનો બને છે અને તે પોલીશ સાંભળીશકે છે

૫ સોળ વરસથી વધારે ઉમરનો સ્ત્રીને તેની રજા વગર જબરાઈથી લઇજવાથી મનુષ્ય નયન થાય છે અને તે પોલીશ અધીકારનો ગુન્હો છે.

૬ કોઇ પુરૂષ સ્ત્રીને લઇજાય તેવો નજરે જોનાર પુરાવો હોયતો આ ગુન્હો સાબીત થવાજેવુ અને જારકર્મ માટે લઇગયો હશે એમ અનુમાન કરવાજેવુ કારણુ છે આ ગુન્હામાં સભોગ થવાનો પુરાવો જોઇએજ એમ નથી.

૭ કોઇ સ્ત્રીને કોઈ સ્ત્રી લઇજાય ત્યારે આ ગુન્હાનુ અનુમાન થઈશકે નહીં પણુ ખાસ પુરાવો જોઇએ.

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૫

છીંનાળાની ફરીઆદ અરજી

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

રાધનપુરના } ફરીઆદી

રાધનપુરના } આરોપી

તોહોમત પી. કો ક ૪૯૭ મુજબ છીનાળુ કરવા બાબત.

હુ ફરીઆદી અરજ કરૂછુ કે

૧ રાધનપુરની ક. ડ માહારી કાયદેસર પરણેત ઓરત છે અને મા હારી સાથે ઓરત તરીકે હાલ સુધી રહે છે તે માહારી પરણેત ઓરત સાથે તા. ૨૬-૧૨-૧૯૧૪ ના રોજ રાધનપુર શહેરમા દે-શાઇ દરવાજા નજદીક લીબડા પાસે પડેલા મકાન અદર આરો પીએ સભોગ કરી છીનાળુ કરવાથી આ ફરીઆદ લાવુછુ

૨ સદરહુ રાધનપુરની ક ડ માહારી કાયદેસર પરણેત ઓરત છે માહારી સાથે ઓરત તરીકે રહેછે અને માહારા હકમાં છે એમ આરોપી જાણે છે અને તે પ્રમાણે જાણ્યા છતાં તેમજ જાણવાનુ કારણ છતા ઈરાદા પૂર્વક આરોપીએ છીનાળુ કરવા સભોગ કરેલ છે

૩ સદરહુ ગુન્હો સાબીત થવા નીચે પ્રમાણે પુરાવો છે

૧ રાધનપુરના સીપાઇ લાડજી નથુજી

૨ રાધનપુરના ભીલ રામા એચર

૩ રાધનપુરના ભીલ ગજા રતના

૪ રાધનપુરના કોલી કચરા નથુ

૪ ઉપર પ્રમાણે પુરાવો લેવાથી આરોપીએ ગુન્હો કરેલ સાબીત જણાશે

૫ આરોપીના વોરટના રૂ. તથા સ્ટાપના રૂ તથા પ્રોસેસના રૂ. આ સાથે રજુ છે

૬ માહારી ફરીઆદનો પુરતો તપાશ થયે આરોપીએ સદરહુ ગુન્હો કરેલ સાબીત જણાશે માટે સદરહુ ગુન્હા માટે યોગ્ય શીક્ષા કરવા અથવા સેસન્સ કોર્ટમા કમીટ કરવા અથવા તપાશમા જે ગુન્હો જણાય તે માટે યોગ્ય શીક્ષા થવા માહારી અરજ છે તારીખ. ૨૮-૧૨-૧૯૧૪ મુ

૧ ફરીઆદીની સહી.

હું ફરીઆદી ઇકરાર કરૂછુ કે સદરહુ ફરીઆદ અરજીમા લખેલ મ-
જકુર માહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે.

તા ૨૮-૧૨-૧૯૧૪ મુ

૧ **ફરીઆદીની સહી.**

લી મણીલાલ જગન્નાથ

ટીપ

૧ બીજાની સ્ત્રી છે અથવા હોવી જોઇએ એમ જાણુવામા હોય તેવી સ્ત્રી સાથે કોઈ પુરૂષે તે સ્ત્રીના ધણીની રજા મંદી વગર સભોગ કરેલ હોય તો છીનાળુ થાય અને તે હકીકત સાબીત કરવી જોઇએ.

૨ છીનાળાનો ગુન્હો સ્ત્રીની મરજીથી થાય છે તેની મરજી વગર બની શકતો નથી સ્ત્રીની મરજી વગર પુરૂષે સભોગ કરેલ હોય તો છી-નાળાનો ગુન્હો ન બનતા તેથી ભારે બળાત્કારનો ગુન્હો બને છે.

૩ છીનાળાના ગુન્હામા સ્ત્રી ગુન્હેગાર થતી નથી એમ બ્રીટીશ કાય-દામા ઠરાવેલુ છે.

૪ વડોદરા રાજ્ય તથા બીજા સ્ટેટોમા સ્ટેટનો પીનલ કોડ જુદો બહાર પડેલ છે ત્યાં કેટલેક ઠેકાણે સ્ત્રી માટે ગુન્હાનો સમાશ કરેલ છે.

૫ બાર વરસથી ઓછી ઉમરની સ્ત્રી આવા કામમા છીનાળા માટે રજા મંદી આપે તો તે રજા મંદી ગણાતી નથી અને તેવા પ્રસગે તો બળાત્કાર સભોગનોજ ગુન્હો બને છે

૬ છીનાળાનો ગુન્હો ઘણે ભાગે સાબીત થવો મુશ્કેલ થાય છે કારણુ કે છીનાળાના ગુન્હામા સ્ત્રી પુરાવો આપે નહી અને તે બન્નેને નજરે જોનાર કોઈ હાજર હોવુ અસભવીત મનાય છે માત્ર સ્ત્રી પુરૂષ ભેગા બેઠેલા હતા તેટલાજ ઉપરથી છીનાળુ કહેવાય નહી પણુ સભોગ થવાની હકીકત નજરે જોનાર સાહેદ હોવો જોઇએ.

૭ આ કેશ સેસન્સ કમીટ થઇ શકે છે અને ફર્સ્ટકલાશ માજીસ્ટ્રેટ પણુ શીક્ષા કરી શકે છે સેકન્ડકલાસ માજીસ્ટ્રેટને વીશેષ અધીકાર આપેલ ન હોય તો આ ફરીઆદ ફર્સ્ટકલાશ માજીસ્ટ્રેટ કોર્ટમા કરવી જોઇએ.

૮ ક - જગ્યાએ તે સ્ત્રીનુ નામ તથા તેના બાપનુ નામ લખવુ જોઇએ.

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૬.

આબરૂની હાની બાબત ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

કલ્યાણપુરના પટેલ જેઠા ત્રીકમ જાતે કણ્ડવા કણબી ઉમર વરસ ૩૨ ધધો ખેતી	ફરીઆદી
વાત્રપુરાના પટેલ અમરા રતના જાતે કણ્ડવા કણબી ઉમર વરસ ૪૦ ધધો ખેતી	આરોપી

તોહોમત પી. કો ક. ૫૦૦ મુજબ.

આબરૂની હાની કરવા બાબત

હું ફરીઆદી અરજ કરૂ છુ કે,

૧ તા. ૨૪–૧૨–૧૯૧૪ ના રોજ કલ્યાણપુર ગામે અમારી નાત અ-દર આરોપીએ આવી નાતને જાહેર કરી માહારા ઉપર ખોટી રીતે છીનાળાનુ તોહોમત મુકી માહારી આબરૂને નુકશાન કર્યું જેથી આ ફરીઆદ લાવવા ફરજ પડી છે

૨ હુ આબરૂદાર અને અમારી નાતમા પ્રખ્યાત માણસછુ આરોપીએ ઇરાદા પૂર્વક છીનાળાની વાત ખરી નહી છતા અને ખરી નથી એમ જાણતાં છતાં છીનાળુ કરેલ છે એવી હકીકત નાત વચ્ચે માહારા વીરૂદ્ધ કહેવાથી નાતે મને તે બદલ રૂ ૨૫) નાતને કસુર બદલ આપવા ઠરાવ્યા અને તેથી માહારી હલકાઈ થઇ માહારાં દીકરી દીકરાના સગપણો સબધમા પણ અનેક તરેહના હવે વાધા આવશે, નાત અદર માહારા ઉપર જે વીશ્વાસ હતો તે તુટી ગયો આબરૂદાર તરીકે માહારૂ જે માન્ય હતુ તે તમામ જતુ રહ્યુ છે.

૩ આ પ્રમાણે ખોટી હકીકત જાહેર કરી આરોપીએ મને અને માહારા આખા કુટુબને નુકશાન કરેલ છે

૪ આ કામમા માહારો નીચે પ્રમાણે પુરાવો છે
૧ કલ્યાણપુરના ખત્રી વજા જેઠા ૨ કલ્યાણપુરના પટેલ કચરા કેવળ ૩ કલ્યાણપુરના પટેલ ગણેશ વખતા ૪ કલ્યાણપુરના પટેલ લખમણ મેઘા ૫ કલ્યાણપુરના પટેલ ચતુર જામા ૬ કલ્યાણપુરના પટેલ જગમાલ વજા

૫ આરોપી ઉપરના વોરંટના રૂ. તથા સ્ટાંપના રૂ તથા પ્રોસેસના રૂ મળી કુલ રૂ રજુ છે.

૬ હું ફરીઆદી અરજ કરૂ છુ કે આરોપીએ કરેલ ગુન્હા બાબત તપાશ થઇ તેને યોગ્ય શીક્ષા થાય અને તપાસ અત્યે જે ગુન્હાનુ તોહોમત સાબીત નજર આવે તે ગુન્હા બદલ યોગ્ય શીક્ષા કરવા નીમ્રૂ અરજ છે તારીખ ૧-૧-૧૯૧૫

ટીપ

૧ જે કારણથી આબરૂની હાની થવાનુ ફરીઆદીનું કહેવુ હોય તે કારણ નં. ૧-૨ ના પાગામા ટુકી વીગતથી બતાવવુ

૨ વેપારીવર્ગમા કોઇ સાહુકારને ખોટી રીતે ચોર કહેવામા આવેલ હોય. નાણાં લઇને કોઇને આપતો નથી એમ કહેવામા આવ્યુ હોય તે વેપારીનો માલ તદન હલકો છે અને તેથી લોકોને ઠગે છે એમ કહેવામા આવ્યુ હોય. અમુક માણુસ અમુક ગુન્હા કરનાર છે એમ કહેવામા આવ્યુ હોય અને તે બીનાઓ તદન ખોટી હોય તો આબરૂની હાનીની ફરીઆદ લાવી શકાય છે.

૩ કાગળ [૧]લખીને—પેપરમા [૨]છપાવીને—રૂબરૂ [૩]બોલીને કોઇ [૪]ચીન્હો અથવા આકારો કરીને આબરૂ લઇ શકે છે.

૪ ૧-૨-૩ સમજાય તેવી બાબત છે પણ ચોથી બાબત સમજાય તેવી નથી તેથી તેનો ખુલાશો કરવામા આવે છે એક આબરૂદાર માણુસની છબી કોતરી કોઇ ખરાબ રીતે ગોઠવે કે તે છબી જે માણુસ જુવે તેને હલકો વીચાર ઉત્પન્ન થાય. અથવા કોઇ નીશાની એવી તૈયાર કરી રાખી હોય કે જેથી બીજાની આબરૂને નુકશાન થાય.

૫ આ કામની ફરીઆદમા—આબરૂ જાય તેવી જે હકીકત કહી હોય તે તદન ખોટી હોવી જોઇએ. અને તેથી નુકશાન થએલ જોઈએ અગર થાય તેવી હોવી જોઇએ

૬ કોઈ માણુસ ઉપર કોઈ ઇશમે ફોજદારી ખોટી ફરીઆદ કરી હોય અને તે કામનો આરોપી તદન નીરદોશ છુટી જાય તો આવી હકીકતને લોકો આબરૂ જવા જેવી હકીકત ગણે છે પણ કાયદા પ્રમાણે તેનો સમાશ બીજા ગુન્હામાં કરવાથી આબરૂની ફરીઆદ થઇ શકતી નથી. આવી બાબતમા ફરીઆદીએ ખોટી ફરીઆદ કરી છે. અથવા ખોટી પ્રતીજ્ઞા ઉપર જુબાની આપી છે તે ફરીઆદ થઈ શકે.

૭ પી કો. ક ૫૦૧ પણ આબરૂ લેવા સબંધમા છે કાંઇ બાબત આબરૂ લેવા જેવી છે એમ જાણીને છાપવી અથવા કોતરવી એટલે છાપનાર અગર કોતરનારના માટે આ કલમ ૫૦૧ પ્રમાણે ગુન્હો થાય.

૧ પટેલ જેઠા ત્રીકમ સહી દા. શેઠ મણીલાલ કચરચંદ.

હુ ફરીઆદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે તારીખ. ૧-૧-૧૯૧૫

૧ પટેલ જેઠા ત્રીકમ સહી દા. શેઠ મણીલાલ કચરચંદ.

લી. રમણીક રતનસી.

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૭.

જારકર્મ માટે બાળક ખરીદ કરનાર અથવા વેચનાર ઉપર ફરીઆદ.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમા.

રતનગઢ તાલુકા ફોજદાર રમણીકલાલ બોહારીલાલ જાતે રાજપુત ઉમર વરસ ૪૫ ધંધો નોકરી	ફરીઆદી
રતનગઢની નાયકા (ગુણકા) ખુશમજેદારકુવર લપટકુવર તથા પીપળપુરના કોલી જેઠા માના ઉમર વરસ ૨૮ ધંધો મજુરીનો	આરોપી

આરોપી નં. ૧ ઉપર પી. કો. ક. ૩૭૨ મુજબ

અને નં ૨ ઉપર પી કો ક ૩૭૩ મુજબ.

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે,

૧ તા ૨૦-૧૨-૧૯૧૪ ના રોજ સોળ વરસની અંદરની એક છોડી આરોપી નં. ૨ નો રતનગઢ ગામે લાવેલ અને તે રૂ ૨૦૧)મા

ટીપ.

૧ સરકાર તરફની ફરીઆદ છે એટલે નાણાં ભરવાનો પારેગ્રાફ લખવામા આવ્યો નથી

૨ આ કેશનોનકોગનીઝેબલ પોલીશ અધીકાર બહારનો છે તેથી પોલીશ પોતાના પાવરથી કાઇ તપાસ કરી શકે નહી પણ આ પ્રમાણે ફરીઆદ કરવી જોઇએ કદાચ પોલીશને તપાશ કરવા વીચાર હોય તો તે બાબત વીગતવાર હકીકતનો રીપોર્ટ માજીસ્ટ્રેટ તરફ મોકલી તપાશ કરવાની મંજુરી મેળવી પછી તપાશના કાગળો બનાવે જપ્તી વીગેરે લઇશકે પણ આરોપીને વારંટ વગર પકડી શકે નહી તપાશના બનેલા કાગળો પુરા થાય અને તે ઉપરથી ગુન્હો બનેલ જણાય ત્યારે કેશના તમામ કાગળો માજીસ્ટ્રેટ તરફ મોકલી આરોપી વીરૂદ્ધ આ પ્રમાણે પુરતો પુરાવો છે માટે પકડવાનાં વારંટો આપો

નંબર એકની આરોપણુ કે જે નાયકાનો ધધો કરનાર છે તેને ત્યાં વેચી અને તેથી સદરહુ ગુન્હાની ફરીઆદ લાવવા ફરજ પડી છે.

૨ કોલી જેઠા માના કોની છોડી લાવેલ તે હકીકત જણાઇ નથી પરંતુ નાયકા જેવી ઓરતને ત્યા છોકરી વેચ્યા એથી જારકર્મ કરવા માટે વેચી છે એમ પુરતી રીતે માનવાનુ જાણવાનુ કારણુ છે અને નાયકા જેવી ઓરતે જ્યારે છોકરીને નાણા આપી રાખીછે ત્યારે તેણે પણુ જારકર્મ માટે જ રાખીછે એમ માનવાને પુરતા સયોગો અને કારણો છે.

૩ જે છોકરીને વેચવામાં આવી છે તેની ઉમર લગભગ ચૌદ વરસની છે અર્થાત સોળ વરસ અંદરની છે.

૪ આ કામમા નીચે પ્રમાણે પુરાવો છે.
૧ રતનગઢના સેખ ચાદ ગુલાબ. ૨ રતનગઢના ગઢવી રતના જેઠા
૩ રતનગઢના કોલી નથુ રામા ૪ રતનગઢના પટેલ જેઠા જગમાલ
૫ વેચાણુ રાખેલ છોકરી બાળકુવર

૫ ઉપરનો પુરાવો લેવાએ અને ફરીઆદનો તપાસ પુરતો થયે આરોપીઓએ ગુન્હો કરેલતું સાબીત નજર આવશે માટે સદરહુ ગુન્હા બદલ અથવા તપાસ અન્વયે જે જે ગુન્હા કરેલ જણાય તે તે ગુન્હા બદલ આરોપીઓને સીક્ષા કરતા જે છોકરીને વેચાણુ

એમ લખી મોકલવા ઉપરથી જેટલા આરોપી ગુન્હો કરનાર તરીકે જણાય તેમનાં વારંટ માજીસ્ટ્રેટ પોતાની સહી ના આપે તે ઉપરથી પોલીશ પકડી કેશના કાગળો સાથે અગર એકલા વારંટો જ પાછા આવેલ હોય તો વારંટો કોર્ટમા મોકલે તે પછી તજવીજ થઈ કાયદેસર થાય.

૩ આ ફરીઆદ સારવજનીક છે એટલે પોલીશ ઓફીશરેજ કરવી જોઇએ. છોકરીના માબાપે વેચી હોય તો તે ફરીઆદ કરવા આવે નહી અને બીજાને અધીકાર નહી કોઇકની છોડી કોઇ ઇશમ વેચી ગયો હોય તો આથી મહત્વનો હરણુનો ગુન્હો બને છે અને તેતો પોલીશ અધીકારનો છે તેવા પ્રસગે છોકરોના મામાપો વેચી જનાર ઉપર હરણુ માટે ફરીઆદ લાવીશકે અને ખરીદ કરનાર માટે તો આ ગુન્હાનીજ ફરીઆદ લાવી શકે કારણુ કે ખરીદનારને હરણુ થવાની ખબર હોય નહો તેથી તે ગુન્હામાં ખરીદનાર જવાબદાર થાય નહી.

આપવા અને લેવામાં આવી છે તેને તેના વાલીને હવાલે સોપાવવા હુકમ કરવા અરજ છે. તા. ૧—૧—૧૯૧૫.

૧ **રમણીકલાલ બીહારીલાલ** સહી દા. ખુદ.

હુ ફરીઆદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧—૧—૧૯૧૫.

રણુણીકલાલ બીહારીલાલ ફોજદાર તાલુકા રતનગઢ.

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૮.

કાયદા વીરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવા બાબતની ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા.

રખડપુરના કોલી કચરા પુજા જાતે કોલી ઉમર વરસ ૩૨ ધધો મજુરી	ફરીઆદી.
હીમતપુરના પટેલ તેજા માના જાતે લેવાકણબી ઉમર વરસ ૩૮ ધંધો ખેતી.	આરોપી.

તો પી. કો. ક. ૩૭૪ મુજબ.

જબરાઇથી મજુરી કરાવવાનુ.

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે

૧ આરોપી હીમતપુર ગામે પોલીશ પટેલ છે અને તે હીમતપુર ગામે તા ૨૮–૧૨–૧૯૧૪ ના રોજ હું માહારા સગાઓમાં મળવા માટે ગએલ ત્યાથી મને બોલાવી ત્રણ દીવસ મને રોકી માહારી પાસે લાકડાં કપાવી જબરાઈથી મજુરી કરાવી છે જેથી આ ફરીઆદ લાવુ છુ.

૨ મને આરોપી કહે કે લાકડાં કાપી આપ મે તેને ના કહી તેથી તેણે મને કહ્યુ કે લાકડાં કાપ્યા વગર જઇશ તો બલધ ચોરીનો કેશ અમારે ત્યા થયો છે તેમાં તુ ચોરનાર છે એમ કહી તને તારે ગામે આવી પકડાવી જઇશ આ પ્રમાણે ધમકી આપવા ઉપરાત મને ફરજ પડાવી લાકડા કપાવ્યા અને એજ પ્રમાણે હુ હીમતપુર ગામ તા. ૨૮–૨૯–૩૦ સુધી રહ્યો તે પ્રમાણે ત્રણ દીવસ માહારી પાસે જબરાઈથી મજુરી કરાવી છે.

૩ આ કામમા માહારો પુરાવો નીચે પ્રમાણે છે.

૧ સહાયનગરના કોલી હેમતા જેઠા ૨ સબધપુરના કોલી જેઠા માના

૪ આરોપી ઉપરના વોરટના ૨ તથા રટાપના ૨ તથા પ્રોસેસના

રૂ. મલી કુલ રૂ. ૨જુ છે.

૫ હું ફરીઆદી અરજ કરૂ છું કે તપાશ અતે આરોપીને સદરહુ ગુન્હા બદલ અથવા જે ગુન્હાનુ તોહોમત જણાય તે ગુન્હા બદલ શીક્ષા કરવા વીનંતી છે તા.૧-૧-૧૯૧૫.

૧ **કોલી કચરા પુંજા સહી.** દા. ઠકર મદનલાલ હરખા.

હું ફરીઆદી અરજ કરૂ છું કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે તા. ૧-૧-૧૯૧૫ મુ.

૧ **કોલી કચરા પુંજા સહી.** દા. મદનલાલ હરખા

લી. **જીવણ જેઠા.**

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૯.

જબરાઇથી કઢાવવા બાબતની ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

હારીજના કણબી નાગજી જેઠા જાતે લેવા કણબી ઉમર વરસ ૨૮ ધધો ખેતી } ફરીઆદી.

હારીજના કોલી રતના કચરા જાતે કોલી ઉમર વરસ ૨૬ ધધો મજુરી. } આરોપી.

તોહોમત પી. કો ક ૩૮૪ મુજબ જબરાઇથી કઢાવવાનુ.

હુ ફરીઆદી અરજ કરૂ છું કે

૧ તા ૨૮-૧૨-૧૯૧૪ ના રોજ આરોપીએ મને ભય ઉત્પન કરી માહારી પાસેથી રૂ ૨૦) લીધા છે અને તે રૂપીઆ આરોપીએ જબરાઈ કરી તેથી મારે આપવા પડયા છે તેથી આ ફરીઆદ લાવુ છું.

૨ તા. ૨૮-૧૨-૧૯૧૪ ના રોજ હારીજની સીમમા હું માહારે ખેતર હતો ત્યા બપોર પછી આરોપી આવ્યો અને મને કહે કે માહારે રૂ ૨૦) ની જરૂર છે માટે ગમે તેમ કરીને લાવીઆપ અને તે પ્રમાણે નહી આપે તો તારે ત્યા ખાતર પડાવીશ અને ચોરાવી રૂપીઆ હજારનુ નુકશાન કરાવીશ આ પ્રમાણે તેણે મને ભય ઉત્પન કર્યો તેથી મને તે ભય ઉત્પન થયો કે આરોપી કોલી છે અને વખતે આગળ ઉપર કદાચ નુકશાન કરી બસે તેના કરતા રૂ. ૨૦) આપી તેટલુજ નુકશાન વેઠવુ ઠીક છે એમ ધારી ખેતરથી માહારે ઘેર જઇ રૂ. ૨૦) લાવી મેં આરોપીને આપ્યા છે અને તે લઇ ચાલ્યો ગયો છે.

૩ આ પ્રમાણે આરોપીએ મને ભય ઉત્પન કરેલ ન હતતો હું રૂપીઆ આપત નહી તેથી આરોપીના ભય ઉત્પન કરેલને લઇને માહારે રૂ. ૨૦) આપવા પડયા છે.

૩ આ કામમા સાહ્દી નીચે પ્રમાણે છે
૧ હારીજના કણબી રગનાથ માલા. ૨ હારીજના કોલી પુજા વખતા

૫ આરોપીના વોરટના રૂ. તથા સ્ટાપના રૂ. તથા પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૬ હુ ફરીઆદી અરજ કરૂ છું કે સદરહુ બાબતનો પુરતો તપાશ થયે આરોપીને સદરહુ ગુન્હા બદલ અથવા તપાશમા જે ગુન્હો જણાય તે ગુન્હા બદલ શીક્ષા કરવા વીનતી છે તા ૧—૧—૧૯૧૫

૧ **કણબી નાગજી જેઠા સહી.** દા ઠકર રતનજી કાલીદાસ.

હુ ફરીઆદી ઇકરાર કરૂ છુ કે સદરહુ અરજીમાં લખેલ મજકુર માહારા જાણવા માનવા મુજબ બરાબર છે. તા. ૧—૧—૧૯૧૫. મુ.

૧ **કણબી નાગજી જેઠા સહી.** દા. ઠકર રતનજી કાલીદાસ.

લી. **કરમચંદ જીવણલાલ.**

ફોજદારી ફરીઆદ નંબર ૧૦.

બદદાનતથી મીલકતનો ખોટો ઉપયોગ્ય કરવા બદલ ફરીઆદ

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા

વારાહીના કણબી જેઠા રતના જાતે લેવાકણબી ઉમર વરસ ૩૨ ઠે. લુવાણાવાસ	ફરીઆદી
વારાહીના કોલી ગજા દાના જાતે કોલી ઉમર વરસ ૪૦ ધધો ખેતી ઠે. જતવાસ.	આરોપી.

તોહોમત પી. કો ક ૪૦૩ મુજબ
પરાઈ મીલકતનો ખોટો ઉપયોગ્ય કરવાનુ.

હું ફરીઆદી અરજ કરૂ છુ કે

૧ બાર મહીના ઉપર માહારો એક બલધ તથા એક આખલો ચરાવવા સાચવવા આરોપીને અર્ધો અર્ધ ભાગ કરી સોપેલ તે પૈકીનો એક આખલો આરોપીએ સાંતલપુર જઈ વેચી દાધો છે જે તે મીલકત અર્ધી માહારી હતી તેનો તેણે ગેરઉપયોગ્ય કરેલ છે જેથી આ ફરીઆદ લાવુ છુ.

૨ જે આખલો આરોપીએ સાતલપુરના આગર માના મેત્રાને ત્યા વેચલ છે તેમા માહારો અર્ધો અર્ધ ભાગ છે તે બાબતનો દસ્તાવેજ માહારી પાસે છે જે આ સાથે નકલ સામીલ રાખું છુ

૩ સદરહુ આખલામા માહારો અર્ધ ભાગ છે એમ આરોપી જાણે છે માહારી મજુરી શીવાય તેનાથી વેચીશકાય નહી તેણે માહારી મજુરી લીધી નથી તેમ આખલો વેચીને એક મારાથી તે આવેલ છે તે છતા મને કહ્યુ નથી જણાવ્યુ નથી અને અર્ધ ભાગ આપ્યો નથી.

૪ આ બાબતની મને તા. ૨૮—૧૨—૧૪ ના રોજ ખબર પડતાં હુ આરોપીને પુછવા ગયો ત્યારે તેણે જવાબ આપ્યો છે કે આખલો મરી ગયો છે આ હકોકત તેની બદદાનત સાબીત થવાને પુરતી છે

૫ આ કામમાં નીચે પ્રમાણે પુરાવો છે.
૫ વારાહીના શેઠ મણીલાલ મનસુખ ૨ વારાહીના કોલી ગજા રતના.
૩ વારાહીના જત પચાણજી નથુજી. ૪ વારાહીના ખત્રી કચરા કેવળ.

૬ આરોપીના વોરટના રૂ. તથા સ્ટાપના રૂ. તથા પ્રોસેસના રૂ. આ સાથે રજુ છે.

૭ હુ ફરીઆદી અરજ કરૂ છુ કે મુદ્દાનો આખલો પડાવી કેશનો પુરતો તપાશ થઇ આરોપીએ જે ગુન્હો કરેલ જણાય તેની તેને શીક્ષા થવા અને આખલાનો અર્ધ ભાગ અપાવવા સારૂ આખલો મને સોપવા અથવા આખલાની હાલ જે કીમત પચો કરે તે કીમત પ્રમાણે અર્ધી કીમત આરોપી પાસેથી અપાવવા હુકમ થવા વીનતી છે. તા. ૧—૧—૧૯૧૫

૧ **કણબી જેઠા રતના સહી.** દા. ખુદ

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧—૧—૧૯૧૫

૧ **જેઠા રતના સહી.** દા. ખુદ

લી. **જગજીવન જેરામ.**

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૧૧

નીરવારસી મીલકત લઈ કરેલ ગેર ઉપયોગ્ય બાબત ફરીઆદ.

આજમ. મેહેરબાન. સાહેબની કોર્ટમા.

થરાદના શેઠ દલીચદ રવીચદ ગુજરેલના વારસ તેમના ભત્રીજા કેશાલાલ હરખચંદ જાતે શ્રાવક વાણીઆ ઉમર વરસ ૩૫ ધધો વેપાર રે દરબારગઢ પાસે	ફરીઆદી.
સરાદના ખત્રી જેઠા પીતામ્બર જાતે ખત્રી ઉમર વરસ ૪૨ ધંધો રગવાનો ઠે. વાણીઆવાસ તોહોમન પી. કો ક ૪૦૪ મુજબ	આરોપી

હું ફરીઆદી અરજ કરૂ છુ કે.

૧ મરનાર શેઠ દલીચદ વીરચદ બીન ફરજદ ગુજરી જતા તેની મીલકતમાથી સોનાની કઠી એક કીમત રૂ. ૩૦૦) ત્રણુસો આશરેની આરોપી છુપી રીતે લઈ જવાથી આ ફરીઆદ લાવવા ફરજ પડી છે.

૨ શેઠ. દલીચદ વીરચદ મહારે સગાકાકા થાયછે યોગ્ય કોર્ટથી હુ તેમનો વારસ ઠરી કાયદેસર વારસા સરટીફીકેટ મને મળેલ છે.

૩ શેઠ દલીચદ વીરચદને દીકરી કે દીકરો નથી નજીકનો વારસ હુ છુ મરનાર શેઠ દલીચંદને ત્યા આરોપી ઘરનુ કામકાજ કરવા નોકર હતો હુ મુબાઇ વેપારી લાઈનમા નોકર હોવાથી હું મુબાઇ હતો. અને શેઠ દલીચદ તા. ૨૬-૮-૧૮ ના રોજ મરી ગયા છે. મહારી ગેર હાજરીનો લાભ અને આરોપી ઘરનો તમામ સામનનો માહેતગાર હોઇ શેઠ દલીચદની બેસુદ્ધીમા અગર મરી ગયા પછી તુરત ઉપરની સોનાની કડી લઇ ગએલ. જેની મને ગયા કાલે ખબર પડવાથી રીતસર ફરીઆદ લાવ્યો છુ.

૪ આરોપીએ સદરહુ કઠી થરાદના વાણીઆ નરપત વમળસીને ત્યા વેચીછે માટે તુરત જપ્તી કરાવી કબજે લેવા વીનતી છે

૫ આ કામમાં નીચે પ્રમાણે પુરાવો છે.

૧ થરાદના સોની મણીલાલ જગજીવન ૨ થરાદના સોની નગુ બેચર
૩ થરાદના શેઠ નરપત વમળસી. ૪ થરાદના કણબી કચરા કેવળ.

૬ આરોપીના વોરટના રૂ. તથા સ્ટાંપના રૂ તથા પ્રોસેસના રૂ. રજુ છે.

૭ હું ફરીઆદી અરજ કરૂ છુ કે મ્હારા માલની કડી જમી કરાવી અગર બીજી રીતે રજુ થાય તો તેમ કરાવી કેશનો નીકાલ થયે મને સાપાવવા અને આરોપીને સદરહુ ગુન્હા બદલ અગર જે ગુન્હો જણાય તે ગુન્હા બદલ યોગ્ય શીક્ષા થવા વીનંતી છે તા ૧-૧-૧૫

૧ **કેશવલાલ હરખચંદ** સહી દા. ખુદ

હુ ફરીઆદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર મ્હારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા. ૧—૧—૧૯૧૫

૧ **કેશવલાલ હરખચંદ** સહી દા. ખુદ.

લી. મગનલાલ વાડીલાલ.

ફોજદારી ફરીઆદ નમુના નબર. ૧૨

કાયદેસર હુકનામાવાલા લેણદારોને મીલકત નહી આપવાને મીલકત ખસેડવામા આવે તે બાબત કરવાની ફરીઆદ

આજમ મહેરબાન સાહેબની કોર્ટમાં.

વાવના શેઠ અમુલખ વાડીલાલ જાતે શ્રાવક વાણીઆ. ઉમર વરસ ૩૫ ધધો વેપાર	ફરીઆદી.
સોઇ ગામના કણબી જેહા પીતામ્બર જાતે લેવા કણબી ઉમર વરસ ૪૨ ધધો ખેતી તો ઇ. પી કો ક. ૪૨૧ મુજબ	આરોપી.

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે.

૧ આરોપી ઉપર વાવ થાણા કોર્ટથી રૂ ૩૫૫—૦—૦ નુ મ્હારૂ હુકમનામુ તા. ૨૬—૧૦—૧૯૧૪ ના રોજ થયુ છે અને તેની

ટીપ.

૧ આ પ્રમાણે દીવાની કામોમા ને જે હુકમનામા થયા હોય તેમા જપ્તીમા લેવા જેવી મીલકત અટકાવવા માટે તથા હરકત કરવા વેચવા માટે પી૦ કો૦ કલમ ૪૨૧ થી ૪૨૪ સુધીની કલમો છે.

દેણદાર ખસેડે તેના માટે ૪૨૧

કોઇ દગલબાજીથી અટકાવે તેના માટે ૪૨૨

હુકમનામુ બજતુ અટકે એવા ઇરાદે કાઇ મીલકત આપલેનો દસ્તાવેજ થયો હોય તેમા જીકર ખોટો હોય એમ જાણ્યા છતા સહી કરનાર માટે ક. ૪૨૩

અને છુપાવનાર એટલે દેણદારની મીલકત હુકમનામામા બજતી અટકે તેટલા માટે છુપાવનાર ઉપર ૪૨૪ કલમ છે.

ખબર આરોપીને તેજ દીવસે પડી છે મહારા શીવાય બીજા હુકમ-નામાઓ પણ આરોપી ઉપર છે મહારા હુકનામાની બજવણી દરખાસ્ત વાવથાણા કોર્ટમા તા. ૨૬—૧૨—૧૯૧૪ ના રોજ દાખલ થતા તે બાબતની નોટીશ આરોપીને તા. ૩૧—૧૨—૧૯૧૪ ના રોજ પોચી છે આ પ્રમાણે તમામ હકીકત આરોપીને જાણવામાં છતા છુપી રીતે સોનાની કડી રૂ ૧૦૦) ની તથા બે બલદ તથા ૪ મણ ઘી તથા ૨૫) મણ મગ આરોપીએ વેચી દીધા છે જેથી ફરીઆદ લાવવા ફરજ પડી છે.

૨ રૂ ૧૦૦) ની કડી વાવમા આવી સોની રૂગનાથ જેઠા ને આપી છે બલધ થરાદ જઇ કણબી ગજા અમરાને વેચાતા આપ્યા છે ૪ મણ ઘી સોઇ ગામના ઠકર લવજી ભગવાનને આપેલ છે. અને ૨૫) મણ મગ સોઇ ગામના શેઠ કસ્તુર દલીચદને આપેલ છે આ પ્રમાણેનો માલ તા. ૩૧—૧૨—૧૪ ના રોજ બજવણીની નોટીશ પોચ્યા પછી તા ૩—૧—૧૯૧૫ સુધીમાં આપી દીધો છે.

૩ સદરહુ માલ જેને તેને ત્યા છે ત્યાથી પકડાવવા અને જપ્તીમા લેવરાવવા મહારી વીનતી છે.

૪ આ કામમા નીચે પ્રમાણે પુરાવો છે.

૧ વાવના શેઠ કચરા કેવળ ૨ વાવના ઠકર રણછોડ નથુ.
૩ સોઇ ગામના શેઠ લવજી મણીલાલ. ૪ સોઇ ગામના પટેલ નથુ રામા.
૫ થરાદના શેઠ વાડીલાલ વમળજી ૬ થરાદના ઠકર નાગજી પ્રેમજી.

૫ આરોપીના વોરંટના રૂ. તથા સ્ટાપના રૂ. તથા પ્રોસેસના રૂ. આ સાથે રજુ છે.

૬ હુ ફરીઆદી અરજ કરૂ છુ કે કાયદેસર તપાસ થઈ સદરહુ ગુન્હા બાબત અથવા તપાસમા જે ગુન્હો થએલ જણાય તે ગુન્હા બાબત આરોપીને યોગ્ય શીક્ષા થવા અને સદરહુ વેચેલ બલધ અને માલ મહારી જપ્તીમા લેવરાવવા હુકમ થવા અરજ છે તા ૪-૧-૧૫

૧ **શેઠ અમુલખ વાડીલાલ.** સહી દા ખુદ.

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે સદરહુ મજકુર મહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે તા ૪—૧—૧૯૧૫ મુ.

૧ **શેઠ અમુલખ વાડીલાલ.** સહી દા. ખુદ.

લી. **વીરજી પુરષોતમ.**

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૧૩.

બીગાડ કરવા બદલ ફરીઆદ.

આજમ મેહેરબાન સાહેબની કોર્ટમા

જાવંત્રીના કણબી હરખા જેઠા જાતે લેવા કણબી. ઉમર વરસ ૨૮ ધંધો ખેતી.	ફરીઆદી
જાવંત્રીના રબારી તુલસી રામા જાતે રબારી ઉમર વરસ ૩૫ ધંધો ઢોર ચારવાનો.	આરોપી

તોહોમત પી. કો. ક. ૪૨૬ મુજબ.

બીગાડ કરવાનુ

હું ફરીઆદી અરજ કરૂછુ કે

૧ તા. ૨૮-૧૨-૧૯૧૪ ના રોજ બપોર પછી જાવંત્રાની સીમના માહારા ખેતર નામે " કાલરીઆં " મા આરોપીએ પોતાના બસો આશરે બકરાને લાવેલ અને છાસટીઓ ચરાવી બીગાડ કરવાથી આ ફરીઆદ લાવુછુ.

૨ જાવંત્રીની સીમનુ માહારૂ કાલરીઆ નામનુ ખેતર છે જેની અંદર છાસટીઓ વાવેલ હતો અને કણસલા થવાની તૈયારીમાં હતો દર-

---

ટીપ.

૧ આરોપીની હાજરી અને થએલ નુકશાન એ બે હકીકત પુરાવાથી સાબીત કરવી જોઇએ.

૨ ઇ. પી. કો. માં બીગાડની કલમો ૪૨૫ થી ૪૪૦ સુધી છે તેમાં

ક ૪૨૫ માં બીગાડની વ્યાખ્યા છે.

ક. ૪૨૬ માં રૂ. ૫૦) થી ઓછા બીગાડનો ગુન્હો છે.

ક. ૪૨૭ મા રૂ. ૫૦) થી વધારે નુકશાન થવાનો ગુન્હો છે.

ક. ૪૨૮ માં રૂ. ૧૦) થી વધારે કીમતના કોઇ જાનવરને લુલુ લગડુ કરવુ અથવા મારીનાખવા માટે છે

ક. ૪૨૯ માં રૂ. ૫૦) કે તેથી વધારે કીમતના જાનવરને તે પ્રમાણે કરવુ

ક. ૪૩૦ માં ખેતીના કામમા વપરાતા પાણીથી બીગાડ કરવા માટેછે.

ક. ૪૩૧ માં મુસાફરી કરવામાં નુકશાન કરવા માટે પુલને અથવા નેહેર વીગેરેને નુકશાન કરવા માટે છે.

ક. ૪૩૨ મા સરીઆમ ગટરને બંધ કરવી અથવા રેલાવી નુકશાન કરવુ.

બીઆન આરોપી પોતાનાં બકરાંને સદરહુ ખેતરમાં લઈ ગયો અને બકરાં પાસે છાસટીઓ ખવરાવી દીધો.

૩ સદરહુ ખેતર અદર આરોપીએ બીગાડ આ પ્રમાણે કરાવેલ નહત તો પચાસમણ છાસટો અને વીસ ભોર ઘાસ કડબ થાત પરંતુ આ- રોપીના બીગાડથી હવે તમામ છાસટીઓ ફરી પાગરે તેમ રહેલ નથી અને જુજ છાસટીઓ ફરી પાગરે અને તેના ઉપર કણુસલા પણ જુજ થશે આથી કદાચ ઘણામા ઘણો છાસટીઓ હવે થાય તો ત્રીસ મણ છાસટો અને પદરભોર ઘાસથશે આમ થવાથી વીસમણ છાસટાનુ તેમજ પાચ ભોર ઘાસનુ મને નુકશાન થયુ છે.

૪ વીશમણ છાસટાની કીમત રૂ. ૨૫—૦—૦ અને પાચ ભોર ઘાસની કીમત. રૂ ૧૫—૦—૦ મલી રૂ. ૪૦—૦—૦ નુ મને આરોપીએ નુકશાન કરેલ છે

૫ આ કામમા માહરો નીચે પ્રમાણે પુરાવો છે

૧ જાવ ત્રીના કોલી રતના મઘા ૨ જાવ ત્રીના કણબી મેઘા માલા.

ક. ૪૩૩ મા દરીઆના રસ્તે દાડીના દીવામા ફેરફાર કરી નુક- શાન કરવું

ક ૪૩૪ મા સરકારી અખ્તીઆરથી ઉભી કરેલ કોઈ નીશાનીનો નાશ કરવો.

ક. ૪૩૫ મા રૂ. ૧૦૦) ની અને ખેતી બાબતમાં રૂ. ૧૦) ની અથવા તેથી વધારે રકમની નુકશાની અગ્નીવડે કરવી.

ક. ૪૩૬ મા ઘર વીગેરેનો અગ્નીવડ નાશ કરવો.

ક ૪૩૭ મા વાહાણ વીગેરેને નાશ કરવો અથવા ભયમા લાવવું.

ક. ૪૩૮ મા વાહાણ વીગેરેનો બીગાડ અગ્નીવડે કરવો અથવા ભય કરવો.

ક. ૪૩૯ મા ચોરી વીગેરે કરવા સારૂ વાહાણુને કીનારા ઉપર ચ- ડાવી દેવુ.

ક. ૪૪૦ મા મોત અથવા વ્યથા કરવાની તૈઆરી કરીને બીગાડ કરવો.

૩ વ્યથાની ફરીઆદમા જે પ્રકારનો બીગાડ હોય તે કલમ હેડીગમાં મુકવી અને પારા. ૧—૨ મા જે હકીકત હોય તે બાબત લખવી અને પારા ત્રણમા શીરીતે કેટલુ કેવા પ્રકારનું નુકશાન થયુ છે તે જણાવવું.

૩ જાવત્રીના કણબી માદેવ અમરા ૪ જાવત્રીના કોલી નથુ રામા.

૬ આરોપીના વોરટના રૂ. તથા સ્ટાપના રૂ. તથા પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૭ હુ ફરીઆદી અરજ કરૂછુ કે કેશનો તપાશ થઇ આરોપીને સદરહુ ગુન્હા બદલ અથવા તપાશમા જે ગુન્હો આરોપીએ કરેલ જણાય તે ગુન્હા બદલ યોગ્ય શીક્ષા થવા અને મને થએલ નુકશાન અપાવવા હુકમ ફરમાવવા વીનતી છે. તારીખ ૩૦—૧૨—૧૯૧૪ મુ.

૧ **કણબી હરખા જેઠા** સહી દા ઠકર માનજી મેઘજી.

હુ ફરીઆદી ઇકરાર કરૂછુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા ૩૦—૧૨—૧૯૧૪. મુ

૧ **કણબી હરખા** જેઠા સહી દા. ઠકર માનજી મેઘજી.

લી. **રતનસી મણીલાલ.**

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૧૪

ખોટા લેખ બાબત ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા

રમણીકપુરના ગાંધી સ્મરણલાલ બીહારીલાલ જાતે વૈશ્નવ વાણીઆ ઉમર વરસ ૪૦ ધધો વેપાર } ફરીઆદી.

રમણીકપુરના પારેખ મદનલાલ વેણીલાલ તથા કચરા જેઠા તથા પુજા ઓખાલાલ તથા અમથા વનમાળી. } આરોપી.

ટીપ.

૧ આ કેસ પહેલા વર્ગના માજીસ્ટ્રેટ સાભલી શકે છે અને સેસન્સમા કમીટ કરવો હોય તો પ્રથમ કમીટીગ ચોકસી થઈ સેસન્સ કમીટ પણ થઈ શકે છે બીજા માજીસ્ટ્રેટ સાભળી શકે નહી

૨ પીનલકોડમા ખોટા લેખની કલમો ૪૬૩ થી શરૂ થાય છે અને લેખ સંબધમા કલમ ૪૭૭ સુધી છે

૩ ક ૪૬૩—૪૬૪ મા વ્યાખ્યા છે કે ખોટો લેખ શુ શુ બાબતો બની હોય તો કહી શકાય તે સમજવાની હકીકત છે

૪ ક. ૪૬૫ મા સદરહુ ફરીઆદ વાળી હકીકત છે.

ક ૪૬૬ મા સરકારી નોકર રાખતો હોય એવુ ખોટુ રજીષ્ટર બનાવા માટે છે.

તોહોમત પી. કો. ક. ૪૬૫ મુજબ ખોટો લેખ બનાવવાનુ.
હું ફરીઆદી અરજ કરૂછું કે.

૧ તા ૨૬—૬—૧૯૧૪ ના રોજ અથવા તે અરસામાં આરોપીઓએ માહારા વીરૂધ. ખોટો લેખ બનાવી તૈઆર કરેલ છે જેની મને ખબર તા ૨૮—૧૨—૧૯૧૪ ના રોજ પડવાથી સદરહુ આરોપીઓ સામે આ ફરીઆદ લાવવા ફરજ પડી છે.

૨ પારેખ મદનલાલનુ માહારી પાસે કાઇ લેહેણુ નથી તેમ તેને મે કાંઇ લખી આપેલ નથી છતા મદનલાલનુ માહારી પાસે રૂ ૧૨૦૦) લેહેણુ છે અને તે રૂ ૧૨૦૦) પેટે માહારૂ મકાન સાનમા લખેલ બાબતનો તદ્દન ખોટો દસ્તાવેજ મદનલાલે કારાવેલ છે અને તે ખોટો છે એમ જાણુતા છતા ન . ૨–૩–૪ ના આરોપીઓએ સહી કરી છે અને સાક્ષી કરી છે.

૩ સદરહુ દસ્તાવેજમા માહારા નામની બનાવટી સહી કોણે કરેલ છે

ક ૪૬૭ મા વીલ વીગેરે બીજાના નામ ઉપર કરવાના દસ્તાવેજો ખોટા બનાવવા માટે છે.

ક. ૪૬૮ ઠગાઇ માટે ખોટો લેખ બનાવવા માટે છે

ક ૪૬૯ કોઇ સક્ષની આબરૂને નુકશાન કરવા માટે ખોટો લેખ બનાવવો

ક. ૪૭૦ બનાવટ કોને કહેવી તે હકીકત સમજાવેલ છે તે કલમ ગુન્હાની નથી.

ક. ૪૭૧ ખોટો લેખ ખરા દાખલ વાપરવા માટે છે.

ક. ૪૭૨ ક. ૪૬૭ વાલા દસ્તાવેજો બનાવવા ખોટુ પતરૂ અથવા મોહોર બનાવવી રાખવી વીગેરે બાબત માટે છે.

ક. ૪૭૩ ક. ૪૬૭ મી કલમ શીવાય ખોટા લેખના ગુન્હા માટે ખોટી મોહોર પતરૂ વીગેરે બનાવવુ કે રાખવુ

ક. ૪૭૪ ખોટો લેખ ખરા દાખલ વાપરવા સારૂ કબજામા રાખવો

ક. ૪૭૫ ક ૪૬૭ મા કલમના દસ્તાવેજોમા વપરાતી હોય એવી કોઇ ખોટી મુદ્રા અથવા નીશાની બનાવવી અથવા ખોટી રાખવી

ક. ૪૭૬ ક. ૪૬૭ મી કલમ શીવાય દસ્તાવેજોનુ ખરાપણુ બતાવવા જેવી કોઈ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવી કે રાખવી.

ક. ૪૭૭ દગલબાજીથી વીલ વીગેરેનો નાશ કરવો અથવા તેમા છેકાછેક કરવા માટે છે.

તે માહારા જાણુવામાં આવ્યુ નથી પણ તપાશમા જે હકીકત હશે તે જણાશે

૪ આ કામમા માહારો પુરાવો નીચે પ્રમાણે છે.

૧ રમણીકપુરના પટેલ હરખા પચાણ ૨ રમણીકપુરના ખત્રી નથુ રામા.
૩ રમણીકપુરના માના મેઘા ૪ રમણીકપુરના સદા રતના

૫ આરોપીઓ ઉપરના વોરંટના રૂ તથા સ્ટાપના રૂ. તથા પ્રોસેસના રૂ મલી કુલ રૂ. આસાથે રજુ છે.

૬ હું ફરીઆદી અરજ કરૂછુ કે સદરહુ મુદાનો દસ્તાવેજ તાકીદથી કબજે થાય તેવી રીતે પકડાવી કેશનો પુરતો તપાશ કરી આરોપીને સદરહુ ગુન્હા બદલ અથવા તપાશમા જે જે ગુન્હા કરેલ જણાય તે તમામ અગર જે ગુન્હો કરેલ જણાય તે ગુન્હા બદલ યોગ્ય શીક્ષા થવા વીનંતી છે

૧ **ગાંધી સ્મરણુલાલ બીહારીલાલ** સહી. દા. ખુદ

હુ ફરીઆદી ઈકિરાર કરૂ છુ કે સદરહુ મજકુર મહારા જાણુવા માનવા પ્રમાણે બરાબર છે. તારીખ ૧—૧—૧૯૧૫ મુ.

૧ **ગાંધી સ્મરણુલાલ બીહારીલાલ** સહી. દા. ખુદ.

લી.

વૃજલાલ ત્રીભોવનદાસ.

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૧૫

સાપ્રાધ ધમકી આપ્યા બદલની ફરીઆદ,

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમા.

રમણીકપુરના શેઠ મફતલાલ હરખચદ જાતે વૈશ્નવ વાણીઆ ઉમર વરસ ૨૫ ધધો વેપાર	ફરીઆદી
રમણીકપુરના ઠાકોર વાઘજી જેઠાભાઇ જાતે રજપુત ઉમર વરસ ૩૨ ધધો ખેતી ઠે વાટાવાસ	આરોપી

ટીપ.

૧ પી. કો ક. ૫૦૬ ના બે ભાગ છે પહેલો ભાગ સાદી ધમકી માટે છે અને બીજો ભાગ મોત અથવા મહાવ્યથાની ધમકી માટે છે માટે મોત અથવા મહાવ્યથાની શીવાયની ધમકી હોય તો. ક ૫૦૬ ના પારા એક મુજબ ફરીઆદ કરવી.

૨ સાદી ધમકી ક. ૫૦૬ ના પહેલા પારાની હોય તો સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટ તે ગુન્હો સાંભળી શકે છે પણ ક. ૫૦૬ના બીજા ભાગની

આરોપ પી કો ક ૫૦૬ ના બીજા પારા પ્રમાણે મોતની ધમકી બાબત હુ ફરીઆદી અરજ કરૂ છુ કે,

૧ તા. ૨૮-૧૨-૧૯૧૪ના રોજ રમણીકપુરની બજારમા આરોપી માહારી દુકાને આવ્યો અને મને મોત કરવાની ધમકો આપી ચાલ્યો ગયો છે જેથી આ ફરીઆદ લાવવા ફરજ પડી છે.

૨ આરોપી પાસે માહારા લેહેણા રૂપીઆ બસો છે તે આરોપી આપતો નથી જેથી આરોપીને રૂબરૂ બોલાવી બે માણુસ રૂબરૂ કહેવામાં આવેલ કે ત્રણ દીવસમા હવે રૂપીઆ નહી આપે અગર હીસાબ કરી બાકી મુકો નહી જાય તો યોગ્ય કોર્ટમા દીવાની રાહે દાવો કરીશ

૩ આ પ્રમાણે આરોપીને કહેવા ઉપરથી આરોપી કહે કે માહારા ઉપર દાવો કરી શકે તુરત હુ રાતના તારા ઘેર આવો તને મારી નાખીશ એમ મારી નાખવાની ધમકી આપી ત્યાથી તે ચાલતો થયો હતો.

૪ આરોપીની આ ધમકીની મને સખત અસર થઇ છે અને તેથી રાતના વખતે હુ ઘર બહાર નીકળી શકતો નથી તેમ આરોપી ઉપર દાવો પણ કરી શકતો નથો અને તેથી આ પ્રમાણેની દહેશતમા માહારે રહેવુ પડે તો દાવો થઇ શકે નહી લેહેણુ મુદત બહાર જાય અને તેથી મને રૂ. ૨૦૦) નું નુકશાન થાય છે

૫ આ કામમાં માહારો પુરાવો નીચે પ્રમાણે છે

૧ શેઠ મનસુખ મોતીચદ   ૨ શેઠ રતનશી માણેકચદ.

૩ પટેલ પરમા હરખા.   ૪ ખત્રી નાના રૂગનાથ

હોય તો પહેલા વર્ગના માજીસ્ટ્રેટ પાસે ફરીઆદ કરવી જોઇએ તેવી ફરીઆદ સેકન્ડ કલાશ માજીસ્ટ્રેટ સાભળી શકતા નથી.

૩ નનામા સદેશાવડે ધમકી આપી હોય તો તેનો સમાશ કલમ ૫૦૭ મા થાય છે જેમ બહારગામથી કોઇ નામ વગર નનામો કાગળ લખે કે માહારી ઓરત તમારા ગામમા છે તે મને સોપાવો અને તેમ નહી સોપાવો તો ગામ બાળીશ અથવા નુકશાન કરીશ અથવા જણાવે કે આટલા રૂપીઆ મને મોકલાવજો અથવા મારા કજીઆનો નીવેડો કરજો નહી તો કોઇનુ નાક કાપીશ અથવા નુકશાન કરીશ.

આ પ્રમાણેની ધમકી કાગળમા લખી મોકલે અને તેમા નામ ન હોય પણ હકીકત ઉપરથી આપણે જાણતા હોઇએ તો ક ૫૦૭ મુજબ ફરીઆદ થાય.

૬ આરોપી ઉપરના વોરંટના રૂ. તથા સ્ટાંપના રૂ.
તથા પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે,

૭ હું ફરીઆદી અરજ કરૂંછુ કે આ બાબતમાં કેશનો તપાશ થઇ આરોપીને સદરહુ ગુન્હા માટે અગર તપાસમાં જે ગુન્હો કરેલ જણાય તે ગુન્હા માટે યોગ્ય શીક્ષા થવા અને ક્રીમીનલ પ્રોસેઝર કોડ કલમ ૧૦૬ પ્રમાણે ફરી આ પ્રમાણે ગુન્હો ન કરે તે માટે સારી ચાલે ચાલવાના જામીન લેવા હુકમ ફરમાવવા વીનતી છે. તા.૧-૧—૧૯૧૫

૧ શેઠ. મફતલાલ હરખચંદ સહી દા ખુદ

હુ ફરીઆદી ઇકરાર કરૂંછુ કે સદરહુ અરજીમા લખેલ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧—૧—૧૯૧૫

૧ શેઠ. મફતલાલ હરખચંદ સહી દા. ખુદ.

લી

ઝવેરલાલ રતનચંદ.

ફોજદારી ફરીઆદ નંબર ૧૬.

કોઇ સ્ત્રીને લજવાવવાના ઇરાદાથી બોલેલા શબ્દ અથવા કરેલ ચાળા બાબત.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં

રમણીકપુરના પટેલ રામા બેચરની વીધવા ઓરત સુલક્ષણા ગોવીંદ જાતે કઇડવા કણબી ઉમર વરસ ૪૦ ધંધો ઘરકામ ઠે કણબીવાસ. } ફરીઆદી.

રમણીકપુરના કોલી પુજા કેસા જાતે કોલી ઉમર ૨૮ ધંધો ખેતી ઠે. કોલીવાસ } આરોપી

આરોપ પી. કો. ક૦ ૫૦૯ મુજબ.

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે.

૧ તા. ૨૮–૧૨–૧૯૧૪ ના રોજ આરોપીએ મને લજવાવવાને ઇરાદે માહારી સામે કેટલાક વીભત્સ ચાળા કર્યા અને ખરાબ શબ્દો બોલી મને લજવી સદરહુ ગુન્હો કરવાથી તેની સામે આ ફરીઆદ લાવુ છુ.

૨ તા. ૨૮–૧૨–૧૪ ના રોજ બપોર વખતે હુ માહારા ખેતરથી ઘાસ લઇ આવતી હતી રસ્તામા આરોપી મળ્યો અને તેણે પોતાના હાથોવતી ખરાબ ચાળા માહારી સામે કર્યા તથા ખરાબ શબ્દો

બોલી મને લજવી કે જે ચાળા અને શબ્દો હુ બોલવાને ઘણીજ લજવાઉ છુ એટલુજ નહી પરતુ ફરી તેનુ સ્મરણ મને થવાથી પણ એક જાતની લાજ મને ઉત્પન્ન થઇ દુઃખ થાય છે જેથી ચાળા અને શબ્દો નહી બોલી શકવાને માહારી ફરીઆદમાં લખ્યા નથી.

૩ આ કામમા માહારો પુરાવો નીચે પ્રમાણે છે.
૧ હરખા જેઠાની દીકરી રતન. ૨ નથુ માલાનો દીકરો ગજો ૩ રતના પરમાનો દીકરો રામો

૪ આરોપી ઉપરના વોરટના રૂ. તથા સ્ટાંપના રૂ. તથા પ્રોસેસના રૂ મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૫ હુ ફરીઆદી અરજ કરૂ છું કે સદરહુ ગુન્હા બદલ અથવા તપાસમા જે ગુન્હો જણાય તે ગુન્હા બદલ આરોપીને શીક્ષા થવા વીનતી છે. તા. ૧-૧-૧૯૧૫.

૧ **સુલક્ષણા ગોવીંદ સહી.** દા શેઠ ગણપત બાદર.

હુ ફરીઆદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા પ્રમાણે બરાબર છે તા. ૧-૧-૧૯૧૫ મુ.

૧ **સુલક્ષણા ગોવીંદ સહી.** દા શેઠ ગણપત બાદર.

લી. **જીવતલાલ વમળસી.**

ફોજદારી ફરીઆદ નમુના નંબર ૧૭.

દારૂ પીનાર સામે કરવાની ફરીઆદ.

આજમ મેહેરબાન. સાહેબની કોર્ટમાં.

રમણીકપુરના શેઠ સુરજમલ હરખચદ જાતે શ્રાવક વાણીઆ ઉમર વરસ ૨૮ ધધો વેપાર ઠે વાણીઆ શેરી	ફરીઆદી.
રમણીકપુરના ઠાકોર માનસીગજી અભેસીંગજી જાતે કોલી ઠાકરડા ઉમર વરસ ૩૨ ધધો ખેતી ઠે કોલીવાસ	આરોપી.

તોહોમત પી. કો. ક. ૫૧૦ મુજબ.

જાહેર જગામા દારૂ પીને દુખ દેવાનુ.

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે

૧ તા. ૨૭-૧૨-૧૯૧૪ ના રોજ મેળા અદર આરોપી દારૂ પીને

હોળીના તહેવારોના પ્રસગે જે ચાળા અને શબ્દો બોલવામા આવે છે તે પ્રમાણે કોઇ સ્રીને લજવાવવાને ઇરાદે તે હોળીના પ્રસંગમાં પણ કરે તો આ ગુન્હો થાય છે આ ફરીઆદ પહેલા વર્ગના માજીસ્ટ્રેટજ સાંભળી શકે.

આવ્યો અને મને નીશામાં ખરાબ ગાળો આપી દુઃખ ઉત્પન્ન કરી સદરહુ ગુન્હો કરવાથી તેની સામે આ ફરીઆદ લાવુ છું.

૨ તારીખ ૨૭–૧૨–૧૯૧૪ ના રોજ અમારા ગામે પાદરમાં મેળો ભરાયો હતો અને ઘણાં માણસો એકઠાં થયાં હતાં ત્યાં આરોપી દારૂ પીને આવ્યો અને મને કહે બે રૂપીઆ બીજો દારૂ પીવા માટે આપ તેથી તેના માગવા પ્રમાણે રૂપીઆ આપવા મેં ના પાડી જેથી તેણે મને ગાળો આપી અને કહે કે નુકશાન કરીશ યાદ રાખજે એ પ્રમાણે દુઃખ ઉત્પન થવા લાયક શબ્દો બોલ્યો.

૩ મેળા અંદર માહારા સગા સબંધી સાભળતાં તેણે મને હલકા શબ્દો કહ્યા જેથી મને ઘણુજ દુઃખ ઉત્પન્ન થયુ છે.

૪ આ કામમાં માહારો પુરાવો નીચે પ્રમાણે છે.

૧ શેઠ કસ્તુર નહાલચંદ ૨ નાનાલાલ પીતામ્બર ૩ પટેલ હરખા પચાણ. ૪ પટેલ કચરા લાલભાઇ.

૫ આરોપી ઉપરના વોરંટના રૂ. તથા સ્ટાપના રૂ. તથા પ્રોસેસના રૂ. મલી કુલ રૂ. આ સાથે રજુ છે.

૬ હુ ફરીઆદી અરજ કરૂ છુ કે સદરહુ ગુન્હા બદલ અગર તપાશમાં જે ગુન્હો અથવા ગુન્હાઓ જણાય તે બદલ યોગ્ય શીક્ષા કરવા વીનતી છે. તારીખ ૧–૧–૧૯૧૫.

૧ **સુરજમલ હરખચંદ સહી** દા. ખુદ.

હુ ફરીઆદી ઇકરાર કરૂ છુ કે સદરહુ મજકુર માહારા જાણવા માનવા પ્રમાણે બરાબર છે. તા. ૧–૧–૧૯૧૫. મુ.

૧ **સુરજમલ હરખચંદ સહી** દા ખુદ

લી. **જીવણલાલ.**

પોલીશ અધીકારના ગુન્હા માટે યોગ્ય સુચના.

૧ પોલીશ અધીકારના ગુન્હાનુ નામ "કોગ્નીઝેબલ ગુન્હા" ઇંગ્રેજીમાં છે.

૨ પોલીશ અધીકારના ગુન્હાની ફરીઆદ પોલીશમાજ થવી જોઇએ. અને તાબડતોબ નજીકમા નજીક જે પોલીશ થાણાના હવાલામાં તે ગુન્હાવાળી જગ્યા હોય ત્યા તે બાબત જાહેર કરવી જોઇએ તે રીતસર સાભળે નહી અથવા કાયદેસર રીતે કરે નહી તો પછી તે થાણાના ઉપરી અમલદાર પાસે જવુ જોઇએ

૩ દરેક ગામે વીલેજ પોલીશ (ચોકીઆતો) હોય છે માટે પ્રથમ જે ગામે અથવા જે ગામની હદમાં પોલીશ અધીકારી ગુન્હો બનેલ જણાય તે ગામના ચોકીઆતોને જાહેર કરી તે ગુન્હાની જાહેરાત માટે નજીકના થાણામા મોકલવો.

૪ ચોકીઆતને જાહેર કરી પોલીશપટેલને જાહેર કરવુ અને ચોકીઆત નજીકના થાણે ગયો હોય નહી એમ જણાય તો નજીક થાણે કોઈ રીતે જાહેરાત મલે તેવી રીતે બંદોબસ્ત થવા મતલબથી પોલીશપટેલને કહેવુ.

૫ પોલીશપટેલ અને ચોકીઆતોને તેમજ પાછળથી આવતા જાય તેમ પોલીશ અમલદારોને ગુન્હાની જગ્યા બતાવવી. બનેલી ખરી હકીકત બરાબર સમજાવવી. આરોપીઓનુ વર્ણન બરાબર કહી બતાવવું કેવી સ્થીતીએ કેવા સંયોગોમાં ગુન્હો બનેલ તે બરાબર વીગતથી જણાવવું અને મુદામાલની તેમજ આરોપીઓની તજવીજ કરવા બીજા સ્થળે જવા જેવું હોય અને પોલીશ અમલદાર સાથે આવવા કહેતો ફરીઆદીએ જવું જોઇએ.

૬ પોલીશ ઓરીશર પોલીશ અધીકારની ફરીઆદીઓ મોઢેથી સાંભળે છે તેઓને લેખી હકીકત આપવાની ફરજ નથી.

૭ પોલીશપટેલ અગર વીલેજ પોલીશ તરફથી જાહેરાત ચીઠીઓ જાય છે અથવા મોઢેથી પણ જાહેર કરી આપે છે અથવા ફરીઆદી જાતે જઇ મોઢેથી જાહેર કરી શકે છે.

૮ પોલીશ અધીકારના ગુન્હા બે પ્રકારના હોય છે.
૧ ખાસ ગુન્હા. ૨ રીવાજી ગુન્હા.

૯ ખાસ ગુન્હા કે જે સાભળવાથી જ પોલીશ તાબડતોબ તેમાં કામ કરે છે ખુન, ચોરી, લુટ, અપહરણ કે હકીકત સાંભળવા ઉપરથીજ તે ગુન્હો મહત્વનો છે તેમ જણાય તે તમામને ખાસ ગુન્હો કહેવામાં આવે છે જેમાં નામ નમુદ પણ નથી હોતાં.

૧૦ પોલીશ અધીકારના હોય પણ બે પક્ષકારો વચ્ચે તકરારી ગુન્હો હોય અને તકરારને પ્રસંગે ગુન્હાની ફરીઆદ થઇ હોય તેવા ગુન્હાને રીવાજી ગુન્હા કહેવામા આવે છે.

૧૧ દાખલા તરીકે બે માણુસ લડતા હોય તેવામા એક લડનારે સામા માણુસના હાથમાંથી વીંટી લીધી હોય અથવા એવી બીજી ચીજ લઇ લીધી હોય તો આ પ્રમાણે લેવાથી "અપહરણ" ગુન્હો થાય

પણ તે રીવાજી માંગણુાય કારણુ આવો ગુન્હો ખાસ અપહરણુના ઇરાદાથી થતો નથી પણુ લડતાં લડતાં ક્રોધના આવેશમાં વસ્તુ નુકશાન કરવાને ઈરાદે લે છે તે સીવાય.

બે માણુસો એક બીજા વીરૂદ્ધ પોતાનો હક સમજી ખેતરમા વાવવા જાય તેવા પ્રસગે હકદાર માણુસ સાપ્રાધ પ્રવેશની ફરીઆદ કે જે પોલીશ અધીકારની છે તે લાવી શકે છે.

સ્ત્રી છીનાળાની મોહોબતથી કોઇ પુરૂષ સાથે નાશી જાય તેવા પ્રસગે સ્ત્રીના ધણી તરફથી અમુક મીલકત લઇ જવાની હકીકત જાહેર થાય છે કે જેનો ચોરીમાં સમાશ થાય.

દીવાની કામની લેણુદેણુ પ્રસંગે ઠગાઇ. વીશ્વાસઘાતો વીગેરેની ફરીઆદ લેણુદાર દેણુદારની સામે અને દેણુદાર લેણુદારની સામે કરે છે જે પોલીશ અધીકારી ઠગાઇ અને વીશ્વાસઘાતના ગુન્હાઓ છે.

એક સ્નેહીને ત્યાંથી બીજો સ્નહી વગર રજાએ અમુક વસ્તુ લઇ જાય અને પાછળથી તે બન્ને વચે તકરાર થવાથી ચોરીની પોલીશ અધીકારની ફરીઆદ થાય છે આ પ્રમાણેની થોકબંધ ફરીઆદો થાય છે જે રીવાજીમા ગણાય છે.

આવા ગુન્હાઓ ખાશ બીજા કારણો સાથે સબધ રાખવાને લઇને થાય છે ખાસ ગુન્હાના ઇરાદે થતા નથી તેથી ખાસ ગુન્હા જેવી સ્થીતી રીવાજી ગુન્હાની નથી.

૧૨ રીવાજી ગુન્હામા પોલીશ અમલદાર ફરીઆદ લેખીત કેટલેક પ્રસગે માગે છે અને તે પ્રમાણે કેટલેક પ્રસગે આપવી પણુ પડે છે.

૧૩ આવી ફરીઆદ અગર પોલીશ અધીકારની કોઇપણુ ફરીઆદ અગર કોઇપણુ અરજી ઉપર સ્ટાપ આપવો પડતો નથી તેમ ઇકરાર કરવાનો નથી.

૧૪ ફરીઆદી સાથે અગર ફરીઆદીની ગેર હાજરીમા પોલીશ ઓફીશર તપાશ કરવા જાય ત્યારે તેવી બાબતમા કાંઇપણુ ખરચ કોઇને આપવું પડતુ નથી તેવુ ખરચ પોલીશ ઓફીશર લઇ શકે નહીં.

૧૫ પોલીશ અધીકારના કેશમાં શાક્ષીઓને પોલીશ બારોબાર બોલાવી શકે છે ફરીઆદી હાજર કરે તોજ લેવાય તેમ નથી.

૧૬ પોલીશમાં જાહેરાત અથવા અરજી (કમ્પેલન્ટ) લેખી આપવી પડે ત્યારે બહુ સાવચેત રહીને આપવાની છે કારણુ કે નુકશાન થવા પ્રસગે માણુસ ઉશ્કેરાઇ હકીકત કમી જાસ્તી લખવા વીચાર

કરે છે પણ તેમ નહો કરતાં ખરી હકીકત અને બહુજ ટુંકા મતલબથી આપવી જોઇએ.

૧૭ જેમ લાંબી કમ્પલેન્ટ, હોય તેમ માણુસ વધારે અગત્રડતામાં આવે છે માટે બહુજ સાવચેતીથી લેખીત લખી આપવું અગર જાહેર કરવું

૧૮ બનતા તક મોઘમ ચાલો શકે તેવું હોય ત્યા સ્પષ્ટ નહીં કરતાં મોઘમજ રાખવું જે હકીકત યાદ ન હોય તેવી હકીકત યાદ છે અને ચામ હતું એમ ખોટુ કહેવું નહી દરેક માણુસો પોતાની ફરીઆદ મજબુત કરવાની ઇચ્છાથી જે હકીકત યાદ ન હોય બરાબર જોવામાં પણુ આવી ન હોય તે સ્પષ્ટતા બતાવવા ચાહે છે અને તેથી મનસ્વી હકીકત જાહેર કરે છે પરંતુ આમ કરવાથી બીજા સાહેદો સાથે આવી હકીકત એક સરખી નહીં આવવાથી તેનો લાભ આરોપીને મળે છે.

૧૯ પોલીશ ગુન્હો પકડવા અશક્ત થાય ત્યારે અથવા ખોટી ફરીઆદ જણાયે તેવી ફરીઆદ ગુન્હામાથી કમી કરાવી ગુન્હો બન્યોજ નથી એમ અથવા ઇરાદાપૂર્વક ખોટી ફરીઆદ કરી છે એમ ઠરાવવાની ઇન્તેજારી રાખી. ફરીઆદીની અરજી અથવા જુબાની લખાણુથી લઇ બીજા સાહેદો સાથે સરખાવી હકીકતનો ફેરફાર કાઢી ફરીઆદ ખોટી હોવાનુ એક તો આ કારણુ બતાવે છે.

ફરીઆદી અગર તેના કુટુંબના કોઇ માણુસ માટે ખરાબ ચાલચલગત બતાવી તેનો સબબ કેશમાં જણાવી તેવા મતલબની જુબાની લઇને તે કારણુ પણુ બતાવે છે

આરોપી નમુદ થએલ હોય તો આરોપી સાથેની અદાવતનાં કારણો પણુ જણાવે છે.

ફરીઆદી આવા પ્રકારના જવાબદારીમાં આવેલ છે અને તેથી ખોટી ફરીઆદ કરી છે એમ પણુ બતાવે છે.

વીગેરે કારણો બતાવી ફરીઆદ ગુન્હામાથી કમી કરાવે છે.

૨૦ ફરીઆદીએ પોતાની જાતની હકીકત ઉપર વધારે મગરૂર નહી રહેતાં દસ્તાવેજી અને મુખ જુબાની પુરાવા ઉપર વધારે આધાર રાખી તેના ઉપર મગરૂર રહેવુ જોઇએ.

૨૧ ફરીઆદી જે સાક્ષી ઉપર વધારે આધાર રાખતો હોય તેનું નામ પોલીશમા જણાવે અને તે ઉપરથી તેવા સાહેદની જુબાની પોલીશમા થાય અને તે જયારે વીરૂદ્ધ જાય ત્યારે ફરીઆદી તેનો ખુલાશો

કરી શકે અને કહી શકે કે તે આવા કારણસર ખરી હકીકત કહેતો નથી. એમ કહી તેનો લાભ પોતાના ફેવરમાં લઇ શકે પણ પોતાની હકીકત જે ફેરફાર થઈ હોય તેનો ખુલાશો કરી શકે નહીં અને કરવા જાય તેમ ઉલટો વધારે મુશીબતમાં આવે તેવો પ્રસગ આવે છે

જાહેરાત ચીઠીઓ.

નમુના નંબર ૧.

ખાતર ચોરીની જાહેરાત

મેહેરબાન, ફોજદાર સાહેબ

આજે સહવારે સાત વાગે રમણીકપુરના ગાધી નગીનદાસ મણીલાલ આવી જાહેર કરે છે પોતાની દુકાન અદર દાકાનનુ છાપરૂ તોડી કોઈ હરામખોર દુકાનમા પેસી રૂ ૩૦૦) ત્રણસો રૂપીઆનો નગદ દાગીના વીગેરે સામન ચોરી કરી લઇ ગયા છે એમ જાહેર કરે છે માટે તપાશ સારૂ પધારવા મેહેરબાની કરશો. તા.

ગોહડ રામા.
પોલીશ પટેલ રમણીકપુર

નમુના નંમર ૨.

ખુનની જાહેરાત.

મેહેરબાન ફોજદાર સાહેબ.

આજે બપોરના બે વાગે રમણીકપુરના કોલી વેલા પથુનું રમણીકપુરની સીમમા મોત થવાથી આ જાહેરાત મોકલવામા આવે છે

વેલા પથુની લાસ ઉપર માથામા વાસામા અને છાતી ઉપર તલવારના ઝટકા છે આથી ખુન થયાનુ કહેવામા આવે છે. કોલી વેલા પથુ આજે દીવસના દશ વાગે પોતાના ઘેરથી સાજો સારો વગડામાં ગયો હતો મોત કુદરતી થયાનુ જણાતુ નથી. ઝટકા મારનાર કોણ અને શા કારણથી મારવામા આવેલ તેની તપાશ કરીએ છીએ કારણ હજુ જણાયુ નથી. માટે તપાશ સારૂ પધારવા મેહેરબાની કરશો તા

ઘેલા અમરા
પોલીશ પટેલ રમણીકપુર.

નમુના નંબર ૩,

ખુનની જાહેરાત.

મેહેરબાન ફોજદાર સાહેબ

આજે દીવસના દશ વાગ્યાના અરસા વખતે ગધર્વનગરના સીપાઇએ ગધર્વનગરના કોલી જેઠા નાથાને તલવારથી મારી નાખેલ છે મારનાર સીપાઇ મેઘજી રણમલ મારી ખુન કરી ફરારી થઇ નાશી ગયો છે તેની તપાશ જારી છે મરનારની લાશ ગામના પાદરમા પડી છે માટે તપાશ કરવા પધારવા મેહેરબાની કરશો તા

પોલીશપટેલ ગંધર્વનગર.

નમુના નંબર ૪.

નાક કપાયાની જાહેરાત.

મેહેરબાન ફોજદાર સાહેબ

સુદર્શણા ગામના પોલીશ પટેલ રામા બેચરની સલામ સાથે વીનતી કે સુદર્શણા ગામની કોલણ મોતી વસુનુ નાક તેના ધણી ગજા બેચરે છરી વતી કાપેલ છે ગુન્હો કરનાર ગજા બેચરને પકડેલ છે માટે તપાશ કરવા આપ પધારવા મેહેરબાની કરશો તા.

રામા બેચર.
પોલીશ પટેલ સુદર્શણા.

નમુના નંબર ૫.

ડોકાઇટી અપહરણ થવાની જાહેરાત

મેહેરબાન ફોજદાર સાહેબ

ધનપુરાના પોલીશ પટેલ રવજી માનજીની સલામ સાથે વીનંતી કે ગયા કાલે રાત્રે ધનપુરા અને નગદપુરા ગામની વચે બાવળો છે ત્યાં ધનપુરાથી એક ગાઉના અરસા ઉપર રાતના દશ વાગ્યા વખતે પરદેશી સધીઓ કાશમખાં વીગેરે ચાર જણાઓ બલધો વીગેરે લઇ ધનપુરે આવતા હતા દરમીઆન સાત હરામખોરો આવી ચાર બલધો અને રૂ ૩૦૦) ત્રણસો નગદ સધીઓને માર મારીને લઇ ગયા છે તેની જાહેરાત અમને આજે પરોડ વખતે મલી છે અને અમે તથા ચોકીઆતો વીગેરે તપાશ માટે જઇએ છીએ અને આપ તપાશ માટે પધારવા મેહેરબાની કરશો તા.

રવજી માનજી.
પોલીશ પટેલ ધનપુરા

ટીપ.

લુટ કરવામાં પાચ અથવા વધારે હોય ત્યારે ડોકાયટી કહેવાય પાંચથી ઓછા હોય તો લુટ કહેવાય.

નમુના નંબર ૬.

લુટની જાહેરાત.

મેહેરબાન ફોજદાર સાહેબ

સુદર્શણા થાણા હેડકોન્સટેબલનો રીપોર્ટ આજે સહવારે ધનપુરાના લુહાણા માના જેઠા વીગેરે ત્રણ જણાએ આવી જાહેર કર્યું છે કે ધનપુરેથી ગયા કાલે રાત્રે સુદર્શણે આવતા રાતના નવ વાગ્યાના અરસા વખતે ચાર હરામખોરો આવી નગદ રૂપીઆ ૮૮૫) અને સોનાની કંઠી એક રૂ ૧૧૫)ની તથા રૂ ૧૫૦) નાં કાપડના થાન વીગેરે સામન રૂ ૧૩૦૦] નો ચોરો લુટી કરી લઇ ગયા છે જે હકીકત જાહેર થવાથી ચોકીઆત પ-ગીઓને લઇ અમો ગુન્હાવાલી જગ્યાએ તપાસ કરવા જાઇએ છીએ. અને આપ પધારવા મેહેરબાની કરશો તે વીદીત થાય તારીખ

સુ ર્શણા થાણા હેડકોન્સ ટેબલ

નમુના નંબર ૭.

મહાવ્યથાની જાહેરાત

આજમ મેહેરબાન ફોજદાર સાહેબ

રતનગઢના ચોકીઆતોની અરજ કે આજે અમારા ગામે કોલા પથુ વખતાએ કોલી નથુ બેચરને તલવારના ઝટકાઓ માર્યા છે તેથી નથુ બેચર ખાટલામાંથી મરી જાય તેવી સ્થીતીએ પડયો છે નથુ બેચર હાલ જીવે છે અને બોલે ચાલે છે માટે તપાશ કરવા પધારવા મહેરબાની કરશો તારીખ

